रोज़गार के लिए नई संभावनाएँ पैदा करने और स्व- रोज़गार की व्यापक व्यवस्थाओं के मामले में गुजरात को अग्रीम स्थान प्राप्त हुआ है । शहरी ग़रीबों के लिए निरूपित 'उम्मीद' योजना के अन्तर्गत कार्य कुशलता में वृद्धि और आवश्यकता अनुसार प्रशिक्षण के पश्चात् रोज़गार के अवसर उपलब्ध कराये गए हैं । 'वनबन्धु कल्याण योजना', 'सागरखेडू योजना' और 'शहरी ग़रीब समृद्धि योजना' के ज़रिये निराधार अवस्था में जीने के लिए मजबूर समाज के अंतिम छोर के मनुष्य को आर्थिक सामर्थ्य प्रदान किया गया है । वित्तीय वर्ष २००९-२०१० की वार्षिक योजना में सामाजिक सेवाओं के लिए मेरी सरकार द्वारा आबंटित **४३** प्रतिशत से अधिक धनराशि इस मामले में सरकार की प्रतिबद्धता काठोस प्रमाण है । कुल मिलाकर यह रकम १०,००० करोड़ रु. से अधिक होती है । इसके अलावा, प्रशासनिक कार्यदक्षता के प्रमाण स्वरूप दसवीं पंचवर्षीय योजना में ४७००० करोड़ रु.के निर्धारित लक्ष्य से आगे निकलकर ४९००० करोड़ रु. से अधिक की उपलब्धि हासिल की है ।

अनुसूचित जनजाति के परिवारों के सर्वांगीण विकास के लिए ४०० करोड रु. की मातबर रक़म के आबंटन से सरकार ने 'संकलित डेयरी विकास योजना', 'महत्त्वाकांक्षी वाडी और कृषि वैविध्यलक्षी परियोजना' तथा उच्च शिक्षा संबंधी योजनाओ समेत विविध योजनाएँ कार्यान्वित की हैं ।

आदिम समुदाय के नागरिकों के सर्वांगीण विकास के लिए मेरी सरकार कार्यरत है । अनुसूचित जाति के अतिरिक्त सामाजिक तथा शैक्षिक दृष्टि से पिछड़े

वर्ग के नागरिकों के सर्वोत्मुखी विकास के लिए उच्च अध्ययन की योजनाएँ, विशिष्ट कौशल प्रशिक्षण योजनाओं, छात्रवृत्ति, साइकिल सहाय, पंडित दीनदयाल आवास योजना सहित विभिन्न विकासलक्षी योजनाओं पर करोड़ों की राशि का व्यय करते हुए मेरी सरकार ने लाखों लोगों को लाभान्वित किया है।

**सरदार सरोवर परियोजना, जलसंपत्ति एवम् जल-आपूर्ति**

गुजरात ने औसतन दस वर्षों में से सात वर्ष नितांत अभाव या आंशिक अभावग्रस्त हालत में गुज़ारे हैं। बारह महीनों बहनेवाली नदियों का अभाव गुजरात के लिए सदैव चिंता का विषय रहा है। ईश्वर कृपा और वर्षाजल के भरोसे जीवित गुजरात ने पानी को परमेश्वर का प्रसाद मानकर, आयोजनबद्ध उपायों से इस समस्या के निराकरण का मार्ग अपनाया है पानी महज़ एक मामूली-सी आम ज़रूरत की चीज़ नहीं है। गुज़रे दिनों में जिसे एक संकट समझा जाता था वह पानी गुजरात की समृद्धि का वाहक बने और वह इस राज्य के विकास में चमक पैदा करने का कारण सिद्ध हो, इसके लिए सही दिशा में आरंभित आयोजनों ने आज केवल गुजरात के ही नहीं बल्कि समग्र देश के अर्थतंत्र पर एक प्रेरक प्रभाव छोड़ा है।

'सरदार सरोवर डेम' एवं विश्व की सबसे लंबी १८८७५ कि.मी. के लगभग नहरों का निर्माण करने का सौभाग्य गुजरात को प्राप्त हुआ है, जिसके फलस्वरूप राजस्थान के सूखे क्षेत्रों तक जल प्रवाह पहुँच पाया है और महाराष्ट्र तथा मध्यप्रदेश में बिजली का प्रकाश पहुँचा है।

'सरदार सरोवर परियोजना' द्वारा १४३३ करोड़ विद्युत यूनिट का उत्पादन और उसके कारण हुई ५७३२ करोड़ रुपयों की आय इसके ठोस सबूत हैं। इस समग्र पररियोजना पर लागत के रूप में ३०,००० करोड़ रु. से अधिक पूँजीगत व्यय किया गया है।

सरदार सरोवर परियोजना के अतिरिक्त सरकार ने लाखों चैकडेम तथा बोरी बाँध निर्माण, खेत तालाब, जलमंदिर, तालाबों के गहरी खुदाई अभियान, पुरानी नहरों की मरम्मत, टपक सिंचाई, सूक्ष्म पियत प्रणालियों का नवनिर्माण और सुजलाम्-सुफलाम् योजना वग़ैरह पर लगाई गई करोड़ों रुपयों की रक़म, आख़िरकार, कारगर साबित हुई है जिसका अपेक्षित परिणाम सामने आया है। 'नेशनल वॉटर कमिशन' के अनुसार 'गुजरात में पानी की सतह ऊपर उठी है

जबकि अन्यत्र जलस्तर नीचे खिसका है।'

**कृषि और पशुपालन  स्वास्थ्य**

मानव विकास के सूचकांक में स्वास्थ्य सुविधा को एक अति महत्त्वपूर्ण इकाई समझा जाता  है। मेरी सरकार ने स्वास्थ्य संबंधी चिकित्सा व सुश्रुषा जन साधारण को सुलभ कराने की दिशा में अनेक आयोजन सफलता पूर्वक पूर्ण किए हैं। माता मृत्यु दर तथा शिशु मृत्यु दर घटाने के लिए स्वास्थ्य विभाग ने 'चिरंजीवी योजना' के क्रियान्वयन को विश्व स्तर पर सराहना की गई है। इसका लाभ दलित, पीड़ित, शोषित व वंचित सामाजिक वर्गों के सभी सदस्य उठा रहे हैं। गुजरात में १०८ की सेवा ग़रीब से ग़रीब मानव को अविलंब सहाय पहुँचानेवाली एक विश्वसनीय सेवा बन चुकी है। यह सेवा स्वास्थ्य, गृह और अग्निशमन जैसी जीवन और मृत्यु की बीच की अवस्था में एक आशीर्वाद समान है। अद्यतन बुनियादी सुविधाओं और गुणवत्तायुक्त व्यवस्थाओं में गुजरात के आदिवासी क्षेत्र में प्राथमिक स्वास्थ्य संरक्षक केन्द्र ने आज राष्ट्रीय स्तर पर प्रशस्ति प्राप्त करने योग्य सिद्धि हासिल कर ली है। सभी स्वास्थ्य केन्द्र आधुनिक बने, जो सभी प्रकार की सुविधाओं से सम्पन्न हो इसके लिए उदाहरणीय कदम आगे बढ़ाकर अंतिम छोर के  मनुष्य को स्वास्थ्य सुविधा मुहैया कराई गई है।

शहर में बसनेवाले ग़रीबों को स्वास्थ्य सेवा का लाभ मिले इसके लिए एक नया कदम  उठाया गया है। सरकार ने स्वास्थ्यलक्षी सेवा की गुणवत्ता में सुधार के लिए मेडीकल और पैरा मेडीकल  क्षेत्र में विद्यार्थियों की मौजूदा प्रवेश क्षमता में १९०० की बढ़ोतरी की है। यह क़दम अपनेआप में एक बहुत बड़ी उपलब्धि है।

**शिक्षा**

मानव विकास का एक महत्त्वपूर्ण अंग शिक्षा है।  मेरी सरकार ने गुजरात के तमाम बालकों को, ख़ासकर कन्याओं को गुणात्मक शिक्षा की सुविधा सुलभ कराने के लिए हज़ारों कमरों का निर्माण किया है। एक लाख से अधिक विद्या सहायकों की भर्ती, विद्यालक्ष्मी बॉण्ड, विद्यादीप योजना, शाला स्वास्थ्य कार्यक्रम, कन्या प्रशिक्षण यात्रा, कम्प्यूटर, शौचालय आदि पेयजल सुविधा जैसी विभिन्न व्यवस्थाओं के विस्तार के ज़रिये ड्रॉप आउट रेट में उल्लेखनीय कमी सुनिश्चित करने में सफलता हासिल की हैं। वर्ष २०००-०१ के दौरान १ से ५ तक ड्रॉप आउट रेट २०.९३ प्रतिशत और कक्षा १ से ७ तक ३८.९२ प्रतिशत

दर्ज हुआ था, जिसे घटाकर क्रमशः २.२९ तथा ८.८७ प्रतिशत की सीमा तक नीचे ले जाने में मेरी सरकार को सफलता मिली है । तमाम सुविधाएँ मुहैया कराने के बाद शिक्षा के स्तर में उच्च गुणवत्ता समाविष्ट हो सके इसके लिए **गुणोत्सव** के एक नूतन प्रयोग के ज़रिये एक विशिष्ट अभियान मेरी सरकार ने शुरू किया है ।

विश्व में आज सभी क्षेत्रों में प्रौद्योगिकी का अत्यधिक उपयोग हो रहा है । अतः २१वीं सदी को प्रौद्योगिकी की सदी कहा जाता है । ऐसे में युवाओं को प्रौद्योगिकी का पर्याप्त ज्ञान मिल पाना संभव हो, इसके लिये राज्य में डीप्लोमा और डीग्री की प्रवेश क्षमता बढ़ाकर दोगुनी कर दी गई है ।

बालकों के सर्वांगीण विकास के लिए अत्यावश्यक **चिल्ड्रन यूनिवर्सिटी**, शिक्षा क्षेत्र में नये शैक्षणिक प्रयोग करने के लिए **'दी कमीशन फॉर एज्यूकेशनल इनोवेशन्स'** तथा **प्राईवेट यूनिवर्सिटी** एक्ट की रचना की गई है ।

**महिला एवम् बाल विकास**

बालक हमारा भविष्य है । आनेवाले कल का गुजरात स्वस्थ तथा तंदुरस्त हो इसके लिए मेरी सरकार ने माताओं, किशोरियों तथा छह वर्ष से कम आयु के बालक के स्वास्थ्य के विषय में विशेष रूप से चिंता की है । संपूर्ण रूप से सुविधा सम्पन्न आंगनवाड़ियों का निर्माण, ममता दिवस मनाना, स्वास्थ्य परीक्षण तथा उपचार, बालभोग योजना, मोबाइल आंगनवाड़ियाँ, निरोगी बाल वर्ष उत्सव आयोजन, स्वास्थ्य स्पर्धा जैसे कार्यक्रमों के ज़रिये समाज में जागृति का प्रसार किया गया है ।

आंगनवाड़ी कार्यक्रम को गाँवों में गौरव प्राप्त हो, उसकी एक पृथक् पहचान निरूपित हो, इसके लिए ''माता यशोदा पुरस्कार'' द्वारा सम्मान और सेवानिवृत्त अवस्था में आर्थिक सहाय सुलभ हो सके, इसके लिए 'माता यशोदा गौरव निधि' की नवरचना की गई है ।

**नागरिक आपूर्ति**

मेरी सरकार ने ग़रीब, दलित, शोषित व पीड़ित परिवारों के स्वास्थ्य के लिए अनेक योजनाएँ की हैं, जिनके अन्तर्गत उनके स्वास्थ्य के लिए आवश्यक

आयरन, विटामीन जैसे पोषक तत्त्व उन्हें वितरित किए जानेवाले आटे में डाले जाते हैं । बेहद ग़रीब परिवारों को वितरित किए जाने वाले आटे की मात्रा बढ़ाकर १८.५ किलोग्राम सोया मिश्रित फोर्टिफाईड आटा निर्धारित की गई है।

बीपीएल और अंत्योदय कार्ड धारकों को प्रति किलोग्राम एक रुपये की दर से आयोडीनयुक्त नमक दिया जाता है।

'वनबंधु योजना' के तहत जनजाति परिवारों को नये गैस कनेक्शन हेतु रु. २२०० की सबसिडी देने के मामले में और एक पहल की गई है।

## पंचायत और ग्राम विकास

आवास मानव की प्राथमिक आवश्यकता है। कमजोर वर्ग के परिवार को अपना घर मिल सके इसके लिए मेरी सरकार ने **'सरदार आवास योजना'** और **'इन्दिरा आवास योजना'** के तहत करोड़ो की रक़म ख़र्च करते हुए लगभग सवा चार लाख आवासों का निर्माण किया है । सूचना-संप्रेषण युग में गाँवों को **'इ-ग्राम विश्व ग्राम योजना'** के ज़रिये विश्व के साथ जोड़ते हुए, विश्व के सबसे बड़े सिविलीयन इ-ग्रेड के माध्यम से १३,७०० के समकक्ष ग्राम पंचायतों को इसके साथ संलग्न किए जाने के परिणामस्वरूप, ग्राम्य क्षेत्रों में रोज़गार और अर्थ व्यवस्था के लाभ पहुँचाने का काम सरकार ने परिपूर्ण किया है । इसके लिए ५०० करोड़ रु. की रक़म ख़र्च के द्वारा ४२५ लाख से अधिक मानव दिनों के रोज़गार की संभावना पैदा की है।

## शहरी विकास

गुजरात शीघ्र गति से विकसित हो रहे शहरों के जमघट वाला एक राज्य है । सूरत, अहमदाबाद और राजकोट की गणना दुनिया में सबसे तेज़ रफ़्तार से विकास की ओर अग्रसर हो रहे शहरों में होती है । इस स्थिति में मेरी सरकार ने शहरी विकास के मामले में नगर निवासियों की सुख-समृद्धि को प्राथमिकता प्रदान करनेवाला विकास मॉडल अपनाया है एवं शहरों में सड़क, गटर और पानी जैसी मूलभूत सुविधाएँ सुलभ कराई जा रही है तथा शहरों में प्रशासनिक तंत्र की कार्यक्षमता बढ़े, शहरों का आर्थिक आयोजन पारदर्शी बने, स्थानीय स्वराज संबंधी संस्थाओं को अधिक से अधिक अधिकार और वित्तीय सहायता मिल पाए, ऐसे आयोजन शहरी विकास की विशेषता है । गुजरात के वर्तमान शहरों की सुविधा में बढ़ोतरी हो यही नहीं, परन्तु मेरी सरकार नये शहरों के

निर्माण तथा सब से छोटे शहर को भी आधुनिक से लेकर अत्याधुनिक सुविधा सुलभ कराने के संकल्प के साथ काम कर रही है। यही कारण है कि आनेवाले दिनों में कचरे में से कंचन, वेस्ट में से बेस्ट और वेस्ट में से ऊर्जा उत्पन्न करने की शुभ शुरुआत हो चुकी है। परिवहन क्षेत्र में पब्लिक-प्राईवेट पार्टनरशीप मॉडल के अलावा बी.आर.टी.एस. आज शहरी मार्ग परिवहन के मामले में एक मिसाल साबित हो चुका है। मेरी सरकार द्वारा आधुनिक शहर के निर्माण के लिए अपेक्षित फ्लाई ओवर के निर्माण का कार्य हो या झोंपड़ी में बसनेवाले ग़रीब मानव के लिए शौचालय योजना हो, दोनों को समान रूप से प्रधानता दी जा रही है। राज्य के नागरिकों की प्रभावकारी सुरक्षा के लिए आपातकालीन प्रबंधन इकाई की ओर से नगरपालिका, नगर निगम और स्कूलों को १८५ करोड़ रु. की लागत से अग्निशमन वाहन तथा उपयोगी उपकरणों की सुविधा सुलभ कराई गई है।

**ऊर्जा विकास**

आज समग्र विश्व जिस एक मुद्दे के लिए चिंतित है, वह है ऊर्जा का मुद्दा। समग्र भारत देश ऊर्जा के क्षेत्र में अनेक प्रकार के संकटों की राह से गुज़र रहा है। ऐसी विकट परिस्थिति में गुजरात ने एक ऐसा ऊर्जादीप प्रज्ज्वलित किया है जो केवल हमारे देश के संदर्भ में ही नहीं, परंतु दुनियाभर के विकासोन्मुख देशों को अनेक पेचीदा समस्याओं के निराकरण का रास्ता दिखाता है। समस्त देश में सूर्यपुत्री ताप्ति नदी का तटीय क्षेत्र एक ऐसा क्षेत्र है कि जहाँ सभी प्रकार के ऊर्जा स्त्रोतों से ऊर्जा उत्पादन होती है। किसी एक ही भू-क्षेत्र में परमाणु ऊर्जा, विण्ड एनर्जी, हाईड्रो एनर्जी, थर्मल एनर्जी, लिग्नाइट एनर्जी, सोलार एनर्जी और गैस एनर्जी सहित सभी स्त्रोतों से ऊर्जा उत्पादन होती हो, ऐसी कोई मिसाल दुनिया में मुश्किल से मिल पाएगी। यह सब कुछ सुचारु आयोजन के परिणामस्वरूप गुजरात में संभव हो सका है। अभी कल तक गुजरात की स्थिति विद्युत क्षेत्र में कमजोर थी, हमारे पास विद्युत उत्पादन के लिए आवश्यक कच्चा मालसमान, पानी, कोयला या गैस कुछ भी नहीं था। फिर भी, गुजरात आज ऊर्जा उत्पादन क्षेत्र में आत्मनिर्भर बन पाया है। यह एक दूरदर्शी आयोजन के कारण संभव हो सका है। ऊर्जा क्षेत्र ने गुजरात के पर्यावरण प्रेमियों के दिलों में भी नई उम्मीदें जगाई हैं। गुजरात ने ग्लोबल वोर्मिंग के मसले का सही हल तलाशने की कोशिशों में उल्लेखनीय योगदान दिया है। राज्य की यह पहलकदमी,

गुजरात की निर्धारित नीति, देशविदेश के लोगों को इस राज्य की ओर आकर्षित कर रही है।

ऊर्जा उत्पादन का लाभ गुजरात के ग्रामीण क्षेत्रों को भी आर्थिक गतिविधियों को प्रेरित करने के लिए मिल पाये, इसके लिए ज्योतिग्राम योजना अमल में लाई जा रही है। ऊर्जा उत्पादन क्षेत्र की यह अप्रत्याशित प्रगति, हर ग़रीब के घर को बिजली के बल्ब की रौशनी से रौशन करवाने की हद तक आगे बढ़ी है, जिससे ग्राम्य उद्योग धंधे एवं रोज़गार के अवसरों में अच्छी-ख़ासी वृद्धि हुई है।

गुजरात में ऊर्जा उत्पादन के प्रति जिस प्रकार से ध्यान केन्द्रित किया गया, ऊर्जा वितरण व्यवस्था में उसे गरीबों और ग्रामीण क्षेत्र तक पहुँचाने के लिए जिस प्रकार के प्रयत्न किए गए, उसी प्रकार इस राज्य ने ऊर्जा बचत क्षेत्र के प्रति भी पर्याप्त लक्ष्य प्रदान करते हुए एक दीर्घकालीन आयोजन किया है। ग़रीबी रेखा के नीचे जीवन यापन करनेवाले १.६३ लाख ग़रीब लोगों को प्रति यूनिट डेढ़ रुपये की दर से बिजली वितरित करते हुए मेरी सरकार ने ग़रीब से ग़रीब व्यक्ति को उसके जीवन स्तर को सस्ते में आधुनिक जीवन की ऊँचाई की ओर अग्रसर होने में एक ठोस सहारा दिया है।

**ऑयल और गैस**

ऊर्जा क्षेत्र में आज सर्वोच्च महत्त्व का स्थान ऑयल और गैस सेक्टर को प्राप्त है। इस सेक्टर के दिन-ब-दिन बढ़ते हुए महत्त्व के मद्देनज़र मेरी सरकार द्वारा किये गए अग्रिम आयोजन का लाभ आज गुजरात को मिल रहा है। ऑयल और गैस सेक्टर में गुजरात ने समग्र देश के समक्ष एक नया उदाहरण पेश करने की पहल की है। इस सेक्टर में सार्वजनिक एवम् निजी क्षेत्रों की साझेदारी की एक नई मिसाल के ज़रिये ऑयल और गैस की खोज और ड्रिलिंग, ऑयल और गैस की मूल्य वृद्धि जिस में रासायनिक खाद, सिरेमिक, औषध उद्योग, ऊर्जा क्षेत्र और परिवहन जैसे क्षेत्रों का समावेश कर लिया गया है। ऑयल और गैस क्षेत्र में मानव संसाधन विकास को महत्त्व देते हुए विश्व स्तरीय 'पंडित दीनदयाल पेट्रोलियम यूनिवर्सिटी' की स्थापना की गई है। गुजरात में घरेलू उपयोगी गैस कनेक्शन हर आवास के रसोईघर तक ले जाया गया है। ग़रीब के आवागमन के वाहन समझे जानेवाले रिक्शा और बसों को गैस ऊर्जा उपलब्धि हेतु गैस सेक्टर में अध्यतन अभिगम Integrated approach & Inclusive

growth व्यवस्था एक उत्कृष्ट उदाहरण है ।

**औद्योगिक विकास**

अभूतपूर्व वैश्विक मंदी की विकट परिस्थिति में भी राज्य की प्रशंसनीय औद्योगिक प्रगति गुजरात सरकार की दूरदर्शी नीतियों का परिणाम है । इसमें गुजरात की औद्योगिक क्षमता पर पूँजी निवेशकों द्वारा रखे गए भरोसे की झलक भी प्रतिबिंबित होती है । 'वाईब्रन्ट गुजरात ग्लोबल इन्वेस्टर्स समिट' के अभिगम का भारत के अन्य राज्य भी अनुकरण कर रहे हैं । मंदी के इस ड़रावने माहौल के बीच भी देश और दुनिया के पूँजी निवेशकर्ताओं को गुजरात एक आशाकिरण का केन्द्र नज़र आया है । समग्र देश में सब से अधिक रोज़गार देनेवाले राज्य के रूप में गुजरात  शानदार सम्मान हासिल कर रहा है । यह औद्योगिक विकास कुटीर उद्योगों तथा लघु उद्योगों के क्षेत्र में सर्वाधिक प्रतिबिंबित हुआ है । केवल कुटीर उद्योग क्षेत्र में पिछले दो वर्षों के दौरान राज्य में ३१३ हज़ार से अधिक रोज़गार की संभावनाएँ पैदा हुई हैं ।

**विज्ञान एवम् प्रौद्योगिकी**

मेरी सरकार ने गुजरात के विकास में विज्ञान और प्रौद्योगिकी को सर्वोपरि महत्त्व प्रदान किया है । इस कारण से प्रशासन की गतिशीलता, पारदर्शिता और आम लोगों की सहूलियतों में बढोतरी हुई है । ब्रॉड बेण्ड की कनेक्टिविटी के कारण आज गुजरात के गाँव व कस्बे समग्र विश्व के साथ सीधा संपर्क स्थापित करने की स्थिति में हैं । हाल ही में आयोजित 'बाल वैज्ञानिक कुंभ मेला' के दौरान, देश और दुनिया के लोग इस राज्य के जन साधारण की जीवन में विज्ञान व प्रौद्योगिकी का जो स्थान है उसके बारे में जानकर दंग रह गये थे।

**राजस्व प्रशासन**

राजस्व क्षेत्र में प्रौद्योगिकी के व्यापक उपयोग के मामले में गुजरात ने एक और पहल की है, जिसका सुखद परिणाम यह है कि आज भू-सम्पदा का स्वामी निश्चित हो गया है । ज़मीन के विषय में अब  तक  प्रचलित विधिविधान तथा क़ानून पेचीदा थे । ज़िला और तालुका स्तर पर जनसेवा केन्द्रों का निर्माण करके तथा जंत्री को अधिक वैज्ञानिक बनाकर उलझनों और  असमंजस का अंत करके प्रक्रिया को गतिशील बनाया गया है । महिला सशक्तिकरण के अंग रूप

ज़मीन मालिकी के अधिकार में महिलाओं को प्राथमिकता मिले, इसके लिए राज्य ने आर्थिक नुकसान उठा कर भी उदारतापूर्ण अभिगम अपनाया है । सैटेलाइट द्वारा ज़मीन नापांकन और डाटा कम्प्यूटरीकरण प्रक्रिया शुरू की गई है । हज़ारों तलाटियों और लिपिकों की भर्ती के लिए कार्रवाई जारी है । राजस्व विभाग अकाल और प्राकृतिक विपदा का सामना करने का दायित्व भी निभा रहा है । राज्य स्तरीय संस्थान 'इन्स्टिट्यूट ऑफ सिस्मोलॉजी' की स्थापना के साथ यह संस्थान मानव समुदायों को स्थायी रूप से समस्याओं से मुक्ति दिलाने में सहायक सिद्ध हो सके, इसके लिए इसकी इन्फ्रास्ट्रक्चर सुविधा में आमूल परिवर्तन करने का अभिगम अपनाया गया है । आपातकालीन प्रबंधन बजट का व्यय केवल भौतिक संसाधन उपलब्ध करने तक सीमित नहीं रखा गया, परन्तु स्कूल-कॉलेज की विद्यार्थिनियों को प्रशिक्षित करने और उन्हें इस विषय में जागृत करने की दिशा में कारगर कदम उठाये जा रहे हैं । केवल राज्य स्तर पर ही नहीं, परंतु इस राज्य के सभी २६ ज़िलों में भी संसाधन उपकरणों से पूर्णरूप से सुसज्ज आपातकालीन प्रबंधन केन्द्र स्थापित किए गए हैं ।

**क़ानून और व्यवस्था**

एक ज़माना था कि जब क़ानून और व्यवस्था का काम पुलिस पटेल से निपट जाता था । बदलते हुए वातावरण में आतंकवादी गतिविधियों की पृष्ठभूमि में पल रहे विघटनकारी तत्त्वों के कारण से आंतरिक सुरक्षा का मुद्दा परंपरागत क़ानून और व्यवस्था की तुलना में बहुत बड़ा मुद्दा बन चुका है । इस समस्या के सभी पहलुओं का विस्तृत अध्ययन करने के पश्चात् मेरी सरकार ने एक दीर्घकालीन आयोजन के साथ holistic approach का अभिगम अपनाया है । कच्छ जैसे सरहदी ज़िले में पुलिस बल दोगुना कर दिया गया है । मुंबई में घटित आंतकवादी घटना के बाद समुद्र तट की सुरक्षा के लिए पृथक् रूप से रचित मरीन पुलिस स्टेशन में मरीन पुलिस कमाण्डो तैनात किए गए हैं । रेलवे भी आंतकवादियों के निशाने पर होने के कारण रेलवे में पुलिसबल को भी दोगुना कर दिया गया है । भारत के इतिहास में पहली बार लगातार रूप से मिल रही आंतकवाद की धमकी और बेरोकटोक चलती आतंकवादी चहल पहल के कारण मंदिरों सहित अन्य सार्वजनिक स्थानों की सुरक्षा का मुद्दा एक नई जिम्मेदारी बन गया है । ऐसी स्थिति अतीत में पहले कभी पैदा नहीं हुई । इसी तरह ओ.एन.जी.सी. या पावर स्टेशनों, सरदार सरोवर डेम, अस्पताल और

औद्योगिक इकाइयों की सुरक्षा के लिए भी पृथक रूप से स्वतंत्र और व्यावसायिक सुरक्षा व्यवस्था विकसित करना निहायत ज़रूरी बन गया है।

ऐसी और इस प्रकार की अन्य अनेक जिम्मेदारियों में लगातार बढ़ोतरी होने के बावजूद गुजरात में अपराधों की संख्या में ८.१२ प्रतिशत की कटौती सुनिश्चित करते हुए क़ानून और व्यवस्था क्षेत्र में नागरिकों को उनकी सुरक्षा का भरोसा पैदा हो सका है। वर्षों के अन्तराल के बाद नई भर्ती करते हुए पुलिस बल में मात्र पुलिसों की संख्या ही नहीं बढ़ाई गई, परन्तु उनकी औसतन आयु में परिवर्तन होने से गुजरात पुलिस में युवा कर्मियों की संख्या में वृद्धि की स्थिति का निर्माण हुआ है। गुजरात के दूरदर्शी आयोजन के कारण पुलिस बल में लगभग २५००० युवा लाभान्वित हुए हैं, जो कम्प्यूटर और प्रौद्योगिकी के उपयोग की जानकारी रखते हैं। इस कारण से आधुनिक विज्ञान और सुरक्षा सम्पर्क में गुजरात को अच्छी सफलता मिल रही है। आज कल अपराध के क्षेत्र में अनेक प्रकार के परिवर्तन आ रहे हैं। इन दिनों अपराधियों के लिए कोई निर्धारित भौगोलिक सीमा नहीं रही। ऐसे में आधुनिक विज्ञान का अधिकांश उपयोग अपराध की खोजख़बर के लिए हो सके इसके लिए **'फोरेन्सिक साइंस यूनिवर्सिटी'** का निर्माण हो जाने से देश की उमदा रूप से सेवा की जा रही है। वर्तमान सदी में भारत से विश्व बहुत अपेक्षाएँ रख रहा है। ऐसे में विश्व स्तरीय पुलिस बल तथा अपेक्षित प्रशिक्षण सुविधा प्रस्थापित करने के आशय से मेरी सरकार ने **'रक्षाशक्ति यूनिवर्सिटी'** की नवरचना कर देश को एक नया पथ प्रदर्शित किया है।

**न्याय व्यवस्था**

'न्याय में विलंब होना दरअसल न्याय नहीं मिलने के बराबर है।' इस कथन को ध्यान में रखकर 'स्वर्णिम गुजरात' के उपलक्ष में जिस साल न्यायालय में मामला दाखिल हो, उसी साल के भीतर उसका निपटान हो सके इसके लिए भिन्न-भिन्न प्रकार के कुल ४३ नए न्यायालय स्थापित किए गए हैं। इनके लिए ७०० से अधिक नये पदों को मंजूरी प्रदान की गई हैं। सांध्य न्यायालयों के सहायक अभिगम से लगभग सवा छह लाख मामलों का निपटान हो चुका है। इसके अलावा, लगभग १२५०० क़ानूनी शिविरों का आयोजन किया गया है। आसि. पब्लिक प्रोसीक्यूटर के २६० से अधिक नये पदों पर भर्ती की जा चुकी

है।

**श्रम और रोज़गार**

हथकरघा कारीगरों को काम मिलता रहे इसके लिए उन्हें रोज़गार के व्यापक अवसर उपलब्ध कराने का महत्त्वपूर्ण कार्य मेरी सरकार ने परिपूर्ण किया है। पिछले सात वर्षों से समग्र राष्ट्र में गुजरात का नाम एम्प्लोयमेंट एकसचैंज के ज़रिये सब से अधिक रोज़गार देने वाले राज्य के रूप में दर्ज होता रहा है।

वर्ष के दौरान इसी प्रकार की कार्यवाही जारी रखते हुए, चालू वर्ष में पौने दो लाख से अधिक बेरोज़गारों को विविध भर्ती मेलों के समय और एम्प्लोयमेंट एकसचैंज के माध्यम से रोज़गार दिया गया है। इसी प्रकार मानवदिन गवाने का कम-से कम ज़ोखिम उठाकर उत्पादकता क्षेत्र में गुजरात एक अग्रिम राज्य के रूपमें उभर रहा है। मानव संसाधन प्रशिक्षित होने पर उत्पादकता में विशेष वृद्धि सुनिश्चित करने के आशय से विभिन्न प्रशिक्षणलक्षी कार्यक्रमो के ज़रिये लगभग १,१५,००० कार्मिकों को प्रशिक्षित करने का सघन प्रयास जारी है।

**सिंह संरक्षण**

हम सब के लिए यह गौरव की बात है कि राष्ट्र की शान के समान सिंहों का निवास स्थान गुजरात में है। सिंहों के संरक्षण, संवर्धन तथा विस्तरण के लिए मेरी सरकार ने 'गुजरात सिंह संरक्षण सोसायटी' की रचना की हैं। सिंहों के संरक्षण के लिए ४० करोड़ रु. की बड़ी धन राशि का प्रावधान करते हुए एक उत्कृष्ट व्यवस्था प्रस्थापित की है।

**वन**

प्रतिवर्ष गांधीनगर में ही परंपरागत रूप से सम्पन्न होते रहे राज्य स्तरीय वन महोत्सव की प्रचलित पुरानी परंपरा में परिवर्तन करते हुए मेरी सरकार ने पिछले कुछ वर्षों से धार्मिक तथा पर्यटन की दृष्टि से विशेष महत्त्वपूर्ण माने गए विभिन्न स्थानों पर वन महोत्सवों का आयोजन कर सर्वत्र सांस्कृतिक वनों के सृजन करने के सिलसिले में एक अनोखा प्रयोग आज़माया है। इसके तहत गांधीनगर में पुनित वन, अंबाजी में मांगल्य वन, तारंगा में तीर्थंकर वन, सोमनाथ में हरिहर वन, चोटीला में भक्ति वन और वर्तमान वर्ष के दौरान शामलाजी में

श्यामल वन का निर्माण किया गया हैं ।

**बंदरगाह**

गुजरात बंदरगाही परिवहन व यातायात क्षेत्र में समग्र देश के लिए एक हब के तौर पर उभरा हैं । देश की कुल जनसंख्या की तुलना में महज़ ५ प्रतिशत की आबादी वाला यह राज्य समस्त उत्तर-पश्चिमी राज्यों के बंदरगाहीय परिवहन का बोझ उठा रहा है ।

राज्य के बंदरगाहों से पहले १५३ मिलियन टन के मालसामान का यातायात होता था, जो चालू वर्ष में बढ़कर १८५ मिलियन टन हो गया है ।

राज्य सरकार द्वारा बंदरगाह नीति के कारगर कार्यान्वयन के कारण २२००० करोड़ रु. राशि का निजीगत पूंजी निवेश संभव हो सका है ।

**परिवहन**

एस.टी.बस सेवा जन साधारण को आवागमन की सुविधा प्रदान करनेवाली एक महत्त्वपूर्ण व्यवस्था है । चालू वर्ष के दौरान, लगभग १७६० नई बसें ख़रीदी गईं । तदुपरांत, प्रदूषण निवारण के लिए २५ बड़े शहरों में हलके वाहनों का सी.एन.जी./एल.पी.जी. में रूपांतरण का अभियान के कारण परिवहन से पैदा होनेवाले प्रदूषण से यथासंभव सीमा तक मुक्ति मिल पाना संभव है । इसके लिए राज्य सरकार ने परिणामोन्मुख प्रयास शुरू किए हैं ।

**क्लाईमेट चेन्ज**

ग्लोबल वॉर्मिंग के ख़तरे से सतर्क होकर मेरी सरकार ने समग्र देश में सबसे पहले एक अलग पर्यावरण परिवर्तन विभाग की नए सिरे से रचना करने की ऐतिहासिक पहल की है।

ग्रीन टेकनोलॉजी को आत्मसात करने की ओर गुजरात अग्रसर है । संयुक्त राष्ट्र संघ (UNO) की क्लीन मिकैनिज़्म की इन्फ्रास्ट्रक्चरल फेसिलिटी का इस राज्य ने अधिकतम लाभ उठाया है । पूरे देश में जारी किये गए कार्बन क्रेडिट के संदर्भ में गुजरात राज्य प्रथम क्रम पर रहा ।

**मार्ग विकास**

राज्य के तीव्र गति से सर्वग्राही विकास के लिए सरकार सड़कों के विकास को विशेष रूप से महत्त्व दे रही है । ग्यारहवीं पंचवर्षीय योजना के प्रथम

तीन वर्षों के दौरान, मेरी सरकार ने इस मद पर ४८३६.५२ करोड़ रु.व्यय के लिए प्रावधान किया है।

राज्य सरकार ने ग्रामीण तथा जनजाति के क्षेत्रों के लिए सड़कों की पूर्वावश्यक सुविधाओं के लिए विकास पथ, किसान पथ, प्रणाली पथ और औद्योगिक क्षेत्रों, बंदरगाह, कृषि उत्पादन समिति, ज़िलामार्ग तथा तालुकामार्ग के परस्पर जुड़ाव के लिए दीर्घकालीन योजना शुरू की है। ७०२२ कि.मी. लंबाई के ग्रामीण क्षेत्रीय मार्गो की मरम्मत और सुधार के लिए ८८० करोड़ रु. का व्यय किया गया है।

**खेलकूद**

खेलकूद के मैदान में गुजरात बहुत तेज़ रफ़्तार से आगे बढ़ रहा है। इसके लिए अपेक्षित खेल संकुलों तथा सभी पूर्वावश्यकताओं की पूर्ति के अलावा खिलाड़ियों की तालीम की संतोषजनक व्यवस्था के फलस्वरूप गुजरात के वीर खेलाडियों ने इस वर्ष राष्ट्रीय तथा अन्तर्राष्ट्रीय स्तर पर ९३ एवार्ड हस्तगत कर खेल क्षेत्र में नए कीर्तिमान स्थापित किए।

**वैधानिक और संसदीय मुद्दे**

मेरी सरकार इस सत्र में गुजरात टेक्नोलोजिकल यूनिवर्सिटी (संशोधन) विधेयक, २०१० पारित करने के अतिरिक्त वित्तीय मामलों से संबंधित विधेयकों सहित अन्य वैधानिक कार्यवाही सम्पन्न करना चाहती है।

**उपसंहार :**

हमारे देश में इन दिनों ''गुड गवर्नन्स'' की चर्चा होती है। आउट-ले एवं आउटकम के बारे में विवाद चलता है। अक्सर आयोजन के अमलीकरण के विषय में प्रश्न पैदा होते हैं। Inclusive Growth के लिए योजना आयोग ने आग्रह किया है। ग़रीब आदमी के जीवन स्तर में सुधार हो, पूज्य बापू के ग्राम स्वराज की कल्पना साकार हो, जैसी अन्य अनेक बातें हम सुनते रहते हैं। गुजरात सरकार द्वारा विभिन्न क्षेत्रों में स्थापित की गई व्यापक एवं सर्वजन उपयोगी व्यवस्थाएं उपरोक्त सभी प्रश्नों का जवाब दे सकेंगी।

विकास के क्षेत्र में, लोकाभिमुख प्रशासन के क्षेत्र में, लोक साझेदारी के क्षेत्र में गुजरात में इस प्रकार की उमदा परंपरा पैदा हुई है। ऐसे में, **स्वर्णिम गुजरात** भारत की समृद्धि के लिए गुजरात राज्य को समृद्ध बनाने के स्वप्न को

साकार रूप देकर रहेगा इस बात का मुझे पूरा भरोसा है । १ जनवरी २०१० के दिन विधान–सभा में लिया गया संकल्प केवल शब्दों तक सीमित नहीं रहेगा, परन्तु प्रत्येक जन प्रतिनिधि सही मायने में इसके वाहक बनकर सर्वोत्तम योगदान देगा, इस विश्वास के साथ आप सबके प्रति शुभकामनाएँ व्यक्त करते हुए मैं अपना व्यक्तव्य यहीं समाप्त करती हूँ ।

**जय जय स्वर्णिम गुजरात जय हिन्द**

**ડો.શ્રીમતી કમલા (નામદાર રાજયપાલશ્રી)** : માનનીય અધ્યક્ષ મહોદય તથા વિધાનસભાના માનનીય સદસ્યશ્રીઓ.

બારમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રના શુભારંભ પ્રસંગે હું આપ સર્વેને હાર્દિક અભિનંદન આપું છું.

આ વિધાનસભાના સત્રના આરંભ પહેલાં હું વિશ્વબંધું રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને માથું નમાવી નમન કરું છું. જેમણે દેશની એકતા અને અખંડતા અક્ષુણ્ય જાળવી રાખવામાં પોતાની ઐતિહાસિક ભૂમિકા ભજવી એવા ગુજરાતના એક અન્ય મહાન સપૂત લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલને પણ શ્રદ્ધાપૂર્વક પ્રમાણ કરું છું. સાથે સાથે, પૂજય રવિશંકર મહારાજ તથા ઈંદુલાલ યાજ્ઞિક જેવા મનીષી મહાનુંભાવોનું શ્રધ્ધાપૂર્વક સ્મરણ કરું છું, જેમણે ગુજરાત રાજયની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

ગુજરાતના જનજીવનમાં અનેક મહત્વનાં પાસાં છે. અહીંના લોકો પોતના સરળ સ્વભાવ, શાંતિપ્રિયતા અને વ્યાવસાયિક કુશળતા માટે જાણીતા છે. અહીંના ઔદ્યોગિક સાહસિકોની અદ્વિતીય સફળતાએ દેશમાં જ નહીં, બલકે સમગ્ર વિશ્વમાં ભારતનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતની ધરતીમાંથી જે શ્વેતક્રાંતિનો આરંભ થયો, જે આજે અગ્રિમ ભાગ ભજવી રહેલ છે. વૈશ્વિકરણ અને ઉદારીકરણના હાલના વાતાવરણમાં ગુજરાત, મૂડી-રોકાણ તથા આધુનિક ટેકનિકલ ઉદ્યોગમાં પોતાનું પુષ્કળ યોગદાન આપી રહયું છે. કૃષિ ક્ષેત્રમાં પણ ગુજરાત સારા વિકાસ દર સાથે આગળ નકકી રહયું છે. આ આપણી બધાં માટે આનંદનો વિષય છે.

આ મોટી સિદ્ધિઓ માટે હું ગુજરાતના પ્રગતિશીલ અને કુશળ લોકમાનસ તથા દુરદર્શી નેતૃત્વની પ્રશંસા કરું છું. ૧૯૬૦ થી માંડીને આજ સુધી અહીંના જુદા જુદા રાજકીય પક્ષોના માનનીય મુખ્ય મંત્રીઓએ પોતપોતાના કાર્યકાળ દરમિયાન પૂરી કર્તવ્યનિષ્ઠા અને દૂરદષ્ટિથી ગુજરાતના વિકાસને એક નવી ગતિ અને દિશા આપી છે. હાલમાં પણ, માનનીય મુખ્ય મંત્રીશ્રી અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર કામ કરતા્ર, વિકાસને અને વધુ ગતિ આપવામાં પૂરા મનોયોગથી લાગેલા છે. આવા ગૌરવશાળી ભૂતકાળ અને પ્રગતિશીલ વર્તમાનથી સમૃદ્ધ ગુજરાત, પોતાના

ગૌરવભર્યા ૫૦ વર્ષ પૂરાં થતાં " સ્વર્ણિમ ગુજરાત મહોત્સવ" ઉજવી રહયું છે આ ઐતિહાસિક અવસરે હું આ રાજયના બધા નાગરિકો, રાજય સરકાર અને લોકપ્રતિનિધિઓને અભિનંદન આપું છું.

લોકશાહીની વિભાવનાનું ઉત્તમ ઉદાહરણ આ વર્ષે ૧ લી જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ આ સન્માનનીય સભાગૃહની અંદર જોવા મળ્યું. પક્ષાપક્ષીથી પર ભૂતપૂર્વ અને વર્તમાન સૌ જનપ્રતિનિધિઓએ એક સ્વરે સ્વર્ણિમ જયંતિ વર્ષને વિકાસની હરણફાળનું વર્ષ બનાવવાનો સંકલ્પ કર્યો. લોકશાહીના ઈતિહાસની આ અભૂતપૂર્વ ધટના છે જેની ઈતિહાસ અવશ્ય નોંધ લેશે.

ગુજરાતનો દરેક નાગરિક ગુજરાતની ભાવિ સમૃદ્ધિ માટે કામ કરે તથા શિક્ષિત, સમૃદ્ધ અને સુદઢ ગુજરાતના નિર્માણમાં પોતાનો ફાળો આપે અને આવનારાં વરસોમાં વિકાસનાં પરિણામ રાજયના દરેક જરૂરિયાતવાળા અને નબળા કુટુંબો સુધી પહોંચે તે આપણા સૌની પરમ જવાબદારી છે.

પૂજય મહાત્મા ગાંધી, પૂજય સરદાર પટેલ, પૂજય રવિશંકરદાદા, પંડીત દીનદયાળ ઉપાધ્યાય જેવા મનીષીઓએ સ્વરાજય કેન્દ્રમાં વિકાસથી વંચિત, શોષિત, પીડીત, છેવાડાના માનવીના કલ્યાણાનો માર્ગ ચીંધ્યો છે. સુશાસન અને સુરાજયની કસોટી પણ એ જ છે કે, દલિત, પીડીત, શોષિત, વંચિત, વનબંધુ અને સાગરખેડૂ જેવા સમાજના છેવાડે બેઠેલા લોકોને વિકાસના ફળ મળે. મારી સરકારે સુરાજયની આ ઉત્તમ ભાવનાને સાકાર કરવા માટે ગરીબ કલ્યાણ મેળાનું અદભૂત આયોજન કરીને ફકત બે મહિનાના ટૂંકા ગાળામાં ૨૦ લાખ કરતાં વધારે લાભાર્થીઓને ૨૭૦૦ કરોડ રૂપિયાના સીધા લાભો પહોંચાડીને સુરાજય અને સુશાસન માટેની નોંધપાત્ર પહેલ કરી છે.

નાગરિક પોતાના અધિકારી અને ફરજો પ્રત્યે પૂરેપૂરા જાગ્રત રહીને પોતાની જવાબદારીને પૂરી નિષ્ઠાથી અદા કરતા રહયા-આ પરિપ્રેક્ષ્યમાં ભારતના સંવિધાનના ૬૧મા વર્ષના સુઅવસરે ૨૪મી જાન્યુઆરીના રોજ સુરેન્દ્રનગરમાં " સંવિધાન સન્માન યાત્રા" નું આયોજન કરવામાં આવ્યું. પૂજય બાબા સાહેબ આંબેડકર અને સંવિધાન સભા દ્વારા વ્યકત" અધિકારો અને ફરજો" ના મહત્વને સમજતા નાગરિકોમાં પોતાના અધિકારો પ્રત્યે પૂરી જાગરૂકતા લાવવા તથા કર્તવ્યનિષ્ઠા પ્રબળ બને, એવા સંદેશને તીવ્ર સ્વરૂપે વ્યકત કરનારી આ યાત્રાની સર્વત્ર પ્રશંસા કરવામાં આવી.

" સુશાસન અને વિકાસ" ગુજરાત રાજયનું એક શ્રેષ્ઠ મોડલ છે. ભારત સરકાર ઉપરાંત, બીજી અનેક રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંગઠનો અને સંસ્થાઓએ જુદા જુદા ક્ષેત્રોમાં ગુજરાતનાં વિકાસ આયોજનો તથા સિદ્ધિઓ ન કેવળ પ્રશંસા કરી છે, બલકે સરકારને પુરસ્કારો (એવોર્ડ)થી સન્માનિત કરવામાં આવી છે. આ દાયકા દરમિયાન, વીજળી તથા પાણીની ઉપલબ્ધતા, આરોગ્ય રક્ષા, જરૂરી સુવિધાઓ અને વ્યવસ્થા તથા પ્રવાસન જેવા અનેક ક્ષેત્રોમાં વિક્રમ સ્થાપવા માટે ભારત સરકાર તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ગુજરાતને પુરસ્કૃત કરવામાં આવેલ છે. માત્ર ૨૦૦૯ના વર્ષમાં જ મળેલા થોડા એવોર્ડનો ઉલ્લેખ કરીએ તો એમાં સમાવેશ થાય છે, આંતરરાષ્ટ્રીય સ્તર પર યુનાઈટેડ નેશન્સ, ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક એન્ડ શોશ્યિલ અફેર્સ (UNDESA) તરફથી લોકભાગીદારીથી ચાલતી પીવાના પાણીની યોજના તથા પાણી તપાસવાના વિષયકમાં

આવેલ 'યુનાઈટેડ નેશન્સ પબ્લિક સર્વિસ એવોર્ડ-૨૦૦૯, ITDP (UN) ઈન વોશિંગ્ટન તરફથી વિઝિનરી એચીવમેન્ટ ઈન માસ ટ્રાન્સપોર્ટ વિષયક "સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટ એવોર્ડ" કસ્ટોરિયમ હેલ્થકેર થ્રુ સેટેલાઈટ (ટેલી મેડિસીન) સિસ્ટમ માટે સાઉથ એશિયાઝ બેસ્ટ-ઈ-કેટેન્ટ અંગે " મંથન એવોડઝ સાઉથ એશિયા-૨૦૦૯ તથા રાષ્ટ્ર કક્ષાએ મળેલ ઈનોવેટિવ અને પાકલક્ષી કૃષિ વિકાસ કાર્યક્રમોના સંદર્ભમાં એગ્રીકલ્ચાર ટુડે તરફથી અર્પણ કરેલ 'સ્ટેટ એગ્રીકલ્ચરલ લીડરશીપ એવોર્ડ-૨૦૦૯, ઉર્જા મંત્રાલય ભારત સરકાર દ્વારા અર્પણ કરેલ 'નેશનલ એવોર્ડ ફોર મેરીટોરીયલ પર્ફોમન્સ ઈન પાવર સેકટર તથા નેશનલ એવોર્ડ ફોર મેરીટોરીયલ પર્ફોમન્સ ઈન પાવર ડિસ્ટ્રીબ્યૂશન', શહેરી વિકાસ મંત્રાલય, નવી દિલ્હી તરફથી આપવામાં આવેલ બેસ્ટ માસ ટ્રાન્ઝિર સિસ્ટમ-૨૦૦૯ એવોર્ડ, આ ઉપરાંત પુરસ્કારોની યાદીમાં રાજય વહીવટમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપયોગ માટે એટલે કે "ઈ-ગવર્નન્સ" માટે ઈંડિયા-ટેક ફાઉન્ડેશન તરફથી અર્પણ કરેલ" આઠમો ઈંડિયા-ટેક અકસેલન્સ એવોર્ડ" નો સમાવેશ થાય છે. સંકલિત નાણા વ્યવસ્થા પદ્ધિતિ માટે કમપ્યૂટર સોસાયટી ઓફ ઈંડિયા તરફથી આપેલ 'એકસેલન્સી ઈન ઈ-ગવર્નન્સ એવોર્ડ, ઈ-ઈંડીયા ૨૦૦૯ તરફથી મળેલ Gujarat Common Entrance Test (GECT)-2009 On liin Examination 'ઈ-ઈંડીયા ૨૦૦૯ એવોર્ડ' સહિત જુદા જુદા ક્ષેત્રોમાં મળેલા અનેક એવોર્ડનો આમાં સમાવેશ થાય છે.

ગુજરાતને વર્તમાન દાયકામાં સમગ્ર દેશમાં, વિકાસની દિશામાં ઝડપી અસાધારણ પ્રગતિમાન રાજય તરીકે યાદ કરવામાં આવશે. ખાસ કરીને આ વિકાસ યાત્રામાં મહિલાઓની સક્રિય ભૂમિકા સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવેલ આયોજનબધ્ધ પ્રયાસ માત્ર નારી સશકિતકરણ પૂરતો જ મર્યાદિત નથી રહયો, પરંતુ ગુજરાતની વિકાસ યાત્રા અને નિર્ણય પ્રક્રિયામાં નારીશકિતના અસીમ સાર્મથ્ય સહયોજિત કરવાની દિશામાં પણ પ્રબળ પ્રયાસ કરવામાં આવ્યા છે. નોંધપાત્ર છે કે ગરીબ તબકકાની મહિલાઓ દ્વારા ચલાવવામાં આવી રહેલ 'સખી મંડળો'ની ઝુંબેશ, આ રાજયના દૂરવર્તી વિસ્તારો સુધી મોટા પ્રમાણમાં વિસ્તરી છે. દોઢ લાખથી વધુ 'સખી મંડળ' શાખાઓના માધ્યમથી ૨૦ લાખથી વધુ મહિલાઓ અબજો રૂપિયાનો કારોબાર સંભાળી રહી છે, જે ગરીબ કુટુંબોને વ્યાખોરોના ચકકરમાંથી છોડાવીને આર્થિક રીતે સ્વાવલંબી થવાની બાબતમાં એમની હિંમત વધારી રહી છે.

**વંચિતોનો વિકાસ**

મારી સરકાર માટે વંચિતોનો વિકાસ એ પ્રાથમિકતા છે. છેવાડાનો માનવી ગરીબીના સંકટમાંથી બહાર આવે, આજીવિકા કમાતો થાય, જીવનધોરણ સુધરે અને સમાજમાં સન્માનપૂર્વક જીવતો થાય તે માટેની અનેકવિધ યોજનાઓ તથા ગરીબના ઘરમાં શિક્ષણ પહોંચે તે માટેના ભગીરથ પ્રયાસના સુફળ દેખાઈ રહયા છે. તેમાંય કન્યા કેળવણીના અભિયાનથી માત્ર નારી સશકિતકરણ જ નહીં, પરંતુ રાષ્ટ્રના સશ(તિકરણના પાયાનું કામ થઈ રહયું છે. ગરીબ માનવી માટે શિક્ષણ પૂરતું નથી, તેના માટે આજીવિકા કમાવા માટે કૌશલ્યનું પણ એટલું જ મહત્વ છે. તે માટે અનેક ગૃહઉદ્યોગોની તાલીમને મહત્વ આપવામાં આવે છે. એની સાથે શુધ્ધ હવા, પાણી અને ખોરાક મળે તો નર્મદાનું પાણી ગરીબ સુધી પહોંચાડવું, ફોર્ટીફાઈડ આટો, આયોડીનયુકત મીઠું, ગરીબ બાળકોનું આરોગ્ય પરીક્ષણ જ નહીં, પરંતુ સારવાર સુધીની ચિંતા મારી સરકારે કરી છે. ગરીબોના સંતાનોના આરોગ્યની તપાસણી ઉપરાંત તેની સારવારની સંપૂર્ણ વ્યવસ્થાની જવાબદારી પણ મારી સરકાર નિભાવી રહી છે.

રોજગારી માટેની તકો ઉભી થાય, સ્વરોજગારીનો વ્યાપ વધે તેમાં પણ સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. શહેરી ગરીબોને ઉમ્મીટ યોજના અંતર્ગત કૌશલ્ય વૃધ્ધિ અને જરૂરિયાત પ્રમાણેની તાલીમ આપીને રોજગારીના અવસરો ઉપલબ્ધ કરાવ્યા છે. વનબંધુ કલ્યાણ યોજના, સાગરખેડૂ યોજના અને શહેરી ગરીબ સમૃધ્ધિ યોજનાઓ થકી નિરાધાર અવસ્થામાં જીવનારા સમાજના છેવાડાના માનવીને આર્થિક સાર્મથ્ય આપ્યું છે. આ માટે મારી સરકારે વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માટેની વાર્ષિક યોજનામાં ૪૩ ટકા કરતાં વધુ રકમની સામાજિક સેવાઓ માટે કરેલ ફાળવણી એ તેનો નકકર પુરાવો છે. આ રકમ રૂ.૧૦,૦૦૦ કરોડથી પણ વધારે થાય છે. આ ઉપરાંત, વહીવટી કાર્યક્ષમતાને લઈને દસમી પંચવર્ષીય યોજનાના રૂ.૪૭,૦૦૦ કરોડના કદને વટાવીને રૂ.૪૯,૦૦૦ કરોડ ઉપરાંતની સિધ્ધિ હાંસલ કરેલ છે.

મારી સરકારે અનેસૂચિત જનજાતિના કુટુંબોના સર્વાંગીણ વિકાસ માટે રૂ.૪૦૦ કરોડ જેવી માતબર રકમ વડે સંકલિત ડેરી વિકાસ યોજના, મહત્વકાંક્ષી વાડી અને કૃષિ વૈવિધ્યલક્ષી પ્રોજેકટ, ઉચ્ચ અભ્યાસની યોજનાઓ વગેરેનું અમલીકરણ કરેલ છે.

આદિમજૂથના નાગરિકોના સર્વાંગીણ વિકાસ માટે મારી સરકાર કાર્યરત છે. અનુસૂચિત જાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના નાગરિકોના સમગ્રલક્ષી વિકાસ માટે ઉચ્ચ અભ્યાસની યોજનાઓ, વિશિષ્ટ કૌશલ્યો માટેની તાલીમ યોજનાઓ, શિષ્યવૃત્તિઓ, સાયકલ સહાય, પંડિત દીનદયાળ આવાસ યોજના સહિતની અનેકાનેક વિકાસલક્ષી યોજનાઓનો લાભ મારી સરકારે લાખો લોકોને કરોડો રૂપિયાના ખર્ચે આપેલ છે.

ઓળખપત્ર ધરાવતાં તમામ વિકલાંગ નાગરિકોને મદદરૂપ થગા અમલમાં મુકાયેલ અનેક યોજનાઓ ઉપરાંત રૂપિયા એક લાખના વીમા કવચ હેઠળ આવરી લેવાયા છે.

સમગ્ર રીતે કહું તો વંચિતો માટે શિક્ષણ, કૌશલ્યવૃધ્ધિ, પોષણયુકત આહાર, રોજગારીની તકો વગેરે દ્વારા તેઓના જીવનની ગુણવત્તામાં વધારો કરવાની મારી સરકારની પ્રાથમિકતા રહી છે. આ માટે મારી સરકારે શિશુના ગર્ભાવસ્થાથી જન્મ, શિક્ષણ, લગ્ન, રોજગાર, વૃદ્ધાવસ્થા જેવા તમામ તબકકે સહાય માટેની અનેકવિધ યોજનઓ અમલામાં મુકી છે.

**સરદાર સરોવર પરિયોજના, જળસંપત્તિ અન`પાણી, પુરવઠા**

ગુજરાત દસ વર્ષમાં સાત વર્ષ અછત અને અર્ધ અછતવાળું રાજય રહયું છે. બારમાસી નદીઓનો અભાવ ગુજરાત માટે કાયમ ચિંતાનો વિષય રહયો છે. ઈશ્વરની કૃપા અને વરસાદના ભરોસે જીવતા ગુજરાતે પાણી એ પરમેશ્વરનો પ્રસાદ માનીને, અયોજન થકી સમસ્યાના સમાધાનનો માર્ગ અપનાવ્યો છે. પાણી માત્ર સામાન્ય જરૂરિયાત જ નહીં, પરંતુ પાણી ગુજરાતને પાણીદાર બનાવવા માટેનું કારણ બને, ગઈકાલ સુધી પાણી જે સંકટ હતું તે હવે ગુજરાતની સમૃધ્ધિનું વાહક બને, તે દિશામાં કરેલા આયોજનોનો આજે ગુજરાતના જ નહી દેશના સમગ્ર અર્થતંત્ર ઉપર પ્રેરક પ્રભાવ જોવા મળે છે.

સરદાર સરોવર ડેમ અને ૧૮,૮૭૫ કિ.મી. જેટલી વિશ્વની લાંબામાં લાંબી કેનાલોનું સર્જન કરવાનું સૌભાગ્ય ગુજરાતને મળ્યું છે. જે થકી રાજસ્થાનના સૂકા વિસ્તારો સુધી પાણી પહોંચ્યું છે, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં વીજળી અજવાળા પાથરી રહી છે.

સરદાર સરોવર યોજના થકી ૧૪૩૩ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન અને તે થકી થયેલ રૂ.૫૭૩૨ કરોડની આવક એ તેનો બોલતો પુરાવો છે. આ સમગ્ર યોજના માટે રૂ.૩૦,૦૦૦ કરોડથી પણ વધુ મૂડી ખર્ચ કરવામાં આવેલ છે.

ગુજરાત સરદાર સરોવર ડેમથી સંતોષ માનીને બેસી રહે તે ગુજરાતને પાલવે નહીં, જળસંચય અને જળસિંચનને ગુજરાતે એક અત્યંત મહત્વના કાર્ય તરીકે પ્રાથમિકતા આપી છે. લાખો ચેકડેમ, બોરીબંધ, ખેત તલાવડી, જલમંદિરો, તળાવો ઉંડા કરવાનું અભિયાન, જુની કેનાલોનું મરામત, ટપક સિંચાઈ, સુક્ષ્મ પિયત પદ્ધતિઓ, સુજલામ યોજના, વગેરે પાછળ ખર્ચેલ કરોડો રૂપિયા ઉગી નિકળ્યા છે અને તેનું અપેક્ષિત પરિણામ મળ્યું છે. નેશનલ વોટર કમિશન કહે છે, ગુજરાતમાં પાણીના તળ ઉંચા આવ્યા છે જયારે અન્યત્ર પાણીના તળ ઉંડા ગયા છે.

**કૃષિ અને પશુપાલન**

પાણીનું આ અભિયાન માનવીના જીવન ધોરણમાં ઉપકારક થયું છે. એટલું જ નહીં, પરંતુ પશુપાલન ઉદ્યોગ માટે પણ ખૂબ મોટી સેવાનું કારણ બન્યું છે. કૃષિ ઉત્પાદનની હરણફાળમાં પાણીના વ્યવસ્થાતંત્રનો અભૂતપૂર્વ ફાળો રહયો છે. ગુજરાતમાં પાણીના આધુનિક આયોજન અને વ્યવસ્થાએ દેશ અને દુનિયાનું ધ્યાન ખેચ્યું છે, અને વાસ્મોને ભારત અને વિશ્વએ ઉત્તમ વિતરણ વ્યવસ્થા તરીકે બિરદાવ્યું છે. પશુઓ માટેના આરોગ્ય મેળાઓ, પશુ સંવર્ધન અને સંરક્ષણની યોજનાઓ, પશુ આહારની ગુણવત્તામાં થયેલ ફેરફારો અને આધુનિક સુવિધાઓ અને ટેકનોલોજીના કારણે આજે દૂધનું ઉત્પાદન ૮૩ લાખ મેટ્રિક ટનથી વધીને ચાલુ વર્ષે ૮૭ લાખ મેટ્રિક ટન થશે. કૃષિક્ષેત્રના રાષ્ટ્રીય વૃધ્ધિ દરની સરખામણીમાં ગુજરાત રાજયનો કૃષિ વૃધ્ધિ દર દર ખૂબ જ વધારે એટલે કે ૧૦ ટકા જેટલો રહયો છે, જે ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે સરકારની સક્રિયતાનો દ્યોતક છે.

**આરોગ્ય**

માનવ વિકાસ સૂચકાંકમાં અત્યંત મહત્વનું એકમ હોય છે આરોગ્યની સેવાઓ. મારી સરકારે આરોગ્યની સેવાઓ સામાન્ય માનવીને સુલભ રીતે ઉપલબ્ધ થાય તે દિશામાં અનેકવિધ આયોજન સફળતાપૂર્વક પાર પાડયા છે. માતા મૃત્યુદર અને શિશુ મૃત્યુદર ધટાડવામાં ચિરંજીવી યોજના દ્વારા આરોગ્ય વિભાગે વિશ્વ કક્ષાએ નામના મેળવે તેવી ઉમદા કામગીરી કરી બતાવી છે. જેનો લાભ દલિત, પિડીત, શોષિત, વંચિત એવા સમાજના સૌ જનોને મળે છે. ગુજરતમાં ૧૦૮ની સેવા એ ગરીબમાં ગરીબ માનવીને તાત્કાલિક સહાય પહોંચાડનાર સેવા બની રહી છે. ૧૦૮ની સેવા આરોગ્ય, ગુહ અને અગ્નિશમન જેવી જીવનમરણ વચ્ચેની અવસ્થામાં આશિર્વાદરૂપ બનેલ છે. માળખાકીય સુવિધાઓ અને તેમાંય ગુણવત્તાસભર વ્યવસ્થામાં ગુજરાતના

આદિવાસી વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રે આજે રાષ્ટ્રીય સ્તરનું એક્રેડીટેશન મેળવવાની સિધ્ધિ પ્રાપ્ત કરી છે. આરોગ્ય કેન્દ્ર આધુનિક બને, આવશ્યક સુવિધાથી સભર બને, તેવી નમૂનારૂપ કામગીરી કરીને છેવાડાના માણસને આરોગ્યની સુવિધા પહોંચાડી છે.

શહેરી ગરીબોને આરોગ્યનો લાભ મળે તે માટે નવો અભિગમ અપનાવ્યો છે. છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાતમાં મેડીકલ એજયુકેશન ઉપેક્ષિત ક્ષેત્ર રહયું છે. મારી સરકારે આરોગ્ય સેવાઓની ગુણવત્તાને સુધારવા માટે મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફની અનિવાર્યતાને ધ્યાને રાખીને આ ક્ષેત્રે વિદ્યાર્થીઓની હાલની બેઠક સંખ્યામાં ૧૯૦૦ કરતાં પણ વધુ બેઠકોનો વધારો કરી, ખૂબ મોટો ઉંચો કૂદકો લગાવ્યો છે.

**શિક્ષણ**

માનવ વિકાસ સૂચકાંક માટેનું મહત્વનું અંગ છે શિક્ષણ. મારી સરકારે ગુજરાતના તમામ બાળકોને, તેમાંયે કન્યાઓને ગુણાત્મક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે હજારો ઓરડાનું બાંધકામ, એક લાખ કરતાં વધુ વિદ્યાસહાયકોની ભરતી, વિદ્યાલક્ષ્મી બોન્ડ, વિદ્યાદીપ યોજના, શાળા આરોગ્ય કાર્યક્રમ, કન્યા કેળવણી યાત્રા, શિક્ષકોની તાલીમ, શૌચાલય, કોમ્પ્યુટર, પીવાનું પાણી જેવી સેવાઓ આપીને ડ્રોપ આઉટ રેટ જે વર્ષ ૨૦૦૦-૦૧ માં ધોરણ ૧ થી ૫ માટે ૨૦.૯૩ હતો અને ધોરણ ૧ થી ૭ માટે ૩૮.૯૨ હતો, તે ખૂબ જ નીચો લઈ જઈ અનુક્રમે ૨.૨૯ અને ૮.૮૭નો કરવામાં સરકારને સફળતા મળી છે. તમામ સવલતો પૂરી પાડયા બાદ શિક્ષણ ઉચ્ચ ગુણવત્તાવાળું બને તે માટે ગુણોત્સવના નવતર પ્રયોગ થકી એક વિશિષ્ટ ઝુંબેર મારી સરકારે હાથ ધરી છે.

વિશ્વમાં તમામ ક્ષેત્રે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થઈ રહયો છે. વળી, ૨૧મી સદી ટેકનોલોજીની સદી બની રહી છે ત્યારે ગુજરાતના યુવાનોને પૂરત પ્રમાણમાં ટેકનોલોજીનું જ્ઞાન મળે અને પોતાના જ રાજયમાં ભણવાની તકો મળે તે માટે ડીપ્લોમા અને ડીગ્રીની બેઠકોમાં બમણો વધારો કર્યો છે.

બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી એવી "ચિલ્ડ્રન યુનિવર્સિટી" શિક્ષણમાં નવા શૈક્ષણિક પ્રયોગો આમેજ કરવા માટે "ધી કમીશન ફોર એજયુકેશનલ ઈનોવેશન" અને "પ્રાઈવેટ યુનિવર્સિટી એકટ"ની રચના કરી છે.

**મહિલા અને બાળ વિકાસ**

બાળક આપણું ભવિષ્ય છે. આવતી કાલનું ગુજરાત સ્વસ્થ, તંદુરસ્ત હોય તે માટે મારી સરકારે માતાઓ, કિશોરીઓ અને ૬ વર્ષથી નાના બાળકોના સ્વાસ્થ્ય માટે ખૂબ ચિંતા કરી છે. સંપૂર્ણ સુવિધા સાથેની આંગણવાડીઓનું નિર્માણ, મમતા દિવસની ઉજવણી, સ્વાસ્થ્ય પરિક્ષણ અને સારવાર બાલભોગ યોજના, મોબાઈલ આંગણવાડીઓ, નિરોગી બાળવર્ષની ઉજવણી, સ્વાસ્થ્ય હરિફાઈ જેવા કાર્યક્રમો દ્વારા સમાજમાં જાગૃતિ ફેલાવી છે.

આંગણવાડી કાર્યક્રમનું ગામમાં સ્વમાન જળવાય, તેની ઓળખ ઉભી થાય તે માટે માતા યશોદા એવોર્ડ દ્વારા સન્માન તેમજ નિવૃત્તિ પછી આર્થિક સહાય મળે તે માટે માતા યશોદા ગૌરવનિધિની રચના કરી છે.

**નાગરિક પુરવઠો**

મારી સરકારે ગરીબ, દલિત, શોષિત અને પિડીત પરિવારોના સ્વાસ્થ્ય માટે અનેક યોજનાઓ કરી છે. તેમના સ્વાસ્થ્ય માટે જરૂરી આયર્ન, વિટામીનો જેવા પોષાક તત્વો તેમને આપવામાં આવતા આટામાં ઉમેરી આપવામાં આવે છે. અત્યંત ગરીબ પરિવારોને ફોર્ટીફાઈડ આટાનું પ્રમાણ વધારીને હવે ૧૮.૫ કિલોગ્રામ સોયા મિશ્રીત ફોર્ટીફાઈડ આટો આપવામાં આવે છે.

બી. પી. એલ. અને અંત્યોદય કાર્ડ ધારકોને એક રૂપિયાના દરથી એક કિલોગ્રામ આયોડીન યુકત મીઠું અપાય છે. વન બંધુ યોજના હેઠળ આદિજાતિ કુટંબોને રૂ.૨૨૦૦ ની સબસીડી આપીને ગેસ કનેકશન આપવાની પહેલ કરી છે.

**પંચાયત અને ગ્રામ વિકાસ**

આવાસ એ માનવીની પ્રાથમિક જરૂરિયાત છે. છેવાડાના માનવીને પોતાનું ઘર મળી રહે તે માટે સરકારે સરદાર આવાસ યોજના અને ઈન્દિરા આવાસ યોજના હેઠળ કરોડો રૂપિયાના ખર્ચે સવાચાર લાખ જેટલા આવાસો બાંધ્યા છે. માહિતી યુગમાં ગામડાઓને "ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના" થકી જોડીને, વિશ્વના સૌથી મોટા સિવિલીયન ઈ-ગ્રેડ થકી ૧૩,૭૦૦ જેટલી ગ્રામ પ્રચાયતોને જોડીને, ગ્રામ વિસ્તારમાં રોજગારી અને અર્થ વ્યવસ્થાના લાભો પહોંચાડવાનું કામ મારી સરકારે કર્યું છે. આ માટે રૂ.૫૦૦ કરોડ જેટલી માતબર રકમના ખર્ચે ૪૨૫ લાખ ઉપરાંત માનવદિનની રોજગારીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**શહેરી વિકાસ**

ગુજરાત કૂદકે ને ભૂસકે વિકસતા શહેરોવાળું રાજય છે. સુરત, અમદાવાદ, રાજકોટની વિશ્વમાં સૌથી ઝડપે વિકસી રહેલાં શહેરોમાં ગણના થાય છે, ત્યારે શહેરી વિકાસમાં મારી સરકારે શહેરીજનોની સુખાકારીને પ્રાથમિકતા સાથે વિકાસનું મોડેલ અપનાવ્યું છે. શહેરમાં માત્ર રસ્તા, ગટર, પાણી જેવી માળખાકીય સુવિધા જ નહીં, પરંતુ શહેરમાં વહીવટી તંત્રની ક્ષમતા વધે, શહેરના આર્થિક આયોજન પારદર્શી બને, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને વધુમાં વધુ અધિકાર અને નાણાકીય સહાય મળે તેવા દીર્ઘદ્રષ્ટિભર્યા આયોજન એ શહેરી વિકાસની વિશેષતા રહી છે. ગુજરાત માત્ર વર્તમાન શહેરની સુવિધામાં વૃધ્ધિ કરે એટલું જ નહીં, પરંતુ મારી સરકાર નવા શહેરનું નિર્માણ અને નાનામાં નાના શહેરને આધુનિકમાં આધુનિક સુવિધાની નેમ સાથે કામ કરી રહી છે અને તેથી જ આવનારા દિવસોમાં શહેરોમાં કચરામાંથી કંચન, વેસ્ટમાંથી બેસ્ટ અને વેસ્ટમાંથી ઉર્જા ઉત્પન્ન કરવાની શરૂઆત થઈ ચૂકી છે. વાહનવ્યવહાર ક્ષેત્રે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપનું મોડેલ તેમજ ખઈચઈતઈકઈ યોજના આજે શહેરી વાહન વ્યવહાર માટે નમૂનારૂપ પુરવાર થયેલ છે. મારી સરકાર દ્વારા આધુનિક શહેરના નિર્માણ માટે ફલાય ઓવરનું નિર્માણ હોય કે ઝુંપડીમાં જીવતા ગરીબ માનવી માટે આવાસ યોજના કે ગરીબો માટે

શૌચાલયની યોજના હોય દરેકને સમાનરૂપે પ્રાથમિકતા અપાઈ રહી છે. રાજયના નાગરિકોની અસરકારક સલામતિ માટે આપત્તિ વ્યવસ્થાપન તંત્ર તરફથી નગરપાલિકા, મહાનગપાલિકા અને શાળાઓને રૂ.૧૮૫ કરોડના ખર્ચે અગ્નિશમન વાહનો અને સાધનો પૂરા પાડવામાં આવેલ છે.

**ઉર્જા વિકાસ**

સમગ્ર વિશ્વ કોઈ એક મુદ્દા ઉપર એક મતે ચિંતા વ્યકત કરતું હોય તો તે મુ દ્દો છે ઉર્જા. સમગ્ર ભારત ઉર્જા ક્ષેત્રે અનેક સંકટોમાંથી પસાર થઈ રહયું છે. એવી ચિંતાજનક સ્થિતિમાં ગુજરાતે ઉર્જાનો એવો દીવો પ્રગટાવ્યો છે કે જે માત્ર ભારતના જ નહીં, દુનિયાના વિકસતા જતા દેશો માટે ધણા મહત્વના ઉકેલો શોધી આપશે. સમગ્ર દેશમાં ગુજરાતમાં સૂર્યપુત્રી ઉર્જા સ્ત્રોતથી ઉર્જા ઉત્પાદન થાય છે. એક જ વિસ્તારમાં એટમિક એનર્જી હોય, સોલાર એનર્જી હોય, ગેસ એનર્જી હોય એવું જવલ્લે જ જોવા મળે અને આ બધું જ સુચારૂ આયોજનના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં શકય બનેલ છે. ગઈ કાલ સુધી વીજળી ક્ષેત્રે ખાદ્યવાળું રાજય, જેની પાસે વીજળી ઉત્પાદન માટે જરૂરી કાચો માલ પાણી, કોલસો કે ગેસ કશું જ નહીં હોવા છતાં આજે દીર્ઘદ્રષ્ટિ અને આયોજનને કારણે ગુજરાત ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બન્યું છે. ઉર્જા ક્ષેત્રે ગુજરાતે પર્યાવરણ પ્રેમીઓ માટે પણ આશા જગાવી છે અને Global Warming નો જવાબ શોધવાની મથામણમાં ગુજરાતે યોગદાન આપ્યું છે. ગુજરાતે કરેલ પહેલ, ગુજરાતે નિર્ધારિત કરેલ નીતિ, દેશ વિદેશના લોકોને ગુજરાત તરફ આકર્ષી રહી છે.

ઉર્જા ઉત્પાદનનો લાભ ગુજરાતના ગામડાઓને આર્થિક પ્રવૃત્તિ માટે મળે એ કામ જયોતિગ્રામ યોજનાએ સાકાર કરેલ છે. ઉર્જા ઉત્પાદનની આ હરણફાળ ગરીબોના ધરમાં વીજળી પ્રગટે ત્યાં સુધી વિસ્તરી છે અને ગ્રામ રોજગારીમાં અનેકગણો વધારો થયો છે.

જેમ ગુજરાતે ઉર્જા ઉત્પાદનમાં ધ્યાન કેન્દ્રીત કર્યું. ઉર્જા વિતરણમાં ગરીબો અને ગામડા સુધી પહોંચવા પ્રયત્ન કર્યો તેમ ગુજરાતે ઉર્જા બચત ક્ષેત્રે પણ દીર્ઘદ્રષ્ટિભર્યું આયોજન કર્યું છે. ગરીબી રેખા નીચે જીવનારા ૧.૬૩ લાખ લોકોને પ્રતિ યુનિટ દોઢ રૂપિયા લેખે વીજળી આપીને ગરીબમાં ગરીબ માનવીને આધુનિક જીવનધોરણ સુધી લઈ જવા માટેનો સહારો આપ્યો છે.

**ઓઈલ અને ગેસ**

ઉર્જા ક્ષેત્રે આજે સૌથી મોખરાનું સ્થાન ઓઈલ અને ગેસ સેકટરે પ્રાપ્ત કર્યું છે. મારી સરકારે ઓઈલ અને ગેસ ક્ષેત્રના વધતા જતા મહાત્મ્યને સમજીને આગોતરું જે આયોજન કર્યું છે તેનો લાભ આજે ગુજરાતને મળી રહયો છે. ઓઈલ અને ગેસ સેકટરમાં ગુજરાતે દેશભરમાં પ્રથમવાર તદ્દન નવું મોડેલ ઉભુ કર્યુ છે. જેમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડેલ દ્વારા ગેસ અને ઓઈલના સંશોધન અને સારકામ, ગેસ અને ઓઈલનું મૂલ્ય વૃધ્ધિ જેમાં ફર્ટીલાઈઝર, સીરેમીક, દવા ઉદ્યોગ, ઉર્જા ક્ષેત્ર, વાહન વ્યવહારને આવરી લીધેલ છે. તેનાથી આગળ વધીને ઓઈલ અને ગેસ સેકટરે માનવ સંશાધનના વિકાસને મહત્વ આપી, સમગ્ર ૨૧મી સદીની ચિંતા દૂર કરવાનો પાયો નાંખ્યો છે અને તે માયે વિશ્વ કક્ષાની પંડીત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીનું નિર્માણ કયુંર્ છે. આવડા મોટા ક્ષેત્રનો નાનામાં નાના માણસને લાભ મળે તે માટે રસોડા સુધી ધરગથ્થું ગેસનું જોડાણ-વિતરણ અને ગરીબ માણસનું વાહન એવી રીક્ષા અને બસ સુધી ગેસ આપવાનું આયોજન ગુજરાતમાં ગેસ સેકટરનું અદ્યતન Intigrated approach & Inclisive growth માટેનું ઉત્તમ ઉદાહરણ છે.

**ઔદ્યોગિક વિકાસ**

અભૂતપૂર્વ વૈશ્વિક મંદીનું વાતાવરણ એવા કપરા કાળમાં ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે ભરેલી હરણફાળ ગુજરાત સરકારની નીતિઓ અને ગુજરાતની શકિત ઉપર મૂડી રોકાણકારોમાં પ્રસ્થાપિત થયેલ વિશ્વાસનું દર્શન કરાવે છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટના અભિગમનું ભારતના અન્ય રાજયો પણ અનુકરણ કરી રહયા છે. મંદીના આ ભયંકર વાતાવરણ વચ્ચે પણ દેશ અને દુનિયાના મૂડી રોકાણકારોને ગુજરાત આશાનું કેન્દ્ર લાગ્યું છે. સમગ્ર દેશમાં વધુમાં વધુ રોજગારી આપનાર રાજય તરીકે ગુજરાત બહુમાન મેળવી રહયું છે. એ ઔદ્યોગિક વિકાસ, કુટીર ઉદ્યોગ ક્ષેત્રે છેલ્લા બે વર્ષમાં રાજયમાં ૩૧૩ હજાર ઉપરાંતની રોજગારીનું નિર્માણ થયું છે.

**વિજ્ઞાન અને પૌદ્યોગિકી**

ગુજરાતના વિકાસમાં ટેકનોલોજી અને વિજ્ઞાનને આગવું સ્થાન આપવાનું મારી સરકારનું આયોજન રહયું છે. એને કારણે વહીવટમાં ગતિ, પારદર્શિતા અને લોકોની સુવિધામાં ઉમેરો થાય છે. બ્રોડબેન્ડ કનેકટીવીટીના કારણે આજે ગુજરાતનું ગામડું વિશ્વની સાથે સીધું જોડાઈ ગયેલ છે. તાજેતરના બાળવૈજ્ઞાનિક કુંભમેળા દ્વારા દેશ અને દુનિયા ગુજરાતે સામાન્ય જીવનની અંદર વિજ્ઞાન અને ટેકનોલોજીને જે સ્થાન આપ્યું છે તેનાથી પ્રભાવિત થયેલ છે.

**મહેસૂલી વહીવટ**

મહેસૂલી ક્ષેત્રે ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવામાં ગુજરાતે પહેલ કરી છે અને તેના પરિણામે જમીન માલિક નિશ્ચિંત બન્યો છે. જમીનને લગતા ગુંચવાડાભર્યા જરીપુરાણા કાયદાને આધુનિક યુગની આવશ્યકતા પ્રમાણે સરળ કરીને નાગરિકોની આશા આકાંક્ષાને પૂર્ણ કરવામાં સફળતા મેળવી છે. જિલ્લા અને તાલુકા કક્ષાએ જનસેવા કેન્દ્રોનું નિર્માણ એક પ્રકારે નાગરિક જીવનના સાચા સાથી બની રહયા છે. જંત્રીને વધુ વૈજ્ઞાનિક બનાવીને અવઢવના વાતાવરણનો અંત આણ્યો છે. અને નિર્ણય પ્રક્રિયા ઝડતી બનાવી છે. મહિલા સશકિતકરણના ભાગરૂપે જમીનના હકકમાં મહિલાને પ્રાથમિકતા મળે તે માટે રાજયે આર્થિક રીતે નુકશાન વહોરીને પણ ઉદારતાભર્યું વલણ અખત્યાર કર્યુ છે. સેટેલાઈટ દ્વારા  જમીન માપણી અને ડાટા કોમ્પ્યુટરાઈઝ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. હજારો તલાટીઓ અને કલાર્કની ભરતી કરવાની કાર્યવાહી શરૂ કરી છે. મહેસૂલ વિભાગ દુષ્કાળ કે કુદરતી આપત્તિનો સામનો કરવા માટેનું પણ જવાબદારીભર્યું કામ નિભાવે છે. રાજય કક્ષાનું ઈન્સ્ટીટયુટ ઓફ સીસ્મોલોજીનું માત્ર નિર્માણ જ નહીં, પરંતુ તે થકી માનવ વસ્તીને કાયમી ધોરણે આવી આપત્તિમાંથી મુકિત મળે તે માટે માળખાકીય સુવિધામાં આમુલ ફેરફાર કરવાનો અભિગમ અપનાવ્યો છે. આપત્તિ વ્યવસ્થાપનમાં બજેટ ખર્ચવું, સાધનો ઉપલબ્ધ કરાવવા ત્યાં અટકી જવાને બદલે શાળા-કોલેજ સહિત બધાંને તેનું પ્રશિક્ષણ થાય, જાગૃતિ આવે તે માટેના પણ સફળ પ્રયાસો કરવામાં આવ્યા છે. માત્ર રાજય કક્ષાએ જ નહીં, રાજયના તમામે તમામ ૨૬ જિલ્લાઓમાં પણ સંપૂર્ણ સુસજજ આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રો ઉભા કર્યા છે.

**કાયદો અને વ્યવસ્થા**

એક જમાનો હતો, જયારે કાયદો વ્યવસ્થાનું કામા પોલીસ પટેલથી ચાલી જતું હતું. બદલતા જતા વાતાવરણમાં આંતકવાદી પ્રવૃત્તિને કારણે, વિધટનકારી તત્વને કારણે આંતિરક સલામતી એ પરંપરાગત કાયદો અને વ્યવસ્થા કરતા ધણી મોટી બાબત બની ગઈ છે. મારી સરકારે આ પ્રશ્નોનો વિશદ અભ્યાસ કરીને આંતરિક સલામતી, કાયદો અને વ્યવસ્થા, નાગરિક સુરક્ષા માટે લાંબાગાળાના આયોજન સાથે Holistic approach અપનાવ્યો છે. કચ્છ જેવા સરહદી જિલ્લામાં પોલીસબળ બમણું કરવામાં આવ્યું છે. તો મુંબઈની આતંકવાદી ધટના પછી સમુદ્ર કિનારાની સુરક્ષા માટે અલગ મરીન પોલીસ સ્ટેશન, મરીન પોલીસ કમાન્ડો કાર્યરત કર્યા છે. રેલ્વે પણ આતંકવાદના નિશાન પર હોઈ, રેલ્વે પોલીસબળ પણ બમણું કરી દેવામાં આવ્યું છે. ભારતના ઈતિહાસમાં કયારેય

ન બન્યું હોય તેમ આતંકવાદની ધમકી અને બેરોકટોક ચાલતી આતંકવાદી ગતિવિધિઓને કારણે મંદિરો સહિતના જાહેર સ્થાનોની સુરક્ષા એ નવી જવાબદારી ઉભી થઈ છે, જે ભૂતકાળમાં કયારેય ન હતી. એ જ રીતે O.N.G.C. હોય, પાવર હાઉસ હોય, સરદાર સરોવર ડેમ હોય, હોસ્પિટલ હોય કે ઔદ્યોગિક એકમો હોય તેને માટે પણ સ્વતંત્ર અને પ્રોફેશનલ સુરક્ષાની વ્યવસ્થા વિકસાવવાનું મહત્વનું કામ જરૂરી બન્યું છે.આવી અવનવી અને અનેક પ્રકારની બહોળી જવાબદારી વધવા છતાં ગુજરાતે ગુનાના પ્રમાણમાં ૮.૧૨ ટકાનો ઘટાડો કરીને, કાયદો અને વ્યવસ્થાના ક્ષેત્રે નાગરિકોમાં સુરક્ષાનો ભાવ પ્રગટાવ્યો છે. વર્ષો પછી પોલીસદળમાં ભરતી કરીને પોલીસદળને માત્ર સંખ્યા જ નહીં, પણ સરેરાશ ઉંમરમાં પણ ગુજરાતે યુવા પોલીસની સ્થિતિ નિર્માણ કરી છે. ગુજરાતના દીર્ઘદ્રષ્ટિભર્યા આયોજનને કારણે પોલીસદળમાં લગભગ ૨૫ હજાર જેટલા જવાનોનો લાભ મળેલ છે, કે જેઓ કોમ્પ્યુટર શીખેલ છે અને ટેકનોલોજીનો ઉપયોગ કરનાર છે. આના કારણે આધુનિક વિજ્ઞાન અને સુરક્ષાના જોડાણમાં ગુજરાતને સારી સફળતા મળી રહી છે. ગુનાના પ્રકાર બદલાઈ રહયા છે. ગુનેગાર માટે ભૌગોલિક સીમા રહી નથી ત્યારે આધુનિક વિજ્ઞાનનો ઉપયોગ ગુના શોધવા માટે થાય તે હેતુથી "ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી"નું નિર્માણ કરીને દેશની ઉમદા સેવા કરી છે. વર્તમાન સદીમાં વિશ્વ ભારત પાસે ઘણી આશા-અપેક્ષા રાખે છે, ત્યારે આપણી પાસે વિશ્વ કક્ષાનું પોલીસદળ અને તેની ટ્રેનીંગની સુવિધાઓ ઉભી કરવા માટે મારી સરકારે "રક્ષા શકિત યુનિવર્સિટી" બનાવીને દેશમાં નવો માર્ગ ચીંધ્યો છે.

**ન્યાય વ્યવસ્થા**

ન્યાયમાં વિલંબ એ ન્યાય ન મળવા બરાબર છે. એ ઉકિતને ધ્યાને રાખી, સ્વર્ણિમ ગુજરાતના ઉપલક્ષ્યમાં જે વર્ષમાં કોર્ટમાં કેસ દાખલ થાય તે જ વર્ષમાં તેનો નિકાલ થાય તે હેતુસર જુદા જુદા પ્રકારની કુલ-૪૩ નવી કોર્ટોની સ્થાપના કરવામાં આવી છે. અને ૭૦૦ થી પણ વધુ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. સાંધ્ય કોર્ટોના અભિગમથી સવા છ લાખ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવેલ છે, તેમજ સાડા બાર હજાર જેટલી કાનૂની શિબિરો યોજવામાં આવેલ છે. આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટરની ૨૬૦ થી પણ વધારે નવી જગ્યાઓ પર ભરતી કરવામાં આવેલ છે.

**શ્રમ અને રોજગાર**

હર-હાથને કામ મળી રહે તે માટે રોજગારીની વ્યાપક તકો ઉભી કરવાનું કામ મારી સરકારે કર્યું છે. છેલ્લા ૭ વર્ષથી ગુજરાત દેશમાં એમ્પ્લોયમેન્ટ એકસચેન્જ થકી સૌથી વધુ રોજગારી આપતું રાજય બન્યું છે.

વર્ષ દરમિયાન આજ પ્રકારે કામગીરી આગળ ધપાવતા ચાલુ વર્ષે પોણા બે લાખથી વધુ વ્યકિતઓને વિવિધ ભરતીમેળા તેમજ એમ્પ્લોયમેન્ટ એકસચેન્જ થકી રોજગારી પૂરી પાડી છે. તે જ રીતે ઓછામાં ઓછા માનવદિન ગુમાવી, ગુજરાત ઉત્પાદકતાના ક્ષેત્રે અગ્રીમ રાજય તરીકે ઉપસ્યુ છે. આ માનવબળ કેળવાયેલ હોય તો

ઉત્પાદકતામાં વિશેષ વધારો થાય તે હેતુને ધ્યાનમાં રાખી, વિવિધ તાલીમ કાર્યક્રમો થકી લગભગ ૧,૧૫,૦૦૦ જેટલી વ્યકિતઓને તાલીમ આપવામાં આવી રહી છે.

**સિંહ સંરક્ષણ**

આપણા સૌનું ગૌરવ છે કે સિંહોનું નિવાસ સ્થાન ગુજરાતમાં છે. તેમના સંરક્ષણ, સંવર્ધન, વિસ્તરણ માટે મારી સરકારે "ગુજરાત સિંહ સંરક્ષણ સોસાયટી"ની રચના કરી છે. સિંહોના સંરક્ષણ માટે રૂપિયા ૪૦ કરોડની માતબર રકમ ફાળવી ઉત્કૃષ્ટ વ્યવસ્થા કરી છે.

**વન**

દર વર્ષે પરંપરાગત રીતે ગાંધીનગર ખાતે ઉજવાતા રાજય કક્ષાના વન મહોત્સવને બદલે છેલ્લા કેટલાક સમયથી મારી સરકારે રાજયના ધાર્મિક અને પ્રવાસનની દ્રષ્ટિએ મહત્વના સ્થળોએ વન મહોત્સવ ઉજવીને સંસ્કૃતિ વનનું સર્જન કરવાનો એક અનોખો પ્રયોગ કરેલ છે. જે મુજબ ગાંધીનગર ખાતે પુનિતવન, અંબાજી ખાતે માંગલ્ય વન, તારંગા ખાતે તીર્થંકર વન, સોમનાથ ખાતે હરિહરવન, ચોટીલા ખાતે ભકિતવન અને ચાલુ વર્ષે શામળાજી ખાતે શ્યામલવનનું નિર્માણ કર્યું છે.

**બંદરો**

બંદરીય વાહન વ્યવહાર ક્ષેત્રે સમગ્ર દેશના હબ તરીકે ગુજરાત ઉપસ્યું છે. દેશનું માત્ર ૫ ટકા જેટલી વસ્તી ધરાવતું આ રાજય સમગ્ર દેશના ઉત્તર-પશ્ચિમ રાજયોના બંદરીય વ્યવહારોનો બોજ ઉઠાવે છે.

રાજયના બંદરો ઉપરથી ૧૫૩ મિલિયન ટન માલની હેરફેર થતી હતી, જે વધીને ચાલે વર્ષે ૧૮૫ મિલિયન ટન થઈ છે.

રાજય સરકાર દ્વારા સફળ બંદર નીતિના અમલના કારણે રાજયમાં રૂ.૨૨,૦૦૦ કરોડથી પણ વધુ રકમનું ખાનગી મૂડીરોકાણ થવા પામ્યું છે.

**વાહન વ્યવહાર**

એસ. ટી. ની. બસ એ સામાન્ય માણસને વાહન વ્યવહારની સેવાઓ પૂરી પાડતી મહત્વની વ્યવસ્થા છે. ચાલુ વર્ષે ૧૭૬૦ જેટલી નવી બસો ખરીદવામાં આવી છે. તે ઉપરાંત પ્રદૂષણ નિવારણ માટે ૨૫ મોટા શહેરોમાં હળવા વાહનોને પણ CNG/LPG માં રૂપાંતર કરવાની ઝુંબેશ હાથ ધરીને વાહન વ્યવહાર થકી થતા પ્રદૂષણથી શકય તેટલી મુકિત મળે તે દિશામાં રાજય સરકારે પ્રયત્નો કર્યા છે.

**કલાઈમેટ ચેન્જ**

ગ્લોબલ વોર્મીંગની ભયાનકતા પારખીને મારી સરકારે સમગ્ર દેશમાં સૌ પ્રથમ ઐતિહાસિક પગલુ લઈ સ્વતંત્ર કલાઈમેટ ચેન્જ વિભાગની રચના કરી છે.

ગ્રીન ટેકનોલોજીનો સ્વીકાર કરવામાં ગુજરાત રાજય અગ્રેસર છે અને સંયુકત રાષ્ટ્રસંઘની કલીન ડેવલપમેન્ટ મીકેનીઝમની માળખાગત વ્યવસ્થાનો મહત્તમ લાભ લીધેલ છે. સમગ્ર દેશમાં ઈસ્યુ કરવામાં આવેલ કાર્બન ક્રેડીટ સંદર્ભે ગુજરાત રાજય પ્રથમ ક્રમાંકે રહયું છે.

**માર્ગ વિકાસ**

રાજયના સર્વગ્રાહી અને ઝડપી વિકાસ માટે મારી સરકાર રસ્તાઓનાં વિકાસને મહતવ આપે છે. મારી સરકારે અગિયારમી પંચવર્ષીય યોજનાના પહેલાં ત્રણ વર્ષોમાં રૂપિયા ૪૮૩૬.૫૨ કરોડની જોગવાઈ કરેલ છે.

રાજય સરકારે ગ્રામ્ય તથા આદિજાતી વિસ્તારો માટે રસ્તાઓની માળખાકીય સુવિધાઓ માટે વ્યુહાત્મક રીતે પ્રગતિપથ, વિકાસપથ, કિસાનપથ, પ્રવાસીપથ, તેમજ ઔદ્યોગિક વિસ્તારો, બંદરો, ખેત ઉત્પન્ન બજાર સમિતિ, જીલ્લા તથા તાલુકાનાં રસ્તાનાં જોડાણો માટે લાંબાગાળાની યોજનાઓ ચાલુ કરેલ છે. ૭૦૨૨ કી. મી. લંબાઈના ગ્રામ્ય માર્ગોની રૂપિયા ૮૮૦ કરોડના ખર્ચે સુધારણા કરવામાં આવેલ છે.

**રમત ગમત**

રમત ગમતના ક્ષેત્રે ગુજરાત ઝડપથી આગળ આવી રહયુ છે. આ માટે રમત ગમત સંકુલો તેમજ આંતર માળખાકીય સવલતો અને તાલીમને પરિણામે ગુજરાતના રમતવીરોએ ચાલુ વર્ષે રાષ્ટ્રીય તેમજ આંત રાષ્ટ્રીય કક્ષાએ ૯૩ જેટલા એવોર્ડ મેળવીને ઝળહળતી સફળતા મેળવી છે.

**વૈધાનિક અને સંસદીય બાબતો**

મારી સરકાર આ સત્રમાં ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી(સુધારા) વિધેયક, ૨૦૧૦ ઉપરાંત ગૃહની વિચારણા માટે નાણાકીય બાબતોને લગતાં વિધેયકો સહિતનું અન્ય વૈધાનિક કામકાજ કરવા ધારે છે.

**ઉપસંહાર**

આપણા દેશમાં વર્તમાનમાં ગુડ ગવર્નન્સની ચર્ચા થાય છે. આઉટ-લે કે આઉટકમ અંગે વિવાદ ચાલે છે. આયોજન કે અમલીકરણ તે અંગે પ્રશ્નો ઉભા થાય છે. યદ્ય'ગ્(ય્-ભ્ ન્ચ્:ધ્ત્ઝ માટે દેશના પ્લાનીંગ કમિશને આગ્રહ સેવ્યો છે. ગરીબ માનવનું જીવન ધોરણ સુધરે, પૂજય ગાંધી બાપુના ગ્રામ સ્વરાજયની વાત સાકાર થાય, આવી અનેક બાબતો વર્ષોથી આપણા કાને પડતી આવી છે. ગુજરાત સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રોમાં અપનાવેલ વ્યવસ્થાઓ ઉપર્યુકત તમામ પ્રશ્નોનો ઉતર પૂરો પાડશે.

વિકાસને ક્ષેત્રે, લોકાભિમુખ વહીવટને ક્ષેત્રે, લોક ભાગીદારીના ક્ષેત્રે ગુજરાતની આવી ઉમદા પરંપરા ઉભી થઈ છે ત્યારે સ્વર્ણિમ જયંતિ વર્ષમાં ગુજરાત, ભારતને સમૃદ્ધ બનાવવા માટે ગુજરાતને સમૃદ્ધ બનાવવાના સ્વપ્નને સાકાર કરીને રહેશે એવો મારો પૂરો વિશ્વાસ છે. ૧, જાન્યુઆરી ૨૦૧૦ના રોજ આ વિધાનસભાગૃહમાં લેવાયેલ સંકલ્પ માત્ર શબ્દો નહીં બની રહે પરંતુ દરેક જન પ્રતિનિધિ તેનો સાચો સક્રિય વાહક બનશે અને ઉત્તમોત્તમ યોગદાન આપશે તેવા વિશ્વાસ સાથે આપ સૌને શુભેચ્છા પાઠવીને વિરમું છું.

જય જય સ્વર્ણિમ ગુજરાત

જય હિન્દ

# રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ. "

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારાભાઈ પરમારે રાજયપાલશ્રીના સંબોધન ઉપર જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે એને હું હાર્દિક અનુમોદન આપું છું.

**અધ્યક્ષશ્રી** :અધ્યક્ષશ્રી, પ્રસ્તાવ એ છે કે રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ. "

# શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાત રાજયના પૂર્વ મંત્રી સ્વ. શ્રી ચીમનભાઈ અમીચંદ મહેતા તથા પૂર્વ સભ્યશ્રીઓ સ્વ. શ્રી વિનોદચંદ્ર જેઠાલાલ પટેલ, સ્વ. શ્રી મનુભાઈ અંબાશંકર ત્રિવેદી અને સ્વ. શ્રી ધીરજલાલ ધનીલાલ જયસ્વાલના અવસાન અંગે**

**ગુજરાતના પૂર્વમંત્રીશ્રી ચીમનભાઈ અમીચંદ મહેતાના અવસાન અંગે**

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી ચીમનભાઈ અમીચંદ મહેતાનું તારીખ ૨૬ મી જાન્યુઆરી, ૨૦૧૦ ના રોજ ૮૪ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વ.શ્રી મહેતાનો જન્મ ૩ જી જૂન, ૧૯૨૫ ના રોજ બર્મામાં મૌલમેઈન ખાતે થયો હતો તથા તેઓશ્રી સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રીએ સન ૧૯૩૮ માં "જવાબદાર સરકાર" ની તથા ૧૯૪૨ " હિંદ છોડો" ની ચળવળમાં તેમજ ગોવા મુકિત આંદોલનમાં ભાગ લઈને જેલવાસ ભોગવ્યો હતો. તેઓશ્રીને સ્વાતંત્ર્યવીર તરીકે તામ્રપત્ર પણ

આપવામાં આવ્યું હતું. તેઓશ્રીએ ઉપલેટામાં બેટરમેન્ટ લેવી વિરૂદ્ધ સફળતાપૂર્વક લડાઈ ચલાવી હતી. તેઓશ્રીએ રાજકોટ વિદ્યાર્થી પગલાં સમિતિ તથા ઉપલેટા મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે સુંદર સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થશ્રી મહેતાએ સૌરાષ્ટ્ર કિસાનસભા અને ગુજરાત ગ્રામ મજદૂર સંઘના મહામંત્રીનો કાર્યભાર સંભાળેલ હતો. તેઓશ્રી બેંકોના રાષ્ટ્રીયકરણ, ખેતપેદાશોના તળિયાના ભાવ નકકી કરવા, ખેડૂતોને સસ્તું અને પૂરતું ધિરાણ આપવા વિગેરે બાબતના અભિયાનમાં અગ્રેસર હતા અને કામદારોને થતી હેરાનગતિ સામેની અનેક ચળવળમાં તેઓશ્રીએ ભાગ લીધો હતો. તેઓશ્રીએ ૧૯૮૦ માં હાઉસિંગ બોર્ડના ચેરમેન તરીકે પણ અમૂલ્ય સેવાઓ આપેલ હતી.

રાજકીય અને સામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ સ્વર્ગસ્થશ્રી મહેતાએ વૈજ્ઞાનિક સમાજવાદ, માર્કસવાદી વિચારસણી, અર્થશાસ્ત્ર અને રાજ્યનીતિશાસ્ત્રના વિષયો ઉપર ઘણાં પુસ્તકો લખ્યાં હતાં અને વાંચનનો શોખ ધરાવતા હતા.

સ્વર્ગસ્થશ્રી મહેતા પાંચમી ગુજરાત વિધાનસભામાં ધોરાજી મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા અને પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીએ તા. ૨૪-૧૨-૧૯૭૬ થી તા. ૮-૪-૧૯૭૭ સુધી શ્રમ, વાહનવ્યવહાર અને જેલ વિભાગના મંત્રી તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ તા. ૧૦-૪-૧૯૮૪ થી તા. ૦૯-૪-૧૯૯૬ સુધી રાજ્યસભાના સભ્ય તરીકે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને ડિસેમ્બર, ૧૯૮૯ થી નવેમ્બર, ૧૯૯૦ સુધી કેન્દ્ર સરકારમાં માનવ સંશાધન વિકાસ મંત્રાલયના રાજયકક્ષાના મંત્રી તરીકે અમૂલ્ય સેવાઓ આપેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક પ્રખર રાજનીતિજ્ઞ, મજૂર કાર્યકર, લેખક અને ઉત્તમ સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વિનોદચંદ્ર જેઠાલાલ પટેલનું તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૯ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી પટેલનો જન્મ ૩૧મી ડિસેમ્બર, ૧૯૨૨ના રોજ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના લાડોલ મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે મેટ્રિક સુધીનો અભ્યાસ કરી ખેતીનો વ્યવસાય સ્વીકાર્યો હતો. સ્વર્ગસ્થશ્રીએ ખેત બજાર ઉત્પન્ન સમિતિ ડીસા, આખોલ મહાદેવિયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી અને ઓલ ઈન્ડિયા સેળન્સીટાઈઝડ કાગળ ઉત્પાદક મંડળ, ડીસા સ્પોર્ટસ કલબના પ્રમુખ તરીકે અને જિલ્લા વિકાસ બોર્ડના ઉપ પ્રમુખ તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. આ ઉપરાંત તેઓશ્રીએ સરદાર પટેલ એજયુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, ડીસાના ટ્રસ્ટી તરીકે તથા નાગરિક બેંકના ડિરેકટર તરીકે સુંદર કામગીરી કરી હતી. સ્વર્ગસ્થશ્રી પટેલ ખેડૂત જીવનને આજના વિજ્ઞાનનો લાભ મળે તેવી પ્રવૃત્તિમાં ભાગ લેતાં અને ખેતી અને ઉદ્યોગમાં ખાસ રસ ધરાવતા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે બીજી અને પાંચમી ગુજરાત વિધાનસભામાં ડીસા મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. સ્વર્ગસ્થશ્રી પટેલ વાંચન અને ક્રિકેટનો શોખ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મનુભાઈ અંબાશંકર ત્રિવેદીનું તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૦૯ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ શ્રી ત્રિવેદીનો જન્મ ૨૬મી માર્ચ, ૧૯૨૬ના રોજ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા ગામે થયો હતો. સ્વર્ગસ્થ શ્રી ત્રિવેદીએ બી. એ. સુધીનો અભ્યાસ કરેલ હતો. તથા તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રીએ ભિલોડા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે તથા ભિલોડા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. તેઓએ જન સેવા સંઘ સંચિાલિત નવીબાઈ રામજીભાઈ આશર વિદ્યાલયના પ્રમુખ તરીકે તેમજ ત્રિલોકનાથ મંદિરના ટ્રસ્ટી તરીકે સુંદર સેવાઓ આપી હતી. તેઓશ્રી ભિલોડામાં સહકારી જીનના આદ્યસ્થાપક હતાં અને સહકારી તથા શિક્ષણની પ્રવૃત્તિઓમાં ઉંડો રસ ધરાવતા હતા. સ્વર્ગસ્થ શ્રી ત્રિવેદીએ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં ભિલોડા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવી લોકોનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. સ્વર્ગસ્થ શ્રી ત્રિવેદી પ્રવાસ અને વાંચનનો શોખ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ધીરજલાલ ધનીલાલ જયસ્વાલનું તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ ૭૯ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ

શ્રી જયસ્વાલનો જન્મ ૧૭મી ઓકટોબર, ૧૯૩૦ના રોજ વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના પીપળીયા ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી જયસ્વાલે મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલ હતો. અને તેઓશ્રી વડોદરા શહેર અને જિલ્લાની અનેક વ્યાયામ શાળાઓ સાથં સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી બાળપણથી જ યુવા સંગઠન, રાજકીય અને સામાજિક નેતૃત્વ શકિત ધરાવતા હતા. તેઓશ્રીએ વિદ્યાર્થી સંઘના પ્રમુખ તરીકે, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્ય તરીકે અને બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક તથા બરોડા જિલ્લા દૂધ ઉત્પાદક મંડળી જેવા વિવિધ ક્ષેત્રોમાં જુદા જુદા હોદાઓ ઉપર રહી અમૂલ્ય સેવાઓ આપેલ હતી. સ્વર્ગસ્થશ્રીએ શિક્ષણ, ખેતી, રોજગારી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરેલ તથા સામાજિક ક્ષેત્રે કન્યા કેળવણી અને સમૂહ લગ્નના તેઓશ્રી હિમાયતી હતા. તેઓશ્રી દહેજ પ્રથા, લગ્ન મરણ પ્રસંગે થતા ખોટા ખર્ચા જેવા કુરિવાજોના પ્રખર વિરોધી હતા. તેઓશ્રીએ સંસ્કાર કેળવણી ટ્રસ્ટની સ્થાપના કરી અને શિક્ષણ જગતમાં બહુ મૂલ્ય યોગદાન આપ્યું હતું. સ્વર્ગસ્થશ્રી જયસ્વાલ ખેતી, ઉદ્યોગ અને વ્યાપારમાં રસ ધરાવતા હતા. સ્વર્ગસ્થશ્રી જયસ્વાલ ચોથી ગુજરત વિધાનસભામાં વાઘોડિયા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. અને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જે સ્વર્ગસ્થ માનનીય સભ્યશ્રીઓના શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું. ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી અને રાજય સભામાં પણ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા સ્વર્ગસ્થશ્રી ચીમનભાઈ અમીચંદ મહેતાનું તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ અવસાન થવાથી જાહેર જીવનમાં સૂઝ બૂઝવાળા સમજદાર નેતૃત્વની વિદાઈ થઈ છે. માનનીય ચીમનભાઈ મહેતા સાથે ઉમરમાં તફાવત હોવા છતાં ખૂબ નજીકથી કામ કરવાનું, મળવાનું અને આત્મીત મૃરબ્બી તરીકે મારો નાતો રહ્યો છે. જાહેર જીવનમાંથી નિવૃત્ત થયા પછી કોઈ સત્તાના ગયા પછી સહેજ પણ એમના જીવનમાં નકારાત્મક પાસુ જોવા ન મળ્યું. વૃદ્ધોને સાથે રાખીને રાજકીય જે કંઈ ચાલતું હોય એમાં રાજકીય પક્ષાપક્ષીથી પર રહીને ચર્ચા થાય, કોઈ આવીને વાત કરે, કરન્ટ ટોપીક હોય એમાં શું વાત થાય એ એમના સુધી પહોંચે એના માટે તેઓ પ્રયત્ન કરતા એનો હું સાક્ષી રહ્યો છું. મારા ઉપર સામેથી ફોન આવે કે આજે વિધાનસભામાં શું ચર્ચા થઈ, કોઈ પ્રેસ નોટ આવી હોય, કટીંગ જોયું હોય તો સામેથી ફોન આવે, કોઈ વખત સૂચન કરે, પ્રોત્સાહિત કરે આવા જાહેર જીવનના સાચા નેતા ગુજરાતના જાહેર જીવનના ફલક ઉપરથી વિદાય થયા છે.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી વિનોદચંદ્ર જેઠાલાલ પટેલ એમનું જાહેર જીવન ખેત બજારથી લઈને ખેલકૂદનું ક્ષેત્ર હોય, વિધાનસભાથી લઈને નાગરિક બેંકના ડિરેક્ટર હોય આ રીતે વિવિધ ક્ષેત્ર સાથે જોડાયેલા આગેવાને આપણી વચ્ચેથી વિદાય લીધી છે ત્યારે આવા સાચા વિવિધ ક્ષેત્રના જન નેતાની સમાજને ભારે મોટી ખોટ પડી છે.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી મનુભાઈ અંબાશંકર ત્રિવેદીનું ૮૩ વયની ઉમર અવસાન થયું છે. જાહેર જીવનમાં એક સરપંચથી લઈને વિધાનસભાના સભ્ય તરીકે તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે અને વિવિધ ક્ષેત્રોમાં ટ્રસ્ટી તરીકે તેઓએ આગવું યોગદાન આપેલ છે એને સમાજ હંમેશા યાદ રાખશે.

આપણી વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી ધીરજલાલ ધનીલાલ જયસ્વાલનું ૭૯ વયની ઉંમરે અવસાન થયું છે. એમના જવાથી સમાજને જે સમયે સાચી જરૂરિયાત હતી કુરિવાજો વચ્ચે, અંધશ્રદ્ધા વચ્ચે, જૂની પ્રથા પાછળ સામાન્ય પરિવારો બરબાદ થતાં હોય ત્યારે સાચા નેતૃત્વના ગુણો એમનામાં હતા. તેઓ સમૂહ લગ્નના હિમાયતી, કોઈ પ્રથા લગ્નની હોય કે મરણની હોય એની પાછળ ખોટા ખર્ચાઓ કે કુરિવાજો પાછળ નાણાં વાપરીને લોકો બરબાદ ન થાય એના માટે જન જાગૃતિ કરનાર નેતૃત્વ આપણી વચ્ચેથી જતું રહ્યું છે.

સ્વ. મહાનુભાવોને હું મારા તથા મારા પક્ષ વતી શોકાંજલિ વ્યક્ત કરું છું અને એમના પરિવારો પર આવી પડેલ આફતનો સામનો કરવાની પ્રભુ શકિત અર્પે તેવી પ્રાર્થના કરી વિરમું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને જેને અમારા માનનીય નેતાશ્રીએ સમર્થન આપ્યું છે એમા હું પણ મારો સૂર પૂરાવું છું.

સ્વ. ચીમનભાઈ મહેતા આ સભાગૃહમાં તો બેસતા હતા પરંતુ એ એ પ્રકારનું નેતૃત્વ હતું, એમનામાં એ પ્રકારની વિચારધારા હતી કે માત્ર છેવાડાના માણસો માટે લડવાની શરૂઆત કરી અને જ્યારે મૃત્યુ પામ્યા ત્યાં સુધી જીવનના અંતિમ દિવસો સુધી ગુજરાત અને દેશના છેવાડાના જે લોકો છે એમની ચિંતા કરતા રહ્યા. એમનુ કાર્યક્ષેત્ર તો રાજકોટ જિલ્લો હતું પરંતુ એમનુ વતન ઉપલેટા હતું, તેમ છતાં મજૂર પ્રવૃત્તિ માટે એ મારા મત વિસ્તાર પોરબંદરમાં પણ અનેક વખત મજૂર આંદોલનની આગેવાની લીધી હતી. મજૂરો માટેનો કોઈપણ પ્રશ્ન રાજયમાં ઊભો થાય ત્યાં જઈને સૌથી આગળ ઊભા રહેનાર સ્વ. ચીમનભાઈ મહેતા હતા. તેઓ જ્યારે સક્રિય રાજનીતિમાં હતા ત્યારે જે કોઈ રાજયના મુખ્યમંત્રીશ્રી તરીકે આવે એના કાન પકડી શકવાની ક્ષમતા એક મજૂર આગેવાન તરીકે સ્વ. ચીમનભાઈ મહેતામાં હતી. તેઓ જ્યારે રાજનીતિમાંથી નિવૃત્ત થયા પછી પણ એમણે કોઈ

દિવસ નિવૃત્તિ સ્વીકારી નહોતી. વિચારમંચના માધ્યમથી લેખન, બુકોની કે લેખન પ્રવૃત્તિના માધ્યમથી હંમેશા સમાજની એ ચિંતા કરતા રહ્યા. છેલ્લા દસકામાં ગુજરાતમાં જે ઘટનાઓ બની તેની ચિંતામાં પણ એ ભાગીદાર રહ્યા. વિચારમંચમાં પણ આમંત્રણ આપીને એ વિચારો મોટો થાય તેના માટેના હંમેશા પ્રયત્નો કરતા રહ્યા. ચીમનભાઈ મહેતાના જવાથી મજૂરો અને સમાજના છેવાડાના લોકો છે, ખેતમજૂરો છે તેણે તો પોતાના હામી ગુમાવ્યા છે પણ આપણે પણ એક વિચારશીલ રાજપુરુષ જે હંમેશા સમાજની ચિંતા કરતા હતા એવા ચીમનભાઈને આપણે ગુમાવ્યા છે.

સ્વ. વિનોદચંદ્ર પટેલ મહેસાણા જિલ્લાના લાડોલ જેવા નાનકડા ગામમાં જન્મ્યા. બે વખત ધારાસભ્ય થયા. પોતાના વિસ્તારની બહાર જઈને ચૂંટાયા. સહકારી પ્રવૃત્તિઓ સાથે સમાજની જુદી જુદી પ્રવૃત્તિઓ સાથે અને ખેતી સાથે છેલ્લે સુધી જોડાયેલા રહ્યા અને સામાજિક જીવન, રાજકીય જીવનમાં પણ સક્રિય રહ્યા. તેમના જવાથી મહેસાણા જિલ્લાને અને ઉત્તર ગુજરાતને એક ઉમદા નેતાની ખોટ પડી છે.

સ્વ. મનુભાઈ ત્રિવેદી ભીલોડામાં જન્મ્યા. તેમનું કાર્યક્ષેત્ર ભીલોડા રહ્યું. રાજનીતિ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા રહ્યા અને ભીલોડાની અને સાબરકાંઠા જિલ્લાની ઉમદા સેવા કરી.

સ્વ. ધીરજલાલ જયસ્વાલ આ ગૃહના સભ્ય હતા. વડોદરા જિલ્લાના પીપળીયા જેવા ગામમાં જનમ્યા. વિદ્યાર્થી પ્રવૃત્તિમાં સક્રિય રસ લીધો. સહકારી પ્રવૃત્તિઓ વિકસાવવામાં અગ્ર ભાગ ભજવ્યો. સૌથી મોટું કામ ધીરજલાલ જયસ્વાલનું સામાજિક ક્રાંતિ, આર્થિક ક્રાંતિની સાથે સામાજિક કુરિવાજો દૂર કરવાનું કામ તેમણે કર્યું. આ ચારેય મહાનુભાવોએ આ ગૃહ શોભાવ્યું હતું. આપણા સમાજજીવનમાં પણ શોભારૂપ હતા. આપના મારફત આ શોક સંદેશ તેમના કુટુંબીજનોને પહોંચાડીએ એવી વિનંતી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી જે દિવંગત આત્માઓને માટેનો શોક પ્રસ્તાવ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને સમર્થન આપ્યું છે તેમાં મારો સૂર પૂરાવું છું. ચીમનભાઈ અમીચંદ મહેતા, ચીમન મહેતાના હુલામણા નામથી સૌરાષ્ટ્રમાં તેમની ઓળખ હતી. ડાબેરી વિચારસરણી સાથેના કાર્લ માર્કસના વિચારો સાથે ચીમનભાઈ હંમેશા શ્રમજીવીઓનો પક્ષ લઈ તેમના હામી રહેલા. મોટા ભાગે સ્ટ્રગલ કરેલી. વાણિયાનો દીકરો મોટા ભાગે સ્થાપિત હિતોની સાથે હોય, પણ આ એક નોખી જ ભાતના વણિક હતા કે જે હંમેશા દબાયેલા, કચડાયેલા લોકોની સાથે રહેલા. તેમની સાથેની નિકટતા મારે એ રીતે બનેલી કે ગુજરાતમાંથી રાજસભાના સભ્ય હતા. તે વખતે ૯મી લોકસભામાં અને સરકારમાં શિક્ષણમંત્રી તરીકે એ વખતે હતા અને એ વખતે સુપ્રીમ કોર્ટના આદેશથી જે ડોનેશનની સીટો બંધ કરવાનું આવ્યું તેનું અમલીકરણ કરવામાં જરા પણ હિચકિચાટ નહોતો કર્યો. એ રીતે ચીમનભાઈ મહેતા હંમેશા નિયમ અનુસારની કાર્યવાહીના સમર્થક રહ્યા હતા. ઈન્ટુકની સાથે પણ કોંગ્રેસના ધારાસભ્ય તરીકે અને ઉપલેટા-ધોરાજી એક એવું ક્ષેત્ર કે જે તે વખતે ડાબેરીઓની મ્યુનિસિપાલિટી પણ આવેલી. ઝવેરચંદ મેઘાણીનું સ્મારક સૌથી પહેલાં કોઈએ કર્યું હોય તો ઉપલેટાની મ્યુનિસિપાલિટીએ કરેલું. શ્રમજીવીઓ માટેની ઝંખનાના સમર્થક ચીમનભાઈ મહેતા હંમેશા રહ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, મનુભાઈ અંબાશંકર ત્રિવેદી સાથે છઠ્ઠી વિધાનસભામાં આ ગૃહમાં બેસવાનો મોકો મળ્યો અને એ પછી પણ ઉપેન્દ્રભાઈ ત્રિવેદી અને અરવિંદભાઈ ત્રિવેદીના કારણે તેમના કાર્યક્રમમાં જઈએ, સાબરકાંઠા જઈએ તો મનુભાઈ સાથેનો સંપર્ક રહેતો. ખૂબ મિતભાષી અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા અને નવા રહેવાસની હૉસ્પિટલ હોય કે ઈડર વગેરેના કાર્યક્રમો હોય તો તેમાં મનુભાઈ હંમેશા ઓતપ્રોત રહેતા હતા. વિનોદચંદ્ર પટેલ અને ધીરજલાલ જયસ્વાલ અંગે પણ કહેવાયું.આ તમામ દિવંગત આત્માઓને હું શ્રદ્ધાંજલિ આપું છું. એમના જવાથી જાહેર જીવનમાં ખોટ વર્તાશે. એમના જીવન અને કવનનું અનુસરણ કરીએ ત્યારે જ એમને સાચી શ્રદ્ધાંજલિ આપી કહેવાય. એમને હું મારી શ્રદ્ધાંજલિ આપું છું.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સ્વર્ગસ્થ સભ્યશ્રીઓ અંગેની જે શોકાંજલી ગૃહના નેતાશ્રીએ રજૂ કરી તેમાં મારો સૂર પૂરાવું છું. ડીસાના વતની સ્વ.શ્રી વિનોદચંદ્ર જેઠાલાલ પટેલ જે બચુભાઈ પટેલના નામથી જિલ્લામાં ઓળખાતા હતા. તેઓ પ્રગતિશીલ ખેડૂત હતા અને એમની છાપ બનાસકાંઠા જિલ્લામાં અને ડીસામાં છોડી છે કે, આજે પણ એમની વાડી બચુભાઈની વાડીના નામે ઓળખાય છે. તેઓ સહકારી કાર્યકર હતા અને સહકારી પ્રવૃત્તિની અંદર ડીસા તાલુકા અને બનાસકાંઠા જિલ્લામાં બાવીસ-બાવીસ વર્ષ સુધી ઘણું સારું યોગદાન આપ્યું છે. તાલુકાની માર્કેટના સભ્ય રહ્યા અને એનો દોર સંભાળ્યો હતો. તે જ રીતે શિક્ષણમાં પણ એમણે હંમેશાં જાગૃતિ બતાવી હતી અને ત્યાંના સંચાલક મંડળમાં સાથે મળી રહ્યા અને આજેપણ આર્ટસ અને કૉમર્સ કૉલેજ ચાલે છે એમાં એ જોડાયેલા હતા. એ જ રીતે બનાસકાંઠા જિલ્લામાં અને સમગ્ર વિસ્તારમાં એમનું સારું યોગદાન હતું અને આજે એમના જવાથી જિલ્લાને ઘણી મોટી ખોટ પડી છે. ભગવાન એમના આત્માને શાંતિ આપે અને એમના આત્મિયજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આ ગૃહના ભૂતપૂર્વ સ્વર્ગસ્થ સભ્યશ્રીઓનો શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે અને એમાં અમારા પક્ષ તરફથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એમાં સૂર પૂરાવ્યો છે એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ભૂતપૂર્વ સભ્ય સ્વ.શ્રી ચીમનભાઈ મહેતા, સ્વ.શ્રી વિનોદચંદ્ર પટેલ, સ્વ.શ્રી મનુભાઈ ત્રિવેદી અને સ્વ.શ્રી ધીરજલાલ જયસ્વાલ જે શોક ઠરાવ આવ્યો છે એમાં મારો સૂર પૂરાવું છું. મુરબ્બીશ્રી ચીમનભાઈ અને મનુભાઈ જેવા સહકારી સંસ્થાના પ્રણેતા આપણે ગુમાવ્યા છે એમ કહીએ તો ખોટું નથી. સહકારી ક્ષેત્ર અને શિક્ષણ જેની હંમેશાં ચિંતા કરવાવાળા આ આગેવાન આપણે ગુમાવ્યા છે. મુરબ્બીશ્રી ચીમનભાઈ તો સરકારમાં મંત્રી તરીકેની ફરજ બજાવી ચૂક્યા છે. મુરબ્બીશ્રી શકિતસિંહે કહ્યું તેમ ઘણા વર્ષો પહેલાં આ પક્ષ કે પેલો પક્ષ હોય જ્યારે સરકારમાં બેઠા હોય ત્યારે સરકાર પક્ષનું નેતૃત્વ નથી કરતા પણ ગુજરાતના લોકોનું પ્રતિનિધિત્વ કરીએ છીએ. એવી છાપ જો કોઈએ પાડી હોય તો આ સ્વર્ગસ્થશ્રીઓએ પાડી હતી અને એને અનુસરીએ તો એમને સાચી શ્રદ્ધાંજલિ આપી કહેવાય. એ બોધપાઠ આપણે એમાંથી લેવાની જરૂર છે. જે પહેલાં સરકારમાં નેતૃત્વ કરતા હતા ત્યારે અણછાજતું ટીવી, છાપાં કે મિડિયામાં આવે ત્યારે આપણને એ વાતની પ્રતીતિ થતી હોય ત્યારે એમાંથી આપણે કંઈક લેવું જોઈએ એવી વૃત્તિ ધરાવતા હતા. આ મિડિયામાંથી આજે આ ગુજરાતને કયા માર્ગે લઈ જવું છે એ આપણે સરકારમાં બેઠા હોય ત્યારે નક્કી કરવું જોઈએ. એવા પ્રણેતાઓ આપણે દિવસે દિવસે ગુમાવતા જઈએ છીએ ત્યારે સાચી શ્રદ્ધાંજલિ ત્યારે કહેવાય જ્યારે એમની કાર્યપદ્ધતિ, એમના વિચારો, એમની વિકાસની ભાવના હતી એ ભાવનાને સમજવાનો હંમેશાં પ્રયત્ન કરવો જોઈએ. * (xxxxx) (xxxxx) (xxxxx) માનનીય ચીમનભાઈ, વિનોદચંદ્ર, મનુભાઈ એ એના માટેના ઉદાહરણો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકામાંથી સ્વર્ગસ્થ ધીરૂભાઈ જયસ્વાલ ૧૯૭૨ની અંદર ચોથી વિધાનસભામાં એ વખતે તો કોંગ્રેસના વાવાઝોડા ચાલત હતા. કોંગ્રેસમાંથી ટિકિટ લઈ આવીએ એટલે જીતી જઈએ, એ વાવાઝોડાની અંદર અપક્ષ તરીકે ઘડાના નિશાન ઉપર જંગી બહુમતીથી ચૂંટાઈને આ ગુજરાતની વિધાનસભામાં એમણે પ્રતિનિધિત્વ કર્યુ છે. કેન્દ્રની અંદર પ્રભુદાસ ખુશાલભાઈ પટેલ જે કેન્દ્રના એક નાણામંત્રી રાજયકક્ષાના હતા અને એમની સામે સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્કમાંથી પણ ચૂંટાઈ આવ્યા હતા. સ્વ. જશવંતલાલ શાહ હતા કે જેમની વડોદરા જિલ્લાની અંદર હાક હતી અને એમની સામે વડોદરા જિલ્લામાં ડેરીમાં ચૂંટણી લડવી એટલે લોઢાના ચણા ચાવવા અને જયસ્વાલ જેવા ગરીબ સમાજની અંદર જન્મી અને જશવંતલાલ શાહની સામે ચૂંટણી લડવી એ એક વિચાર માગી લે છે પણ એવી સંસ્થાઓની અંદર પણ સ્વ. મુરબ્બીશ્રી ધીરુભાઈ મોટી જંગી બહુમતીથી ચૂંટાઈને આવેલા ત્યારે અમે તો સમગ્ર ગુજરાતી તરીકે એક વિરલ વ્યકતિત્વ ગુમાવ્યું છે પણ વડોદરા જિલ્લાની અંદર આવા વિરલાઓ જયારે અમે ગુમાવ્યા છે ત્યારે અમને એનું પણ દુઃખ છે પણ જે જન્મ્યું છે એનું મૃત્યુ નિશ્ચિત છે પણ છતાંય જીવનમાં હોઈએ આ વિધાનસભામાં કોઈપણ પક્ષમાંથી કોઈપણ ક્ષેત્રમાંથી આપણે વિધાનસભાનું પ્રતિનિધ્વિ કરતા હોઈએ ત્યારે એમાંથી આપણે કંઈ બોધપાઠ લઈએ અને મને લાગે છે એવો બોધપાઠ લેવા માટે પરમકૃપાળુ પરમાત્મા આપણને સૌને સારી શકિત અને સારા વિચારો આપે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું અને આ સ્વર્ગસ્વ સભ્યો આ ગૃહના જે આપણી વચ્ચે નથી ત્યારે એમના કુટુંબીજનો ઉપર આવેલી આફત સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે એવી પ્રાર્થના કરુ છું અને આપના માફરતે દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું.

**ડૉ. અનિલ જોષીયારા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ પણ એને અનુમોદન આપ્યું છે ત્યારે હું પણ મારું અનુમોદન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી જે ચાર વિધાનસભાના સ્વ. સભ્યો એમાં અમારા ભિલોડાના સ્વ. શ્રી મનુભાઈ અંબાશંકર ત્રિવેદીનો ખૂબ જ મિલનસાર સ્વભાવ હતો અને વિકાસ માટે લાંબી દ્રષ્ટિ ધરાવતા હતા. એમણે એમના જીવનમાં તાલુકા પંચાયત, ગ્રામપંચાયતથી માંડીને શિક્ષણ ક્ષેત્રમાં આગળ વધી અને એમાં પણ ખાસ કરીને કન્યા કેળવણી સારી મળે એના માટે પૂરા પ્રયત્નો રહયા છે. ભિલોડામાં ગ્રામપંચાયત છે ત્યારે બહારથી આવેલા શિક્ષકો કેવી રીતે કયાં રહેશે એમને માટેની સગવડ પણ તે વખતે કરેલી અને બહારના શિક્ષકો રહે એના માટે મકાનની સગવડ પણ એમણે ત્યાં ઉભી કરેલી. એમણે ખેડૂતોના જે પ્રશ્નો છે એમાં ખાસ કરીને જે સહકારી જીન અને માર્કેટ યાર્ડમાં પણ ખૂબ સારું એમનું યોગદાન રહયું. શિક્ષણ ક્ષેત્રમાં જનસેવા સંઘ સાથે વર્ષોથી જોડાયેલા હતા. એના પ્રમુખ રહયા અને એમાં જે એન.આર. વિદ્યાલય છે એમાં ૮મા ધોરણથી ૧૨મા ધોરણ સુધી અને એમાં પણ સંખ્યામાં વધારો અને એમાં દરેક ક્ષેત્રમાં સારા શિક્ષકો મળે એ માટે પૂરો પ્રયત્ન રહયો, એના સિવાય પણ એમણે પાલ ખાતે નવી શાળા શરુ કરેલી, એમના અધ્યક્ષપણા નીચે અને ત્યાં પણ એમના માર્ગદર્શન હેઠળ સારી કામગીરી એમણે કરેલી. છેલ્લા ૨વર્ષથી એમને સ્વરપેટીનું કેન્સર થયું અને એના લીધે એમને ખૂબ મુશ્કેલી પડી અને છેલ્લે મુંબઈ લઈ જવામાં આવ્યા ત્યાં પણ એમની સારી સેવા કરવામાં આવી છતાં પણ ઈશ્વરની જે ઈચ્છા હતી તે પ્રમાણે એમનું અવસાન થયું, પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને આપના મારફત એમને દિલસોજીનો સંદેશો મોકલાવીએ એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી પરબતભાઈ સ. પટેલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે એમાં વિરોધપક્ષના નેતા અને અન્ય સભ્યશ્રીઓએ જે અનુમોદન આપ્યું છે તેમાં

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

હું મારો સુર પૂરાવું છું. સ્વ. ચીમનભાઈ અમીચંદ મહેતા, સ્વ. મનુભાઈ અંબાશંકર ત્રિવેદી અને સ્વ. ધીરજલાલ ધનીલાલ જયસ્વાલના અવસાન અંગેનો જે શોકદર્શક ઉલ્લેખ છે,એમાં વિનોદચંદ્ર જેઠાલાલ પટેલનો જન્મ મહેસાણા જિલ્લામાં થયો હતો પણ એમણે કર્મભૂમિ બનાસકાંઠાના ડિસામાં બનાવી હતી. જે જમાનામાં ડિસા અને સમગ્ર બનાસકાંઠા જિલ્લો ખેતી ક્ષેત્ર માટે અને તેના વિકાસ માટે નવી નવી પદ્ધતિઓ અપનાવવાવાળો હતો. એમનું નામ વિનોદભાઈ જેઠાલાલ હતું પણ સમગ્ર જિલ્લો આજે પણ એમને બચુભાઈના હુલામણા નામથી ઓળખે. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, નાગરિક સહકારી બેંક જેવા ક્ષેત્રોમાં સેવાકીય યોગદાન આપીને સમગ્ર ડિસા અને બનાસકાંઠા જિલ્લામાં એમણે સેવા આપી હતી. આજે પણ એમની કર્મભૂમિ ઉપર એમના પરિવાર મારફત શૈક્ષણિક સંકૂલો ચાલે છે. બનાસકાંઠા જિલ્લાના જાહેર જીવનમાં એ વિસ્તારમાંથી બે વખત આવેલ હતા. એમના જવાથી ગુજરાતનું જાહેર જીવન આજે રાંક બન્યું છે. બનાસકાંઠા જિલ્લામાં અને ખાસ કરીને ડિસામાં એમણે જે વિકાસ કર્યો છે તેને ત્યાંની પ્રજા ભૂલી શકે એમ નથી. એમના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને એમના જવાથી એમના પરિવારજનો ઉપર જે આપત્તિ આવી પડેલ છે તે સહન કરવાની પ્રભુ શક્તિ આપે એવી પ્રાર્થના.

**શ્રી ચંદુભાઈ ડાભી (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે એમાં મારો સૂર પૂરાવું છું અને મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી ચીમનભાઈ મહેતા, પૂર્વ સભ્યશ્રી વિનોદચંદ્ર પટેલ, પૂર્વ સભ્યશ્રી મનુભાઈ ત્રિવેદી અને સ્વર્ગસ્થશ્રી ધીરજલાલ જયસ્વાલનું અવસાન થયેલ છે. તેઓશ્રીએ આ વિધાનસભામાં અનેકવિધ સેવાઓ આપી છે. લોકોના પ્રશ્નોને સતત રજૂ કરતા રહ્યા છે તેમને મારી શ્રદ્ધાંજલિ આપું છું. ખાસ કરીને અમારા વડોદરા જિલ્લાના સ્વ.શ્રી ધીરજલાલ જયસ્વાલની સાથે મારે એમના જીવનના અંતિમ દિવસ સુધી નાતો રહ્યો હતો. વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના પીંપળીયા ગામે જન્મેલા અને અનેક સેવાઓ સાથે સંકળાયેલા હતા. બહુમુખી પ્રતિભા ધરાવતા એવા સામાજિક, ધાર્મિક, રાજકીય અને શૈક્ષણિક એમ અનેક સેવાઓ આપી ચૂકેલા છે. ૧૯૬૭માં અપક્ષ તરીકે વડોદરા કોરપોરેશનમાં ચૂંટાઈ આવ્યા હતા અને વાઘોડિયા વિસ્તારમાં ૧૯૭૨ અને ૧૯૭૩માં જયસ્વાલ સમાજના ખૂબ ઓછા મતો હોવા છતાં જંગી બહુમતિથી ચૂંટાઈ આવ્યા હતા. તેઓશ્રી સામાજિક પ્રવૃત્તિના કારણે જંગી બહુમતિથી ચૂંટાતા હતા અને ચૂંટાયા બાદ વાઘોડિયા મત વિસ્તારના અત્યાર સુધીના ધારાસભ્યો છે એમાંથી સૌથી વધારે લોકોના પ્રશ્નો એમણે રજૂ કર્યા હતા. દરેક કોમ અને વર્ગના લોકોના પ્રશ્નો રજૂ કરવા માટે તેઓશ્રી સદા તત્પર રહેતા હતા. તેમની કેળવણી પ્રત્યેની એટલી જ ઉત્કંઠા હતી. સંસ્કાર કેળવણી ટ્રસ્ટ બનાવી અને વડોદરામાં સ્કૂલ ચાલુ કરી હતી અને અંતિમ દિવસ સુધી એમાં આર્ટસ, કોમર્સ, સાયન્સ, પી.ટી.સી., બી.એ. જેવા કોર્સ ચલાવતા હતા. તેમણે કન્યા કેળવણીને પણ મહત્ત્વ આપ્યું હતું. ૨૦૦૧માં ૯૭ સમૂહલગ્નો કરાવ્યા હતા અને દેશના સમગ્ર જયસ્વાલ સમાજના તેઓશ્રી અધ્યક્ષ તરીકે પણ હતા. તેમના પુત્ર પ્રદિપભાઈ જયસ્વાલ અમારી સાથે ચૂંટાયા હતા ત્યારે અમે નવા નવા ધારાસભ્ય હતા અને તેમની સાથે અમે જતા ત્યારે અમને માર્ગદર્શન પૂરું પાડતા હતા અને હંમેશા એ વિસ્તારના વિકાસ અને ઉત્કર્ષની ભાવનાવાળી વાત અમને સમજાવતા હતા. આવા આ જે સ્વર્ગસ્થ આત્માઓ છે એ અત્યારે આપણી વચ્ચે નથી. એમને હું મારી શ્રદ્ધાંજલિ અર્પું છું અને એમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફત છે તેને સહન કરવાની પ્રભુ શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું.

**અધ્યક્ષશ્રી** : માન્યવર મુખ્યમંત્રીશ્રી આ ગૃહના ચાર સ્વર્ગીય સભ્યશ્રીઓ ચીમનભાઈ મહેતા, વિનોદભાઈ પટેલ, મનુભાઈ ત્રિવેદી અને ધીરુભાઈ જયસ્વાલને શ્રદ્ધાંજલિ અર્પતા પ્રસ્તાવો લાવ્યા છે અને તેમને વિપક્ષના નેતા સહિતના સભ્યશ્રીઓએ અનુમોદના આપી છે એમાં મારો સૂર પૂરાવું છું.

સ્વ.શ્રી ચીમનભાઈ મહેતા ગુજરાતની અંદર બહુ થોડા લોકો માર્કસવાદી વિચારધારાને વરેલા હતા એ પૈકીના એક હતા. તેમના એ ચિંતનના કારણે એ તજજ્ઞ પણ હતા. પરંતુ એ વિચારધારાને જીવનની અંદર આચારમાં મૂકી અને કાર્યશૈલીમાં મૂકવામાં તેઓ હંમેશા સંકલ્પબદ્ધ હતા. શ્રી વિનોદભાઈ એક ખેડૂત આગેવાન તરીકે અને પ્રયોગશીલ આગેવાન ખેડૂત તરીકે ડીસામાં એમણે કાર્ય કર્યું. હું જ્યારે અધ્યક્ષ બન્યો ત્યારે ત્યાર પછી મેં એમને પત્ર લખ્યો હતો અને તેના કારણે એ વિધાનસભા ગૃહની અંદર પણ અનેક વખત, બે-ત્રણ વખત મળવા પણ આવ્યા હતા. સ્વ.શ્રી મનુભાઈ ત્રિવેદીએ ભિલોડા વિસ્તારની અંદર લોકસેવાનો એક મોટા યજ્ઞ મારફત કામ કરતા હતા અને કોઈનું પણ કામ હોય તો તેના માટે દોડી જતા હતા. આ ત્રણેય સભ્યોની સાથે મેં આ સભાગૃહની અંદર કાર્ય કર્યુ હતું પણ શ્રી ધીરજલાલ જયસ્વાલએ મારી આગળની વિધાનસભાના સભ્ય હતા. વડોદરા શહેર અને જિલ્લાની અંદર જે કાર્ય કર્યુ છે તેનો હું સાક્ષી છું. એકજ વાક્યમાં કહીએ તો આ ચારેય પ્રતિનિધિઓ ગુજરાતના લોકસેવક તરીકે સક્રિય પ્રતિનિધિ હતા. ગુજરાતના જાહેર જીવનની અંદર પ્રજાના ધબકાર તરીકે અને લોકશાહીના ધબકાર તરીકે કાર્ય કરતા હતા.

આપણે સૌ પોતાના સ્થાન ઉપર ઊભા થઈને સદ્‌ગતોને અંજલિ આપીએ.

**( બે મિનિટ મૌન બાદ)**

સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્તાન લે. સભાગૃહની આ લાગણી સદ્ગતોના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

સામાન્ય રીતે શ્રધ્ધાંજલિ વખતે જેને બોલવું હોય તેને હું કોઈને રોકતો નથી. શ્રધ્ધાંજલિ આપતી વખતે આપણે જે ભાષાનો પ્રયોગ કરીએ છીએ એની અંદર હ્રદયની ભાવના હોય છે. શ્રી ખુમાનસિંહભાઈ આપે શ્રધ્ધાંજલિ આપતા જે શબ્દ ***(xxxx)** શ્રધ્ધાંજલિ શબ્દ વાપર્યો તે ખૂબજ દુ:ખદ છે અને આવો શબ્દ નહિ બોલવો જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (બેઠાં બેઠાં)** : એમનો ઈરાદો એવો નહિ હોય. આપ રૂબરૂ બોલાવીને કહી દો.

**અધ્યક્ષશ્રી** : આપ એમને કહી દેતા હોય તો સારું. આ શબ્દ ના સહન થયો એટલા માટે કહું છું અને મને લાગે છે એની અસર થશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ અનુમતિ મળેલ વિધેયક

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ અનુમતિ મળેલ વિધેયક**

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, બારમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૫ વિધાનસભાના મેજ ઉપર મૂકું છું.

**અનુમતિ મળેલ વિધેયક વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલની રજૂઆત**

કામકાજ સલાહકાર સમિતિનો દસમો અહેવાલ

**અધ્યક્ષશ્રી** : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો દસમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૦ ના રોજ સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળી હતી. સમિતિ નીચે મુજબની ભલામણો કરે છે.

૧. બુધવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૦ ના રોજ દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ સરકારી વિધેયકો પૈકી સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧ સન ૨૦૧૦નું ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક અને સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૨ સન ૨૦૧૦નું સેન્ટર ફો એન્વાયર્નમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી (સુધારા) વિધેયકને ક્રમાનુસાર વિધારણા માટે હાથ ધરવાં. સન ૨૦૧૦ ના વિધેયક ક્રમાંક-૧ ની વિચારણા પુરી કરવી અને સન ૨૦૧૦ ના વિધેયક ક્રમાંક-૨ ની વિચારણા પુરી ન થાય તો તેને તા.૨૬-૨-૨૦૧૦ ના રોજ વિચારણા માટે હાથ ધરવું.

(૨) શુક્રવાર તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૨ની વિચારણા બાકી હોય તો તે પુરી કરવી અને સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૩ સન ૨૦૧૦ના ગુજરાત શૈક્ષણિક (સુધારા) વિધેયક અને સન-૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૧૦નું ધી ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન, ગુજરાત વિધેયક વિચારણા માટે હાથ ધરવા, સન-૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૩ની વિચારણા પુરી કરવી અને સન-૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૪ની વિચારણા બાકી રહે તો મંગળવાર, તા. ૨જી માર્ચ, ૨૦૧૦ના રોજ વિચારણા માટે હાથ ધરવું.

(૩) મંગળવાર તા. ૨જી માર્ચ, ૨૦૧૦ના રોજ સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૪ની વિચારણા બાકી હોય તો તે પુરી કરવી અને સન ૨૦૧૦ના ક્રમાંક-૫ અને સન-૨૦૧૦નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક વિચારણા માટે હાથ ધરીને વિચારણા પુરી કરવી.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

# સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના દશમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

# સરકારી વિધેયકો

## સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી(સુધારા)વિધેયક,૨૦૧૦

### ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, * રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૧- સન ૨૦૧૦ના ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી(સુધારા) વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૧૦ના ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ( સુધારા ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી એકટ -૨૦૦૭ની કલમ -૧૧ની પેટા કલમ-૪ ની જોગવાઈ ૩ હેઠળ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની નિમણૂક માટે ૬૫ વર્ષની વયમર્યાદા ઠરાવવામાં આવેલ, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના નિયમિત વાઈસ ચાન્સેલરની નિમણૂક વધારવાની બાબત રાજય સરકારની વિચારતા હેઠળ છે. ટૅક્નૉલૉજી ક્ષેત્રે, શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની હાલમાં દેશમાં ખૂબ જ અછત પ્રર્વતે છે. વાઈસ ચાન્સેલરની જગ્યા માટે લઘુત્તમ વય મર્યાદા ૬૫થી વધારીને ૭૦ વર્ષની કરવામાં આવે તો પસંદગી સમિતિને તેમજ રાજય સરકારને શ્રેષ્ઠકક્ષાના ઉમેદવારોમાંથી પસંદગી કરવાની વિસ્તૃત્તા મળે એવું રાજય સરકારનું માનવું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટીમાં શ્રેષ્ઠ વાઈસ ચાન્સેલરની નિમણૂક માટેની તકો ઉભી થાય એ માટે ૨૦૦૭ના એકટમાં જે જોગવાઈ કરવામાં આવી છે તે પ્રમાણે વાઈસ ચાન્સેલરની જગ્યા માટેની વય મર્યાદા ૬૫થી વધારીને ૭૦ કરવાની અત્યંત આવશ્યક જરૂરિયાત છે અને આ વિધેયકને તમામ સભ્યશ્રીઓ સંમતિ આપે એવી વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં જે સુધારો લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે કે, જે નવી ટેકનોલોજી આવી..એ નવી ટેકનોલોજીએ માણસના જીવનને તંદુરસ્ત બનાવ્યું છે અને માણસનું આયુષ્ય પણ વધાર્યું છે. પહેલા એક કલ્પના એવી હતી કે ૫૫ વર્ષે કોઈપણ વ્યકિત છે એ જીવનમાંથી, સેવામાંથી નિવૃત્ત થવાને પાત્ર બને. એમાં ઉંમર વધારવામાં આવી. ૫૫ વર્ષની પરિકલ્પના થઈ પછી ૬૫ વર્ષ થયા અને શૈક્ષણિક જગતની અંદર હવે કુલપતિની ઉંમર છે એ ૭૦ વર્ષ સુધીના કુલપતિઓ આપણે જોઈ શકીશું એવા પ્રકારનો આ સુધારો છે. ઉંમરની બાબતમાં જે આયુષ્ય વધ્યું છે જે પ્રકારે તંદુરસ્તી વધી છે એમાં એ બરાબર છે કે ૭૦ વર્ષ સુધીના શિક્ષકો છે એમને આપણે બહુ સારી રીતે કામ કરતા જોઈએ છીએ. સૌથી સારો દાખલો લેવો હોય તો ડો. અબ્દુલ કલામનો લઈ શકીએં. તેઓ આપણે પણ આટલી ઉંમરે બહુ શ્રેષ્ઠ રીતે કામ કરે છે. અનેક એવા શિક્ષકો છે જે શ્રેષ્ઠ કામ કરે છે આમર્ત્ય સેન જેવા ઈકોનોમીસ્ટ છે એ જોઈએ કે બીજા જોઈએ તો આપણા સમાજ જીવનમાં એમની દાખલારૂપ ભૂમિકા છે એમાં પહેલા ૬૨ વર્ષનો બાદ હતો, પછી ૬૫ વર્ષનો બાદ હતો એ બાદ હવે આગળ વટાવીને ૭૦ વર્ષનો બાદ આવ્યો એમાં શંકાને કોઈ સ્થાન ન હોવું જોઈએ. એ આવકારદાયક બાબત છે પણ ૭૦ વર્ષ થાય એટલે એનું બુદ્ધિચાતુર્ય અથવા તો એનું કમિટમેન્ટ વધે છે એવું નથી હોતું. વનેચંદ છે એ વનેચંદ જ રહે. એ ૫૫ વર્ષનો હોય, ૬૦ વર્ષનો હોય કે પછી એનાથી આગળ હોય. વનેચંદની ખબર ન હોય તો રમણભાઈ, વજુભાઈ પાસેથી માહિતી લઈ લેજો આપ.

**અધ્યક્ષશ્રી :** વનેચંદની ભાઈબંધી તમારી જોડે છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમારે તો સાહેબ, વનેચંદો ખૂબ ભાઈબંધ છે એટલે અમને ખબર છે પણ વનેચંદો શિક્ષણમાં ન આવી જાય. ભાઈબંધી જરૂર રાખવાની. આપણે ત્યાં તકલીફ એ છે કે વનેચંદો વાઈસ ચાન્સેલર બને છે. હું જયારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સેનેટ સિન્ડીકેટ મેમ્બર હતો ત્યારે સ્વ. પ્રબોધ રાવળ છે એ શિક્ષણ મંત્રી હતા અને એક પ્રોવાઈસ ચાન્સેલર માટે અમે આગ્રહ લઈને એમને મળવા ગયા હતા ત્યારે મને એમણે એક વાત બહુ સારી કરી કે તમારો આગ્રહ ભલે રહયો પણ તમને ખ્યાલ નથી કે આ વાઈસ ચાન્સેલરની નિમણૂક કરવાની છે, પ્રોવાઈસ ચાન્સેલરની નિમણૂક કરવાની છે. કલેકટર કે ડી.એસ.પી.માં કોમ્પ્રોમાઈઝ થઈ શકે અને હું હકકથી કહી શકું છે આમને મુકવાના છે કે આમને મુકવાના છે અને હું કલેકટર કે ડી.એસ.પી.નો હેડ છું પણ કુલપતિની નિમણૂક અમે ભલે કરતા હોઈએ પણ કુલપતિ છે એ સમાજના ગુરુ છે. કુલપતિ છે એ શિક્ષણ મંત્રી

---

* વિધેયક તા.૨૭મી જાન્યુઆરી, ૨૦૧૦ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કરતા પણ ઊંચા છે એટલે શિક્ષણ મંત્રી પાસે વાઈસ ચાન્સેલરોથી ઉપર જવાની વાત અમારી પાસે નહીં લઈ આવતા. હું એ બાબત સ્વીકારીશ નહીં. આ પ્રકારનું સ્થાન અત્યાર સુધી આપણે ત્યાં રહયું છે અને એટલા માટે પરંપરા આપણે ત્યાં એવી હતી. પહેલા ઋષિઓ છે એ આપણા કુલપતિઓ હતા અને ઋષિઓને મળવા માટે રાજાઓ ત્યાં જતા હતા આપણી કમનસીબી એ થઈ ગુણવત્તાની અંદર ઘટાડો થતો થતો એવો આવ્યો કે આજે આ રાજયની સૌથી મોટી યુનિવર્સિટી એના કુલપતિ રાજયના મુખ્યમંત્રીશ્રીને પગે લાગે છે ખરેખર તો મુખ્યમંત્રીશ્રીએ એમને પગે લાગવું જોઈએ. આ પરિસ્થિતિ નિર્માણ થઈ છે. વનેચંદો છે એ શિક્ષણમાં ન હોવા જોઈએ. મિત્રતા છે, અમારે પણ છે વનેચંદોની સાથે. (અંતરાય) જેઠાભાઈ, આ શિક્ષણની વાત ચાલે છે.

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર...ઓર્ડર... એમનું પ્રવચન પૂરું થાય છે. તમને જવાબ આપવાની તક મળશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અને આમાં એવું છે કે જ્યાં તમે શોભવા જોઈએ...

**અધ્યક્ષશ્રી** : શ્રીઅર્જુનભાઈને દખલ ન પહોંચાડો. એમને વાત પૂરી કરવા દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમે અને હું જે જગ્યાએ હોવા જોઈએ એ ઘેંટા ઊન વિકાસ નિગમમાં આઈ.પી.એસ. ને મૂકીએ છીએ. આ સરકાર એવી છે, એટલા માટે હું ચિંતા કરું છું. તમે અને હું હોવા જોઈએ ત્યાં. (અંતરાય) તેઓ લાયક નથી. હું અને તમે ત્યાં લાયક છીએ.

**અધ્યક્ષશ્રી** : શ્રી જેઠાભાઈ, એક સભ્ય બોલી રહ્યા હોય ત્યારે મહેરબાની કરીને દખલ ન પહોંચાડો. અને અર્જુનભાઈ તમે ત્યાંથી આવતી કોમેન્ટ ઉપર આપ શા માટે ધ્યાન રાખો છો?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ મને ડિસ્ટર્બ કરે છે અને પાછા જેઠાલાલ મારા મિત્ર છે.

**અધ્યક્ષશ્રી** : તમારી ગાડી આજે તો પાટા ઉપરથી ન જ ઊતરવી જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વજુભાઈની જેમ શાંતિથી બેસતા હોત તો વાંધો નહોતો.

**અધ્યક્ષશ્રી** : આજે આ ગૃહની અંદર કોઈની ગાડી પાટા ઉપરથી ન ઊતરવી જોઈએ એ મારે ધ્યાન રાખવું જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હા, આપે ધ્યાન રાખવું જોઈએ. (અંતરાય) આપનો આભારી છું. તમારા વિભાગ માટે હું અને જેઠાભાઈ લાયક છીએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ એમની વાતને પૂરી થવા દો. અંદરોઅંદર ક્રોસ ટોક ન થાય એટલા માટે વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપણે જે વિષયમાં ખબર પડતી હોય એમાં વધારે બોલીએ તો વાંધો નહિ. હું એ વાત કરતો હતો કે ટૅક્નૉલૉજી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર છે. આપણી કલ્પના જ્યારે ટૅક્નૉલૉજી યુનિવર્સિટી બનાવી, ત્યારે એવી હતી કે, કારણ કે અત્યાર સુધી એન્જિનિયરિંગ કૉલેજો આપણે ત્યાં હતી જ અને સારી રીતે ચાલતી હતી, પણ ટૅક્નૉલૉજીકલ યુનિવર્સિટી બનાવી ત્યારે એના ઓબ્જેકિટવસ એવા હતા જે દેશનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ટેલેન્ટ છે તે એના માટે લઈ આવો અને વ્યવસ્થા એવી કરવાની કે આપણી ટૅક્નૉલૉજી યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટ છે, એ આઈ.આઈ.ટી. કે એના જેવી ઇન્સ્ટિટ્યૂટ છે, એની સાથે ઊભો રહી શકે એવા મજબૂત વિદ્યાર્થીઓ બનાવવાની આપણી કલ્પના હતી, એનાથી આગળ જઈને ટૅક્નૉલૉજીકલ યુનિવર્સિટીમાં રિસર્ચ થાય, કારણ કે અત્યારે ટૅક્નૉલૉજી અને સાયન્સમાં આપણી સંસ્થામાં રિસર્ચનો મોટા ભાગે અભાવ છે. પાંચ-છ વર્ષમાં કશું થયું નહિ. આટલો વખત થઈ ગયો. એના વાઇસ ચાન્સેલર કાયમી નિમણૂક કરવાની છે એ પણ આપણે કરી શક્યા નહિ અને એના કારણે જે એનું સ્તર ઊંચું લઈ આવવાનું હતું એ સ્તર ઊંચે લાવી શક્યા નહિ, એટલું જ નહિ ૫૦ ટકા પ્રિન્સિપાલની જગ્યા ખાલી. ૫૦ ટકા સ્ટાફ મેમ્બરની ખાલી. આખી પેઢી છે. ટૅક્નૉલૉજી યુનિવર્સિટીની પેઢી અમારી પાછળની અમારા નાના જે ભાઈ બહેનો ભણે છે. તો એને શિક્ષકોના વાંકે ભણતર વિનાના રહે એ સ્થિતિ ઊભી કરી છે. હું સ્કોપની બહાર જવા નથી માગતો. આની ચિંતા કરી, જે પત્રમાં આનો ઉલ્લેખ થયો છે. ૩૧ મી ડિસેમ્બર ૨૦૦૮ નો પત્ર. એ પત્રમાં ઉલ્લેખ થયો છે કે ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય ઉચ્ચ શિક્ષણ વિભાગે તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૦૮ માં પોતાના પત્ર પ્રમાણે કુલપતિની નિવૃત્તિ વય ૬૫ થી ૭૦ વર્ષ સુધી કરવાનું સૂચવેલ છે. આ પત્રનો ઉલ્લેખ છે. એ પત્રમાં માત્ર એનો સ્કોપ છે એ આ ૬૫ થી ૭૦ કરવાનો નહોતો. માત્ર ૪ લીટીમાં બતાવેલ છે કે એ પત્રની અંદર કુલ હું માનું છું ત્યાં સુધી ૧૬ પેઈજનો પત્ર છે અને ૧૬ પેઈજના પત્રની અંદર વાઇસ ચાન્સેલરથી શરૂ કરી અને છેક લેકચરર સુધી એના વર્કના સ્કોપ શું હોવા જોઈએ, એણે શું કામગીરી કરવી જોઈએ, એનો પે સ્કેલ શું હોવો જોઈએ, એનો ગ્રેડ શું હોવો જોઈએ, સિલેકશન પ્રોસેસ શું હોવી જોઈએ. આ બધો જે ઉલ્લેખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે ટેકનોલોજીકલ યુનિવર્સિટીનું એમેન્ડમેન્ટ બીલ લઈને આવ્યા છે તેની સાથે સાથે જે ઉચ્ચ શિક્ષણની ચિંતા કરી છે અને કેન્દ્ર સરકારે ૨૦૦૮માં જે પત્ર લખ્યો છે તેનું અમલીકરણ કર્યુ હોત તો હું માનું છું કે શિક્ષણ જગતની ખૂબ મોટી સેવા થઈ શકી હોત. પણ તે ન લાવ્યા. આ જે ઓરીજીનલ સરકયુલર હતો તેમાં એકેડેમીક ગ્રેડ પે આપવાની જોગવાઈ છે અને વાઈસ ચાન્સેલર માટેના પગારો પણ નક્કી થયા છે. જેથી ટેલેન્ટેડ લોકો આવે. આપણે ટેલેન્ટેડ લોકોને લઈ આવવા હોય તો ૭૦ વર્ષની ઉંમરની સાથે સાથે પે પણ તેવો રાખવો જોઈએ, તેનો પગાર એવો રાખવો જોઈએ. આપણા લોકો બહાર જાય છે, ત્યાં જોયું

છે, અહીંથી બહાર જતા હોય વાઈસ ચાન્સેલરનો એક મહિનાનો પગાર ૭૫ થી ૮૦ હજાર અને એકેડેમીક ગ્રેડ પે જુદો. આટલો પગાર તો એક દિવસનો ટેલેન્ટેડ લોકોને બહાર આપવામાં આવે છે. આપણી ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં તે કક્ષાના લોકો આવવા જોઈએ. એટલા માટે જ હમણાં ભારત સરકારના માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ જાહેરાત કરી કે વાઈસ ચાન્સેલર માટેની એક સર્ચ કમિટિ છે તે કમિટીએ તેની પૅનલ, તેનું રિસોર્સ સૅન્ટર બનાવી તેમાં નક્કી કરેલ રાખવા જોઈએ કે તમે આટલા લોકોમાંથી વાઈસ ચાન્સેલર તરીકે લઈ શકો છો. આપણે રાજકીય ગમા અણગમા જરૂર રાખીએ પણ તે આપણા યુવાન, યુવતીઓ, દીકરા, દીકરીઓના શિક્ષણના ભોગે નહીં. તે સુધારો લઈ આવ્યા હોત તો આનંદ થાત. તેની સાથે સાથે વાઈસ ચાન્સેલરો અને શિક્ષકોના પગારની ચિંતા કરી છે. અત્યારે જે લેક્ચરર તરીકે નિમણૂક થાય કૉલેજમાં તો તે નિવૃત્ત થાય ત્યાં સુધી લેક્ચરર રહે. આ સરકયુલરમાં જોગવાઈ એવી કરી છે કે, ટોટલ સ્ટ્રેન્થના દસ ટકા છે તેમાંથી અન્ડર ગ્રૅજ્યુએટ લેવલે પ્રોફેસર નીમવા. એને પ્રોફૅસરનો સ્કેલ આપવો તે ઉપરાંત એકેડેમીક ગ્રેડ પે પણ આપવો. આ પણ આની સાથે લાવી શક્યા હોત. તે ઉપરાંત ચિંતા કરી છે તેની સિલેક્શન પ્રોસેસની પણ ચિંતા કરેલી છે. આસિસ્ટન્ટ પ્રોફૅસરો કેટલા હોવા જોઈએ તેની ચિંતા આમાં કરેલી છે. તે સિલેક્શન પ્રોસેસ થયા પછી તેને રિસર્ચ કરે, પી.એચ.ડી. કરે અથવા તો વધારાનું ફર્ધર રિસર્ચ કરે તો તેના માટેની ચિંતા પણ કરેલી છે. મેં કહ્યું તેમ માત્રને માત્ર આમાંથી ખાલી કે પેરેગ્રાફ ૬૫ થી ૭૦ વર્ષની ઉંમર કરી તેનાથી શિક્ષણ જે ટૅક્નૉલૉજી યુનિવર્સિટીનું સ્તર ઉંચું લઈ જવું છે તે સ્તર ઉંચુ લઈ જઈ શકાશે નહીં. ટેલેન્ટેડ લોકો શું કરી શકે તેનો દાખલો બહાર લેવા જવાની જરૂર નથી. આપણે ત્યાં તેના દાખલા છે. નિરમા યુનિવર્સિટી બની. આજે ભારતની ઉત્તમ યુનિવર્સિટીઓમાં નામ છે. કારણકે તેના જે પાયોનિયર કહી શકાય તેવા વાઈસ ચાન્સેલર તેમને મળ્યા. પ્રો.એન.વી.વસાણી અને મને ગૌરવ છે કે મારા પણ ગુરુ હતા. તે સિવાય મહેસાણાની અંદર આપણે અનિલભાઈની યુનિવર્સિટી છે ગણપણ યુનિવર્સિટી તે પણ શ્રેષ્ઠ બની છે. કારણ કે એના પાયામાં પણ શ્રેષ્ઠ વાઈસ ચાઈન્સેલર, શ્રેષ્ઠ શિક્ષકો એ લોકો પાયામાં આવ્યા, નડિયાદની ઈન્સ્ટીટ્યુટ હોય, વલ્લભ વિદ્યાનગરની ઈન્સ્ટીટ્યુટ હોય કે બીજી હોય, જે નવી ઈન્સ્ટીટ્યુટ આવી એ એટલા માટે આવી કે એના પાયામાં ટેલેન્ટેડ લોકો હતા, આ ટેલેન્ટેડ લોકોનો ઉપયોગ આમાં થવો જોઈતો હતો એ થયો નહીં અને એટલા માટે જે પાયાનું કામ હજી છે અને એમ કહેવામાં આવ્યું કે આ ૨૦૦૮નો જે સરક્યુલર હતો એમાં લખ્યું છે એટલા માટે અમે લઈ આવ્યા, સુધારો કરી આવ્યા, એ તો બરોબર છે પણ એની સાથેસાથે વાઈસ ચાન્સેલરની કઈ કક્ષા હોવી જોઈએ, કયા લેવલના વાઈસ ચાન્સેલર હોવા જોઈએ, એનો પે આટલો જ હોવો જોઈએ, એ કોને આન્સરેબલ હોવા જોઈએ, એની tenure શું હોવી જોઈએ, રિઝલ્ટ સારું લઈ આવે તો એના માટે શું શું incentives હોવા જોઈએ, આ બધું આની અંદર આવવું જોઈતું હતું. એમાંનું કશું નથી આવ્યું, માત્ર ૬૫ થી ૭૦ વર્ષની ઉંમર લઈ આવી મૂકી લઈ સુધારો કરી અને અમે આ સરકારે આ સરક્યુલરનો અમલ કર્યો છે એવો સંતોષ લેશે તો જરૂરથી યુજીસીની ગાઈડલાસન્સ છે બધી, ભારત સરકારની ગાઈડલાઈન્સ છે એના compliance થયું છે એવો સંતોષ લઈ શકીશું પરંતુ એનાથી આપણા બાળકોને વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર કરવા છે એ વૈશ્વિક સ્પર્ધા માટે આપણે તૈયાર નહીં કરી શકીશું. આ સરક્યુલરમાં જોગવાઈ છે કે academic pay તો આપવાનો, પણ એ ઉપરાંત રિસર્ચ જે લોકો કરતા હોય એ રિસર્ચ માટેના ઈન્સેન્ટીવ પણ વારંવાર બધી જગ્યાએ, દરેક તબક્કે લેકચરર લેવલે, આસિસ્ટંટ પ્રોફેસર લેવલે, પ્રોફેસર લેવલે હોવા જોઈએ, આની અંદર વાઈસ ચાન્સેલર માટે પણ કંઈક એવું ધોરણ આપણે અપનાવ્યું હોત તો કે pay is not limit એના ક્વોલિફિકેશન સાથે જોડાયેલો પે આપીશું, પણ એણે આટલા-આટલા રિસર્ચ પેપર્સ કરેલા હોવા જોઈએ એને અમે નિમણૂક આપીશું. આપણી પાસે ક્યાં ઝાઝી યુનિવર્સિટીઓ છે? ટેકનોલોજીકલ યુનિવર્સિટી તો આપણી પાસે એક જ છે અને આપણે જો એને ઉત્તમ યુનિવર્સિટી બનાવવી હશે તો એને આ પ્રકારના વાઈસ ચાન્સેલર જોઈશે અને હું ઈચ્છું કે ભલે આ વખતે રહી ગયું હોય, પણ આવતે વખતે આ સરક્યુલરને આધારે એક comprehensive bill આવે અને comprehensive billની અંદર યુનિવર્સિટીની જે વ્યાખ્યા હતી સાચા અર્થમાં કે જયાં અધ્યયન થતું હોય એટલું જ નહીં, પણ એમાં રિસર્ચ પણ થતું રહેવું જોઈએ. એ વિદ્યાર્થીઓ મારફત થતું રહેવું જોઈએ, શિક્ષકો મારફત થતું રહેવું જોઈએ અને ઈન્ડસ્ટ્રીઝ અને સોસાયટી સાથેનો એનો સંપર્ક પણ થતો રહેવો જોઈએ. આ પ્રકારનું એક મોડેલ વ્યવસ્થા રજૂ કરતું મૂળ આપણું જે ટેકનોલોજી યુનિવર્સિટીનું બિલ છે એને સપોર્ટ કરતું અને ભારત સરકારના જે સરક્યુલર છે એને સપોર્ટ કરતું બિલ લઈ આવે એવી વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણભાઈ વોરા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૧૦ લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો વિધેયક ખૂબ જ નાનું દેખાય છે, પરંતુ તેના ઉદ્દેશો, તેના ઉપયોગો ખૂબ જ વિરાટ છે અને આ વિધેયક ખૂબ જ અસરકર્તા સાબિત થવાનું છે, કારણ કે એકવીસમી સદીના શિક્ષણમાં માહિતી અને જ્ઞાનનું જયારે સંશોધનનું શિક્ષણ હોય ત્યારે ખરેખર ટેકનિકલ પધ્ધતિનો જેટલો ઉપયોગ થાય એટલો રાજયનો વિકાસ વધુ થઈ શકે, એના માટે આ વિધેયક ખૂબ જ આવકારદાયક વિધેયક બનવાનું છે, આ વિધેયકનો હાર્દ આપણે જોઈએ તો એવું દેખાય છે કે આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીની જે ક્રાન્ત દ્રષ્ટિ છે એ આ વિધેયકમાં

અને વ્યવહારમાં દેખાય છે. જ્યારે ગુજરાત ઉદ્યોગની અંદર દેશનું ગ્રોથ એન્જિન બનવાનું હોય ત્યારે મારું માનવું છે કે આ વિધેયક દેશ માટે ખૂબ જ શ્રેષ્ઠ સાબિત થશે. હમણાં જ આ ગૃહના સન્માનીય સભ્ય અને ભૂતપૂર્વ વિરોધ પક્ષના નેતા વાત કરી રહ્યા હતા એ વાત મેં સાંભળી. ખૂબ જ એમણે ટીકા કરી કે આ વાઈસ ચાન્સેલરની જગ્યામાં વનેચંદો ના ઘૂસે એની ચિંતા કરી. મને ખ્યાલ છે કે હમણાથી વારંવાર અર્જુનભાઈને વનેચંદો બહુ યાદ આવે છે કારણ કે, એમની હાલત એમના જેવી થઈ છે અત્યારે. મારે એમને એટલું કહેવું છે કે, આ વાઈસ ચાન્સેલરની નિમણૂક જે કરવાની છે એ શિક્ષણ મંત્રીની ચેમ્બરમાં કરવાની નથી. આના માટે રાજય સરકારે સર્ચ કમિટી બનાવી છે અને આ સર્ચ કમિટીની અંદર ટેકનિકલ ક્ષેત્રના તજજ્ઞોની નિમણૂક થઈ છે આની અંદર અને આ હોદા ઉપર જે વ્યકિત હોય એને વનેચંદ સાથે સરખાવી શકાય નહીં આ વાઈસ ચાન્સેલર છે એ સન્માનિત વ્યકિત હોય છે આવી ટીકા એમણે નહીં કરવી જોઈએ. મારે વધુ એમાં નહીં પડતા પરંતુ જ્યારે રાજયના ભારત સરકારનું માનવ સંશાધન મંત્રાલય આ બાબત નક્કી કરતી હોય અને એમના સૂચન મુજબ નિવૃત્તિવય ૬૫ વર્ષથી ૭૦ વર્ષની કરવાની વાત હોય અને એ આપણે આવકારી છે અને એટલા માટે આવકારી છે કે, આ વાઈસ ચાન્સેલરની અંદર અત્યાર સુધીમાં જે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા, ડિગ્રી ધરાવતા કાર્યદક્ષ માણસો નહોતા મળતા અને જે મુશ્કેલી પડતી હતી આ મુશ્કેલી ટાળવા માટે આ વિધેયક લાવવાની જરૂર ઉભી થઈ છે અને સમગ્ર દેશમાં અને રાજ્યમાં ઉદ્યોગમાં આપણું સ્થાન પ્રથમ છે ત્યારે ટેકનિકલ ક્ષેત્રની અંદર જરૂરિયાતવાળા ઉચ્ચ લાયકાતવાળા જ્યારે ઉમેદવારો મળી રહે એના માટે આ વિધેયક લાવ્યા છે એ ખૂબ જ ઉપયોગી થશે. માનનીય અધ્યક્ષશ્રી, આ આપણા રાજ્યમાં ૧,૩૧,૬૪૫ જેટલા વિદ્યાર્થીઓ ટેકનિકલ શિક્ષણમાં નોંધાયા છે અને આજે રોકેટ ગતિએ સંસ્થાનો અને વિદ્યાર્થીઓનો વિકાસ આજે થઈ રહ્યો છે અને સંસ્થાઓ પણ જ્યારે વધી રહી છે ત્યારે આજે મારે છેલ્લી એક વાત કરવી છે કે, આ રાજ્ય સરકારે ખરેખર સાચી દિશામાં લાંબા સમયથી મંથન કર્યું છે એટલે આપણે આ સરકારને આપણા શિક્ષણ વિભાગને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનું બેસ્ટ ઈ-કનેકટ ૨૦૦૯નો મંથન એવોર્ડ મળ્યો છે એના માટે હું માનનીય શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ યુનિવર્સિટી શું આપી શકે? અગાઉ પરીક્ષાનું રિઝલ્ટ હોય ત્યારે મહીનાઓ સુધી રિઝલ્ટ મળતા ન હતા અને એને કારણે આપણા રાજ્યના વિદ્યાર્થી ધનને નુકસાન થતું હતું ત્યારે આજે ૨૮ દિવસના ટુંકા ગાળાની અંદર આ ટેકનિકલ યુનિવર્સિટીએ ડિગ્રી, ડિપ્લોમા, ફાર્મસીની અંદર ૪૯ હજારથી પણ વધારે વિદ્યાર્થીનું પરિણામ જાહેર કર્યું છે. આજે આનો શ્રેય જો કોઈને જતો હોય તો યુનિવર્સિટીના વડાને જાય છે, તેના ઉચ્ચ ટેકનિકલ તજજ્ઞોને જાય છે. એના માટે આ ખરેખર જે વિધેયક છે એમાં મારુ એવું માનવું છે ઉચ્ચ ગુણવત્તાવાળી વ્યકિત મળી રહેશે એટલા માટે હું આ વિધેયકને આવકારું છું.

**શ્રી હીરાભાઈ હ. પટેલ (લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક ૨૦૧૦ લઈને આવ્યા છે તે અંગે મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વિધેયક જે રીતે રજૂ કરવામાં આવ્યું છે એમાં ઉપકુલપતિશ્રીની વય મર્યાદા ૬૫ થી વધારીને ૭૦ સુધીની કરવાની વાત છે એ ઉપરાંત પણ ઉપકુલપતિશ્રી માટેના જે લાયકાતના ધોરણો છે એ બધી બાબતોનો જે સમાવેશ કરવો જોઈતો હતો એ આની અંદર છે નહીં. હમણા એક વાત થઈ કે સર્ચ કમિટી નિમવામાં આવે છે. આપણે સૌ એ વાતથી પરીચિત છીએ કે દરેક યુનિવર્સિટીમાં ઉપકુલપતિની નિમણૂક કરવાની હોય છે ત્યારે સર્ચ કમિટી તો નિમવામાં આવતી જ હોય છે. અને જે નિમણૂંકો થાય છે એ નિમણૂંકો વિશેની પણ આપણને માહિતી છે, માનનીય અર્જુનભાઈએ જે ચિંતા વ્યક્ત કરી એ ઉચિત છે. યુનિવર્સિટીમાં ઉપકુલપતિ વિદ્વાન હોય એની સાથે સાથે શૈક્ષણિક વાતાવરણ ઉચ્ચ કક્ષાનું મળે એ માટે સ્વ.ઉમાશંકર જોષી જેવી વ્યક્તિઓ આવા ઉચ્ચ સ્થાને હોય કે જેઓ હરહંમેશ માત્ર શિક્ષણની જ ચિંતા કરે એ ધોરણો જળવાતા નથી અને એટલા માટે આ વિધેયકની બોડીની અંદર જે એની રચનાની વાત થઈ, એના ઉદ્દેશોની વાત થઈ અને ફંડની અને એ બધી વાત થઈ પણ એ સિવાય જે બાકીના ધોરણોની વાત થવી જોઈતી હતી એ નથી થઈ અને એ થવી અત્યંત આવશ્યક છે.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ઉપર ત્રણ જેટલા માનનીય સભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે, અર્જુનભાઈએ યુનિવર્સિટીની સારી વાત પણ કરી છે, એમની ચિંતા પણ છે અને પાણી પહેલાં પાળ બાંધવાનો પ્રયાસ પણ છે, એ વાત કરું એ પહેલાં હું એમના ધ્યાન પર એક વાત મૂકવા માગું છું કે, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા નિયુકત પ્રોફેસર એસ. પી. ત્યાગરાજન સમિતિએ પોતાના UGC regulation on minimum qualification for appointment of teachers and other academic staff in universities and colleges and maintenance for standard in higher education નામના પોતાના રિપોર્ટમાં નીચે મુજબના ધારાધોરણો કુલપતિ માટેના રહેશે એવું એમણે નક્કી કર્યું છે,

(૧) આ સમિતિ દ્વારા એવી વ્યકિત કુલપતિ તરીકે નિમણૂંક પામશે કે જેમણે ઓછામાં ઓછાં દસ વર્ષ યુનિવર્સિટી કક્ષાના પ્રોફેસર તરીકેની કામગીરી કરી હોય અથવા તેને સમકક્ષ દસ વર્ષનો અનુભવ સંશોધન ક્ષેત્રે અથવા શૈક્ષણિક, વહીવટી ક્ષેત્રની સંસ્થાનો અનુભવ ધરાવતા હોય,

(૨) તેઓ ઉત્કૃષ્ટ, શુદ્ધ ચારિત્ર્યવાળા અને શિક્ષણને સમર્પિત હોય.

(૩) તેમની મુદત વધારેમાં વધારે પાંચ વર્ષ રહેશે અને તેમની વયમર્યાદા મહત્તમ ૭૦ વર્ષ રહેશે. તેઓની પુન:નિયુક્તિ કરી શકાશે નહિ.

આ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા પ્રોફેસર એસ.પી. ત્યાગરાજન સમિતિએ આપેલો રિપોર્ટ છે. એ સાથે સાથે

યુ.જી.સી. ની એમણે જે વાત કરી છે એમાં, એ રિપોર્ટના બારમા પાના ઉપર યુ.જી.સી.એ એ વાત સ્વીકારી છે કે આ પ્રકારના તજજ્ઞોની દેશમાં અત્યારે અછત છે, આ પ્રકારના માણસો મળતા નથી અને એટલા માટે એમની ઉંમર ૬૫ થી વધારીને ૭૦ વર્ષ સુધી કરવી જોઈએ. એ પણ યુ.જી.સી.એ એના રિપોર્ટના બારમા પાના ઉપર આ વાત કરી છે.

મારે બીજી એક બે બાબત ઉપર પણ માનનીય અર્જુનભાઈનું ધ્યાન દોરવું છે કે આવા શ્રેષ્ઠ માણસોની જરૂરિયાત છે, એ શ્રેષ્ઠ માણસો નક્કી કોણ કરશે તો એના માટેનું ધોરણ નક્કી છે કે એના માટેની સર્ચ કમિટી બનશે, આ સર્ચ કમિટીના સભ્યો કોણ છે, યુ.જી.સી. દ્વારા નિયુક્ત સભ્ય, એ.આઈ.સી.ટી. દ્વારા નિયુકત સભ્ય, સરકારી સભ્ય, આ ચાર સભ્યોની બનેલી સમિતિ અને એ સમિતિના ચેરમેન તરીકે માનનીય રાજયપાલશ્રી તે સમિતિના સભ્યો પૈકી કોઈ એકની નિમણૂંક કરશે. એટલે ચાર નિષ્ણાતો પૈકી એક સભ્યની મહામહિમ રાજયપાલશ્રી ચેરમેન તરીકે નિમણૂંક કરશે, ઓનપેપર આ વાત નથી પણ એમની સાથે જે વાત થઈ છે એ પ્રમાણે પહેલી વખત જ્યારે વાઈસ ચાન્સેલરની નિમણૂંક કરી રહ્યા છીએ ત્યારે એમને પણ મુંઝવણ છે કે યોગ્ય લોકો મળતા નથી એ માટે આવો કોઈ સુધારો થાય એવી એમની પોતાની પણ લાગણી છે. અગાઉ મેં કહ્યું તે પ્રમાણે અછત હોવાના કારણે રાજય સરકારે આ નિર્ણય લેવો પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે એક વાત કરી કે કેન્દ્રીય મંત્રીશ્રીએ યુનિવર્સિટી માટે વી.સી. માટેની પૅનલ નક્કી કરવાનું નક્કી કર્યુ છે. ગુજરાતમાં કયા વાઈસ ચાન્સેલર મૂકવા તેની પૅનલ દિલ્હીથી નક્કી થશે. નક્કી કોણ કરશે? કેન્દ્ર સરકાર. કેન્દ્ર સરકાર જેની નિમણૂક કરે તે વાઈસ ચાન્સેલર બને. આ માત્ર કેન્દ્રીય કૃત વાઈસ ચાન્સેલરની ભરતી માટેની પ્રક્રિયા આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર જે કરવા જઈ રહી છે જેનો પહેલેથી પાણી પહેલાં પાળ બાંધવાનો ઉપાય માનનીય અર્જુનભાઈ કરી રહ્યાં છે. મુરબ્બી શ્રી હીરાભાઈએ એક વાત કરી કે આમાં ઉપકુલપતિની વ્યાખ્યા તો નથી આ માત્ર સુધારો છે તેના મૂળ પ્રાયરમાં ૨૦૦૫માં જે બિલ રજૂ થયું તે બિલની અંદર આ બધી હીરાભાઈ જોગવાઈઓ છેજ. આ માત્ર સુધારો હોવાના કારણે માત્ર ઉંમરને લાગતું હોવાના કારણે આમાં ૬૫ થી ૭૦ વર્ષની વય નક્કી કરવાનું માનનીય અધ્યક્ષશ્રી જરૂરી બન્યું છે. જ્યાં સુધી યુનિવર્સિટીને સબંધ છે ત્યાં સુધી લગભગ આ કક્ષાએ બધાજ આપણને તજજ્ઞો મળતાં હોય છે. આજે પણ તેના નિયમિત વાઈસ ચાન્સેલરની નિમણૂક નહીં થઈ હોવા છતાં પણ આ યુનિવર્સિટીને સાઉથ એશિયાનો એમ.બી.એ., એમ.સી.એ.ની ઓન લાઈન પદ્ધતિથી પરીક્ષા લેવાની અને તેનું પરિણામ સફળતાપૂર્વક આપવું અને તેના માટેનો સાઉથ એશિયાનો મંથન એવોર્ડ આ યુનિવર્સિટીને ઓલરેડી મળી ચૂક્યો છે. તેનો મતલબ એવો થયો કે યુનિવર્સિટીમાં આજે પણ જે તજજ્ઞો કામ કરી રહ્યાં છે તે પોતાની કુશળતાપૂર્વક કામ કરી રહ્યાં છે. નિમણૂક માટેની લાયકાતના જે ધોરણો છે મેં કહ્યું તે પ્રમાણે પ્રો.ત્યાગ રાજન સમિતિ અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને જે નક્કી કર્યુ છે તે પ્રમાણેના છે. એમને જ્યાં સુધી સ્કેલ આપવાનો સવાલ છે ત્યાં સુધી ભારત સરકારની ડિસેમ્બર-૨૦૦૮ની જે ભલામણો ભારત સરકારે નક્કી કરી છે તે જ પ્રમાણે પે સ્કેલ આ અધિકારીશ્રીઓને આપવામાં આવશે. એટલે માનનીય અધ્યક્ષશ્રી વિષય બિલકુલ સ્વયં સ્પષ્ટ છે રાજય સરકારની અપેક્ષા એવી છે કે આમાંથી સારા તજજ્ઞો મળે અને એ તજજ્ઞો માટે ઉંમરનો બાધ ના હોય એટલા માટે ૬૫-થી-૭૦ની વય મર્યાદા કરવાની હું જ્યારે આ વાત લઈને આવ્યો છું ત્યારે ફરીથી આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓ આ વાતને સમર્થન આપે એવી વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના-વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે , સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧ સન ૨૦૧૦નું ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના-વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે , સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧ સન ૨૦૧૦નું ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧ સન ૨૦૧૦નું ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

# સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક:૨
# સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી(સુધારા)વિધેયક,૨૦૧૦

**સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૫ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક:૨, સન ૨૦૧૦ના સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક:૨, સન ૨૦૧૦ના સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય સ્પર્ધાના યુગની અંદર આ અગાઉ રાજય સરકારે ૨૦૦૫માં કાયદો પસાર કરીને અમદાવાદ ખાતે સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટીની રચના કરવામાં આવેલી હતી. આ યુનિવર્સિટીનું અગાઉ કહ્યું તે પ્રમાણે દેશ અને દુનિયાભરમાં જયારે મોટું નામ છે, ત્યારે એની વહીવટી સરળતા ખાતર એના સંચાલનમાં મુશ્કેલીઓ ઉભી ન થાય તે માટે યુનિવર્સિટીએ રાજય સરકારને દરખાસ્ત કરેલી છે. અને આ યુનિવર્સિટીનું નામ 'સેપ્ટ' નામ અત્યંત પ્રચલિત હોવાને કારણે યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ 'સેપ્ટ' નામને બ્રાન્ડ નેઈમ તરીકે ખ્યાતિ મળેલ છે. આ યુનિવર્સિટીના નામમાં સૂચવેલ સુધારાથી સ્ટેશનરી અને સર્ટિફિકેટ વગેરેમાં પણ સરળતા રહે તેમ હોવાથી 'સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી' એવા લાંબા નામને બદલે લોકભોગ્ય તથા પ્રચલિત એવું નામ 'સેપ્ટ યુનિવર્સિટી' રાખવાની આ અધિનિયમ સંબંધિત કલમોમાં જરૂરી સુધારો કરવામાં આવ્યો છે.

સાથે સાથે માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીની અસ્કયામતો પરની સિકયોરિટી પર લોન ઉભી કરતા પૂર્વે યુનિવર્સિટીએ રાજય સરકારની પૂર્વ મંજૂરી લેવી પડે છે એવી એકટમાં જોગવાઈ છે. પરંતુ તેનાથી સરકારની કોઈ જવાબદારી ઉભી થતી નથી. વધુમાં સેપ્ટ યુનિવર્સિટી દ્વારા તેના આર્થિક સ્ત્રોત ઉભા કરવા અથવા ડોનેશન વગેરે તેમના સ્થાપક સેપ્ટ ટ્રસ્ટનો સંપર્ક કરે તે સ્વાભાવિક છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રક્રિયાને ધ્યાનમાં લઈને સેપ્ટ યુનિવર્સિટી બનાવવા માટે રાજય સરકારનું વિધેયક અમે લઈ આવ્યા છીએ. આ સેપ્ટ યુનિવર્સિટીના સંચાલનમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં રાજય સરકારના પ્રતિનિધિ નિયંત્રિત સંસ્થા અને વ્યવસાયિક નિષ્ણાતોનો સમાવેશ છે. યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના ડીનનો બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં સમાવેશ કરવામાં આવે તો તે અર્થસભર બને તે જરૂરી છે. સંચાલક મંડળની બીજી ગવર્નિંગ બોડી છે, તે માત્ર ટ્રસ્ટી મંડળના સભ્યોનો સમાવેશ છે. તેમાં યુનિવર્સિટીના કોઈ કાયદાથી નિયૂકત અધિકારી જેવા કે પ્રમુખ, ડાયરેકટર કે ડીનનો સમાવેશ થતો નથી. તેથી તે મુજબનો સુધારો કરવો પણ જરૂરી હોવાથી અન્ય કલમોમાં સુધારો કરવાનું સૂચવેલ છે. બેંકમાંથી નાણા ઉછીના લેવા રાજય સરકારની પૂર્વ મંજૂરી લેવી એકટ મુજબ જરૂરી છે. રાજય સરકાર પર કોઈપણ પ્રકારનો બોજો આવતો ન હોવાથી આ કલમ રદ કરવાની પણ જોગવાઈ કરવામાં આવેલી છે. રાજય સરકારનું અનુદાન સહાય મેળવવાનો પ્રશ્ન છે, ત્યાં સુધી સરકારી ઓડિટ અધિકારી દ્વારા નિયમિત કરવામાં આવે છે અને એકાઉન્ટન્ટ જનરલશ્રી દ્વારા ઓડિટ થાય છે. યુનિવર્સિટી ટ્રસ્ટ સંચાલિત છે. તેમાં આંતરીક ઓડિટરની પૂરતી જોગવાઈ છે. સ્ટેચ્યુટરી ઓડિટ સક્ષમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરવામાં આવે છે, તેથી સરકારના ઓડિટ માટેની વધારાની જોગવાઈ જરૂરી જણાતી નથી. અને તેથી તે મુજબનો આનુષંગિક સુધારો કરવામાં આવેલ છે. યુનિવર્સિટી દ્વારા રાજય સરકાર અનુદાનિત પ્રોગ્રામો માટે જે ફી, ચાર્જીસ, ફંડની વૃદ્ધિ, ઉછીના દેવા, જગ્યા ઉભી કરવી અને નિયૂકિત બાબત તથા પગારધોરણોની સુધારણાની બાબતે જોગવાઈ કરવામાં આવે, ત્યાં રાજય સરકારના આદેશ મેળવવાના રહેશે તેવી કાયદામાં જોગવાઈ સૂચવવામાં આવે છે.

---

• વિધેયક તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવર્તમાન કાયદા સુધારામાં યુનિવર્સિટીના સંચાલન ઉપર રાજય સરકાર પર કોઈ આર્થિક બોજો આ વ્યવસ્થાના કારણે પડતો નથી. એટલે આ યુનિવર્સિટીને 'સેપ્ટ' યુનિવર્સિટીના નામથી જે હું વિધેયક લઈને આવ્યો છું, તેને તમામ સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે એવી વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) શિક્ષણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, જેટલી સરળતાથી અને જેટલી સહજતાથી સેપ્ટ યુનિવર્સિટી તરીકે પ્રચલિત એને માત્ર સેપ્ટ યુનિવર્સિટી, અમદાવાદ કરી દઈએ છીએ, કદાચ એટલો જ સુધારો હોત તો જેમ પહેલું બિલ યુજીસીની ભલામણ મુજબ ભારત સરકારના માનવ સંશાધન વિકાસ વિભાગના કહેવા પ્રમાણે આવ્યું તો એને આપણે વિના વિરોધે પસાર કર્યુ એમ આમાં પણ વિરોધ ના હોઈ શકે, પરંતુ આ બિલની જોગવાઈઓમાં માત્ર એટલું નથી, માત્ર નામાભિધાન ફેરવતા નથી, માત્ર સેપ્ટ યુનિવર્સિટી, અમદાવાદ કરીને છૂટી જતા નથી. આપણે શું શું કરવા જઈએ છીએ. તો આપણે જે કલમો સુધારીએ છીએ એ કલમોમાં ખાસ કરીને જયારે આજની જે જોગવાઈઓ આપણી છે ઓરિજનલ બિલમાં એમાં આ યુનિવર્સિટી કોઈપણ પ્રકારની જામીનગીરીઓ કે લોન ઉભી કરવા માગતી હોય ત્યારે રાજય સરકારની પૂર્વ પરવાનગી મળેવવી એ સેપ્ટ યુનિવર્સિટી માટે જરૂરી છે. આપણે શામાટે નાણાકીય અંકુશ આ વિધાનસભાનો છે, નાણાકીય અંકુશ વિધાનસભાનો અધિકાર એ રાજય સરકારને આપે એ સમજી શકાય કે વિધાનસભા કે રાજય સરકાર પણ લોકોના ચૂટાયેલા પ્રતિનિધિઓ મારફતે નાણાકીય અંકુશ રાખશે, આપનો નાણાકીય અંકુશ સાવ ઉઠાવી લેવા માગો છો? મને એ સમજાતું નથી. આમાં એ મંજૂરી માગે અને આપણે ચકાસણી કરીને અને આપણી મંજૂરી આપીએ એમાં એમને આપત્તિ ના હોવી જોઈએ અને શૈક્ષણિક સંસ્થાઓમાં નાણાકીય બોજ ઉભો થતો હોય ત્યારે રાજય સરકારની મંજૂરી લે એમાં એમને સંકોચ ના હોવો જોઈએ અને દેવાની આપણી ફરજ છે, આપણો ચકાસણીનો અધિકાર છે એ અધિકાર છોડી દેવા માટેની ખોટી તત્પરતા ના હોવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૫ ની પેટા કલમ ૨ જે પ્રવર્તમાન છે. માનનીય અધ્યક્ષશ્રી, જેનાથી આજે જે જોગવાઈઓ છે એ યુનિવર્સિટીના ઉદ્દેશો ડિપ્લોમા અને પદવી સ્તરના અને ડોકટરલ સ્તરે સહિત અનુસ્નાતક સ્તરના શૈક્ષણિક, તાલીમી, દૂરંતર અને નિરંતર શિક્ષણ કાર્યક્રમો ચલાવવાના અનુ માનવ સમાજ અને વિનયન, વિજ્ઞાન અને સંસ્કૃતિ સહિત સંબંધિત વિદ્યાશાખાઓ માટે વિકસતિ અને કુદરતી પર્યાવરણના ક્ષેત્રોમાં સંશોધન અને પરામર્શ ચલાવવાના રહેશેખ અને પૂરવણીના જ ભાગ-૩ ની પેટા કલમ (૧) ની (ક) (ખ) અને ૩ ની (૧) છે એમાં ગુજરાત રાજયમાં અને ગુજરાત રાજય માટે સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી, અમદાવાદ એ નામની એક યુનિવર્સિટી સ્થપાશે. આપણે એનું નામ ફેરવીને સેપ્ટ, અમદાવાદ કરીએ છીએ અને એ પ્રકારનો સુધારો કરીએ છીએ એની સામે વાંધો નથી. આમાં જણાવ્યા પ્રમાણે પ્રથમ અધ્યક્ષ, પ્રથમ પ્રમુખ, પ્રથમ નિયામક,પ્રથમ ડીન, યુનિવર્સિટીના પ્રથમ રજીસ્ટાર અને બોર્ડ, એકિઝકયુટિવ કાઉન્સિલ, એકેડેમિક અને રિસર્ચ કાઉન્સિલ, નાણા અને વિકાસ સમિતિના પ્રથમ સભ્યો અને બીજી તમામ વ્યકિતઓ જે પોતાનો એવો હોદ્દો અથવા સભ્યપદ ધારણ કરવાનું ચાલુ રાખે ત્યાં સુધી, હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બને તેવી તમામ બીજી વ્યકિતઓથી આથી સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી, અમદાવાદ એને આપ સુધારીને સેપ્ટ યુનિવર્સિટી, અમદાવાદ કરો છો, પરંતુ નાણાકીય બાબત છે એમાં આપની પાસે કલમ ૫ થી મંજૂરી લેવી એ આવશ્યક છે. જેને આપ સુધારીને કલમ ૫ ની પેટા કલમ ૨ થી કલમ ૩ ની પેટા કલમ ૩ એ આપે યોગ્ય રીતે સુધારવાનું નકકી કર્યુ છે. એ સુધારવા પાછળનું આપનું લોજીક માત્ર જો એટલું જ હોય કે આપણે જામીનગીરી આપતા નથી, આપણે બાંહેધરી આપતા નથી તો પછી આપણી મંજૂરી શા માટે? જો આ જ સિધ્ધાંત લાગુ પડશે ને તો અનેક એવી જગ્યાઓ છે જયાં નથી બાંહેધરી આપતા, નથી જામીનગીરી આપતા તેમ છતાં આવી સંસ્થાઓ જયારે કોઈ લોન કે બોજ ઉભો કરે ત્યારે આપની અથવા આપના સક્ષમ અધિકારીશ્રીની અથવા કેટલાક કિસ્સાઓમાં તો વિધાનસભા ગૃહની મંજૂરી જરૂરી છે. અને કાયદાના ઘડનારાઓએ બહુ સૂઝ બૂઝ સાથે આ જોગવાઈ અને આ નાણાંકીય અંકૂશ મારી દ્રષ્ટિએ રાખેલો છે. અને તેનાથી આપણે દૂર જવાનો પ્રયતન કરીશું તો આવતા દિવસોમાં જે સેપ્ટ યુનિવર્સિટી છે જેની આપે કહયું એમ નામના છે, તે નામના વાળી યુનિવર્સિટીમાં સંચાલક મંડળને આપ જો સ્વતંત્રતા આપી દેશો અને કયારેક એવી કોઈ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ કે જેના ઉપરનો બોજ એ આવતી કાલે ઘાતક પુરવાર થવાનો છે. અથવા જે બોજો તે લેવાના છે એ બોજ ઉપર આપનો અંકુશ નથી રહેવાનો અને સંપૂર્ણ સત્તા એ સત્તા મંડળને આપની મંજૂરી વગર મળી જવાની હોય તો કંઈક પરિસ્થિતિ ભવિષ્યમાં એવી ઉભી થશે કે જયાં આપ તેને સુધારી નહીં શકો. જે મુખ્ય અધિનિયમ કલમ ૩ માં આપે સુધારો સૂચવ્યો છે એમાં "યુનિવર્સિટી જંગમ અને સ્થાવર મિલકત સંપાદિત કરી અને ધરાવી શકશે, મને વાંધો નથી. યુનિવર્સિટીના હેતુઓ માટે તેનામાં નિહિત થાય અથવા તે પ્રાપ્ત કરે તેવી કોઈ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપી શકશે, વેચી શકશે અથવા અન્યથા તબદીલ કરી શકશે, અને કરાર કરી શકશે અને આ અધિનિયમના હેતુઓ માટે જરૂરી હોય તેવી બીજી તમામ વસ્તુઓ કરી શકશે." આ તમારો સુધારો છે. પહેલા ઓરિજિનલમાં શું હતું કે યુનિવર્સિટી જંગમ અને સ્થાવર મિલકત સંપાદીત કરી શકશે, ધરાવી શકશે, યુનિવર્સિટીના હેતુઓ માટે તેમનામાં નિહિત થાય અથવા તે પ્રાપ્ત કરે તેવી કોઈ પણ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપી શકશે વેચી શકશે અથવા અન્યથા

તબદીલ કરી શકશે, તેની અસ્કયામતોની જામીનગીરી ઉપર લોન ઉભી કરી શકશે, કરાર કરી શકશે , પણ એ કયારે? આપની પરવાનગીથી. પરંતુ લોન ઉભી કરવાની આવી સત્તા રાજય સરકારની પૂર્વ પરવાનગી મેળવ્યા પછી જ વાપરી શકશે. મારો એ સવાલ એ છે કે આ પરવાનગી લઈને બોજો કરવાની આ વ્યવસ્થા છે તેમાં કોઈ મુશ્કેલી નથી, સવાલ કેટલો છે? કે રાજય સરકારની પૂર્વ પરવાનગી લેવી પડે છે. એ પૂર્વ પરવાનગી લેવાનું પણ જો યુનિવર્સિટી ટાળવા માગતી હોય અને આપણે આપણી પૂર્વ મંજૂરી આપવાની સત્તા છોડી દેવા માગતા હોઈએ તો તેની પાછળનું લોજીક શું છે? આપણે એટલી ચકાસણી ન રાખી શકીએ? આપણો એટલો અંકૂશ ન હોવો જોઈએ? કે જે યુનિવર્સિટીની નામના આપના કહેવા મુજબ અથાવ વાસ્તવિક રીતે પણ ખૂબ સારી છે તેને સાવ એક ટ્રસ્ટના ભરોસે એક સત્તા મંડળના ભરોસે આપણે શા માટે મૂકવા માગીએ છીએ. એટલે મારી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ ઘાતક પૂરવાર થશે. આજે સારું સત્તા મંડળ હશે. મને વાંધો નથી. આપને, મને કે આ ગૃહના કોઈ પણ સભ્યશ્રીને ખબર નથી કે આવતી કાલે શું પરિસ્થિતિ હોઈ શકે, કંઈ પણ થઈ શકે છે. એ સમયે અસ્કયામતો ઉપર લોન ઉભી કરતી વખતે રાજય સરકાર પાસે પૂર્વ પરવાનગી લેવામાં આવે. આપના સક્ષમ અધિકારી હોય છે, બે ત્રણ ગરણાથી ગળાય, આપના કોઈ આઈ.એ.એસ. અધિકારી હોય એની આંખ નીચેથી પસાર થાય, આપ કદાચ ન જોઈ શકો પરંતુ રાજય સરકારના કોઈ લેવલ સુધી કોઈને પાવર ડેલીગેટ કરી શકો છો જેની આંખ નીચેથી આ પસાર થાય. પરંતુ સાવ આપ આંખ જ કાઢી નાખો એ કોઈપણ રીતે સ્વીકારી ન શકાય તે પ્રકારનું આ છે.

અન્ય આગળ સુધારા વિધેયક કલમ ૬ થી અધિનિયમ કલમ ૪ની પેટા કલમ ૧ ના ખંડ ૬માં સુધારો છે. આ જે સુધારો છે એ યુનિવર્સિટીના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે નાણાકીય સ્ત્રોતો ઊભા કરવા માટે, લોન મેળવી શકે તે માટે, બીજા સંગઠનોનો સમાવેશ કરી કરી શકાય તે માટે વિધેયકની કલમ ૬ થી અધિનિયમ કલમ ૧ ના ખંડ ૬ના બદલે નીચેનો ખંડ મૂકવો. "યુનિવર્સિટીના શૈક્ષણિક, સંશોધન, પ્રકાશન અને સબંધિત કાર્યો અસરકારક રીતે કરવા માટે સરકારી એજન્સીઓ, ઉદ્યોગો, બીજા સંગઠનો અને ખાનગી વ્યકિતઓ પાસેથી ફાળો અને દાન, ગ્રાન્ટ અથવા લોન દ્વારા નાણાકીય સ્ત્રોતો ઊભા કરવા" આપનો અંકુશ હટાવી લેવાના હોય, સત્તામંડળ બેઠું છે એ નક્કી કરે મારે મિસ્ટર એકસ પાસેથી લોન લેવી છે. બજારમાં છ ટકાએ લોન મળતી હોય પરંતુ હું એકસને ૧૨ ટકા આપીશ. Then, you wil have no say. નામનાવાળી યુનિવર્સિટીમાં બોજ ઊભો કરતી વખતે આપની પૂર્વ મંજૂરીની જરૂર નહિ હોય અને સંસ્થાનો કોઈપણ વહીવટ આવો હશે કે કોઈને આંગળી કરવા માટેનો આપના વહીવટમાં શંકા પેદા કરવા માટેનું કારણ હોઈ શકે એવા સંજોગોમાં આપ શા માટે લીબર્ટી આપો છો? મને વાંધો નથી You may say કે નામના વાળી યુનિવર્સિટી છે, એનો વિકાસ કરવો છે, એના ફયુચર માટે જરૂરી છે, એના ઈન્ફ્રાસ્ટ્રકચર માટે જરૂરી છે, એમાં મારે નવા અભ્યાસક્રમો લાવવા છે, નવી ફેકલ્ટી લાવવી છે, એના માટે નવા experts લાવવા છે એના માટે નાણાંની જરૂર છે એના માટે યુનિવર્સિટી બોજ ઊભો કરે એની સામે મને વાંધો નથી પરંતુ એ બોજ ઊભો કરે ત્યારે એ ઊભો થયેલો બોજ જસ્ટિફાઈ થઈ શકે તેવો છે કે કેમ, એ વાજબી છે કે કેમ એ લોન માટેના કારણો યોગ્ય છે કે કેમ, એ જેની પાસેથી લે છે એ કોઈ વ્યકિત પાસેથી બોજ લે છે ત્યારે એની પાસેથી જ શા માટે? એ સિવાય બજારમાં બીજેથી એ લેવા માટેના પ્રયત્નો કર્યા હતા કે કેમ, આ બોજો હું લઉં છું એ આટલા ભારણથી કે આટલા વ્યાજથી મળતું હોય તો એ બોજ બીજેથી યોગ્ય રીતે મળે છે કે કેમ એ માટેના પ્રયત્નો કર્યા છે કે કેમ એની પૂર્વ મંજૂરીની વાતમાંથી હટી જઈશું તો તો આવતા દિવસોમાં કયારેક, જ્યારે આપણે કાયદો બનાવ્યો છે ત્યારે અને આજે શું કોઈ નવા સંજોગો આવી ગયા ? જે દિવસે કાયદો આવ્યો ત્યારે આપણે એ નહોતું જાણતા કે આ સેપ્ટ યુનિવર્સિટીમાં જે કંઈ લોન ઊભી થાય ત્યારે એમાં રાજય સરકાર ગેરન્ટેડ નથી એમ છતાં જે તે સમયે કાયદો બને છે ત્યારે very wisely and very rightly, we keep this power with us કે નહિ તમારે એ બોજો ઊભો કરવો હોય તો રાજય સરકારની પૂર્વ મંજૂરી લેવી પડશે. આ હું સમજી શકું, કોઈ બદલાયેલા સંજોગો હોય એક સુધારા માટે આટલું લાંબુ ના નહિ એને સેપ્ટ યુનિવર્સિટી અમદાવાદ તરીકે નામ રાખો એ બરાબર છે. ખાલી સેપ્ટ યુનિવર્સિટી અમદાવાદ, જેમાં અમદાવાદનું નામ જોડાય એના માટે આપણને કોઈ વાંધો નહિ હોઈ શકે. આજે એ સંજોગો આપને જુદા લાગે છે કે યુનિવર્સિટી બનાવી ત્યારે જે નામ હતું, આજે જે સમાજમાં પોપ્યુલર થયું છે નામ, એટલા પૂરતી જરૂરિયાત છે. if there is change in the circumstances, I can appreciate, પણ જ્યાં સંજોગોમાં કોઈ બદલાવ જ નથી આવ્યો તો શું તે દિવસે કાયદો આ વિધાનસભા ગૃહમાં સરકાર લઈને આવી હતી We can ask question to ourselves whether there wsa no applicationof mind at that relevant time? and my reply is "No". There was proper application of mind. આજે મને તો એ જ સમજાતું નથી કે યુનિવર્સિટીએ આ દરખાસ્ત આપને શું કામ કરી અથવા તો સરકાર આ શું કામ લઈને આવી છે? Are we applying our mind today? Why this amendment? શા માટે આ જરૂરિયાત ઉભી થઈ? કોઈ સંજોગ બદલાયા નથી. તે દિવસે પણ આપણે બાંયધરી નહોતા આપતા. તે દિવસે પણ આપણે ગૅરન્ટી નહોતા આપતા. તે દિવસે પણ આપણે જવાબદારી નહોતા સ્વીકારતા અને છતાં એ અધિકાર આપણી પાસે રાખ્યા કે નહીં, તમે જ્યારે કોઈ આ બોજ ઉભો કરો ત્યારે પૂર્વ શરત કાયદાની કલમમાં જોગવાઈ, આવો, અમારી પાસે તમે જસ્ટીફાઈ કરાવો, અમારી

મંજૂરી લો અને અમે મંજૂરી આપીએ. તો પછી આગળ વધો. ત્યારે મને લાગે છે કે આ બિલ ઉતાવળે પસાર કરવાના બદલે આ સુધારામાં મને લાગે છે કે પડવા જેવું નથી. અથવા તો if Government is able to tell us કે ના, આટલી મોટી તકલીફો હતી. તે દિવસે ખબર જ નહોતી રહી કે બિલ જ્યારે ઓરીજીનલ અમે પસાર કર્યું ત્યારે અથવા તો અત્યારે કોઈક સંજોગો બદલાઈ ગયા અને એ બદલાયેલા સંજોગોના કારણે આ જરૂરી છે. તો અમે પણ એ વાતને સમજવાનો પ્રયત્ન કરી શકીએ. અધિનિયમ કલમ-૨૨ની પેટા કલમ-૨ના ખંડ-૭થી બેંકો પાસેથી નાણાં મેળવવા માટે રાજય સરકારની પરવાનગી મેળવવા માટેની જોગવાઈ કરેલી છે. What is wrong inthis? માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની આ અંગે કોઈ જવાબદારી રહેતી ન હોવાથી સદરહુ જોગવાઈ કમી કરવા ધાર્યું છે. આમાંથી પણ આપણે હટી જઈએ છીએ. આપણે આમાં પણ આપણી મંજૂરીની અપેક્ષા જે કાયદાથી અગાઉ આ જ વિધાનસભા ગૃહે કાયદો બનાવ્યો ત્યારે કહ્યું કે આ મંજૂરી લેવી પડે. આપણે આજે તેમાંથી બહાર જઈ રહ્યા છીએ કે ના, આ મંજૂરી પણ હવે લેવાની જરૂર નહીં. બેંકો પાસેથી પણ તેમને જે કરવું હોય તે કરે. રાજય સરકારની ગ્રાન્ટેડ નીતિ હેઠળ યુનિવર્સિટીએ મેળવેલી ગ્રાન્ટના ખર્ચાનું સરકાર આ જે બાબત છે એ આવતા દિવસોમાં આપ સ્હેજ તો જોજો કે આપણે સ્વાયત્ત સંસ્થાઓને આવકારીએ છીએ. આપણે શૈક્ષણિક સંસ્થાઓ, ગ્રાન્ટ ઈન એઈડ વધે તેના માટે પ્રયત્નો કરવા છે. આપણે સેલ્ફ ફાયનાન્સ તરફ પણ વળીએ છીએ. પરંતુ જે જગ્યાએ શિક્ષણ અને આરોગ્યની વાત આવતી હોય ત્યાં જો સરકાર સાવ હાથ ખેંચી લેવા માગતી હશે We cannot compare ourselves with developed countries, વિકસિત દેશોની સાથે આપણે આપણી જાતને નહીં સરખાવી શકીએ. ત્યાં દરેક માણસ પાસે એક ક્ષમતા છે કે સેલ્ફ ફાયનાન્સ ઇન્સ્ટિટ્યૂટમાં જઈ શકશે. ત્યાં દરેક માણસ પાસે ક્ષમતા છે કે એ કોમ્પીટીશનમાં ઉતરી શકશે. આપણે અહીંયા ટેલેન્ટ છે. એક શ્રીમંતના બંગલામાં છે અને એક ગરીબના ઝૂંપડામાં છે. એ બે વચ્ચેના ગેપને જો રાજય સરકાર બ્રિજ પૂરો પાડવાનું કામ ન કરે, જો સરકાર તેની ચિંતા ન કરે તો એક ઈમ્બેલેન્સ, એક એવા પ્રકારની વિસંગતતા ઉભી થશે કે જ્યાં મુઠ્ઠીભર શ્રીમંત અને એના પરિવારમાંથી આવતું જનરેશન પણ શ્રીમંત અને શ્રીમંત બન્યા કરે અને ગરીબ છે એ ઘસાતો અને ઘ ઘસાતો રહે. આ સંજોગો માટે આપણે શું કરવાની ચિંતા કરવી જોઈએ? અને આપણે શું કરવા જઈએ છીએ? મને વાંધો નથી. આપ કેટલીક સંસ્થાઓ માટે કેટલીક સુવિધાઓ, કેટલીક મુકિતઓ તરફ જાવ પણ આપણી જે જવાબદારીઓ છે અથવા આપણે જ્યાં અંકુશ રાખી શકીએ છીએ. આપ શું કરવા માગો છો આનાથી? જે યુનિવર્સિટીનું ઑડિટ કરવાની ફરજ આપના અધિકારીઓ ભોગવે છે અને એટલા માટે જરૂરી છે કે, કાલે હું મારા આ ખિસ્સાનો ખર્ચ કરીને બીજા ખિસ્સાને કહું કે આ ખર્ચ બરાબર થયો છે અને એનું સર્ટિફિકેટ આપજે અને એ જ નીતિથી ચાલે. એક હાથ ખર્ચ કરે અને બીજો હાથ ઑડિટ કરે. કયારેય એનાથી કશું નીકળે નહીં. પરિણામ શું આવશે? જે શૈક્ષણિક સંસ્થાઓ જેના ઉપર ખર્ચનો અંકુશ હોવો જોઈએ અને નફો કરતી સંસ્થા ન બને એ જોવું જોઈએ એ જોવાની જવાબદારી કોની છે? એ જોવાની જવાબદારી રાજય સરકારની છે અને રાજય સરકારને એ અધિકાર હોવો જોઈએ. એ અધિકાર આપવાની જવાબદારી આ વિધાનસભાગૃહની છે અને આ વિધાનસભાગૃહે શું કર્યું? આ વિધાનસભાગૃહે વાજબી રીતે ઓરીજીનલ કાયદો બન્યો છે ત્યારે એણે કલમ - ૨૪ રાખી છે. કલમ - ૨૪ માં શું જોગવાઈ છે? કલમ - ૨૪માં રાજય સરકાર તેને એમ કરવા જણાય તો તે પોતે નિયુક્ત કરેલા ઑડિટર દ્વારા યુનિવર્સિટીના હિસાબોની ચકાસણી ઑડિટ અથવા પૂર્ણ ઑડિટ કરાવી શકશે. This is the provision, આ કાયદાથી ઊભી કરેલી જોગવાઈ છે. આ જોગવાઈ ઊભી કરવામાં આવી ત્યારના સંજોગો અને આજના સંજોગો એના વચ્ચે કોઈ બદલાવ આવ્યો છે? ત્યારે ઑડિટ કરાવવા માગતા હતા, ત્યારે એક્સ રકમની ગ્રાન્ટ આપતા હતા. આજે કોઈ ગ્રાન્ટ આપતા નથી. This is change in the circumstances and that is why it is needed કે એમેન્ડમેન્ટ લાવવા માટે હવે અમારે અમારા ઑડિટર નિયુક્ત નથી કરવા. એવો કોઈ બદલાવ નથી. જ્યારે આ વિધાનસભાગૃહે આ કાયદો પસાર કર્યો અને જે સંજોગો હતા, આ સુધારો આપણે પસાર કરવા જઈએ છીએ ત્યારે આ જ સંજોગો છે. એના વચ્ચે કોઈ ફેરફાર નથી. એ દિવસે આપણે નક્કી કર્યું કે, રાજય સરકાર પોતે ઑડિટર નિયુક્ત કરીને થોડા ભાગનું અથવા યુનિવર્સિટીનું સંપૂર્ણ ઑડિટ કરાવી શકશે. આપણને આમાં તકલીફ કયાં આવે છે? આપણે આનાથી શું કરવા જોઈએ છીએ? What your objects and reasons says? રાજય સરકારની ગ્રાન્ટ ઇન એઈડ નીતિ હેઠળ યુનિવર્સિટીએ મેળવેલ ગ્રાન્ટને લગતા ખર્ચનું સરકારના ઑડિટ અધિકારીઓ દ્વારા નિયમિત ઑડિટ કરવામાં આવે જ છે અને એકાઉન્ટન્ટ જનરલના અધિકારીઓ દ્વારા હિસાબોનું નિયમિતપણે ઑડિટ કરવામાં આવે છે. સેપ્ટ ટ્રસ્ટે પુરસ્કૃત કરેલી હોય તેવી યુનિવર્સિટીએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા આંતરિક ઑડિટ અને વૈધાનિક ઑડિટ માટેની પૂરતી જોગવાઈ કરેલી છે. જેથી કરીને, રાજય સરકારે નીમેલા ઑડિટર દ્વારા હિસાબોની ચકાસણી, ઑડિટ અથવા પૂર્ણ ઑડિટ કરવાને લગતી ઉપરની જોગવાઈઓ કરવાનું જરૂરી જણાતું નથી. I failed to understand. જેના માટે યુનિવર્સિટી પોતે નક્કી કરશે કે મારે કયા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ઑડિટ કરાવવું છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તમે નક્કી નહીં કરી શકો. રાજય સરકાર નક્કી નહીં કરે. University will decide કોણ ઑડિટ કરશે? જે યુનિવર્સિટી જે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને નક્કી કરી એને ફી આપશે એ જ યુનિવર્સિટી કહશે એ ઑડિટ કરશે. આપણે ઑડિટર મૂકવાના નથી. Comptroller and Auditor General which is constitutional independent agency - તે પિક્ચરમાંથી નીકળી જશે. આપણા ઑડિટર પિક્ચરમાંથી નીકળી

જાય. એ પ્રકારની જોગવાઈ આપણે કરવા જઈ રહ્યા છીએ. આપનું જે એમેન્ડમેન્ટ છે બિલનું એમાં ૧૧ નંબર મુખ્ય અધિનિયમમાં કલમ-૨૪માં પેટા કલમ-૭ રદ કરવી. એટલે આપ એને ઓડીટ જ નહીં કરી શકો, કોમ્પટ્રોલર એન્ડ ઓડીટર જનરલ પણ પિકચરમાં નહીં, આપનો ઓડીટર પણ પિકચરમાં નહીં, પાર્ટનું પણ ઓડીટ નહીં અને ફુલનું પણ ઓડીટ નહી, માત્ર સેપ્ટ યુનિવર્સિટી નકકી કરે કે આ મારું ચાટર્ડ એકાઉન્ટન્ટ ઓડીટ કરે એ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓડીટ કરે અને એ ઓડીટને આપણે માન્ય રાખી લેવાનું. શૈક્ષણિક સંસ્થામાં જે સંસ્થા લોન લે છે, બોજ ઉભો કરે છે, આપની પૂર્વમંજૂરી આજ સુધી જરૂરી હતી એ જરૂરી નહીં, આપનું ઓડીટ જરૂરી હતું, આપના ઓડીટ ઉપરનો ચેક એન્ડ બેલેન્સ હતું એ જરૂરી નહીં , કાલે થશે શું પરિસ્થિતિ? એને કોણ જસ્ટીફાઈ કરશે? આઈ કેન અન્ડરસ્ટેન્ડ કે આજે એક બોર્ડ સારું હોઈ શકે અને એનું રેપ્યુટેશન હોઈ શકે પણ આપણે કોઈ યાવત ચંદ્રો દિવાકરો નથી. આ વિધાનસભા ગૃહમાં આપણે બેઠા છીએ આપણે એમ માનતા હોઈએ કે આપણે કાયમ છીએ, ના નથી, (અંતરાય) હા, અને ઘણા વર્ષોમાં ઘણા ગયા અને તમે પણ જશો અને હું પણ જઈશ, જેનો નામ એનો નાશ, કેટલાક માનતા હોય છે કે હું કાયમ જીવીશ. કેટલાક માનતા હોય છે એવું કે હું આજીવન જીવતો રહીશ.

**અધ્યક્ષશ્રી** : જયંતિભાઈ, આપનાથી શાંત ના રહેવાતું હોય તો, ચર્ચામાં ચોકકસ ભાગ લો, ચર્ચાને સાંભળો અને સાંભળવાની ક્ષમતા ના હોય તો બહાર જઈને બેસો. દખલ પહોંચાડવાની નહીં, આપ શકિતસિંહજીને દખલ નથી પહોંચાડતા હાઉસને પહોંચાડો છો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માન. અધ્યક્ષશ્રી હું એ કહેતો હતો કે આ વિધાનસભા ગૃહમાં આપણે જયારે બની શકે, પ્રશ્નોત્તરીને આપણા વિસ્તાર માટે વર્તમાન સમયને અનુરુપ વર્તમાનપત્ર માટે મહત્વ ઘણું હોઈ શકે, પણ એ ક્ષણિક હોય છે. એટલે જ આ વિધાનસભાગૃહમાં અમે બધા પ્રશ્નોત્તરીના સભ્યો નથી કહેવાતા, ધારાસભ્યો કહેવાઈએ છીએ. વી. આર લેજીસ્લેટર, ધારો ઘડીએ છીએ, કાયદો બનાવીએ છીએ અને કાયદો બનાવીએ છીએ એ કાયદો બનાવનાર સરકાર માટે જ હોય છે એવું નહીં, વિરોધપક્ષ માટે હોય છે એવું નહીં એ દરેક નાગરિકને લાગુ પડતો હોય છે અને એની અસર ક્ષણિક નથી હોતી એની અસર ચિરંજીવી હોય છે અને ત્યારે કાયદો બનાવવાની બાબતમાં આપણી ગંભીરતા જેટલી હશેને, ઘણી વખત હોય છે અને માનનીય અધ્યક્ષશ્રી, આ પક્ષની એ પાટલી પર અને આ પાટલી પર બંને જગ્યાએ કામ કર્યુ છે, માનનીય મંત્રીશ્રી જે વિભાગમાં કામ કરે છે એ વિભાગની જવાબદારી પણ સંભાળી છે, આપના મારફત હું વિનંતી કરુ છું કે ઈન્ડીપેન્ડન્ટ એપ્લીકેશન ઓફ માઈન્ડ, અધિકારીઓની સજાવેલી ફાઈલ પર સહીં નહી, આપણે જનતાના ચૂટાયેલા પ્રતિનિધિ છીએ અને આપણે જનતાનો અવાજ, જનતાના પ્રતિનિધિ તરીકે લઈને આવવા માગીએ છીએ ત્યારે સુધારા પાછળ સુધારો લાવવો બહુમતીના જોરે પસાર કરવો બહુ સેહલું છે. પણ એ સુધારા પાછળના ઉદ્દેશ અને ચિરરંજીવી એની અસરો શું થવાની છે, એની દુરોગામી અસરો શું થવાની છે. આજે આપ સેપ્ટ યુનિવર્સિટી અમદાવાદ કરો એની સામે મને કોઈ વાંધો નથી પણ આ બંને સુધારા, હું તો આપના મારફત આ સભાગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને વિનાંતી કરું છું કે એ બાબત વિચારો કે રિઝન શું છે. અમદાવાદની યુનિવર્સિટીએ ગાંધીનગરમાં મંજૂરી લેવા આવવું પડે તો આમાં શું આસમાન તૂટી જાય, એ કોની પાસે મંજૂરી લેવા આવે છે, રાજય સરકાર પાસે આવે છે, આપની પાસે મંજૂરી લેવા આવે છે એ રાજય સરકારને મંજૂરીના અધિકારો કોણે આપ્યા છે વિધાનસભા ગૃહે આપ્યા છે. એ અધિકારમાંથી આપે હાથ શા માટે ઉંચા કરવા પડે? એ યુનિવર્સિટી જેનું ઓડીટ આપણે નિયુકત કરેલા ઓડીટર પાર્ટ અથવા ફુલનું કરે છે આપણને કાલે લાગે કે નથી ફુલ કરવું તો યુ મે સે કે આજે જરુર નથી. સેપ્ટ યુનિવર્સિટી સરસ ચાલે છે તમે એને કહી શકો કે વાંધો નહીં ચિંતા નહીં કરતા તમારું મંડળ બરાબર ચાલે છે. એઝ એ મિનિસ્ટર યુ કેન સે કે તમારે જે બોજો લેવો હોય મને તમારામાં વિશ્વાસ છે ટેક મી ફોર ગ્રાન્ટેડ તમે કાગળ મોકલજો મારું ડિપાર્ટમેન્ટ એને મંજૂરી આપી દેશે.કારણ કે આજે આ જોગવાઈ છે. પાંચ વર્ષ પછી જો સત્તામંડળ બરાબર ન હોય તો આપ કહી શકો કે ના હું મંજૂરી નહીં આપું. બે વર્ષ પછી લાગે કે આંધળી મંજૂરી આપવા જેવું નથી. આપ એને રોકી શકો. આપને એમ લાગે કે ૧૦ ઑડિટરોથી આખું ઑડિટ નથી કરાવવું તો આપ પાર્ટ ઑડિટ કરાવી શકો. કારણ કે તમારું સત્તામંડળ સારું ચાલે છે. સ્વાયત્ત સંસ્થા છે, રાજ્ય સરકાર ઉપર બોજો આવતો નથી અને હું જામીનગીરી આપતો નથી એટલે મારે જરૂર નથી. પણ એના માટે કાયદો શા માટે સુધારી રહ્યા છીએ? આ વિધાનસભા ગૃહે આપેલ એક શૈક્ષણિક સંસ્થા પરનો કન્ટ્રોલ રાખવા માટેનો અધિકારી છે એમાંથી શા માટે બહાર નીકળો છો? હજી એક સુધારો આ બિલમાં આ રાજ્ય સરકાર લઈને આવી છે. બિલમાં જે ચોથો સુધારો છે એ કલમ ૨૮ની પેટા કલમ-૨ ના ખંડ-૧ થી ૪ ના બદલે નવા ખંડો મૂક્યા છે. હવે આપનું ધ્યાન કલમ ૨૮ ના હાલના પેટા ખંડ છે એના તરફ દોરું છું. કલમ-૨૮ના પેટા ખંડ-૧ મુજબ પેટા કલમ-૧ની જોગવાઈઓને બાદ આવ્યા સિવાય રાજ્ય સરકાર નીચેની બાબતોના સંબંધમાં પોતાને જરૂર જણાય ત્યારે આદેશો બહાર પાડી શકશે. It is power with the State. ફી અને ચાર્જીસ, એના અંગેના આદેશો આપે બહાર પાડવાના છે. ફંડ ઉઘરાવવું, ફંડ ઊભું કરવું અને નાણા ઉછીના લેવા, ના નથી પણ આના આદેશો બહાર પાડી શકો છો. જગ્યાઓ ઊભી કરવી અને નિમણૂંકોની બાબત રાજ્ય સરકારનો અધિકાર છે. પગાર ધોરણની સુધારણા અને પગાર ધોરણોને ઊંચે લાવવા એના અંગેના આદેશો આપને બહાર પાડવાના છે. Very wisely and very

rightly આ પ્રોવિજન સેકશન ૨૮ની અંદર આપે કરેલ છે. હવે આપણે શું કરવા જઈએ છીએ? આપણે આજે આ ચાર જોગવાઈ છે એને રદ કરીએ છીએ. We are saying that કલમ-૨૮ની પેટા કલમ-૨ માં પેટા ખંડ-૧ થી ૪ ના બદલે હવે આપ નવી મૂકો છો. (૧) ફી અને ચાર્જીસ (૨) જગ્યાઓ ઊભી કરવી અને નિમણૂંકની બાબત (૩) પગાર સુધારણા અને (૪) સરકારી ગ્રાન્ટમાંથી જેને પગાર ચૂકવવામાં આવતો હોય તેવા કર્મચારીઓ. મને સમજાતું નથી કે આ કરવા પાછળનો આપણો ઉદ્દેશ શું છે? જ્યાં આપણે કન્ટ્રોલ રાખવો જરૂરી છે ત્યાંથી આપણે વીથડ્રો થઈએ છીએ અને કર્મચારીઓ છે એના સંદર્ભમાં આપણે એન્ટર થઈએ છીએ. સરકારી ગ્રાન્ટમાંથી જેને પગાર ચૂકવવામાં આવતો હોય તેવા કર્મચારીઓ. અહીંયા જૂની જોગવાઈ એવી હતી કે પગારધોરણોની સુધારણા અને પગારધોરણોને ઊંચે લાવવા, આપનો હસ્તક્ષેપ એટલો જ હતો. સંસ્થા શું કરે છે એમાં આપને આપેલ પાવર્સમાંથી આપણને નીકળવામાં વાંધો નથી પણ પેલા ગ્રાન્ટમાંથી પગાર મેળવતા કર્મચારીઓ છે એના પગાર ધોરણ પૂરતા અધિકારો હતા એના બદલે આપ સરકારી ગ્રાન્ટમાંથી જેને પગાર ચૂકવવામાં આવતો હોય તેવા કર્મચારીઓ. હું સમજું છું એ પ્રમાણે જો આપ માત્ર ચારને ચેન્જ કરતા હોય તો ઓરિજિનલ કાયદામાં સબ સેકશનમાં જે જોગવાઈ છે, આદેશો આપવાની રાજ્ય સરકારને સત્તા, એટલે કર્મચારીઓ ઉપર આપને સત્તા વધારવી છે અને સંસ્થા ઉપરથી આપની સત્તા ઉઠાવી લેવી છે. આ સંજોગોમાં હું અપેક્ષા રાખું છું, મને આજે જ મારા પિજિયન બૉક્સમાં સરકારનો એક સરકારી વિધેયક ઉપરનો સુધારો પણ મળ્યો છે. આજે હાઉસમાં જ્યારે બિલ ચર્ચા પર આવે છે ત્યારે આજે જ મને સત્તાધારી પક્ષ તરફથી સુધારો મળે what does it mean? શું આપને આ બિલ વિધાનસભા સચિવાલયને મોકલ્યું તે ગયા સત્રમાં પૂર્વ પ્રસિદ્ધ નથી થયું, I could have understand.ગયા વિધાનસભા સસત્રમાં આ બિલ ટેબલ થયું હોય અથવા સભ્યોને વહેંચાય ગયું હોય, વચ્ચે ૬ મહિના જેટલો સમય ગયો હોય, કોઈ સંજોગોના કારણે આપને એવું જરૂરી લાગ્યું હોય કે આ બિલ મોકલાયું છે એમાં એક સુધારો જરૂરી છે. આપ સુધારો લાવો bipassing general rule of the Asenbly By having special permission from the Hon'ble Speaker we cannot talk about it. Because permission is given by the Chair. પણ માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું તો ચોક્કસ બોલી શકું જે મારા સત્તાધિકારમાં છે બોલવા માટે કે આ સુધારો રાજ્ય સરકાર આજે લઈને આવી એનો અર્થ એ કે આપનું પણ છેલ્લી મિનિટ સુધી બિલ અંગે, બિલના સુધારાઓ અંગે you do not have any clarity આપ પોતેજ છેલ્લી મિનિટ સુધી સુધારાઓ લાવો છો. આપનો prerogative છે. આપ સુધારા લાવો એની સામે મને વાંધો નથી પણ સભ્યને સમય આપ્યા વગર જ્યારે આપ સુધારો લાવો ત્યારે તેનો અર્થ એ થયો કે ઓરિજિનલ બિલ બે દિવસ પહેલા આપ લાવો ત્યારે અને આજે વચ્ચે કોઈ એવો સમય નથી ગયો કે કોઈ એવા સંજોગો ઊભા નથી થયા એજ બતાવે છે કે આ બિલ અત્યંત ઉતાવળે કોઈક અગમ્ય કારણોસર અથવા કોઈક બીજી બાબતોથી પરિપકવ માનસિક રીતે દિમાગ લગાવ્યા વગર આવ્યું હોય તો જે બે દિવસમાં ફરી વખત આપે amendમાં amendment from your member ત્યારે હું માનું છું કે આમાંની કોઈ જોગવાઈ એવી નથી કે જે આજેને આજે ના કરીએ તો કોઈ આસમાન તૂટી પડવાનું નથી. Let us have a Committee આપણી પાસે આપણી પોતાની પ્રવર સમિતિ છે. let them alpply their mind સોંપીએ એમને. જ્યાં બહુમતિ સામાપક્ષના માનનીય સભ્યશ્રીઓ છે અને જ્યારે કાયદાની બાબત આવે છે ત્યારે હું તો આ પક્ષ કે તે પક્ષ જોતો નથી. કાયદો બને છે એ કોઈ વ્યકિતને ધ્યાનમાં રાખીને નથી બનતો. કાયદો સૌના માટેનો છે. પણ એનું interpret કરવાનો અધિકાર પણ આપણને નથી. We have a judiciary it can interpret the law એટલે પ્રવર સમિતિને સોંપીને આ બિલનો અભ્યાસ કરીને બિલ પર પૂરી ચર્ચા વિધાનસભા ગૃહ કરે. જો રાજ્ય સરકારને એ વાત સમજાય કે ના આ સુધારાઓ જે છે એમાં માત્ર સેપ્ટ યુનિવર્સિટી અમદાવાદ તરફ આગળ વધીએ એ હું પણ સમજી શકું છું પણ બાકીના સુધારાઓ છે એમાં આગળ વધવાથી આજની તારીખે ના દેખાતું હોય પણ દુરોગામી એની વિપરીત અસરો થાય એમ છે માટે એમાં નથી પડવું તો એનો સમય પણ મળશે. Breathing time પણ મળશે. સભ્યશ્રીઓનો જે અધિકાર છે ઉંડાણથી અભ્યાસ કરવાનો, આ પૂર્વ પ્રસિદ્ધિવાળું બિલ નથી. સભ્યના અધિકાર ઉપર પણ તરાપ ના દેખાય એવી ભાવના થોડી હું માનું છું કે સત્તાધારી પક્ષની પણ રહે, કારણ કે ટ્રેઝરી બેંચમાં as a Ministerial પોસ્ટ તો લિમિટેડ હોય છે પણ બહુમતિ સભ્યશ્રીઓ આ પક્ષના તે પક્ષના બધાના અધિકારનો સવાલ છે ત્યારે એ દ્રષ્ટિથી એને વિચારવામાં આવે એ શબ્દોથી હું વિરમું છું.

**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયકની તરફેણમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત ખ્યાતિ પામેલા અભ્યાસક્રમો વિકાસ શિક્ષણ જગતમાં સેપ્ટ પ્રમાણ સરકારના વિવિધ ખાતાકીય કાર્યોમાં ચાવીરૂપ ભૂમિકાને અનુલક્ષીને આપણે ૨૦૦૫માં આ ખરોડો પસાર કરીને સેપ્ટને યુનિવર્સિટીનો દરજ્જો આપેલો છે. આ દરજ્જો મેળવ્યા બાદ સેપ્ટને અમુક બાબતમાં એના અમલીકરણમાં કાંઈક તકલીફ ઊભી થતા સેપ્ટ યુનિવર્સિટીએ સરકારને અમુક સુધારા માટે રજૂઆત કરી છે. જેથી આ અડચણો અને મુશ્કેલીઓ દૂર કરી શકાય એટલા માટે થઈને જ Centre for Environmental Planning and Technology એ પોતાના સ્થાપના સમયથી એટલે કે ૧૯૬૨થી જ બાંધકામ,

આર્કિટેકચર અને પર્યાવરણથી વિશ્વમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે શિક્ષણ જગતમાં અને વ્યવસાયિક ક્ષેત્રે ઉચ્ચતમ શિક્ષણના કેન્દ્ર તરીકે પ્રસિદ્ધ થયેલ છે. ૪૦ વર્ષની કારકિર્દીમાં આ સંસ્થાએ શિક્ષણ અને સંશોધનમાં મહત્ત્વનું યોગદાન કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, સેપ્ટ તરીકેની આ ઓળખને અનુરૂપ એ ઇચ્છનીય છે કે, આ યુનિવર્સિટીને, સેપ્ટ યુનિવર્સિટીનું નામ આપવામાં આવે, જેની સામે વિપક્ષના નેતાશ્રીને પણ વાંધો નથી. જે એકટ પ્રમાણે હાલમાં Centre for Environmental Planning and Technology University છે તે નામ અંગે આ બદલાવ જરૂરી છે. સેપ્ટના નામનું કારણ લઈને સરકારી અને વ્યવાસાયિક કામોમાં મુંઝવણો ઊભી થાય છે. જે વિસંગતતાની વાતો થઈ છે તેના રેફરન્સમાં જ આ કહેવાનું કે જે ક્ષતિ દૂર કરવા આ સુધારો જરૂરી બને છે. અગાઉ પણ નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજીને નિરમા યુનિવર્સિટીનું નામાભિધાન કરવામાં આવ્યું છે અને તે મુજબનું વિધેયક પણ પસાર કરવામાં આવેલ છે. હાલમાં સેપ્ટ યુનિવર્સિટી અમદાવાદના અંદાજે ૨૬ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે એકસચેન્જ પોગ્રામ ચાલું છે જેમાં Swiss Federal Institute of Technology, Switzerland, Delfert University Netherland, Barclays School of Learning, London, Washington University, USA, Pensylvania University, USA વગેરેનો સમાવેશ થાય છે. આ પોગ્રામ હેઠળ વિદ્યાર્થીઓને એક સેમેસ્ટર આખું બીજી યુનિવર્સિટીમાંથી જ્ઞાન મેળવવાની તક પ્રાપ્ત થાય છે. સેપ્ટ એ પ્રદર્શનો અને સંશોધનો, સ્ટુડિયો ફેકલ્ટી એકસચેન્જ વગેરેના માધ્યમથી આ આંતર રાષ્ટ્રીય જોડાણો પણ ધરાવે છે અને એટલે જે વિસંગતતાઓ વિપક્ષી નેતાને લાગે છે એ આનું સરલીકરણ કરવા માટે થઈને જ આ સુધારો અત્રે લાવવામાં આવ્યો છે એનું હું સમર્થન કરું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી લાલસિંહભાઈ.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) અર્જુનભાઈને બોલવું હોય તો હું બેસું.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ. એ આપના માટે કહે છે, લાલસિંહભાઈ પોતે વિથડ્રો થાય છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બીલમાં કોઈ તરાપ નથી હોતી નીતિનભાઈ. બીલમાં છૂટ હોય છે ગમે એટલું બોલવું હોય.

**અધ્યક્ષશ્રી** : એ લોકો અંદર અંદર તરાપ મારે એમાં આપે નહીં બોલવું જોઈએ (અંતરાય) નહીં, નહીં, એ લોકો અંદરો અંદર હોય એમાં તમે શું કામ બોલો છો. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : પરાણે વારો આવ્યો હતો.

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હજી આ શુક્રવારે બોલવાનું છે. (અંતરાય) અહીંયાં અમારામાંથી કોઈ એમ કહે એમ નથી કે મારો વાંક શું ? મને કાઢ્યો એમાં મારો વાંક શું એમ નહીં કહે.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, આપ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નીતિનભાઈએ કહ્યું એટલે મેં કહ્યું સાહેબ. મારો વાંક શું ? છાપામાં જાહેરાતો ના આપવી પડે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ (અંતરાય) નહીં, મારે ચર્ચાને આગળ લઈ જવી છે અને તમારે બીજી ચર્ચાઓ કરવી છે, બે વચ્ચે જરા..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ના મારી તો સાહેબ બીજી ચર્ચાની પણ તૈયારી છે પણ મૂળ ચર્ચા..

**અધ્યક્ષશ્રી** : બીજી ચર્ચાઓ માટે મેં બહાર જગ્યાઓ લોન્જમાં આપેલી જ છે. અર્જુનભાઈ આપ પ્રવચન શરૂ કરોને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સુધારા વિધેયક માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે Centre for Environmental Planning and Technology University સુધારા વિધેયક-૨૦૧૦ એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષ્શ્રી, એક જમાનો એવો હતો કે, તમામ બાબતો ઉપર સરકાર પોતાનો અંકુશ રાખતી. ફરી પાછા એ વિચારોમાં થોડુંક પરિવર્તન આવ્યું અને ડિ-કન્ટ્રોલનો જમાનો આવ્યો અને ડિ-કન્ટ્રોલને માનનીય અધ્યક્ષશ્રી મુદ્રા લેખ બનાવીને ઘણા લોકો ચાલવાના પણ આ બંને અંતિમ છેડાઓ ઉપર રહેલી બાબતો છે.પણ જે પ્રજા માટે સારું છે એ કયાંક વચ્ચે રહેલું છે. અંતિમ નિર્ણયો નહીં પણ બધાના જે સારા વિચારો છે કન્ટ્રોલ અને ડીકન્ટ્રોલ વચ્ચેના એ વિચારો લઈને ચાલવું જોઈએ એટલા માટે અમારા નેતાશ્રીએ આ બાબતમાં ચિંતા વ્યકત કરી છે. એ બાબત આપણે સ્વીકારીએ છીએ કે એક નાનકડા સેન્ટરમાંથી શરૂ થયેલી સંસ્થા નામ તો મોટું હતું.સેન્ટર ફોર એન્વાયર્મેટલ પ્લાનીંગ એન્ડ ટેકનોલોજી પણ સામાન્ય જનતા અને વિદ્યાર્થીઓ, એન્જીનીયરો, પ્લાનરો બધા જ એને સેપ્ટથી ઓળખે છે. માત્ર ગુજરાતની જ નહીં પણ આ સંસ્થાએ છે દેશની અને એશિયાની સારામાં સારી સંસ્થા છે અને ગુજરાત અને ગુજરાતની બહાર પ્લાનીંગની અંદર, ડિઝાઈનીંગની અંદર તેણે પોતાનું નામ પણ કાઢયું છે. એને દરજજો પણ સારો આપ્યો છે. યુનિવર્સિટીનો દરજજો પણ આપ્યો છે આપણે આ જ ગૃહમાંથી આ યુનિવર્સિટીને યુનિવર્સિટીનો દરજજો આપવાનું જે બીલ છે એ સર્વાનુમતે સ્વીકાર્યું હતું એમાં કોઈ શંકાને સ્થાન નથી. એ ભાવનાની સાથે પણ બધા જ લોકો સંમત હતા અને એમાં જે તે વખતે બીલ બનાવ્યું ત્યારે થોડાઘણા જે અંકુશો મુકયા હતા એ અંકુશો અવિચારી અંકુશો નહોતા. એ

વિચારીને મુકેલા અંકુશો હતા અને એટલા માટે કે એ યુનિવર્સિટી જે બનાવી છે આપણે એ જે એની કલ્પના, પરિકલ્પના છે કે આ યુનિવર્સિટીમાં શું શું થવું જોઈએ, એ રસ્તે ચાલે ત્યાં સુધી એમાં કોઈએ હસ્તક્ષેપ ન કરવો જોઈએ આ વાત પણ એટલી જ સાચી છે પણ આજે જે બીલ લઈ આવીને જે સુધારા મુકયા છે એ સુધારા એવા છે કે જેમાં અનુભવો એમ કહે છે કે એ સુધારાથી ચિંતા ઉભી થશે. આજે સેલ્ફ ફાઈનાન્સ કોલેજો, સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટીઓ એમાં બધી જ સારી છે એમ માનવાને કારણ નથી. અથવા તો બધા જ લોકો બરાબર ચાલશે, કોઈને કશું કહેવાની જરૂર નહીં પડે, કયારેય ડિરેકશન આપવાની જરૂર નહીં પણ એ પણ સાચું નથી. મારા સહિત અને શિક્ષણ મંત્રીશ્રી સહિત બધા પાસે ફરિયાદો એવી આવે છે કે એક સેલ્ફ ફાઈનાન્સ કોલેજની અંદર એડમિશન લઈ લીધું અને એ અપગ્રેડ થઈને બીજી કોઈ સારી કોલેજમાં એને એડમિશન મળે, એડમિશન નહીં ટ્રાન્સફર મળે તો પેલી કોલેજવાળો એને એમ કહે કે આખા વર્ષની ફી ભરી જાવ એના પછી તમારી માર્કશીટ આપીશ. ત્રણ વર્ષની ફી ભરી જાવ નહીંતર તમારી માર્કશીટ નહીં આપું. એ વિદ્યાર્થીએ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું પડે અને આ મુદ્દા ઉપર એને પનીશમેન્ટ કરવાના કોઈ અધિકારો કમનસીબે ના શિક્ષણ મંત્રીશ્રી પાસે છે કે ના શિક્ષણ સચિવ પાસે છે. માત્ર અમુક સમિતિ બનાવી અને એના અધિકાર આપ્યા છે એના ડરને કારણે કોઈક આપે છે અને કોઈક નથી આપતા. બે બે ત્રણ ત્રણ વર્ષ થઈ જાય વિદ્યાર્થી દુઃખી થાય છે. અંકુશો વગર કેવી સ્થિતિ થાય એનો દાખલો આપ્યો અને અંકુશો વગર માનનીય શકિતસિંહભાઈએ બહુ સારી વાત કરી કે આજે આ સંસ્થા છે એ બહુ પ્રતિષ્ઠિત સંસ્થા છે. એના ટ્રસ્ટીઓ પ્રતિષ્ઠિત છે અને માર્કેટની અંદર વિદ્યાર્થીઓની અંદર, એકેડેમીની અંદર, રિસર્ચ કરનારા લોકોની અંદર અનેક આ સેપ્ટ યુનિવર્સિટીનો ઉપયોગ કરનાર સંસ્થાઓની અંદર એનું ખૂબ મોટું રેપ્યુટેશન છે. આવું તો રહેવાનું જ. મારા બધા સાથીઓ બે બાબતોથી બે સંસ્થાઓની હાલત કેવી થઈ એનાથી બહુ પરિચિત છે.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો સમય પૂરો થાય છે. આપનું વકતવ્ય ચાલુ રહેશે. સભાગૃહ આવતી કાલે તા.૨૫-૨-૨૦૧૦ના રોજ બપોરે ૧૨-૦૦ વાગે ફરી મળશે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૦ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૨૫ મી ફેબ્રુઆરી, ૨૦૧૦**
**ફાલ્ગુન ૬, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં નર્મદાનું પાણી શાખા નહેરને આપવા બાબત**

* ૧૨૦૮૭ **શ્રી બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં નર્મદાનું પાણી કેટલી શાખા નહેરોમાં આપવામાં આવે છે, અને

(૨) બાકીની શાખા નહેરોનું કામ કયારે પૂર્ણ કરવાનું આયોજન છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા):**

(૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાંની કુલ ૧૦ શાખા નહેરો પૈકી ૭ શાખા નહેરોનાં કામ પૂર્ણ થયેલ છે જયારે ૩ શાખા નહેરોનાં કામ અંશતઃ બાકી છે. આ તમામ ૧૦ શાખા નહેરોમાં પાણી આપવામાં આવે છે.

(૨) ઉપરોકત ૩ શાખા નહેરોનાં અંશતઃ બાક કામો શકય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું એટલા માટે કે મારા વિસ્તારમાં ૨૫ તળાવો ભરવામાં આવ્યાં છે. બીજી વાત ઉનાળું ડાંગર કયારેય પણ  થતી નહોતી, ચોમાસું આકાશી ખેતીથી જ ફકત ડાંગરનો પાક થતો હતો. આજે ઉનાળું ડાંગર અને દ ઉંનો ખૂબ સારો પાક થયો છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લાના કેટલા તાલુકાઓમાં તળાવો ભર્યા છે અને અમદાવાદ જિલ્લાને આ સિંચાઈના પાણીથી કેટલો લાભ થયો?

**શ્રી નીતિનભાઈ   ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સત્રની શરૂઆતની આ પહેલી પ્રશ્નોત્તરીમાં પહેલો પ્રશ્ન એ આપણા સૌની ખૂબ અપેક્ષાવાળી નર્મદા યોજનાનો આવ્યો છે એનો આપણને સૌને આનંદ છે. નર્મદા યોજનાનું કામ, મુખ્ય કેનાલથી માંડીને પેટા કેનાલો સુધીનું તબકકાવાર ઝડપથી રાજય સરકારે અને નિગમે હાથ ઉપર લીધું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જવાબ અમદાવાદ જિલ્લા પૂરતો મર્યાદિત રાખજો.

**શ્રી નીતિનભાઈ   ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં મુખ્ય કેનાલ અને પેટા કેનાલ દ્વારા માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો એ પ્રમાણે અમદાવાદ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં જયાં જયાં નર્મદા કેનાલની એસ્કેપથી અથવા અન્ય વ્યવસ્થાથી પાણી આપી શકાય તેમ છે એવી જગ્યાએ લગભગ ૫૦ કરતાં વધારે તળાવો આ વખતે ભરવામાં આવ્યાં છે અને એની સાથે સાથે નદીઓમાં કે વાંકળાઓમાં પાણી નાખીને પણ વાયા વાયા ખેડૂતોને ઈરિગેશન મળે  અને નર્મદાના પાણીનો વધુમાં વધુ સક્ષમ ઉપયોગ કરી શકાય અને નર્મદા યોજનાની વ્યવસ્થા પૂર્ણ થાય ત્યાં સુધી આપણને મળેલ  પાણીનો ઉપયોગ કરીને ખેડૂતો ખેત ઉત્પાદન વધારી શકે એ માટે સરકાર સતત કાર્યવાહી કરી રહી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બે બાબતો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માનનીય મંત્રીશ્રી જ આખા ગુજરાતની વાત કરીને પ્રશ્ન પૂછવાનો સ્કોપ આપ્યો છે ત્યારે અત્યારે જે નર્મદાની ઉંચાઈ છે અને જેટલું પાણી આપણી પાસે છે એનાથી ૧૮ લાખ હેકટર સિંચાઈને પાણી પૂરું પાણી શકાય તેમ છે. આપણે આજની તારીખે મુખ્ય નહેર, પેટા  નહેર, પ્રશાખા, ફિલ્ડ ચેનાલ બનાવી શકયા નથી એ આપણી બેદરકારીને કારણે  જે ગુજરાતમાં ઈરિગેશન માટે પાણી આપણને મળે છે એ ખરા અર્થમાં માત્ર ૧ લાખ હેકટર, બીજી રીતે લે છે એના કારણે ૫ લાખ હેકટર, આ મારી પાસે આર.ટી.આઈ. હેઠળ માહિતી મેળવીને લીધેલ આંકડાની વાત કરું છું. માત્ર રાજય સરકારની માહિતીને આધારે કહું છું કે ૧૦ લાખ હેકટરને સિંચાઈ આપી શકાય એટલું પાણી દરિયામાં વહી જાય છે. એક ઈંચ ઉંચાઈ વધાર્યા સિવાય, એક પણ બારણું ચડાવ્યા સિવાય પાણી આપી શકતા હોય એ નથી આપી શકતા, આપણને એ બાબત નડે તેમ છે. તો વહેલામાં વહેલી તકે આ કામ પૂરું થાય એના માટે શું આયોજન છે અને અમદાવાદ જિલ્લામાં કેટલું ઈરિગેશન આજની તારીખે આપના આયોજન મુજબ થવું જોઈતું હતું અને એ પૈકી કુલ કેટલું થઈ રહ્યું છે અને એ આયોજન મુજબ કેટલું થવું જોઈએ એ બે આંકડા મારે જોઈએ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, પ્રશ્ન અમદાવાદ જિલ્લાનો છે, એટલે માહિતી હોય તો આપો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :એમણે જ આ વિસ્તૃત કર્યુ છે, જયારે માનનીય મંત્રીશ્રી આખા રાજયની વાત કરે તો એનો અર્થ એ થયો કે એ આખા રાજયની માહિતી આપવાની તૈયારી છે. He has widen the scop.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને સૌથી પહેલાં તો આશ્ચર્ય અને દુઃખ એ વાતનું થયું કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એમ કહ્યું કે અત્યારે નર્મદાનું જેટલું પાણી છે એનાથી ૧૮ લાખ હેકટરની સિંચાઈ થઈ શકે તેમ છે. મારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના ધ્યાન ઉપર નમ્રપણે લાવવું છે કે નર્મદા યોજનાની કુલ ઉંચાઈ પૂર્ણ થઈ જાય ત્યારે ૧૮ લાખ હેકટર કુલ કમાન્ડ જે ટ્રિબ્યુનલે નકકી કરેલ છે એટલા વિસ્તારને પાણી મળી શકે તેમ છે. અત્યારે ૧ર૧.૯ર મિટર ઉંચાઈ પ્રાપ્ત થઈ છે.માનનીય શકિતસિંહજી, આપે ૧૮ લાખ હેકટરની વાત કરી, મારે આપના ધ્યાન ઉપર મૂકવું છે કે જયારે નર્મદા બંધની આખી ઉંચાઈ પ્રાપ્ત થઈ જાય ત્યારે ૧૮ લાખ હેકટર સિંચાઈ પ્રાપ્ત થઈ શકે એમ છે. ટોટલ હાઈટનું કામ પૂરું થાય તે પછી કમાન્ડ વિસ્તાર નકકી થયો છે તે ૧૮ લાખ હેકટર છે. અત્યારે જળાશયમાં ૧/૩ પાણી ભરાય છે હજુ ઉપરનું ડબલ પાણી ભરવા માટેની ઉંચાઈ મેળવવાનું બાકી છે એ હું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને જણાવવા માગું છું. છતાં જે પાણી આ વખતે બે વખત નર્મદા ડેમ ઓવરફલો થયો તેના દ્વારા કેનાલમાં પાણી વહાવ્યા રાજયની જે જે નદીઓ નર્મદા કેનાલની નજીક આવેલી છે તે મોટાભાગની નદીઓમાં આપણે પાણી આપ્યા, કેનાલ દ્વારા પાણી આપ્યા અને ખેડૂતોના તળાવો જે ગામો નજીકમાં હતાં તે તળાવો ભરવાનું કામ કર્યુ અને તેના કારણે આ વખતે અબજો રૂપિયાનું વધારાનું કૃષિ ઉત્પાદન ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આપણને પ્રાપ્ત થયું છે. અને તે રીતે ઘણો મોટો લાભ આડકતરી રીતે આપણે પાણી મેળવ્યું તેનાથી થયો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાની મે માહિતી માગી છે તેનો જવાબ જ નથી આપ્યો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી એનો જવાબ પણ હું આપું છું. અમદાવાદ જિલ્લામાંથી કુલ ૧૦ શાખા નહેરો નીકળે છે તેમાંથી ૭ શાખા નહેરોના કામ સંપૂર્ણ પૂર્ણ થયેલા છે અને ૩ શાખા નહેરોના કામ હજુ ચાલી રહયા છે અને આ વર્ષની આખરમાં એટલે માંચની આખર સુધીમાં તેના કામો પૂર્ણ કરવાનો અમારો લક્ષ્યાંક છે. જેના દ્વારા પાણી મળવાનું છે તે જોઈએ હાલમાં જે કેનાલોમાં પાણી વહાવ્યું છે તેનાથી ૧ લાખ ૭પ હજાર એકરમાં અંદાજે આપણે સીધું કે આડકતરું ઈરિગેશન આપી શકયા છીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં ટોટલ ઈરિગેશન કેટલું થવાનું છે અને અત્યારે કેટલું છે તે જ મેં પૂછયું છે. જેનો જવાબ હજુ નથી આવતો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાંથી જે દસ શાખા નહેરો નીકળે છે એનાથી અમદાવાદ જિલ્લાના દસ તાલુકામાં ૩,૩પ,૮૯૬ હેકટરમાં ઈરિગેશન આપવાનું છે અને તેના અંગેની તમામ કામગીરી ખૂબ ઝડપથી રાજય સરકારે હાથ ઉપર લીધી છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછું તે પહેલા ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને સિંચાઈ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન એટલા માટે આપવા માગું છું કે મારા મત વિસ્તાર નળ કાંઠાનો વિસ્તાર અતિ પછાત જાતિના લોકો રહેતા હોય ત્યાં માનનીય સિંચાઈ મંત્રીશ્રીએ ૧૬ કરોડના ખર્ચે ટ્રેનો ઉપર પુલ બાંધીને સિંચાઈના પાણી વહેવડાવવાનું કામ કર્યુ છે. ત્યારે અમદાવાદ જિલ્લામાં કેટલી લંબાઈમાં શાખા નહેરો નીકળે છે અને તે શાખા નહેરોમાં કેટલી લંબાઈમાં પાણી વહેવડાવી શકાય છે તે હું પૂછવા માગું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાંથી કુલ ર૦૩ કિલો મીટર શાખા નહેરો નીકળે છે એમાંથી ૧૯૯.૮૦ કિલો મીટરમાં પાણી વહાવવામાં આવ્યું છૈ.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ખૂબ ગંભીર છે, અને સમગ્ર ગુજરાતની લાગણીઓ આ પ્રશ્ન સાથે સંકળાયેલી છે. આર.ટી.આઈ.માં મળેલ માહિતી અને બીજી માહિતી ઉપલબ્ધ છે અને સરકાર દ્વારા અવારનવાર કહયું છે તેના આધારે બહુ સ્પષ્ટ દેખાય છે કે અત્યાર સુધીમાં કેનાલનું જે નેટવર્ક પુરું કરવાનું છે એમાં આપણે ર૯ ટકા જેટલા કામો પૂરાં કરી શકયા છીએ અને ૭૧ ટકા જેટલું કેનાલોનું નેટવર્કનું કામ બાકી છે. આ કેનાલના નેટવર્કનું કામ પૂરું ન થાય ત્યાં સુધી ખેડૂતોને પાણી આપી શકવાના નથી. મારે આપના થકી માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે આ બાકીનું કેનાલોનું નેટવર્ક પૂરું કરવા માટે સરકારે શું નાણાકીય અને ભૌતિક આયોજન કર્યુ છે અને કેટલા સમયમાં એ પૂરું કરવામાં આવશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : કોંગ્રેસ પક્ષના પ્રમુખશ્રી અને સન્માનનીય ધારાસભ્યશ્રીને હું ચોક્કસ જણાવીશ કે આ રાજય સરકારે કેવડિયા કોલોનીથી માંડીને રાજસ્થાન સુધી મેઈન કેનાલના કામો આજથી ત્રણ વર્ષ પહેલા સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે અને રાજસ્થાનને પણ પાણી આપ્યું છે. મેઈન કેનાલ પછી પેટા શાખાઓ અને માઈનોર અને સબ માઈનોરના કામો આવે. આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓને કહીશ કે લાખો કિલોમીટરની માઈનોર અને સબ માઈનોરના કામો કરવાના છે મને તો દુઃખ એ વાતનું છે કે ૧૯૬૦માં નર્મદાનું કામ શરૂ થયું ત્યારપછી ૧૯૭૪-૭પની આજુબાજુ જમીન સંપાદાનનું કામ પૂર્ણ કર્યુ હોત તો કેનાલના કામો કયારનાય પૂર્ણ કરી શકયા હોત. તમારી સરકારો વખતે કોઈ કામો કરી શકયા નહિ, કોઈ જમીન સંપાદન ન થઈ કોઈ ડિઝાઈન ન

બની એના કારણે નર્મદાના બધા જ કામો એકડે એકથી આ સરકારે શરૂ કરવા પડયા અને અમે એ કરી રહ્યા છીએ.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : આ કેનાલોના કામો પૂર્ણ કરવા માટે શું આયોજન કર્યુ છે અને કેટલા સમયમાં એ પૂર્ણ થશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : નાણાકીય આયોજન દર વરસે બજેટ પ્રમાણે થાય અને સતત આપણે ફાળવણી કરીએ છીએ. આ વરસે કેટલું આયોજન કર્યુ છે એ અંગે માનનીય નાણામંત્રી પ્રવચન કરશે ત્યારે ખબર પડશે. ચાલુ વરસે ૩૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી હતી.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : અમદાવાદ જિલ્લાના કેટલા શહેરોમાં અને કેટલા ગામડાંને નર્મદાનું પાણી પીવા માટે આપવામાં આવ્યું?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આમ તો નર્મદા કેનાલ આધારિત પીવાના પાણી આધારિત પુરવઠા યોજનાઓ આખા રાજયમાં અમલમાં મૂકવામાં આવી છે. આખા ગુજરાતની સાડા પાંચ કરોડની પ્રજામાંથી લગભગ બે કરોડ જેટલા નાગરિકોને નર્મદાનું પાણી આ સરકારે સરફેશ લેવલનું શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવ્યું છે. અમદાવાદ જિલ્લાના મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારને અમદાવાદ શહેર સહિત અત્યારે નર્મદાનું પાણી અપાય છે.

**કોડીનાર તાલુકામાં ખૂન, ચોરી,લૂંટ, મારામારી અને બળાત્કારના બનાવો**

***૧૧૫૯૮ શ્રી ધીરસિંહ ક. બારડ (કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં ખૂન, ચોરી,લૂંટ મારામારી અને બળાત્કારના કેટલા ગુનાઓ વર્ષવાર નોંધાયેલ છે,

(૨) ઉપરોકત નોધાયેલા ગુનાઓમાં કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે, અને કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે,

(૩) ઉપરોકત નોંધાયેલા ગુનામાં કેટલા રજીસ્ટર્ડ ગુનામાં બી, સમરી ભરી નિકાલ કરેલ છે,

(૪) બી, સમરી ભરી નિકાલ કરેલ કેસ એકજ પરિવાર સામે નોંધાયેલ ગુના અંગેના છે તે વાત ખરી છે, અને

(૫) જો હા, તો તેની વિગતો શું છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ):

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં ખૂન, ચોરી, લૂંટ, મારામારી અને બળાત્કારના વર્ષવાર નોંધાયેલા ગુનાઓની વિગત નીચે મુજબ છે.

તા. ૧-૧-૨૦૦૭ થી ૩૧-૧૨-૨૦૦૭

| ખૂન | ચોરી | લૂંટ | મારામારી | બળાત્કાર |
|---|---|---|---|---|
| ૧ | ૨૮ | ૩ | ૩૪ | ૧ |

તા. ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮

| ખૂન | ચોરી | લૂંટ | મારામારી | બળાત્કાર |
|---|---|---|---|---|
| ૨ | ૪૦ | ૪ | ૩૨ | ૧ |

તા. ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯

| ખૂન | ચોરી | લૂંટ | મારામારી | બળાત્કાર |
|---|---|---|---|---|
| ૩ | ૨૧ | ૩ | ૩૮ | ૧ |

(૨) કુલ ૩૫૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. અને ૩૯ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે. ખૂન અને બળાત્કાર જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે.

(૩) માત્ર ૨ ગુનાઓમાં બી, સમરી ભરી નિકાલ કરેલ છે.

(૪) ના, જી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : હું આપની મારફત ગૃહ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમણે ૨૦૦૭, ૨૦૦૮ અને ૨૦૦૯માં જે ગુનાઓનું લિસ્ટ આપ્યું છે એમાંથી ૩૫૬ આરોપીઓને પકડયા છે. ૩૯ બાકી છે એ પૈકી ૩માં એમ કહ્યું છે કે બે માં બી, સમરી ભરી છે, બાકીમાં બી, સમરી ભરી નથી. એમણે આ ગૃહને ગેરરસ્તે લઈ જવાનો પ્રયત્ન કર્યો છે. મારી પાસે પાંચ એફ..આઈ. આર. છે. કોડીનાર તાલુકાની પાંચ એફ.આઈ.આર. છે. એકજ કુટુંબના સભ્યોના નામ માટે થઈને એણે મને જવાબ આપ્યું છે એમાં લખ્યું છે, ના,જી. આવું કંઈ બન્યું નથી. મારી પાસેની એફ.આઈ.આર. માં એકજ કુટુંબના સભ્યોના નામ છે. એકજ કુટુંબના તમામ સભ્યો સામે ૩૯૪,

૩૯૫,૩૬૦, ૧૪૯ જેવા ગુનાઓમાં બી, સમરી ભરીને આ બધાની ધરપકડ કરવામાં આવી નથી. આ ગૃહને ગૂમરાહ કરવાનો પ્રયત્ન કર્યો છે એમાં માનનીય મંત્રીશ્રી જવાબ આપવા માગે છે કે શું કરવા માગે છે?

**શ્રી અમિત શાહ** : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન ઉપાડયો છે એ વિગતો મને આપે હું એની તપાસ કરાવી આ સત્ર દરમિયાનમાં જ એનો ડિટેઈલ જવાબ આપવા માટે (અંતરાય) મારો જવાબ સાંભળો તો ખરા. આગળ સાંભળો તો ખરા.(અંતરાય) મારી પાસે જે માહિતી રેકર્ડ મુજબ આવી છે, મેં ગૃહના પટલ પર મૂકી છે. તેમાં મેં કોઈ માહિતી છૂપાવવાનો પ્રયત્ન નથી કર્યો. ન કોઈ એવો આશય છે, છતાંય કયાંય તેની અંદર ક્ષતિ હોય અને માનનીય સભ્યશ્રી મારું ધ્યાન દોરે તો હું એનો ચોક્કસ જવાબ આપીશ. માનનીય અધ્યક્ષશ્રી, સમરી બે જ કેસની અંદર ભરાયેલી છે અને મારી એ માહિતીને વળગી રહું છું. મારી એક વિનંતી છે કે એક કુટુંબની ચિંતા કરવાની જગ્યાએ આખા મત વિસ્તારની ચિંતા કરીએ તો કદાચ એ આવનારા દિવસોમાં વધારે ફાયદો થાય.

**અધ્યક્ષશ્રી** : ધીરસિંહભાઈ, તમારી પાસે જે માહિતી છે તે મને મોકલી આપજો. તમે જે હમણાં બતાવતા હતા તે અને હું મંત્રીશ્રીને..(અંતરાય)

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી એકવાર કહું છું કે મેં જે જવાબ.. (અંતરાય) નહીં, નહીં, માનનીય સિદ્ધાર્થભાઈ,.. માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી એકવાર વળગી રહું છું કે બે જ કેસોમાં સમરી ભરાઈ છે. આ જવાબ મારી પાસે રેકર્ડ પર જે માહિતી છે તેના આધારે મેં આપ્યો છે અને તેની અંદર કશું જ છૂપાવવાનો પ્રયત્ન કર્યો નથી. એ માહિતીની અંદર કંઈક ક્ષતિ હોય તો ચોક્કસ સભ્યશ્રી ધ્યાન દોરી શકે અને જો તેમનું દોરેલું ધ્યાન સાચું હશે તો હું કશું જ છૂપાવ્યા વગર ગૃહ સામે ફરીવાર આ માહિતી લઈને ઉપસ્થિત થઈશ અને મારા વિભાગની જે ક્ષતિ હશે તેની વાત પણ કરીશ.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સન ૧૯૯૧થી ૧૯૯૪ એટલે કે કોંગ્રેસના શાસનમાં ચાર વર્ષ અને વર્તમાન સરકારના શાસનમાં ૨૦૦૫થી ૨૦૦૮ની સરખામણીએ કયા કયા શાસનમાં ખૂન, ચોરી, લૂંટ, મારામારી, બળાત્કારના ગુનાઓ વધારે નોંધાયેલ છે કે કેમ અને કેટલા?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એમને સ્કોપની બહાર પ્રશ્ન પૂછયો છે પણ એટલું ચોક્કસ કહીશ કે કોંગ્રેસના શાસન કરતા ગુનાઓમાં મોટી સંખ્યામાં ઘટાડો થયો છે. મોટી સંખ્યામાં.

**શ્રી ધીરસિંહ ક. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૪ની વાત લઈને માનનીય સભ્યશ્રી રાજસીભાઈ લઈને આવ્યા હોય તો મારે એટલું જ કહેવાનું છે કે ૧૯૯૮થી ૨૦૦૯ સુધીમાં કોડીનાર પોલીસ સ્ટેશનની અંદર• (xxxx) નહીં અમે તો રાજીનામાં આપી દેવા તૈયાર છીએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ધીરસિંહભાઈ,..

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : આ ગૃહમાં ખોટી માહિતી આપવાની વાત કરે છે.

**અધ્યક્ષશ્રી** : આ આક્ષેપો હું રેકર્ડ ઉપરથી કાઢી નાખું છું. (અંતરાય)

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ વાતનો જવાબ આપવો છે. પોલીસે.. (અંતરાય) હા, તો પૂછે ને હું કયાં ના પાડું છું. પૂછવાની મેં ના નથી પાડી ભાઈ. એ બેસી ગયા છે. મેં ના નથી પાડી.

**અધ્યક્ષશ્રી** : એમનો પ્રશ્ન પૂરો થયો. તમે જવાબ આપો.

**શ્રી અમિત શાહ** : એ બેસી ગયા છે સાહેબ, મેં કયાં ના પાડી છે પૂછવાની?

**અધ્યક્ષશ્રી** : તેમનો પ્રશ્ન પૂરો થઈ ગયો ભાઈ. પેલા આક્ષેપોવાળી વાત હું કાઢી નાખું છું. (અંતરાય) નહીં, મેં જે શબ્દો રેકર્ડ ઉપરથી કાઢ્યા એ (xxxx) (xxxx) કાઢી નાખ્યા છે. એટલા જ કાઢ્યા છે. (અંતરાય) કારણ કે કોઈ પણ આક્ષેપ કરતા પહેલાં લેખિત જાણ કરવી જોઈએ એટલા માટે હું કાઢી નાખું છું. (અંતરાય)

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : મોઘમ આક્ષેપ થયો, કોઈના નામ સામે નહીં..

**અધ્યક્ષશ્રી** : એમને જે કંઈ આક્ષેપો કરવા હોય, મારી એમને છૂટ છે પણ અગાઉથી જાણ કરવી જોઈએ કે હું આ આક્ષેપો કરવાનો છું. (xxxx) એ શબ્દો મેં કાઢી નાખ્યા છે. બાકીના પ્રશ્નનો જવાબ આપો.

**શ્રી અમિત શાહ** : માનનીય શકિતસિંહજી, હું જવાબ આપું છું, સાંભળો જરા.

**અધ્યક્ષશ્રી** : ધીરસિંહભાઈ, તમારો પ્રશ્ન શું છે?

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન કોડીનાર તાલુકાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ત્યાં જરાય નથી. ત્યાં એવી શરૂઆત થઈ છે કે ૧૯૯૮ પછીથી કોડીનાર પોલીસ સ્ટેશનમાં તમે અહીંથી પણ કોઈ ફોન કરે તો એમ કહે છે કે (xxxx) (xxxx) (xxxx) (xxxx) આ પ્રસ્થાપિત કરવા માગે છે કે કેમ? ત્યાંની સ્થાનિક આમ જનતા એકને બદલે બીજાને આરોપી બનાવવામાં આવે છે. હમણાંનો ગુન્હો બનેલો છે. જેમાં બનાવ બનેલ વ્યકિત બીજો હતો, એની એફ.આઈ.આર. ફાડી નથી અને બીજા સાત જણાને

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

લઈને, અહીંયાંથી ગૃહ મંત્રાલયમાંથી ફોન આવે છે કે અમે કહીએ એમ એફ.આઈ.આર. ફાડવાની. તો અમને એમાંથી મુકિત અપાવવાની છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પોલીસ સ્ટેશન માટે જે કહ્યું કે, (xxxx) પોલીસ સ્ટેશન છે એ શબ્દો નીકળી જવા જોઈએ. એવું કોઈ જ્ઞાતિ માટે ન કહેવાય.

**અધ્યક્ષશ્રી** : એવા શબ્દ (xxxx) જ્ઞાતિ સમુદાય માટેના છે. (અંતરાય) હોય તો પણ ન વપરાય. ના, ના, ના. આપણે મર્યાદા જાળવીએ જ છીએ. (અંતરાય) હું *(xxxx) શબ્દ કાઢી નાખું છું. (નેકસ્ટ)

(વિરોધપક્ષમાં કોંગ્રેસ પક્ષના હાજર રહેલા સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર " ગુંડાઓને છાવરવાનું - બંધ કરો બંધ કરો" )

**અધ્યક્ષશ્રી** (xxxx) શબ્દ બોલ્યા છે. (અંતરાય) આપ જોઈ લો, (xxxx) શબ્દ વાપર્યો છે. આપ જોઈ લો પછી કહોને.

**શ્રી વજુભાઈ વાળા** : થોડુંક સાંભળતા જાઓ, કાંઈક કાને પાડતા જાઓ, જતાં જતાં થોડુંક સાંભળતા જાઓ.

**( વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના સભ્યો સૂત્રોચ્ચાર કરતા કરતા સભાગૃહ છોડી ગયા)**

**શ્રી અમિત શાહ** : શ્રી શકિતસિંહજી..

**શ્રી વજુભાઈ વાળા** : એમણે જે (xxxx) પોલીસ સ્ટેશન કહ્યું છે..

**અધ્યક્ષશ્રી** : એ મેં સાંભળ્યું છે.

**શ્રી અમિત શાહ** : એમણે પ્રશ્ન મુવ કર્યો છે એટલે એમના પ્રશ્નનો જવાબ આપું છું. એમણે કોઈ જ્ઞાતિ વિશેષ માટે કહ્યું છે. આ પોલીસ સ્ટેશન એમનું છે એ હકીકત નથી. આવી કોઈ લોકોમાં માન્યતા નથી. માન્યતા તો કોંગ્રેસનું શાસન હતું ત્યારે પોલીસ સ્ટેશનો લતિફના નામે ઓળખાતા હતા, મમુ મિયાં પંજુ મિયાંના નામે ઓળખાતા હતા, પોલીસ સ્ટેશનો હાજી ઈસ્માલના નામે ઓળખાતા હતા. હવે પોલીસ પોલીસ તરીકે ઓળખાય છે. આ રીતે ગૃહની પ્રશ્નોત્તરીના સમયની અંદર vague પ્રશ્ન પૂછ્યો. મારી પાસે આંકડાઓ છે. ગુન્હાઓ ઘટ્યા છે. ૧૦૦ ટકા ડિટેક્શન થયા છે. ધરપકડ ૯૫ ટકા થઈ છે. કોઈ વાતની ચર્ચા નહીં કરવાની અને એક કુટુંબની વાત કરવાની? કોથળામાં પાંચ શેરી ભરીને વાત કરવાની પદ્ધતિ છે એ રાજકીય લાભ ખાટવા માટે છે અને હું એવું માનું છું કે, આપશ્રીએ માર્ગદર્શન આપવું પડે. પ્રશ્નોત્તરીના સમયનો ઉપયોગ વિધેયાત્મક રીતે થાય. એમની નિમ્ન કક્ષાની રાજનીતિ કરવામાંથી સભ્યશ્રીએ ઉપયોગ ટાળવો જોઈએ. આંકડાઓની ચર્ચા કરવા માટે તૈયાર નથી. આંકડાઓની સરખામણી કરવા માટે તૈયાર નથી. પોલીસનું ડિટેક્શન સાંભળવા તૈયાર નથી, પોલીસે કેટલાઓને સજા કરાવી એ સાંભળવા તૈયાર નથી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે એવા આરોપો કરવા હોય તો મારી પાસે એક જ જવાબ છે કે, તમારા સમયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી હતી અને એટલે તમે ત્યાં બેઠા છો અને અમારા સમયમાં સારી છે એટલે અમે અહીંયાં બેઠા છીએ.

**પાટણ જિલ્લામાં નર્મદાની શાખા નહેરો દ્વારા સિંચાઈ માટે પાણી આપવા બાબત**

***૧૨૩૩૬ શ્રી રજનીકાંત સો. પટેલ (ચાણસ્મા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પાટણ જિલ્લામાં નર્મદાની શાખા નહેરો દ્વારા ક્યારે સિંચાઇ માટે પાણી આપવામાં આવશે,

(૨) કેટલી જમીનને તેનો લાભ મળશે, અને

(૩) કેટલા તાલુકાને સિંચાઇનો લાભ મળશે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા) :**

(૧) પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની નહેરોની કામગીરી ચાલુ વર્ષે હાથ ધરી વેળાસર પૂર્ણ કરવાની આયોજન છે.

(૨) ૨,૦૩,૮૮૮ હેકટર ખેડાણ લાયક જમીનને લાભ મળશે.

(૩) ૫ (પાંચ) તાલુકાને સિંચાઇનો લાભ મળશે.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જીલ્લો છે એ સરહદી અને રણકાંઠે આવેલો જીલ્લો છે. આવા જિલ્લામાં જયારે વરસાદનું પ્રમાણ ઓછું હતું એવા વખતે નર્મદાની મુખ્ય કેનાલમાંથી નદીઓ અને તળાવમાં પાણીનો આ વખતે સિંચાઈ માટે ખૂબ સારો લાભ મળ્યો છે. એ માટે સમગ્ર વિસ્તારના ખેડૂતો વતી માનનીય સિંચાઈ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે પાટણ જિલ્લામાં નર્મદાની જે શાખા નહેરો છે એ કેટલા સમયમાં પૂર્ણ થશે અને એનાથી કેટલી જમીન અને કેટલા તાલુકાઓને લાભ મળવાનો છે. અને મારો બીજો પ્રશ્ન એ છે કે સરદાર સરોવરની નહેરમાંથી

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

પાટણ જિલ્લાના કેટલા ગામો અને શહેરોને પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન છે આ પૈકી કેટલા વિસ્તારમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે?

શ્રી નીતિનભાઈ ર. પટેલ **:** માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે પ્રથમ વખત પાટણ જિલ્લામાં નર્મદાની મેઈન કેનાલ અને પેટા શાખાઓ દ્વારા પાણી આપવામાં આવ્યું અને એનો ખેડૂતોએ માનનીય સભ્યશ્રી રજનીભાઈએ કહયું એ પ્રમાણે ખૂબ મોટા પ્રમાણમાં ખેતી માટે સદુપયોગ કર્યો, પશુપાલન માટે તળાવો ભર્યા એનાથી પશુપાલનમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં ફાયદો થયો છે. પાટણ જિલ્લાના ચાણસ્મા, હારીજ, સમી રાધનપુર અને સાંતનપુર આ તાલુકાઓની કુલ ૨,૦૩,૮૮૮ હેકટર જમીનને નર્મદાના સિંચાઈના પાણીનો લાભ મળવાનો છે. એમાં ચાણસ્મા તાલુકાના ૧૭ ગામમાં ૬૦૧૫ હેકટર, હારીજ તાલુકાના ૩૬ ગામમાં ૨૧૪૬૭ હેકટર, સમી તાલુકામાં ૯૮ ગામમાં ૯૨,૩૩૬ હેકટર, રાધનપુર તાલુકાના ૫૬ ગામમાં ૩૫૭૦૬ હેકટર અને સાંતનપુર તાલુકાના ૭૧ ગામમાં ૪૮,૩૬૪ હેકટર આમ પાટણ જિલ્લાના ૫ તાલુકામાં ૨૭૮ ગામમાં ૨,૦૩,૮૮૮ હેકટરમાં સિંચાઈના પાણીનો નર્મદાનો ખેડૂતોને લાભ મળવાનો છે જે પૈકી અત્યારે જે કાચી કેનાલો ખોદાઈ ગઈ છે એમાં પાણી વહેવડાવી શકાય છે. એવા તમામ પાણીના સોર્સનો ખેડૂતોએ પૂરેપૂરો મહેનત કરી અને સરકારની લાગણીથી એનો ઉપયોગ કર્યો છે અને એના કારણે ખૂબ મોટો આ જે બનાસકાંઠા અને પાટણ જિલ્લો જે સરહદી વિસ્તાર કહેવાય, કચ્છના નજીકનો વિસ્તાર કહેવાય, કચ્છના નાના રણ પૈકીનો વિસ્તાર કહેવાય એવા સાંતલપુર અને સમી તાલુકામાં અને ગુજરાત રાજયનો જે સૌથી પછાત તાલુકામાં જેની ગણતરી થાય છે એવા સમી તાલુકા જેવા વિસ્તારોમાં આજે કુલ ર લાખ હેકટર કરતા વધુ જમીનમાં નર્મદાનું પાણી વર્ષે એને જે મળતું થયું છે એના કારણે એ વિસ્તારની ખેતીવાડી, પશુપાલન અને એના દ્વારા ઉપજતી સમૃધ્ધિ આજીવીકા અને રોજી રોટીમાં ખૂબ મોટા પ્રમાણમાં ફાયદો થયો છે એનો લાભ ખેડૂતોને મળ્યો છે. બીજું જે મેં આગળના પ્રશ્નના જવાબમાં કહયું એ પ્રમાણે નર્મદા યોજનાની કેનાલોમાંથી પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી લીફટ કરી એ પાણી ફીલ્ટર કરી, ટ્રીટમેંટ કરી કલોરીનેશન કરી ગામડાઓની ટાંકીઓ સુધી પહોંચાડવાનું મોટાભાગનું આયોજન મહેસાણા, પાટણ જિલ્લામાં પૂર્ણ કરવામાં આવ્યું છે અને એનું પાણી આપવાનું ચાલુ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મારી વિનંતી એટલી જ છે કે તમે પાટણ જિલ્લાનો પ્રશ્ન હોય તો એની બહાર ના જશો. મારી વિનંતી આપને છે કે હું જયારે મારી પાસે પ્રશ્ન આવે છે ત્યારે હું આખા રાજયનો પ્રશ્ન આવે છે ત્યારે તમારા તરફથી જવાબ આવે છે કે આ અતિવિસ્તૃત છે અને અહીંયા પછી તમે જવાબ આપો છો ત્યારે વિસ્તૃત જવાબ આપો છો તો પછી મારી પરિસ્થિતિ એવી થાય તો હું એ પ્રશ્ન દાખલ કરું. હું પ્રશ્ન એક બાજુ પાટણ જિલ્લાનો જ પ્રશ્ન દાખલ કરું છું બધા જિલ્લાઓનો નથી કરતો અને જવાબ વખતે તમે બધા જિલ્લાઓનો જવાબ આપો છો. આ વાતમાં મારે મુશ્કેલી થાય છે કાંતો આપણે નકકી કરીએ કે આખા રાજયનો પ્રશ્ન પૂછાય અને હું એને દાખલ કરું અને પછી તમે જવાબ આપો. અથવા તો જિલ્લાની અંદર, આજે પ્રશ્ન પાટણ જિલ્લા પૂરતો છે. તમારો ઉત્સાહ હું સમજી શકું પણ તમે મહેસાણા અને બાકીના જિલ્લામાં જાવ પછી એમાંથી બાકીના જિલ્લાને મારે તક આપવી પડે છે. પ્લીઝ હું બધા જ મંત્રીશ્રીઓને વિનંતી કરુ છું કે જે જિલ્લાનોં પ્રશ્ન હોય એ જિલ્લાની જ વિગતો આપે. તમારી પાસે બધી જ માહિતી હોવા છતાં પણ એમાં મર્યાદિત રહેશો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પાટણ અને મહેસાણા જિલ્લાનો ઉલ્લેખ એટલા માટે કર્યો આપને કહું , હું પ્રશ્નના જવાબને વિસ્તૃત કરીને મર્યાદા ઓળંગવા માગતો નથી. આપની સૂચના અમને બધાને શિરોમાન્ય છે. પણ ટેકનીકલી એવું છે કે મહેસાણા જિલ્લામાં જે જૂથ યોજના બની હોય એ જૂથ યોજનાનું પાણી પાટણ જિલ્લાના ગામોને પણ નેટવર્ક દ્વારા આપતા હોઈએ છીએ. એટલે પીવાના પાણીમાં જિલ્લાની મર્યાદા નહીં પણ જે યોજનામાંથી અમે પાણી આપતા હોઈએ એટલા પૂરતું જવાબમાં કહ્યું છે. મોઢેરાથી પાણી પંપીંગ કરીને, ફિલ્ટર થઈને પાટણ જિલ્લાના ગામોમાં જાય છે એટલા માટે કહ્યું છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન સિંચાઈનો છે. પીવાના પાણીનો પ્રશ્ન નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એમણે પ્રશ્ન પૂછ્યો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નની મર્યાદા હું જાણું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પાટણ જિલ્લાના સાંતલપુર, રાધનપુર, સમી અને ચાણસ્મા તાલુકાઓમાં નર્મદાના પાણી આ વખતે સિંચાઈ માટે આપ્યા અને જેના કારણે વિશાળ પ્રમાણમાં કોઈ દિવસ વિચાર કર્યો ન હતો એટલા મોટા પ્રમાણમાં કદી ન ધારેલ હોય એવો પાક અને એટલા મોટા જથ્થામાં પાક્યો છે એ માનનીય મંત્રીશ્રી જાણે છે કે કેમ? અને બીજું કે કોઈ ખેડૂતો ૫૦, ૧૦૦ કે ૨૦૦ હેકટરનો એક બ્લૉક બનાવીને ડ્રીપ અને સ્પ્રિન્કલર કરવા માગતા હોય તો સ્પેસિફિક યોજના નર્મદા નિગમ કે સિંચાઈ વિભાગ દ્વારા બનાવવામાં આવી છે કે જેથી ખેડૂતો આખા બ્લૉક બનાવીને પોતે ડ્રીપ ઈરીગેશન કરવા માગતા હોય તો કરી શકે. આ પ્રમાણેની કોઈ જોગવાઈ છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : જે પહેલો પ્રશ્ન એમણે પૂછયો કે નર્મદાનું પાણી મળવાથી લાભ થયો છે એની સરકારને જાણ છે કે કેમ? તો સરકારની પૂરેપૂરી જાણકારીમાં છે. સરકારની મદદથી અને સરકારના

પ્રયત્નોથી જ આ વધારાનું પાણી અપાયું અને જીરૂ અને શિયાળું પાકમાં કરોડો રૂપિયા, ખેડૂતોને ભૂતકાળમાં કદી ચોમાસુ સિવાય, વરસાદ સિવાય વાવેતર થતું ન હતું એવા વિસ્તારમાં ખેડૂતોએ અબજો રૂપિયાનો શિયાળું પાક લીધો છે એની સરકારને જાણ છે અને એનો આનંદ પણ છે. બીજો પ્રશ્ન પૂછ્યો એ ખૂબ અગત્યનો છે. રાજ્ય સરકારમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની ખૂબ લાગણી અને ભાવના છે કે નર્મદાનું પાણી આપણને મળે છે એ પાણીનો વધુમાં વધુ સારી રીતે સરકાર દ્વારા પ્રયત્નો કરીને ખેડૂતોને માર્ગદર્શન આપી, ખેડૂતોને સહાય આપી પાણીનો સદુપયોગ કરવામાં આવે અને એટલા માટે જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ટપક સિંચાઈ યોજના અને સૂક્ષ્મ ટપક સિંચાઈ યોજનાનો ખૂબ ભારપૂર્વક અમલ કરવા લોકોને અપીલ કરી છે અને જી.જી.આર.સી. કંપની દ્વારા ૫૦ ટકા સબસિડી અને બાકીની રકમમાં ખૂબ ઓછા વ્યાજની લોન રાજ્ય સરકાર બેંક પાસેથી ખેડૂતોને અપાવે એ પ્રમાણે ટપક સિંચાઈ અને સૂક્ષ્મ ટપક સિંચાઈ યોજનાનો અમલ કરવા સરકાર ઉત્સુક છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે જ્યાં પણ રજૂઆત અને માગણી આવશે ત્યાં સામેથી સરકાર બધા પ્રકારની મદદ કરીને નર્મદાના પાણી આવી રીતે કરકસરથી વારપવા માટે ખેડૂતો જે આયોજન કરશે એમાં સરકાર સંપૂર્ણ સહકાર આપશે.

**બનાસકાંઠા જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટેની અરજીઓ**

* ૧૧૭૧૩ **શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા (ડીસા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુટિર ઉદ્યોગ ચાલુ કરવા માટે કેટલી અરજીઓ તાલુકાવાર આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થઈ અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

**કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :**

(૧) ૯૧૫૩ અરજીઓ મળેલ છે. તાલુકાવાર નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૭૯૦ |
| ૨ | વડગામ | ૯૭૯ |
| ૩ | ધાનેરા | ૭૬૫ |
| ૪ | **દિયોદર** | ૭૪૩ |
| ૫ | ડિસા | ૧૨૨૯ |
| ૬ | થરાદ | ૫૪૩ |
| ૭ | વાવ | ૯૫૦ |
| ૮ | ભાભર | ૪૮૩ |
| ૯ | દાંતીવાડા | ૩૭૭ |
| ૧૦ | કાંકરેજ | ૬૨૨ |
| ૧૧ | દાંતા | ૨૫૧ |
| ૧૨ | અમીરગઢ | ૪૨૧ |
| | **કુલ** | **૯૧૫૩** |

(૨) મંજૂર અરજીઓ - ૨૦૬૩
રાજ્ય કક્ષાએ પડતર- ૧૪૦૦
બેન્ક કક્ષાએ પડતર- ૧૭૮૯
કુલ પડતર- ૩૧૮૯

(૩) રાજ્ય કક્ષાએ ૧૪૦૦ પડતર અરજીઓ અરજદારો પાસેથી ખૂટતી માહિતી મંગાવી તથા અરજદારોનો તાલુકા કક્ષાએ સંપર્ક કરી પડતર અરજીઓનો નિકાલ કરવામાં આવશે. ઉપરાંત બેંક કક્ષાએ ૧૭૮૯ પડતર અરજીઓ છે તેનો બેંક સાથે પરામર્શ કરી સત્વરે નિકાલ કરવામાં આવશે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કુટિર ઉદ્યોગની સ્થાપના માટે જે અરજીઓ કરવામાં આવે છે એમાં બાજપાઈ બેંકેબલ યોજના હેઠળ આવી અરજીઓ મંજૂર કરવાના ધોરણો શું છે? રાજ્ય સરકાર દ્વારા એને કેટલી સબસિડી આપવામાં આવે છે? બીજું કે બેંકેબલ યોજના દ્વારા એસ.સી. અને એસ.ટી.ની કેટેગરી પ્રમાણે કેટલી અરજીઓ મંજૂર કરી છે અને એના માટે બનાસકાંઠા જિલ્લા માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે?

**શ્રી સૌરભ પટેલ** : મારે માનનીય સભ્યશ્રીને વધારાની થોડી માહિતી આપવી છે કે જે ૧૪૦૦ અરજીઓ તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે પેન્ડીંગ હતી એમાંથી ૭૪૪ અરજીઓનો ગઈકાલ સુધીમાં નિકાલ થઈ ગયો છે. એટલે એમાં ૬૯૪ મંજૂર કરી અને ૫૦ નામંજૂર કરી છે. આમ, ૫૦ ટકા ઉપરનો નિકાલ કર્યો છે. બીજી વધારાની માહિતી એવી છે કે બેંક પાસે અરજીઓ પેન્ડીંગ હતી એમાંથી ૪૫૦ નો નિકાલ થયો છે અને એમાં ૨૫૦ અરજીઓ મંજૂર થઈ છે અને ૨૦૦ અરજીઓ નામંજૂર થઈ છે. સભ્યશ્રીએ જે સવાલ પૂછ્યો છે,એ eligibility માટેનો પૂછયો છે. આ જે સ્કીમ છે એ જે ઓછા ભણેલા હોય અને બેરોજગાર હોય તેઓ માટે આ સ્કીમ છે. આની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ અને દસ વર્ષ સુધી આપણે એસ.સી. એસ.ટી. ex-servicemen અને handicapped and women candidates આપણે relaxation આપીએ છીએ. આમાં જે criteria છે એ minimum qualification ચાર પાસ હોવું જોઈએ અથવા એમણે કોઈ ટ્રેનિંગ કરેલી હોવી જોઈએ અને ત્રણ મહિના માટે ટ્રેનિંગ કરી હોય, એક વર્ષનો અનુભવ હોય, કોઈ ધંધામાં કે traditional art માં અનુભવ હોય તો તેને પણ આપણે આની અંદર સામેલ કરીએ છીએ. બીજી કોઈ આવક મર્યાદામાં લિમિટ રાખી નથી. જે લિમિટ લોન આપવામાં આવે છે એ સૌથી વધારે ઉદ્યોગમાં પાંચ લાખ આપવામાં આવે છે services માં પાંચ લાખ આપવામાં આવે છે અને ધંધામાં બે લાખ રૂપિયાની લોન આપવામાં આવે છે. જે રાજ્ય સરકાર assistance આપે છે એ ૩૦,૦૦૦ સુધી એસ.સી., એસ.ટીને ૪૦ ટકા અને એસ.સી. ૪૦ ટકા અને ૨૫ ટકા આમ હેન્ડીકેપને ૫૦ ટકા એ રીતે ૩૦,૦૦૦ સુધીની લોનમાં ૪૦ ટકાની રાહત આપવામાં આવે છે. ૩૦,૦૦૦ ની ઉપર હોય તો એની અંદર પણ ટકાવારીમાં ફેરફાર છે. પરંતુ જે સૌથી વધારે incentive જો આની અંદર આ યોજનામાં આપવામાં આવે છે એ ઉદ્યોગો માટે ૩૦,૦૦૦, services માટે ૧૫૦૦૦ અને business માટે ૧૦,૦૦૦ છે. એટલે કોઈપણ અરજી કરે તો આનાથી વધારે સહાય આપણે આપતા નથી. જે સભ્યશ્રીએ બીજો સવાલ કયો છે કે કેટલી ગ્રાન્ટ પાલનપુરમાં આપવામાં આવી છે તો છેલ્લા વર્ષમાં ૨૦૦૯-૧૦ માં ૧.૧૯ કરોડ, ૨૦૦૮-૦૯ માં ૯૯ લાખ અને ૨૦૦૭-૦૮ માં ૭૯ લાખ આપવામાં આવી છે. જે પાલનપુરમાં ૨૦૬૩ અરજીઓ આવી જે બે વર્ષની અંદર process કરી એમાં શિડયુલ કાસ્ટમાં ૩૩૨ છે, શિડયુલ ટ્રાઈબમાં ૩૪૯ છે બહેનો માં ૩૯૬ છે. physically handicapped માં ૪૩ છે. બીજા અન્ય કેટેગરીમાં ૧૬૮૨ છે. એમ કરીને ૨૦૬૩ અરજીઓનો આપણે સ્વીકાર કરવામાં આવ્યો છે.

**પેટ્રોકેમિકલ્સ એન્ડ પેટ્રોલિયમ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (PCPIR) ના કાર્યક્ષેત્રમાં વ્યવસ્થા ગોઠવવા બાબત**

*** ૧૨૦૯૨ શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે,-

(૧) પેટ્રોકેમિકલ્સ એન્ડ પેટ્રોલિયમ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (PCPIR) ના કાર્યક્ષેત્રમાં જુદી જુદી સુવિધા ઊભી કરવા બાબતે શું વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે,
(૨) PCPIR યોજના અંર્તગત કેટલું અપેક્ષિત મૂડીરોકાણ થનાર છે, અને
(૩) કેટલી રોજગારીની તકો ઊભી થનાર છે?

**મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) :

(૧) ઔદ્યોગિક વિકાસમાં ગુજરાત રાજ્ય મોખરે છે. ઔદ્યોગિકરણનું મોડેલ ઔદ્યોગિક કલસ્ટરથી ઔદ્યોગિક વસાહતો અને તે પછી એસ.ઈ.ઝેડ તરીકે સમયાંતરે વિકાસ પામેલ છે. ઔદ્યોગિકરણના આયોજનમાં વિકાસની છેલ્લામાં છેલ્લી ઊંચાઈ એ સ્પેશયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (એસ.આઈ.આર.) છે, જેમાં દેશમાં પ્રથમ વખત ગુજરાતે પહેલ કરી છે. વિકાસની આ ઊંચાઈએ એક એસ.આઈ.આર. તરીકે રાજ્યમાં પી.સી.પી.આઈ.આર.નું નિર્માણ થયું છે. જે દેશમાં મોખરે છે.

કૅમિકલ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રમાં સમગ્ર દેશમાં ગુજરાતની ઓળખ સર્વશ્રેષ્ઠ છે. એટલે આ ક્ષેત્રમાં ગુજરાતનું પી.સી.પી.આઈ.આર. વિશ્વમાં શ્રેષ્ઠ બને તે માટે રાજ્ય સરકારે તમામ જરૂરી પગલાં ભર્યા છે.

ભરૂચ જિલ્લામાં દહેજ વિસ્તારમાં પી.સી.પી.આઈ.આર.નું આયોજન સર્વપ્રકારે ઉત્તમ રીતે બની રહ્યું છે. દહેજ પી.સી.પી.આઈ.આર.એ આધુનિક અને વિશ્વ કક્ષાનું ઔદ્યોગિક ક્ષેત્ર બનવાની દિશામાં આકાર લઈ રહ્યું છે. તેમાં નમૂનારૂપ આંતર સ્તરીય સગવડો ઊભી કરવામાં આવી રહેલ છે. સમગ્ર વિસ્તારનો વૈશ્વિક સ્તરનો વિકાસ થાય તેવું સર્વગ્રાહી આયોજન સરકારે કરેલ છે.

(૨) રૂા. ૫૦,૦૦૦/- (પચાસ હજાર) કરોડથી વધુ મૂડીરોકાણ અપેક્ષિત છે.
(૩) અંદાજે ૮ (આઠ) લાખ.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિકરણના આયોજનમાં વિકાસની છેલ્લામાં છેલ્લી ઊંચાઈએ એસ.આઈ.આર. કેમિકલ અને પેટ્રોલિમ ક્ષેત્રમાં સમગ્ર દેશમાં ગુજરાતની ઓળખ સર્વશ્રેષ્ઠ છે. કેટલાક

ક્ષેત્રમાં ગુજરાતનું પી.સી.પી.આઈ.આર. વિશ્વમાં સર્વશ્રેષ્ઠ બને તે માટે રાજ્ય સરકારે તમામ જરૂરી પગલા ભર્યા છે. સાથે સાથે પી.સી.પી.આઈ.આર. યોજના અંર્તગત ૫૦,૦૦૦ કરોડનું રોકાણ થવાનું છે એવો મને જવાબ આપ્યો છે. સાથે સાથે એમાં આઠ લાખ લોકોને રોજગારીની તકો પણ ઊભી થવાની છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસે ત્રણ બાબત જાણવા માગું છું. એક દહેજખાતેની પી.સી.પી.આઈ.આર.ની કામગીરી કુલ કેટલા તબક્કામાં વહેંચાયેલ છે? તેમાં કેટલી પ્રગતિ થયેલ છે? તેમાં કેટલી કામગીરી બાકી છે તો બાકી કામગીરી માટે સરકારે શું આયોજન કર્યું છે? પ્રશ્ન ક્રમાંક બેમાં પી.સી.પી.આઈ.આર.માં કયા કયા અગત્યના ઉદ્યોગો સ્થપાયેલ છે? હવે બીજા કયા ઉદ્યોગો સ્થાપવાની શક્યતા છે અને ત્રીજો પ્રશ્ન મારો ખૂબ મહત્ત્વનો છે એ રાષ્ટ્રીય કક્ષાનો મહત્ત્વનો પ્રોજેકટ હાથ ધરેલ છે તેમાં રેલવે અને રોડની કનેકટીવીટી માટે કેન્દ્ર અને રાજ્ય સરકારનો ફાળો કેટલો છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ અગત્યનો રીજીયન પી.સી.પી.આઈ.આર. આપણે ત્યાં થઈ રહ્યો છે દેશની અંદર ત્રણ જગ્યાએ હલ્દીયા- વેસ્ટ બેંગાલ, વિશાખાપટ્ટમ-આંધ્રપ્રદેશ અને દહેજ-ગુજરાતની અંદર આની સ્થાપના થઈ રહી છે. મને કહેતાં આનંદ થાય છે કે સૌથી વધારે progress થયો હોય તો આપણા પી.સી.પી.આઈ.આર.માં થયો છે. આ પી.સી.પી.આઈ.આર.ની કુલ ૪૫૩ સ્કેવર કિલોમિટરનો એરિયા છે અને વાગરા, ભરૂચ ડિસ્ટ્રીકટમાં ૪૪ ગામ આની અંદર આવી રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આના જુદા જુદા phases છે. પહેલો phase છે દહેજ Industrial Estate જે ૪૦૦૦ હેકટરનો છે. આ સંપૂર્ણપણે આપણે વેચી નાખ્યું છે અને આની અંદર ૨૩૯૬૦ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ ઓલરેડ્રી આવી ગયું છે અને એમાં પણ મોટી કંપનીઓ પણ રિલાયન્સ પેટ્રોકેમિકલ્સ, હિન્દાલ્કો, પેટ્રોનેટ છે, આપણી ગુજરાત સરકારની જી.એ.સી.એલ. છે. આવા અન્ય ઉદ્યોગોએ પણ આજની તારીખમાં આની અંદર કામગીરી ચાલુ કરી છે. જે બીજો phase છે એ દહેજ એસ.ઈ.ઝેડ છે. આમાં ૧૭૬૦ હેકટર છે. આની અંદર જમીન allocation નું કામ ચાલુ થયું છે અને investment already ૩૦૦૦ કરોડનું આવી ગયું છે. ૨૨૦૦૦ કરોડનું રોકાણ આજની તારીખમાં આની અંદર ચાલુ છે. આ એસ.ઈ.ઝેડ છે અને એસ.ઈ.ઝેડ operational થઈ ગયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર ઓ.એન.જી.સી. અને ઓપેલ દ્વારા C૨C૩ નો મોટો પ્રોજેકટ આવ્યો છે અને ખૂબ મોટું રોકાણ આની અંદર આવતા દિવસોમાં આવવાનું છે. ત્રીજું, જે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ S.E.Z. ૧૧૦૦ હેકટર છે, લેન્ડ એલોકેશન થઈ ગયું છે, કામકાજ સૅકટરનું ચાલું છે. આમાં ખાસ અગત્યનું એ છે કે, ત્રણ S.E.Z. આપણે સ્પેશીફીકલી એની અંદર આપ્યા છે અને એ ત્રણ S.E.Z. અત્યારે નોટિફાઈડ થઈ ગયા છે, એમાં જયુબીલન્ટનો એક છે, જયંત ઑઈલનો એક છે અને અને ત્રીજો ગુજરાત હાઈ-ડ્રો કાર્બન છે. ઓછામાં ઓછું રોકાણ આમાં ૬,૦૦૦/- કરોડની ઉપર આપણે અપેક્ષિત રાખીએ છીએ.

જે ચોથો ભાગ છે, એ દહેજ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ફેઝ-૨ છે, આ ૪,૨૨૦/- હેકટરનું કામ છે. આમાં ઘણી બધી કંપનીઓ G.N.F.C., G.S.F.C. બધાએ જે M.O.U. કર્યા હતા, એનું જમીન એલોકેશનનું કામ થઈ ગયું છે. ૬૫૦ હેકટર આપણે એન્જીનીયરીંગ S.E.Z. માટે રાખી છે, ૩૫૦ હેકટર કૅમીકલ SEZ માટે રાખી છે, અને પ્લાનીંગ ચાલી રહ્યું છે અને આવતા દિવસોમાં આનું એલોટમેન્ટ થશે.

પાંચમો ફેઝ PCPIRનો છે એ પોર્ટસ્ છે, પોર્ટસમાં L.N.G. ટર્મીનલ છે, કૅમીકલ પોર્ટસ છે અને સોલીડ કાર્ગોનું પણ પોર્ટસ છે, રોકાણ ખૂબ મોટું થવાનું છે. પાંચમું છે, એ હાઉસીંગ સૅકટર છે. હાઉસીંગ સૅકટરમાં આપણે બે ફેઝમાં કર્યુ છે એક અટાલી વિલેજમાં ૧૪૬ હેકટરનું એલોટમેન્ટ ચાલી રહ્યું છે અને બીજું ફેઝ-૨ છે એમાં P.P.P. મોડ ઉપર આવતા દિવસોમાં આપણે કરવાના છીએ.

જે બીજો સવાલ પૂછ્યો કે, રાજય અને કેન્દ્ર સરકારે કેટલા રૂપિયા ખર્ચ્યા છે ? માનનીય અધ્યક્ષશ્રી, જે રેલવે કનેકટીવીટી છે એના માટે દહેજ-ભરૂચ રેલવે કંપનીનું આયોજન કર્યુ છે અને એ કંપની અંદર કેન્દ્ર દ્વારા ૨૫ કરોડની ઇકવિટી કરી છે, ૮૫ કરોડની ઇકવિટીમાંથી અને બાકીનું ગુજરાત મૅરી ટાઇમ બોર્ડ, G.N.F.C., દહેજ S.E.Z., રાજય સરકારની કંપની દ્વારા ફાળો કર્યો છે, આ ૨૮૫ કરોડનું ૬૮ કિલોમીટરનું રેલ નૅટવર્ક આ કંપની દ્વારા કરવાનું છે અને P.P.P. મોડ દ્વારા કરવાનું છે. મને આનંદ થાત કે છેલ્લા બે-ત્રણ વર્ષના રેલવે બજૅટમાં જો આની ઘોષણા કરી અને કેન્દ્ર સરકારે જો જવાબદારી લીધી હોત પરંતુ આ પ્રોજૅકટ આપણે હાથમાં લીધો છે.

બીજું જે કામ છે જે રોડ કનેકટીવીટીનું પૂછ્યું, તો રોડ કનેકટીવીમાં ૨૫૩/- કરોડનું મેઈન હાઈ-વેનું કામ રાજય સરકારે ઉપાડ્યું છે. જે દહેજ-ભરૂચ સ્ટેટ હાઈ-વે છે, એ ફૉર લેન કર્યો છે, ૧૧૫/- કરોડમાં અને સીકસ લેનમાં આપણે કન્વર્ટ કરવાનું આયોજન છે. ૮૦/- કરોડ રૂપિયા આપણે વાયેબલીટી ગેપ ફન્ડીંગમાં પણ આપવાનું આપણે નક્કી કર્યુ છે. આ ઉપરાંત G.I. D.C. એ ૪૯૮/- કરોડ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ખર્ચી નાખ્યા છે, ૪૦૧/- કરોડનું કામ ચાલું છે, એમ કરીને આના માટે ૮૯૯/- કરોડનું કામ આપણે હાથમાં ઉપાડ્યું છે. જે રોકાણોની વાત કરી, અત્યાર સુધી ૨૩,૯૬૦/- કરોડનું રોકાણ થઈ ગયું છે, વધારાનું ૫૦,૯૧૭/- કરોડ ઉપરનું રોકાણનું કામ ચાલું છે પણ અને અમે આશા રાખીએ છીએ કે, આ જ્યારે આખું PCPIR પતે ત્યારે ઓછામાં ઓછા એક લાખ કરોડનું રોકાણ આ PCPIRમાંથી થાય અને ખૂબ મોટી ૮ લાખની જે આપણે રોજગારીની તકો ઊભી કરવાનું કહ્યું છે એ ૮ લાખની રોજગારી ઊભી થઈ શકશે.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એ પૂછવા માગુ છું કે, PCPIRના કારણે આ વિસ્તારમાં સામાજિક જવાબદારી રૂપે લોકકલ્યાણની કઈ કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે અને મારા જિલ્લામાં જ્યારે તમામ તાલુકામાં ઉદ્યોગો સ્થપાયેલા છે ત્યારે સરકાર ત્યાં એરપોર્ટ બનાવવા માગે છે કે કેમ, એ જણાવશો ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એરપોર્ટ વિશેની વાત કરું તો રાજય સરકારે કેન્દ્ર સરકારને દરખાસ્ત કરી હતી કે, ભાઈ આટલો મોટો PCPIR આવે છે તો તમે અમને એરપોર્ટ બનાવવા દો પણ કેન્દ્ર સરકારમાંથી જવાબ આવ્યો છે કે, અમારી નીતિમાં ૧૫૦ કિ.મી.ની આજુબાજુમાં એરપોર્ટ હોય તો અમે મંજૂરી આપતા નથી એટલે સુરત અને વડોદરાનાં એરપોર્ટનો ઉપયોગ કરવા માટે અત્યારે કહ્યું છે પરંતુ અમારા પ્રયત્નો ચાલુ છે કે જો એર સ્ટ્રીપ માટેની જો અમને વ્યવસ્થા કરવામાં, જો અમને મદદ કરવામાં આવે તો આવતા દિવસોમાં એર સ્ટ્રીપ દ્વારા પણ આપણે ધીમેધીમે કન્વર્ટ કરીને એરપોર્ટ થાય , એનો ટ્રાફિક બને એ પ્રમાણેનું આપણે આયોજન કર્યુ છે.

બીજું, કલ્ચરલ અને સોશીયલ જવાબદારીની વાત કરી છે. અમારે સરકારમાં અને ખાસ કરીને અમારા આદરણીય મુખ્ય મંત્રીશ્રીનો હેતુ હોય છે કે, દરેક ઉદ્યોગોએ કંઈક ને કંઈક ગરીબો માટે કરવું જોઈએ એ ધ્યાનમાં રાખીને PCPIR વેલ્ફર સોસાયટી બનાવવામાં આવી છે અને આમાં ૧૫ રૂપિયે ચોરસ મીટર જે પણ નવા એલોટી છે એને ફરજિયાત એનુ એક ફંડ ઊભું કરીએ છીએ અને આ ફંડ દ્વારા આજુબાજુના ગામડાઓમાં કામો હાથ પર લીધા છે. એના રોડના ૮ કરોડના લીન્કીંગ રોડ પણ આમાં લીધા છે.

બીજું, ટેરીને આપણે રિપોર્ટ ક્ર્યો છે, ટેરીને જવાબદારી આપી છે કે, આજુબાજુના વિસ્તારોમાં કયા ગામડાઓમાં શું ખૂટતું છે એ બધી જ માહિતી એ લોકો આપે. ત્રીજું, કે અપગ્રેડેશન સેન્ટરો આપણે બે હાથમાં લીધા છે કે, જેથી આજુબાજુના લોકોને, બેરોજગારોને રોજગારી આપવા માટે આપણે એમને મદદ કરીએ છીએ. ૨૫૮ લૅન્ડ લુઝર્સને પણ આપણે ટ્રેનિંગ આપીએ છીએ, આ ઉપરાંત આંગણવાડીથી બધા જ વિસ્તારો અને ૪૪ ગામડાઓમાં આંગણવાડીથી માંડી ઘણી બધી વ્યવસ્થાઓ આપણે આમાં કરવા માગીએ છીએ.

## એ.આર.ટી.ઓ. કચેરી રાજકોટની આવક

*** ૧૧૮૩૯ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા (મોરબી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી(રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ આર.ટી.ઓ. કચેરીની કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો શાં છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક રૂ.લાખમાં |
|---|---|
| ૨૦૦૭ | ૭૯૦૨.૨૭ |
| ૨૦૦૮ | ૮૨૪૭.૨૮ |
| ૨૦૦૯ | ૮૭૯૫.૧૦ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મને જવાબ આપ્યો છે કે આવકમાં કોઈ ઘટાડો થયેલ નથી તો આવકમાં વધારો થયો એ બદલ હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. રાજકોટ આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલી આવક થઈ એ મંત્રીશ્રી જણાવે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૦૪-૦૫માં ૫૮કરોડ, ૨૦૦૫-૦૬માં ૬૩કરોડ, ૨૦૦૬-૦૭માં ૭૨કરોડ, ૨૦૦૭-૦૮માં ૭૯કરોડ અને ૨૦૦૮-૦૯માં ૮૦કરોડની આવક થઈ છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંકઃ ૯

## પોલીસ દળના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર સમક્ષ માગેલ ગ્રાન્ટ

*** ૧૨૩૪૮ શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા (દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) પોલીસ દળના આધુનિકરણ માટે તા. ૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની વર્ષવાર માગણી કરવામાં આવી, અને

(૨) આ માગણીઓ પૈકી કેટલી રકમ કેન્દ્ર સરકારે મંજૂર કરી?

**મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) :**

(૧) અને (૨) :

પોલીસ દળના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થતી રકમ ૨૦૦૦-૦૧માં રૂ. ૧૧૯.૫૩કરોડથી ઘટીને ૨૦૦૬-૦૭માં ૪૯.૩૩કરોડ થવા પામેલ. ગુજરાત જેવા આંતરરાષ્ટ્રીય જમીન અને દરિયાઈ સરહદ અને ૧૬૦૦ કિ.મી. જેટલા દરિયા કિનારો ધરાવતા રાજય માટે પોલીસદળને આધુનિક અને વૈજ્ઞાનિક સાધનોથી સજજ કરવા માટે આ યોજના હેઠળ વધુ રકમ ફાળવવાની જરૂરિયાત હોવા છતાં કેન્દ્ર સરકાર દ્વારા ફંડ ઘટાડવામાં આવેલ છે. આ માટે ફંડ વધારવા તેમજ મેગા સીટી (અમદાવાદ) અને ડેઝર્ટ એરિયા પોલિસિંગ માટેનું ફંડ આ યોજનામાં સમાવવાને બદલે અલગથી સહાય ફાળવવા માટે અવારનવાર ઉચ્ચ કક્ષાએથી કેન્દ્ર સરકારને લેખિત રજૂઆતો અને વિનંતી કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૦-૦૧ના રૂ. ૧૧૯.૫૩કરોડની સરખામણીએ છેલ્લા ત્રણ વર્ષોમાં કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થયેલ પ્લાન, કેન્દ્રના ફાળાની રકમ અને તેની સામે છૂટી કરેલ રકમ નીચે મુજબ છે.

**(રૂ.કરોડમાં)**

| વર્ષ | મંજૂર પ્લાન | કેન્દ્રનો ફાળો | છૂટી કરેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૬૯.૪૦ | ૫૨.૦૫ | ૪૮.૯૭ |
| ૨૦૦૮-૦૯ | ૬૪.૦૦ | ૪૮.૦૦ | ૪૮.૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૮૭.૪૭ | ૬૫.૬૦ | ૪૪.૫૫ |

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમ દ્વારા હું એ જાણવા માગું છું કે પોલીસ દળની આધુનિકીકરણની યોજનાનો મુખ્ય હેતુ કયો છે? આ યોજના કયારથી શરૂ કરવામાં આવી છે અને પોલીસ દળની આધુનિકીકરણ યોજના અંતર્ગત કયા કયા પ્રકારના સાધનોની ખરીદી કરવામાં આવી છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયોને પોલીસ દળના આધુનિકીકરણ માટેની સહાયની શરૂઆત મુલતઃ તો ૧૯૬૯થી શરૂ થઈ હતી પરંતુ પોલીસ આધુનિકરણની યોજના જેને મોર્ડનાઈઝેશન પોલીસ ફોર્સ એ જે અત્યારની યોજના છે એની શરૂઆત જયારે ભારત સરકારના પ્રધાન મંત્રીશ્રી માનનીય અટલબિહારીજી બાજપાઈ હતા અને ગૃહમંત્રીશ્રી અડવાણીજી હતા એ વખતે એન.ડી.એ.ના શાસનની અંદર થઈ હતી અને એની પાછળનો આશય બદલાતા જતા સમયની સાથે સમગ્ર દેશનું પોલીસ તંત્ર આધુનિક થાય, ગુનાઓને પકડવા માટે સક્ષમ બને, એમની રહેવાની વ્યવસ્થા, એમની ઓફિસની વ્યવસ્થા, એમની ટ્રેનીંગની વ્યવસ્થા, એમના વાહનો અને એમને આપવામાં આવતા સાધનો આ બધાની અંદર આધુનિકમાં આધુનિક વ્યવસ્થા કરી શકાય એવા ઉમદા આશયથી આધુનિકરણની યોજનાની શરૂઆત થઈ હતી. મને કહેતાં આનંદ છે કે એનો સૌથી વધારે ફાયદો કોઈ એક રાજયએ ખર્ચની અંદર અને ગ્રાન્ટના વપરાશની અંદર ઉઠાવ્યો હોય તો સમગ્ર ભારતની અંદર એચીવમેન્ટની દ્રષ્ટિએ ગુજરાતે સૌથી વધારે એચીવમેન્ટ ગ્રાન્ટની વપરાશની દ્રષ્ટિએ કર્યું છે અને એના પરિણામ સ્વરૂપે આજે સમગ્ર ગુજરાતના બધા જ પોલીસ સ્ટેશનોની અંદર ટેલીફોન છે, ફેકસ છે, ઝેરોક્ષ મશીન છે, કોમ્પ્યુટર છે, કોમ્પ્યુટરની કનેકટીવીટી છે. કનેકટીવીટી પછી હવે સોફટવેર લોંચ કરવાનું કામ પણ એની અંદર પતી ગયું છે અને એટલું જ નહીં આ કોમ્પ્યુટરોને એના સુપરવાઈઝરી ઓથોરીટી એમ છેક ડી.જી.પી.ની, ગૃહ મંત્રી અને મુખ્યમંત્રીશ્રીની કચેરી સુધી જોડવાનું કામ પણ પૂર્ણ થયું છે. જેલો સાથે જોડવાનું કામ પૂરું થયું છે. અદાલતો સાથે જોડવાનું કામ ચાલી રહયું છે અને એફ.એસ.એલ. સાથે જોડવાનું કામ પણ પૂરું થયું છે. આ સમગ્ર યોજના જયારે એની કામગીરી પૂર્ણ કરશે અને બધા જ પોલીસ સ્ટેરશનમાં સોફટવેરનો અમલ થશે ત્યારે ગુનાઓના શોધવાની ટકાવારીની અંદર ખૂબ મોટો વધારો એફ.એસ.એલ., જુના ગુનેગારોની માહિતી, મોડસ ઓપરેન્ડી બ્યુરો અને કોર્ટની જોડે લીંક થવાને લીધે સજા કરવાના આંકડામાં પણ વધારો થવાનો છે અને જેલની જોડે લીંક થવાને લીધે આદતી ગુનેગારોની માહિતી પણ ખૂબ સરસ રીતે દરેક પોલીસ સ્ટેશનને ઉપલબ્ધ થવાની છે અને એ બધું જ આ ચાર- પાંચ વર્ષની અંદર પૂરું કરવામાં આવ્યું છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પોલીસ દળની આધુનિકરણ યોજનામાં પોલીસ સિવાય જેવી કે એફ.એસ.એલ. કે પોલીસ અંતર્ગત અન્ય સંસ્થામાં આ નાણાની ફાળવણી થઈ શકે કે કેમ? બીજું પૂછવું છે કે પોલીસ દળના આધુનિકરણથી રાજય સરકારને શું શું ફાયદા થશે કે થયા અને ૨૦૧૦-૧૧માં પોલીસ દળની આધુનિકરણ યોજના હેઠળ કેટલી નાણાકીય રકમ ફાળવવા માટેની માગણી કરેલી છે અને આ રકમ કયા હેતુ માટે વાપરવામાં આવનાર છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું એ પ્રમાણે આધુનિકીકરણ યોજનાની અંદર એફ.એસ.એલ.નો સમાવેશ થઈ જાય છે અને પોલીસ હાઉસીંગનો પણ સમાવેશ થઈ જાય છે અને એના

પરિણામે એફ.એસ.એલ.ને આપણે સમગ્ર દેશની અંદર સારામાં સારી, અદ્યતનમાં અદ્યતન ફોરેન્સીક સાયન્સ લેબ તરીકે પ્રતિષ્ઠા આપણે અપાવી શકયા છીએ. આજે આપણી એફ.એસ.એલ.ની અંદર પાંચ ટેસ્ટ એવા છે કે જે બીજી કોઈ દેશની એફ.એસ.એલ.ની અંદર થતા નથી. અને એકપણ ટેસ્ટ એવો નથી કે જે દેશના બીજા એફ.એસ.એલ.માં થતો હોય અને આપણી એફ.એસ.એલ.માં ના કરાતો હોય. સમગ્ર દેશની બધી તપાસ એજન્સીઓ આપણા એફ.એસ.એલ. ઉપર વિશ્વાસ મૂકી કોઈપણ ગંભીર પ્રકારના ગુના કે ચકચારી ગુના હોય કે દેશ વિરોધી કૃત્યનો ગુના હોય તો ગુજરાતની એફ.એસ.એલ. ઉપર વિશ્વાસ મૂકી એના અન્વેષણ માટે ગુજરાતની એફ.એસ.એલ.ની સહાય લે છે. કોર્ટની અંદર ગુજરાત એફ.એસ.એલ. ના રિપોર્ટને એક પ્રકારનું સન્માન પ્રાપ્ત થયું છે. આ વર્ષનો સવાલ છે ત્યાં સુધી આ વર્ષે ૯૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ ફાળવણી એન.ડી.એ. શાસન હતું ત્યારે ૧૨૦ કરોડની ચાલુ કરી હતી તે ઘટતા ઘટતા ૧૬૯, ૬૪ અને ૬૪ થઈ અને આ વખતે ૯૫ થઈ છે. આ વખતે વધારાની દિશામાં ગયા છે. હું આશા રાખું છું કે ભારત સરકાર રાજ્યની અંદર વધુને વધુ પૈસા આપે. ગુજરાત જેવા રાજ્યો જે ૧૦૦ ટકા ખર્ચ કરી શકે છે એમને વધેલી ગ્રાન્ટના પૈસા ફાળવે તો આપણે આપણું કામ ખૂબ ઝડપથી પૂરું કરી શકીએ.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં પોલીસ આધુનિકરણ માટે ફાળવેલ રકમમાં ગુજરાત સરકાર દ્વારા કેટલા ટકા ખર્ચ કરવામાં આવેલ છે. અન્ય રાજ્યમાં આ યોજના અંતર્ગત ફાળવેલ રકમમાં કેટલા ટકા ખર્ચ કરવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : આપ માત્ર ગુજરાતની વિગત આપશો.

**શ્રી અમિત શાહ** : ગુજરાત સરકારની આપું છું. ૨૦૦૩-૦૪ માં ૯૦ ટકા, ૨૦૦૪-૦૫ માં ૯૦ ટકા, ૨૦૦૫-૦૬ માં ૯૧ ટકા, ૨૦૦૬-૦૭ માં ૯૭ ટકા, ૨૦૦૭-૦૮માં ૭૦ ટકા અને ૨૦૦૮-૦૯ માં ૯૦ ટકા ખર્ચ ફાળવ્યો છે. અને ૨૦૦૭-૦૮ માં આપણે બધાને મોબાઈલ આપવા માગતા હતા. એનો કેન્દ્ર સરકારે સ્વીકાર ન કર્યો. ગ્રાન્ટ વપરાયા વગર પડી રહી હતી. તે બીજા વર્ષમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**લોક વિજ્ઞાન કેન્દ્રોની કામગીરી**

***૧૨૩૪૩ શ્રી રાજસીભાઈ વી. જોટવા (સોમનાથ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ) જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજ્યમાં વિજ્ઞાનનો પ્રચાર-પ્રસાર થાય તે માટે લોક વિજ્ઞાન કેન્દ્રો કઈ કઈ કામગીરી કરે છે
(૨) આ યોજનામાં કેટલી આર્થિક સહાય આપવામાં આવે છ, અને
(૩) તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લોક વિજ્ઞાન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા
છે?

**મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ) :**

(૧) રાજયમાં વિજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે લોકવિજ્ઞાન કેન્દ્રો દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

- વિજ્ઞાનને લગતા પ્રદર્શનો
- સાયન્સ દિવસની ઉજવણી
- સાયન્સ ફેર, સાયન્સ વર્કશૉપ
- સાયન્સ ક્વિઝ તાલીમ કાર્યક્રમો
- વૈજ્ઞાનિક જાગૃતિ કેળવવી વગેરે.

(૨) આ યોજનામાં નીચે મુજબ આર્થિક સહાય આપવામાં આવે છે.

જિલ્લા કક્ષાના લોકવિજ્ઞાન કેન્દ્રો માટે :

| | **કેપીટલ ગ્રાન્ટ (રૂ.)** | **રીકરિંગ ગ્રાન્ટ (રૂ.)** | **કુલ રૂપિયા** |
|---|---|---|---|
| પ્રથમ ત્રણ વર્ષ | ૧,૨૫,૦૦૦/- (૨૫ %) | ૩,૭૫,૦૦૦/- (૭૫% ) | ૫,૦૦,૦૦૦/- |
| ચોથા વર્ષ અને પછી | ૭૫,૦૦૦/- (૧૫% ) | ૪,૨૫,૦૦૦/- (૮૫ % ) | ૫,૦૦,૦૦૦/- |

પ્રાદેશિક કક્ષાના લોકવિજ્ઞાન કેન્દ્રો માટે :

| | **કેપીટલ ગ્રાન્ટ** | **રીકરિંગ ગ્રાન્ટ** | **કુલ રૂપિયા** |
|---|---|---|---|

| | (રૂ.) | (રૂ.) | |
|---|---|---|---|
| પ્રથમ ત્રણ વર્ષ | ૧,૮૭,૫૦૦/- (૨૫ %) | ૫,૬૨,૦૦૦/- (૭૫% ) | ૭,૫૦,૦૦૦/- (૨૫%) |
| ચોથા વર્ષ અને પછી | ૧,૧૨,૫૦૦/- (૧૫% ) | ૬,૩૭,૫૦૦/- (૮૫ % ) | ૭,૫૦,૦૦૦/- |

(૪) ૦૨ (બે)

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યમાં
આવેલ લોક વિજ્ઞાન કેન્દ્રો ખાતે વર્ષમાં ૨૦૦૯-૧૦ માં દરેક કેન્દ્ર દીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો પ્રશ્ન એક અને પ્રશ્ન ૨ રાજ્યમાં લોક વિજ્ઞાન કેન્દ્ર ઉપર ભારત સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવી છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રીએ ખર્ચ અંગેની વિગત માગી છે. લોક વિજ્ઞાન કેન્દ્ર જે રાજયમાં ૧૮ જગ્યાએ કામ કરે છે. એમાં જામનગર ખાતેના લોક વિજ્ઞાન કેન્દ્રમાં ૨૦૦૯-૧૦ માં ૨,૫૦,૦૦૦, સાબરકાંઠામાં બોડેલી ખાતે ૨,૫૦,૦૦૦, અમરેલીમાં ૨,૫૦,૦૦૦, ગાંધીનગરમાં ૫,૦૦,૦૦૦, રાજકોટમાં ૩,૭૫,૦૦૦, જૂનાગઢમાં ૨,૫૦,૦૦૦, ભાવનગરમાં ૭,૫૦,૦૦૦, આણંદમાં ૫,૦૦,૦૦૦, પોરબંદરમાં ૨,૫૦,૦૦૦, ડાંગમાં ૨,૫૦,૦૦૦, પાટણમાં ૨,૫૦,૦૦૦, બનાસકાંઠા-પાલનપુર ખાતે ૨,૫૦,૦૦૦, સુરેન્દ્રનગર ખાતે ૨,૫૦,૦૦૦, રાજપીપળા-નર્મદામાં ૫,૦૦,૦૦૦, ભરૂચ ખાતે ૫,૦૦,૦૦૦ એમ કરીને ૨૦૦૯-૧૦ માં ૫૬,૨૫,૦૦૦ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એમાં ભારત સરકાર કોઈ ફાળો આપે છે કે નહિ? તો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર પોતાના બજેટમાંથી કરે છે અને ભારત સરકાર કોઈ ફાળો આપતી નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : રાજયમાં વિજ્ઞાનના પ્રચાર અને પ્રસાર માટે શરૂ કરવામાં આવેલાં લોકવિજ્ઞાન કેન્દ્રોની મારે સંખ્યા જાણવી છે? રાજયમાં કુલ કેટલા લોક વિજ્ઞાન કેન્દ્રો છે અને કયા કયા જિલ્લામાં અત્યારે ચાલુ છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : અત્યાર સુધીમાં ગુજરાતમાં કુલ ૧૮ જિલ્લામાં લોક વિજ્ઞાન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. જેમાં રાજકોટ જિલ્લામાં રાજકોટ ખાતે, ગાંધીનગરમાં ગાંધીનગર ખાતે..

**અધ્યક્ષશ્રી** : યાદી મૂકી દેશો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : નાની છે. ઝડપથી વાંચી જાઉં છું.

**અધ્યક્ષશ્રી** : મારે બીજો પ્રશ્ન લેવાનો છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : ૧૮ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. અત્યારે કાર્યરત છે.

**નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લેવા બાબત**

*** ૧૨૩૭૪ શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે,

(૧) ડિસેમ્બર-૦૯માં રાજયમાં યોજાયેલ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં કેટલા રાજયોના કેટલા બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો, અને

(૨) આ કાર્યક્રમમાં ભારત સિવાયના અન્ય કોઈ દેશના બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધેલ છે કે કેમ?

**મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી):**

(૧) ૧૭મી નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં ૨૯ રાજયો અને ૩ કેન્દ્ર શાસિત પ્રદેશોના મળીને કુલ ૫૮૧ બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત આશીયાન દેશોના ૬ વિદ્યાર્થીઓ તથા ખ્યાતનામ વૈજ્ઞાનિકો, એસ્કોર્ટ ટીચર્સ, કો-ઓર્ડિનેટર્સ, નિર્ણાયકો, રીસોર્સ પર્સન અને વોલેન્ટીયર્સ મળીને અંદાજે ૧૦૦૦ વ્યકિતઓએ ભાગ લીધો હતો. આને પરિણામે સ્થાનિક કક્ષાએ જે ઉત્સાહનું વાતાવરણ ઉભું થયું હતું તેથી અંદાજે કુલ ૫૦,૦૦૦/- લોકો આ કાર્યક્રમના ભાગીદાર બન્યા હતા

(૨) હા, આ કાર્યક્રમમાં ભારત સિવાયના ૨ દેશોના કુલ ૯ પ્રતિનિધિઓ હાજર રહેલ. જે પૈકી થાઈલેન્ડના ૩ અને લાઓસના ૩ મળી કુલ ૬ બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ભવિષ્યમાં સારા વૈજ્ઞાનિકોની સેવાઓની ભારત વર્ષને મળે તેવા હેતુથી ગુજરાતમાં નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ સૅમિનાર થઈ ગયો તો તેમાં દેશના કયા કયા રાજયોમાંથી કેટલા બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો અને રાજયની આ યોજનામાં નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કૉન્ગ્રેસમાં ભારત સરકાર દ્વારા કોઈ સહાય પૂરી પાડી છે? જો હા, તો શું સહાય પૂરી પાડી?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી આ સાયન્સ કોંગ્રેસમાં ભાગ લેવા માટેનો સવાલ છે તો તેમાં અલગ અલગ રાજયોમાંથી આવેલા બાળ વૈજ્ઞાનિકોની વિગતો માનનીય સભ્યશ્રીએ માગી છે. જે રાજયવાર સંખ્યા માનનીય સભ્યશ્રીએ પૂછી છે તો આંધ્રપ્રદેશમાંથી ૩૦, અરુણાચલ પ્રદેશમાંથી ૧૦, આસામમાંથી ૨૪, બિહારમાંથી ૩૦, છત્તીસગઢમાંથી ૧૫, દિલ્હીમાંથી ૯, ગોવા ૧૦, ગુજરાત ૨૬, હરિયાણા ૧૭, હિમાચલ પ્રદેશ ૨૬, જમ્મુ કાશ્મીર ૧૬, ઝારખંડ ૧૪, કર્ણાટક ૩૦, કેરાલા ૧૬, મધ્યપ્રદેશ ૨૯, મહારાષ્ટ્ર ૩૦, મણિપુર ૧૧, મેઘાલય ૮, મિઝોરમ ૮, નાગાલેન્ડ ૯, ઓરિસ્સા ૨૬, પંજાબ ૧૬, રાજસ્થાન ૩૦, સિકિકમ ૫ , તામિલનાડુ ૩૨, ત્રિપુરા ૧૦, ઉત્તરપ્રદેશ ૪૧, ઉત્તરાંચલ ૧૬, પશ્ચિમ બંગાળ ૩૦, અંદામાન નિકોબાર ૬, ચંદીગઢ ૪, પાંડીચેરી ૭, એમ મળીને આ દેશમાંથી કુલ ૫૮૧ અને થાઈલેન્ડમાંથી ૩ અને લાઓસમાંથી ૩ એમ કરીને આશીયાન દેશોમાંથી કુલ ૬ એમ કુલ ૫૮૭ બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો. સભ્યશ્રીએ બીજો જે પ્રશ્ન પૂછયો છે કે આ સાયન્સ કોંગ્રેસમાં ભારત સરકારે કોઈ ખર્ચ આપ્યો છે કે નહીં? માનનીય અધ્યક્ષશ્રી, આપણે રાજય સરકાર દ્વારા ભારત સરકારને આ માટે જે માગણી મૂકવામાં આવી હતી તે માગણી રાજય સરકાર દ્વારા ૨૦૦૯ની ૨૯ જુલાઈના રોજ મૂકવામાં આવી હતી. ૩/૯/૨૦૦૯એ ભારત સરકારે તેમાં જવાબ આપ્યો કે અમે આનો અભ્યાસ કરીએ છીએ અને આગળ જાણ કરીશું. ત્યારબાદ ભારત સરકાર પાસે આપણે જે આના ટ્રાવેલ અને એ બધાનો ખર્ચ થયો ૧૦૭ લાખ અને ૬ હજાર રૂપિયા જેટલો ખર્ચ થયો. હજુ આજ દિવસ સુધી આ આખી દરખાસ્ત નાણાં મંત્રાલય પાસે પડતર છે અને ભારત સરકાર તરફથી આ એક વર્ષ કરતાં વધારે સમયથી ચાલતી દરખાસ્ત હોવા છતાં પણ એક પૈસો આ માટે આપવામાં આવ્યો નથી અને આનો સંપૂર્ણ ખર્ચ રાજય સરકારે અત્યાર સુધી ઉપાડયો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ જે શરૂઆત કરી તેના પરિણામો રાજયમાં એ આવવા માંડયા છે કે આજે મારે આ સન્માનનીય ગૃહને સારા સમાચાર આપવા છે. આખા રાજયમાંથી એક જ દીકરી વડોદરાની દેશમાંથી કુલ ૨૦ વિદ્યાર્થીઓ જે પાસ થયા ઓલમ્પિયાડ માટે તેમાં ગુજરાતમાંથી વડોદરાની એક દીકરી એક હજાર વિદ્યાર્થીઓ બેઠા હતા તેમાંથી ઓલમ્પિયાડ માટે પાસ થઈ છે અને તે કોઈપણ ગુજરાતીને ગૌરવ અપાવે તેવી વસ્તુ છે. એટલે સાયન્સ સીટી અને આ પ્રકારના જે નૂતન અભિગમ અને પ્રયોગોની શરૂઆત આ રાજયમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની એક દ્રષ્ટિના કારણે કરવામાં આવી છે અને તેના સારા પરિણામો રાજયમાં હવે દેખાવા માંડ્યા છે. અત્યાર સુધી ચિલ્ડ્રન સાયન્સ કોગ્રેસમાં વારંવાર માગણી કરવા છતાં ભારત સરકાર તરફતી ૩૦ લાખ રૂપિયા જેટલી મદદ અપેક્ષીત હતી, છતાં કમનસીબે એક પૈસાની મદદ આપવામાં આવી નથી.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની કેટલી શાળાઓ અને કેટલા વિદ્યાર્થીઓએ આ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં ભાગ લીધો હતો?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. આજની પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રશ્ન ક્રમાંકઃ ૨ની અંદર શ્રી ધીરસિંહભાઈ બારડે પૂરક પ્રશ્ન પૂછતાં જે શબ્દો વાપર્યા હતા તે ૧૯૯૮ પછી કોડીનાર પોલીસ સ્ટેશનમાં તમે અહીંયાંથી ફોન કરો તો એમ કહે છે કે પોલીસ સ્ટેશન સોલંકી (xxxx) પોલીસ સ્ટેશન, કોડીનાર પોલીસ સ્ટેશન એવો શબ્દ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ કહેતા નથી. આ શબ્દો હતા. આપણે ત્યાં આ સભાગૃહની અંદર આપણે કોઈ જ્ઞાતિ સમુહો, જાતિઓને ઉતારી પડાય એવા શબ્દો, એ અર્થના શબ્દો કયારેય, એ અર્થમાં વિશેષણોમાં પણ વાપરતા નથી. ખૂબ જ ગંભીરતાપૂર્વક આ અગાઉ પણ જે શબ્દો વપરાયા હતા એ પ્રમાણે મેં અસંસદીય જાહેર કર્યા હતા. આજે હું જાહેર કરું છું કે આ શબ્દો અસંસદીય તો છે જ પરંતુ આ રીતે કોઈપણ જ્ઞાતિ સમુહનું અપમાન થાય અને એ જ્ઞાતિ સમુહોને અહીંયા એમનું અવમૂલ્યન થાય એ પ્રકારના શબ્દો વાપરવા એ યોગ્ય નથી . મેં તે વખતે ધ્યાન પૂર્વક સાંભળ્યું હતું માટે જ મેં કહયું હતું પરંતુ જયારે એમ કહેવામાં આવ્યું કે તમે જરા જોઈ જશો, મેં રેકર્ડ જોઈ પણ લીધું કે શબ્દો આ જ હતા અને એ શબ્દો જે રીતે શ્રી ધીરસિંહભાઈએ વાપર્યા હતા અને પછી એમ પણ કહેવામાં આવ્યું કે ધીરસિંહભાઈ પોતે જ (xxxx) જ્ઞાતિના છે પોતે જે જ્ઞાતિના હોય એ જ્ઞાતિનું સ્વાભિમાન હોય એ સ્વભાવિક છે અને એટલા માટે પણ આવા શબ્દો વાપર્યા હોય તો એમને દુઃખ થવું જોઈએ પરંતુ મને દુઃખ થાય છે કારણ કે આ સભાગૃહની અંદર આપણે કોઈ જ્ઞાતિ કે કોઈ સમૂહનું અવમૂલ્યન કરવા માટે આવ્યા નથી, એમનું તો બહુમૂલ્યન કરવા માટે જ આવ્યા છીએ.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

### અમદાવાદ શહેરમાં લઠ્ઠાકાંડના બનેલા બનાવો

૧૧૯૯૨**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા)** : **માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૧૫-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ શહેરમાં ક્યા ક્યા વિસ્તારમાં | (૧) તા. ૧૫-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ શહેરમાં ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના |

લઠ્ઠાકાંડના બનાવ બન્યા, અને કેટલા ઈસમોના મૃત્યુ થયા, અને

વિક્ટોરીયા ગાર્ડન વિસ્તારમાં ઝેરી પદાર્થ પીવાનો એક બનાવ બનેલ, જેમાં ૬ વ્યક્તિઓના મૃત્યુ થયાં છે, જ્યારે વેજલપુર પો.સ્ટેશનમાં ૧, સેટેલાઈટ પો. સ્ટેશનમાં ૨ તથા ગુજરાત યુનિવર્સિટી પો.સ્ટેશનમાં ૧-એમ ૪ ઝેરી દારૂ પીવાથી અક્સ્માત મોતના બનાવો બનેલ છે, જેમાં કુલ ૪ વ્યક્તિઓના મૃત્યુ થયા.

(૨) પકડાયેલ દારૂની ચકાસણી માટે ક્યારે મોકલવામાં આવ્યા અને રીપોર્ટ ક્યારે મળ્યો અને રીપોર્ટની વિગતો કઈ કઈ છે ?

(૨) ગાયકવાડ હવેલી પો.સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં. ૧૪૪/૦૯ મુજબનાં ગુનાના આરોપીનાં મકાન તથા દુકાનમાંથી કેમિકલ કબજે કરવામાં આવેલ તેની તપાસણી માટે તા. ૨૯-૮-૦૯ ના રોજ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે મોકલી આપવામાં આવેલ અને તેનો અભિપ્રાય તા. ૧૯-૯-૨૦૦૯ના રોજ મળેલ છે. જે મુજબ એક સેમ્પલમાં મીથેનોલ ૭૯.૦૭૬% અને બીજા સેમ્પલમાં મીથેનોલ ૮૦.૦૬૨% હોવાનું શોધાયેલ છે.

જ્યારે બાકીના ચાર કિસ્સાઓ વ્યક્તિગત અકસ્માત મોતનાં છે જેની તપાસ ચાલુ છે. જેમાં દારૂ પકડાયો નથી પરંતુ મરણ જનારના બ્લડ સેમ્પલ એફ.એસ.એલ.ને મોકલતાં તેમાં મિથાઈલ અલ્કોહોલનું પ્રમાણ જણાઈ આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| પોલીસ સ્ટેશનનું નામ | તપાસણી માટે મોકલ્યા તારીખ | રીપોર્ટ મળ્યા તારીખ | એફ.એસ.એલ. રીપોર્ટમાં બ્લડમાં મિથાઈલ અલ્કોહોલનું પ્રમાણ |
|---|---|---|---|
| વેજલપુર અ.મોત નં. ૬૪/૦૯ સી.આર.પી.સી. કલમ ૧૭૪ | ૨૮-૧૨-૦૯ | ૨૯-૧૨-૦૯ | ૦.૦૭૧૧% |
| સેટેલાઇટ અ.મોત નં. ૪૩/૦૯ સી.આર.પી.સી. કલમ ૧૭૪ | ૨૯-૧૨-૦૯ | ૨૯-૧૨-૦૯ | ૦.૦૨૭૭% |
| સેટેલાઇટ અ.મોત નં. ૪૫/૦૯ સી.આર.પી.સી. કલમ ૧૭૪ | ૩૧-૧૨-૦૯ | ૩૧-૧૨-૦૯ | ૦.૨૦૬૪% |
| ગુજરાત યુનિવર્સિટી અ. મોત નં. ૧/૧૦ સી.આર.પી.સી. કલમ ૧૭૪ | ૩૦-૧૨-૦૯ | ૩૦-૧૨-૦૯ | ૦.૧૩૭૪% |

-------------

## ધોરાજી ખાતે હવેલીના ઉત્સવ દરમિયાન પોલીસ બંદોબસ્ત

**૧૧૬૩૭ શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૦-૧૨-૦૯ ના રોજ ધોરાજી ખાતે હવેલીના ઉત્સવ દરમિયાન કોના કોના તરફથી પોલીસ બંદોબસ્ત માટે માગણીઓ કરવામાં આવી હતી,

**જવાબ**

(૧) ધોરાજી ખાતે હવેલીના ઉત્સવ દરમિયાન શ્રી છપ્પનભોગ મહામહોત્સવ સમિતિ, મોટી હવેલી, સોની બજાર, ધોરાજી વતી ગોવિંદભાઈ આર. રાખોલીયાએ મામલતદારશ્રી ધોરાજીને તા.૯-૧૨-૨૦૦૯ના રોજ અરજી કરી લેઉવા પટેલ સાંસ્કૃતિક ભવન ખાતે ગ્રામ રક્ષક દળના આઠ માણસો બંદોબસ્તમાં ફાળવવા માટે

માગણી કરેલ. પોલીસ બંદોબસ્તની માગણી કરેલ ન હતી.

(૨) આ માગણી સામે કેટલો પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવ્યો, અને

(૨) ગ્રામ રક્ષક દળના આઠ માણસોના બદલે એક પોલીસ ઈન્સ્પેકટર તથા ૧૭ પોલીસના માણસો સાથે મળી કુલ ૧૮ પોલીસના માણસોનો બંદોબસ્ત ફાળવેલ હતો.

(૩) આ ઉત્સવ દરમ્યાન ધક્કામુક્કીના કારણે કેટલી વ્યક્તિઓના મૃત્યુ થયા ?

(૩) આ ઉત્સવ દરમિયાન ધક્કામુક્કીના કારણે ૮ (આઠ) મહિલાઓના મૃત્યુ થયેલ હતા.

## દાહોદ જિલ્લામાં લૂંટ, ધાડ અને ચોરીના ગુનાઓ

૧૧૮૧૨**શ્રી બાચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ૧ (એક) વર્ષમાં દાહોદ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં લૂંટ-ધાડ અને ચોરીના કેટલા ગુનાઓ નોંધાયા, અને

(૨) કેટલા ગુનેગારો પકડાયા ?

**જવાબ**

(૧)

| અ.નં. | પોલીસ સ્ટેશન | લૂંટ | ધાડ | ચોરી |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ ટાઉન | ૫ | ૪ | ૧૧૧ |
| ૨ | દાહોદ રૂરલ | ૧૨ | ૯ | ૩૫ |
| ૩ | ગરબાડા | ૪ | ૪ | ૯ |
| ૪ | ધાનપુર | ૫ | ૪ | ૧૫ |
| ૫ | દેવગઢ બારીયા | ૧ | ૨ | ૨૧ |
| ૬ | લીમખેડા | ૨ | ૨ | ૧૨ |
| ૭ | લીમડી | ૨ | ૧ | ૨૪ |
| ૮ | ઝાલોદ | ૧ | ૧ | ૧૪ |
| ૯ | ફતેપુરા | - | ૩ | ૪ |
| ૧૦ | સુખસર | ૨ | - | ૧૬ |

(૨) ૨૨૪ આરોપીઓને પકડવામાં આવેલ છે.

-------------

## ભરૂચ જિલ્લાના નેત્રંગ ગામે નશાબંધી ધારા હેઠળ ધરપકડ કરવા બાબત

૧૧૯૦૫ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લાના નેત્રંગ ગામે નશાબંધી ધારા હેઠળ કેટલા ઈસમો સામે પાસા હેઠળ ધરપકડ કરવામાં આવી છે, અને

(૨) પાસા હેઠળ ધરપકડ કરવાની હોય તેવા ક્યા ક્યા બુટલેગરો છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાસા હેઠળ નેત્રંગ ગામે કોઈ પણ ઈસમની અટકાયત કરવામાં આવેલ નથી.

(૨) નેત્રંગ ગામે નશાબંધી ધારા હેઠળ કોઈપણ ઈસમ વિરૂધ્ધ પાસાની કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાથી કોઈ ઈસમની ધરપકડ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન દ્વારા વિજ શુલ્ક ઘટાડવા બાબત

૧૧૬૧૫**શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશને રાજ્યમાં વિજ વપરાશકારો પાસેથી વસૂલાતો સરકારી વિજ કર ઘટાડવા રાજ્ય સરકારને ક્યારે ક્યારે સૂચનાઓ આપી, અને

**જવાબ**

(૧) અને (૨) : વિદ્યુત શુલ્કની બાબત ગુજરાત વીજ નિયમન પંચના કાર્યક્ષેત્રમાં આવતી નથી. પરંતુ ડિસેમ્બર-૨૦૦૯માં પંચ દ્વારા વીજ વિતરણ કંપનીઓની ટેરીફ પીટીશનની સુનાવણી વખતે કેટલાક ગ્રાહકો દ્વારા વિજ શુલ્ક બાબતે પંચ સમક્ષ રજુઆતો કરાયેલ હતી.

(૨) આ સૂચનાઓ પછી રાજ્ય સરકાર વિજ શૂલ્કમાં કેટલી રકમનો ઘટાડો કરવા માંગે છે, અને તેનો અમલ ક્યારથી કરવા માંગે છે?

ગ્રાહકોની રજુઆત અન્વયે પંચ દ્વારા રાજ્ય સરકારને વિદ્યુત શુલ્ક રેશનેલાઈઝ કરવા બાબતે સુચન કરાયેલ છે.
જો કે રાજ્ય સરકારે પ્રજાના હિતમાં વર્ષ ૨૦૦૦થી આજદિન સુધી તબક્કાવાર વીજકર દર રેશનેલાઈઝ કરીને રૂા. ૧૦૦૦ કરોડ જેટલી રાહતો આપી છે. જેનો આશરે એક કરોડથી વધારે ગ્રાહકોને લાભ મળ્યો છે.

-------------

**વિકેન્દ્રીત આયોજનમાં ધારાસભ્યોને ખર્ચ માટે રકમમાં વધારો કરવા બાબત**

૧૧૬૩૩**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૧૫૨) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિકેન્દ્રીત આયોજન અન્વયે ધારાસભ્યોને ખર્ચ માટે ભલામણ કરવાની રકમમાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ વધારો કરાયો નથી તે હકીક્ત સાચી છે,

(૨) દશમી અને અગિયારમી પંચવર્ષીય યોજનાની વાર્ષિક યોજનામાં વધારો થયો હોવા છતાં વિકેન્દ્રીત આયોજનમાં સપ્રમાણ ફાળવણી થઈ નથી, તે હકીક્ત સાચી,

(૩) જો હા, તો ફાળવણીનું પ્રમાણ આગામી વર્ષમાં સુધારવા માગે છે કે કેમ, અને

(૪) વિકેન્દ્રીત આયોજન માટે ૭ ટકાની ફાળવણી કરવાની જોગવાઈનો અમલ કરાશે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨), (૩) અને (૪) : રાજ્યની વાર્ષિક યોજના રાજ્યની નાણાંકીય ઉપલબ્ધિ અંગેના સાધનો, વિકાસનો અભિગમ, વ્યૂહ, અગ્રતા અને વિકાસના અન્ય સદરોની જરૂરિયાતને ધ્યાને લઈ તેયાર કરવામાં આવે છે. વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળના પાયાની જરૂરિયાતોના કામોનો વિવિધ સદરોમાં પણ સમાવેશ થાય છે. આથી નિયત ટકાવારીની ફાળવણી કરવાને બદલે વિકાસલક્ષી અભિગમ રાખીને વિકેન્દ્રિત જિલ્લા આયોજનની જોગવાઈમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવ્યો છે. આગામી વર્ષની જોગવાઈમાં પણ ફાળવણીનું પ્રમાણ વધારવાની બાબત વિચારણા હેઠળ છે.

-------------

**ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી આધુનિકરણ કરવા બાબત**

૧૧૮૫૬ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

**જવાબ**

(૧) અને (૨) :
હા, જી. રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી સમગ્ર

(૨) જો હા, તો તા. ૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમનાં અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે ?

રાષ્ટ્રમાં અગ્રીમ સ્થાન ધરાવે છે અને ગુણવત્તા સભર કામગીરી માટે ઉચ્ચ નામના મેળવેલ છે. ફોરેન્સિક સાયન્સ માટે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન કુલ રૂા.૧૮.૬૯ કરોડના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે.

રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે ગુના પરિક્ષણ માટે ફિંગર પ્રિન્ટ, નાર્કો એનાલિસિસ, ગૌ માંસ પરિક્ષણ, ટેલી ફોરેન્સિક, બેલાસ્ટિક ડેટા એક્વિઝિશન સિસ્ટમ, મોબાઈલ સિમ કાર્ડ પરિક્ષણ, સસ્પેક્ટ ડિટેક્શન સિસ્ટમ, બ્રેઈન મેપિંગ જેવા પરિક્ષણો અદ્યતન સાધનો દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવે છે.

વિવિધ પ્રકારના અદ્યતન સાધનો અને માનવશક્તિ ના કારણે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી નિપૂણતા, પારદર્શક્તા અને તટસ્થતાને કારણે અન્ય રાજ્યો અને કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓ અત્રેની સહાયતા લે છે.

અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓએ છેલ્લા ત્રણ વર્ષમાં ૮૦૦ જેટલા કેસોમાં ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની સહાયતા લીધી છે અને આવી સહાયતા મળવાથી તેમના ગુના-કેસો હલ થઈ શક્યા છે.

આધુનિકરણના ભાગ રૂપે રાજ્યમાં વર્ષ ૨૦૦૯માં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સ્થાપવામાં આવી છે. આ યુનિવર્સિટીમાં ફોરેન્સિક સાયન્સને લગતા ડીગ્રી/ડિપ્લોમાં અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. પરિણામે આધુનિક જ્ઞાન આપીને સમગ્ર દેશમાં ફોરેન્સિક નિષ્ણાતો તૈયાર કરી શકાશે.

-------------

**વાહનોમાં મળતો સી.એન.જી. અને એ.પી.એમ. ગેસ રાહત દરે આપવા બાબત**

૧૨૩૬૬**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૯-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યનાં વાહનોમાં મળતો સી.એન.જી., એ.પી.એમ. ગેસ રાહત દરે મળે તે માટે કેન્દ્ર સરકારને કોઈ રજૂઆત કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ રજૂઆતો ક્યારે કરવામાં આવી, અને

(૩) કેન્દ્ર સરકારે તેનો શું પ્રતિભાવ આપેલ છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) તા. ૧૨-૦૮-૨૦૦૮ તથા તા. ૧૨-૬-૨૦૦૯ ના રોજ લેખિત રજુઆતો ઉપરાંત અવારનવાર સરકાર દ્વારા મોખિક રજુઆતો પણ કરી છે ચેમ્બર દ્વારા પણ રજુઆતો થઈ છે. છતાં હજુ સુધી કોઈ પરિણામ મળેલ નથી.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો**

૧૨૨૫૭**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૯-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ તાલુકાવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) તારીખ ૨૯-૦૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જીલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ કુલ ૧૦૭૮૯ વીજ જોડાણો આપવામાં આવ્યા છે જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | આપવામાં આવેલા વીજ જોડાણોની સંખ્યા |
|---|---|
| ભીલોડા | ૩૧૬૨ |
| ખેડબ્રહ્મા | ૩૨૧૧ |
| વિજયનગર | ૩૫૦૯ |
| મેઘરજ | ૭૨૩ |
| ઈડર | ૧૮૪ |
| **કુલ :** | **૧૦,૭૮૯** |

(૨) તાલુકાવાર કેટલા આપવાના બાકી છે, અને

(૩) બાકીનાને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

(૨) અને (૩) માત્ર ભિલોડા તાલુકાના ૩૭ લાભાર્થીઓને વીજ જોડાણ આપવાના બાકી હતા જેની કાર્યવાહી પૂર્ણ કરી વિજ જોડાણ આપી દેવામાં આવ્યા છે. હવે કોઈ કામગીરી બાકી નથી.

-------------

## એ.આર.ટી.ઓ. કચેરી અમદાવાદની આવક

૧૧૮૩૮**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ એ.આર.ટી.ઓ. કચેરીની કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| **કેલેન્ડર વર્ષ** | **આવક રૂા. લાખમાં** |
|---|---|
| ૨૦૦૭ | ૧૪૫૧૪.૭૩ |
| ૨૦૦૮ | ૧૭૧૯૪.૯૯ |
| ૨૦૦૯ | ૧૯૭૫૨.૨૧ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

## રાજ્યમાં કાર્યરત વીજ સબ સ્ટેશનો

૧૨૩૫૫ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા વિદ્યુત સબ સ્ટેશનો કાર્યરત છે,

(૨) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં રાજ્યમાં કેટલા સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા, અને

(૩) તે પૈકી રાજકોટ જિલ્લામાં કેટલા સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૯૯૯ (નવસો નવ્વાણું) સબ સ્ટેશનો કાર્યરત છે. તદ્ઉપરાંત ૨૨ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ માન. મુખ્ય મંત્રીશ્રીના વરદ હસ્તે ૧૦૦૦મા સબ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવેલ છે.

(૨) અને (૩) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં રાજ્યમાં ૯ (નવ) સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા છે અને તે પૈકી રાજકોટ જિલ્લામાં ૨ (બે) સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં છે.

## રાજ્યમાં કાર્યરત વીજ સબ સ્ટેશન

૧૨૨૨૪**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા વીજ સબ સ્ટેશનો કાર્યરત છે,

(૨) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યમાં કેટલા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, અને

(૩) તે પૈકી રાજકોટ જિલ્લામાં કેટલા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૯૯૯ (નવસો નવ્વાણું) સબ સ્ટેશનો કાર્યરત છે. તદ્ઉપરાંત ૨૨ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ માન. મુખ્ય મંત્રીશ્રીના વરદ હસ્તે ૧૦૦૦મા સબ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવેલ છે.

(૨) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યમાં ૬૦ (સાઈઠ) વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૩) તે પૈકી રાજકોટ જિલ્લામાં ૧૧ (અગિયાર) વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવશે.

-------------

## સુરત શહેર અને જિલ્લામાં તથા ભાવનગર જિલ્લામાં હત્યા, બળાત્કાર અને લૂંટના બનેલ બનાવો

૧૨૧૪૬**શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સન ૨૦૦૯માં સુરત શહેર અને જિલ્લા તેમજ ભાવનગર જિલ્લામાં હત્યા, બળાત્કાર અને લૂંટના કેટલા ગુનાઓ નોંધાયેલ છે,

(૧) **સુરત શહેર**

| અ.નં. | હેડ | સને-૨૦૦૯ |
|---|---|---|
| ૧ | હત્યા | ૧૦૨ |
| ૨ | બળાત્કાર | ૨૫ |
| ૩ | લુંટ | ૮૦ |

**સુરત ગ્રામ્ય**

| અ.નં. | હેડ | સને-૨૦૦૯ |
|---|---|---|
| ૧ | હત્યા | ૩૯ |
| ૨ | બળાત્કાર | ૧૧ |
| ૩ | લુંટ | ૮ |

**ભાવનગર**

| અ.નં. | હેડ | સને-૨૦૦૯ |
|---|---|---|
| ૧ | હત્યા | ૪૧ |
| ૨ | બળાત્કાર | ૮ |
| ૩ | લુંટ | ૨૮ |

(૨) તે પૈકી કેટલા ગુનાઓમાં આરોપીઓની ધરપકડ થયેલ છે, અને

(૨) હત્યાના કુલ-૧૪૫ કેસોમાં ૩૫૦ આરોપીઓની ધરપકડ થયેલ છે. બળાત્કારના કુલ-૪૪ કેસોમાં ૫૭ આરોપીઓની ધરપકડ થયેલ અને લુંટના કુલ-૮૩ કેસોમાં ૨૧૨ આરોપીઓની ધરપકડ થયેલ છે.

(૩) કેટલા ગુનાઓમાં આરોપીઓની જામીન અરજી મંજૂર થયેલ છે ?

(૩) હત્યાના કેસોમાં-૨૫
બળાત્કારના કેસોમાં-૦૭ અને
લૂંટના કેસોમાં-૩૭ ગુનાઓમાં આરોપીઓની જામીન અરજી મંજુર થયેલ છે.

આવા ગુનાઓ બનતા અટકાવવા નીચે મુજબના અસરકારક પગલાઓ ભરવામાં આવેલ છે.

(૧) વાહન ચેકીંગ અમલમાં મુકી ઝુંબેશ ચલાવવામાં આવે છે.

(૨) અવાર-નવાર નાઈટ કોમ્બીંગ કરી ગુનેગારોના આશ્રય સ્થળો, દંગાઓ, હોટલ, ગેસ્ટ હાઉસ વિગેરેનું ચેકીંગ ગોઠવવામાં આવે છે.

(૩) ગુનેગારો વિરુધ્ધ પાસા તડીપારના પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૪) શહેરોમાં ચાલતા ખાનગી ટ્યુશન ક્લાસો સવારે ૭-૦૦ ક્લાક પહેલા ચાલુ કરવા પર પ્રતિબંધ મૂક્તું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

(૫) પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ટ્યુશન ક્લાસીસના સંચાલકો, સ્કૂલો કોલેજના સંચાલકો અને વાલીઓના સંપર્ક કરી માર્ગદર્શન આપવામાં આવે છે.

## ગાંધીનગરમાં શહેરી બસ સેવા પૂરી પાડવા બાબત

**૧૧૮૩૭શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર શહેરને શહેરી બસ સેવા પૂરી પાડવા સરકારે કોઈ મંજૂરી આપેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા. ૮-૬-૨૦૦૯ના જાહેરનામા ક્રમાંક : પીટી-૨૦૦૯-૧૬-એમટીએ-૧૮૨૦૦૮-૩૫૩૩-ખ અન્વયે શહેરી બસ સેવા શરૂ કરવા મંજૂરી આપવામાં આવેલ છે. (જેની વિગતો પત્રક-૧માં દર્શાવેલ છે.) તથા તા. ૮-૬-૦૯ના જાહેરનામા ક્રમાંક પીટી-૨૦૦૯-૧૫-એમટીએ-૧૮૨૦૦૮-૩૫૩૩-ખ અન્વયે ભાડાના દર નક્કી કરવામાં આવેલ છે. (જેની વિગતો પત્રક-૨માં દર્શાવેલ છે.)

**પત્રક--૧**

**બસ રુટની વિગત**

| રૂટ નંબર | રૂટ નું નામ | રૂટ રોડ |
|---|---|---|
| ૧ | ઘ-૦ થી અક્ષરધામ | ઘ-૦, ઘ-૧, સે.-૩(ન્યુ)એ, ગ-૧, સે.-૩/૪, ગ-૨, સે.-૪/૫, ખ-૨, સે.-૫, ખ-૩, સે.-૧૩, ગ-૩, સે.-૧૬, ઘ-૪, સે.-૧૬/૧૭, ઘ-૫, સે.-૧૭/૨૨, અક્ષરધામ. |
| ૨ | ખ-૧ થી અશ્રરધામ | ખ-૧, સે.-૪, ગ-૧, સે.-૩/૪, ગ-૨, સે.-૫/૬, ગ-૩, સે.-૬/૧૨,ઘ-૩, સે.-૬/૭, ઘ-૪,ચ-૪, જિલ્લા પંચાયત, ચ-૫, , સે.-૨૧ પોલીસ સ્ટેશન, સે.-૧૯ (માઉન્ટ કાર્મેલ), રાજશ્રી સીનેમા, સે.-૩૦, અક્ષરધામ. |
| ૩ | અક્ષરધામ થી પથિકાશ્રમ | અક્ષરધામઃ સે.-૩૦, ૨૧/૩૦, ચ-૬, સે.-૨૨/૨૯, ઘ-૬, સે.૨૩/૨૮, સે.-૨૪, ગ-૬, સે.૨૩-૨૪, ગ-૫, સે.૧૫/૨૪, ખ-૫, સે.-૧૪/૧૫, ખ-૪, રેલ્વે સ્ટેશન, સે.-૧૩, ખ-૩, સે.-૫/૧૩, ગ-૩, સે.૫/૬, ગ-૨, સે.૩/૪, ગ-૧, સે.૩(ન્યુ), ઘ-૧, સે.-૨/૩, ઘ-૨, સે.-૬/૭, ઘ-૩, પથિકાશ્રમ. |
| ૪ | ચ-૦ થી ગ-૭ | ચ-૦, સે.૧/૨એ, ચ-૨, સે.-૨/૭, ઘ-૨, સે.-૬/૭, ઘ-૩, ઘ-૪, સે.-૧૬/૧૭, ઘ-૫, સે.-૨૨/૨૩, ઘ-૬, સે.-૨૮/૨૯, ઘ-૭, પ્રેસ, ગ-૭, આદિવાડા, સે.-૨૭ / ડીએસપી, ખ-૭, સે.-૨૬/૨૭, ખ-૬, સે.-૨૪/૨૭, ગ-૬. |
| ૫ | ચ-૦ થી સે.-૧૯/૨૦ | ચ-૦, ચ-૨, ચ-૩, ઘ-૩, ઘ-૨, ગ-૨, ખ-૨, ખ-૩, ખ-૪, ગ-૪, ગ-૫, ઘ-૫, ચ-૫, છ-૫, સે.-૧૯/૨૦. |
| ૬ | અડાલજ થી ચિલોડા | અડાલજ, ઘ-૦, ઘ-૨, ઘ-૩, ચ-૩,ચ-૪,ચ-૫, સે.-૨૧, પોલીસ સ્ટેશન, સે.-૨૧ શાકમાર્કેટ, સે.-૨૧/૩૦, અક્ષરધામ, સે.-૩૦, સર્કલ, ચિલોડા. |
| ૭ | પેથાપુર થી ગ-૧ | પેથાપુર, ઘ-૭, ઘ-૬, ચ-૬, ચ-૫, ચ-૪, ચ-૩, ઘ-૩, (એસ.ટી.ડેપો), ગ-૩, ગ-૨, ઘ-૨, ઘ-૧, ગ-૧. |
| ૮ | વાસણિયા મહાદેવ થી ઘ-૩ | વાસણિયા મહાદેવ, રાંધેજા કોલવડા, ક-૭, ક-૬, ખ-૬, ગ-૬, ગ-૫, ખ-૫, ખ-૪, ગ-૪, ઘ-૪, ઘ-૩. |
| ૯ | વાવોલથી સે.-૨૧ જિલ્લા શોપીંગ સેન્ટર | વાવોલ, ખ-૩, ગ-૩, ઘ-૩, ચ-૩, ચ-૪ (જિલ્લા પંચાયત) ચ-૫, જુના સચિવાલય, સે.-૨૧ શોપીંગ. |

**પત્રક-૨**
**ભાડાના દરની વિગત**

| વિસ્તારો | રૂટ | ઉતારુ વેરા સહિત વધુમાં વધુ ભાડુ. | નૂર |
|---|---|---|---|
| જ્યાં વિટકોસ ટ્રાન્સપોર્ટેશન પ્રાઇવેટ લિમિટેડ, ભાવનગર દ્વારા રુ સ્ટેજ કેરેજ(શહેરી ઉતારુ બસ સેવા) ચલાવાતા હોય તેવા મંજૂર કરાયેલા રુટો વાળા ગાંધીનગર નોટીફાઇડ વિસ્તાર | મુંબઇ મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ની કલમ-૩ની જોગવાઇ હેઠળ મંજૂર કરાયેલા ગાંધીનગર નોટીફાઇડ વિસ્તારના લગોલગના વિસ્તારોમાં સેવા પૂરી પાડતા હોય તેવા તમામ રુટો. | (૧) પ્રથમ સ્ટેજ અથવા તેના ભાગ માટે, ઉતારુ દીઠ રૂા. ૨.૦૦ (ફક્ત બે રૂપિયા)<br>(૨) ત્યાર પછી પ્રથમ સ્ટેજ પછીના ત્રણ સ્ટેજ સુધી ઉતારુ દીઠ ૧.૦૦ (એક રૂપિયા) નો વધારો.<br>(૩) ત્રીજા સ્ટેજ પછીના દરેક ત્રણ સ્ટેજ અથવા તેના ભાગ માટે રૂા.૧.૦૦ (એક રૂપિયા) નો વધારો.<br>(૪) મેળા, ધાર્મિક મેળાવડા વગેરે જેવા પ્રસંગોએ પૂરી પાડવાની એક્ષપ્રેસ બસ અને ખાસ બસો માટે ૪ કિ.મી. સુધી રૂા.૧.૦૦ અને ત્યાર પછી રૂા. ૨.૦૦ નો વધારાના ચાર્જ કરવામાં આવશે. | (૧) પ્રથમ સ્ટેજ અથવા તેના ભાગ માટે, માલસામાનના દાગીના દીઠ રૂા.૨.૦૦(ફક્ત બે રૂપિયા).<br>(૨) ત્યાર પછીના દરેક ત્રણ સ્ટેજ માટે માલસામાનના દાગીના દીઠ રૂા.૧.૦૦ (એક રૂપિયા) નો વધારો. પરંતુ ૨૫ કિલોગ્રામ કરતા વધારે નહિ તેટલા એકંદર વજનના દાગીના પર કોઇ ચાર્જ લેવામાં આવશે નહિ. |

નોંધઃ- (૧) આ જાહેરનામાના હેતુ માટે ""સ્ટેજ""એ શબ્દ એટલે બે કિલોમીટરનું અંતર.
(૨) આ જાહેરનામામાં ""ઉતારુ "" એ શબ્દનો અર્થ, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૨ ના ખંડ(ખ) અને નિયમ ૧૧૯ના પેટા-નિયમ(૧) માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

-------------

**ઉર્જા ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી બદલ મળેલ એવોર્ડ**

૧૨૩૩૨**શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારને ઉર્જાક્ષેત્રે પ્રશંસનીય કામગીરી માટે ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ,

(૨) સરકાર ધ્વારા ખેડૂતોના વીજ જોડાણ સત્વરે આપવા શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) વડોદરા જિલ્લામાં ખેતી હેતુ વીજ જોડાણો આપવાની પ્રક્રિયા વધારવામાં આવી છે. વડોદરા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણોની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૧૯૩ |
| ૨૦૦૮-૦૯ | ૧૩૮૧ |
| ૨૦૦૯-૧૦ (ડીસેમ્બર-૦૯ અંતિત) | ૧૭૪૪ |
| કુલ | ૪૩૧૮ |

ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્ના ખેડૂતોને ગુણવત્તા સભર વીજ પૂરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઈ ખેતી વિષયક વીજ જોડાણ ઉપલબ્ધ વીજ પૂરવઠો, માલખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ, પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે. આમ

વાર્ષિક લક્ષ્યાંક્ના ક્માનુસાર વીજ જોડાણો આપવાનું આયોજન છે.

-------------

## મુખ્ય મંત્રી અને મંત્રી મંડળના સભ્યોનો હવાઈનો મુસાફરી ખર્ચ

૧૧૯૮૪**શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) :માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૦૯ થી ૨૫-૧-૦૯ સુધીમાં મુખ્યમંત્રી તથા મંત્રી મંડળના ક્યા ક્યા સભ્યોએ હવાઈ અને હેલીકોપ્ટરની મુસાફરી કેટ કેટલી કરી, અને

(૨) તે અન્વયે કેટ કેટલો ખર્ચ ક્રવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૧-૧-૨૦૦૯ થી તા.૨૫-૦૧-૨૦૦૯ સુધીમાં મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીમંડળના સભ્યો દ્વારા વિમાનમાં મુસાફરી કરેલ નથી. મુખ્યમંત્રીશ્રી દ્વારા હેલીકોપ્ટરમાં ક્રેલ મુસાફરીની વિગત નીચે મુજબ છે.

| મુસાફરીની તારીખ | ક્યાંથી ક્યા સુધી | કુલ કલાક અને મીનીટ |
|---|---|---|
| તા.૧-૧-૨૦૦૯ | ભુજ-ધર્મશાળા-વિધાકોટ-કોટેશ્વર-ભુજ-અમદાવાદ | ૩-૧૫ |
| તા.૨-૧-૨૦૦૯ | ગાંધીનગર-વડોદરા-ગાંધીનગર | ૧-૦૦ |
| તા.૩-૧-૨૦૦૯ | ગાંધીનગર-સુઈગામ-બોર્ડર ઓપરેશન-બોર્ડર ઓપરેશન ગાંધીનગર | ૨-૪૫ |
| તા.૧૫-૧-૨૦૦૯ | ગાંધીનગર-સમી-ગાંધીનગર | ૧-૨૦ |
| તા.૧૭-૧-૨૦૦૯ | ગાંધીનગર-હાલોલ-કાલોલ-સંગવાડા-પરવડી-ગાંધીનગર | ૨-૨૦ |
| તા.૨૩-૧-૨૦૦૯ | ગાંધીનગર-હરીપુરા-સુરત-જલગાંવ-ઓરાંગાબાદ | ૪-૨૦ |
| તા.૨૫-૧-૨૦૦૯ | ગાંધીનગર-હાલોલ-સદનપુર | ૧-૧૫ |
| કુલ | | ૧૬-૧૫ |

મંત્રીમંડળના સભ્યો દ્વારા હેલીકોપ્ટરમાં મુસાફરી ક્રેલ નથી.

(૨) તે અન્વયે રૂા.૩,૯૦,૫૮૫/-નો ખર્ચ ક્રવામાં આવ્યો.

-------------

## સાવરકુંડલા તાલુકામાં પી.જી.વી.સી.એલ. ધ્વારા ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણો

૧૧૭૩૨**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકામાં પી.જી.વી.સી.એલ. ધ્વારા ખેડૂતોએ પોતાના કૂવા ઉપર વીજ ક્નેક્શન લેવા માટે કેવા કેવા પ્રકારનું વીજ જોડાણ મેળવવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણીઓ ક્રેલ છે,

(૨) આવેલ માંગણીમાંથી છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ખેતીવાડી ક્નેક્શનો કેટલા આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) સાવરકુંડલા તાલુકામાં પી.જી.વી.સી.એલ. ધ્વારા ખેડૂતોએ પોતાના કૂવા ઉપર થ્રી ફેઈઝ વીજજોડાણ માટે તા.૩૧-૧૨-૦૯ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ૧૭૭૫ ખેડૂતોએ માંગણી ક્રેલ છે.

(૨) અને (૩) કૃષિ વીજ જોડાણ માટે ઉપલબ્ધ વીજ પુરવઠો, અને માંગ વચ્ચે સંતુલન જાળવીને ઉપલબ્ધ માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજ

(૩) બાકી રહેલા કનેકશનો ક્યારે અને કેટલા સમયમાં રીલીઝ કરવામાં આવશે ?

નાણાકીય ફાળવણી વિગેરે ધ્યાને લઇ નોંધાયેલ અરજીઓને ક્રમાનુસાર વીજજોડાણ આપવામાં આવે છે. તદઅનુસાર અગાઉના વર્ષની અરજીઓમાંથી છેલ્લા ૨ વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં ૭૫૬ ખેતીવાડી કનેકશનો આપવામાં આવેલ છે. જ્યારે છેલ્લા બે વર્ષમાં નોંધાયેલ અરજીઓનો ઉપર દર્શાવ્યા મુજબ ક્રમાનુસાર નિકાલ કરી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

-------------

**બોરસદ અને આંકલાવ તાલુકામાં ઝૂંપડપટ્ટી વીજ જોડાણ મેળવવાની અરજીઓ**

૧૨૨૬૬**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બોરસદ અને આંકલાવ તાલુકામાં વર્ષ ૨૦૦૬-૦૭, વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯માં ઝૂંપડપટ્ટી વીજ જોડાણ યોજનામાં જોડાણ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી તા. ૨૯-૧-૧૦ સુધીમાં કેટલાને વીજ જોડાણ આપવામાં આવ્યા,

(૩) એક વર્ષ કરતાં પણ વધારે સમયથી મળેલ અરજીઓ પૈકી વીજ જોડાણ ન આપ્યા હોય તેવી કેટલી,

(૪) વિલંબના શાં કારણો છે, અને

(૫) કેટલા સમયમાં વીજ જોડાણો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) વર્ષવાર મળેલ અરજીઓ અને તા.૨૯-૦૧-૨૦૧૦ સુધીમાં આપવામાં આવેલ વીજજોડાણ નીચે મુજબ છે.

| તાલુકો | વર્ષ | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજજોડાણ |
|---|---|---|---|
| બોરસદ | ૨૦૦૬-૦૭ | ૩૮૬૬ | ૩૦૨૫ |
| | ૨૦૦૭-૦૮ | ૯૧૨૭ | ૫૫૧૭ |
| | ૨૦૦૮-૦૯ | ૩૨૩૬ | ૧૭૧૫ |
| આંકલાવ | ૨૦૦૬-૦૭ | ૦ | ૦ |
| | ૨૦૦૭-૦૮ | ૨૦૯૫ | ૧૪૫૩ |
| | ૨૦૦૮-૦૯ | ૯૯૮ | ૩૬૦ |

(૩) બોરસદ તાલુકામાં ૨૨૭૭ અને આંકલાવ તાલુકામાં ૮૦૧ વીજજોડાણ આપવાના બાકી છે.

(૪) સમયસર પૂર્તતા ન મળતા નિયત સમયમાં વીજ જોડાણ આપવામાં વિલંબ થાય છે.

(૫) બાકીના વીજ જોડાણ માટે દસ્તાવેજોની પૂર્તતા થયેથી વીજજોડાણ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

-------------

**પી. સી. પી. આઈ. આર. તરીકે દહેજ-વિલાયત બેલ્ટના પસંદગી પરિબળના મુદ્દાઓ**

૧૨૦૯૩**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પેટ્રોકેમિકલ અને પેટ્રોલિયમ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (PCPIR) તરીકે દહેજ-વિલાયત બેલ્ટના પસંદગી પરિબળ તરીકે ક્યા ક્યા મુદ્દા ધ્યાનમાં રાખવામાં આવેલ છે,

(૨) અને PCPIR ના પ્રથમ તબક્કામાં વિકાસની કઈ કઈ પ્રવૃત્તિઓ નક્કી કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) જીઆઇડીસીની વિશાળ વસાહતોની હાજરી, તેમાં અનેકવિધ ચાલુ અને નવા એકમોની સ્થાપના, જમીન, દરિયાકાંઠે વિવિધ પ્રકારના બંદરોની ઉપલબ્ધી, કાર્યાન્વિત કરાયેલ પાણી પુરવઠા અને દુષિત પાણીના નિકાલની યોજના, આ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ અને ઉપલબ્ધ આંતરરસ્તરીય જોડાણો, હયાત તેમજ સૂચિત પેટ્રોકેમિકલ ક્રેકર પ્રોજેક્ટો, રેલ જોડાણ વિગેરેને ધ્યાને લઇ દહેજ-વિલાયત પટ્ટીની પસંદગી કરવામાં આવેલ છે.

(૨) આ વિસ્તાર માટે રીજીનલ ડેવલપમેન્ટ ઓથોરીટીની સ્થાપના, ઓદ્યોગિક વસાહતો તેમજ રેસીડેન્સીયલ ટાઉનશીપની સ્થાપના, આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ, વિસ્તારનો ડીટઇલ્ડ ડેવલપમેન્ટ

| | |
|---|---|
| | પ્લાન ઝોનીંગ અને કોમ્પ્રીહેન્સીવ એન્વાયરમેન્ટલ એમ્પેકટ એસેસમેન્ટનું કામ હાથ ઉપર લેવામાં આવેલ છે. |
| (૩) આ માટે બહારના જોડાણની શું વ્યવસ્થા કરવામાં આવી છે ? | (૩) આ વિસ્તારને બહારના જોડાણ મળી રહે તે માટે રેલ્વે, રસ્તા, સંચાર, વ્યવસ્થાના માધ્યમો, પોર્ટ, ગેસ પુરવઠો, લોજીસ્ટીક પાર્ક, જુની નેરોગેજ રેલ્વેલાઇનને બ્રોડગેજમાં રૂપાંતર તેમજ હયાત ચારમાર્ગીય સ્ટેટ હાઇવેને છ માર્ગીય કરવાનું આયોજન વગેરે સુવિધાઓ માટે વ્યવસ્થા/આયોજન કરવામાં આવેલ છે. |

-------------

**દિલ્હી, મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર યોજનાના વિકાસમાં રાજ્યોનો સમાવેશ**

૧૨૩૩૭**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દિલ્હી, મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર (ડી.એમ.આઇ.સી.) યોજનાના વિકાસમાં કેટલા રાજ્યોનો સમાવેશ થાય છે અને ગુજરાત રાજ્યમાં તેનો કેટલો હિસ્સો છે, | (૧) કોરીડોરમાં ૬ રાજ્યોનો સમાવેશ થાય છે. એનો ૩૮ ટકા હિસ્સો ગુજરાતનો છે. |
| (૨) ડી.એમ.આઇ.સી. અંતર્ગત વિકાસ માટે જે ઓદ્યોગિક નોડસ નક્કી કરાયેલ છે, જે પૈકી ગુજરાતમાં કેટલા નોડસનો વિકાસ થનાર છે, અને | (૨) કુલ ૨૪ નોડસ પૈકી ૬ નોડસ ગુજરાતમાં છે. |
| (૩) ડી.એમ.આઇ.સી. અંતર્ગત ક્યા ક્યા ક્ષેત્રની મુખ્ય માળખાકીય સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે કે કેમ ? | (૩) રોડ, રેલ્વે, ઈન્ડસ્ટ્રીયલ અને સોશીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લોજીસ્ટીક્સ પાર્ક મેટ્રો રેલ, આંતરરાષ્ટ્રિય એરપોર્ટ, નોલેજ સીટી અને ક્ન્વેન્શન સેન્ટર વિકસાવવાનું આયોજન છે. |

**સાબરમતી જેલમાં રાખવામાં આવતા કેદીઓ**

૧૧૫૬૯ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરમતી જેલમાં કુલ કેટલા કેદીઓ નિયમ મુજબ રાખવાની જગ્યા છે, | (૧) ૨૦૫૬. |
| (૨) તેની સામે ઉક્ત સ્થિતિએ છેલ્લાં ૩ વર્ષમાં વર્ષવાઇજ કેટલા કેદી વધારે રાખવામાં આવ્યા, અને | (૨) <u>૨૦૦૭</u> ૨૧૯૮ ; <u>૨૦૦૮</u> ૨૦૨૨ ; <u>૨૦૦૯</u> ૧૪૯૧ |
| (૩) એક કેદીના માટે કેટલા સ્કવેરફુટ બેરેકમાં જગ્યા આપવાનો નિયમ છે ? | (૩) ૪૦ સ્કવેર ફૂટ. |

**રાજ્યમાં ખેતી માટે આપવામાં આવતી વીજળી**

૧૧૭૩૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખેતી માટે ખેડૂતોને દરરોજ કેટલા કલાક વીજળી આપવામાં આવે છે,<br>(૨) તે પૈકી દિવસે કેટલા કલાક અને રાત્રિના કેટલા કલાક વીજળી અપાય છે, | (૧) અને (૨)<br>રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજ માંગ વચ્ચે સંકલન જળવાય તે રીતે તમામ ખેતીવાડી ફીડરોનું બે ગૃપમાં વિભાજન કરીને દરેક ગૃપને દર અઠવાડિયે વારાફરતી દિવસે અને રાત્રે દરરોજ સાતત્યપૂર્ણ ૮ કલાક વીજ પૂરવઠો પૂરો પાડવામાં આવે છે. |
| (૩) ખેતીવાડીમાં ખેડૂતોને વધારે કલાક વીજળી આપવા સરકાર વિચારે છે કે કેમ, અને | (૩) અને (૪)<br>સમયાંતરે પાકની જરૂરિયાતને ધ્યાને લઈને |

(૪) જો હા, તો કેટલા કલાક વધારે વીજળી આપવા વિચારે છે ?

અન્ય ક્ષેત્રોમાં વીજ કાપ મૂકીને પણ ખેડૂતોને ઉભો પાક બચાવવા માટે જરૂરિયાત મુજબ પૂરતા સમય માટે વીજ પૂરવઠો પૂરો પાડવાનું આયોજન કરવામાં આવે છે.

------------

**ખેડૂતોને પુરતા દબાણે વિજ પુરવઠો આપવા બાબત**

૧૧૭૫૮**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખેડૂતોને પુરતા દબાણે વિજ પુરવઠો પુરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા બનાવેલ ખુશી યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી,

(૧) રાજ્યના ખેડૂતોના વિશાળ જન હિતમાં ખેડૂતોને પૂરતા દબાણે વીજ પૂરવઠો પૂરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વાકાંક્ષી યોજના -""**કિસાન હિત ઉર્જા શક્તિ યોજના**""- અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત વર્ષ-૨૦૦૮-૦૯ દરમ્યાન ૩૭૧૧૩ તથા ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૨૧૭૭૫ નવા ટ્રાન્સફોર્મર (૧૦ કે. વી. એ. ૧૬ કે. વી. એ. અને ૨૫ કે. વી. એ.) લગાવવામાં આવ્યા છે.

(૨) આણંદ જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા ખેડૂતોને તેનો લાભ મળેલ છે, અને

(૨) ૧૦૧૨ ખેડૂતોને લાભ મળેલ છે.

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) રૂા. ૯૫૮.૩૩ લાખ.

------------

**એ.આર.ટી.ઓ. કચેરી મહેસાણાની આવક**

૧૧૮૪૦**શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા એ.આર.ટી.ઓ. કચેરીની કેટલી આવક થઇ, અને

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૭ | ૨૮૫૪.૯૮ |
| ૨૦૦૮ | ૩૧૦૧.૧૭ |
| ૨૦૦૯ | ૩૧૫૬.૨૨ |

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો શાં છે ?

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

------------

**ઊર્જા ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી બદલ મળેલ એવોર્ડ**

૧૨૩૬૩**શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય સરકારને ઊર્જા ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી માટે ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઇ એવોર્ડ મળેલ છે, કે કેમ,

(૨) જો હા, તો કઇ સંસ્થા દ્વારા આ એવોર્ડ મળેલ છે, અને

(૧) (૨) અને (૩)

હાજી, વીજળી ક્ષેત્રે ઉત્તમ કામગીરી માટે રાજ્યને અનેક એવોર્ડ આપવામાં આવ્યા છે. સવિશેષ ટ્રાન્સમિશન ક્ષેત્રે ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા ફેબ્રુઆરી-૨૦૦૯માં ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન

(૩) એવોર્ડની વિગતો શી છે ?

કોર્પોરેશન લી. ને સુવર્ણપદક એનાયત થયેલ છે. તદ ઉપરાંત ગુજરાત રાજ્યને પણ ૨૮-૧૧-૨૦૦૯ના રોજ બેસ્ટ સ્ટેટ એવોર્ડ એનાયત થયેલ છે.

ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્ય સરકારને ડીસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ સાત એવોર્ડ મળેલ છે જેની વિગતો પરિશિષ્ટ-૧ મુજબ છે.

**પરિશિષ્ટ-૧**

**ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્ય સરકારને ડીસેમ્બર-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો:**

| અ. નં. | શિલ્ડ/સર્ટીફિકેટનું નામ | એવોર્ડ કોને મળેલ છે ? | એવોર્ડ કોના તરફથી મળેલ છે ? | એવોર્ડ કઈ તારીખે મળેલ છે. |
|---|---|---|---|---|
| ૧ | નેશનલ એવોર્ડ ફોર મેરીટોરીયસ પર્ફોમન્સ ઈનપાવર સેક્ટર (ગોલ્ડ શીલ્ડ) | ગુજરાત એનર્જી ટ્રાન્સ. કોર્પો. લી. | ઉર્જા મંત્રાલય, ભારત સરકાર | ૧૭-૨-૨૦૦૯ |
| ૨ | પાવર એવોર્ડઝ ૨૦૦૮ (આઈમા) (ટ્રોફી) | ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટડ | ઈન્ડીયન ઈલેક્ટ્રીકલ એન્ડ ઈલેક્ટ્રોનીક્સ મેન્યુફેક્ચરર્સ એસોશીએશન (IEEMA) | ૨૪-૦૨-૨૦૦૯ |
| ૩ | પાવર એવોર્ડઝ ૨૦૦૮ (આઈમા) (ટ્રોફી) | મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટડ | ઈન્ડીયન ઈલેક્ટ્રીકલ એન્ડ ઈલેક્ટ્રોનીક્સ મેન્યુફેક્ચરર્સ એસોશીએશન (IEEMA) | ૨૪-૦૨-૨૦૦૯ |
| ૪ | સેકન્ડ ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૦૯ (ટ્રોફી તેમજ પ્રમાણપત્ર) | ઉત્તર ગુજરાત વીજ કંપની | કાઉન્સીલ ઓફ પાવર યુટીલીટી | ૧૭-૧૧-૨૦૦૯ |
| ૫ | ઈન્ડીયા ટેક એક્સલન્સ એવોર્ડ ૨૦૦૯ (ટ્રોફી) | ગુજરાત સરકાર | ઈન્ડીયા ટેક ફાઉન્ડેશન | ૨૫-૧૧-૨૦૦૯ |
| ૬ | એનર્શિયા એવોર્ડ-૨૦૦૯ (ટ્રોફી અને સર્ટીફીકેટ) | મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટડ | ફાલ્કન સ્ટ્રેટેજીક એડવાઈઝર ઈન્ડીયા | ૨૮-૧૧-૨૦૦૯ |
| ૭ | બેસ્ટ સ્ટેટ એવોર્ડ ૨૦૦૯ (ટ્રોફી અને સર્ટીફીકેટ) | ગુજરાત સરકાર | ફાલ્કન સ્ટ્રેટેજીક એડવાઈઝર ઈન્ડીયા | ૨૮-૧૧-૨૦૦૯ |

------------

**ધુવારણ થર્મલ પાવર સ્ટેશનમાં વીજ ઉત્પાદન કરતાં યુનિટ તથા ગેસ ટરબાઇન બંધ થવા બાબત**

**૧૨૩૧૧શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ધ્રુવારણ થર્મલ પાવર સ્ટેશનની કેટ કેટલી વીજ ઉત્પન્ન કરતા કેટલા યુનીટ તથા ગેસ ટરબાઇન છેલ્લા ત્રણ વર્ષમાં બંધ કરવામાં આવ્યા,

(૨) બંધ કરવાના કારણો શું છે,

(૩) તેના કારણે ધુવારણ સ્ટેશનના વીજ ઉત્પાદનમાં કેટલો ઘટાડો થયેલ છે,

**જવાબ**

(૧) , (૨) અને (૩) : એલ.એસ.એચ.એસ. આધારિત ૬૩.૫ મે.વો. ના એક એવા ચાર એકમો નીચે દર્શાવેલા કારણોસર બંધ કરવામાં આવ્યા છે. આને કારણે વીજ ઉત્પાદનમાં ૨૫૪ મે. વો. નો ઘટાડો થયો છે. જ્યારે છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ ગેસ ટર્બાઈન બંધ કરવામાં આવેલ નથી.

(૧) આવરદા પૂર્ણ થયે વીજ એકમોની વીજ ઉત્પાદન ક્ષમતા અને કાર્યદક્ષતામાં થયેલ ધરખમ ઘટાડો

(૨) આ એકમો માટે બળતણ તેલ પૂરૂ પાડનાર કેન્દ્ર સરકારના એકમ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન દ્વારા જુલાઈ-૨૦૦૯ પછી બળતણ તેલ પૂરૂ પાડવાની અનિશ્ચિતતા.

(૩) વધુ સંચાલન અને નિભાવખર્ચને કારણે વીજ એકમની ઓછી ઉપલબ્ધતા

(૪) કેન્દ્ર સરકારના એકમ આઈ.ઓ.સી. દ્વારા આપવામાં આવતા.

એલ.એસ.એચ.એસ. ના ભાવો વધારે હોવાને કારણે વીજ ઉત્પાદનનો ખર્ચ યુનિટ દીઠ રૂા. ૫/- ઉપર થવાને કારણે વાણિજ્યિક રીતે પોષણક્ષમ નથી.

(૪) બંધ થયેલા યુનીટો ચાલુ રાખવા છેલ્લા બે વર્ષમાં કોઇ દરખાસ્તો મળેલ છે કે કેમ,

(૫) તે અંગે શું નિર્ણય કરેલ છે,

(૬) ધુવારણ થર્મલ પાવર સ્ટેશનમાં છેલ્લા ૨૦૦૭-૦૮ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં વર્ષવાર કેટલી વીજ ઉત્પન્ન કરવામાં આવી,

(૭) ધુવારણમાં વીજ ઉત્પાદન ઘટવાના કારણો શું છે, અને

(૮) ધુવારણમાં વીજ ઉત્પાદન વધારવા સરકાર શું પગલાં લેવા માંગે છે ?

(૪) ના. જી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૬) ધુવારણ થર્મલ પાવર સ્ટેશનમાં છેલ્લા ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં વર્ષવાર કરવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે..

| વીજમથકનો પ્રકાર | વર્ષવાર વીજ ઉત્પાદક (મી. યુનિટ્સમાં) | | |
|---|---|---|---|
| | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ (તા.૩૧-૧-૧૦) |
| એલએસએચએસ I આધારિત વીજમથક | ૧૩૪૮.૧૦૪ | ૧૧૮૭.૮૭૪ | ૪૫૬.૭૨૭ |
| ગેસ આધારિત વીજ મથક | ૧૧૧૩.૫૪૩ | ૧૧૮૫.૫૧૩ | ૧૧૧૨.૫૬૨ |
| કુલ : | ૨૪૬૧.૬૪૭ | ૨૩૭૩.૩૮૭ | ૧૫૬૯.૨૮૯ |

(૭) ધુવારણમાં વીજ ઉત્પાદન ઘટાડવાના કારણો નીચે મુજબ છે.

(૧) ધુવારણ યુનિટ ૧થી ૪ના તા. ૨૦-૪-૨૦૦૭ થી બંધ કરવામાં આવ્યા તેમજ યુનિટ ૫ અને ૬ તા. ૨૦-૪-૦૭થી ૨x૧૪૦માંથી ૨x૧૧૦ સુધી ડીરેટ કરવામાં આવ્યા.

(૨) વીજ ઉત્પાદન કાર્યક્ષમતા અને કાર્યદક્ષતામાં ઘટાડો

(૩) કેન્દ્ર સરકારના એકમ આઈ.ઓ.સી. દ્વારા આપવામાં આવતા એલ.એસ.એચ. એસ. ના ભાવો વધારે હોવાને કારણે વીજ ઉત્પાદનનો ખર્ચ યુનિટ દીઠ રૂા. ૫ ઉપર થવાને કારણે વાણિજ્યિક રીતે પોષણક્ષમ નથી તેથી આપવામાં આવતું બ્રેકીંગ ડાઉન

(૪) કુલીંગ માટે વપરાતા સારી ગુણવત્તાવાળા મીઠા પાણીની તીવ્ર અછતને લીધે ઓછી ગુણવત્તાવાળા બોરવેલ પાણીનો વપરાશ

(૫) આ એકમો માટે બળતણ તેલ પુરૂ પાડનાર કેન્દ્ર સરકારના એકમ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન દ્વારા જુલાઈ-૨૦૦૯ પછી બળતણ તેલ પુરૂ પાડવાની અનિશ્ચિતતા

(૮) ધુવારણમાં વીજ ઉત્પાદન વધારવા માટે જીએસઈસીએલ ધ્વારા નીચે દર્શાવેલ પગલાં લેવામાં આવેલ છે.

(ક) તા. ૧-૧૧-૦૭થી ૧૧૨.૪૫ મે. વો. ગેસ આધારિત કમ્બાઈન્ડ સાયકલ એકમ -૨ કાર્યરત કરવામાં આવેલ છે.

(ખ) ૩૫૦ +મે.વો. ગેસ આધારિત કમ્બાઈન્ડ સાયકલ એકમ -૩ અગિયારમી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં કાર્યરત કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ કાર્યવાહી માર્ચ-૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## રાજ્યના પોલિસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઇઝેશન કરવા બાબત

૧૨૩૪૯**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઇઝેશન કરવાનું નક્કી કરેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલા પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવ્યું છે, અને

(૩) બાકીનાનું ક્યાં સુધીમાં કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : કોમ્પ્યુટરાઇઝેશનમાં કોમ્પ્યુટર હાર્ડવેર, સોફટવેર, કનેકટીવીટી અને એપ્લીકેશન સોફટવેર જેવી બાબતોનો સમાવેશ થાય છે. રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોને કોમ્પ્યુટર, પ્રિન્ટર તથા સ્કેનર ફાળવવામાં આવેલ છે. (નવનિર્મિત પોલીસ સ્ટેશનો સિવાય).

કોમ્પ્યુટરાઇઝેશન માટે એચ.ડી.આઇ.આઈ.ટી.એસ. (હોમ ડીપાર્ટમેન્ટ ઇન્ટીગ્રેટેડ ઇન્ફોર્મેશન સીસ્ટમ) એપ્લીકેશન સોફટવેર તૈયાર કરવામાં આવેલ છે. જેનું હાલમાં UAT (User Acceptance Test) ચાલી રહેલ છે. જે પૂર્ણ થતાં આ સોફટવેર તમામ પોલીસ સ્ટેશનોમાં અમલમાં મુકવામાં આવશે.

------------

## પંચમહાલ જિલ્લામાં બાજપાઇ બેંકેબલ યોજના હેઠળ ચૂકવાયેલ સબસીડી

૧૨૦૮૪**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર શ્રી બાજપાઇ બેંકેબલ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં કેટલા કેસોમાં સબસીડી મંજૂર કરવામાં આવી અને કેટલી રકમની,

(૨) મંજૂર કરેલ સબસીડી પૈકી કેટલા કેસોમાં સબસીડી ચૂકવવામાં આવી,

(૩) સબસીડી ચૂકવવાના બાકી કેસો કેટલા, અને

(૪) બાકી કેસોમાં ક્યા કારણોસર સબસીડી ચૂકવાઇ નથી ?

**જવાબ**

(૧) અને (૨) :

| મંજૂર કરેલ સબસીડી | | | | ચૂકવેલ સબસીડી | |
|---|---|---|---|---|---|
| **અ. નં.** | **તાલુકાનું નામ** | **સંખ્યા** | **રકમ (રૂા. લાખમાં)** | **સંખ્યા** | **રકમ (રૂા. લાખમાં)** |
| ૧ | ગોધરા | ૩૪૨ | ૩૯.૮૯ | ૨૯૬ | ૩૪.૭૫ |
| ૨ | શહેરા | ૪૮૧ | ૪૯.૫૭ | ૩૯૦ | ૪૦.૩૫ |
| ૩ | લુણાવાડા | ૬૯૪ | ૭૭.૩૨ | ૫૫૩ | ૬૦.૪૬ |
| ૪ | સંતરામપુર | ૫૧૨ | ૬૪.૩૦ | ૪૦૩ | ૪૯.૬૦ |
| ૫ | ખાનપુર | ૨૨૩ | ૨૪.૫૫ | ૧૭૧ | ૧૮.૮૫ |
| ૬ | કડાણા | ૮૬ | ૯.૮૭ | ૭૮ | ૮.૭૩ |
| ૭ | કાલોલ | ૪૨૦ | ૪૫.૭૬ | ૩૨૬ | ૩૩.૪૭ |
| ૮ | હાલોલ | ૧૩૧ | ૧૫.૮૧ | ૧૦૫ | ૧૨.૫૧ |
| ૯ | જાંબુઘોડા | ૫૧ | ૬.૭૧ | ૩૨ | ૩.૫૬ |
| ૧૦ | ઘોઘંબા | ૧૪૩ | ૧૪.૬૯ | ૧૩૨ | ૧૩.૨૭ |
| ૧૧ | મોરવા(હ) | ૮૩ | ૭.૬૯ | ૬૪ | ૫.૬૧ |
| | **કુલ :** | **૩૧૬૬** | **૩૫૬.૧૬** | **૨૫૫૦** | **૨૮૧.૧૬** |

(૩) ૬૧૬

(૪) સબસીડી ચુકવવા કાર્યવાહી ચાલુ છે.

------------

## આઇ.એ.એસ. અધિકારીઓએ નોકરી છોડવા બાબત

૧૧૯૦૮**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા

**જવાબ**

૧. શ્રી બી. એચ. ઘોડાસરા (સ્વૈચ્છિક નિવૃત્તિ)

વર્ષમાં ક્યા ક્યા આઇ.એ.એસ. અધિકારીઓએ તેમની નોકરી ક્યા ક્યા કારણોસર છોડી દીધી ?

૨. શ્રી હરેશ પાત્રો (સ્વેચ્છિક નિવૃત્તિ)
૩. શ્રી જી. પી. જોષી (સ્વેચ્છિક નિવૃત્તિ)
૪. શ્રી જયંત પરિમલ (રાજીનામું)
૫. શ્રી પી. કે. રાવલ (સ્વેચ્છિક નિવૃત્તિ)
૬. શ્રી વી. કે. બબ્બર (સ્વેચ્છિક નિવૃત્તિ)
૭. શ્રી બી. એન. લેઉઆ (સ્વેચ્છિક નિવૃત્તિ)

------------

**ખેડા જિલ્લામાં તાલુકાવાર દારૂના અડ્ડાઓ ઉપર પાડેલા દરોડા**

૧૨૧૯૫**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર દારૂના અડ્ડાઓ ઉપર કેટલી વખત દરોડા પાડવામાં આવ્યા,

(૧) ખેડા

| અ. નં. | તાલુકાનું નામ | બે વર્ષમાં પાડવામાં આવેલ દરોડા |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૬૬૬૨ |
| ૨ | ઠાસરા | ૧૮૪૮ |
| ૩ | માતર | ૮૬૧ |
| ૪ | કપડવંજ | ૧૩૨૯ |
| ૫ | કઠલાલ | ૭૮૬ |
| ૬ | મહેમદાવાદ | ૧૫૯૬ |
| ૭ | ખેડા | ૮૩૬ |
| ૮ | મહુધા | ૪૯૪ |
| ૯ | બાલાસિનોર | ૭૬૫ |
| ૧૦ | વિરપુર | ૨૧૮ |

(૨) આ અન્વયે સ્થાનિક કક્ષાએ અને બહારની પોલીસ દ્વારા દરોડા પાડી કેટલી કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ધરપકડ કરી, અને

(૨) આ અન્વયે સ્થાનિક પોલીસ દ્વારા દરોડા પાડી છેલ્લા બે વર્ષમાં દેશી દારૂ કિંમત રૂા. ૧૪,૬૧,૪૦૦/ તથા વિદેશી દારૂ કિંમત રૂા. ૬૮,૩૫,૯૯૧/- નો જથ્થો પકડી પાડી ૧૩૭૯૯ આરોપીઓની ધરપકડ કરેલ છે.

(૩) એકથી વધુ વખત ક્યા ક્યા ઇસમોને આ કાર્યવાહી દરમ્યાન પકડવામાં આવ્યા ?

(૩) સને ૨૦૦૮ અને ૨૦૦૯માં ૭૩૯ ઇસમો એકથી વધુ વખત પકડાયેલ છે.

------------

**નવસારી અને વલસાડ જિલ્લામાં ૬૬ કે. વી. વીજ સબ સ્ટેશનો સ્થાપવા બાબત**

૧૧૯૪૩**શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં નવસારી તથા વલસાડ જિલ્લામાં કેટલા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો ક્યા ક્યા સ્થળે સ્થાપવા માગે છે ?

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન નવસારી તથા વલસાડ જિલ્લામાં ૬૬ કે.વી.ના નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન નથી. પરંતુ, ૧૧મી પંચવર્ષીય યોજના દરમ્યાન, આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧માં નવસારી જિલ્લામાં ૨ (બે) અને વલસાડ જિલ્લામાં ૧૨ (બાર) નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

**ચોમાસા દરમ્યાન નર્મદા નદીના પાણી દરિયામાં વહી જવા બાબત**

૧૨૦૮૯**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ચોમાસા દરમ્યાન નર્મદા નદીના દરિયામાં વહી જતા પાણીનો ઉપયોગ કરવા સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ આયોજન ક્યારે કરવામાં આવ્યું, અને તેની વિગતો શું શું છે ?

(૨) ચોમાસા દરમ્યાન નર્મદા નદીના દરિયામાં વહી જતા વધારાના પાણીમાંથી ૩ એમ.એ.એફ. પાણીની

વહેંચણીનું આયોજન વર્ષ ૨૦૦૧થી વર્ષ ૨૦૦૬ દરમ્યાન કરવામાં આવેલ છે. આ મુજબ ૧ એમ.એ.એફ. પાણી સૌરાષ્ટ્રને, ૧ એમ.એ.એફ. પાણી ઉત્તર ગુજરાતને અને ૧ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

## પાદરામાં આવેલ કોર્ટનું નવીનીકરણ

૧૧૯૮૯**શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) :માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પાદરામાં આવેલ કોર્ટનું નવીનીકરણ કરવા માંગો છો કે કેમ ? | હાલ વિચારણા હેઠળ નથી. |

------------

## પંડિત દીનદયાળ યુનિવર્સિટીના અભ્યાસક્રમો

૧૨૩૬૪**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં પંડિત દીનદયાળ યુનિવર્સિટીમાં કોઇ નવા અભ્યાસક્રમો ઉમેરવામાં આવ્યાં છે કે કેમ, અને

**એચબી-૬૬૪-૧૫**

(૨) જો હા, તો ક્યા ક્યા નવા અભ્યાસક્રમો ક્યારથી ઉમેરવામાં આવ્યાં છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| ક્રમાંક | અભ્યાસક્રમનું નામ | શરૂ થયા વર્ષ |
|---|---|---|
| ૧ | લિબરલ સ્ટડીસમાં સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ | શૈક્ષણિક વર્ષ-૨૦૦૯-૨૦૧૦ |
| ૨ | ન્યુક્લિઅર એન્જીનિયરીંગ માં અનુસ્નાતકકક્ષાનો અભ્યાસક્રમ | શૈક્ષણિક વર્ષ-૨૦૦૯-૨૦૧૦ |
| ૩ | સોલાર એનર્જીમાં શિક્ષણ વિસારદ (પી.એચ.ડી.) કક્ષાનો અભ્યાસક્રમ | શૈક્ષણિક વર્ષ-૨૦૦૯-૨૦૧૦ |

------------

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં થયેલા એમ.ઓ.યુ.માં પ્રોજેક્ટ શરૂ કરવા બાબત

૧૨૩૩૯**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭ દરમ્યાન થયેલ એમ.ઓ.યુ.માંથી કેટલા પ્રોજેકટો તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં સ્થાપિત થયાં, | (૧) તા. ૩૧/૧૨/૦૯ સુધીમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭ દરમિયાન થયેલ એમ.ઓ.યુ.માંથી ૩૧૦ પ્રોજેક્ટો સ્થાપિત થયા છે. |
| (૨) તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા પ્રોજેક્ટ અમલીકરણમાં છે, અને | (૨) તા. ૩૧/૧૨/૦૯ સુધીમાં ૧૮૫ પ્રોજેક્ટ અમલીકરણમાં છે. |
| (૩) અંદાજે કેટલું મૂડીરોકાણ થયેલ છે? | (૩) સ્થાપિત થયેલ ૩૧૦ પ્રોજેક્ટમાં રૂા. ૧૩૪૪૧૫.૯૭ કરોડનું રોકાણ થયેલ છે. અમલીકરણ હેઠળના ૧૮૫ પ્રોજેક્ટમાં સૂચિત મૂડી રોકાણ રૂા. ૨૨૫૫૧૯.૯૬ કરોડ છે. |

## કોમ્પ્યુટરના ઉપયોગમાં કર્મચારીઓની કુશળતા

૧૨૩૪૧**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી કર્મચારીઓ કોમ્પ્યુટર ઉપયોગમાં કુશળતા મેળવે તે માટે સરકારે કોઈ વ્યવસ્થા કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો આ અંગે શાં પગલા લેવામાં | (૨) કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી. તથા |

આવેલ છે?

સી.સી.સી.પ્લસની તાલીમ આપવા તથા પરીક્ષા લેવા અંગે ઘટતી વ્યવસ્થા કરાયેલ છે.

------------

**અમદાવાદ શહેરમાં ચાલતાં ડાન્સબાર અને ડીસ્કો ઉપર પાડેલા દરોડા**

૧૧૯૯૯**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં ખુલ્લેઆમ ડાન્સબાર અને ડીસ્કોબાર ચાલે છે તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો કેટલી જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા, અને કેટલા પકડાયા?

**જવાબ**

(૧) અને (૨) આવી પ્રવૃતિ ચોરી છૂપીથી કોઈક કોઈક વખતે ચાલતી હોય છે. જે અંગે માહિતી મળ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. ખાનગી બાતમીના આધારે બે જગ્યાએ દરોડા પાડી કુલ-૧૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. બંને કેસોની તપાસ પૂર્ણ કરવામાં આવી છે અને ચાર્જશીટ પણ કરવામાં આવેલ છે.

------------

**અમીરગઢ ચેકપોસ્ટની આવક**

૧૧૮૩૩**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) :માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમીરગઢ ચેકપોસ્ટ ઉપર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો ક્યા ક્યા છે?

**જવાબ**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક રૂા, લાખમાં |
|---|---|
| ૨૦૦૭ | ૧૯૦૮.૭૮ |
| ૨૦૦૮ | ૨૧૩૪.૨૬ |
| ૨૦૦૯ | ૧૯૫૧.૩૩ |

(૨) ઓવરલોડ વાહનોની સંખ્યામાં ઘટાડો થતાં આવકમાં ઘટાડો થયેલ છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં નવા ઉદ્યોગો સ્થાપવા બાબત**

૧૨૩૯૫ **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ક્યા ક્યા સ્થળે નવા ઉદ્યોગોએ ઉદ્યોગ સ્થાપવા દરખાસ્તો કરી છે, અને

(૨) આ જિલ્લામાં વધુ ઉદ્યોગ સ્થપાય તે માટે શાં શાં આયોજન કરવામાં આવ્યા છે, અને શા શા પ્રોત્સાહન આપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૯ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં થરાદ, ધાનેરા, દાંતીવાડા, અમીરગઢ, દાંતા, વડગામ, પાલનપુર, ડીસા, દિયોદર, ભાભર અને કાંકરેજ તાલુકામાં ઉદ્યોગો સ્થાપવા દરખાસ્ત મળી છે.

(૨) જિલ્લામાં વધુ ઉદ્યોગો સ્થપાય તે માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ શિબિરો તેમજ સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ નવા સ્થપાયેલ ઉદ્યોગોને સરકારની નવી ઓદ્યોગિક નીતિ-૨૦૦૯ હેઠળ નીચે મુજબ પ્રોત્સાહન યોજનાઓ સરકારશ્રીએ જાહેર કરેલ છે.

(૧) વ્યાજ સહાય યોજના.
(૨) વેન્ચર કેપિટલ આસીસ્ટન્સ
(૩) ગુણવત્તા સુધારણા પ્રમાણપત્ર સહાય
(૪) સ્કીલ એન્હેન્સમેન્ટ
(૫) ટેક્નોલોજી એક્વીઝીશન ફંડ
(૬) સંશોધન અને વિકાસ સંસ્થાઓને સહાય
(૭) પેટન્ટ આસીસ્ટન્સ
(૮) એનર્જી અને વોટર કન્ઝર્વેશન
(૯) માર્કેટ ડેવલપમેન્ટ સ્કીમ
(૧૦) વેન્ડર ડેવલપમેન્ટ સહાય
(૧૧) આનુષાંગિક ઉદ્યોગોને વેલ્યુ એડીશન પ્રોડક્ટ માટે સહાય (૧૨) પી પી પી નાં ધોરણે ક્લસ્ટર ડેવલપમેન્ટ (૧૩) માંદા એકમોનું પુનઃવસન (૧૪) શ્રેષ્ઠ એમએસએમઈ એકમોને એવોર્ડની યોજના આ ઉપરાંત ટેક્ષ્ટાઈલ અને જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગો માટે અલગ પ્રોત્સાહન યોજના જાહેર કરવામાં આવી છે.

## પોલિસ દળના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર પાસે માંગેલ ગ્રાન્ટ

૧૧૮૫૧**શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસદળના આધુનિકરણ માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની વર્ષવાર માંગણી કરવામાં આવી, અને

(૨) માંગણીઓ પૈકી કેટલી રકમ કેન્દ્ર સરકારે મંજૂર કરી ?

**જવાબ**

(૧) અને (૨) :

પોલીસ દળના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થતી રકમ રૂા. ૨૦૦૦-૦૧ માં રૂા.૧૧૯.૫૩ કરોડથી ઘટીને ૨૦૦૬-૦૭ માં ૪૯.૩૩ કરોડ થવા પામેલ. ગુજરાત જેવા આંતરરાષ્ટ્રીય જમીન અને દરિયાઈ સરહદ અને ૧૬૦૦ કી.મી. જેટલા દરિયા કિનારો ધરાવતા રાજ્ય માટે પોલીસદળને આધુનિક અને વૈજ્ઞાનિક સાધનોથી સજ્જ કરવા માટે આ યોજના હેઠળ વધુ રકમ ફાળવવાની જરૂરિયાત હોવા છતાં કેન્દ્ર સરકાર દ્વારા ફંડ ઘટાડવામાં આવેલ છે. આ માટે ફંડ વધારવા તેમજ મેગા સીટી (અમદાવાદ) અને ડેઝર્ટ એરીયા પોલિસિંગ માટેનું ફંડ આ યોજનામાં સમાવવાને બદલે અલગથી સહાય ફાળવવા માટે અવારનવાર ઉચ્ચ કક્ષાએથી કેન્દ્ર સરકારને લેખિત રજૂઆતો અને વિનંતી કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૦-૦૧ ના રૂા.૧૧૯.૫૩ કરોડની સરખામણીએ છેલ્લા ત્રણ વર્ષોમાં કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થયેલ પ્લાન, કેન્દ્રના ફાળાની રકમ અને તેની સામે છૂટી કરેલ રકમ નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

| વર્ષ | મંજૂર પ્લાન | કેન્દ્રનો ફાળો | છૂટી કરેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૬૯.૪૦ | ૫૨.૦૫ | ૪૮.૯૭ |
| ૨૦૦૮-૦૯ | ૬૪.૦૦ | ૪૮.૦૦ | ૪૮.૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૮૭.૪૭ | ૬૫.૬૦ | ૪૪.૫૫ |

## બનાસકાંઠા જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે મોટર પમ્પસેટ વીજ કાર્યક્ષમ પમ્પ વડે બદલવાની યોજના

૧૧૬૫૭ **શ્રી મફતલાલ મો.પૂરોહિત (ધાનેરા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે હયાત મોટર પમ્પ સેટ વીજ કાર્યક્ષમ પમ્પ વડે બદલવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો, હા, તો જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં આ યોજના અમલમાં છે, અને

(૩) તે માટે રાજ્ય સરકાર તરફથી શી સહાય આપવામાં આવે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ડીસા, ધાનેરા અને કાંકરેજ તાલુકામાં આ યોજના અમલમાં છે.

(૩) આ યોજના હેઠળ નવા વીજ કાર્યક્ષમ પમ્પસેટની કુલ કિંમતની એક તૃત્યાંશ રકમ ખેડૂતે ચૂકવવાની રહે છે બાકી રહેતી બે તૃત્યાંશ રકમ સંલગ્ન વીજ કંપની અને રાજ્ય સરકાર દ્વારા સરખે હિસ્સે ભોગવવામાં આવે છે.

------------

**પાલીતાણા તાલુકામાં પોલીસ સેટઅપ વધારવા બાબત**

૧૧૭૪૮**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પાલીતાણા તાલુકામાં પોલીસ સેટઅપ કેટલું છે,

(૨) પોલિસ સેટઅપ વધારવા કોઈ માંગણી આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો આ અંગે સરકાર ક્યારે સેટઅપ વધારવા માંગે છે?

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજુર જગ્યા |
|---|---|
| પો.ઈ. | ૨ |
| પો.સ.ઈ. | ૪ |
| એ.એસ.આઈ./હે.કો. | ૩૩ |
| પો. કોન્સ. | ૭૮ |

(૨) ગૃહ વિભાગમાં માંગણી મળેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**પંડિત દીનદયાલ યુનિવર્સિટીને આંતરરાષ્ટ્રિય કક્ષાની યુનિવર્સિટી બનાવવા બાબત**

૧૨૩૬૫**શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંડિત દીનદયાલ યુનિવર્સિટીને આંતરરાષ્ટ્રિય કક્ષાની વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી બનાવવા આંતર રાષ્ટ્રિય કક્ષાએ કોઈ કરારો કરવામાં આવ્યાં છે કે કેમ,

(૨) જો હા, તો કઈ સંસ્થાઓ સાથે ક્યારે કરારો કરવામાં આવ્યા, અને

(૩) તેની વિગતો શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| **ક્રમ** | **સંસ્થાનું નામ** | **કરારની તારીખ** |
|---|---|---|
| ૧ | યુનિવર્સિટી ઓફ હયુસ્ટન, ટેક્સાસ | તા. ૨૫/૧૦/૨૦૦૯ |
| ૨ | યુનિવર્સિટી ઓફ તુલ્સા | તા. ૫/૧૧/૨૦૦૯ |
| ૩ | જોર્જીયા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી, એટલાન્ટા | તા. ૨૧/૧૧/૨૦૦૯ |
| ૪ | યુનિવર્સિટી ઓફ ઓક્લાહોમા | તા. ૧૨/૧/૨૦૧૦ |

(૩) ૧. ઉર્જા ક્ષેત્રે સંયુક્તપણે સંશોધન કાર્ય કરવા માટે કરાર.

૨. ઉર્જા ક્ષેત્રે સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપવા માટે કરાર.

૩. સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓના આદાન પ્રદાન માટે કરાર.

૪. શિક્ષકોના આદાન પ્રદાન માટે કરાર.

૫. અભ્યાસક્રમમાં યોગ્ય સુધારા માટે કરાર.

૬. આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમીનાર અને શૈક્ષણિક ચર્ચાઓમાં શિક્ષકોની ભાગીદારી માટે કરાર.

૭. શૈક્ષણિક સાહિત્ય, પ્રકાશન, બીજી માહિતીઓના આદાન પ્રદાન માટે કરાર.

૮. સંયુક્ત રીતે શૈક્ષણિક ગુણવત્તાના ધોરણો વધારવા માટે કરાર.

**દાહોદ ચેકપોસ્ટની આવક**

૧૧૮૩૫**શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ ચેકપોસ્ટ ઉપર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં

**જવાબ**

(૧)

| કેલેન્ડર વર્ષ | આવક રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૭ | ૧૨૦૬.૬૦ |

| | | |
|---|---|---|
| કેટલી આવક થઈ, અને | ૨૦૦૮ | ૧૬૦૩.૮૪ |
| | ૨૦૦૯ | ૧૭૬૬.૫૦ |

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો શાં છે?

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

------------

**લોકાયુક્ત કચેરીમાં મળેલ ફરિયાદો**

૧૧૫૭૯**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમા લોકાયુક્ત કચેરીને વર્ષવાર કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭માં- ૩ (ત્રણ)
વર્ષ ૨૦૦૮માં- ૦ (શૂન્ય)
વર્ષ ૨૦૦૯માં- ૦ (શૂન્ય)

(૨) ""૦"" (શૂન્ય)

(૩) ૩ (ત્રણ)

------------

**ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકાના ઉદ્યોગોનો વિકાસ કરવા બાબત**

૧૧૯૯૭ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં ઉદ્યોગોનો વિકાસ કરવા તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કેટલા ઉદ્યોગોનું આયોજન કરી કાર્યરત કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વ્યાજ સહાય યોજનાના પ્રોત્સાહન યોજનાના લાભ નીચે મુજબ આપવામાં આવેલ છે.

(૨)

(રકમ રૂા. લાખમાં)

| વર્ષ | ખેડબ્રહ્મા | વિજય-નગર | મેઘરજ | ભિલોડા | કુલ |
|---|---|---|---|---|---|
| ૦૭-૦૮ | ૫.૦૦ | - | ૧.૧૧ | - | ૬.૧૧ |
| ૦૮-૦૯ | ૫.૦૦ | - | ૨.૯૩ | - | ૭.૯૩ |
| ૦૯-૧૦ | ૦.૩૫ | - | ૦.૫૫ | - | ૦.૯૦ |
| **કુલ :** | **૧૦.૩૫** | - | **૪.૫૯** | - | **૧૪.૯૪** |

(૨) કાર્યરત કરવાની કાર્યવાહી ઉદ્યોગ સાહસીકો ઉપર આધારીત છે. કુલ ૭ એકમો તેમના દ્વારા છેલ્લાં ત્રણ વરસમાં સ્થપાયેલ છે.

------------

**રાજ્યમાં પોલીસ દળમાં જુદા-જુદા સંવર્ગવાર ભરતી કરવા બાબત**

૧૧૮૫૨**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના પોલીસદળમાં જુદા જુદા સંવર્ગની ખાલી જ્યાઓ ભરવા સરકાર ભરતી કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો, હા, તો ક્યા ક્યા સંવર્ગમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સપેક્ટર (અનાર્મ્ડ) અને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઈન્સપેક્ટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ એસ.આર,પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકોની ભરતી કરી છે. પોલીસ તંત્રની ખાલી જ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેક્ટીવ પ્લાન ઘડીને સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી

છે. પોલીસ દળમાં વિવિધ સંવર્ગની સીધી ભરતી માટે પારદર્શક ભરતી પ્રક્રીયા અનુસરવામાં આવી રહી છે. તા.૨૦-૨-૧૦ થી શારીરીક ક્સોટીની પ્રક્રીયા શરૂ થઈ રહી છે.

રાજ્ય પોલીસ દળમાં પોલીસ, એસ.આર.પી. અને ઈન્ટેલીજન્સ શાખામાં જુદા જુદા સંવર્ગમાં વર્ષ ૨૦૧૦માં નીચે દર્શાવ્યા પ્રમાણેના કર્મચારીઓની ભરતી કરવામાં આવનાર છે.

| ક્રમ | સંવર્ગનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | સહાયક પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૬૮૦ |
| ૨. | લોકરક્ષક | ૮૭૩૪ |
| ૩. | હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર (એસ.આર.પી) | ૧૪૩ |
| ૪. | લોકરક્ષક (એસ.આર.પી) | ૪૨૬૪ |
| ૫. | ઈન્ટેલીજન્સ ઓફીસર(આઈ.બી.) | ૪૪ |
| | **કુલ :** | **૧૩૮૬૫** |

## સરદાર સરોવર યોજનાના જળ વિદ્યુત મથકો દ્વારા વીજળીનું ઉત્પાદન

૧૨૦૮૩ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સરદાર સરોવર યોજનાના જળવિદ્યુત મથકો દ્વારા કુલ કેટલી વીજળી ઉત્પન્ન કરવામાં આવી છે, અને

(૨) તેની બજારભાવે હાલમાં કેટલી કિંમત થાય છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં (૨૦૦૮ અને ૨૦૦૯)નીચે મુજબ વીજળી ઉત્પન્ન કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૮-૨૫૩૬.૬૬૯ મી.યુનીટ
વર્ષ ૨૦૦૯-૨૧૨૮.૧૪૨ મી.યુનીટ
**કુલ ૪૬૬૪.૮૧૧ મી.યુનીટ**

(૨) હાલના બજાર ભાવ રૂા. ૪.૦૦/-યુનીટ લેખે રૂા. ૧૮૬૬-૦૦ ક્રોડ થાય.

------------

## રાજ્યમાં બાયોટેક્નોલોજીનો વિકાસ

૧૨૩૪૫**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં બાયોટેક્નોલોજીના વિકાસ માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું શું કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૨) સન ૨૦૧૦-૧૧ના વર્ષમાં ક્યા ક્યા નવા પ્રોજેક્ટો હાથ ધરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) રાજ્યમાં બાયોટેક્નોલોજીના ક્ષેત્રના વિકાસ માટે વ્યાવસાયિક તેમજ સંશોધન માટે માળખાકીય સુવિધાનો વિકાસ, તાલીમ કાર્યક્રમો, વર્કશોપ, સેમિનાર, વ્યાપાર તેમજ મૂડી રોકાણ વધારવા કરારો, બાયો રિસોર્સ સેન્ટરો, ક્લીનીક્લ રિસર્ચ સેન્ટર તેમ જ સાવલી ખાતે બાયોટેક પાર્કનો વિકાસ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૨) સને ૨૦૧૦-૧૧માં માનવ સંશોધન વિકાસ, એન્ટરપ્રિન્યોરશીપ બાયોટેક વ્યાપાર, જન જાગૃતિ, તાલીમ, એન્ટરપ્રિન્યોરશીપને મદદરૂપ થવા ઈન્કીબ્યુશનનો વિકાસ તેમજ સાયન્સ સીટી, અમદાવાદ ખાતે માહિતી કેન્દ્ર શરૂ કરવા અંગેના નવા પ્રોજેક્ટો હાથ ધરવામાં આવનાર છે.

**શામખીયાળી ચેકપોસ્ટની આવક**

૧૧૮૩૬ડૉ. **નીમાબેન આચાર્ય (અંજાર) :માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શામખીયાળી ચેકપોસ્ટ ઉપર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી આવક થઈ, અને | (૧) કેલેન્ડર વર્ષ - આવક રૂા. લાખમાં<br>૨૦૦૭ - ૨૧૩૬.૨૦<br>૨૦૦૮ - ૩૯૪૪.૫૪<br>૨૦૦૯ - ૩૧૨૦.૪૨ |
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો શાં છે ? | (૨) ઓવરલોડ વાહનોની સંખ્યામાં ઘટાડો થતાં તેમજ ઓવરડાયમેન્સનવાળા વાહનોને મુક્તિ આપતાં આવકમાં ઘટાડો થયેલ છે. |

--------------

**કોડીનાર તાલુકામાં ખનીજ ચોરીના નોંધાયેલ કેસો**

૧૧૫૯૯**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં પીછવી, પીછવા આલીદર, હરમડીયા, વિઠ્ઠલપુર, કોબાસા ગામોની સરકારી જમીનમાંથી ખનિજ ચોરીના કેટલા બનાવો નોંધાયા. | (૧) કુલ-૯ બનાવો. |
| (૨) તે અંગે સદરહુ ગામોમાંથી ખનીજ ચોરી કરનાર ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૨) ૩ કિસ્સામાં ૫૯૫ મે.ટન ખનિજના જથ્થા માટે કસુરદારો પાસેથી સમાધાનના કુલ રૂા. ૬૫,૪૯૦/- ની વસુલાત કરેલ છે. ૨ કિસ્સામાં ૮૭૬૦ મે.ટન જેની ખનિજ કિંમત રૂા. ૨૧,૦૨,૪૦૦/- માટે ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ-૧૯૫૭ ની કલમ-૨૧(૫) હેઠળની કાર્યવાહી હાથ ધરેલ છે ૪ કિસ્સામાં ૯૩૨૬ મે.ટન જેની ખનિજ કિંમત રૂા. ૨૨,૨૫,૫૦૦/- માટે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. |
| (૩) સદરહુ ગામોમાં હાલ પણ ખનીજની ચોરી થઈ રહેલ છે તે અટકાવવા સરકારે નક્કર આયોજન કરેલ છે કે કેમ ? | (૩) હા, જી. |

--------------

**બનાસકાંઠા જિલ્લાના વીજ સબ સ્ટેશનો**

૧૧૭૧૫**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૯-૨૦૧૦માં બનાસકાંઠામાં કેટલા વીજ સબ સ્ટેશન મંજૂર કરવામાં આવ્યા. | (૧) વર્ષ ૨૦૦૯-૧૦માં બનાસકાંઠા જિલ્લામાં ૨૨૦ કેવીનું ૧(એક) અને ૬૬ કેવીના ૮ (આઠ) એમ કુલ ૯ (નવ) વીજ સબ સ્ટેશનો મંજુર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા વીજ સબસ્ટેશન પૂર્ણ થયેલ છે, અને | (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં મલોત્રા, તાલુકા ધાનેરા ખાતે ૬૬ કેવી સબ સ્ટેશનનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૩) કેટલા વીજ સબ સ્ટેશનનું કામ ચાલુ થયું નથી ? | (૩) બધા જ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાની કામગીરી પ્રગતિમાં છે. |

--------------

**નર્મદા યોજનામાં સહભાગી રાજ્યો પાસેથી લેવાની થતી રકમ**

૧૧૬૩૯**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનામાં સહભાગી એવા ક્યા ક્યા રાજ્યો પાસેથી કેટ કેટલી રકમ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ લેવાની બાકી છે, અને

(૨) બાકી રકમ વસૂલ કરવા સરકારે ક્યા ક્યા પગલાંઓ લીધાં ?

**જવાબ**

(૧) નર્મદા યોજનામાં સહભાગી એવા નીચે જણાવ્યા મુજબના ભાગીદાર રાજ્યો પાસેથી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નીચેની વિગતે રૂા. ૩૯૮૮.૫૭ કરોડની રકમ વસુલાત કરવાની બાકી રહે છે. જેમાં રૂા. ૩૫૮૭.૧૯ કરોડની રકમ વિવાદિત છે અને રૂા. ૪૦૧.૩૮ કરોડની રકમ બિન વિવાદીત છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ | રાજ્યનું નામ | બાકી રકમ | વિવાદિત રકમ | બિન વિવાદિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૨૪૦૮.૦૦ | ૨૧૭૭.૫૮ | ૨૩૦.૪૨ |
| ૨ | મહારાષ્ટ્ર | ૧૨૩૧.૭૬ | ૧૦૩૧.૪૯ | ૨૦૦.૨૭ |
| ૩ | રાજસ્થાન | ૩૪૮.૮૧ | ૩૭૮.૧૨ | (-) ૨૯.૩૧ |
| | **કુલ :** | **૩૯૮૮.૫૭** | **૩૫૮૭.૧૯** | **૪૦૧.૩૮** |

(૨) માનનીય મુખ્યમંત્રીશ્રીએ તા. ૨૭-૧-૨૦૦૦, ૧૭-૧-૦૧, તા. ૬-૪-૦૨ ના પત્રથી નાયબ અધ્યક્ષશ્રી, યોજના આયોગ અને માનનીય વડાપ્રધાનશ્રી સમક્ષ ભાગીદાર રાજ્યોના બાકી લેણાં માટે રજૂઆત કરેલ છે. સરદાર સરોવર કન્સ્ટ્રક્શન એડવાઇઝરી કમિટિની ૭૦,૭૧,૭૨,૭૪ અને ૭૫ મી મીટીંગોમાં આ બાબતે જરૂરી રજૂઆતો કરવામાં આવેલ તદ્‌ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમ લિ. દ્વારા નિયમિતપણે દર માસના અંતે સબંધિત ભાગીદાર રાજ્યોને આ બાબતે પત્રો લખવામાં આવે છે.

વધુમાં સચિવશ્રી (નાણાં) તેમજ મુખ્ય સચિવશ્રી દ્વારા પણ આ અંગે પત્રો લખી જરૂરી રજૂઆતો કરવામાં આવેલ છે.

--------------

**દાહોદ જિલ્લાને સરદાર સરોવરનું પાણી આપવા બાબત**

૧૧૮૧૪**શ્રી બાચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સરદાર સરોવર યોજનાનું પાણી મળતું નથી, એ હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ જિલ્લાને પાણી મળે તે માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

નર્મદા યોજનાના વર્ષ ૧૯૮૦ માં મંજુર થયેલ મૂળ આયોજનમાં નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં દાહોદ જિલ્લાનો સમાવેશ કરેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**દહેજ બંદર ખાતે ખાનગી કંપનીઓએ બનાવેલ માલીકીની જેટીઓ અંગે**

**૧૧૯૦૬ શ્રી કિરણકુમાર મકવાણા** (જંબુસર) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના દહેજ બંદર ખાતે કઈ કઈ ખાનગી કંપનીઓએ માલિકીની જેટીઓ બનાવી છે, અને

**જવાબ**

(૧) નીચે મુજબની કંપનીઓએ જેટીઓ બનાવી છે.

(૧) આઇપીસીએલ (હાલ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લી.) કેપ્ટીવ જેટી.

(૨) દહેજ હાર્બર એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી. (બિરલા કોપર)-કેપ્ટીવ જેટી.

(૨) આ જેટીઓ ઉપર સુરક્ષાની કઈ કઈ વ્યવસ્થા કરવામાં આવી છે ?

(૨) ઉપરોક્ત કંપનીઓમાં ઇન્ટરનેશનલ શીપ એન્ડ પોર્ટસ સીક્યુરીટી પ્લાન મુજબ સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવી છે.

--------------

## સાબરકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ

૧૨૨૫૮**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૯-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ખેતી વિષયક કેટલા વીજ જોડાણો તાલુકાવાર આપવામાં આવ્યા.

(૨) તાલુકાવાર કેટલા આપવાના બાકી છે, અને

**જવાબ**

(૧) અને (૨)

તા. ૨૯-૦૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલા અને બાકી વીજ જોડાણોની માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | આપવામાં આવેલા વીજ જોડાણો | બાકી પડતર અરજીઓ |
|---|---|---|
| તલોદ | ૩૪૯ | ૧૯૯૨ |
| હિંમતનગર | ૭૪૬ | ૩૨૫૧ |
| પ્રાંતિજ | ૪૩૬ | ૧૬૩૪ |
| માલપુર | ૪૦૪ | ૧૯૪૫ |
| બાયડ | ૩૬૯ | ૨૩૦૧ |
| ધનસુરા | ૩૦૭ | ૧૨૫૪ |
| મેઘરજ | ૧૨ | ૦ |
| વિજ્યનગર | ૭૮૭ | ૧૦૧૬ |
| ઇડર (ડાર્કઝોન) | ૦ | ૧૭૯૪ |
| ભીલોડા | ૨૭૫૮ | ૩૬૪૬ |
| ખેડબ્રહ્મા | ૧૨૭૪ | ૯૪૦ |
| મોડાસા (ડાર્કઝોન) | ૦ | ૨૦૦૨ |
| વડાલી | ૪૨૦ | ૧૩૫૫ |

(૩) બાકીનાને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

(૩) આદિજાતિ વિસ્તારમાં વર્ષ ૨૦૦૭ સુધીમાં નોંધાયેલ તમામ અરજદારોને વર્ષ ૨૦૦૯-૧૦ સુધીમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે. જ્યારે, બાકીના વીજ જોડાણ માટે વીજ ઉત્પાદન, વીજ માંગ, ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેના નાણાંકીય આયોજનને ધ્યાને લઇને તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન છે.

## પડધરી અને ટંકારા તાલુકા ખાતે લીંક કોર્ટ શરૂ કરવા બાબત

૧૨૨૨૭**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પડધરી અને ટંકારા તાલુકા ખાતે સરકાર દ્વારા લીંક કોર્ટ શરૂ કરવા અંગેની કોઈ વિચારણા છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## ભાવનગર જિલ્લામાં ડ્રીપ ઈરીગેશન માટે કરેલ અરજીઓ

૧૨૧૪૭**શ્રી અત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯માં ભાવનગર જિલ્લામાં ડ્રીપ ઈરીગેશન માટે વિવિધ કંપનીઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા ખેડૂતોએ અરજી કરી, અને

(૩) કેટલા હેક્ટર જમીનને આ યોજનાથી લાભ મળશે ?

**જવાબ**

(૧) ડ્રીપ ઇરીગેશન માટે જિલ્લાવાર અરજીઓ કંપની માટે મંગાવવામાં આવતી નથી. પરંતુ, રાજ્ય કક્ષાએ ડ્રીપ સિંચાઈ માટે કુલ ૩૩ કંપનીઓ રજિસ્ટર થયેલી છે.

(૨) તે પૈકી ૧૧૩૩ ખેડૂતોએ અરજી કરેલ છે.

(૩) ૧૪૮૮.૦૧ હેક્ટર જમીનને આ યોજનાથી લાભ મળશે.

--------------

## પંડિત દિનદયાળ યુનિવર્સિટીના અભ્યાસક્રમો

૧૨૩૩૩**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં પંડિત દિનદયાળ યુનિવર્સિટીમાં કોઈ નવા અભ્યાસક્રમો ઉમેરવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા ક્યા નવા અભ્યાસક્રમો ક્યારથી ઉમેરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | શરૂ થયાનું વર્ષ |
|---|---|---|
| ૧. | લિબરલ સ્ટડીઝમાં સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ. | ૨૦૦૯-૧૦ |
| ૨. | ન્યુક્લિયઅર એન્જીનિયરીંગમાં અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ. | ૨૦૦૯-૧૦ |
| ૩. | સોલાર એનર્જીમાં શિક્ષણ વિસારદ (પી.એચ.ડી.) કક્ષાનો અભ્યાસક્રમ. | ૨૦૦૯-૧૦ |

--------------

## રાજ્યને ઘરવપરાશ અને ઉદ્યોગોના વીજ ગ્રાહકો પાસેથી મળેલ વીજ શુલ્કની આવક

૧૧૬૧૨**શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યને ઘ ારવપરાશ અને ઉદ્યોગોના વિજ ગ્રાહકો પાસેથી વિજ શુલ્ક પેટે કેટ કેટલી આવક થઈ, અને

(૨) સરકાર વિજ શુલ્કમાં ઘટાડો કરી ઘરવપરાશના વિજ ગ્રાહકોને રાહત આપવા અંગે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) વિજ શૂલ્ક પેટે નીચે મુજબની આવક થઇ છે.

| વર્ષ | ઘરવપરાશ | રૂ. કરોડમાં | ઉદ્યોગ વપરાશ | રૂ. કરોડમાં |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ગ્રામ્ય | ૪૯.૪૫ | એલ.ટી. | ૪૧૬.૮૯ |
| | શહેરી | ૪૭૩.૯૦ | એચ.ટી. | ૧૦૬૮.૨૯ |
| | **કુલ :** | **૫૨૩.૩૫** | **કુલ :** | **૧૪૮૫.૧૮** |
| ૨૦૦૯-૧૦ (૩૧-૧૨-૦૯) | ગ્રામ્ય | ૩૭-૮૯ | એલ.ટી. | ૩૪૫.૨૨ |
| | શહેરી | ૪૪૨.૪૬ | એચ.ટી. | ૮૬૬.૪૪ |
| | **કુલ :** | **૪૮૦.૩૫** | **કુલ :** | **૧૨૧૧.૬૬** |

(૨) ઘર વપરાશના વીજ ગ્રાહકોને અવાર નવાર નીચે મુજબની રાહતો આપવામાં આવેલ છે.

| વર્ષ | વીજકર દર (ટકામાં) ઘટાડો | વીજકર દરમાં રાહત (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૦૦-૨૦૦૧ | ૫ (૨૦,૨૫,૪૦ ટકા) માંથી (૧૫,૨૦,૩૫ ટકા) | ૫૮-૦૦ |
| ૨૦૦૧-૨૦૦૨ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૦૨-૨૦૦૩ | ૩ ટકા ટી.એસ.ઇ. માફ કર્યો | ૩૬-૦૦ |
| ૨૦૦૩-૨૦૦૪ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૦૫-૨૦૦૬ | ૫ (૩૫ ટકા)માંથી (૩૦ ટકા) | ૬૫-૦૦ |
| ૨૦૦૬-૨૦૦૭ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૦૭-૨૦૦૮ | ગ્રામ્ય-૫ (૧૫ ટકા) માંથી (૧૦ ટકા) શહેરી-૧૦ (૩૦ ટકા) માંથી (૨૦ ટકા) | ૧૫૯-૦૦ |

| | | કુલ : | ૩૧૮-૦૦ |
|---|---|---|---|

--------------

**દેડીયાપાડા તાલુકાના આંબાગામ સુકવાલ ગામને વીજળીથી વંચિત રાખવા બાબત**

૧૨૨૫૫ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોજે આંબાગામ સુકવાલ તા. દેડીયાપાડા જી. નર્મદાને આઝાદી સમયથી તા. ૨૯-૧-૨૦૧૦ સુધી લાઈટથી વંચિત રાખવામાં આવેલ છે, તેના ક્યા કારણો છે,

(૨) આ ગામને લાઈટ સુવિધા પૂરી પાડવા સરકાર કેટલા સમયમાં આ લાભ આપવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨)

મોજે આંબાગામ-સુકવાલ, તાલુકો દેડીયાપાડા, જિલ્લો નર્મદા આરક્ષિત જંગલ વિસ્તાર (અભયારણ્ય)માં આવેલ હોઇ, તે ગામનું સોર ઉર્જાથી વીજળીકરણ કરવાનું નક્કી કરવામાં આવેલ. પરંતુ ગામની ગ્રામ પંચાયત દ્વારા તા. ૩-૧૨-૨૦૦૯ ના રોજ પરંપરાગત વીજળીકરણની માંગણીના અનુસંધાને ઠરાવ કરવામાં આવેલ. ત્યારબાદ સંબંધિત વીજ વિતરણ કંપનીના અધિકારીઓએ વન સંરક્ષણ અધિનિયમ હેઠળ દરખાસ્ત રજૂ કરતાં પહેલાં સ્થળ નિરિક્ષણ, મોજણી અને સર્વેની કામગીરી કરેલ. તે અન્વયે તેયાર કરવામાં આવેલ દરખાસ્ત હાલ સ્થાનિક જિલ્લા કક્ષાના વન વિભાગના અધિકારીઓને ચકાસણી માટે આપવામાં આવેલ છે. આમ આ ગામને પરંપરાગત રીતે વીજળીકરણની સગવડ સત્વરે આપવાની કામગીરી ગતિમાં છે.

--------------

**રાજ્યમાં વીજ માંગ સામે વીજ ઉત્પાદન**

૧૧૬૭૫**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં ડીસેમ્બર-૨૦૦૯ સુધીમાં વર્ષવાર રાજ્યમાં કેટલું વીજળી ઉત્પાદન થયું.

**જવાબ**

(૧) રાજ્ય સરકાર રાજ્યના વિવિધિ ગ્રાહકોને પૂરતી વીજળી પૂરી પાડવા કટીબદ્ધ છે. આથી રાજ્યની એકંદર વીજ માંગને પહોંચી વળવા થયેલ સમગ્ર આયોજન મુજબ રાજ્ય સરકાર હસ્તકના તેમજ રાજ્યના સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજ મથકો અને રાજ્ય સરકારને મળવાપાત્ર કેન્દ્ર સરકારના એકમોનો હિસ્સો ઉપરાંત જેમની સાથે વીજ ખરીદીના લાંબા ગાળાના કરારો કરવામાં આવ્યા છે તેવા રાજ્યમાંના ખાનગી સ્વતંત્ર ઉત્પાદકો મળીને કુલ રાજ્ય માટે વર્ષ ૨૦૦૮-૦૯માં ૫૪,૭૮૨ મીલીયન યુનિટ અને વર્ષ ૨૦૦૯-૧૦ (ડીસેમ્બર-૦૯ અંતિત) ૪૨,૯૮૫ મીલીયન યુનિટ વીજળીનું ઉત્પાદન મેળવાયું.

(૨) તેની સામે વિજ માંગ કેટલી હતી.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯માં વીજમાંગ ૫૪,૪૪૨ મીલીયન યુનિટ અને વર્ષ ૨૦૦૯-૧૦ (ડીસેમ્બર-૨૦૦૯ સુધીમાં) ૪૧,૦૮૪ મીલીયન યુનીટ હતી.

(૩) રાજ્યની વિજ માંગને પહોંચી વળવા રાજ્ય સરકારે આ વરસોમાં કેટલી વિજળી ક્યા ક્યા ભાવે કોની પાસેથી ખરીદી, અને

(૩) આકસ્મિક સંજોગોમાં જરૂરિયાત મુજબ વીજ માંગને પહોંચી વળવા માટે ટ્રેડર્સ પાસેથી વર્ષ ૨૦૦૮-૦૯માં ૯૮૮ મીલીયન યુનિટ અને ૨૦૦૯-૧૦માં ૫૨ (બાવન) મીલીયન યુનિટ વીજળી ખરીદી હતી. જેની વિગતો પરિશિષ્ટ-૧ મુજબ છે.

(૪) આ ખરીદેલ વિજળી ગ્રાહકોને શા ભાવે આપી ?

(૪) વીજદર નક્કી કરવાની બાબત નામ. વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની છે. તદ્દનુસાર વિવિધ કેટેગરીના ગ્રાહકોને નામ આયોગે નક્કી કરેલ

પરિશિષ્ટ-૨માં દર્શાવેલ દરે વીજળી પૂરી પાડવામાં આવી.

## પરિશિષ્ટ - ૧

## ટ્રેડર્સ પાસેથી કરાયેલ વીજ ખરીદીની વિગત

| | ટ્રેડર્સનું નામ | ૨૦૦૮-૦૯ | | ૨૦૦૯-૧૦ | |
|---|---|---|---|---|---|
| | | મીલીયન યુનિટ | રૂપિયા પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | રૂપિયા પ્રતિ યુનિટ |
| ૧. | પાવર ટ્રેડીંગ કોર્પોરેશન લી. | - | - | ૧.૫૦ | ૬.૫૪ |
| ૨. | એન.ટી.પી.સી. વિદ્યુત વ્યાપાર નિગમ લી. | ૯૪ | ૬.૫૪ | - | - |
| ૩. | અદાણી એન્ટરપ્રાઇઝ લી. | ૬૫૯ | ૬.૨૭ | - | - |
| ૪. | રીલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૧૯૪ | ૭.૩૭ | - | - |
| ૫. | ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | ૨૯ | ૯.૨૮ | ૪ | ૬.૪૪ |
| ૬. | લાંકો ઇલે. યુટીલીટી લી. | ૪ | ૪.૨૯ | - | - |
| ૭. | જિંદાલ પાવર લી. | - | - | ૨૬ | ૭.૧૦ |
| ૮. | ક્લ્યાની પાવર ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. | ૫ | ૮.૪૧ | - | - |
| ૯. | જીએસડબલ્યુ પીટીસી લી. | ૧ | ૭.૧૩ | - | - |
| ૧૦. | પાવર એક્સેન્જ | ૩ | ૮.૧૯ | ૨૦ | ૬.૩૯ |
| | **કુલ :** | **૯૮૮** | **૬.૬૧** | **૫૨** | **૬.૭૬** |

## પરિશિષ્ટ-૨

| ક્રમાંક | ગ્રાહક કેટેગરી | રૂ. પ્રતિ યુનિટ |
|---|---|---|
| ૧ | રહેણાંકી | ૩.૮૦ |
| ૨ | ધંધાકીય | ૫.૬૪ |
| ૩ | ઓદ્યોગિક-હળવા-દબાણ | ૫.૨૦ |
| ૪ | ઓદ્યોગિક-ભારે-દબાણ | ૫.૪૫ |
| ૫ | દીવાબત્તી | ૪.૧૬ |
| ૬ | રેલવે ટ્રેક્શન | ૫.૮૬ |
| ૭ | ખેતીવિષયક | ૧.૯૧ |
| ૮ | વોટર વર્ક્સ અને સીવરેજ પમ્પસ | ૩.૫૨ |

## સાયન્સ સીટી દ્વારા રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો

૧૨૩૪૬**શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાયન્સ સીટી દ્વારા રાષ્ટ્રીય સ્તરના કોઈ કાર્યક્રમ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી.<br>નીચે મુજબ રાષ્ટ્રીય કાર્યક્રમ યોજવામાં આવેલ છે.<br>(૧) ""વેસ્ટર્ન રીજીયન ઓરીએન્ટેશન વર્કશોપ ફોર સ્ટેટ કોર્ડીનેટર એન્ડ ઇવેલ્યુએટર"" તારીખ-૨૨ થી ૨૪, ઓક્ટોબર, ૨૦૦૯.<br>(૨) ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન હેન્ડસ ઓન સાયન્સ તારીખ-૨૭ થી ૩૧, ઓક્ટોબર, ૨૦૦૯.<br>(૩) ૧૭મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ તારીખ-૨૭ થી ૩૧, ડિસેમ્બર, ૨૦૦૯. |
| (૨) જો હા, તો તા. ૧-૧-૨૦૦૯થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા લોકોએ તેનો લાભ લીધેલ છે ? | (૨) (૧) પ્રથમ કાર્યક્રમમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગોવા, દિવ-દમણ તથા દાદરા નગર હવેલીના ૧૦૦ જેટલા સ્ટેટ કોર્ડીનેટર તથા ડિસ્ટ્રીક કોર્ડીનેટર તથા નિર્ણાયકોએ પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લીધેલ હતો.<br>(૨) બીજા કાર્યક્રમમાં વિદેશના પ્રખ્યાત ૫૪ વૈજ્ઞાનિકો તથા ૨૨૮ ભારતના વૈજ્ઞાનિકોએ તેમજ બાળકો સહિત ૯૭૩૯ વ્યક્તિઓએ મુલાકાત લીધેલ |

હતી.

(૩) ત્રીજા કાર્યક્રમમાં ભારતના જુદા જુદા રાજ્યોના જુદા જુદા જિલ્લામાંથી ૫૮૧ બાળ વૈજ્ઞાનિકો તથા આશીયાન દેશના ૭ વિદ્યાર્થીઓએ, તથા એસ્કોર્ટ ટીચર્સ કોઓર્ડિનેટર, નિર્ણાયકો, રીસોર્સ પર્સન, ખ્યાતનામ વૈજ્ઞાનિકો અને વોલીન્ટીયર્સ મળીને કુલ ૯૫૦ તથા શાળાના ૪૮,૪૪૬ વિદ્યાર્થીઓ મળીને કુલ ૪૯,૩૯૬ જેટલા લોકોએ ભાગ લીધેલ હતો.

આમ, તા. ૦૧-૦૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કુલ ૫૯,૫૧૭ લોકોએ લાભ લીધેલ છે.

--------------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં થયેલા એમ.ઓ.યુ. માં પ્રોજેક્ટ શરૂ કરવા બાબત**

૧૨૩૨૭**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭ દરમ્યાન થયેલ એમ.ઓ.યુ. માંથી કેટલા પ્રોજેક્ટો તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સ્થાપિત થયાં.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા પ્રોજેક્ટ અમલીકરણમાં છે, અને

(૩) અંદાજે કેટલું મુડીરોકાણ થયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭ દરમિયાન થયેલ એમ.ઓ.યુ. માંથી ૩૧૦ પ્રોજેક્ટો સ્થાપિત થયા છે.

(૨) તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ૧૮૫ પ્રોજેક્ટ અમલીકરણમાં છે.

(૩) સ્થાપિત થયેલ ૩૧૦ પ્રોજેક્ટમાં રૂા. ૧,૩૪,૪૧૫.૯ કરોડ રોકાણ થયેલ છે. અમલીકરણ હેઠળના ૧૮૫ પ્રોજેક્ટમાં સૂચિત મૂડી રોકાણ રૂા. ૨,૨૫,૫૧૯.૯૬ કરોડ છે.

--------------

**રાજ્યમાં આદિવાસી અને પછાત તાલુકાઓમાં ઓદ્યોગિક વસાહત સ્થાપવા બાબત**

૧૧૬૦૮**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આદિવાસી અને પછાત તાલુકાઓમાં ઓદ્યોગિક વસાહતો સ્થાપવાનો નિર્ણય ક્યારે લેવામાં આવ્યો,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા ક્યા આદિવાસી પછાત તાલુકાઓમાં ઓદ્યોગિક વસાહતો કેટલી સ્થાપવામાં આવી,

**જવાબ**

(૧) ગુજરાત ઓદ્યોગિક વિકાસ અધિનિયમ-૧૯૬૨ હેઠળ રાજ્યમાં ઉદ્યોગોના સમતોલ અને ઝડપી વિકાસ ધ્વારા આર્થિક પ્રગતિ થઈ શકે તે હેતુથી ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી છે. આમ, ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમની સ્થાપનાના ઉદ્દેશ્યમાં આદિવાસી તેમજ પછાત વિસ્તારના તાંત્રિક, આર્થિક અને સમતોલ વિકાસનો સમાવેશ થાય છે.

(૨) નીચે દર્શાવેલી વિગતે ઓદ્યોગિક વસાહતો વિકસાવી છે.

| અ.નં | જિલ્લાનું | તાલુકાનું નામ | વસાહતનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સાબરકાંઠા | ભીલોડા | વાંકાનેર |
| ૨ | દાહોદ | દાહોદ | દાહોદ-૧ |
| ૩ | દાહોદ | દાહોદ | દાહોદ-૨ |
| ૪ | દાહોદ | દેવગઢબારીયા | દેવગઢબારીયા |
| ૫ | વડોદરા | જેતપુર પાવી | જેતપુર પાવી |
| ૬ | નર્મદા | ડેડીયાપાડા | ડેડીયાપાડા |
| ૭ | નર્મદા | સાગબારા | સાગબારા |

| | | | |
|---|---|---|---|
| ૭ | નર્મદા | સાગબારા | સાગબારા |
| ૮ | નર્મદા | તિલકવાડા | તિલકવાડા |
| ૯ | નર્મદા | નાંદોદ | રાજપીપળા-૧ |
| ૧૦ | નર્મદા | નાંદોદ | રાજપીપળા-૨ |
| ૧૧ | તાપી | સોનગઢ | ડોસવાડા |
| ૧૨ | તાપી | વાલોડ | વાલોડ |
| ૧૩ | તાપી | નિઝર | નિઝર |
| ૧૪ | સુરત | મહુવા | મહુવા |
| ૧૫ | સુરત | બારડોલી | બારડોલી |
| ૧૬ | વલસાડ | ધરમપુર | ધરમપુર |
| ૧૭ | વલસાડ | ઉમરગામ | ઉમરગામ |
| ૧૮ | વલસાડ | ઉમરગામ | સરીગામ |
| ૧૯ | વલસાડ | પારડી | પારડી |
| ૨૦ | વલસાડ | પારડી | વાપી |
| ૨૧ | ભરૂચ | વાલીયા | વાલીયા |
| ૨૨ | ભરૂચ | ઝઘડીયા | ઝઘડીયા |
| ૨૩ | બનાસકાંઠા | અમીરગઢ | અમીરગઢ |
| ૨૪ | બનાસકાંઠા | દાંતા | અંબાજી |
| ૨૫ | કચ્છ | રાપર | માખેલ |
| ૨૬ | પંચમહાલ | શહેરા | શહેરા |

આ ઉપરાંત અન્ય ૧૯ સ્થળોએ વસાહતો વિકસાવવા સૈધ્ધાંતિક નિર્ણય કર્યો છે.

(૩) તે અન્વયે કેટલી ઔદ્યોગિક વસાહતો કાર્યરત છે?

(૩) ૨૨ વસાહતો કાર્યરત છે.

------------

**ધંધુકા, રાણપુર અને બરવાળા તાલુકામાં ખેતી માટે આપવામાં આવતી વીજળી**

૧૨૪૦૦ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના ધંધુકા, રાણપુર અને બરવાળા તાલુકામાં ક્યા ક્યા વિસ્તારોમાં ખેતી માટેની વીજળી દરરોજ ચાર કલાક પણ આપી શકાતી નથી એના કારણો શાં શાં છે, અને

(૨) દરરોજ ઓછામાં ઓછા આઠ કલાક વીજળી ખેતી માટે આપવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કૃષિ ક્ષેત્રે છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાનાં ધંધુકા, રાણપુર અને બરવાળા તાલુકામાં ખેતી માટે દરરોજ સરેરાશ ૮ કલાક વીજળી આપવામાં આવે છે.

(૨) વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવીને તથા વીજ ઉત્પાદન કરતાં યંત્રોનું નિયમન કરવા સારૂ સમગ્ર રાજ્યમાં વીજ પુરવઠાની સાતત્યતા જળવાઈ રહે તે રીતે અસામાન્ય સંજોગો સિવાય ખેતી વિષયક ફીડરો પર જે તે જિલ્લાના જાહેર કરેલા જુથવાર સમય પત્રક મુજબ વિના વિક્ષેપથી દૈનિક સરેરાશ આઠ કલાક થ્રી ફેઝ વીજ પુરવઠો મળી રહે તે પ્રમાણેનું આયોજન કરવામાં આવતું હોય છે. અસામાન્ય સંજોગોમાં જરૂર જણાયે ઉદ્યોગો ઉપર વીજ કાપ મુકીને પણ ઉભા પાકને બચાવી લેવા વધુ સમય માટે વીજ પુરવઠો પુરો પાડવાનું આયોજન હાથ ધરવામાં આવતું હોય છે.

------------

## પોલિસ દળના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર સમક્ષ માંગેલ ગ્રાન્ટ

૧૨૩૨૮ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ દળના આધુનિકરણ માટે તા. ૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની વર્ષવાર માંગણી કરવામાં આવી, અને

(૨) આ માંગણીઓ પેકી કેટલી રકમ કેન્દ્ર સરકારે મંજૂર કરી ?

**જવાબ**

(૧) અને (૨) :

પોલીસ દળના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થતી રકમ ૨૦૦૦-૦૧ માં રૂા.૧૧૯.૫૩ કરોડથી ઘટીને ૨૦૦૬-૦૭ માં ૪૯.૩૩ કરોડ થવા પામેલ. ગુજરાત જેવા આંતરરાષ્ટ્રીય જમીન અને દરિયાઈ સરહદ અને ૧૬૦૦ કી.મી. જેટલા દરિયા કિનારો ધરાવતા રાજ્ય માટે પોલીસદળને આધુનિક અને વૈજ્ઞાનિક સાધનોથી સજ્જ કરવા માટે આ યોજના હેઠળ વધુ રકમ ફાળવવાની જરૂરિયાત હોવા છતાં કેન્દ્ર સરકાર દ્વારા ફંડ ઘટાડવામાં આવેલ છે. આ માટે ફંડ વધારવા તેમજ મેગા સીટી (અમદાવાદ) અને ડેઝર્ટ એરીયા પોલિસિંગ માટેનું ફંડ આ યોજનામાં સમાવવાને બદલે અલગથી સહાય ફાળવવા માટે અવારનવાર ઉચ્ચ કક્ષાએથી કેન્દ્ર સરકારને લેખિત રજૂઆતો અને વિનંતી કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૦-૦૧ ના રૂા.૧૧૯.૫૩ કરોડની સરખામણીએ છેલ્લા ત્રણ વર્ષોમાં કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થયેલ પ્લાન, કેન્દ્રના ફાળાની રકમ અને તેની સામે છૂટી કરેલ રકમ નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

| વર્ષ | મંજૂર પ્લાન | કેન્દ્રનો ફાળો | છૂટી કરેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૬૯.૪૦ | ૫૨.૦૫ | ૪૮.૯૭ |
| ૨૦૦૮-૦૯ | ૬૪.૦૦ | ૪૮.૦૦ | ૪૮.૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૮૭.૪૭ | ૬૫.૬૦ | ૪૪.૫૫ |

------------

## ગાંધીનગર ખાતે આશારામ આશ્રમ દ્વારા રેલી યોજવા માંગેલ મંજૂરી

૧૧૫૮૯**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૬-૧૧-૨૦૦૯ના રોજ ગાંધીનગર ખાતે આશારામ આશ્રમના સાધકો દ્વારા રેલી યોજવાની પરવાનગી કોના દ્વારા માંગવામાં આવી હતી,

(૨) આપેલી પરવાનગી પછી પોલીસ બંદોબસ્તમાં કેટલા પોલીસ કર્મીઓ ફાળવવામાં આવ્યા હતા,

(૩) રેલીમાં સાધકો દ્વારા ભારે પથ્થરમારો કરતા કેટલા પોલીસ કર્મીઓ ઘાયલ થયા, અને

(૪) તે અન્વયે કેટલા ઈસમોની કઈ કઈ કલમો હેઠળ ધરપકડ કરવામાં આવી હતી?

**જવાબ**

(૧) શ્રી યોગ વેદાન્ત સેવા સમિતિ, ગાંધીનગર (સંતશ્રી આશારામજી બાપુ પ્રેરીત)ના પ્રમુખ શ્રી ગણપતભાઈ બાલાભાઈ પટેલ, રહેવાસી-ગાંધીનગર દ્વારા પરવાનગી માંગવામાં આવી હતી.

(૨) પોલીસ ઈન્સ્પેકટર-૧, પોલીસ સબ ઈન્સ્પેકટર-૧, પોલીસ-૧૨, વુમન પોલીસ કોન્સ્ટેબલ-૧ એમ કુલઃ- ૧૫ પોલીસ કર્મીઓ ફાળવવામાં આવ્યા હતા. તે પછી રેલીમાં વધુ માણસો જણાતા વધારાનો બંદોબસ્ત વાયરલેસ મેસેજ કરી મેળવવામાં આવેલ.

(૩) ૨૦ જેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ઘાયલ થયા.

(૪) કુલ ૨૪૯ ઈસમોની ધરપકડ કરેલ છે. જે ગાંધીનગર સેકટર-૭ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૯૧/૦૯ ઈ.પી.કો.ક ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૩૨, ૩૩૩, ૩૦૭, ૩૩૭, ૩૩૮, ૪૨૭, ૧૨૦બી, ૧૮૬, ૧૮૮

બી.પી. એક્ટ ક્લમ ૧૩૫ પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એક્ટ ક્લમ ૩, ૭ મુજબ ધરપકડ કરેલ છે.

------------

**રાજ્યમાં ખાનગી ક્ષેત્રે નવા બંદરો, ટર્મિનલો, કેપ્ટીવ જેટીઓ અને ખાનગી જેટીઓ વિક્સાવવા બાબત**

૧૨૩૫૧ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ખાનગી ક્ષેત્રે નવા બંદરો / ટર્મિનલો / કેપ્ટીવ જેટીઓ / ખાનગી જેટીઓ વિક્સાવવામાં આવી, અને | (૧) નીચે મુજબના નવા ટર્મિનલ/કપ્ટીવ જેટી/ એસપીએમ વિક્સાવવામાં આવી.<br>૧. પીપાવાવ બંદર ખાતે કન્ટેઈનર ટર્મિનલ<br>૨. રીલાયન્સ પોર્ટસ એન્ડ ટર્મીનલ લી. દ્વારા સિક્કા ખાતે ૩(ત્રણ) એસપીએમ<br>૩. એસ્સાર સ્ટીલ લી. દ્વારા હજીરા ખાતે હયાત જેટીનું ૫૯૨ મી. લંબાઈમાં વિસ્તૃતીકરણ<br>૪. ભારત ઓમાન રીફાઈનરીઝ લી. દ્વારા સિક્કા ખાતે ૧ (એક) એસ.પી.એમ. |
| (૨) તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં આ માટે કેટલું ખાનગી મૂડીરોકાણ થયું? | (૨) આશરે રૂા. ૩,૯૯૦ કરોડનું |

------------

**આંતક્વાદી હુમલા નિવારવા દરિયા ક્નિારાની સલામતી માટે ફોર્સની રચન**

૧૧૭૯૨**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય સરહદી સુરક્ષા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આંતક્વાદી હુમલા નિવારવા દરિયા ક્નિારાની સલામતી વિષયક વ્યવસ્થામાં વધારો કરવા માટે રાજ્ય સરકારે કોઈ ફોર્સની રચના કરી છે કે કેમ, | (૧) હા, જી<br>ગુજરાત સરકારે કુલ-૧૦ કોસ્ટલ પોલીસ સ્ટેશન કાર્યરત કરેલ છે. ઉપરાંત ૪૬ કોસ્ટલ આઉટ પોસ્ટ અને ૨૫ કોસ્ટલ ચેક પોસ્ટનું આયોજન કરેલ છે. કોસ્ટલ પોલીસ સ્ટેશન, આઉટ પોસ્ટ, ચેક પોસ્ટ માટે કુલ-૭૯૫-સંખ્યાબળ મહેક્મ ઉભું કરેલ છે. વધુમાં મરીન રાજ્ય અનામત પોલીસ દળની રચના તા. ૩-૧૧-૦૯ના ઠરાવથી કરેલ છે. જેના કુલ-૫૬૬ સંખ્યાબળ ધરાવતું મહેક્મ મંજૂર થયેલ છે. |
| (૨) જો હા, તો આ દળની ફોર્સની કામગીરીનો પ્રકાર શું રહેશે, અને | (૨) (૧) દરિયાઈ માર્ગે આતંક્વાદીઓની ઘુષણખોરી, હથિયાર દારુગોળાની થતી ઘુષણખોરી અને અન્ય ચીજ વસ્તુની દાણચોરીની પ્રવૃત્તિ અટકાવવી.<br>(૨) દરિયાક્નિારે આવેલ બંદરોની સુરક્ષા કરવી.<br>(૩) દરિયા કાંઠાના તથા તેની નજીક આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશનની કાયમી સુરક્ષા પુરી પાડવી.<br>(૪) દરિયા ક્નિારે આવેલ ધાર્મિક યાત્રા સ્થળોની સુરક્ષા કરવી. |
| (૩) આ દળની કામગીરીમાં કેન્દ્ર સરકાર કઈ રીતે સહાયભૂત બનશે? | (૩)કોસ્ટલ સીક્યુરીટી સ્કીમ અંતર્ગત ભારત સરકારને કુલ રૂા. ૩૯૨.૪૭ કરોડની દરખાસ્ત મોક્લેલ હતી. જે પૈકી ભારત સરકારે કુલ રૂા. ૫૮.૪૨ કરોડ મંજૂર કરેલ છે. જેમાંથી રૂા. ૮.૪૨ કરોડ કોસ્ટલ પોલીસ સ્ટેશન, આઉટ પોસ્ટ, ચેક પોસ્ટના બાંધકામ તેમજ આંતર માળખાકીય સુવિધા ઉભી કરવા ફાળવેલ છે. જ્યારે રૂા. ૫૦ કરોડની ૩૦ બોટો ખરીદીને પુરી પાડવાની હતી, પરંતુ અત્યાર સુધી ૮ બોટો પુરી પાડેલ છે. ગુજરાત સરકાર ધ્વારા મહેક્મનો તમામ ખર્ચ ભોગવવામાં આવે છે. |

------------

**દાહોદ જિલ્લાના ગરબાડા ગામે મધ્યપ્રદેશથી આવતા વાહનોમાં ગુન્હાહીત પ્રવૃતિ માટે આવતા અસામાજિક તત્વા**

૧૨૨૭૨**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દાહોદ જિલ્લાના ગરબાડા ગામે મધ્યપ્રદેશથી આવતા જતા વાહનોમાં ગુન્હાહીત પ્રવૃતિ માટે અસામાજીક તત્વો આવતા હોય પોલીસ પોઈન્ટ ઉભો કરવા તથા જરૂરી ચકાસણી કરવા સરકારે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા પગલાં લીધા? | પોલીસ સબ ઈન્સ્પેકટર, ગરબાડા તથા સ્ટાફના માણસોથી અવાર નવાર પેટ્રોલીંગ તેમજ નાઈટ પેટ્રોલીંગ રાખી મધ્યપ્રદેશ તરફથી આવતા વાહનોનું અસરકારક ચેકીંગ કરવામાં આવે છે.વિશેષમાં ગરબાડા ચોકડી પર ટ્રાફીક નિયમન તથા વાહન ચેકીંગ માટે પાંચ હોમગાર્ડઝ તથા એક પોલીસ કર્મચારીને મૂકવામાં આવેલ છે. |

------------

**અમદાવાદ શહેરમાં પાઈપ લાઈન દ્વારા ગેસ પૂરો પાડવા બાબત**

૧૨૩૧૭**શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર )** :**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ શહેરના ક્યા ક્યા વિસ્તારોમાં પ્રજાજનોને ઘરે ઘરે પાઈપ લાઈન દ્વારા ગેસ પૂરો પાડવાની કાર્યવાહી ચાલી રહી છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં નીચેના વિસ્તારોમાં ગેસ પૂરો પાડવાની કાર્યવાહી ચાલુ છે. (૧) મેમનગર (૨) વેજલપુર (૩) જોધપુર (૪) બોડકદેવ (૫) થલતેજ (૬) ઘાટલોડિયા (૭) રાણીપ (૮) પાલડી (૯) વાસણા (૧૦) નારણપુરા (૧૧) નવરંગપુરા (૧૨) ગાંધીગ્રામ (૧૩) સ્ટેડિયમ (૧૪) જુના વાડજ (૧૫) નવા વાડજ (૧૬) સાબરમતી (૧૭) મણિનગર (૧૮) કાંકરિયા (૧૯) ઈસનપુર (૨૦) વટવા (૨૧) ઘોડાસર (બાગ-એ-ફીરદોસ) |
| (૨) આવા વિસ્તારોમાં કેટલા સમયમાં કામ પૂર્ણ કરી પાઈપ લાઈન દ્વારા ગેસ આપવાનું આયેજન છે? | (૨) સને ૨૦૧૦-૧૧માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**પી.સી.પી.આઈ.આર. તરીકે દહેજ-વિલાયત બેલ્ટના વિકાસ બાબત**

૧૨૦૯૪**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં PCPIR (પેટ્રોકેમીકલ એન્ડ પેટ્રોલિયમ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન) તરીકે દહેજ-વિલાયત બેલ્ટના વિકાસ માટે ગુજરાત સરકારે શું પગલાં લીધા છે, | (૧) રાજ્ય સરકારે પી.સી.પી.આઈ.આર. માટે કેન્દ્ર સરકારની મંજૂરી મેળવી સમજૂતી કરાર કરેલ છે.આ વિસ્તારને સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન તરીકે ગુજરાત સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ એક્ટ ૨૦૦૯ હેઠળ ""સર"" તરીકે તા. ૦૯-૦૬-૨૦૦૯ના રોજ ઘોષિત કરવામાં આવેલ છે. પી.સી.પી. આઈ.આર. વિસ્તારમાં આવતા ગામોના લોકકલ્યાણના વિકાસ કામો જેવા કે, રસ્તા, પાણી, સ્કુલ, હોસ્પિટલ/ક્લીનીક વિગેરે માટે પી.સી.પી.આઈ.આર. વેલ્ફેર સોસાયટીની સ્થાપના કરેલ છે. જીઆઈડીસીએ અટાલી મુકામે ૧૪૬ હેક્ટર જમીન ઉપર રહેણાંક કોલોની સ્થાપેલ છે. આ ઉપરાંત, અટાલી ખાતે દ્વીતીય ચરણમાં ૨૯૪ હેક્ટર જમીન સંપાદન હેઠળ મુકવામાં આવેલ છે. જીઆઈડીસી દ્વારા દહેજ, દહેજ એસ.ઈ.ઝેડ તથા હાઉસીંગ માટે આ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનમાં આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે સી.સી.રોડ, પાણી પુરવઠા, ડ્રેનેજ, સ્ટ્રીટલાઈટ, એફ્લ્યુઅન્ટ ડીસ્પોઝલ પાઈપલાઈન, વિગેરેના કામો |

કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વિસ્તારમાં આગામી વર્ષોમાં રૂા. ૪૦૧.૦૫/- કરોડના કામો હાથ ધરવા આયોજન કરવામાં આવી રહેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ દરખાસ્ત ક્યા તબક્કે છે, અને

(૨) દહેજ વિલાયત વિસ્તારની પી. સી.પી. આઈ. આર. તરીકે સરકારે મંજૂરી આપેલ છે. રાજ્ય સરકારે તેને સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ""સર"" તરીકે ઘોષિત કરેલ છે. હાલ આ વિસ્તાર કાર્યાન્વિત છે.

(૩) PCPIR ની દરખાસ્તમાં ગુજરાત સરકારનું નાણાકીય યોગદાન કેટલું રહેશે ?

(૩) કુલ રૂા. ૩૩૩/- કરોડ

------------

## ખેડા જિલ્લામાં નર્મદા યોજનાના પિયત કમાન્ડ વિસ્તારમાં પાણી આપવા અંગે

૧૧૮૩૧ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના તાલુકાદીઠ કેટલા વિસ્તારમાં નર્મદા યોજનાના પિયતના કમાન્ડ વિસ્તારમાં આવેલ છે,

(૧) ખેડા જિલ્લાના તાલુકાદીઠ નર્મદા યોજનાના પિયતનો કમાન્ડ વિસ્તાર નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | કમાન્ડ વિસ્તાર (હેક્ટર) |
|---|---|---|
| ૧ | ઠાસરા | ૬૧૦૦ |
| ૨ | કઠલાલ | ૧૩૯૬૫ |
| ૩ | કપડવંજ | ૧૮૬૩ |
| ૪ | મહુધા | ૧૦૮૨ |
| ૫ | મહેમદાવાદ | ૩૬૦૧ |
| | **કુલ...** | **૨૬૬૧૧** |

(૨) તે અન્વયે સિંચાઈ માટે કેટલું પાણી આપવામાં આવે છે, અને

(૨) તે અન્વયે સિંચાઈ માટે ૧૯.૧૯૬ મિલિયન ઘનમીટર પાણી આપવામાં આવે છે, અને

(૩) બાકીના વિસ્તારમાં ક્યારે પાણી આપવામાં આવશે?

(૩) બાકી રહેતા વિસ્તારમાં શક્ય તેટલી ઝડપથી પાણી આપવાનું આયોજન છે.

------------

## રાજકોટ જિલ્લામાં જુગાર અને વરલીમટકાના અડ્ડાઓ ઉપર પાડેલા દરોડા

૧૧૯૬૩**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર જુગાર અને વરલીમટકાના અડ્ડાઓ ઉપર કેટલી વખત દરોડા પાડ્યા,

(૧) તાલુકાવાર કુલ-૧૮૮૯ દરોડા પાડયા, આ અંગે પત્રક-(અ) સામેલ છે

(૨) આ અન્વયે સ્થાનિક કક્ષાએ તથા બહારની પોલીસ દ્વારા દરોડા પાડી કેટલી કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ધરપકડ કરી,

(૨) ૧. સ્થાનિક કક્ષાએ દરોડા પાડી રૂા. ૧,૬૧,૩૭,૭૪૯/-નો મુદ્દામાલ જપ્ત કર્યો તથા ૪૭૨૫ ઈસમોની ધરપકડ કરી.

૨. બહારની પોલીસે દરોડા પાડી રૂા. ૪૦,૧૧,૮૪૨/-નો મુદ્દામાલ જપ્ત કર્યો તથા ૧૯૯ ઈસમોની ધરપકડ કરી.

(૩) એક થી વધુ વખત ક્યા ક્યા ઈસમોને આ કાર્યવાહી દરમ્યાન પકડવામાં આવ્યા, અને

(૩) ૪૪ -ઈસમો એક થી વધુ વખત પકડાયેલ છે. આ અંગેનું **પત્રક-(બ)** આ સાથે સામેલ છે.

(૪) તેમની સામે શાં શાં પગલાં ભરવામાં આવ્યા?

( ૪) ૩૯ -સામે સી.આર.પી.સી. ૧૧૦ મુજબ તથા ૦૪-સામે બી.પી. એક્ટ-૫૭ મુજબ અટકાયતી પગલાં લીધેલ છે.

**પત્રક-અ**

**તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જુગાર અને વર્લી મટકાના અડ્ડાઓ ઉપર નીચે મુજબ દરોડા પાડી કેસો કરવામાં આવેલ છે.**

| તાલુકાનું નામ | દરોડાની સંખ્યા | તાલુકાનું નામ | દરોડાની સંખ્યા |
|---|---|---|---|
| ગોંડલ | ૧૪૫ | જામકંડોરણા | ૧૭ |
| જસદણ | ૧૬૯ | મોરબી | ૨૨૭ |
| કોટડાસાંગાણી | ૩૯ | વાંકાનેર | ૮૨ |
| લોધીકા | ૨૬ | માળીયા (મી) | ૧૭ |
| જેતપુર | ૩૩૦ | ટંકારા | ૨૪ |
| ધોરાજી | ૧૯૮ | પડધરી | ૩૯ |
| ઉપલેટા | ૫૭૬ | **કુલ :** | **૧૮૮૯** |

**પત્રક-બ**

**એક થી વધુ વખત પકડેલ તહોમતદારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧ | સબીર સૈયદ કાસીરી રહે. જસદણ | ૨૩ | નીતીન બાબુ દેવીપુજક |
| ૨ | મગન શીવાભાઈ જતાપર રહે. મદારા | ૨૪ | મુનાફ સીદીક ઘાંચી |
| ૩ | નકુ બીજલ કોઠારીયા રહે. કુંદણી | ૨૫ | હુસેનમીયાં બાવામીયા બુખારી |
| ૪ | મનસુખ મોહનભાઈ રાઠોડ | ૨૬ | અલ્તાફ સકુરભાઈ પઠાણ |
| ૫ | વલીભાઈ નુરમામદ ફકીર | ૨૭ | બટુક બાબુભાઈ સોલંકી |
| ૬ | કરશન સદાભાઈ મકવાણા | ૨૮ | કિશન નાનુભાઈ જોષી |
| ૭ | જનકગર મનસુખગર બાવાજી | ૨૯ | ચુનીલાલ ભાણજીભાઈ ગોંડલીયા |
| ૮ | નરેન્દ્ર ઉર્ફે ટીલો હરીભાઈ લુવાણા | ૩૦ | રામા ખીમાભાઈ ગઢવી |
| ૯ | રામજી ઉર્ફે રામલો ભગવાનજી | ૩૧ | શાંતિલાલ દેવરાજ પટેલ |
| ૧૦ | ઈકબાલ સીદીક વલ્લાણી | ૩૨ | પ્રેમદાસ મયારામભાઈ દાણીધારીયા |
| ૧૧ | ઈકબાલ ઉર્ફે ચીનો અબુભાઈ | ૩૩ | મનસુખ દેવચંદ લુક્કા |
| ૧૨ | ગફાર આમદ કાથરોટીયા | ૩૪ | ચંદ્રકાન્ત બાવન બાવાજી |
| ૧૩ | દીલીપ હિંમતલાલ લુવાણા | ૩૫ | દિલાવરગીરી નવલગીરી |
| ૧૪ | પ્રવિણ ભીખા સોલંકી | ૩૬ | ચંદ્રેશ અનંતરાય શાહ |
| ૧૫ | મજીદ મામદ સુમરા | ૩૭ | સવજી નસશીભાઈ સતવારા |
| ૧૬ | વલી ઈસા ખાટકી | ૩૮ | અલી ઉર્ફે મહેબુબ બલોચ |
| ૧૭ | શોભરાજમલ હિંમતમલ સીંધી | ૩૯ | અજયગર બટુકગર ગોસ્વામી |
| ૧૮ | અશોકભાઈ બચુભાઈ ભેડા | ૪૦ | રાજેન્દ્રસિંહ હરભમજી ઝાલા |
| ૧૯ | સલીમ ઓસમાણ હિંગોરા | ૪૧ | મામદ હુસેન મકરાણી |
| ૨૦ | પરસોત્તમ પ્રેમજી નકુમ | ૪૨ | કૌશીક હેમુભાઈ કૂણપરા |
| ૨૧ | કાદર હબીબ વિંજુડા | ૪૩ | વિનોદ રામજીભાઈ શ્રીમાળી |
| ૨૨ | સલીમ યુસુફ પીંજારા | ૪૪ | રતીલાલ ગોવિંદ મોચી |

**સુરત જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટેના રહેણાંકના મકાનો**

૧૨૩૨૨**શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ સુરત જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો કેટલા છે, અને | (૧) કુલ ૨૩૪૪. |
| (૨) ખૂટતા મકાનો બનાવવાનું શું આયોજન છે? | (૨) સુરત શહેર ખાતે અલગ અલગ સ્થળોએ કુલ ૬૭ મકાનો તેમજ સુરત રૂરલ ખાતે જુના જર્જરીત મકાનો તોડી પાડી બી-ટાઈપના ૧૧૦ અને સી-ટાઈપનું-૧ મકાન આગામી વર્ષમાં બનાવવાનું આયોજન છે |

**પંચમહાલ જિલ્લામાં ખનીજ ચોરીના બનાવો**

૧૧૫૮૫**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખનીજ ચોરીના કેટ કેટલા બનાવો નોંધાયા, અને

(૧)

| તાલુકો | કેસ |
|---|---|
| ગોધરા | ૧૨૬ |
| કાલોલ | ૨૦ |
| લૂણાવાડા | ૫૯ |
| ખાનપુર | ૧૧ |
| મોરવા(હ) | ૨૩ |

| | |
|---|---|
| શહેરા | ૫૦ |
| હાલોલ | ૭૮ |
| જાંબુઘોડા | ૯ |
| સંતરામપુર | ૭ |
| ઘોઘંબા | ૯ |
| કુલ : | ૩૯૨ |

(૨) આ ખનીજ ચોરી અટકાવવા અને ખનીજ ચોરી સામે સખતાઈથી પગલાં લેવા સરકારે શી કાર્યવાહી કરી?

(૨) વખતો વખત આકસ્મિક નિરીક્ષણો દ્વારા નિયામાનુસારની અનુવર્તી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે

**ડાયરેક્ટર ઓફ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને આપવામાં આવતી સહાય**

**૧૨૩૨૫પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઓફ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી

રાજ્યની ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ આધુનિક્તાની દ્રષ્ટિએ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે ખાતામાં આધુનિક ટેક્નોલોજીઓ જેવી કે, ડી.એન.એ. બ્રેઈન ફીગર પ્રિન્ટ, સાયબર ક્રાઈમ, ઓટોમેટીક ફીંગર પ્રિન્ટ, સીસ્ટમ, વોઈસ આઈન્ડેન્ટીફીકેશન સીસ્ટમ, ઈન્ટીગ્રેટેડ બેલેસ્ટીક આઈડેન્ટીફીકેશન સીસ્ટમ, ઓડીયો-વીડીયો ઓથોન્ટીક્સ સીસ્ટમ, સસ્પેક્ટ ડીટેક્શન સીસ્ટમ વગેરે વસાવવામાં આવેલ છે અને ખાતાની તાંત્રિક નિપૂણતા, પારદર્શક્તા તથા તટ્ટસ્થતાને કારણે અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓ ગુન્હાની તપાસમાં મદદ લે છે, અને તેઓને જરૂરી સહાયતા પુરી પાડવામાં આવે છે, તેમજ અન્ય રાજ્યોના તથા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓના અધિકારીઓને ફોરેન્સીક સાયન્સની તાલીમ દ્વારા સહાયતા પુરી પાડવામાં આવે છે.

(૨) ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા વર્ષ ૨૦૦૭, ૨૦૦૮ તથા ૨૦૦૯ (તા. ૨૫-૧-૨૦૧૦ સુધીમાં) માં બહારના રાજ્યો /કેન્દ્ર સરકારની સંસ્થાઓને જે ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

**સને ૨૦૦૭**

| **અ.નં.** | **રાજ્યનું નામ** | **કેસો** |
|---|---|---|
| ૧ | ઉત્તર પ્રદેશ | ૧૫ |
| ૨ | રાજસ્થાન | ૧૨ |
| ૩ | દિલ્હી | ૪૮ |
| ૪ | ગોવા | ૬ |
| ૫ | મધ્ય પ્રદેશ | ૧૯ |
| ૬ | બિહાર | ૧૦ |
| ૭ | મહારાષ્ટ્ર | ૩ |
| ૮ | નાગાલેન્ડ | ૧ |
| ૯ | હરિયાણા | ૧૧ |
| ૧૦ | ઝારખંડ | ૪ |
| ૧૧ | જમ્મુ-કાશ્મીર | ૪ |
| ૧૨ | તામીલનાડુ | ૧ |
| ૧૩ | પચ્ચિમ બંગાળ | ૫ |
| ૧૪ | કર્ણાટક | ૧ |
| | **કેન્દ્રીય સંસ્થાઓ** | |
| ૧૫ | સી.બી.આઈ | ૫ |
| ૧૬ | રેલ્વે | ૭ |
| ૧૭ | દાદરાનગર હવેલી | ૭ |
| ૧૮ | દમણ | ૧૦૧ |

| | | |
|---|---|---|
| ૧૮ | દમણ | ૧૦૧ |
| ૧૯ | દીવ | ૫ |
| ૨૦ | એરફોર્સ | ૨ |
| ૨૧ | ડી.આર.આઈ | ૫ |
| | **કુલ...** | **૨૭૨** |

**સને ૨૦૦૮**

| **અ.નં.** | **રાજ્યનું નામ** | **કેસો** |
|---|---|---|
| ૧ | દિલ્હી | ૨૮ |
| ૨ | જમ્મુ-કાશ્મીર | ૧ |
| ૩ | મધ્ય પ્રદેશ | ૧૫ |
| ૪ | ઉત્તર પ્રદેશ | ૨ |
| ૫ | રાજસ્થાન | ૫ |
| ૬ | ચંદીગઢ | ૨ |
| ૭ | પશ્ચિમ બંગાળ | ૩ |
| ૮ | ઝારખંડ | ૩ |
| ૯ | હિમાચલ પ્રદેશ | ૨ |
| | **કેન્દ્રીય સંસ્થાઓ** | |
| ૧૦ | દાદરાનગર હવેલી | ૮૩ |
| ૧૧ | દમણ | ૨૯ |
| ૧૨ | સી.બી.આઈ. | ૨૬ |
| ૧૩ | કસ્ટમ અને એક્સાઈઝ | ૫ |
| ૧૪ | ડાયરેક્ટ રેવન્યુ ઈન્ટે. | ૨૩ |
| ૧૫ | ઈન્સ્યોરન્સ કંપની | ૯ |
| ૧૬ | નારકોટીક્સ કંટ્રોલ બ્યુરો | ૨ |
| ૧૭ | વેસ્ટર્ન રેલ્વે | ૪ |
| | **કુલ...** | **૨૪૨** |

સને ૨૦૦૯ (તા. ૨૫/૧/૨૦૧૦ સુધી)

| **અ.નં.** | **રાજ્યનું નામ** | **કેસો** |
|---|---|---|
| ૧ | ઉત્તર પ્રદેશ | ૩ |
| ૨ | રાજસ્થાન | ૧૩ |
| ૩ | દિલ્હી | ૯૭ |
| ૪ | ગોવા | ૩ |
| ૫ | મધ્ય પ્રદેશ | ૫ |
| ૬ | હિમાચલ પ્રદેશ | ૧ |
| ૭ | મહારાષ્ટ્ર | ૨ |
| ૮ | પંજાબ | ૧ |
| ૯ | હરિયાણા | ૪ |
| ૧૦ | ઝારખંડ | ૩ |
| ૧૧ | જમ્મુ-કાશ્મીર | ૧ |
| ૧૨ | તામીલનાડુ | ૧ |
| ૧૩ | કેરાલા | ૨ |
| ૧૪ | કર્ણાટક | ૩ |
| ૧૫ | ઉત્તરાચલ | ૧ |
| | **કેન્દ્રીય સંસ્થાઓ** | |
| ૧૬ | ડાયરેક્ટોરેટ ઓફ એન્ફો. | ૨ |
| ૧૭ | આર્મી | ૧ |
| ૧૮ | સેન્ટ્રલ એક્સાઈઝ | ૮ |
| ૧૯ | એર ઈન્ડીયા | ૧ |
| ૨૦ | સી.બી.આઈ. | ૨૩ |

| | | |
|---|---|---|
| ૨૧ | રેલ્વે | ૬ |
| ૨૨ | દાદરાનગર હવેલી | ૫૨ |
| ૨૩ | દમણ | ૧૪ |
| ૨૪ | દીવ | ૩ |
| ૨૫ | એરફોર્સ | ૧ |
| ૨૬ | ડી.આર.આઈ. | ૨૫ |
| ૨૭ | ઈન્સ્યોરન્સ કંપની | ૧૦ |
| ૨૮ | ઈન્કમટેક્ષ | ૧ |
| ૨૯ | આઈ.ઓ.સી. | ૧ |
| ૩૦ | ચંદીગઢ | ૨ |
| ૩૧ | આર.બી.આઈ. | ૧ |
| | **કુલ...** | **૨૯૧** |

------------

**વડોદરા જિલ્લાના ખેડૂતોએ ખેતી માટે માગેલ વીજ જોડાણ**

૧૧૯૬૯**શ્રી મોહસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ખેડૂતોએ ખેતી માટે માગેલ વીજ જોડાણની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે,

(૨) આ અરજીઓ કેટલા સમયથી પડતર છે,

(૩) પડતર રહેવાના કારણો શાં છે, અને

(૪) ક્યાં સુધીમાં આ અરજીઓનો નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ખેડૂતોએ ખેતી માટે માગેલ વીજ જોડાણની પડતર અરજીઓની માહિતિ નીચે મુજબ છે

| વર્ષ | પડતર અરજીઓની સંખ્યા | વર્ષ | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧૯૯૫ | ૧ | ૨૦૦૩ | ૨૦ |
| ૧૯૯૬ | ૧ | ૨૦૦૪ | ૩ |
| ૧૯૯૭ | ૧૩ | ૨૦૦૫ | ૬ |
| ૧૯૯૮ | ૧૯ | ૨૦૦૬ | ૧૯૬ |
| ૧૯૯૯ | ૧૫ | ૨૦૦૭ | ૧૨૨૮ |
| ૨૦૦૦ | ૮ | ૨૦૦૮ | ૨૮૨૫ |
| ૨૦૦૧ | ૮ | ૨૦૦૯ | ૩૭૫૩ |
| ૨૦૦૨ | ૩૯ | કુલ... | **૮૧૩૫** |

(૩) અને (૪)

બાકી રહેલ પડતર અરજીઓના નિકાલ માટે વીજ ઉત્પાદન, વીજ માંગ, ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર ઉપર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેના નાણાંકીય આયોજનને ધ્યાને લઈ અને ડાર્ક ઝોનની નીતિને અનુલક્ષીને તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન છે.

------------

**વર્ગ-૩ના અંધ કર્મચારીઓને કોમ્પ્યુટરની સી.સી.સી. પરીક્ષામાંથી મુક્તિ આપવા બાબત**

૧૧૬૪૧ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) :** તા. ૨૭-૭-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૧૧૪૩૯, (અગ્રતા-૭૪) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ગ-૩ના અંધ સરકારી કર્મચારીઓને સીસીસી કોમ્પ્યુટર પરીક્ષાની મુક્તિ આપવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી તે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) તે અંગે શું નિર્ણય કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) આવી બાબત વિચારણા હેઠળ ન હતી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**દાહોદ, પંચમહાલ અને વડોદરા જિલ્લામાં કન્યા વિક્રયના બનાવો**

૧૧૯૧૪**શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં દાહોદ, પંચમહાલ અને વડોદરા જિલ્લામાં કન્યા વિક્રયના કેટલા બનાવો વર્ષવાર બન્યા, અને

(૨) આ અંગે સરકારે ક્યા ક્યા પગલાંઓ ક્યારે ક્યારે લીધા?

**જવાબ**

(૧) કન્યા વિક્રયના બનાવો

| જિલ્લો | તા. ૧-૪-૨૦૦૮ થી તા. ૩૧-૩-૨૦૦૯ | તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ |
|---|---|---|
| દાહોદ | ૦ | ૦ |
| પંચમહાલ | ૦ | ૦ |
| વડોદરા | ૦ | ૦ |
| **કુલ :** | **૦** | **૦** |

(૨) આવા બનાવો બનેલ ન હોઇ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યોનાં પ્રવાસ ભથ્થાં બીલ**

૧૧૯૮૬**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં મુખ્યમંત્રી અને મંત્રીમંડળના દરેક સભ્યોનું પ્રવાસ ભથ્થાં બીલ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા માસવાર કેટ કેટલું ચૂકવવામાં આવ્યું?

**જવાબ**

માન. મંત્રીશ્રીઓના પ્રવાસ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(અ) મંત્રીશ્રીઓએ કરેલ મુસાફરી બદલ તેઓને માઇલેજ ભથ્થુ નીચે પ્રમાણે મળવાપાત્ર છે.

(૧) રાજ્ય સરકારે પૂરી પાડેલી મોટરકાર દ્વારા પ્રવાસ કરે ત્યારે નીચેના દરે માઇલેજ ભથ્થું મળવાપાત્ર છે.

- પેટ્રોલ સંચાલિત વાહન માટે રૂા. ૪.૦૦ પ્રતિ કિલોમીટર
- ડીઝલ સંચાલિત વાહન માટે રૂા. ૨.૫૦ પ્રતિ કિલોમીટર

(૨) પોતાની/ભાડાની કે ઉછીની મોટરકાર દ્વારા પ્રવાસ કરે ત્યારે નીચેના દરે માઇલેજ ભથ્થું મળવાપાત્ર છે.

- પેટ્રોલ સંચાલિત વાહન માટે રૂા. ૫.૦૦ પ્રતિ કિલોમીટર
- ડીઝલ સંચાલિત વાહન માટે રૂા. ૪.૦૦ પ્રતિ કિલોમીટર

(બ) આ ઉપરાંત, રાજ્ય સરકારના વર્ગ-૧ના અધિકારીને મળવાપાત્ર દરે દૈનિક ભથ્થું મળવાપાત્ર છે.

(ક) ઉક્ત વિગતો ધ્યાને લઇને મંત્રીશ્રીઓએ કરેલ પ્રવાસના કિલોમીટર, હવાઇ મુસાફરી બદલ વિમાનની કંપનીઓને ચૂકવેલ ટીકીટની રકમ અને દૈનિક ભથ્થાંની રકમ દર્શાવતું **પત્રક** આ સાથે સામેલ છે.

## તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૧૯૮૬

## પત્રક

## માનનીય મંત્રીશ્રીને ચૂકવેલ દૈનિક ભથ્થું અને તેઓએ કરેલ મુસાફરીની વિગત દર્શાવતું પત્રક તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધી

| ક્રમ નં. | મંત્રીશ્રીનું નામ | હોદ્દો | જાન્યુઆરી-૦૯ | | | ફેબ્રુઆરી-૦૯ | | | માર્ચ-૦૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્રવાસનું અંતર (કિ.મી.માં) માઇલેજ ભથ્થા માટે | વિમાનની કંપનીઓને ચૂકવેલ ખરેખર રકમ (રૂપિયામાં) | દૈનિક ભથ્થુ (રૂપિયામાં) | પ્રવાસનું અંતર (કિ.મી.માં) માઇલેજ ભથ્થા માટે | વિમાનની કંપનીઓને ચૂકવેલ ખરેખર રકમ (રૂપિયામાં) | દૈનિક ભથ્થુ (રૂપિયામાં) | પ્રવાસનું અંતર (કિ.મી.માં) માઇલેજ ભથ્થા માટે | વિમાનની કંપનીઓને ચૂકવેલ ખરેખર રકમ (રૂપિયામાં) | દૈનિક ભથ્થુ (રૂપિયામાં) |
| ૧ | શ્રી નરેન્દ્રભાઇ દામોદરદાસ મોદી | મુખ્ય મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | | ૪૨૬૭ | ૦ | ૦ | ૦ |
| ૨ | શ્રી વજુભાઇ રૂડાભાઇ વાળા | મંત્રીશ્રી | ૮૭૩૧ | ૨૯૮૬૮ | ૫૮૮૨ | ૦ | ૦ | ૦ | ૨૩૨૫ | ૦ | ૧૧૭૦ |
| ૩ | શ્રી નરોત્તમભાઇ ત્રિકમદાસ પટેલ | મંત્રીશ્રી | ૬૬૪૭ | ૦ | ૨૭૯૩ | ૬૪૫૬ | ૦ | ૩૨૪૬ | ૬૮૫૩ | ૦ | ૩૩૯૮ |
| ૪ | શ્રીમતી આનંદીબેન મફતભાઇ પટેલ | મંત્રીશ્રી | ૩૩૭૫ | ૦ | ૨૨૭૭ | ૪૩૫૪ | ૦ | ૨૯૭૩ | ૩૧૬૭ | ૦ | ૦ |
| ૫ | શ્રી નીતિનભાઇ પટેલ | મંત્રીશ્રી | ૪૪૧૦ | ૦ | ૫૨૭૧ | ૩૯૯૦ | ૦ | ૪૯૨૭ | ૫૨૬૯ | ૦ | ૪૬૦૬ |
| ૬ | શ્રી દિલીપ સંઘાણી | મંત્રીશ્રી | ૨૪૧૪૪ | ૪૨૫૫ | ૧૫૬૫૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | શ્રી ફકીરભાઇ રઘાભાઇ વાઘેલા | મંત્રીશ્રી | ૫૬૦૦ | ૧૨૯૫૮ | ૩૦૪૦ | ૬૬૨૯ | ૦ | ૩૧૧૪ | ૦ | ૦ | ૦ |
| ૮ | શ્રી જયનારાયણ નર્મદાશંકર વ્યાસ | મંત્રીશ્રી | ૦ | ૦ | ૪૯૮૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૯૨૯૪ |
| ૯ | શ્રી રમણલાલ વોરા | મંત્રીશ્રી | ૯૨૯૭ | ૧૧૬૩૯૯ | ૫૭૩૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | શ્રી મંગુભાઇ છગનભાઇ પટેલ | મંત્રીશ્રી | ૧૨૧૧૬ | ૦ | ૬૦૪૮ | ૫૮૪૯ | ૦ | ૨૯૭૨ | ૭૨૭૬ | ૦ | ૧૮૭૨ |
| ૧૧ | શ્રી અમિતભાઇ અનિલચંદ્ર શાહ | રા. ક. મંત્રીશ્રી | ૨૬૯૯ | ૩૬૬૩૬ | ૨૪૪૯ | ૪૪૮૭ | ૫૨૫૭ | ૨૯૬૩ | ૨૩૨૫ | ૦ | ૧૪૯૪ |
| ૧૨ | શ્રી સોરભભાઇ પટેલ | રા. ક. મંત્રીશ્રી | ૩૪૩૪ | ૧૭૫૪૦ | ૧૧૩૮ | ૨૭૭૪ | ૧૭૭૪૩ | ૭૩૮ | ૪૦૯૭ | ૦ | ૬૪૮ |
| ૧૩ | શ્રી જશવંતસિંહ સુમનભાઇ ભાભોર | રા.ક. મંત્રીશ્રી | ૫૭૯૭ | ૦ | ૫૦૨૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા | રા.ક. મંત્રીશ્રી | ૬૦૨૪ | ૦ | ૩૩૫૩ | ૬૫૮૪ | ૦ | ૩૮૩૮ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | શ્રી પરસોત્તમભાઇ ઓધવજીભાઇ સોલંકી | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૧૬૫૯૯ | ૧૧૦૦૦ | ૯૯૧૫ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | શ્રી પરબતભાઇ સવાભાઇ પટેલ | રા. ક. મંત્રીશ્રી | ૯૮૬૩ | ૦ | ૬૩૨૨ | ૦ | ૦ | ૦ | ૬૪૩૧ | ૦ | ૩૬૩૯ |
| ૧૭ | ડૉ. માયાબેન સુરેન્દ્રકુમાર કોડનાની | રા.ક. મંત્રીશ્રી | ૯૫૪૮ | ૨૬૧૩૮ | ૮૯૯૦ | ૦ | ૦ | ૦ | ૬૭૬૧ | ૫૮૬૬ | ૩૯૦૧ |
| ૧૮ | શ્રી જયસિંહ માનસિંહ ચોહાણ | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૮૫૭ | ૦ | ૨૯૬૨ |
| ૧૯ | શ્રી વાસણભાઇ ગોપાલભાઇ આહીર | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૨૨૭ | ૦ | ૩૦૧૫ |

## તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૧૧૯૮૬

## પત્રક

## માનનીય મંત્રીશ્રીને ચૂક્વેલ દૈનિક ભથ્થું અને તેઓએ કરેલ મુસાફરીની વિગત દર્શાવતું પત્રક તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધી

| ક્રમ નં. | મંત્રીશ્રીઓનું નામ | હોદ્દો | એપ્રિલ-૦૯ | | | મે-૦૯ | | | જૂન-૦૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્રવાસનું અંતર (કિ.મી.માં) માઇલેજ ભથ્થા માટે | વિમાનની કંપનીઓને ચૂક્વેલ ખરેખર રક્મ (રૂપિયામાં) | દૈનિક ભથ્થુ (રૂપિયામાં) | પ્રવાસનું અંતર (કિ.મી.માં) માઇલેજ ભથ્થા માટે | વિમાનની કંપનીઓને ચૂક્વેલ ખરેખર રક્મ (રૂપિયામાં) | દૈનિક ભથ્થુ (રૂપિયામાં) | પ્રવાસનું અંતર (કિ.મી.માં) માઇલેજ ભથ્થા માટે | વિમાનની કંપનીઓને ચૂક્વેલ ખરેખર રક્મ (રૂપિયામાં) | દૈનિક ભથ્થુ (રૂપિયામાં) |
| ૧ | શ્રી નરેન્દ્રભાઇ દામોદરદાસ મોદી | મુખ્ય મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૦૯૬ | ૦ | ૦ | ૦ |
| ૨ | શ્રી વજુભાઇ રૂડાભાઇ વાળા | મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭૮૦ | ૦ | ૧૦૧૩ |
| ૩ | શ્રી નરોત્તમભાઇ ત્રિક્મદાસ પટેલ | મંત્રીશ્રી | ૫૬૨૯ | ૦ | ૨૫૩૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | શ્રીમતી આનંદીબેન મફતભાઇ પટેલ | મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | શ્રી નીતિનભાઇ પટેલ | મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | શ્રી દિલીપ સંઘાણી | મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | શ્રી ફકીરભાઇ રઘ ાભાઇ વાઘેલા | મંત્રીશ્રી | ૨૩૧૪ | ૦ | ૧૪૪૫ | ૦ | ૦ | ૦ | ૫૬૮૩ | ૦ | ૨૨૩૭ |
| ૮ | શ્રી જ્યનારાયણ નર્મદાશંક્ર વ્યાસ | મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | શ્રી રમણલાલ વોરા | મંત્રીશ્રી | ૧૦૯૮૯ | ૫૪૦૮૫ | ૬૯૧૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | શ્રી મંગુભાઇ છગનભાઇ પટેલ | મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | શ્રી અમિતભાઇ અનિલચંદ્ર શાહ | રા. ક. મંત્રીશ્રી | ૧૭૩ | ૯૧૫૮ | ૨૭૧ | ૦ | ૦ | ૦ | ૧૪૫૧ | ૧૦૫૦૮ | ૨૨૮૦ |
| ૧૨ | શ્રી સોરભભાઇ પટેલ | રા. ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭૬૧ | ૦ | ૨૭૦ |
| ૧૩ | શ્રી જશવંતસિંહ સુમનભાઇ ભાભોર | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૧૦૩૩૦ | ૦ | ૫૫૯૮ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | શ્રી ક્રિીટસિંહ જીતુભા રાણા | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૨૯૬ | ૦ | ૨૧૧૫ |
| ૧૫ | શ્રી પરસોત્તમભાઇ ઓધવજીભાઇ સોલંકી | રા.ક. મંત્રીશ્રી | ૯૭૮૭ | ૦ | ૪૦૨૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | શ્રી પરબતભાઇ સવાભાઇ પટેલ | રા. ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૪૧૮ | ૦ | ૫૭૧૦ |
| ૧૭ | ડૉ. માયાબેન સુરેન્દ્રકુમાર કોડનાની | રા.ક. મંત્રીશ્રી | ૩૯૨૧ | ૧૫૪૩૬ | ૩૫૪૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | શ્રી જ્યસિંહ માનસિંહ ચોહાણ | રા.ક. મંત્રીશ્રી | ૨૦૭૧૧ | ૧૫૪૨૧ | ૧૨૦૪૭ | ૦ | ૦ | ૦ | ૪૦૬૦ | ૦ | ૨૨૬૪ |
| ૧૯ | શ્રી વાસણભાઇ ગોપાલભાઇ આહીર | રા.ક. મંત્રીશ્રી | ૧૦૭૨૦ | ૦ | ૪૯૩૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

# તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૧૯૮૬

## પત્રક

## માનનીય મંત્રીશ્રીને ચૂકવેલ દૈનિક ભથ્થું અને તેઓએ કરેલ મુસાફરીની વિગત દર્શાવતું પત્રક તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધી

| ક્રમ નં. | મંત્રીશ્રીનું નામ | હોદ્દો | જુલાઇ-૦૯ | | | ઓગષ્ટ-૦૯ | | | સપ્ટેમ્બર-૦૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્રવાસનું અંતર (કિ.મી.માં) માઇલેજ ભથ્થા માટે | વિમાનની કંપનીઓને ચૂકવેલ ખરેખર રકમ (રૂપિયામાં) | દૈનિક ભથ્થુ (રૂપિયામાં) | પ્રવાસનું અંતર (કિ.મી.માં) માઇલેજ ભથ્થા માટે | વિમાનની કંપનીઓને ચૂકવેલ ખરેખર રકમ (રૂપિયામાં) | દૈનિક ભથ્થુ (રૂપિયામાં) | પ્રવાસનું અંતર (કિ.મી.માં) માઇલેજ ભથ્થા માટે | વિમાનની કંપનીઓને ચૂકવેલ ખરેખર રકમ (રૂપિયામાં) | દૈનિક ભથ્થુ (રૂપિયામાં) |
| ૧ | શ્રી નરેન્દ્રભાઇ દામોદરદાસ મોદી | મુખ્ય મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | શ્રી વજુભાઇ રૂડાભાઇ વાળા | મંત્રીશ્રી | ૪૪૦૩ | ૦ | ૧૯૭૫ | ૨૧૫૦ | ૦ | ૧૫૫૭ | ૩૩૯૭ | ૦ | ૧૫૧૭ |
| ૩ | શ્રી નરોત્તમભાઇ ત્રિક્મદાસ પટેલ | મંત્રીશ્રી | ૪૮૧૧ | ૦ | ૬૩૨૦ | ૫૬૧૩ | ૦ | ૨૯૩૫ | ૬૦૬૮ | ૪૫૫૮ | ૨૩૯૯ |
| ૪ | શ્રીમતી આનંદીબેન મફતભાઇ પટેલ | મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૭૦૨૮ | ૦ | ૩૫૨૩ | ૦ | ૦ | ૦ |
| ૫ | શ્રી નીતિનભાઇ પટેલ | મંત્રીશ્રી | ૬૮૦૬ | ૯૫૫૮ | ૫૩૯૮ | ૩૪૩૦ | ૦ | ૪૭૫૦ | ૩૮૧૦ | ૦ | ૪૪૮૦ |
| ૬ | શ્રી દિલીપ સંઘાણી | મંત્રીશ્રી | ૧૨૯૩૬ | ૧૫૮૯૩ | ૬૦૫૮ | ૮૧૫૦ | ૪૩૨૯ | ૫૫૧૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | શ્રી ફકીરભાઇ રઘ ાભાઇ વાઘેલા | મંત્રીશ્રી | ૫૦૧૦ | ૦ | ૨૩૫૯ | ૨૧૪૯ | ૦ | ૧૨૧૧ | ૩૨૪૫ | ૦ | ૧૫૪૦ |
| ૮ | શ્રી જ્યનારાયણ નર્મદાશંકર વ્યાસ | મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૧૩૭૨ | ૦ | ૧૦૮૪૮ | ૦ | ૦ | ૦ |
| ૯ | શ્રી રમણલાલ વોરા | મંત્રીશ્રી | ૭૫૬૮ | ૦ | ૩૯૮૪ | ૨૫૫૯ | ૩૫૯૦૬ | ૨૧૯૪ | ૪૨૪૪ | ૪૬૬૯૯ | ૨૯૨૭ |
| ૧૦ | શ્રી મંગુભાઇ છગનભાઇ પટેલ | મંત્રીશ્રી | ૮૬૭૬ | ૦ | ૫૦૭૮ | ૫૦૭૯ | ૦ | ૨૨૫૦ | ૪૬૨૬ | ૧૦૪૭૪ | ૨૬૭૧ |
| ૧૧ | શ્રી અમિતભાઇ અનિલચંદ્ર શાહ | રા. ક. મંત્રીશ્રી | ૩૫૩૫ | ૦ | ૨૧૩૧ | ૧૧૯૫ | ૫૩૦૮ | ૧૩૯૬ | ૨૭૬૬ | ૧૩૯૨૬ | ૨૪૯૮ |
| ૧૨ | શ્રી સોરભભાઇ પટેલ | રા. ક. મંત્રીશ્રી | ૪૪૫૯ | ૨૩૬૬૧ | ૧૬૦૦ | ૧૬૬૮ | ૦ | ૦ | ૨૪૧૭ | ૧૫૯૮૭ | ૬૭૦ |
| ૧૩ | શ્રી જશવંતસિંહ સુમનભાઇ ભાભોર | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૬૫૩૮ | ૦ | ૨૭૧૪ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૦૦૪ | ૦ | ૩૩૫૭ |
| ૧૫ | શ્રી પરસોત્તમભાઇ ઓધવજીભાઇ સોલંકી | રા.ક. મંત્રીશ્રી | ૮૫૬૧ | ૦ | ૨૬૩૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | શ્રી પરબતભાઇ સવાભાઇ પટેલ | રા. ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૬૬૦૬ | ૦ | ૨૯૨૫ | ૪૪૫૪ | ૦ | ૨૬૯૭ |
| ૧૭ | ડૉ. માયાબેન સુરેન્દ્રકુમાર કોડનાની | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | શ્રી જ્યસિંહ માનસિંહ ચોહાણ | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૮૪૧૦ | ૦ | ૪૮૮૩ | ૨૮૧૭ | ૦ | ૨૩૨૧ |
| ૧૯ | શ્રી વાસણભાઇ ગોપાલભાઇ આહીર | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૧૧૯૪૯ | ૦ | ૫૫૦૯ | ૮૦૮૭ | ૦ | ૪૬૬૭ |

## તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૧૯૮૬

પત્રક

માનનીય મંત્રીશ્રીને ચૂકવેલ દૈનિક ભથ્થું અને તેઓએ કરેલ મુસાફરીની વિગત દર્શાવતું પત્રક તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધી

| ક્રમ નં. | મંત્રીશ્રીનું નામ | હોદ્દો | ઓક્ટોબર-૦૯ | | | નવેમ્બર-૦૯ | | | ડીસેમ્બર-૦૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્રવાસનું અંતર (કિ.મી.માં) માઇલેજ ભથ્થા માટે | વિમાનની કંપનીઓને ચૂકવેલ ખરેખર રક્મ (રૂપિયામાં) | દૈનિક ભથ્થુ (રૂપિયામાં) | પ્રવાસનું અંતર (કિ.મી.માં) માઇલેજ ભથ્થા માટે | વિમાનની કંપનીઓને ચૂકવેલ ખરેખર રક્મ (રૂપિયામાં) | દૈનિક ભથ્થુ (રૂપિયામાં) | પ્રવાસનું અંતર (કિ.મી.માં) માઇલેજ ભથ્થા માટે | વિમાનની કંપનીઓને ચૂકવેલ ખરેખર રક્મ (રૂપિયામાં) | દૈનિક ભથ્થુ (રૂપિયામાં) |
| ૧ | શ્રી નરેન્દ્રભાઇ દામોદરદાસ મોદી | મુખ્ય મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૪૩૬ | ૦ | ૦ | ૦ |
| ૨ | શ્રી વજુભાઇ રૂડાભાઇ વાળા | મંત્રીશ્રી | ૧૪૭૬ | ૦ | ૧૩૮૩ | ૫૩૮૭ | ૦ | ૩૦૮૭ | ૪૨૦૯ | ૦ | ૨૩૪૦ |
| ૩ | શ્રી નરોત્તમભાઇ ત્રિક્મદાસ પટેલ | મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૧૧૯૬૮ | ૦ | ૫૯૯૯ | ૦ | ૦ | ૦ |
| ૪ | શ્રીમતી આનંદીબેન મફ્તભાઇ પટેલ | મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૫૩૮૯ | ૦ | ૨૭૦૦ | ૫૯૧૮ | ૧૩૩૭૬ | ૩૬૨૫ |
| ૫ | શ્રી નીતિનભાઇ પટેલ | મંત્રીશ્રી | ૩૫૦૫ | ૦ | ૩૭૯૦ | ૪૧૦૫ | ૨૮૭૯ | ૫૧૦૬ | ૪૭૯૫ | ૦ | ૫૦૬૨ |
| ૬ | શ્રી દિલીપ સંઘાણી | મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | શ્રી ફકીરભાઇ રઘ્ાભાઇ વાઘેલા | મંત્રીશ્રી | ૨૬૭૫ | ૦ | ૧૬૫૬ | ૫૩૩૫ | ૦ | ૨૪૨૩ | ૫૯૬૬ | ૦ | ૨૪૨૩ |
| ૮ | શ્રી જ્યનારાયણ નર્મદાશંકર વ્યાસ | મંત્રીશ્રી | ૦ | ૨૩૭૪૮ | ૯૪૨૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૯૫૫૮ | ૧૦૩૮૭ |
| ૯ | શ્રી રમણલાલ વોરા | મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫૨૬૮ | ૭૪૫૪૨ | ૮૯૦૮ |
| ૧૦ | શ્રી મંગુભાઇ છગનભાઇ પટેલ | મંત્રીશ્રી | ૫૨૪૪ | ૦ | ૩૦૧૫ | ૪૧૧૧ | ૦ | ૨૫૬૦ | ૬૧૮૮ | ૧૪૩૨૪ | ૩૬૦૨ |
| ૧૧ | શ્રી અમિતભાઇ અનિલચંદ્ર શાહ | રા. ક. મંત્રીશ્રી | ૧૮૪૮ | ૦ | ૨૧૩૯ | ૦ | ૦ | ૦ | ૫૩૪૦ | ૨૧૩૩૫ | ૩૮૧૬ |
| ૧૨ | શ્રી સૌરભભાઇ પટેલ | રા. ક. મંત્રીશ્રી | ૧૧૭૯ | ૭૦૧૦ | ૬૫૫ | ૩૦૩૩ | ૨૦૭૫૦ | ૧૦૬૫ | ૪૪૬૮ | ૧૯૩૪૩ | ૧૯૭૩ |
| ૧૩ | શ્રી જશવંતસિંહ સુમનભાઇ ભાભોર | રા.ક. મંત્રીશ્રી | ૮૯૭૧ | ૦ | ૪૨૭૨ | ૩૫૫૯ | ૦ | ૨૮૭૭ | ૮૩૨૧ | ૦ | ૫૮૪૬ |
| ૧૪ | શ્રી ક્રિરીટસિંહ જીતુભા રાણા | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૫૨૯૦ | ૦ | ૨૪૭૦ | ૫૧૬૧ | ૦ | ૨૦૭૪ |
| ૧૫ | શ્રી પરસોત્તમભાઇ ઓધવજીભાઇ સોલંકી | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | શ્રી પરબતભાઇ સવાભાઇ પટેલ | રા. ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૬૮૧૪ | ૦ | ૩૭૯૩ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | ડૉ. માયાબેન સુરેન્દ્રકુમાર કોડનાની | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | શ્રી જ્યસિંહ માનસિંહ ચોહાણ | રા.ક. મંત્રીશ્રી | ૩૩૩૭ | ૦ | ૨૪૦૫ | ૪૯૧૪ | ૦ | ૩૩૯૮ | ૩૬૩૦ | ૦ | ૩૪૭૨ |
| ૧૯ | શ્રી વાસણભાઇ ગોપાલભાઇ આહીર | રા.ક. મંત્રીશ્રી | ૦ | ૦ | ૦ | ૮૧૪૮ | ૦ | ૫૬૮૧ | ૦ | ૦ | ૦ |

------------

## સાવરકુંડલા તાલુકાના રૂરલ પોલિસ સ્ટેશનમાં નોંધાયેલ ઘરફોડ ચોરીના બનાવો

૧૧૭૩૩**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકાના રૂરલ પોલીસ સ્ટેશનમાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ઘરફોડ ચોરીના કેટલા કેસ નોંધાયેલા છે,

(૨) તે પેકી ઘરફોડ ચોરીના કેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે, અને

(૩) જે ગુનાઓ શોધી કઢાયા ન હોય તેના શાં કારણો છે?

**જવાબ**

(૧) સાવરકુંડલા તાલુકાના રૂરલ પોલીસ સ્ટેશનમાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ઘરફોડ ચોરીના ૨૩ કેસ નોંધાયેલા છે.

(૨) તે પેકી ઘરફોડ ચોરીના ૪ ગુના શોધી કાઢવામાં આવેલ છે.

(૩) વણશોધાયેલ ગુના શોધી કાઢવા સઘન પ્રયાસો કરવામાં આવેલ છે. ચોરી કરવાની ટેવ વાળા શકમંદ ઇસમોની તપાસ કરવામાં આવી છે, આ ઉપરાંત તમામ દિશામાં સઘન તપાસ કરવા છતાં ચોરી કરનાર વિશે ફળદાયક હકીક્ત નહીં મળતા ગુના વણશોધાયેલ રહેવા પામેલ છે. આવા ગુનાઓ અટકાવવા માટે એમ.સી.આર. કાર્ડ ધરાવતી વ્યક્તિઓને, હીસ્ટ્રી શીટર્સ ઇસમોને તથા શક પડતાં ઇસમોને તપાસી ગુનાઓ શોધી કાઢવાના શક્યતે તમામ પ્રયત્નો કરવામાં આવે છે.

------------

**આણંદ જિલ્લાના પોલિસ સ્ટેશનવાર ચોરી, લૂંટ, બળાત્કાર, છેડતી, અપહરણ, ખૂન, ઓઈલ-ચોરી અને જુગારના બનેલા બનાવો**

૧૨૨૬૭ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૨૯-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર ચોરી, લૂંટ, બળાત્કાર, છેડતી, અપહરણ, ખૂન, ઓઈલ-ચોરી, અને જુગારના કેટલા ગુના નોંધાયા,

(૨) તે પૈકી કેટલા ગુના ડીટેક્ટ થયા,

(૩) કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા, અને

(૪) કેટલા ગુનેગારો પકડાયા નથી? તેના શાં કારણો છે?

**જવાબ**

(૧) સામેલ **પત્રક-૧** મુજબ

(૨) કુલ ૧૨૨૫ ગુનાઓ નોંધાયેલ છે. તે પૈકી ૧૧૮૮ ગુનાઓ ડીટેક્ટ થયેલ છે.

(૩) કુલ ૨૯૫૩ આરોપીઓ સંડોવાયેલા છે તે પૈકી ૨૮૭૨ આરોપીઓ પકડવામાં આવેલ છે. તેમાં બળાત્કારના (૩૦), છેડતીના (૭૮), ઓઇલ ચોરીના (૧૯) અને જુગારના (૧૭૫૯) તમામ આરોપીઓ પકડાયેલ છે.

(૪) માત્ર ૮૧ આરોપીઓ પકડાયેલ નથી. આરોપીઓ નાસતા ફરતા હોવાથી તથા તપાસ ઉપરના બાકી કેસ હોવાથી પકડાયેલ નથી. જે આરોપીઓ પકડવાના બાકી છે. તે આરોપીઓના સરનામે તપાસ કરતાં મળી આવેલ ન હોઇ સીઆરપીસીની કલમ ૭૦ મુજબ વોરંટ કઢાવી પોલીસ સ્ટેશનમાં બજવણી અર્થે મોકલવામાં આવે છે. સીઆરપીસીની કલમ ૮૨, ૮૩ મુજબ પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવે છે.

બાતમીદારો રોકી, બાતમી મળેથી અટક કરવાની તજવીજ કરવામાં આવે છે. નાસતા ફરતા આરોપીઓની વિગતો જિલ્લા પોલીસ ગેઝેટ તથા રાજ્ય પોલીસ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આવા ગુનાઓ બનતા અટકાવવા માટે પોલીસ તરફથી અસરકારક પગલાંઓ લેવામાં આવે છે.

વાહન ચેકીંગ, સ્કીમ અમલમાં મૂકી ઝુંબેશ ચલાવવામાં આવે છે.

નાઇટ રાઉન્ડ સઘન બનાવી, અમલમાં મૂકવામાં આવેલ છે.

અવારનવાર કોમ્બીંગનું આયોજન કરી ગુનેગારોના આશ્રય સ્થળો, ઢંગાઓ, હોટલ ગેસ્ટ હાઉસો વિગેરેનું ચેકીંગ ગોઠવવામાં આવે છે. અને ""એ"" રોલ તથા ""બી"" રોલ ભરવામાં આવે છે.

ગંભીર ગુનાઓની તપાસના પ્રગતિ અહેવાલો અઠવાડિક મંગાવી સીનીયર સુપરવાઇઝરી અધિકારીઓ દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે.

**પત્રક -૧**

**નોંધાયેલ ગુનાની આંકડાકીય માહિતી**

| અ.નં. | પોલિસ સ્ટેશનનું નામ | ચોરી | લૂંટ | બળાત્કાર | છેડતી | અપહરણ | ખૂન | ઓઇલ ચોરી | જુગાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ ટાઉન | ૨૭૨ | ૫ | - | ૫ | ૧૭ | ૮ | - | ૧૦૮ |
| ૨ | આણંદ રૂરલ | ૪૨ | - | ૩ | ૩ | ૬ | ૭ | ૧ | ૧૮ |
| ૩ | વિદ્યાનગર | ૧૭૨ | - | ૨ | ૩ | ૩ | ૭ | - | ૧૩ |
| ૪ | ખંભોળજ | ૧૩ | - | - | ૧ | ૬ | ૪ | - | ૧૭ |
| ૫ | ઉમરેઠ | ૨૧ | - | ૪ | ૬ | ૯ | ૨ | - | ૩૯ |
| ૬ | વાસદ | ૪૦ | ૧ | ૧ | - | ૪ | ૬ | ૧ | ૨૦ |
| ૭ | મહિલા પો. સ્ટે | - | - | - | - | - | - | - | - |
| ૮ | પેટલાદ ટાઉન | ૪૫ | - | - | ૪ | ૭ | ૩ | - | ૮૬ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | બોરસદ | ૧૧૯ | ૨ | ૨ | ૭ | ૯ | ૪ | - | ૫૪ |
| ૧૦ | પેટલાદ રૂરલ | ૧૯ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | - | ૨૮ |
| ૧૧ | મહેળાવ | ૨૪ | ૨ | - | ૨ | ૩ | ૩ | - | ૮ |
| ૧૨ | ભાદરણ | ૨૩ | ૪ | ૨ | ૧ | ૨ | ૧ | - | ૯ |
| ૧૩ | આંક્લાવ | ૩૬ | ૨ | ૨ | ૮ | ૧ | ૬ | ૧ | ૨૩ |
| ૧૪ | ખંભાત સીટી | ૩૯ | - | ૧ | ૨ | ૬ | ૩ | - | ૯૩ |
| ૧૫ | ખંભાત રૂરલ | ૩૫ | ૧ | ૨ | ૪ | ૮ | ૫ | - | ૧૩ |
| ૧૬ | તારાપુર | ૨૪ | ૪ | ૧ | ૩ | ૫ | ૪ | - | ૧ |
| ૧૭ | સોજીત્રા | ૧૭ | - | ૧ | ૪ | ૧ | ૩ | - | ૨૭ |
| ૧૮ | વિરસદ | ૧૩ | - | ૨ | ૧ | ૨ | ૩ | - | ૨૮ |
| **કુલ** | - | **૯૫૪** | **૨૬** | **૨૪** | **૫૬** | **૯૦** | **૭૨** | **૩** | **૫૮૫** |

------------

**વાહનોમાં મળતો સી.એન.જી. અને એ.પી.એમ. ગેસ રાહત દરે આપવા બાબત**

૧૨૩૩૪**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૯-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના વાહનોમાં મળતો સી.એન.જી. એ.પી.એમ. ગેસ રાહત દરે મળે તે માટે કેન્દ્ર સરકારને કોઈ રજૂઆત કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ રજૂઆતો ક્યારે કરવામાં આવી, અને

(૩) કેન્દ્ર સરકારે તેનો શું પ્રતિભાવ આપેલ છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા. ૧૨-૮-૨૦૦૮ તથા તા. ૧૨-૬-૨૦૦૯ ના રોજ લેખિત રજુઆતો ઉપરાંત અવારનવાર સરકાર દ્વારા મૌખિક રજુઆતો પણ કરી છે. ચેમ્બર દ્વારા પણ રજુઆતો થઇ છે. છતાં હજુ સુધી કોઇ પરિણામ મળેલ નથી.

------------

**અમદાવાદ, સુરત અને રાજકોટમાં ખૂન, લૂંટ, બળાત્કાર, મારધાડ, ચોરી અને આત્મહત્યાના બનાવો**

૧૧૫૭૦**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ૩ વર્ષમાં અમદાવાદ, સુરત અને રાજકોટમાં ખૂન, લૂંટ, બળાત્કાર, મારધાડ ચોરી અને આત્મહત્યાના કુલ કેટલા બનાવો બનેલ, અને

(૨) તેમાંથી કેટલા તહોમતદારો પકડાયેલ છે, અને કેટલા પકડવાના બાકી છે?

**જવાબ**

(૧) માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | | કુલ |
|---|---|---|
| ૧ | **અમદાવાદ** | |
| | ખૂન | ૨૬૦ |
| | લૂંટ | ૧૮૫૦ |
| | બળાત્કાર | ૧૪૮ |
| | મારધાડ | ૩૮૫૭ |
| | ચોરીઓ | ૧૬૯૮૧ |
| | આત્મહત્યા | ૧૪૧૪ |
| ૨ | **સૂરત** | |
| | ખૂન | ૩૦૮ |
| | લૂંટ | ૨૮૬ |
| | બળાત્કાર | ૭૬ |
| | મારધાડ | ૨૨૪૮ |
| | ચોરીઓ | ૭૬૪૫ |
| | આત્મહત્યા | ૧૫૧૭ |
| ૩ | **રાજકોટ** | |
| | ખૂન | ૧૧૦ |
| | લૂંટ | ૧૩૭ |
| | બળાત્કાર | ૨૨ |
| | મારધાડ | ૧૧૭૦ |
| | ચોરીઓ | ૩૫૦૮ |
| | આત્મહત્યા | ૯૭૭ |

(૨)

| અ.નં. | | પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપી |
|---|---|---|---|
| ૧ | **અમદાવાદ** | | |
| | ખૂન | ૬૨૫ | ૩૫ |
| | લૂંટ | ૧૨૬૦ | ૧૬ |
| | બળાત્કાર | ૨૫૪ | ૮ |
| | મારધાડ | ૮૧૧૩ | ૩૬ |
| | ચોરીઓ | ૫૮૫૫ | ૨૭ |

| | | | |
|---|---|---|---|
| ૨ | **સુરત** | | |
| | ખૂન | ૫૬૩ | ૨ |
| | લૂંટ | ૫૩૬ | ૦ |
| | બળાત્કાર | ૯૮ | ૦ |
| | મારધાડ | ૪૧૧૪ | ૨ |
| | ચોરીઓ | ૪૪૯૧ | ૦ |
| ૩ | **રાજકોટ** | | |
| | ખૂન | ૨૭૧ | ૭ (૨-મરણ) |
| | લૂંટ | ૨૧૨ | ૦ |
| | બળાત્કાર | ૩૦ | ૩ |
| | મારધાડ | ૨૫૮૧ | ૧૪ |
| | ચોરીઓ | ૧૭૪૯ | ૩ |

**પકડવાના બાકી આરોપી :-**

- જે આરોપીઓ પકડવાના બાકી છે તે આરોપીઓના સરનામે તપાસ કરતાં મળી આવેલ ન હોઇ સી.આર.પી.ની કલમ-૭૦ મુજબ વોરંટ કઢાવી પો.સ્ટે.માં બજવણી અર્થે મોકલવામાં આવે છે. સી.આર.પી.ની કલમ ૮૨,૮૩ મુજબ પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવે છે.
- બાતમીદાર રોકી, બાતમી મેળવી અટક કરવાની તજવીજ કરવામાં આવે છે. તથા નાસતા ફરતા આરોપીઓની વિગતો જિલ્લા પોલીસ ગેઝેટ તથા રાજ્ય પોલીસ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**આવા ગુના બનતા અટકાવવા લીધેલા પગલાં :-**

- વાહન ચેકીંગ ઝુબેશ ચલાવવામાં આવે છે. નાઈટ રાઉન્ડ સઘન બનાવી અમલમાં મુક્વામાં આવેલ છે.
- અવાર નવાર કોમ્બીંગનું આયોજન કરી ગુન્હેગારોના આશ્રય સ્થળો, દંગાઓ, હોટલ-ગેસ્ટ હાઉસ વિગેરેનું ચેકીંગ ગોઠવવામાં આવે છે અને એ-રોલ તથા બી-રોલ ભરવામાં આવે છે.
- છેલ્લા બે વર્ષમાં પકડાયેલ સક્રિય ગુનેગારો વિરૂધ્ધ પાસા-તડીપારના પગલાંઓ લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.
- ગંભીર ગુન્હાઓની તપાસના પ્રગતિ રીપોર્ટ અઠવાડીક મંગાવી સીનીયર સુપરવાઈઝરી અધિકારીશ્રીઓ ધ્વારા મોનેટરીંગ કરવામાં આવે છે.

------------

**બારડોલી અને માંડવી તાલુકામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજનાના જોડાણો આપવા બાબત**

**૧૧૭૪૦શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાઓમાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના એ કેન્દ્ર સરકારની યોજના છે. સુરત જિલ્લાનો રાજીવગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજનાનો પ્રોજેકટ ૨૦૦૫ માં કેન્દ્ર સરકારને મોકલેલ. જેની મંજુરી માર્ચ-૨૦૦૮માં મળેલ આ પ્રોજેકટ ટર્ન-કી બેઝ પર કરવાનો હોઈ પ્રોજેકટની કોસ્ટમાં વધારો થતાં, રીવાઈઝ કોસ્ટનો ટર્ન-કી ઓર્ડર જુન-૦૯ ના રોજ આપવામાં આવેલ છે.

બારડોલી અને માંડવી તાલુકાઓના લાભાર્થીઓનું સર્વે કામ પૂર્ણ કરવામાં આવેલ છે. અને તે અન્વયે બારડોલીના ૧૫૫૪ અને માંડવીના ૮૬૭૨ લાભાર્થીઓને માર્ચ-૨૦૧૦ સુધીમાં વીજળીકરણનો લાભ આપવાનું આયોજન છે.

(૨) આ યોજનામાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, ઓ.બી.સી. અને આર્થિક પછાત વર્ગના બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવાને જોડાણો આપવામાં આવતા નથી, તે હકીક્ત સાચી છે,

(૨) કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ જેમનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ હોય તેમને જ આર.જી.જી.વી.વાય હેઠળ વીજળીકરણનો લાભ મળવાપાત્ર છે. જ્યારે રાજ્ય સરકારની અન્ય યોજનાઓ જેવી કે કુટિર જ્યોતિ યોજના, અનુસૂચિતજાતિની વસ્તીનું વીજળીકરણ યોજના તથા ઝુંપડા વીજળીકરણ યોજનામાં બી.પી.એલ. લાભાર્થી ઉપરાંત જેઓની આવક રૂ.૧૧,૦૦૦ કરતાં ઓછી છે. પરંતુ બી.પી.એલ. ના લીસ્ટમાં નથી તેવા લાભાર્થીઓને પણ યોજનાનો લાભ આપવામાં આવે છે.

(૩) આવા પરિવારોને જોડાણો આપવાનું સરકાર વિચારે છે કે કેમ, અને

(૪) જો હા, તો વંચિત પરિવારોને કેટલા સમયમાં વીજળી જોડાણના લાભો આપવામાં આવશે?

(૩) અને (૪)

આવા પરિવારોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે કુટિરજ્યોતિ યોજના, અનુસૂચિત જાતિની વસતીનું વીજળીકરણ યોજના અને ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વીજળીકરણનો લાભ આપવામાં આવે છે. બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૫ લાખ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવાનું આયોજન છે. તે પૈકી ૨૦૦૮-૦૯માં ૩,૦૭,૯૨૪ વીજજોડાણ આપવામાં આવેલ છે અને ૨ લાખ વીજજોડાણો ૨૦૦૯-૧૦ના અંત સુધીમાં આપવામાં આવનાર છે.

------------

## આણંદ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે માંગેલ લોન સહાય

૧૧૭૫૯**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા શિક્ષિત બેરોજગારોએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે કુટિર ઉદ્યોગ માટે લોન સહાય આપવાની અરજીઓ આવી,

(૧)

| અ.નં. | યોજનાનું નામ | મેળવેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | ૨૦૦૮ | ૨૦૦૯ |
| ૧ | બાજપાઈ બેંકેબલ | ૨૪૭૫ | ૩૩૫૭ |
| ૨ | પી.એમ.ઈ.જી.પી. | ૧૧ | ૩૧૮ |
| ૩ | જ્યોતિ ગ્રામોદ્યોગ | -- | ૧૧ |
| | કુલ : | ૨૪૮૬ | ૩૬૮૬ |

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨)

| અ.નં. | યોજનાનું નામ | મંજુર કરેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | ૨૦૦૮ | ૨૦૦૯ |
| ૧ | બાજપાઈ બેંકેબલ | ૧૦૧૬ | ૧૫૫૩ |
| ૨ | પી.એમ.ઈ.જી.પી. | -- | ૩૬ |
| ૩ | જ્યોતિ ગ્રામોદ્યોગ | -- | ૧ |
| | કુલ : | ૧૦૧૬ | ૧૫૯૦ |

(૩) કેટલા ઉમેદવારોને બેંકો દ્વારા લોન આપવામાં આવી?

(૩) બાજપાઈ બેંકેબલ યોજના હેઠળ સને ૨૦૦૮ અને ૨૦૦૯ માં ૨૫૬૯ અરજદારોને. પી.એમ.ઈ.જી.પી. હેઠળ ૩૬ અરજદારને અને જ્યોતિગ્રામ યોજના હેઠળ ૧ અરજી મંજુર કરી, લોન આપવામાં આવી.

------------

## આણંદ અને ખેડા જિલ્લામાં પાડેલ દારૂના દરોડા બાબત

૧૨૩૧૨**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલો દેશી અને વિલાયતી દારૂ પકડવામાં આવ્યો,

(૧) નીચે મુજબનો દારૂ તાલુકા વાર પકડાયો

**આણંદ**

| અ.નં. | તાલુકાનું નામ | દેશીદારૂ (લીટર માં) | વિદેશી દારૂ (બોટલ માં) |
|---|---|---|---|
| ૧ | આણંદ તાલુકો | ૭૨૬૧ | ૫૩૨૬ (તથા ૪૩૨ પાઉચ) |
| ૨ | ઉમરેઠ | ૧૦૭૭ | ૫૫૫ |
| ૩ | પેટલાદ | ૧૬૬૩ | ૧૨૦૬૭ |
| ૪ | બોરસદ | ૧૮૦૨ | ૩૩૭૪ |

| | | | |
|---|---|---|---|
| ૫ | આંક્લાવ | ૧૧૩૦ | ૨૭૪ |
| ૬ | ખંભાત | ૧૬૪૦ | ૫૨૮ |
| ૭ | તારાપુર | ૨૮૭ | ૬૧૨ |
| ૮ | સોજીત્રા | ૩૦૯ | ૧૧૬ |
| | **કુલ :** | **૧૫૧૬૯** | **૨૨૮૫૨** |

**ખેડા**

| અ.નં. | તાલુકાનું નામ | દેશીદારૂ (લીટર) | વિદેશી દારૂ (બોટલ માં) |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૧૨૭૪ | ૩૧૫૮ |
| ૨ | ઠાસરા | ૨૮૫૦ | ૨૮૯૭ |
| ૩ | માતર | ૭૬૦ | ૩ |
| ૪ | કપડવંજ | ૮૬૩૨ | ૨૪૬ |
| ૫ | કઠલાલ | ૧૫૬૯ | ૧૧૪૯ |
| ૬ | મહેમદાવાદ | ૧૭૭૭ | ૮૩૬ |
| ૭ | ખેડા | ૧૩૭૯ | ૫૦ |
| ૮ | મહુધા | ૭૬૦ | ૧૦૦૦ |
| ૯ | બાલાસીનોર | ૬૪૨ | ૨૦૬૦ |
| ૧૦ | વિરપુર | ૧૪૭ | ૨૫૯૧ |
| | **કુલ :** | **૧૯૭૯૦** | **૧૩૯૯૦** |

(૨) કુલ કેટલા રૂપિયાનો દારૂ તાલુકાવાર પકડાયો, અને

(૨) **આણંદ**

| અ.નં. | તાલુકાનું નામ | દેશીદારૂ કીંમત રૂ. | વિદેશી દારૂ કીંમત રૂ. |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૦,૫૩,૩૯૦ | ૯,૦૮,૧૭૦ |
| ૨ | ઉમરેઠ | ૨૧,૫૪૦ | ૧,૩૧,૦૦૦ |
| ૩ | પેટલાદ | ૧૬૬૩ | ૩૩,૭૯,૭૭૦ |
| ૪ | બોરસદ | ૩૬,૧૨૦ | ૩,૨૨૧૩૦ |
| ૫ | આંક્લાવ | ૨૨,૬૦૦ | ૭૪,૫૫૦ |
| ૬ | ખંભાત | ૩,૨૮,૦૫૦ | ૧,૫૯,૦૫૦ |
| ૭ | તારાપુર | ૫૭૪૦ | ૨,૧૪,૮૦૦ |
| ૮ | સોજીત્રા | ૬૧૮૦ | ૩૧,૩૦૦ |
| | **કુલ :** | **૧૪,૭૫,૨૮૩** | **૫૨,૨૦,૭૭૦** |

**ખેડા**

| અ.નં. | તાલુકાનું નામ | દેશીદારૂ કીંમત રૂ. | વિદેશી દારૂ કીંમત રૂ. |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૨૫૪૮૮૦ | ૬૭૪૮૦૦ |
| ૨ | ઠાસરા | ૫૭૦૦૦ | ૩૭૭૬૧૦ |
| ૩ | માતર | ૧૫૨૦૦ | ૯૦૦ |
| ૪ | કપડવંજ | ૧૭૨૬૪૦ | ૨૬૧૦૫ |
| ૫ | કઠલાલ | ૩૧૩૮૦ | ૧૦૯૮૦૦ |
| ૬ | મહેમદાવાદ | ૩૫૫૪૦ | ૫૧૨૦૦ |
| ૭ | ખેડા | ૨૭૫૮૦ | ૨૭૯૦૦ |
| ૮ | મહુધા | ૧૫૨૦૦ | ૨૦૪૮૫૦ |
| ૯ | બાલાસીનોર | ૧૨૯૨૦ | ૧૨૭૫૧૦ |
| ૧૦ | વિરપુર | ૨૯૪૦ | ૧૧૮૧૮૦ |
| | **કુલ :** | **૬,૨૫,૨૮૦** | **૧૭,૧૮,૮૫૫** |

(૩) પકડાયેલ દારૂ સામે તાલુકાવાર કેટલા ઈસમો સામે ફરિયાદ અને કાર્યવાહી કરવામાં આવી?

(૩) **આણંદ**

| અ.નં. | તાલુકાનું નામ | ઈસમો સામેની કાર્યવાહી |
|---|---|---|
| ૧ | આણંદ તાલુકો | ૨૨૩૨ |
| ૨ | ઉમરેઠ | ૫૪૪ |
| ૩ | પેટલાદ | ૧૧૧૦ |
| ૪ | બોરસદ | ૮૩૬ |
| ૫ | આંક્લાવ | ૨૫૬ |
| ૬ | ખંભાત | ૮૫૩ |
| ૭ | તારાપુર | ૧૧૯ |
| ૮ | સોજીત્રા | ૨૩૫ |

**ખેડા**

| | | |
|---|---|---|
| ૭ | ખેડા | ૪૯૪ |
| ૮ | મહુધા | ૨૯૦ |
| ૯ | બાલાસીનોર | ૩૨૧ |
| ૧૦ | વિરપુર | ૭૦ |

------------

## પંચમહાલ જિલ્લામાં ગોવંશ હત્યા અટકાવવા બાબત

૧૨૦૮૫**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી ગોવંશ હત્યા થતી અટકાવવા માટે શું શું પગલાં લીધા,

(૨) આ ગોવંશ હત્યામાં ક્યા ક્યા પશુઓ બચાવ્યા,

(૩) આ બાબતે કેટલા ગુના દાખલ કર્યા,

(૪) કેટલા તહોમતદારોની ધરપકડ થઈ, અને

(૫) કેટલા વાહનો જપ્ત કર્યા ?

**જવાબ**

(૧) ગોવંશ હત્યા થતી અટકાવવા માટે પ્રવર્તમાન કાયદાઓ મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવે છે.

(૨)

| પશુઓ | ૨૦૦૭ થી ૨૦૦૯ (૧-૪-૦૬ થી ૩૧-૩-૦૯) |
|---|---|
| ગાય | ૫૦૯ |
| બળદ | ૨૧૯ |
| વાછરડી | ૩૯ |
| વાછરડા | ૩૩૮ |
| ભેંસ | ૧૩૬ |
| પાડા | ૧૦ |

(૩)

| સમય ગાળો | ૨૦૦૭ થી ૨૦૦૯ (૧-૪-૦૬ થી ૩૧-૩-૦૯) |
|---|---|
| ગુનાઓ | ૭૬ |

(૪)

| સમય ગાળો | ૨૦૦૭ થી ૨૦૦૯ (૧-૪-૦૬ થી ૩૧-૩-૦૯) |
|---|---|
| તહોમતદારની ધરપકડ | ૨૦૮ |

(૫)

| સમય ગાળો | ૨૦૦૭ થી ૨૦૦૯ (૧-૪-૦૬ થી ૩૧-૩-૦૯) |
|---|---|
| વાહનો | ૫૮ |

-------------

## ખેડા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણો આપવાની અરજી

૧૨૧૯૬**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતીવિષયક વીજ જોડાણોની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરી વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૩) બાકીનાઓને ક્યારે વીજ જોડાણો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણોની ૧૩૪૬ અરજીઓ આવી.

(૨) છેલ્લા બે વર્ષમાં કુલ ૫૩૦ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

(૩) બાકી રહેતી અરજીઓના નિકાલ માટે વીજ ઉત્પાદન, વીજ માંગ, ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેના નાણાંકીય આયોજનને

ધ્યાને લઇને તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન છે.

-------------

**વલસાડ જિલ્લામાં ગેરકાયદેસર વહન થતો દારૂનો જથ્થો પકડવા બાબત**

**૧૧૯૬૧શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ગેરકાયદેસર વહન થતો કેટલો દારૂનો જથ્થો પકડાયો અને કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા, | (૧) નીચે મુજબનો દારૂ છેલ્લા બે વર્ષમાં પકડાયો. |

| દારૂનો જથ્થો (બોટલમાં) | વાહન |
|---|---|
| ૧૨,૭૪,૫૮૬ | ૭૮૭ |

| | |
|---|---|
| (૨) જે વિસ્તારમાં દારૂ પકડાયો હોય તેવા વિસ્તારના પોલીસ અધિકારીઓ સામે સરકારે શાં પગલાં લીધા, અને | (૨) ગેરકાયદેસર વહન થતા દારૂના થયેલ કેસોમાં વલસાડ જિલ્લામાં તપાસ કરતાં ગણનાપાત્ર કેસોનો ગુન્હો નોંધાયેલ ન હોઇ, પોલીસ અધિકારી સામે પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા ગુના નોંધાયા અને કેટલા ગુનેગારો પકડાયા ? | (૩) ૮૨૩ ગુના નોંધાયા અને ૧૧૩૬ ગુનેગારો પકડાયા. |

**ડીસા ચેકપોસ્ટની આવક**

**૧૧૮૩૪શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડીસા ચેકપોસ્ટ ઉપર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી આવક થઈ, અને | (૧) |

| કેલેન્ડર વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ | ૨૦૧૪.૨૬ |
| ૨૦૦૮ | ૨૬૧૦.૮૨ |
| ૨૦૦૯ | ૨૪૦૯.૧૩ |

| | |
|---|---|
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો શાં છે ? | (૨) ઓવરલોડ વાહનોની સંખ્યામાં ઘટાડો થતાં આવકમાં ઘટાડો થયેલ છે. |

-------------

**રાજ્યની અદાલતો માટે બનાવવામાં આવેલ મકાનો**

**૧૨૩૫૦શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય કાયદા અને ન્યાય તંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જુદી જુદી અદાલતોના કેટલા મકાનો બનાવવામાં આવ્યા, અને | (૧) રેગ્યુલર અદાલતોના ૧૧ (અગિયાર) મકાનો તથા બેઠક ખંડ-ચેમ્બર (લોક અદાલત)નું મકાન બનાવવામાં આવ્યા. |
| (૨) આ માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂા. ૩૪૯૭.૨૪ લાખ. |

-------------

**રાજ્યમાં આદિવાસી અને પછાત તાલુકાઓમાં ઓદ્યોગિક વસાહત સ્થાપવા બાબત**

**૧૧૫૮૦ શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં આદિવાસી અને પછાત તાલુકાઓમાં ઓદ્યોગિક વસાહતો સ્થાપવાનો નિર્ણય ક્યારે લેવામાં આવ્યો, | (૧) ગુજરાત ઓદ્યોગિક વિકાસ અધિનિયમ-૧૯૬૨ હેઠળ રાજ્યમાં ઉદ્યોગોના સમતોલ અને ઝડપી વિકાસ દ્વારા આર્થિક વિકાસ થઇ શકે તે હેતુથી ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી છે. આમ, ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમની સ્થાપનાના ઉદ્દેશ્યમાં આદિવાસી તેમજ પછાત વિસ્તારના તાંત્રિક, આર્થિક અને સમતોલ વિકાસનો સમાવેશ થાય છે. |

(૨) તેના અનુસંધાને તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ક્યા ક્યા આદિવાસી અને પછાત તાલુકાઓમાં ઓદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવી, અને

(૨) નીચે દર્શાવેલી વિગતે ઓદ્યોગિક વસાહતો વિક્સાવી છે.

| અ. નં. | જીલ્લાનું નામ | તાલુકાનું નામ | વસાહતનું નામ |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ભીલોડા | વાંકાનેર |
| ૨ | દાહોદ | દાહોદ | દાહોદ-૧ |
| ૩ | દાહોદ | દાહોદ | દાહોદ-૨ |
| ૪ | દાહોદ | દેવગઢબારીયા | દેવગઢબારીયા |
| ૫ | વડોદરા | જેતપુર પાવી | જેતપુર પાવી |
| ૬ | નર્મદા | ડેડીયાપાડા | ડેડીયાપાડા |
| ૭ | નર્મદા | સાગબારા | સાગબારા |
| ૮ | નર્મદા | તિલક્વાડા | તિલક્વાડા |
| ૯ | નર્મદા | નાંદોદ | રાજપીપળા-૧ |
| ૧૦ | નર્મદા | નાંદોદ | રાજપીપળા-૨ |
| ૧૧ | તાપી | સોનગઢ | ડોસવાડા |
| ૧૨ | તાપી | વાલોડ | વાલોડ |
| ૧૩ | તાપી | નિઝર | નિઝર |
| ૧૪ | સુરત | મહુવા | મહુવા |
| ૧૫ | સુરત | બારડોલી | બારડોલી |
| ૧૬ | વલસાડ | ધરમપુર | ધરમપુર |
| ૧૭ | વલસાડ | ઉમરગામ | ઉમરગામ |
| ૧૮ | વલસાડ | ઉમરગામ | સરીગામ |
| ૧૯ | વલસાડ | પારડી | પારડી |
| ૨૦ | વલસાડ | પારડી | વાપી |
| ૨૧ | ભરૂચ | વાલીયા | વાલીયા |
| ૨૨ | ભરૂચ | ઝઘડીયા | ઝઘડીયા |
| ૨૩ | બનાસકાંઠા | અમીરગઢ | અમીરગઢ |
| ૨૪ | બનાસકાંઠા | દાંતા | અંબાજી |
| ૨૫ | ક્ચ્છ | રાપર | માખેલ |
| ૨૬ | પંચમહાલ | શહેરા | શહેરા |

આ ઉપરાંત અન્ય ૧૯ સ્થળોએ વસાહતો વિક્સાવવા સૈધ્ધાંતિક નિર્ણય ર્ક્યો છે.

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

(૩) કુલ રૂા. ૧૦૧૫૦.૯૨ લાખ ખર્ચ થયેલ છે.

## સાબરકાંઠા જિલ્લાના ટ્રાયબલ તાલુકાના લઘુઉદ્યોગો કાર્યરત કરવા અંગે

૧૧૯૯૬ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ટ્રાયબલ તાલુકાઓમાં કેટલા લઘુ ઉદ્યોગો વર્ષવાર કાર્યરત કરવામાં આવ્યા,

(૨) એની પાછળ વર્ષવાર કેટલી રકમનું આયોજન હતું, અને

(૩) વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ટ્રાયબલ તાલુકામાં વર્ષવાર નીચે મુજબ લઘુ ઉદ્યોગો કાર્યરત કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૭-૦૮ - ૨ એકમ
વર્ષ ૨૦૦૮-૦૯ - ૩ એકમ
વર્ષ ૨૦૦૯-૧૦ - ૨ એકમ
કુલ -૭ એકમ

(૨) ટ્રાયબલ તાલુકામાં વર્ષવાર કોઇ રકમનું આયોજન કરવામાં આવતું નથી, પરંતુ નવા લઘુ ઉદ્યોગ સ્થાપવામાં આવે તો તેમને સહાય કરવામાં આવે છે.

(૩) વર્ષ ૨૦૦૭-૦૮ - રૂા. ૬.૧૧ લાખ
વર્ષ ૨૦૦૮-૦૯ - રૂા. ૭.૯૩ લાખ
વર્ષ ૨૦૦૯-૧૦ - રૂા. ૦.૯૦ લાખ

## કોડીનાર તાલુકામાં ખેતી વિજ જોડાણ આપવાની અરજીઓ બાબત

૧૧૬૦૦**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ

**જવાબ**

(૧) નર્મદા જળ સંપત્તિ વિભાગના તારીખ : ૫-૮-

વર્ષમાં જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં ખેતીવાડી માટેના વિજ જોડાણની કેટલી અરજીઓ મળેલ છે,

૨૦૦૪ના ઠરાવથી રાજ્ય સરકારે જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાને ""ડાર્ક ઝોન"" વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. આથી નવા વીજ જોડાણ મેળવવા માટે ગુજરાત ભુગર્ભજળ સત્તામંડળની મંજૂરી મળ્યા બાદ જ વીજ જોડાણ આપી શકાય તેવી જોગવાઇ છે. આથી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ખેતીવાડી માટેના વીજ જોડાણ મેળવવા કોઇ અરજી નોંધાયેલ નથી.

(૨) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) બાકી રહેલા અરજદારોને કેટલા સમયમાં વિજ જોડાણો આપવાનું આયોજન છે ?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૨૨૫૯**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૯-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ કેટલી અરજીઓ તાલુકાવાર મળી,

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ તા. ૩૦-૦૧-૨૦૦૮થી તા. ૨૯-૦૧-૨૦૧૦ ની સ્થિતિએ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૦૧૮ |
| ૨ | ઇડર | ૪૩૨ |
| ૩ | વડાલી | ૯૦ |
| ૪ | ખેડબ્રહ્મા | ૭૭૫ |
| ૫ | વિજયનગર | ૧૬૬ |
| ૬ | ભિલોડા | ૭૯૬ |
| ૭ | માલપુર | ૨૬૫ |
| ૮ | મેઘરજ | ૯૩૩ |
| ૯ | મોડાસા | ૯૭૦ |
| ૧૦ | ધનસુરા | ૯૬ |
| ૧૧ | તલોદ | ૩૨૧ |
| ૧૨ | પ્રાંતિજ | ૧૪૭ |
| ૧૩ | બાયડ | ૨૫૮ |
| | **કુલ :** | **૬૨૭૭** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી, અને કેટલી પડતર છે,

(૨)

| અ. નં. | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ તા. ૩૦-૦૧-૨૦૦૮ થી તા.૨૯-૦૧-૨૦૧૦ની સ્થિતિએ | ના મંજૂર અરજીઓ તા. ૩૦-૦૧-૨૦૦૮ થી તા.૨૯-૦૧-૨૦૧૦ની સ્થિતિએ | પડતર અરજીઓ તા. ૩૦-૦૧-૨૦૦૮ થી તા. ૨૯-૦૧-૨૦૧૦ની સ્થિતિએ |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૫૯૪ | ૦ | ૪૨૪ |
| ૨ | ઇડર | ૨૩૮ | ૦ | ૧૯૪ |
| ૩ | વડાલી | ૫૯ | ૦ | ૩૧ |
| ૪ | ખેડબ્રહ્મા | ૬૦૫ | ૦ | ૧૭૦ |
| ૫ | વિજયનગર | ૧૫૫ | ૦ | ૧૧ |
| ૬ | ભિલોડા | ૭૯૬ | ૦ | ૦ |
| ૭ | માલપુર | ૧૪૪ | ૦ | ૧૨૧ |
| ૮ | મેઘરજ | ૩૩૧ | ૦ | ૬૦૨ |
| ૯ | મોડાસા | ૯૭૦ | ૦ | ૦ |
| ૧૦ | ધનસુરા | ૩૭ | ૦ | ૫૯ |
| ૧૧ | તલોદ | ૨૭૯ | ૦ | ૪૨ |
| ૧૨ | પ્રાંતિજ | ૯૯ | ૦ | ૪૮ |
| ૧૩ | બાયડ | ૧૭૭ | ૦ | ૮૧ |
| | **કુલ :** | **૪૪૮૪** | **૦** | **૧૭૮૩** |

(૩) મંજૂર થયેલ પૈકી કેટલાને તાલુકાવાર સહાય આપવામાં આવી અને કેટલાને આપવાની બાકી છે, અને

(૩)

| અ. નં. | તાલુકાનું નામ | આપવામાં આવેલ સહાય તા. ૩૦-૦૧-૨૦૦૮ થી તા.૨૯-૦૧-૨૦૧૦ની સ્થિતિએ | આપવાની બાકી સહાય તા. ૩૦-૦૧-૨૦૦૮ થી તા.૨૯-૦૧-૨૦૧૦ની સ્થિતિએ |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૩૩૭ | ૨૫૭ |
| ૨ | ઇડર | ૨૨૫ | ૧૩ |
| ૩ | વડાલી | ૪૫ | ૧૪ |
| ૪ | ખેડબ્રહ્મા | ૩૨૯ | ૨૭૬ |
| ૫ | વિજયનગર | ૧૦૬ | ૪૯ |
| ૬ | ભિલોડા | ૬૮૩ | ૧૧૩ |
| ૭ | માલપુર | ૯૦ | ૫૪ |
| ૮ | મેઘરજ | ૧૧૭ | ૨૧૪ |
| ૯ | મોડાસા | ૮૬૪ | ૧૦૬ |
| ૧૦ | ધનસુરા | ૩૩ | ૪ |
| ૧૧ | તલોદ | ૧૭૬ | ૧૦૩ |
| ૧૨ | પ્રાંતિજ | ૭૩ | ૨૬ |
| ૧૩ | બાયડ | ૧૦૯ | ૬૮ |
| | **કુલ :** | **૩૧૮૭** | **૧૨૯૭** |

(૪) પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) તા. ૨૯-૧-૨૦૧૦ની સ્થિતિએ પડતર રહેલ અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

-------------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં રોયલ્ટી અંગેના પરવાના આપવા બાબત

૧૨૨૫૬ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રોયલ્ટી અંગેના કેટલા પરવાના સરકારે આપેલા છે, | (૧) રાજ્ય સરકાર દ્વારા રોયલ્ટી અંગેના કોઇ પરવાના આપવામાં આવતાં નથી. |
| (૨) આ પરવાનાથી સરકારને કેટલો ફાયદો થયેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ગેરકાયદેસર રોયલ્ટી કાઢનાર સામે કેટલા કેસો કરેલ છે, અને તેમની સામે શું કાર્યવાહી કરેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## ગાંધીનગર એસ. ટી. યુનિયન અને જીપ તથા રીક્ષા ચાલકો ધ્વારા ચક્કાજામ કરવા અંગે

૧૧૬૭૬**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૨૧-૧૨-૨૦૦૯ના રોજ ગાંધીનગર એસ. ટી. યુનિયન, જીપ તથા રીક્ષા ચાલકો ધ્વારા ચક્કાજામ કરી નાંખતા પોલીસે લાઠીચાર્જ કરેલ છે, તે હકીકત સાચી છે, | (૧) ના જી, હકીકત સાચી નથી. |
| (૨) જો હા, તો પોલીસ ધ્વારા કેટલાની સામે કઈ કઈ કલમો હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)કેટલા ઈસમોની ધરપકડ કરી કોર્ટ કેસ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**દાહોદ જિલ્લામાં આપવામાં આવતું નર્મદાનું પાણી**

૧૨૩૦૫ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (લીમખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ક્યા ક્યા તાલુકાઓ નર્મદાના પાણી આપવામાં આવે છે, અને

(૨) જો આવા પાણી આપવામાં આવતા ન હોય તો આ પાણી આપવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : નર્મદા યોજનાના વર્ષ ૧૯૮૦ માં મંજુર થયેલ મૂળ આયોજનમાં, નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં દાહોદ જિલ્લાનો સમાવેશ કરેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ઘરવપરાશના વિજ ગ્રાહકોના વપરાયેલ વીજ યુનીટ સામે વીજ શુલ્ક વસુલ કરવા બાબત**

૧૨૩૧૮**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય ધ્વારા ઘરવપરાશના વિજ ગ્રાહકોના ખરેખર વપરાયેલ વિજ યુનીટ સામે વિજ શુલ્ક વસુલ કરવાને બદલે સમગ્ર વિજ બીલની રકમના આધારે વિજ શુલ્ક લેવાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ખેડા જિલ્લામાં નર્મદા યોજનાની માઇનોર અને સબ માઇનોર કેનાલોના કામો**

૧૧૮૩૨**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં નર્મદા યોજનાની તાલુકાદીઠ કેટલી માઇનોર અને સબમાઇનોર કેનાલોના કામો બાકી છે, અને

(૨) આ બાકી કેનાલના કામો કેટલા સમયમાં કેટલી રકમના ખર્ચ સાથે પૂરા કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં નર્મદા યોજનાની તાલુકાદીઠ માઇનોર અને સબમાઇનોર કેનાલના બાકી કામોની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **બાકી રહેતી કેનાલોની લંબાઇ (કી.મી.)** | |
|---|---|---|
| | **માઇનોર** | **સબમાઇનોર** |
| ઠાસરા | ૩૭.૩૯૫ | ૯૩.૧૫ |
| કઠલાલ | ૩૩.૬૬૬ | ૪૦.૨૬ |
| કપડવંજ | ૧.૮૩૨ | ૧૪.૬૧ |
| મહુધા | ૦૦.૦૦ | ૧૦.૧૯ |
| મહેમદાવાદ | ૪.૦૧૫ | ૪૪.૦૩ |
| **કુલ :** | **૭૬.૯૦૮** | **૨૦૨.૨૪** |

(૨) માઇનોર/સબમાઇનોરના બાકી કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. જેના માટે રૂા.૧૫.૪૪ કરોડનો અંદાજીત ખર્ચ થાય તેમ છે.

------------

**રાજકોટ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણો**

૧૧૯૬૪**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતી વિષયક વીજ જોડાણોની કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) ૨૭૭૬૫.

(૨) તે પેકી કેટલી અરજીઓનો નિકાલ કરી વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) અગાઉના વર્ષની નોંધાયેલ અરજીઓ પેકી છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ ૧૧૧૮૯ વીજ જોડાણો આપવામાં આવેલ છે. જ્યારે બે વર્ષમાં નોંધાયેલ અરજીઓ પેકી ૩૧૮ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે. આમ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૧૫૦૭ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

(૩) બાકીનાઓને ક્યારે વીજ જોડાણો આપવામાં આવશે ?

(૩) બાકી રહેતી અરજીઓના નિકાલ માટે વીજ ઉત્પાદન, વીજ માંગ, ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેના નાણાકીય આયોજનને ધ્યાને લઇને તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન છે.

## ખાનપુર અને લુણાવાડા તાલુકામાં મકાનો સળગાવી મારવાના બનાવો

૧૧૫૮૬ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લાના ખાનપુર અને લુણાવાડા તાલુકામાં મકાનો સળગાવી મારવાના કેટલા બનાવો નોંધાયા,

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મકાનો સળગાવી મારવાના પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં એક અને લુણાવાડા તાલુકામાં બે બનાવો નોંધાયા છે.

(૨) તે અન્વયે કેટલી વ્યક્તિઓની ધરપકડ કરી, અને

(૨) તે અન્વયે ખાનપુર તાલુકામાં ૮૩ વ્યક્તિઓ અને લુણાવાડા તાલુકામાં ૨૬ વ્યક્તિઓની ધરપકડ કરી છે.

(૩) કેટલી વ્યક્તિઓની ધરપકડ કરવાની બાકી છે ?

(૩) ખાનપુર તાલુકામાં ૧૩ વ્યક્તિઓ અને લુણાવાડા તાલુકામાં એક વ્યક્તિની ધરપકડ કરવાની બાકી છે.

------------

## પાવી-જેતપુર તાલુકાના વડોથ ગામે નવું પોલિસ સ્ટેશન સ્થાપવા બાબત

૧૧૯૭૦**શ્રી મોહસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લાના પાવી-જેતપુર તાલુકાના વડોથ ગામે નવું પોલીસ સ્ટેશન સ્થાપવાની કાર્યવાહી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૧) વડોથ ગામને બદલે કદવાલ ખાતે પોલીસ સ્ટેશન બનાવવાનો નિર્ણય લેવાયેલ છે.

(૨) આ કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૨) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના અંદાજપત્રમાં જોગવાઇ થયે, કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૩) જો વિલંબ થયો હોય તો તેના શાં કારણો છે ?

(૩) લાગુ પડતું નથી.

------------

## જોડીયા બંદરને પુનઃ કાર્યરત કરવા બાબત

૧૧૬૪૨**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) :** તા. ૨૯-૬-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્નક્રમાંક : ૭૨૧૪, (અગ્રતાક્રમ-૬૩)ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જોડીયા બંદરને પુનઃ કાર્યરત કરવા ટેક્નોઇકોનોમીક્લ ફીઝીબીલીટી રીપોર્ટના અભ્યાસના આધારે આ યોજના અમલમાં મુકવાની કામગીરી તારીખ

(૧) ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા આ પ્રકારના અભ્યાસ માટે તજજ્ઞની નિમણૂંક કરવામાં આવી રહેલ છે.

૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ રીપોર્ટનો અભ્યાસ કરી ક્યાં સુધીમાં જોડીયા બંદરને કાર્યરત કરવા આયોજન છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**આણંદ જિલ્લામાં ખાનગી બસ સેવા ચાલવા બાબત**

૧૨૨૬૮**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ):માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૯-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ખાનગી બસ સેવા ચાલે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેને ક્યારથી, કોના દ્વારા અને કઇ શરતોને આધિન મંજૂરી આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૮-૬-૨૦૦૯ના જાહેરનામા ક્રમાંક : પીટી/૨૦૦૯/ ૧૪/એમટીએ/૧૮૨૦૦૬/૩૪૬૮/ખ અન્વયે કુલ-૨૩ માન્ય રૂટો પર મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ અને તે હેઠળ ઘડાયેલ નિયમોનું પાલન કરવાની શરતોએ મંજૂરી આપવામાં આવેલ છે. (જેની વિગતો **પત્રક-૧**માં દર્શાવેલ છે.) તથા તા.૮-૬-૨૦૦૯ના જાહેરનામા ક્રમાંક : પીટી/૨૦૦૯/૧૩/એમટીએ/૧૮૨૦૦૬/૩૪૬૮/ ખ થી ભાડાનો દર નક્કી કરવામાં આવેલ છે. (જેની વિગતો **પત્રક-૨**માં દર્શાવેલ છે.)

**પત્રક-૧**
**બસ રૂટની વિગત**

| રૂટ નંબર | રૂટનું નામ | રૂટ રોડ |
|---|---|---|
| ૧ | સ્ટેશનથી જોળ વાયા બાકરોલ વડતાલ | જુનાદાદર, લક્ષ્મી ટોકીઝ, પાયોનીયર, નવા બસ સ્ટેન્ડ, ગ્રીડ, ઈન્દીરા સ્ટેચ્યુ, બાકરોલ ચોકડી, વૈષ્ણવ ટાઉનશીપ, વૈષ્ણવ સિનેમા, બાકરોલ ગેટ, જોળ, વડતાલથી પરત વડતાલ. |
| ૨ | સ્ટેશનથી નવા વિદ્યાનગર વાયા જી.આઇ.ડી.સી. | અમુલ ડેરી, ગણેશ ચોકડી, જિલ્લા સેવાસદન, બોરસદ ચોકડી, અમીન ઓટો, વલ્લભ ગ્લાસ, જનતા ચોકડી, જી.આઇ.ડી.સી., નવા વિદ્યાનગર, સકોરા સ્ટેશન પરત. |
| ૩ | સ્ટેશનથી બોરીયાવી સ્ટેશન | જુના દાદર, લક્ષ્મી ટોકીઝ, પાયોનીયર, નવા બસ સ્ટેન્ડ, ગ્રીડ, બાકરોલ ચોકડી, એચ. કે. સિનેમા, લાંભવેલ, કોલ્ડ સ્ટોરેજ, બોરીયાવી ફાટક, બોરીયાવીથી સ્ટેશન પરત. |
| ૪ | સ્ટેશનથી મોગરી ગાના વાયા ફાયરબ્રિગેડ અમીન ઓટો | ટાઉન પોલીસ સ્ટેશન, ફાયર બ્રિગેડ, લોટીયા ભાગોળ, હરિનગર, મોગરી ગાના સ્ટેશન પરત. |
| ૫ | સ્ટેશનથી સ્ટેશન | તુલસી ટોકીઝ, અમુલ ડેરી, ગણેશ ચોકડી, અંબિકા પાર્ક, સોમનાથ સોસાયટી, મંગલપુરા, ઇસ્માં ગેટ, કોમ્યુનિટી હોલ, કલેક્ટરશ્રી નિવાસસ્થાન સ્ટેશન પરત. |
| ૬ | સ્ટેશનથી ખોડિયાર મંદિર | સ્ટેશન સૂર મંદિર, મ્યુનિસિપાલિટી હોસ્પિટલ, બાવાજી નિવાસ, નગરપાલિકા ઓફિસ, ગામડીવડ બેટક, યોગી પેટ્રોલ પંપ, ડૉ. મહેન્દ્ર શાહ હોસ્પિટલ, પુષ્પકુંજ સોસાયટી, મહાદેવ. |
| ૭ | સ્ટેશનથી નાના બજાર વાયા ટાઉન હોલ, ૨૭ ગામ સ્કુલ | સ્ટેશન, અમુલ ડેરી, જિલ્લા પંચાયત, કલેક્ટર કચેરી, શાસ્રી સ્ટેચ્યુ, રાજમહલ, વ્યાયામ શાળા, લોટિયા ભાગોળ, ગોપી સિનેમા, ટાઉનહોલ, પંચાલ હોલ. ગાયત્રી ૨૭ ગામ સ્કુલ, શાશ્વત બંગલોઝ, શાન્તાકુંજ, નાના બજાર પરત. |
| ૮ | સ્ટેશનથી હાડગુડ, વાલ્મી | સ્ટેશનથી સૂર મંદિર, મ્યુનિસિપલ હોસ્પિટલ, બાવાજી નિવાસ, નગરપાલિકા ભવન, ગામડીવડ, ટાવર, જુનું સ્વામિનારાયણ મંદિર, અંબિકા ચોક, લોટિયા ભાગોળ, કૈલાસ ભૂમિ, બોરસદ ચોકડી, જગન્નાથ મહાદેવ, ડનલોફ બાગાયત, ખેતીવાડી ગેટ, મીરા પાર્ક, ધરતીનગર, હાડગુડ, વાલ્મી પરત. |
| ૯ | સ્ટેશનથી ભાઇકાકા સ્ટેચ્યુ, ઇસ્કોન મંદિર | સ્ટેશન, રેલ્વે સ્ટેશન, જુના દાદર, મીનરવા, લક્ષ્મી સિનેમા, ભાથીજી મંદિર, ગામડીવડ, નવા બસ સ્ટેન્ડ, પીપલ્સ મેડીકર, આઝાદ મેદાન, અંબાજી મંદિર, કન્યા શાળા, ટાઉનહોલ, પંચાલ હોલ, ગાયત્રી એ.પી.સી., મોતીકાકાની ચાલી, ભાઇકાકા સ્ટેચ્યુ, નાના બજાર, રઘુવીર ચેમ્બર, રૂદ્રાક્ષ, ઇસ્કોન મંદિર, મોટા બજાર, ભાઇકાકા સ્ટેચ્યુ, એ.પી.સી., ટાઉનહોલ, ગ્રીડ મહેન્દ્ર શાહ હોસ્પિટલ, લક્ષ્મી પાર્ક, આવકાર, ઝકડીયા પરત. |
| ૧૦ | સ્ટેશનથી બાંધણી ચોકડી, વાયા ગણેશ, બોરસદ ચોકડી | સ્ટેશનથી અમુલ ડેરી, પ્રાંત ઓફિસર, ગણેશ ચોકડી, જિલ્લા સેવા સદન, બોરસદ ચોકડી, અમીન ઓટો, વલ્લભ ગ્લાસ, એલીકોન, જનતા ચોકડી, જી.આઇ.ડી.સી., ફાટક, કરમસદ, સરદાર સ્મારક, કૃષ્ણ હોસ્પિટલ, વલાસણ, કાસિયાકુવા, પોરડા, બાંધણી ચોકડી. |

| | | |
|---|---|---|
| ૧૧ | સ્ટેશનથી નાવલી, ન્યાયમંદિર | સ્ટેશનથી પોલીસ સ્ટેશન, અમુલ ડેરી, ગણેશ ચોકડી, જિલ્લા સેવા સદન, બોરસદ ચોકડી, ઓદ્યોગિક વસાહત, આકૃતિ પાર્ક, ચાવડાપુરા, જિંટોડીયા, ન્યાયમંદિર, અંધારિયા ચક્લા, નાવલી પરત. |
| ૧૨ | સ્ટેશનથી બાકરોલ | સ્ટેશનથી સૂરમંદિર, મ્યુનિસિપલ હોસ્પિટલ, મ્યુનિસિપલ કચેરી, ગામડીવડ, નવા બસ સ્ટેન્ડ, ગ્રીડ, ટાઉનહોલ, એ.પી.સી., ભાઇકાકા સ્ટેચ્યુ, નાના બજાર, યુનિવર્સિટી સર્કલ, વૈભવ સિનેમા, બાકરોલ ગેટ, ગુરૂકુળ, બાકરોલ. |
| ૧૩ | સ્ટેશનથી ઇસ્કોન મંદિર | સ્ટેશનથી જુના દાદર, મીનરવા ગેસ્ટ હાઉસ, ગુજરાત ચોક, ઝકરિયા મસ્જિદ, રેલ્વે ફાટક, પાણીની ટાંકી, આવકાર, લક્ષ્મી પાર્ક, પલક હોસ્પિટલ, ડૉ. મહેન્દ્ર શાહ, નવા બસ સ્ટેન્ડ, ગ્રીડ, ટાઉન હોલ, મોતીકાકાની ચાલી, ભાઇકાકા સ્ટેચ્યુ, નાના બજાર, રઘ ુવીર ચેમ્બર, ધોબીઘાટ, ઇસ્કોન મંદિર, મોટા બજાર, ભાઇકાકા સ્ટેચ્યુ, એ.પી.સી., ટાઉનહોલ, કન્યા શાળા, આઝાદ મેદાન, નવા બસ સ્ટેન્ડ, બેઠક, લક્ષ્મી સિનેમા, મહાદેવ સ્ટેશન. |
| ૧૪ | સ્ટેશનથી સ્ટેશન વાયા સામરખા ચોકડી, ચીખોદરા ચોકડી | સ્ટેશન, જુના દાદર, લક્ષ્મી ટોકીઝ, પાયોનીયર, ડૉ. મહેન્દ્ર શાહ, પુષ્પકુંજ સોસાયટી, ઇસ્માઇલનગર, મહેસાણા, સામરખા ચોકડી, ગામડી, સોશાંતી, રાજોલપુરા, ઓવરબ્રિજ, રૂપાપુરા, નક્ષત્ર, ગણેશ ચોકડી, અમુલ ડેરી, સ્ટેશન. |
| ૧૫ | સ્ટેશનથી સ્ટેશન વાયા, ભગતસિંહ સ્ટેચ્યુ | સ્ટેશન, જુના દાદર, લક્ષ્મી ટોકીઝ, પાયોનીયર સ્કુલ, સી.પી. કોલેજ, ભગતસિંહ સ્ટેચ્યુ, તુલસી ટાવર (શંભુપુરા), ગ્રીડ, ગાયત્રી પંપ. ૨૭ ગામ સ્કુલ, આકૃતિ પાર્ક, ટર્નિંગ ઇન્દિરા સ્ટેચ્યુ, તુલસી ટાવર, નહેરૂ બાગ, ભગતસિંહ સ્ટેચ્યુ, પાયોનીયર સ્કુલ, લક્ષ્મી સિનેમા, જુના બસ સ્ટેન્ડ, સ્ટેશન. |
| ૧૬ | સ્ટેશનથી સ્ટેશન વાયા ગણેશ, બોરસદ ચોકડી | સ્ટેશન,અમુલ ડેરી, ગણેશ ચોકડી, બોરસદ ચોકડી, લોટિયા ભાગોળ, ટાઉન હોલ, ગ્રીડ નવા બસ સ્ટેન્ડ, પાયોનીયર, લક્ષ્મી ટોકીઝ, જૂના બસ સ્ટેન્ડ, સ્ટેશન. |
| ૧૭ | સ્ટેશનથી ચીખોદરા, સારસા | સ્ટેશન,અમુલ ડેરી, ગણેશ ચોકડી, રૂપાપુરા, ઓવરબ્રીજ, રાજોકપુરા, સોશાંતી, ચીખોદરા ચોકડી, ચીખોદરા, બેડવા, સારસા. |
| ૧૮ | સ્ટેશનથી રઘુવીર ચેમ્બર | સ્ટેશન-અમુલ ડેરી, ગણેશ ચોકડી, બોરસદ ચોકડી, કૈલાસ ભૂમિ, લોટિયા ભાગોળ, ગોપી સિનેમા, ટાઉનહોલ, એ.પી.સી. મોતીકાકાની ચાલી, ભાઇકાકા સ્ટેચ્યુ, નાના બજાર, રઘુવીર ચેમ્બર પરત. |
| ૧૯ | સ્ટેશનથી ભાલેજ વાયા સામરખા ચોકડી | સ્ટેશન, જૂના દાદર, મીનરવા, ગુજરાતી ચોક, મહાવીર સોસાયટી, ડૉ. પરેશ દવે હોસ્પીટલ, પલક હોસ્પીટલ, પુષ્પકુંજ સોસાયટી, ઓવરબ્રીજ, ઇસ્માઇલ નગર, મદરેશા, સામરખા ચોકડી, અંજુપુરા, એક્સપ્રેસ હાઇવે, સામરખા, દલાપુરા, શાહ તળાવ, ભાલેજ. |
| ૨૦ | સ્ટેશનથી સારસા વાયા, ચીખોદરા ચોકડી | સ્ટેશન, અમુલ ડેરી, ગણેશ ચોકડી, નક્ષત્ર, રૂપાપુરા, ઓવરબ્રીજ, રાજોદપુરા, સોશાંતી અવસર, ચીખોદરા ચોકડી, ચીખોદરા, બેડવા, સારસા. |
| ૨૧ | સ્ટેશનથી મોગર વાયા ચીખોદરા ચોકડી | સ્ટેશન, અમુલ ડેરી, ગણેશ ચોકડી, ચીખોદરા ચોકડી, જે. કે. પાર્ક, વઘાસી બાગ, અમુલ, વ્રજભૂમિ, મોગર અને પરત |
| ૨૨ | સ્ટેશનથી ભાઇકાકા સ્ટેચ્યુ સ્ટેશન | સ્ટેશન, અમુલ ડેરી, ગણેશ ચોકડી, બોરસદ ચોકડી, અમીન ઓટો, વલ્લભ ગ્લાસ, એલીકોન, જનતા ચોકડી, સરદાર સ્ટેચ્યુ, ભાઇકાકા સ્ટેચ્યુ અને પરત. |
| ૨૩ | સ્ટેશનથી નાપા વાયા મોગરી-ગાના | સ્ટેશન- અમુલ ડેરી, ગણેશ ચોકડી, બોરસદ ચોકડી, અમીન ઓટો, એલીકોન, જનતા ચોકડી, અનુપમ મિશન, મોગરી, ગાના, નાપા. |

## પત્રક-૨

ભાડાના દરની વિગત

| વિસ્તારો | રૂટ | ઉતારૂ વેરા સહિત વધુમાં વધુ ભાડું | નૂર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| જ્યાં વિટકોસ ટ્રાન્સપોર્ટેશન પ્રાઇવેટ લિમિટેડ, ભાવનગર દ્વારા સ્ટેજ કેરેજ (શહેરી ઉતારૂ બસ સેવા) ચલાવાતા હોય તેવા મંજૂર કરાયેલા રૂટોવાળા વધુમાં વધુ (૧૦) કિ.મી.ની મર્યાદા બહાર ન હોય તેવા આણંદ નગરપાલિકા અથવા કેન્ટોન્મેન્ટ વિસ્તારો. | મુંબઇ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮ની કલમ-૩ ની જોગવાઇ હેઠળ મંજૂર કરાયેલા આણંદ નગરપાલિકાના લગોલગના વિસ્તારોમાં સેવા પૂરી પાડતા હોય તેવા તમામ રૂટો. | (૧) પ્રથમ સ્ટેજ અથવા તેના ભાગ માટે, ઉતારૂ દીઠ રૂા. ૩-૦૦ (ફક્ત ત્રણ રૂપિયા)<br>(૨) ત્યાર પછી પ્રથમ સ્ટેજ પછીના ત્રણ સ્ટેજ સુધી ઉતારૂ દીઠ રૂા. ૧-૦૦ (એક રૂપિયા)નો વધારો.<br>(૩) ત્રીજા સ્ટેજ પછીના દરેક ત્રણ સ્ટેજ અથવા તેના ભાગ માટે રૂા. ૧-૦૦ (એક રૂપિયા) નો વધારો.<br>(૪) મેળા, ધાર્મિક મેળાવડા વગેરે જેવા પ્રસંગોએ પૂરી પાડવાની એક્સપ્રેસ બસ અને ખાસ બસો માટે ૪ કિ.મી. સુધી રૂા. ૧-૦૦ અને ત્યાર પછી રૂા. ૨-૦૦નો વધારાનો ચાર્જ કરવામાં આવશે. | (૧) પ્રથમ સ્ટેજ અથવા તેના ભાગ માટે, ઉતારૂ દીઠ રૂા. ૨-૦૦ (ફક્ત બે રૂપિયા)<br>(૨) ત્યાર પછીના દરેક ત્રણ સ્ટેજ માટે માલ સામાનના દાગીના દીઠ રૂા. ૧-૦૦ (એક રૂપિયા)નો વધારો. પરંતુ ૨૫ કિલોગ્રામ કરતાં વધારે નહિ તેટલા એકંદર વજનના દાગીના પર કોઇ ચાર્જ લેવામાં આવશે નહિ. |

નોંધ :- (૧) આ જાહેરનામાના હેતુ માટે ""સ્ટેજ"" એ શબ્દ એટલે બે કિલોમીટરનું અંતર.

(૨) આ જાહેરનામામાં ""ઉતારૂ"" એ શબ્દનો અર્થ, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ-૨ના ખંડ (ઝ) અને નિયમ ૧૧૯ના પેટા-નિયમ (૧) માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

(૩) સદર ખાનગી બસ સેવાને કારણે એસ. ટી. નિગમને આર્થિક નુકશાન થાય છે કે કેમ, અને

(૩) ના, આણંદ નગરપાલિકા વિસ્તારમાં સીટી બસનું સંચાલન કરવામાં આવતું હોવાથી એસ.ટી. નિગમને આર્થિક નુકશાન થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | નથી. |
| (૪) જો હા, તો તે સંદર્ભે શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## આણંદ જિલ્લામાં જિલ્લા આયોજન મંડળ દ્વારા ફાળવેલ ગ્રાન્ટ

૧૧૭૬૦ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં આયોજન મંડળ દ્વારા તાલુકાવાર સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨) : આણંદ જિલ્લામાં આયોજન મંડળ દ્વારા તાલુકાવાર સને ૨૦૦૮-૦૯ તથા ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯ | | વર્ષ ૨૦૦૯-૧૦ | |
|---|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | આણંદ | ૪૯.૭૪ | ૩૫.૩૫ | ૪૯.૯૦ | ૨૫.૩૦ |
| ૨ | ઉમરેઠ | ૨૨.૮૧ | ૧૪.૭૯ | ૨૨.૮૭ | ૭.૬૦ |
| ૩ | આંકલાવ | ૨૫.૦૩ | ૧૪.૭૪ | ૨૫.૧૦ | ૬.૫૨ |
| ૪ | બોરસદ | ૫૬.૦૫ | ૪૨.૧૦ | ૫૬.૨૩ | ૨૩.૪૦ |
| ૫ | સોજીત્રા | ૧૩.૬૩ | ૮.૧૦ | ૧૩.૬૬ | ૫.૪૦ |
| ૬ | પેટલાદ | ૪૧.૩૧ | ૨૫.૪૨ | ૪૧.૪૪ | ૮.૯૦ |
| ૭ | તારાપુર | ૨૬.૬૯ | ૧૭.૮૯ | ૩૨.૨૮ | ૧૩.૮૧ |
| ૮ | ખંભાત | ૪૪.૪૨ | ૨૬.૯૫ | ૪૭.૪૮ | ૧૬.૭૯ |
| | **કુલ :** | **૨૭૯.૬૮** | **૧૮૫.૩૪** | **૨૮૮.૯૬** | **૧૦૭.૭૨** |

------------

## આણંદ જિલ્લાના ખંભાત બંદરને ધમધમતું બંદર કરવા બાબત

૧૨૩૧૩**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ આણંદ જિલ્લાના ખંભાત બંદરને પ્રાચીનકાળમાં હતું તેવું વેપારથી ધમધમતું બંદર પુનઃ બનાવવાની સરકારની યોજના છે, | (૧) કલ્પસર વિભાગ દ્વારા ""ટેક્નોઇકોનોમિક ફીઝીબીલીટી સ્ટડી"" હાથ ધરવામાં આવી રહેલ છે. જે પૂરી થયેથી આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવાશે. |
| (૨) જો હા, તો શું યોજના છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં બંદર કામ કરતું થઇ જવાની શક્યતા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## ગૃહ વિભાગમાં રહેમરાહે નોકરીઓ અંગેની પડતર અરજીઓ

૧૨૦૮૬**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ગૃહ વિભાગમાં રહેમરાહે નોકરીઓ અંગેની કુલ કેટલી અરજીઓ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર પડતર છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ પરિસ્થિતિએ પંચમહાલ જિલ્લાનાં રહેમરાહે નોકરી અંગેનાં કોઇ કેસ ગૃહ વિભાગમાં પડતર નથી. પરંતુ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કુલ-૩૨ કેસો નીચે પ્રમાણે તાબાની કચેરીઓમાં પડતર છે.

| તાલુકાનું નામ | પડતર કેસ |
|---|---|
| ગોધરા | ૦૫ |
| શહેરા | ૦૬ |
| લુણાવાડા | ૦૨ |
| ખાનપુર | -- |
| કડાણા | ૦૧ |
| સંતરામપુર | ૦૯ |
| મોરવા | -- |

| | |
|---|---|
| મોરવા | -- |
| રાજગઢ | -- |
| કાલોલ | ૦૧ |
| હાલોલ | ૦૧ |
| જાંબુઘોડા | -- |
| દાહોદ | ૦૨ |
| લીમખેડા | -- |
| ઝાલોદ | ૦૨ |
| દેવગઢબારીયા | ૦૨ |
| બહારના જીલ્લા | ૦૧ |
| **કુલ :** | ૩૨ |

(૨) આ અરજીઓ પડતર રહેવા અંગેના કારણો શાં છે, અને

(૨) ઉપરનાં ૩૨ કેસો પેકી,
૧૦ કેસોમાં દરખાસ્તો ગોણ સેવા પસંદગી મંડળને રજૂ કરવામાં આવી છે.
૨૧ કેસોમાં આશ્રિત અરજદારો તરફથી અધૂરી વિગતોવાળી અરજીઓ રજૂ થતાં, અરજદારો પાસેથી ખૂટતી વિગતો માંગવામાં આવી છે, જેના લીધે પડતર છે. અને ૧ કેસ ડી.જી.પી. કચેરીમાં ચકાસણી હેઠળ છે.

(૩) આ પડતર અરજીઓના નિકાલ ચોક્કસ કેટલા સમયમાં કરવાનું સરકારનું આયોજન છે ?

(૩) આશ્રિતો તરફથી જરૂરી વિગતો પ્રાપ્ત થયેથી અરજીઓનો નિકાલ કરી શકાય.

------------

**બનાસકાંઠા જિલ્લામાં માટી, રેતી, મેટલ તેમજ અન્ય ગોણ ખનિજોની લીઝ**

૧૨૩૯૬**શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર માટી, રેતી, મેટલ તેમજ અન્ય ગોણ ખનીજોની કેટલી લીઝ આપવામાં આવી છે,

**જવાબ**

(૧)

| તાલુકો | બીલ્ડીંગ સ્ટોન | સાદી રેતી | કુલ |
|---|---|---|---|
| દાંતા | ૧ | ૦ | ૧ |
| ડીસા | ૦ | ૩ | ૩ |
| કાંકરેજ | ૦ | ૪ | ૪ |
| | ૧ | ૭ | ૮ |

(૨) સરકારને રોયલ્ટીનું નુકસાન ન થાય તે માટે વર્ષમાં કેટલીવાર ચેકીંગ કરવામાં આવ્યું, અને

(૨) ૭૫ વખત.

(૩) ચેકીંગ દરમ્યાન કઇ કઇ વ્યક્તિ સામે શાં શાં પગલાં ભરી કેટલો દંડ વસૂલવામાં આવ્યો ?

(૩) સાથે સામેલ પત્રક મુજબ ૧૬૭ ઇસમો સામે દંડકીય કાર્યવાહી કરી રૂા. ૯.૬૫ લાખની રકમ દંડ પેટે વસુલ કરવામાં આવેલ છે.

**પત્રક**

| ક્રમ | કસુરદારનું નામ | ખનિજનું નામ | મે.ટન | દંડ પેટે વસુલેલ રકમ રૂપિયામાં |
|---|---|---|---|---|
| ૧ | ગણેશભાઇ હરીભાઇ | બી.સ્ટોન | ૧૦ | ૫૦૦૦ |
| ૨ | શીવાભાઇ ડાભી | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૩ | ભગાભાઇ તારાભાઇ | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૪ | કીશનભાઇ પરમાર | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૫ | મીરખાન ગમાર | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૬ | કસ્તુરભાઇ ગમાર | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૭ | નારણભાઇ | બી.સ્ટોન | ૧૫ | ૭૫૦૦ |
| ૮ | બાબુભાઇ | બી.સ્ટોન | ૭ | ૩૫૦૦ |
| ૯ | લક્ષ્મણ દુર્ગાભાઇ | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૧૦ | પ્રેમજીભાઇ શંકરભાઇ | બી.સ્ટોન | ૧૦ | ૫૦૦૦ |
| ૧૧ | રેમારામ સુતાજી | બી.સ્ટોન | ૧૦ | ૫૦૦૦ |
| ૧૨ | મુસ્તાક રહીમજી | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૧૩ | નથુભાઇ પરથીજી | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૧૪ | શામળપુરી કરશનપુરી | બી.સ્ટોન | ૧૦ | ૫૦૦૦ |

| ક્રમ | ક્સુરદારનું નામ | ખનિજનું નામ | મે.ટન | દંડ પેટે વસુલેલ રકમ રૂપિયામાં |
|---|---|---|---|---|
| ૧૫ | અમીદભાઇ રહીમભાઇ | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૧૬ | હબીબભાઇ જીવાજી | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૧૭ | મુક્ન્દર આતેજી | બી.સ્ટોન | ૨૦ | ૧૦૦૦૦ |
| ૧૮ | મહેન્દ્રભાઇ ધ્રાંગી | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૧૯ | કેશરાભાઇ ધ્રાંગી | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૨૦ | વીરસંગ ગમાજી ઠાકોર | બી.સ્ટોન | ૨૦ | ૧૦૦૦૦ |
| ૨૧ | શારદા ગમલજી | બી.સ્ટોન | ૧૦ | ૫૦૦૦ |
| ૨૨ | નુરમહંમદ નુરજી | બી.સ્ટોન | ૧૦ | ૫૦૦૦ |
| ૨૩ | ઇસ્માઇલ ઇબ્રાહીમ | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૨૪ | ધાસુરા ઇસ્માઇલઅલી | બી.સ્ટોન | ૧૦ | ૫૦૦૦ |
| ૨૫ | સીન્ધી નજીરમહંમદ | બી.સ્ટોન | ૧૦ | ૫૦૦૦ |
| ૨૬ | પ્રવીણ મહાજી | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૨૭ | ડાહયાભાઇ બારીયા | રેતી | ૧૨ | ૪૫૦૦ |
| ૨૮ | મોહનસીંહ માવજી | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૨૯ | યાસીનભાઇ યુ. ઉમેતીયા | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૩૦ | દાઉદભાઇ વલીમહંમદ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૩૧ | ચંદુજી વીરાજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૩૨ | મહંમદભાઇ એયુબ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૩૩ | ભીખાભાઇ ચેલાભાઇ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૩૪ | કાનાજી મોપજી | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૩૫ | પોપટભાઇ | માર્બલ | ૧૫ | ૭૫૦૦ |
| ૩૬ | સુંધામથી માર્બલ | માર્બલ | ૧૫ | ૩૦૮૨૫ |
| ૩૭ | હીતેશભાઇ નરોત્તમ | માર્બલ | ૪ | ૨૫૦૦ |
| ૩૮ | કાન્તીભાઇ પરમાર | માર્બલ | ૧૬ | ૧૬૦૦૦ |
| ૩૯ | સોહનજી વીરસંગજી | માર્બલ | ૨૦ | ૧૦૦૦૦ |
| ૪૦ | જાવેદ વીસરજી | માર્બલ | ૨૭ | ૧૩૫૦૦ |
| ૪૧ | બાબુસીંગ છગનસીંગ | માર્બલ | ૭ | ૧૫૭૫૦ |
| ૪૨ | રાધેશ્યામ તલદાર | માર્બલ | ૧૫ | ૩૭૫૦૦ |
| ૪૩ | મહંમદ કે લીબડીયા | માર્બલ | ૨૦.૫ | ૧૦૨૫૦ |
| ૪૪ | કાળુજી સવાજી | ગ્રેનાઇટ | ૨ | ૧૦૦૦ |
| ૪૫ | ગોતમભાઇ શંકરભાઇ | ગ્રેનાઇટ | ૭ | ૩૫૦૦ |
| ૪૬ | પુરણસિંહ ઉમેદસિંહ | ગ્રેનાઇટ | ૧૪ | ૭૦૦૦ |
| ૪૭ | યુનુસભાઇ જમાલભાઇ | માટી | ૮ | ૩૦૦૦ |
| ૪૮ | અજલભાઇ | માટી | ૮ | ૩૦૦૦ |
| ૪૯ | ભીખાભાઇ | માટી | ૮ | ૩૦૦૦ |
| ૫૦ | ભીખાભાઇ | માટી | ૮ | ૩૦૦૦ |
| ૫૧ | નારણભાઇ માવાભાઇ | માટી | ૪ | ૧૫૦૦ |
| ૫૨ | હબીબભાઇ ઇસ્માઇલભાઇ | માટી | ૪ | ૧૫૦૦ |
| ૫૩ | વીરચંદભાઇ મઇભાઇ | માટી | ૪ | ૧૫૦૦ |
| ૫૪ | મોહનભાઇ સહનભાઇ | બી.સ્ટોન | ૧૦ | ૫૦૦૦ |
| ૫૫ | શામળભાઇ જી. ચોધરી | બી.સ્ટોન | ૫૭૧ | ૬૨૮૧૦ |
| ૫૬ | મફાભાઇ મલગજી | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૫૭ | ફતેસીંહ કાળુસીંહ | બી.સ્ટોન | ૪ | ૨૫૦૦ |
| ૫૮ | ભુરાસીંહ સનાભાઇ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૫૯ | પોપટભાઇ રૂપાજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૬૦ | હીતેશભાઇ આંબાભાઇ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૬૧ | રૂપસીંહ પ્રતાપસીંહ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૬૨ | ગ્રીન માર્બલ | માર્બલ | ૩૧.૬ | ૭૧૧૬૮ |
| ૬૩ | ગ્રીન માર્બલ | માર્બલ | ૨૭.૫ | ૩૨૦૧૦ |
| ૬૪ | ચંદુભા દીલુભા ડાભી | માર્બલ | ૨ | ૧૧૭૦ |
| ૬૫ | ઇસ્માઇલભાઇ ખરાભાઇ | બી.સ્ટોન | ૧૦ | ૧૦૦૦૦ |
| ૬૬ | યાસીનભાઇ અલજીભાઇ | બી.સ્ટોન | ૧૦ | ૧૦૦૦૦ |
| ૬૭ | અજબભાઇ રહીમભાઇ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૬૮ | અશરફ ઇમામ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૬૯ | પાંચાભાઇ મેધાભાઇ | માટી | ૮ | ૨૦૦૦૦ |
| ૭૦ | શીવાભાઇ જોધાભાઇ | માટી | ૮ | ૨૦૦૦૦ |
| ૭૧ | પરસોત્તમ નરસીંહભાઇ | માટી | ૪ | ૧૦૦૦૦ |
| ૭૨ | મેલુજી નાગજી | માટી | ૪ | ૧૦૦૦૦ |
| ૭૩ | ધુખજી બાવાજી | બી.સ્ટોન | ૧૧ | ૨૭૫૦૦ |
| ૭૪ | જેવનજી ગાંડાજી | બી.સ્ટોન | ૧૧ | ૨૭૫૦૦ |
| ૭૫ | ચંપાલાલ મેવારામ | માર્બલ | ૧૮ | ૯૦૦૦ |
| ૭૬ | ભીમાભાઇ | બી.સ્ટોન | ૧૦ | ૫૦૦૦ |
| ૭૭ | પ્રતાપભાઇ ઠાકોર | બી.સ્ટોન | ૧૦ | ૫૦૦૦ |
| ૭૮ | શબ્બીરભાઇ ખોરજીયા | બી.સ્ટોન | ૧૨ | ૬૦૦૦ |
| ૭૯ | વીજયસીંહ અનુપસીંહ | બી.સ્ટોન | ૧૦ | ૫૦૦૦ |
| ૮૦ | મહંમદયુનુસ નુરાજી | બી.સ્ટોન | ૧૫ | ૭૫૦૦ |

| ક્રમ | કસુરદારનું નામ | ખનિજનું નામ | મે.ટન | દંડ પેટે વસુલેલ રકમ રૂપિયામાં |
|---|---|---|---|---|
| ૮૧ | ધનાજી લક્ષ્મણજી | બી.સ્ટોન | ૧૫ | ૭૫૦૦ |
| ૮૨ | કાનગીરી ભીમગીરી | બી.સ્ટોન | ૧૬ | ૮૦૦૦ |
| ૮૩ | મુકેશભાઇ હીરાભાઇ | બી.સ્ટોન | ૧૦ | ૨૫૦૦૦ |
| ૮૪ | મુકેશભાઇ હીરાભાઇ | બી.સ્ટોન | ૧૦ | ૨૫૦૦૦ |
| ૮૫ | સરવાન ભેરાજી વણઝારા | માટી | ૧૨ | ૪૫૦૦ |
| ૮૬ | સુણસરા ઇમરાન | માટી | ૪ | ૧૫૦૦ |
| ૮૭ | ચંગવાડીયા જાવેદ | માટી | ૧૨ | ૪૫૦૦ |
| ૮૮ | ઠાકોર બળદેવસિંહ | માટી | ૨૦ | ૭૫૦૦ |
| ૮૯ | માણવીયા મહંમદ | માટી | ૨૦ | ૭૫૦૦ |
| ૯૦ | માણસીયા સબીર | માટી | ૧૬ | ૬૦૦૦ |
| ૯૧ | ઠાકોર અમરાભાઇ | માટી | ૧૨ | ૪૫૦૦ |
| ૯૨ | પરમાર બળવંતસિંહ | માટી | ૮ | ૩૦૦૦ |
| ૯૩ | ઠાકોર વિનોદભાઇ | માટી | ૨૮ | ૧૦૫૦૦ |
| ૯૪ | માણસીયા અજીફ | માટી | ૨૦ | ૭૫૦૦ |
| ૯૫ | મનવાણા કાજીભાઇ | માટી | ૨૦ | ૭૫૦૦ |
| ૯૬ | ઠાકોર રાજુભાઇ | માટી | ૨૦ | ૭૫૦૦ |
| ૯૭ | સુણસરા જીગર | માટી | ૧૬ | ૬૦૦૦ |
| ૯૮ | જાવેદભાઇ રસ્તુલ્લા | માટી | ૪ | ૧૫૦૦ |
| ૯૯ | ગંભીરભાઇ પી. ઠાકોર | માટી | ૪ | ૧૫૦૦ |
| ૧૦૦ | જોવીર એ. માણસીયા | માટી | ૪ | ૧૫૦૦ |
| ૧૦૧ | કાંતીભાઇ એમ. ઠાકોર | માટી | ૪ | ૧૫૦૦ |
| ૧૦૨ | ભીખાભાઇ રૂકમાલપુર | માટી | ૪ | ૧૫૦૦ |
| ૧૦૩ | બીજલભાઇ અમરાભાઇ | માટી | ૨૦ | ૬૦૦૦ |
| ૧૦૪ | કુંવરજી ગેમરજી ઠાકોર | રેતી | ૧૨ | ૪૫૦૦ |
| ૧૦૫ | જવાનસિંહ ઠાકોર | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૦૬ | ધરમજી ઠાકોર | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૦૭ | પ્રવિણભાઇ ઠાકોર | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૦૮ | નીયામત અજીતખાન | રેતી | ૪ | ૧૨૦૦ |
| ૧૦૯ | અશોક ડી. ઠાકોર | રેતી | ૪ | ૧૨૦૦ |
| ૧૧૦ | નરેશભાઇ ભાટીભાઇ | રેતી | ૯ | ૨૭૦૦ |
| ૧૧૧ | કાનાભાઇ ભીમગર | રેતી | ૧૦ | ૫૦૦૦ |
| ૧૧૨ | અમરતભાઇ જોઇતાભાઇ | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૧૩ | અમરાજી રાધુજી | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૧૪ | પ્રતાપજી ભોપાજી | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૧૫ | રૂપાજી નેતાભાઇ | રેતી | ૧૨ | ૩૬૦૦ |
| ૧૧૬ | ચામુંડા બીલ્ડર્સ | બી.સ્ટોન | ૩૨ | ૩૫૨૦ |
| ૧૧૭ | મીરખાન ભેરાજી | માટી | ૪ | ૧૫૦૦ |
| ૧૧૮ | ગુલાબભાઇ નાગજી | માટી | ૪ | ૧૫૦૦ |
| ૧૧૯ | કાચાભાઇ લક્ષ્મણભાઇ | માટી | ૪ | ૧૫૦૦ |
| ૧૨૦ | વાસ્તુભાઇ તલાજી | માટી | ૪ | ૧૫૦૦ |
| ૧૨૧ | રમેશભાઇ બાલાજી | માટી | ૪ | ૧૫૦૦ |
| ૧૨૨ | માકીલાલ રણાજી | માટી | ૪ | ૧૫૦૦ |
| ૧૨૩ | પ્રેમજી અમરજી | માટી | ૪ | ૧૫૦૦ |
| ૧૨૪ | કરશનજી રામજી | માટી | ૪ | ૧૫૦૦ |
| ૧૨૫ | ગુલાબભાઇ પરીવાળા | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૨૬ | ભવાનભાઇ ખેચરભાઇ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૨૭ | શંકરલાલ પુજાભાઇ | રેતી | ૧ | ૫૦૦ |
| ૧૨૮ | રમેશભાઇ તમાસી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૨૯ | શંકરભાઇ લક્ષ્મણભાઇ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૩૦ | જામતારા નોકુજી | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૩૧ | દીવાભાઇ માંડણજી | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૩૨ | મુકેશભાઇ ગુંજન | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૩૩ | દલાભાઇ વણઝારા | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૩૪ | ખોડાજી મોરજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૩૫ | નારણભાઇ જગાજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૩૬ | બચુભાઇ રાનાભાઇ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૩૭ | પ્રેમજી શંકરજી | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૩૮ | ઇશ્વરભાઇ હરીભાઇ | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૩૯ | પ્રેમાભાઇ વણાજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૪૦ | ચંદુશ ભુજાજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૪૧ | મથુરજી દોલજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૪૨ | મફાજી સ્વરૂપજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૪૩ | મમતાભાઇ તેજાજી | રેતી | ૧૦ | ૩૦૦૦ |

| ક્રમ | ક્સુરદારનું નામ | ખનિજનું નામ | મે.ટન | દંડ પેટે વસુલેલ રકમ રૂપિયામાં |
|---|---|---|---|---|
| ૧૪૪ | મોહનભાઇ પોકરભાઇ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૪૫ | લગાભાઇ સોમુજી | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૪૬ | નાનજી વલાજી | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૪૭ | કામગીરી ભીમગીરી | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૪૮ | મફુસીંગ દેવજી | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૪૯ | જીવાભાઇ બાબુજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૫૦ | ભીખાભાઇ વણઝારા | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૫૧ | લક્ષ્મણ હોથીજી પંચાલ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૫૨ | દલાજી વણઝારા | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૫૩ | ઇશ્વર રાજા ઠાકોર | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૫૪ | રમેશભાઈ તમાસીભાઈ ઠાકોર | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૫૫ | લખમણજી હોથીજી | રેતી | ૪ | ૫૦૦૦ |
| ૧૫૬ | ઇશ્વર નગાભાઇ | રેતી | ૪ | ૫૦૦૦ |
| ૧૫૭ | બચુજી મગનજી ઠાકોર | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૫૮ | જોષી શાન્તીભાઇ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૫૯ | કનુજી દલાજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૬૦ | હરચંદભાઇ હીરાભાઇ | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| ૧૬૧ | રમેશગીરી રતનગીરી | રેતી | ૧૨ | ૩૬૦૦ |
| ૧૬૨ | રમેશ માલજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૬૩ | મુકેશ ભુરાજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૬૪ | રાણકુમાર વજી | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૬૫ | ચામુંડા બીલ્ડર્સ | રેતી | ૨૮૦ | ૧૪૦૦૦ |
| ૧૬૬ | ચમનભાઇ ધનાભાઇ | રેતી | ૪ | ૧૫૦૦ |
| ૧૬૭ | શામળપુરી કરશન | રેતી | ૧૦ | ૩૦૦૦ |
| | | | કુલ : | ૯,૬૪,૮૦૩ |

------------

**આશારામ આશ્રમના પૂર્વ સાધક ઉપર ફાયરીંગ કરી ઇજા પહોંચાડવાના નોંધાયેલ કેસો**

૧૨૨૨૮**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સાબરમતી પોલીસ સ્ટેશનમાં આશારામ આશ્રમના પૂર્વ સાધક ઉપર ફાયરીંગ કરી ઇજા પહોંચાડવાની કેટલી ફરિયાદ નોંધવામાં આવી, અને | (૧) એક ફરિયાદ નોંધવામાં આવી છે. |
| (૨) આ ફરિયાદમાં કોના કોના નામોનો ઉલ્લેખ થયેલ છે, તે અન્વયે કેટલાની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ? | (૨) આ ફરિયાદમાં આશારામ બાપુ તથા બે અજાણ્યા મોટર સાયકલ ચાલકના નામોનો ઉલ્લેખ થયેલ છે. તે અન્વયે કોઇની હાલ સુધીમાં ધરપકડ કરવામાં આવી નથી. તપાસ ચાલુ છે. |

------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**પક્ષીઓનું ગેરકાયદે વેચાણ કરવા માટેનું એક ષડયંત્ર**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

તા. ૨૧-૨-૨૦૧૦ના રોજ અમદાવાદના કાળુપુર રેલવે સ્ટેશને હાવડા એક્સપ્રેસમાંથી પશ્ચિમ બંગાળના બર્ધમાન જિલ્લામાંથી એક મોટા કન્ટેઈનરમાં લાવેલ સફેદ કબૂતર, ચકલીઓ, કાકાકૌઆ, બ્લુ રોક, લુપિનો બર્ડ, લાઈટ કોકટેલ, ફાલ્કન કોકટેલ અને વિવિધ પ્રકારના પોપટ મળીને વન્ય સંરક્ષણ ધારાથી રક્ષિત એવા ૩૦૦ જેટલા પક્ષીઓનું ગેરકાયદે વેચાણ કરવા માટેનું એક મોટું ષડયંત્ર પોલીસે પકડી પાડયું છે, આ પક્ષીઓની આંતરરાષ્ટ્રિય

બજાર કિંમત રૂપિયા આઠ લાખ થવા જાય છે. પક્ષીઓના આ રાષ્ટ્રિય/ આંતરરાષ્ટ્રિય વેચાણના ષડયંત્રના સૂત્રધારોને પકડી, તેના મૂળ સુધી પહોંચી, ગુનેગારોને શિક્ષા કરવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન મંત્રીશ્રી)** : અમદાવાદ રેલવે સ્ટેશનના પોલીસ કર્મચારીઓ દ્વારા તા. ૨૧-૨-૨૦૧૦ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૪ ઉપર આવતી હાવડા એક્સપ્રેસ ટ્રેનની પાર્સલ વાનમાંથી પક્ષીઓનું પાંજરુ છોડાવવા આવતા એક ઈસમ નામે મોહંમદ આરીફ મોજુદ્દેન શેખને એક પીંજરામાં આશરે ૧૫૦ થી ૨૦૦ જેટલા જુદી જુદી જાતના પક્ષીઓને ક્રૂરતાભરી રીતે ખીચોખીચ પાંજરામાં રાખવાના ગુન્હા સબબ અટક કરીને સામાજિક વનીકરણ વિભાગ અમદાવાદને રેલવે પોલીસ સ્ટેશન દ્વારા પક્ષીઓની ગેરકાયદેસર હેરાફેરી બાબતે જાણ કરવામાં આવેલ હતી.

ઉકત જાણ થતાં, અમદાવાદ વન વિભાગના મદદનીશ વન સંરક્ષકશ્રી તેમના સ્ટાફ સાથે રેલવે સ્ટેશને પહોંચી પોલીસ સત્તાવાળાઓને સહકાર આપીને પાંજરામાં પૂરેલાં તમામ પક્ષીઓને તપાસતાં સદર પાર્સલમાં રહેલ પક્ષીઓ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળની અનુસૂચિ અન્વયેના રક્ષિત પક્ષીઓ ન હોવાથી વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨મુજબ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હતી. આથી વન વિભાગ દ્વારા કોઈ ગુન્હો લાગુ પાડી શકાય તેમ હતું નહીં. આથી પક્ષીઓને ઠાંસી ઠાંસીને ક્રૂર રીતે પાંજરામાં ભરાયેલા હોવા અંગે પશુ ક્રૂરતા અધિનિયમ હેઠળ પોલીસ દ્વારા આગળની કાર્યવાહી કરવાની થતી હોવા અંગેનો અભિપ્રાય અમદાવાદ વન વિભાગ દ્વારા પોલીસ સત્તાવાળાઓને આપેલ હતો. આના સંદર્ભે અમદાવાદ રેલવે પોલીસ સ્ટેશન દ્વારા સેકન્ડ ગુન્હા રજિસ્ટર નં. ૩૦૪૪/૧૦થી - પ્રાણીઓ તરફ પશુ ક્રુરતા નિવારણ- કાયદા હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે.

આથી પોલીસ સત્તાવાળા તરફથી પક્ષીઓને ક્રૂર રીતે ઠાંસી ઠાંસીને ભરીને લઈ જતાં ઈસમ નામે મોહંમદ આરીફ મોજુદ્દીન શેખની વિધિસર ધરપકડ કરીને તેની પાસેનું પક્ષીઓનું પાંજરું જપ્ત કરેલ હતું અને મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદનાઓના હુકમ અનુસાર સદર પક્ષીઓને ઝુ સુપ્રીટેન્ડન્ટ, કમલા નહેરુ ઝુ લોજીકલ ગાર્ડન, કાંકરીયાને સોંપવા હુકમ કરતાં પોલીસ સત્તાવાળાઓ દ્વારા ઉકત પક્ષીઓ સહીતનું પાંજરુ કાંકરીયા ઝુ સત્તાવાળાઓને સોંપેલ હતું.

આ સમગ્ર પ્રકરણમાં કોઈ ઉચ્ચ કક્ષાનું ષડયંત્ર જણાઈ આવેલ નથી અને આ પક્ષીઓ રેલવે વેગન કન્ટેનરમાં નહીં પણ હાવડા એકસપ્રેસ ટ્રેનના ગાર્ડ પાર્સલ વાનમાં બુક થઈને આવેલ છે. આ ગુન્હાના આરોપીને પકડીને તેઓને મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદનાઓ દ્વારા રીમાન્ડ આપવામાં આવેલ હતા અને આગળની તપાસ પોલીસ સત્તાવાળાઓ કરી રહેલ છે.

વન વિભાગ દ્વારા પક્ષીઓની ગેરકાયદેસર હેરાફેરી ન થાય તે માટે અવારનવાર રેલવે સ્ટેશન તથા ગુજરી બજાર સહીતના સ્થળોએ ફેરણું કરવામાં આવે છે. વધુમાં રાજય સરકાર દ્વારા વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલની રચના કરવામાં આવેલ છે. જે પોલીસ સત્તાવાળાઓ તથા અન્ય વિભાગો તેમજ રાષ્ટ્રીય કક્ષાના ક્રાઈમ સેલ સાથે સંકલન કરીને તહોમતદારો તથા ગુન્હા અંગેની માહિતીની આપ લે કરે છે જેથી રાષ્ટ્રિય કક્ષાના ગુન્હા અટકાવી શકાય તેમજ અન્ય રાજયના ગુન્હેગારોને પકડવામાં મદદગારી થઈ શકે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં- હમણાં અમદાવાદમાં પક્ષીઓનો બેફામ ગેરકાયદેસર વેપાર ચાલી રહયો છે અને એના સંદર્ભમાં જ આ બનાવ બન્યો છે. માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ૪૦ કલાક પોલીસ કસ્ટડી કોને આપવી તે મુઝવણમાં વન ખાતાએ તેનો વિષય હોવા છતાં કબજો ન લીધો, અને પક્ષીઓ ઉપર બીજા ચાલીસ કલાક સુધી જે ક્રુરતા થઈ તે માટે જવાબદાર કોણ? આ ષડયંત્રના મૂળ સુત્રધાર કોણ છે, અને તેની સામે શું કાર્યવાહી થઈ છે ? આ પક્ષીઓ સાઈટીસ કરારમાં રક્ષિત છે તે વન ખાતાએ ચકાસણી કરી છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વાઈલ્ડ લાઈફ એકટ જે ૧૯૭૨ છે તેમાં આ પક્ષીઓ આવતા નથી એટલે વન વિભાગે એને લીધાં નથી. એનો જવાબ એમણે આપ્યો છે અને રેલવે પોલીસના આ કબજામાં હતું, અને જે કોઈ પક્ષીઓ પકડાયા છે, એ લવબર્ડ ગોલ્ડન ચેરી ૨૦, લવબર્ડ મીકસ ૧૨, બજરી ગલ ૧૪૭, કબૂતર સફેદ કાસ્તા ૪, કબૂતર સીરાજી ૧, કબૂતરા ચૂહાચંદન ૪, કોકટીલ ૪ છે. આમ રેલવે પોલીસના કબજામાં હતું મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ આગળ જે ગુનેગાર લેવા આવેલો એને ત્યાં રજૂ કરેલ, એમને પાસે રેલવેની પોલીસ પાસે આવી કોઈ સગવડ ન હતી, એટલા માટે એમને ત્યાં રાખીને પછી એમને મેજીસ્ટ્રેટ આગળ રજૂ કર્યા અને ત્યાર પછી એમને ત્યાં કાંકરીયામાં ઝુ બાગમાં મોકલવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વખત ઉત્સાહમાં કામ કર્યા પછી જે ક્રુરતા કદાચ એને પાંજરામાં નહીં થઈ હોય એટલી પોલીસે પકડ્યા પછી આ કેસમાં થઈ છે. કલાકો સુધી રેલવે પોલીસ અને જંગલ ખાતું કોણ સાચવે અને કોણ રાખે એમાં ચણ-પાણી વગરના આ પક્ષીઓ વધારે હેરાન થયા છે. ત્યારે કોઈ સ્પેસિફિક સરક્યુલર કરીને જે પક્ષી આપના રક્ષિત પક્ષીમાં આવતા નથી, કેટલાક લોકો એમ સમજીને બજરીગર કે લવ બર્ડને પાંજરા ખોલીને ઉડાડી દે છે કે પક્ષી રાખવું નહીં પણ જે આપણા વાતાવરણમાં જીવી જ શકવાનું નથી અને બીજા પક્ષીઓ એને મારી નાંખે છે. એ ક્રુરતા પેલું પાંજરામાં છે એના કરતા વધારે ક્રુરતા છે. ત્યારે આ

સંજોગોમાં એક તો આવું ન થાય એના માટેના કોઈ પગલાં લેવા માગો છો કે કેમ ? અને બીજું જો આ પક્ષીઓ રક્ષિત નથી અને જો આપે એને એનિમલ એટ્રોસિટી એકટ મુજબની એની સામે સજા કરી તો એ વ્યકિતને થાય એ બરાબર છે તો પછી ક્યા કાયદા નીચે આ પક્ષીઓને આપે ઝૂ માં મોકલી આપ્યા એ હું જાણવા માગુ છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં પોલીસે પશુ ક્રુરતા નિવારણનો ગુનો દાખલ કરેલો છે અને કોર્ટમાં જ્યારે રજૂ કર્યા ત્યારે કોર્ટે આ આદેશ કર્યો છે અને ઝૂમાં મોકલ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા જે ફોરેસ્ટના અધિકારીઓ છે એ ૧૫ દિવસે રેલવે સ્ટેશન કે ગુજરીમાં જઈને એની તપાસ પણ કરે છે કે આવા ૧૯૭૨ ના કાયદા હેઠળના કોઈ પક્ષી અહીંયા નથી વેચાતાને? અને એના માટેની પૂરી તકેદારી વન વિભાગ રાખે છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, આવી ગુનાઈત પ્રવૃત્તિ થાય ત્યારે પક્ષીઓ રાખવા, સાચવવા, રક્ષણ આપવા વન ખાતા પાસે અમદાવાદ સહીત કોઈ પણ જિલ્લામાં કોઈ પાકી વ્યવસ્થા આજ સુધી નથી થઈ એના કારણો કયા છે ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આની વ્યવસ્થા હોય જ છે અને જ્યારે પણ આવો કંઈક ગુનો બને અને વાઈલ્ડ લાઈફ એકટ પ્રમાણેના જે પક્ષીઓ પકડાય છે એની પૂરેપૂરી વન વિભાગ કાળજી લે. છે અને જરૂર પડે તો એની સારવાર પણ કરે છે અને બરાબર ઠીક થઈ જાય પછી અમૂક જગ્યાએ એને જંગલમાં છોડી દેવામાં આવે છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્નોતરી કાળની અગત્યતા અંગે

**શ્રી: ૧૪૮/page> શક્તિસિંહ હ. ગોહિલ:** માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોતરી કાળ એ અમારા સૌના માટે અત્યંત અગત્યનો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના અને આ ગૃહના સમયને બચાવવા માટે કવોટ કરતો નથી પણ આપ જાણો છો કે, સ્પેસિફિક પ્રશ્ન પૂછતી વખતે મંત્રીશ્રીને, મુખ્યમંત્રીશ્રીને અને સરકારને અભિનંદન નથી આપી શકાતા પ્રશ્નોતરીના કાળમાં કારણ કે, પ્રશ્નોતરીનો કાળ છે એ મર્યાદિત કાળ છે. અને એમાં આ ન ઉપયોગ થવો જોઈએ. આપના ટોકવા છતાં જે કંઈ કામ હોય એમાં સરકારને, મંત્રીશ્રીને, મુખ્યમંત્રીશ્રીને કયારેક કયારેક તો, અમે જાણીએ છીએ પક્ષના સભ્યોને માનનીય મુખ્યમંત્રીશ્રી માટે આદર હોય પરંતુ માનનીય અધ્યક્ષશ્રી કરતાં પ્રવચનમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વધારે આવતું હોય એવી સ્થિતિ થઈ જાય છે. ત્યારે આ બધા સંજોગોમાં હું આપના પાસેથી આદેશ માગુ છું કે, અભિનંદનો આપવા માટેના આપના પ્રસંગો હોય આપ પક્ષની મિટિંગમાં, બહાર પાર્ટીના કાર્યક્રમમાં આપી શકો છો. પણ ભૂતકાળના જજમેન્ટ છે, માનનીય અધ્યક્ષશ્રીના આદેશો છે કે, પ્રશ્નોતરીમાં કે પેટા પ્રશ્નો પૂછતી વખતે અભિનંદન નથી આપી શકાતા એના અંગેનો નિર્ણય થાય એવી આપની પાસે અપેક્ષા રાખું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહનું કામ આપ ચોક્કસ નિયમો અનુસાર ચલાવો છો. માનનીય વિપક્ષના નેતાશ્રી એ પણ બહુ સારી રીતે જાણે છે કે આ ગૃહમાં કોઈ પણ મુદો ઉપસ્થિત કરવામાં આવે ત્યારે કયા નિયમ હેઠળ તેઓ આ મુદો ઉપસ્થિત કરી રહ્યા છે એ નિયમ ટાંકવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય વિપક્ષના નેતાશ્રી પાસેથી જાણવું છે કે આ કયા નિયમ હેઠળ તેઓશ્રી આ મુદો ઉપસ્થિત કરી રહ્યા છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય મંત્રીશ્રીએ જે મુદો ઉઠાવ્યો એ એકદમ વાજબી છે ભલે શકિતસિંહજી એવુ કહેતા હોય કે, એને નજર અંદાજ કરો. નિયમોમાં આવી કોઈ જોગવાઈ નથી કે મુખ્યમંત્રીશ્રી કે મંત્રીશ્રીને અભિનંદન ન આપી શકાય. બીજી વાત જેમ સભ્યશ્રીને સરકારની કોઈ કામગીરીથી નારાજગી થાય તો વ્યકત કરવાનો પ્રજાની લાગણી વ્યકત કરવાનો અધિકાર છે એમ જો કોઈ સરકારના કામથી ખૂશી થાય અને પ્રજામત તરફેણમાં થાય તો એને પણ વ્યકત કરવાનો સભ્યને એટલો જ અધિકાર છે અને જ્યાં સુધી અભિનંદનનો સવાલ છે તો એ તો જે કામગીરી કરે એને અભિનંદન મળે, વિપક્ષના નેતાને ક્યારેય ન મળે. સરકારના અભિનંદન તો મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને જ મળે.

**અધ્યક્ષશ્રી** : માનનીય શક્તિસિંહજીએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો અને માનનીય અમીતભાઈએ જે કહ્યું કે ટીકાત્મક શબ્દો પણ ન વાપરી શકાય. હું આ અંગે મારું સંપૂર્ણ રૂલીંગ આપવા માગુ છું એટલે અત્યારે મુલતવી રાખું છું.

# સન ૨૦૦૯-૧૦ના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કરું છું.

**સન ૨૦૦૯-૧૦ના ખર્ચનું પૂરકપત્રક રજૂ કરવામાં આવ્યું.**

# સન ૨૦૧૦-૧૧ના અંદાજપત્રની રજૂઆત

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રી તરીકે મને પંદર વખત બજેટ રજૂ કરવાનો મને મોકો મળ્યો છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય વજુભાઈ આપ બેસીને પણ વાંચી શકો છો,

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : (દંડકશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી છે, આપ જો અનુમતિ આપો તો માનનીય નાણા મંત્રીશ્રી પોતાના અંદાજપત્રની રજૂઆત

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : શેના માટે પણ ?

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી એ મારો અધિકાર છે. એમને મંજૂરી આપવાનો મારો અધિકાર છે. ઉંમર અને સ્વાસ્થ્ય એ બન્ને વસ્તુ જોતાં (અંતરાય) ગયા વખતે પણ સંમતિ આપી હતી. ગયા વખતે પણ આપેલ છે, અગાઉ પણ આવી પ્રથા પડેલ છે. માનનીય મંત્રીશ્રી તરફથી મને વિનંતી મળી છે અને હું એ વિનંતી સ્વીકારું છું અને આપ બેસીને જ વાંચો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં માનનીય મનોહરસિંહજી જાડેજાની નાદુરસ્ત તબીયત હતી અને માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું હતું છતાં પણ એમણે કહ્યું હતું કે મારો રાજયકક્ષાનો મંત્રીશ્રી વાંચશે, પણ હું બેસીને બજેટ પ્રવચન નહિ વાંચુ, આપ એ દિવસે આ ગૃહના સભ્ય હતા અને વાંચતા વાંચતા એમની તબીયત નાદુરસ્ત લાગી તો એમણે રાજયકક્ષાના મંત્રીશ્રી પાસે પણ ઉભા થઈને વંચાવ્યું, બેસીને વાંચવાની જ્યારે એમને પણ જરૂર નથી તો એ સ્ટુલ રાખે અને એના ઉપર બુક રાખીને એ ઉભાં ઉભાં વાંચી શકે એમ છે * (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : આઈ ઓબ્જેક્ટ, શકિતસિંહજીએ વાપરેલા આ શબ્દો હું કાઢી નાંખું છું શકિતસિંહજીએ જે શબ્દો વાપર્યા એ શબ્દો હું કાઢી નાંખું છું અને આપ બેસીને જ વાંચો, બેસીને વાંચવાની પરવાનગી આપવાનો મારો અધિકાર છે.

## અંદાજપત્ર પ્રવચન ૨૦૧૦-૨૦૧૧ ( ભાગ-ક )

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રી તરીકે મને ભૂતકાળમાં ૧૫ વખત બજેટ રજૂ કરવાનું સૌભાગ્ય મળ્યું છે. પરંતુ આજનું ૧૬મી વખતનું આ બજેટ અનેક રીતે મહત્ત્વનું છે, કારણ કે આ બજેટ ગુજરાતની સ્વર્ણિમ જયંતી ઉજવણીના વર્ષનું બજેટ છે. સાડા પાંચ કરોડ ગુજરાતીઓની સંકલ્પશકિતના બળ સાથે હું આ પ્રગતિ લક્ષી બજેટ ગૃહ સમક્ષ મૂકી રહ્યો છું.

સ્વર્ણિમ જયંતી વર્ષે હું આ બજેટ લઈને આવ્યો છું, ત્યારે આપણે સૌએ એ વાતની સહર્ષ નોંધ લેવી જોઈએ કે, મહાગુજરાતની ચળવળ, ગુજરાતનું નિર્માણ અને ગુજરાતની આગવી વિકાસયાત્રાને આગળ ધપાવવા માટે ભૂતકાળની બધી જ સરકારોએ કંઈક ને કંઈક યોગદાન આપ્યું છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ખાસ કરીને ભૂકંપની ભયંકર આપત્તિ પછી ગુજરાતે નવા જોમ અને જુસ્સા સાથે વિકાસની નવી ઉંચાઈઓને પ્રાપ્ત કરી છે. તેમાંય ખાસ કરીને માનવ વિકાસ સૂચકાંક ક્ષેત્રે શિક્ષણ, આરોગ્ય, પીવાનું શુદ્ધ પાણી, ગરીબો માટે મકાન, શિક્ષિત અને અશિક્ષિત યુવકોને રોજગારી, મહિલા સશકિતકરણ, મહિલાઓને વિકાસમાં ભાગીદાર બનાવવાના પ્રયાસ જેવી અનેક બાબતોએ છેવાડાના માનવીના કલ્યાણ બાબતે રાજયને ગૌરવ અપાવ્યું છે. રસ્તા હોય, બંદરો હોય, ભવનો હોય, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ હોય, સ્પેશીયલ ઈકોનોમીક ઝોન હોય, સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન હોય, કોસ્ટલ ડેવલપમેન્ટ ઓથોરીટી હોય કે પછી અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી હોય, માળખાકીય સુવિધાઓના પ્રત્યેક ક્ષેત્રમાં વિકાસની નવી ઉંચાઈઓનાં સીમાચિન્હો આપણે પ્રસ્થાપિત કર્યા છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

જે દિવસે ગુજરાત સ્વતંત્ર રાજય તરીકે સ્થપાયું ત્યારે આ નાનકડું વેપારી રાજય કેવી રીતે પગભર થશે તેવા પ્રશ્નો ઉઠવા પામ્યા હતા. તે જ ગુજરાત આજે ઔદ્યોગિક વિકાસમાં દેશમાં સર્વોત્તમ શિખરે બેઠું છે. એક સમય એવો હતો કે, જ્યારે ગુજરાતીઓ રોજીરોટી માટે દુનિયાભરમાં જતા હતા. આજે ગુજરાતની સ્થિતિ એવી છે કે હિન્દુસ્તાનનું કોઈ રાજય એવું નહીં હોય કે જેના નાગરિકોને ગુજરાતમાં આવીને સુખી જીવન જીવવાનો અવસર ન મળ્યો હોય. સમગ્ર ભારત સામેના અનેક પડકારો જેવા કે, કુપોષણ, બિમારી, ગરીબી, અશિક્ષા આ બધા પડકારોમાંથી ગુજરાતને કેમ બહાર કાઢવું એના માટેનો આપણે એક ભગીરથ પ્રયાસ આદર્યો અને એનાં સુફળ જોવા મળી રહ્યાં છે. વિકાસના ફળ છેવાડાના માનવીને મળે, વિકાસની યાત્રામાં ગામડું પણ શહેર જોડે કદમ મિલાવે કારખાનાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓની સાથેસાથે હસ્તકલાઉદ્યોગ ધ્વારા ઉત્પાદિત થતી ચીજવસ્તુઓનું મૂલ્ય વૈશ્વિક બજારમાં પ્રસ્થાપિત થાય, માત્ર કૃષિ ઉત્પાદન થાય એવું નહિ પરંતુ વૈજ્ઞાનિક ઢબે બિયારણમાં સુધારો હોય, જમીનમાં સુધારો હોય, કૃષિક્ષેત્રે માળખાકીય સુવિધાઓ હોય, પાણી માટે કૃષિની પ્રાથમિકતા હોય એવા અનેકવિધ નવતર અભિગમને કારણે એક જમાનાનું વેપારી રાજય ગુજરાત ધીરેધીરે ઔદ્યોગિક રાજય બન્યું અને આયોજનપૂર્વકના પ્રયત્નોને કારણે, હવે ગુજરાત કૃષિ ક્ષેત્રે પણ એની નામના કમાતું થયું.

ગુજરાતની શિક્ષણયાત્રાના ૫૦ વર્ષમાં આ દશકો યાદગાર બની રહેશે. પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચતર શિક્ષણ સુધીની એક હરણફાળ આપણે ભરી છે. દેશ જે ગંભીર સમસ્યાઓની સામે ઝઝૂમતો હોય, તેમાં પણ ગુજરાત આગવી સૂઝથી રસ્તો બતાવવામાં સફળ રહ્યું છે. ગરીબના ઘર સુધી પ્રાથમિક શિક્ષણ પહોંચાડવાની વાત હોય, ગરીબને કુપોષણમાંથી મુકિત અપાવવા માટે ફોર્ટીફાઈડ આટાનું અભિયાન હોય, શિશુ મૃત્યુદર અને માતા મુત્યુ દર ઘટાડવા માટે સફળતાપૂર્વક સાકાર થયેલ ચિરંજીવી યોજના હોય, માત્ર ભારત જ નહિ વિકસતા દેશોમાં પણ આ યોજનાઓ ઉપકારક પુરવાર થતી જાય છે. કોઈપણ રાજયમાં યોજનાઓ, આયોજનો, વિકાસના તબકકાઓ આ બધાના મૂળમાં મજબૂત અને સુવ્યવસ્થિત અર્થતંત્ર હોવું અનિવાર્ય હોય છે. ગુજરાતનું આર્થિક માળખુ, આર્થિક આયોજન અને નાણાકીય શિસ્તે વિકાસ માટે હરણફાળ ભરવા માટેના સાહસપૂર્ણ નિર્ણયો માટે સશકત પ્લેટફોર્મ પુરૂ પાડેલ છે.

સ્વરાજ થી સુરાજય સુધીની આ લાંબી મજલમાં અનેક ઉતાર-ચઢાવ આવ્યાં છે, પરંતુ ગરીબ માનવી માટે સુરાજય એટલે શું તેની અનુભૂતિ ગુજરાતની જનતાએ તાજેતરમાં ગરીબ કલ્યાણ મેળામાં જોઈ. **ગરીબના Hut સુધી જ નહિ, પણ ગરીબના Heart સુધી પહોંચવામાં સફળ થાય તે સુરાજય.** ગરીબ કલ્યાણ મેળામાં સહાયનો ધોધ નહિ પરંતુ સમાજશકિતનો ધોધ પ્રગટયો છે. આનાથી તાજેતરમાં ખૂબ જ ટૂંકા ગાળામાં લગભગ ૨૦ લાખ લાભાર્થીઓને આશરે રૂ.૨૭૦૦ કરોડની માતબર રકમના લાભ હાથોહાથ પહોંચાડયા છે. એના કરતાં પણ અદકેરી વાત એ છે કે આ ગરીબ કલ્યાણ મેળાએ ગરીબી સામે લડવા માટે બીજનું વાવેતર કર્યું છે. ગરીબી સામે જીતી શકાય છે તેવા વિશ્વાસનું વાતાવરણ ઊભું થયું છે.

ગુજરાતની સફળતાની શકિતના મૂળમાં લોકભાગીદારી છે. આપણા આયોજનો, આપણી યોજનાઓ લોકભાગીદારીને પ્રાથમિકતા આપે છે. સ્વર્ણિમ જયંતી પણ વિકાસ માટેનો લોકમહોત્સવ બની રહે અને સાડા પાંચ

કરોડ ગુજરાતીઓને વિકાસની યાત્રામાં ભાગીદાર બનાવે એવો આપણા સૌનો સંકલ્પ છે. આ સભાગૃહમાં જનપ્રતિનિધિ તરીકે રાહબર રહેલ સૌએ સામૂહિક રીતે સંકલ્પ કર્યો છે કે સૌને વિકાસયાત્રાના ભાગીદાર બનાવીશું.

એકવીસમી સદીના બીજા દાયકાનું પહેલું બજેટ રજૂ કરતી વખતે ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે, કૃષિક્ષેત્રે અને સેવા ક્ષેત્રે સમ્યક વિકાસ કરતું થાય, **Good** થી **Great તરફની યાત્રાનો આરંભ થાય** અને આપણે આપણા જ જુના રેકોર્ડ તોડીને જનશકિતના સહયોગથી અકલ્પ્ય ઊંચાઈઓને આંબવાના મનોરથ સાથે હરણફાળ ભરીએ-તેવા વિશ્વાસ સાથે હું આ પ્રજાલક્ષી બજેટ રજૂ કરૂ છું.

**રાજયની વાર્ષિક યોજના**

પ્રથમ જિષ્ટએ ગુજરાતના નાણાકીય આયોજન તરફ નજર કરીએ તો એક વાત ધ્યાનમાં આવે છે કે ૧૯૬૦ થી ૨૦૦૦ સુધીમાં આશરે રૂ.૪૩,૭૫૬ કરોડનું આયોજન થયું હતું, જયારે એકવીસમી સદીના પ્રથમ દશકામાં ખૂબ મોટી હરણફાળ ભરી રૂ.૧,૧૮,૭૬૧ કરોડનું આયોજન પરિપૂર્ણ કર્યું, જે અગાઉના ૪૦ વર્ષમાં થયેલ નાણાકીય આયોજન કરતાં લગભગ ત્રણગણી રકમનું કદ બતાવે છે.

ગુજરાતની સ્થાપના બાદ વર્ષ ૧૯૬૧-૬૨નું પ્રથમ બજેટ તત્કાલિન મુખ્યમંત્રી શ્રી જીવરાજ મહેતા દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં વાર્ષિક વિકાસ યોજનાની જોગવાઈ રૂ.૩૩.૧૯ કરોડની હતી, વર્ષ ૨૦૦૯-૧૦માં વાર્ષિક વિકાસ યોજનાનું કદ રૂ.૨૩,૫૦૦ કરોડ હતું, **જેમાં ૨૫.૫૩ ટકાનો ,રખમ વધારો કરીને સુવર્ણ જયંતી વર્ષ ૨૦૧૦-૧૧ ની વાર્ષિક વિકાસ યોજનાનું કદ રૂ.૨૯.૫૦૦ કરોડનું નિયત કરવામાં આવેલ છે.**

ત્રીજી પંચવર્ષીય યોજના (વર્ષ ૧૯૬૧-૬૬)માં રૂ.૨૩૭ કરોડનું આયોજન હતું, જયારે અગીયારમી પંચવર્ષીય યોજના (વર્ષ ૨૦૦૭-૧૨)માં આયોજન રૂ.૧,૧૧,૧૧૧ કરોડથી પણ વધુ થવા જઈ રહયું છે. આ વિગતો ગુજરાતે આ અડધી સદીમાં સાધેલા અકલ્પ્ય વિકાસને પ્રતિબિંબિત કરે છે.

**વર્ષ ૨૦૧૦-૧૧ની વાર્ષિક વિકાસ યોજનાની સદરવાર ફાળવણી આ પ્રમાણે છે.**

| **ક્રમ** | **સદર** | **જોગવાઈ (રૂ.કરોડમાં)** |
|---|---|---|
| ૧ | કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ | ૨૦૬૨.૮૦ |
| ૨ | સિંચાઈ અને પૂર નિયત્રંણ | ૫૬૭૦.૨૦ |
| ૩ | સામાન્ય આર્થિક સેવાઓ | ૮૯૦.૮૩ |
| ૪ | ગ્રામીણ વિકાસ | ૧૧૩૯.૭૩ |
| ૫ | પરિવહન (વાહન વ્યવહાર) | ૩૧૯૮.૦૦ |
| ૬ | ઉર્જા | ૧૭૫૯.૯૧ |
| ૭ | ઉદ્યોગ અને ખનિજ | ૧૦૪૫.૮૨ |
| ૮ | સામાજિક સેવાઓ | ૧૨૮૯૦.૬૧ |
| ૯ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી | ૩૩૪.૦૯ |
| ૧૦ | ખાસ વિસ્તાર વિકાસ કાર્યક્રમ | ૧૪૨.૦૦ |

| | | |
|---|---|---|
| ૧૧ | સંદેશા વ્યવહાર | ૩૪૧.૨૦ |
| ૧૨ | સામાન્ય સેવાઓ | ૨૪.૮૧ |

**વિકેન્દ્રીત જિલ્લા આયોજન**

રાજયના છેવાડાના નાના-નાના ગામોમાં પણ આંતરમાળખાકીય સુવિધાઓના ખૂટતા કડીરૂપ પાયાના વિકાસના કામો ઝડપથી હાથ ધરી શકાય તે માટે રાજયના તમામ તાલુકાઓમાં વધારે ફંડ ઉપલબ્ધ થાય તે હેતુથી વર્ષ ૨૦૧૦-૧૧ના અંદાજપત્રમાં **રૂ.૪૮૯.૬૦ કરોડની જોગવાઈ** સૂચવવામાં આવી છે, જે ગત વર્ષ કરતા ૬૧.૮૧ ટકા વધારે છે. તે પૈકી ૧૫ ટકા **પ્રોત્સાહક ગ્રાન્ટમાં ગત વર્ષ કરતાં ૧૬૦.૭૬ ટકા જેટલો નોંધપાત્ર વધારો સૂચવવામાં આવ્યો છે.**

**કૃષિ અને સહકાર**

**કૃષિ અને સહકાર વિભાગ હેઠળ જોગવાઈ રૂ.૧૭૦૦ કરોડ**

નવી વૈજ્ઞાનિક પધ્ધતિથી કૃષિક્ષેત્રની ઉત્પાદકતા વધારવાનો અને સિંચાઈ સશોધનોની અસરકારતા વધારીને ખેડૂતોની આવક વધારવાનો સરકારનો મુખ્ય અભિગમ છે.

- રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના હેઠળ જોગવાઈ રૂ.૨૩૬.૬૯ કરોડ
- સમગ્ર દેશનું જેણે ધ્યાન ખેચ્યું, કૃષિ વૈજ્ઞાનિકો જેના મોંફાટ વખાણ કરે છો અને ગુજરાતના ખેડૂતોને જેના પર ભરોસો બેઠો છે તેવી સોઈલ હેલ્થ કાર્ડની યોજનાને આગળ ધપાવવા ૩૦ જેટલી સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી સ્થાપવા અને ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા માટે **જોગવાઈ રૂ.૧૨ કરોડ.**
- કૃષિક્ષેત્રે સંશોધનની પ્રક્રિયા આગળ વધારી ગરીબ ખેડૂતોને ટેકનોલોજી તેમજ ઉત્પાદકતાનો લાભ મળે, ખેડૂતો હાઈટેક હોર્ટીકલ્ચર અપનાવતા થાય અને બાગાયતી યોજનાઓ વિકસે તે માટે **જોગવાઈ રૂ.૨૫.૫૮ કરોડ.**
- કૃપોષણ સામેની લડતમાં રાગી એક સશકત પેદાશ છે. આદિવાસીઓની આ પરંપરાગત ખેતી છે. તેની ખેતી ટેકનોલોજી અને પેદાશોને એક વ્યાપક આરોગ્યલક્ષી જિષ્ટકોણથી બજાર મળે તે માટે ખાસ જોગવાઈ.
- વિવિધ જળસંચય અને જળસંગ્રહ યોજનાઓ થકી વરસાદના એકે એક ટીપાનો સંગ્રહ કરી લાખો ધનમીટર વરસાદી પાણી સંગ્રહિત કરવા માટે **જોગવાઈ રૂ.૨૯૫ કરોડ.**
- ડ્રીપ ઈરીગેશન માટે જંગી **જોગવાઈ રૂ.૧૫૦ કરોડ**
- ગુજરાતના પરંપરાગત ડેરી ઉદ્યોગનો વિકાસ થાય તેમજ પશુ આરોગ્યની જાળવણીથી દૂધ ઉત્પાદકતા વધે તે હેતુ માટે **જોગવાઈ રૂ.૧૬.૮૬ કરોડ**
- મત્સ્ય બીજનું ઉત્પદન વધેતેની સાથે મત્સ્ય ઉત્પાદનમાં વધારો થાય તેમ જ જાફરાબાદ તેમજ માંગરોળ ખાતે મત્સ્ય બંદર વિકસાવવા માટે **જોગવાઈ રૂ.૨૨.૮૨ કરોડ**
- પ્રો. વૈધનાથન કમિટીની ભલામણ મુજબ પ્રાથમિક કૃષિ મંડળીઓ અને જિલ્લા સહકારી બેંકો માટે **જોગવાઈ રૂ.૧૨.૫૦ કરોડ.**

**જળ સંપત્તિ અને કલ્પસર**

જળ સંપત્તિ અને કલ્પસર પ્રભાગ હેઠળ જોગવાઈ રૂ.૧૮૯૫ કરોડ.

જળવિકાસ જનવિકાસની કૂંચી છે. આથી જ રાજય સરકારે જળ વ્યવસ્થાપનને અગ્રિમતા આપી છે.

- રાજય સરકારે ચેકડેમ, તળાવો ઉંડા કરવા તેમજ વિવિધ સિંચાઈ યોજનાઓના વિસ્તરણ અને આધુનિકરણથી સર્જેલી જઈક્રાંતિ માટે જોગવાઈ રૂ.૫૪૧.૯૯ કરોડ.
- સાબરકાંઠા જિલ્લામાં વાત્રક, માઝમ અને મેશ્વો બંધવિસ્તારમાં, બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા અને સીપુ બંધવિસ્તારમાં તથા પંચમહાલ જિલ્લાના શહેરા, ગોધરા અને લુણાવાડા તાલુકાના ૭૫ ગામોમાં પાઈપોલાઈન નાંખવા તેમજ પાનમ હાઈલેવલ યોજનાના વિસ્તરણ માટે **જોગવાઈ રૂ.૧૮૦ કરોડ .**
- કચ્છ, સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ક્ષર નિયંત્રણની કામગીરી માટે જોગવાઈ રૂ.૧૫૪.૮૨ કરોડ.
- દક્ષિણ ગુજરાતના ૯૭૦૦ હેકટરના આદિજાતિ વિસ્તારને સિંચાઈની સવલત માટે ઉકાઈ-પૂર્ણા હાઈ લેવલ કેનાલના બાકી કામો માટે **જોગવાઈ રૂ.૧૨ કરોડ.**
- સહભાગી સિંચાઈમાં ગુજરાતે આવરી લીધેલો ૩,૧૧,૦૦૦ હેકઠર વિસ્તાર એક આગવો કીર્તિમાન છે. ખેડૂતોની આવી પીયત મંડળીઓને વધુ સક્ષમ કરવા માટે **જોગવાઈ રૂ.૩૮ કરોડ.**
- ગુજરાતની ધરતીને નવપલ્લવિત કરનાર સુજલામસુફલામ યોજનાના વધારાના સ્ટ્રકચરના કામો માટે જોગવાઈ રૂ.૬૫.૧૭ કરોડ.
- સુરત શહેરને પૂરથી રક્ષણ આપવા તેમજ ખાડીઓને રેગ્યુલર થકી નિયંત્રિત કરવા માટે **જોગવાઈ રૂ.૬૫ કરોડ.**

ભરૂચ જિલ્લાની અર્મદા નદીની આજુબાજુની જમીનોને અને પાણીના સ્ત્રોતોને દરિયાઈ ખારાશ સામે રક્ષણ આપવા ભાડભૂત પાસે બેરેજનું આયોજન વિચાર્યું છે. આ માટે જરૂરી અભ્યાસો કરવા સારૂ જોગવાઈ રૂ.૪ કરોડ.

**સરદાર સરોવર નર્મદા યોજના**

**સરદાર સરોવર નર્મદા નિગમ માટેની જોગવાઈ રૂ.૩૬૨૫ કરોડ.**

આ જોગવાઈનો ઉપયોગ અંદાજે રૂ.પાંચ હજાર કરોડનાં આ મુજબના કામોમાં કરવામાં આવશે.

- ઉત્તર ગુજરાતમાં મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ૬૪૬ ગામોના સાડા ચાર લાખ હેકટર વિસ્તારમાં પીયતની સુવિધા ઉભી કરવા માટે **રૂ.૧૦૦૦ કરોડ.**
- સૌરાષ્ટ્ર શાખા નહેર ઉપર આધારિત સિંચાઈ વ્યવસ્થા થકી કુલ **પાંચ લાખ હેકટર વિસ્તારને પીયતની સુવિધા** મળતી થાય તે હેતુ **માટે રૂ.૨૯૦૦ કરોડ.**

કચ્છ વિસ્તારમાં શાખા નહેર તેમભજ સંલગ્ન કામો માટે રૂ.૯૪૦ કરોડ.

**પાણી પુરવઠા**

રાજયના તમામ વિસ્તારોમાં શુધ્ધ અને પૂરતું પીવાનું પાણી મળે તેવી વ્યવસ્થા રાજય સરકારે સુનિશ્ચિત કરી છે. પાણી પુરવઠાના માળખાને વધુ વિકસાવવાની અગ્રિમતા સાથે પૂરતું શુધ્ધ પાણી મળી રહે તે માટે પાણી પુરવઠાની યોજનાઓ માટે જોગવાઈ રૂ. ૧૮૪૯.૨૫ કરોડ.

પાણી પુરવઠા વિભાગ દ્વારા હાલમાં સૌરાષ્ટ્ર વસ્તિારના જુદા જુદા જિલ્લાઓ અને શહેરો તથા કચ્છ જિલ્લા માટે નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠાની જૂથયોજનાઓ દ્વારા પાણી આપવામાં આવે છે. પાણી પુરવઠાની આ સુવિધાને વધુ નિયમિત અને વિશ્વસનીય કરવા માટે સ્વર્ણિમ ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વોટર ગ્રીડ યોજના માટે માતબર જોગવાઈ રૂ.૪૨૦૦ કરોડ.

આ યોજના હેઠળ ૪૦૦ કિલોમીટરથી વધારે લંબાઈની બલ્ક પાઈપલાઈનો નાંખવામાં આવશે, જેમાં,

(૧) ઢાંકી થી રતનપુર(રાજકોટ) સુધીની ૧૫૦ કિલોમીટરની પાઈપલાઈન.

(૨) માળીયા શાખા નહેરને સમાત્રતર ઢાંકી થી માળીયા સુધીની ૧૩૫ કિલોમીટરની પાઈપલાઈન.

(૩) વલ્લભીપુર બ્રાન્ચ કેનાલને સમાત્રતર ઢાંકી થી નાવડા સુધીની ૯૦ કિલોમીટરની પાઈપલાઈન

(૪) માળીયા તથા ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલને જોડતી ૩૦ કિલોમીટરની પાઈપ લાઈન

- **નાવડાથી બોટાદ સુધીની** હયાત પાાણીની વહનક્ષમતા વધારવા ૩૨ કિલોમીટરની પાઈપલાઈન માટે જોગવાઈ રૂ.૧૮૦ કરોડ.
- **જૂનાગઢ જિલ્લા** માટે કડીયાળી થી કેસરીયા અને કેસરીયાથી સોનારીયાની બલ્ક પાઈપલાઈનના અંદાજીત રૂ.૬૦૦ કરોડના કામો માટે ચાલુ વર્ષમાં જોગવાઈ રૂ. ૨૦૦ કરોડ.
- **સાબરકાંઠા જિલ્લામાં** ત્રણ શહેરો અને ૬૮૫ ગામોને આવરી લેતી નર્મદા કેનાલ આધારિત પીવાના પાણીની યોજના માટે જોગવાઈ રૂ. ૮૦ કરોડ.
- **આદિજાતિ વિસ્તારના** ગામોમાં પીવાના પાણીના કામો માટે જોગવાઈ રૂ.૩૦૯.૨૫ કરોડ.
- **સાગરખેડુ વિસ્તારની** પાણી પુરવઠા યોજના માટે જોગવાઈ રૂ.૨૮૦ કરોડ.
- લોકભાગીદારી થકી પાણી સમિતિઓ દ્વારા ૧૫,૪૦૦ ગામોમાં પીવાના પાણીનું આંતરિક વિતરણ કરવા માટે જોગવાઈ રૂ. ૧૬૩ કરોડ.

**શિક્ષણ**

**શિક્ષણ વિભાગ હેઠળ જોગવાઈ રૂ.૧૯૦૦ કરોડ.**

**બદલાતા** જતા યુગમાં માનવ સંસાધનનો વિકાસ પ્રગતિનો પાયો છે. વૈશ્વિક સ્પર્ધાના આ યુગમાં ગુજરાતની યુવાશકિતનો વિકાસ તેને અનુરૂપ થાય તે માટે રાજયનું દીર્ઘજિષ્ટપૂર્ણ આયોજન રહયું છે અને તેના ભાગરૂપે દુનિયામાં પ્રથમ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, ભારતમાં પહેલી રક્ષાશકિત યુનિવર્સિટી, વિશ્વમાં પહેલી ચીલ્ડ્રન યુનિવર્સિટી, નેશનલ લૉ યુનિવર્સિટી, પેટ્રો- કેપીટલ એવા ગુજરાતમાં પેટ્રોલીયમ યુનિવર્સિટી, એટલું જ નહિ ડેરી ઉદ્યોગમાં હરણફાળ ભરી રહેલ ગુજરાત હવે કામધેનુ યુનિવર્સિટી સહિત મરીન એન્જિનિયરિંગ એન્ડ પોર્ટ મેનેજમેન્ટ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી યુનિવર્સિટી અને તાલીમ સંસ્થાઓની વૈવિધ્યપૂર્ણ શ્રૃંખલા સાથે સજજ થઈ રહયું છે.

- અંતરિયાળ વિસ્તારોની માધ્યમિક શિક્ષણની જરૂરિયાત સંતોષવા ૫૦૦૦ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ કરવા અને પ્રાથમિક શાળાઓના ૫૦૦૦ ઓરડાઓ બાંધવા માટેની જોગવાઈ રૂ. ૧૧૭ કરોડ.

- સર્વ શિક્ષા અભયિાન અને રાજય સરકારના ફાળાથી બાંધવામાં આવતાં ટોઈલેટ, બાઉન્ડરી વોલ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ વગેરે સુવિધાઓ માટે જોગવાઈ રૂ.૭૬.૨૨ કરોડ.
- સર્વ જનને શિક્ષણ અને શિક્ષણમાં ગુણવતા- આ ભગીરથ મનોરથને સિધ્ધ કરવા માટે ગુણોત્સવનું અભિયાન સફળ પુરવાર થયું છે. એ જ રીતે ૧૫ વર્ષથી વધુ વયના રાજયના બધા જ નાગરિકોને શિક્ષણનો લાભ મળી રહે તે માટે ધરે-ધરે શિક્ષણ પહોંચાડવા સરસ્વતી યાત્રા આરંભ કરવાનું કરયુંરૂ છે. વિદ્યાદાનના ઉત્તમ સેવાકાર્ય માટે ગુજરાતના યુવાનોને ૧૦૦ કલાકના સમયનું દાન કરવા માટે મુખ્યમંત્રીએ ટહેલ નાંખી છે અને યુવાશકિત દ્વારા ગુણોત્સવ અને સંકલ્પયાત્રાને લોકભાગીદારીથી સફળ કરવાનું આયોજન છે. તે માટે જોગવાઈ રૂ. ૧૩૫ કરોડ.
- ટેકનોલોજી ,કોમ્પ્યુટરનો યુગ, કોમ્પ્યુટર નેટવર્કના વધતા જતા વ્યાપ અને પ્રભાવને કારણે વર્તમાન પેઢીનો વાંચન-લેખનની પ્રવૃત્તિમાં ચિંતાજનક ધટાડો જોવા મળે છે. સદીઓથી પુસ્તકને ઉત્તમ મિત્ર માનવામાં આવે છે. ગુજરાતની ભાવિ પેઢીને પુસ્તકથી ઉત્તમ મિત્રો સાથે જોડવા માટેનું અભિયાન વાંચે ગુજરાત શરૂ કરવાની યોજના છે. ગુજરાતની સુવર્ણ જયંતીએ વાંચે ગુજરાત અભિયાન આવનારી પેઢી માટે આશીર્વાદરૂપ પુરવાર થશે. વાંચે ગુજરાત અભિયાન માટે જોગવાઈ રૂ.૬ કરોડ.
- વર્ષ ૨૦૦૦-૦૧માં ડિગ્રી એન્જિનિયરીંગની ૮૫૦૧ બેઠકો હતી. જે આજે ૩૨,૭૮૩ થઈ છે, જયારે ડિપ્લોમામાં ૨૦૦૦-૦૧માં બેઠકોની સંખ્યા ૧૩,૮૫૫ હતી, જે વધીને ૪૦,૭૬૦ થયેલ છે. આ બેઠકો હજુ પણ વધે તે હેતુથી લોકભાગીદારી યોજના હેઠળ નવી ૧૦ ઈજનેરી કોલેજો અને ૯ પોલિટેકનિક કોલેજો શરૂ કરવા માટે તેમજ ટેકનીકલ કોલેજોના નવા મકાનો, ગ્રંથાલયો, હોસ્ટેલો વગેરે બાંધવા માટે જોગવાઈ રૂ. ૩૦૩.૯૬ કરોડ.
- ૧૪ નવી ઉચ્ચ શિક્ષણની સરકારી કોલેજોના બાંધકામ માટે જોગવાઈ રૂ. ૪૨ કરોડ.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

રાજયમાં સામાન્યમાં સામાન્ય અને ગરીબ માણસને ગુણવદ્ઢાસભર તબીબી સહાય મળી રહે , રાજય સરકાર દ્વારા તબીબી સેવાઓ આપતી સંસ્થાઓની એક શ્રૃંખલા અસરકારક રીતે કામ કરતી થાય તેમજ રાજયમાં પ્રવર્તતી ડૉકટરો તથા પેરામેડીકલ સ્ટાફની તંગી દૂર કરી ઝડપથી વિકસતા જતા તબીબી સેવાના ક્ષેત્રોમાં રોજગારીની વિપુલ તકો ઉભી કરવા રાજય સરકારે સમયબધ્ધ આયોજન તૈયાર કર્યું છે. આ આયોજનને અમલમાં મૂકવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ **૫૮.૦૪ ટકાના વિક્રમી વધારા** સાથે **જોગવાઈ રૂ.૧૯૦૦ કરોડ.**

- એશિયાની સૌથી મોટી હોસ્પિટલ સિવિલ હોસ્પિટલના અપગ્રેડેશન માટે તેમજ ૨૦૧૧ના એકેડેમિક વર્ષમાં પાટણ, ગોત્રી (વડોદરા), સોલા (અમદાવાદ) અને વલસાડ ખાતે ૬૦૦ બેઠકોની નવી પ્રવેશક્ષમતા વધારવા તેમજ સ્વર્ણિમ જયંતિ વર્ષમાં ત્રણ નવી મેડિકલ કોલેજો શરૂ કરવા **જોગવાઈ રૂ.૪૫૯.૬૦ કરોડ.**
- **માતૃવંદના** અને **ચિરંજીવી યોજના** થકી સંસ્થાગત પ્રસૂતિનો દર ૯૦ ટકા સુધી લાવવા માટે **જોગવાઈ રૂ.૪૦.૫૦ કરોડ.**

- સરકારની આરોગ્ય વિષયક સેવાઓ ગુણવત્તાસભર બને તેમજ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પેટા કેન્દ્રોમાં હયાત સવલતો સુધારવા તેમજ જિલ્લા હોસ્પિટલોમાં પ્રવર્તમાન માળખાને સુધારવા **જોગવાઈ રૂ.૨૮૧.૯૪ કરોડ.**
- સમાજના છેવાડાના નાગરિકને સ્વાસ્થ્ય સેવાઓના ખર્ચ સામે વીમા કવચ પૂરું પાડતી **રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો** વ્યાપ ૧૦ જિલ્લાથી વધારી સમગ્ર રાજયને આવરી લેવા માટે **જોગવાઈ રૂ.૪૦.૨૩ કરોડ.**
- આયુર્વેદ તેમજ હોમિયોપેથીક ચિકિત્સા પધ્ધતિનો વ્યાપ વધારવા ગાંધીનગર જિલ્લાના **કોલવડા ખાતે રૂ.૨૫ કરોડના ખર્ચે મોડેલ આયુર્વેદિક કોલેજના બાંધકામ અને વિસ્તરણ અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે હોમિયોપેથીક મેડીકલ કોલેજ** શરૂ કરવા માટેનું આયોજન.
- અતિ લોકપ્રિય થયેલી **૧૦૮ સેવાઓમાં વધુ ૫૦ એમ્બ્યુલન્સ ઉમેરવા** અને હાલની એમ્બ્યુલન્સની જાળવણી માટે રૂા.૫૫.૫૦ કરોડ

**મહિલા અને બાળ વિકાસ**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે જોગવાઈ રૂ. ૮૯૬.૨૨ કરોડ.**

આંગણવાડીના ભૂલકાંઓ, સગર્ભા માતાઓ, કિશોરીઓના સ્વાસ્થ્યની ચિંતા રાજય સરકાર માટે અગ્રિમતા ધરાવે છે. આ માટે **રૂ.૬૯૫.૯૫ કરોડના ખર્ચે** આ મુજબની કામગીરી કરવામાં આવશે.

- સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત આંગણવાડીના **૩૩૦૦ નંદઘરનું** નિર્માણ.
- સગર્ભા માતાઓ, કિશોરીઓ અને નાના ભૂલકાંઓને કૂપોષણમાંથી બહાર લાવવા માટે **તૈયાર સુખડી, શીરો, ઉપમા અને બાલભોગ** પોષણ આહારનું વિતરણ.
- આંગણવાડીના **ચાલીસ લાખ** જેટલા ભૂલકાંઓને નિયમિત રીતે પોષણયુકત આહાર આપવાનું આયોજન.

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ**

**પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ હેઠળ જોગવાઈ રૂ.૭૪૦ કરોડ.**

ગુજરાતમાં પરંપરાગત ગામડાં કરતાં મોટા અને શહેરની બરાબરી કરે એવા ગામોની સંખ્યા અને તેમની જનસંખ્યા વધતી જાય છે. આવા સંજોગોમાં, વિકાસના એક એવા મોડેલની જરૂર છે, જેમાં **આત્મા ગામડાનો હોય અને સુવિધા શહેરની હોય.**

- ગુજરાતમાં એવા અનેક તાલુકામથકો છે જયાં તાલુકા મુખ્યમથક શહેર નથી. એવા ગામોને પ્રાથમિકતા આપી **રર્બન** યોજનાનો લાભ આપવા **જોગવાઈ રૂ.૧૮૫ કરોડ.**
- ગુજરાતના ગામડા પણ સ્વર્ણિમ જયંતીમાં હરખભેર ભાગ લેવા ઉત્સુક છે. આ ઉજવણીના કારણે વિકાસનું કાયમી કામ થાય તે હેતુથી **સીડ મની યોજના** હેઠળ **જોગવાઈ રૂ.૧૨૦.૨૬ કરોડ.**

- ૦ થી ૨૦ ની કેટેગરીના ગરીબી રેખા નીચેના કુટુંબોને ૧૦૦ ચોરસ વારના મફત પ્લોટ અને ૦ થી ૧૬ કેટેગરીના ગરીબી રેખા નીચેના કુટુંબોને આવાસ આપવા માટેની **જોગવાઈ રૂ.૧૨૭.૫૨ કરોડ.**
- અત્યાર સુધીમાં ૧૩,૫૦૦ ગ્રામ પંચાયતોને આવરી લેતી **ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના હેઠળ** બાકી રહેતા તમામ ગામોને આવરી લેવા માટેની **જોગવાઈ રૂ.૯૬.૨૦ કરોડ.**

**ગ્રામ વિકાસ**

**ગ્રામ વિકાસ પ્રભાગ હેઠળ ૩૪.૬૭ ટકાના વધારા સાથે જોગવાઈ રૂ.૯૩૪ કરોડ.**

સ્વર્ણિમ જયંતીના વિશેષ કાર્યક્રમ **મિશન મંગલમ્** અંતર્ગત સખી મંડળ અને સ્વસહાય જૂથોના ગરીબ, શોષિત પરિવારોને આર્થિક મદદ મળે, કૌશલ્ય માટે તાલીમ મળે, માર્કેટ જોડાણની સુવિધા મળે તે આ યોજનાનો હેતુ છે. નવા સખીમંડળોની રચનામાં ૭૦ ટકા બી.પી.એલ. સભ્યોનો સમાવેશ કરાશે. **મિશન મંગલમ્** પ્રવૃત્તિઓ માટે **જોગવાઈ રૂ.૯૫ કરોડ.**

- જળસંચય અને સંવર્ધનની પૂરક પ્રવૃત્તિઓના ભાગરૂપે શુષ્ક અને અર્ધશુષ્ક વિસ્તારોમાં ભેજ સંરક્ષણ માટે ચોમાસા પહેલા લાખો **ટેરેસ તલાવડી** બનાવવાનું આયોજન કરેલ છે જેથી ભેજ સંરક્ષણ, પાણીના તળમાં વધારો તથા ખેડૂતોનો અને વન વિસ્તારનો વિકાસ થાય અને પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળે.
- નિર્મળ ગુજરાત માટે **જોગવાઈ રૂ.૧૪૭.૪૨ કરોડ.**
- ઈન્ટિગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ માટે **જોગવાઈ રૂ.૭૧.૦૮ કરોડ.**
- સંપૂર્ણ સ્વસ્છતા અભિયાન પ્રોજેકટ માટે **જોગવાઈ રૂ.૩૧ કરોડ.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ જોગવાઈ રૂ.૩૦૧૫ કરોડ.**

ગુજરાતમાં ૪૦ ટકાથી વધુ જનસંખ્યા શહેરી વિસ્તારોમાં વસે છે અને ૫૦ ટકા જનસંખ્યા શહેરો પર નિર્ભર છે, ત્યારે શહેરી ગરીબોને વિકાસનો લાભ મળે, તેમના માટે માળખાકીય સુવિધાઓ ઊભી થાય, ગુજરાતના શહેરોનું માળખાકીય સ્તર ઉત્તરોડ્ઢર ઉડ્ઢમ બને તે હેતુથી **સ્વર્ણિમ ગુજરાત મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કરેલ જોગવાઈ રૂ.૧૧૭૧ કરોડ.**

- રાજયના પાંચ મિશન સીટીમાં વિવિધ આંતર માળખાકીય સુવિધા પૂરી પાડવા માટે **જોગવાઈ રૂ.૭૭૫ કરોડ.**
- ગરીબ લોકોને સુવિધાયુકત આવાસો પૂરા પાડવા માટે **જોગવાઈ રૂ.૩૫૦ કરોડ.**
- નિર્મળ શહેર યોજના માટે **જોગવાઈ રૂ.૧૭૬ કરોડ.**
- વાજપાઈ નગર વિકાસ યોજના માટે **જોગવાઈ રૂ.૫૦ કરોડ.**
- અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મેટ્રો લીંક એકસપ્રેસ સુવિધા આપવા માટે **મેટ્રો લીંક એકસપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ ટોભનબ૯** કંપનીની રચના કરવામાં આવી છે, જે બંને શહેરોને જોડતી મહત્વની ટ્રાન્સપોર્ટ સેવા માટે કાર્યરત રહેશે.

**માર્ગ અને મકાન**

**માર્ગ અને મકાન વિભાગ હેઠળ ૪૧.૦૬ ટકાના જંગી વધારા સાથે જોગવાઈ રૂ.૨૯૨૭ કરોડ.**

માર્ગ એ માત્ર આવન-જાવન માટેની સુવિધા જ નહિ પરંતુ સમૃધ્ધિનું પ્રવેશધ્વાર બની રહે તેવી રાજયની નેમ છે.

- ગુજરાતના જિલ્લા મથકો દેશના અન્ય મહાનગરોની બરાબરી કરી શકે તે રીતે આર્થિક પ્રવૃદ્ધિથી ધમધમતા થયા છે. તેને અનુરૂપ ગુણવદ્ઢાસભર રોડ નેટવર્ક ઉભું કરવા, જિલ્લાઓમાં હયાત માર્ગોની સુધારણા અને વિવિધ પ્રવૃદ્ધિથી ધમધમતા થયેલા ગુજરાતના બંદરો, સ્પેશીયલ ઈકોનોમીક ઝોન અને સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનને સાંકળતા રોડ નેટવર્ક માટે **જોગવાઈ રૂ.૫૬૩.૭૦ કરોડ.**
- ગુજરાતના અનેક તાલુકા એવા છે, જયાં તાલુકાનું મુખ્ય મથક નગરપાલિકા નથી. આવા તાલુકા મુખ્યમથકોને વિકાસપથ જેવા ઉદ્ઢમ રસ્તા ઉપલબ્ધ કરાવવા **સ્વર્ણિમ ઉજવણી વર્ષમાં જોગવાઈ રૂ.૧૫૦ કરોડ.**
- વિકાસની યાત્રામાં ઉમળકાભેર જોડાયેલા આદિવાસી વિસ્તારની પૂર્વ પટ્ટી અને સાગરખેડુ વિસ્તારની પશ્ચિમ પટ્ટી ઉપરાંત છેવાડાના વિસ્તારોને જોડતા ૯ **પ્રગતિપથની** યોજનાના કામો **સ્વર્ણિમ ઉજવણી વર્ષમાં પૂર્ણ કરવા માટે માતબર જોગવાઈ રૂ.૩૫૦ કરોડ.**
- ગ્રામ્ય વિસ્તારોના રસ્તાઓ માટે ખૂબ જ વિસ્તૃત જોગવાઈ સૂચવવામાં આવી છે. તેમાં અન્ય યોજનાઓ ઉપરાંત **ખાસ અંગભૂત યોજના** હેઠળ ૧૮૮૨ ગામોના રસ્તાઓની સપાટી સુધારવા માટે **જોગવાઈ રૂ.૧૭૯ કરોડ** તથા **કિસાનપથ યોજના** હેઠળ ૨૯૭૨ કિલોમીટરના રસ્તાઓ માટે **જોગવાઈ રૂ.૧૩૧.૬૨ કરોડ** તથા ડામર સપાટીવાળા ગ્રામ્ય રસ્તાઓનું મજબૂતીકરણ અને સપાટી સુધારણા માટે **જોગવાઈ રૂ.૧૫૯.૪૦ કરોડ.**
- અતિવૃષ્ટિમાં હાલાકી ભોગવતા ગામોને આવી યાતનાઓથી મુકત કરવા બારમાસી રસ્તાઓ પૂરા પાડવા માટે **જોગવાઈ રૂ.૯૨.૦૬ કરોડ.**
- શહેરી વિસ્તારોમાં કિસાનપથના બાકી રહેતા કામો માટેની **જોગવાઈ રૂ.૬૦ કરોડ.**
- 

**બંદરો અને વાહન વ્યવહાર**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હેઠળ ૭૧.૮૫ ટકાના જંગી વધારા સાથે જોગવાઈ રૂ. ૫૨૫ કરોડ.**

ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ- એ મંત્રને ચરિતાર્થ કરતું ઉદ્ઢમ ઉદાહરણ એટલે ગુજરાતના બંદરોનો ધમધમાટ. વૈશ્વિક વ્યાપારના યુગમાં ભારતના અડધા કરતાં વધારે વિસ્તારને સેવાઓ આપવાનું સૌભાગ્ય ગુજરાતને મળ્યું છે. ગુજરાતના બંદરોના વિકાસ માટે રાજય જે મથામણ કરે છે, પ્રોત્સાહક યોજનાઓ બનાવે છે, તેનો સીધો લાભ ભારતના અર્થતંત્રને મળી રહ્યો છે. બંદરોનો વિકાસ રાષ્ટ્રીય સ્તરે અને વૈશ્વિક સ્તરે અત્યંત અનિવાર્ય બન્યો છે. આ ભગીરથ કાર્યનો મોટો ભાર ગુજરાત જેવા એક નાનકડા રાજયે ઉપાડયો છે.

વર્તમાન સંદર્ભમાં દરિયાકિનારાની સુરક્ષા પણ મહત્વનો મુદ્દો છે અને ગુજરાત મેરિટાઈમ બોર્ડ તથા ખાનગી ક્ષેત્રના સહભાગીઓ ગુજરાતની સમુદ્રી સગવડો અને સુરક્ષા આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસારના બને તે માટે પગલાં લઈ રહ્યા છે. શીપ બિલ્ડીંગ જેવા બંદર આધારિત ઉદ્યોગના વિકાસ થકી ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોના લોકોના અપ્રતિમ વિકાસ થાય એ સ્વપ્ન સાકાર કરવાનો અવસર આવી ગયો છે.

બંદરો આધારિત ઉદ્યોગો વિકસાવવા અને બંદરોની ક્ષમતામાં વધારો કરવા માટે **ગુજરાત મેરિટાઈમ બોર્ડ** ખાનગી રોકાણકારો સાથે સંકલન કરીને **નવા પ્રોજેકટ હાથ ધરશે: જેમાં-**

- દહેજ અને ભાવનગર ખાતે કલસ્ટર સ્વરૂપે મરિન શીપ બિલ્ડીંગ પાર્ક માટે રોકાણ **રૂ.૩૪૦૦ કરોડ.**
- હજીરા પોર્ટના વિસ્તરણ માટે રોકાણ **રૂ.૧૫૦૦ કરોડ.**
- દહેજ ખાતે નવા ટર્મિનલ માટે રોકાણ **રૂ. ૨૦૦૦ કરોડ.**
- તમામ બંદરો માટેના સર્વગ્રાહી પર્યાવરણ માસ્ટર પ્લાન માટે ખર્ચ **રૂ. ૧૨૦ કરોડ.**
- સમુદ્રી સુરક્ષા અને જહાજોની ટ્રાફિક વ્યવસ્થાપન પધ્ધતિ માટે રોકાણ **રૂ.૧૨૫ કરોડ.**

**વાહન વ્યવહાર**

કાર્યક્ષમ વાહન વ્યવહાર વ્યવસ્થા આધુનિક યુગમાં આર્થિક વિકાસ માટેનું મહત્વનું પરિબળ છે. છેલ્લા એક દાયકામાં ગુજરાતે આ ક્ષેત્રે ટેકનોલોજીના અદ્યતન ઉપયોગ થકી ઘણીબધી પહેલ કરી છે. તેની સાથોસાથ, રાજયમાં વાહન વ્યવહાર સલામત અને અસરકારક રીતે ચાલે તે માટેનું નિયંત્રણ પણ કરે છે.

- રાજયના અંતરિયાળ ગામોને પણ પરિવહન સેવા મળી રહે તે માટે ૨૦૦૦ નવી બસો માટે સહાય **રૂ. ૩૧૧ કરોડ.**
- પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના આધારે **૨૧ બસસ્ટેશનોનું અપગ્રેડેશન** અને ૫૦ ડેપો ખાતે કોમ્પ્યુટરાઈઝડ ઈન્ટિગ્રેટેડ ડેપો મેનેજમેન્ટ સિસ્ટમનું અમલીકરણ.
- **વિદ્યાર્થીઓની સુવિધા માટે ૧૨૦૦ નવી ટ્રીપ શરૂ** કરવામાં આવશે.
- માર્ગ સલામતીને ઘ્યાને લઈને લોકજાગૃતિ અને તાલીમ માટે **જોગવાઈ રૂ.૯.૮૦ કરોડ.**
- તમામ આર.ટી.ઓ. કચેરીઓ અને લાયસન્સ આપવા માટેની સમગ્ર પધ્ધતિનું કોમ્પ્યુટરાઈઝેશન કરવા માટે તથા ચેકપોસ્ટોનું કોમ્પ્યુટરાઈઝેશન અને અપગ્રેડેશન કરવા માટે **જોગવાઈ ૫૬.૮૦ કરોડ.**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ ૮૭ ટકાના ધરખમ વધારા સાથે જોગવાઈ રૂ. ૧૭૩૫ કરોડ.**

ગુજરાતનો માથાદીઠ વીજ વપરાશ સરેરાશ રાષ્ટ્રીય વીજ વપરાશ કરતાં બમણો છે. ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસની હરણફાળ, સંપૂર્ણપણે અમલી બનેલ જયોતિગ્રામ યોજના અને સતત ઉંચા જતાં જીવનધોરણને કારણે, વીજળી જીવનનું અને વિકાસનું અનિવાર્ય અંગ બની છે. ગરીબોના કલ્યાણને વરેલી ગુજરાત સરકારે સ્વર્ણિમ જયંતી વર્ષમાં ગરીબોના ઝુંપડામાં પ્રકાશ પથરાય તે માટે અંદાજે પાંચ લાખ ગરીબ પરિવારોને ધરગથ્થુ વીજજોડાણ પૂરા પાડવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યુ છે.

- વીજ ઉત્પાદન ક્ષેત્રે વધુ ૨૦૦૦ મેગાવૉટની ઉત્પાદન ક્ષમતા વધે તે માટે એક-એક હજાર મેગાવૉટની ક્ષમતાના બે નવા ગેસ અધારિત વીજ મથકો સ્થપાશે.
- ૧૯૬૦માં ગુજરાતે ૩૧૫ મેગાવૉટ વીજળીની ક્ષમતા સાથે વિકાસની યાત્રાનો પ્રારંભ કર્યો હતો. ગત ૫૦ વર્ષમાં ૧૧,૭૧૧ મેગાવૉટની વીજ ઉત્પાદનની ક્ષમતા સુધી આપણે પહોંચયા છીએ અને આગામી સુવર્ણ જયંતિ વર્ષમાં વધુ ૩૦ ટકા જેટલો ઐતિહાસિક કુદકો ભરી નવી ૩૫૮૩ મેગાવૉટ વીજળી ઉ)પાદન વધારવાનો મકકમ નિર્ધાર છે.
- તાજેતરમાં જ આદિવાસી વિસ્તારમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તેસબ-સ્ટેશનનું ઉદઘાટન કરીને ૧૦૦૦ સબ સ્ટેશનોની વીજળી ક્ષોત્રની મશત્વપૂર્ણ માળખાકીય સુવિધા જનતા જનાર્દનનાં ચરણોમાં સમર્પિત કરી છે. ગુજરાતની વિકાસયાત્રામાં પૂર ઝડપે ભાગીદાર બની રહેલ **આદિજાતિ વિસ્તારમાં નવા ૨૧ સબ-સ્ટેશનો અને સાગરખેડુ વિસ્તારમાં નવા ૨૨ સબ-સ્ટેશનો સાથે કુલ ૧૪૦ નવા સબ-સ્ટેશનો સ્થાપવામાં આવશે.**
- હાલમાં રાજયમાં ૩૭,૪૧૫ સર્કિટ કિલોમીટરની ટ્રાન્સમીશન લાઈન કાર્યરત છે, તેમાં આગામી એક જ વર્ષમાં **૫૫૫૦ સર્કિટ કિલોમીટર ટ્રાન્સમીશન લાઈનનો** વધારો કરવામાં આવશે, જે ૧૫ ટકા જેટલો નોંધપાત્ર વધારો છે. વીજ પ્રવહન માળખાને સુજ્ઢ બનાવવા જેટકો કંપની દ્વારા અગામી વર્ષો આશરે **રૂ.૩૦૦૦ કરોડનો** ખર્ચ કરવામાં આવશે.
- સમગ્ર વિશ્વને જયારે ગ્લોબલ વોર્મિંગનો ભય સતાવી રહયો છે ત્યારે બિનપરંપરાગત ઉર્જામાં વધારો કરવા વધુ ૫૦૦ મેગાર્વોટનો ઉમેરો કરીને **કુલ ૨૩૫૦ મેગાર્વોટ પવન સ્થાપિત** કરવાનું આયોજન.
- રાજય સરકારે સૌર ઉર્જા દ્વારા વીજ ઉત્પાદન માટે કુલ ૭૧૬ મેગાર્વોટના પ્રોજેકટને મંજૂરી આપેલ છે. **કિલન્ટન કલાઈમેન્ટ ઈનિશીયેટીવ્સ** તથા અન્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ડેવલપર્સ દ્વારા **સોલાર પાવર પ્રોજેકટ અને સોલાર પાર્ક સ્થાપવા માટે સમજૂતિ કરારો** કરવામાં આવેલ છે.

**ઓઈલ અને ગેસ**

ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના રસોઈના બજેટમાં ધટાડો થાય, તેમને ગેસના બાટલા મેળવવાની ઝંઝટમાંથી મુકિત મળે તે હેતુસર સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં ગેસ ગ્રીડના માધયમથી બે લાખ ધરોમાં પાઈપલાઈન દ્વારા ગેસ પહોંચાડવાનું આયોજન છે.

- આગામી વર્ષે વધુ ૭૫ સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.
- ડાયરેકટર જનરલ ઓફ હાઈડ્રોકાર્બન દ્વારા કે.જી. ડેવલપમેન્ટ વિકાસ યોજનાના દીનદયાળ-૧ ના વિકાસ પ્લાનને મંજૂરી મળેલ છે અને **GSPC** એ આગળની કાર્યવાહી શરૂ કરી છે.

માળખાકીય સુવિધામાં વીજળી અને પાણીની લાઈનો, જીસ્વાન નેટવર્ક અને રસ્તાઓની જેમ ગેસ ગ્રીડનું નેટવર્ક એક નોખી ભાત પાડશે. ગુજરાત ભારતનું એવું પ્રથમ રાજય બનશે જેમાં ખૂણુ-ખૂણે ગીડનું વિસ્તૃત નેટવર્ક ઉપલબ્ધ હોય, ગેસના પરિવહન માટે હાલમાં ગુજરાતમાં ૧૫૫૦ કિલોમીટરનું ગેસ ગીડ નેટવર્ક કાર્યરત છે, જેમાં મોટા પાયે વધારો કરવાનું આયોજન છે.

**ઉદ્યોગ અને ખાણ**

**ઉદ્યોગ, ખાણ અને પ્રવાસન હેઠળ ૩૫.૯૬ ટકાના વધારા સાથે જોગવાઈ રૂ.૧૨૯૩ કરોડ.**

રાજયમાં રોજગારી વધારવા માટે ઉદ્યોગો ઝડપથી વિકસે તે જરૂરી છે. આ માટે રાજય સરકારે વર્ષ ૨૦૦૯માં ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ જેવી વૈધાનિક જોગવાઈઓ કરી છે. જે અન્વયે માત્ર એક વર્ષના ટૂંકા ગાળામાં સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ જાહેર કરવામાં આવ્યા છે, જેમાં-

- ધોલેરા સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન
- ધી ગુજરાત પેટ્રોલિયમ કેમિકલ અને પેટ્રોકેમિકલ સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન, જિલ્લો ભરૂચ
- અલિયા બેટ એન્ટરટેઈનમેન્ટ એન્ડ ઈકો ડેવલમેન્ટ સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન, જિલ્લો ભરૂચ
- સાંતલપુર સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન, જિલ્લો પાટણ
    - પછાત અને આદિજાતિ વિસ્તારોમાં યુવાનોને સ્થાનિક રોજગારી મળી શકે તે માટે ૩૦ જી.આઈ.ડી.સી. વસાહતોનો વિકાસ કરવાનું આયોજન.
    - રાજયના અંતરિયાળ વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસના કામોને સર્વ પ્રકારની કનેકટીવીટી મળે તે માટે જોગવાઈ રૂ.૧૭૮.૪૪ કરોડ.
    - **માનવકલ્યાણ ટુલ કીટ યોજના** થકી બી.પી.એલ. વ્યકિતઓ માટે રોજગારીની તકોનું આયોજન કરવા માટે **જોગવાઈ રૂ.૨૯.૫૦ કરોડ.**
    - આપણે ત્યાં આપણે છે કે ઝાઝા હાથ રળિયામણા. ભારત જેવા દેશમાં સૌથી વધુ માનવબળ છે ત્યાં ?બ(( ઉચ્:મ્ગ્'ત્યુ:ઘ ના બદલે ઉચ્:મ્ગ્'ત્યુ:ઘ ખ્થ્ ?બ((ભ્( નો મંત્ર ચરિતાર્થ કરવા લઘુઉદ્યોગ અને મધ્યમકક્ષાના ઉદ્યોગોની એક આખી જાળ રાજયના ખૂણે-ખૂણે પથરાય, યુવા પેઢીને વધુમાં વધુ રોજી મળે તેવા ઉમદા હેતુથી ઉદ્યોગોમાં નવા મૂડી રોકાણને પ્રોત્સાહન આપવા માટે **જોગવાઈ રૂ.૧૪૪.૪૬ કરોડ.**
    - ઉદ્યોગોની માંગને અનુરૂપ સ્થાનિક રોજગારીની તકો ઊભી કરવા માટે જી.આઈ.ડી.સી. એસ્ટેટમાં લોકભાગીદારીથી **૧૦૦ જેટલા સ્કીલ અપગ્રેડેશન સેન્ટર** કાર્યરત કરવાનું આયોજન.
    - દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરનો ગુજરાત વધારેમાં વધારે લાભ લે તે માટે ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરની બંદરો સાથેની કનેકટીવીટી માટે આયોજનની કામગીરી હાથ ધરેલ છે.
    - ભારતમાં ઔદ્યોગિક અને વ્યવસાયિક ક્ષેત્રે ચાલતી પ્રવૃત્તિઓ માટે ગુજરાત પ્રેરણાનું કેન્જ્ રહ્યું છે. સાથે સાથે પાટનગર ગાંધીનગરની પણ એક આગવી ઓળખ બને તે આવશ્યક છે. આ બંને હેતુઓ સાકાર કરવા સ્વર્ણિમ જયંતીની યાદગીરીરૂપે ગાંધીનગર ખાતે **રૂ.૧૦૦ કરોડથી વધુ ખર્ચે મહાત્મા મંદિરનું નિર્માણ** કરવામાં આવશે. આગામી વર્ષ માટે **જોગવાઈ રૂ.૩૨.૬૦ કરોડ.**
    - ખનિજ રાજયની મહામૂલી સંપત્તિ છે. તેનો સદુપયોગ થાય, પૂરતું વળતર મળે અને તેની મૂલ્યવૃદ્ધિ થાય તેવા વ્યાપક હેતુથી આખીયે વ્યવસ્થાનું આધુનિકરણ કરવા માટે **જોગવાઈ રૂ.૬૦.૬૭ કરોડ.**

**પ્રવાસન અને યાત્રાધામ**

ગુજરાત પાસે ગીરના સિંહ, સોમનાથ અને દ્વારકા જેવા યાત્રાધામ અને મહાત્મા ગાંધી જેવી વૈશ્વિક પ્રતિભા હોવા છતાં ગુજરાતનું સ્થાન પ્રવાસનના નકશા પર ન હતું. ગુજરાતીઓ વિશ્વ પ્રવાસીઓ હોવા છતાં પણ ગુજરાત પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્જ્ર ન હતું. ગુજરાત પ્રવાસન ધામ બને તે માટે અઘરૂ લાગતું કામ આ સરકારે હાથ ધર્યું છે અને તેના સુફળ પણ આજે જોવા મળી રહયા છે.

- અત્યાર સુધી પ્રમાણમાં ઓછા જાણીતા સાપુતારા-ડાંગ વિસ્તારમાં રામાયણ સાથે સંકળાયેલા અનેક પવિત્ર સ્થળો આવેલા છે, જેમ કે, પવનપુત્ર હનુમાનજીનું જન્મ સ્થળ-અંજનીકુંડ, માતા અંજનીનું નિવાસસ્થાન-**અંજનીગુફા,** જે સ્થળે માતા શબરી ભગવાન રામની પ્રતિક્ષામાં બોર લઈ રાહ જોતાં હતા તે **ગૌતમ આશ્રમ** અને જયાં માતા સીતાજીને સ્નાન કરવા માટે રામબાણના પ્રયોગ થકી ધરતીમાંથી ઝરણું પેદા થયું તે **ઉનાઈ (હું ન્હાઈ).** આવા ઐતિહાસિક સ્થળોને સાંકળી પ્રવાસનનો વિકાસ કરવા માટેનો એક સુયોજિત પ્લાન સરકારે તૈયાર કરાવ્યો છે. આ આખી શ્રૃંખલાને શ્રીલંકાની **રામાટ્રેલની** જેમ **રામ-હનુમાન પાવન પથ** તરીકે વિકસાવવા માટે સરકાર કટિબ છે, જેના માટે આગામી વર્ષની **જોગવાઈ રૂ.૧૦ કરોડ.**
- ગુજરાત પાસે અનેક બૌ પુરાતત્વીય સ્થળો હોવાનું ગૌરવ છે, જેને બુસ્ટ સર્કિટ તરીકે વિકસાવવાનું આયોજન છે. તાજેતરમાં પૂજય દલાઈ લામાની ઉપસ્થિતિમાં અત્યંત સફળતાપૂર્વક યોજાયેલ વિશ્વ બુસ્ટ કોન્ફરન્સને મળેલ અપ્રતિમ પ્રતિસાદને પગલે જૂનાગઢ-ઉપલેટા-કચ્છ-દેવની મોરી-વડનગર-વિસનગર-ભરૂચ બુસ્ટ સર્કિટ વિકસાવવા માટેનું આયોજન.
- વિશિષ્ટ યાત્રાધામો પાલિતાણા, સોમનાથ,` દ્વારકા, ડાકોર, અંબાજી, બિંદુ (સિધ્ધેશ્વર) સરોવર તથા ગિરનારના વિકાસ માટે **જોગવાઈ રૂ. ૬ કરોડ.**
- એશિયાઈ સિંહ, સિંધુખીણની સંસ્કૃતિના કેન્જ્ર એવા ધોળાવીરા, યુનેસ્કો દ્વારા અધિકૃત વર્લ્ડ હેરિટેજ સાઈટ ચાંપાનેરના વિકાસ માટે સધન પ્રયાસ.
- ભારત એ રાજય પરંપરાનો નહિ પણ સંત પરંપરાનલ દેશ છે. ભારત સંતો, મહંતો, ૠષિઓ, આચાર્યોના પુણ્યપ્રતાપે મહાન સંસ્કૃતિનું ધની છે. ભારતની ભાવી પેઢીને ભારતની મહાન સંત પરંપરાનો સહજ રીતે પરિચય થાય, સંસ્કૃતિનું ગૌરવ થાય અને જીવન મૂલ્યોના પાઠ શીખવા મળે તેવી એક વિકટ **સંત નગરી** ના નિર્માણની કલ્પના છે, જેમાં ભારતના લઘુસ્વરૂપ હોય તેવા ગઈ પાંચ સદીના દેશભરના ૨૫૦૦ કરતા વધારે સંતો, તેમના ઉપદેશ અને પરંપરાનો તાજ્શ ચિતાર હોય અને જે દેશભરના યાત્રીઓ માટે એક આધુનિક તીર્થ બની રહે આ માટે **જોગવાઈ રૂ. ૧૦ કરોડ.**

**રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**

**રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હેઠળ ૭૬.૨૫ ટકાના જંગી વધારા સાથે જોગવાઈ રૂ.૧૯૮.૭૨ કરોડ.**

૧લી મે-૨૦૧૦ના સ્વર્ણિમ જયંતીના મેગાલવેન્ટની દેશ અને દુનિયા નોંધ લે તે પ્રકારનું આયોજન વિચારેલ છે.

**જયાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત**- એ આપણા બધાનો અનુભવ છે. તેથી સ્વાભાવિક રીતે જ સ્વર્ણિમ ગુજરાત વર્ષની ઉજવણી ભૌગોલિક મર્યાદાઓમાં સીમિત ન રહેતાં દેશના અને વિશ્વના ખૂણે-ખૂણે બધા જ મોટા શહેરોમાં આવા કાર્યક્રમ કરવા માટે ગુજરાતી સમાજો ઉત્સાહથી જોડાયા છે, એ ગૌરવપૂર્ણ બાબત છે. સ્વર્ણિમ જયંતીમાં નાગરિકો સંકલ્પ લે અને રાજય માટે કંઈક કરી છૂટવાની નેમ સાથે આગળ વધે એવો ઉમદા અભિગમ સમાજજીવનમાં પહેલીવાર પ્રગટયો છે. શહેરી વિસ્તારોની સ્વર્ણિમ યાત્રાને અભૂતપૂર્વ સફળતા મળી છે અને ગામડાઓમાં સ્વર્ણિમ સંકલ્પ લેવા માટેની પ્રેરણા આપી રહેલ છે.

ગુજરાતની યુવાશકિતને, તેના સાર્મથ્યને અને મહત્વાકાંક્ષાને પ્રોત્સાહિત કરવા માટે સ્વર્ણિમ જયંતીથી રૂડો બીજો અવસર ન હોઈ શકે. યુવા પ્રતિભા ખીલી ઉઠે તે માટે રમત-ગમત ક્ષેત્રે ગુજરાતની એક આગવી ઓળખ ઊભી થાય તેવા લાંબાગાળાના સ્વપ્નને સાકાર કરવા **ખેલમહાકુંભ-૨૦૧૦નું** આયોજન વિચારેલ છે.

**અનુસૂચિત જનજાતિ કલ્યાણ**

**અનુસૂચિત જનજાતિ કલ્યાણના કાર્યક્રમો હેઠળ જોગવાઈ રૂ.૪૧૦.૯૫ કરોડ.**

અંબાજી થી ઉમરગામ સુધી વિસ્તરેલ ગુજરાતની પૂર્વ પીના આદિવાસી વિસ્તારમાં અનુસૂચિત જનજાતિના નાગરિકોના કલ્યાણ માટે રાજય સરકારે મહત્વની **વનબંધુ યોજના** અમલમાં મૂકેલ છે. આ યોજના હેઠળ થઈ રહેલ કામગીરીના સુફળ હવે દેખાવા માંડયા છે.

- **વનબંધુ** કલ્યાણ યોજનાની જોગવાઈ જુદા-જુદા વિભાગો હેઠળ કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત વિકાસ માટેના ૧૦ મુદ્દા જેવા કે રોજગારી, શિક્ષણ, આરોગ્ય, પાઈપલાઈનથી પાણી, સિંચાઈની સુવિધા, બારમાસી રસ્તાઓ, વીજળીકરણ અને શહેરી વિકાસ જેવી કામગીરીને અગ્રતા અપાઈ છે.
- અન્ય રાજયોને અડીને આવેલ ૩૮૫ ગામોના ચોવીસ હજાર જેટલા અતિ પછાત આદિમ જૂથ કુટુંબોને પાયાની સગવડો માટે **જોગવાઈ રૂ.૨૭.૬૭ કરોડ.**
- એકલવ્ય નિવાસી શાળાઓ, કન્યા શાળાઓના બાંધકામ માટે **જોગવાઈ રૂ.૨૯ કરોડ.**
- આદિજાતિ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓની હાજરી સુધારવા માટે બાયોમેટ્રીક સિસ્ટમ માટે **જોગવાઈ રૂ.૨૭ કરોડ.**
- આદિવાસી ક્ષેત્રોમાં સરકાર સંચાલિત ૧૪ છાત્રાલયો અને ૩ આદર્શ નિવાસી શાળાઓના બાંધકામ માટ ેજોગવાઈ **રૂ.૧૨.૫૯ કરોડ.**
- સીકલસેલ એનીમીયા નામના ગંભીર રોગ માટે ધનિષ્ઠ સ્ક્રીનીંગ કરી મદદરૂપ થવાનું આયોજન.

**અનુસૂચિત જાતિ કલ્યાણ**

ગુજરાતમાં અનુસૂચિત જાતિના વિકાસના એક નવા યુગના મંડાણ થયા છે. જેને અનુલક્ષીને **જોગવાઈ રૂ.૧૩૩૧.૮૦ કરોડ.**

- જામનગર ખાતે સરકારી કન્યા છાત્રાલય અને રાજકોટ ખાતે પોસ્ટ ગ્રેજયુએટ હોસ્ટેલનું બાંધકામ કરવામાં આવશે.
- બેરોજગાર યુવક / યુવતીઓને નોકરીની તકો પૂરી પાડવા માટે હાઈસ્કીલ તાલીમ આપવામાં આવશે.

- ગ્રાન્ટેડ આશ્રમશાળાઓમાં આશ્રમશાળા દીઠ બે-બે કોમ્પ્યુટર આપવામાં આવશે.

**વિકસતી જાતિ કલ્યાણ**

**વિકસતી જાતિ કલ્યાણ યોજના માટે જોગવાઈ રૂ.૩૧૦ કરોડ.**

- જુનાગઢ અને પોરબંદર ખાતે છાત્રાલયોના અને રાજકોટ ખાતે નિવાસી શાળાના મકાનના બાંધકામ માટે **જોગવાઈ રૂ.૩.૩૦ કરોડ.**
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક રીતે પછાતવર્ગો અને વિચરતી વિમુકત જાતિઓના અંદાજીત અડતાલીસ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ અને ગણવેશ આપવામાં આવશે. **જોગવાઈ રૂ.૧૨૦ કરોડ.**

**સમાજ સુરક્ષા**

સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકો, નિરાધાર મહિલાઓ, વિકલાંગો, વયોવૃધ્ધ વ્યકિતઓ અને અન્ય નબળા વર્ગોના વિકાસ માટે રૂ.૧૨૦ કરોડનો વધારો કરી **જોગવાઈ રૂ.૨૩૫ કરોડ.**

- વૃધ્ધોના કલ્યાણ માટેની **વયવંદના તથા અન્ય યોજનાઓ માટે જોગવાઈ રૂ.૧૫૮.૬૨ કરોડ.**
- વરિષ્ઠ નાગરિકોના હકકોના રક્ષણ માટે જિલ્લાઓમાં ટ્રિબ્યુનલ અને એપેલેટ ટ્રિબ્યુનલ ઉભી કરાશે.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ ૬૦ ટકાના વધારા સાથે જોગવાઈ રૂ.૨૦૦ કરોડ.**

આગામી સમય જ્ઞાનપ્રેરિત તાકાતનો બની રહેશે, જેમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનું યોગદાન મહત્વનું બનશે. રાજય સરકારે આ ક્ષેત્રને કેન્દ્રસ્થાને મૂકી સાયન્સ સીટીમાં વિશિષ્ટ સવલતો ઉભી કરી છે. તાજેતરમાં ચીલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ માટે રાજયની પસંદગી એ ગુજરાતની આ ક્ષેત્રે વિશિષ્ટ સ્વીકૃતિનું પ્રતીક છે. વર્ષ ૨૦૦૯માં ગુજરાત રાજયના વિવિધ વિભાગો કે એકમોને **જાહેર વહીવટમાં ટેકનોલોજીના ઉત્કૃષ્ટ ઉપયોગ માટે ૧૩ જેટલા વિવિધ સંસ્થાઓના એવોર્ડ** મળેલ છે.

- જીસ્વાનના બીજા ચરણ માટે **જોગવાઈ રૂ.૩૮.૪૩ કરોડ.**
- સાયન્સ સીટી અમદાવાદ ખાતે નવા ચાર પેવેલીયનની સ્થાપના માટે **જોગવાઈ રૂ.૩૨ કરોડ.**
- ઈન્સ્ટીટયુટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ ધ્વારા ભૂગર્ભની હિલચાલની માહિતી માટે સાધનોની ખરીદી તથા અન્ય કામો માટે **જોગવાઈ રૂ.૨૧.૬૭ કરોડ.**
- ગુજરાત બાયોટેકનોલોજી મિશન અને બાયોટેકનોલોજી વેન્ચર ફંડને સુદૃઢ બનાવવા માટે **જોગવાઈ રૂ.૩૪.૧૫ કરોડ.**

**માહિતી અને પ્રસારણ**

**માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળ જોગવાઈ રૂ.૫૦ કરોડ.**

અમારે મન માહિતી અને પ્રસારણ વિભાગ એ નાગરિક સશકિતકરણનું કાર્ય છે. લોકશાહીમાં નાગરિકને તેના લાભ અને હિતની વાતો જાણવાનો પૂરતો અવસર મળે, સરકારી યોજનાઓનો લાભ લેવાની સુવિધા વધે તે માટે તથા કલ્યાણલક્ષી યોજનાઓ અને લાભાર્થી એવા નાગરિકો વચ્ચે જીવંત સંપર્ક જળવાઈ રહે તે જરૂરી હોય છે. માહિતી અને પ્રસારણ વિભાગ આધુનિક ટેકનોલોજીના માધ્યમથી, સમર્પિત માનવબળથી, આધુનિક પ્રચાર અને પ્રસારના માધ્યમોથી નાગરિકો સુધી સીધો સંવાદ પ્રસ્થાપિત કરી શકે તે માટે રાજય સરકાર કાર્યરત છે.

**મહેસૂલ**

**મહેસૂલ વિભાગ હેઠળ જોગવાઈ રૂ.૪૪૭ કરોડ.**

કોઈપણ રાજયવ્યવસ્થામાં આપત્તિ વ્યવસ્થાપન તેમજ પાયાના કરવેરા થકી રાજયની તિજોરીની આવક તથા સમગ્ર રાજય વ્યવસ્થાની કરોડજજુ તરીકે મહેસૂલ વિભાગ કામ કરે છે. આ વિભાગની સેવાઓ અને નિયંત્રણ છેક ગ્રામ્ય વિસ્તાર સુધી વિસ્તરેલા છે. પૂર, ધરતીકંપ, મહામારી જેવી કટોકટીની પરિસ્થિતિમાં આ વિભાગ આપત્તિ વ્યવસ્થાપન થકી સેવા આપે છે. સામાન્યમાં સામાન્ય માણસને પણ સ્પર્શતી આ વિભાગની સેવાઓ પારદર્શક તેમજ સક્ષમ બની રહે તે માટે રાજય સરકાર કટિબધ્ધ છે. છેલ્લા એક દશકામાં આ દિશામાં સરલીકરણથી માંડીને ટેકનોલોજીના ઉપયોગ સુધીની અનેક કાર્યવાહી રાજય સરકારે કરી છે.

- ડીજીટલ ગ્રાઉન્ડ પોઝીશનીંગ સીસ્ટમ અને સેટેલાઈટ ઈમેજરી ધ્વારા સમગ્ર રાજયની જમીનનો રી-સર્વે કરવાના અત્યંત મહત્વાકાંક્ષી અભિયાન માટે **જોગવાઈ રૂ.૩૬.૧૩ કરોડ.**
- પાયાના સ્તરની મહેસૂલી કામગીરી વધુ સુદૃઢ કરવા માટે અલગ સંવર્ગ માટે પ્રથમવાર ૧૮૦૦ તલાટીની ભરતી કરવામાં આવશે.
- શહેરી વિસ્તારની જનતાને ઝડપથી પ્રોપર્ટી કાર્ડ મળી રહે તે માટેનું આયોજન.

**ગૃહ**

**ગૃહ વિભાગ માટે જોગવાઈ રૂ.૪૭૦ કરોડ.**

નાગરિકો તેમના અધિકારો તેમજ સંપત્તિ સ્વતંત્રતાથી અને નિર્ભયતાપૂર્વક ભોગવી શકે તે માટે તેમજ પ્રવર્તમાન સમયમાં વિસ્તરી રહેલા આતંકવાદના ઓછાયાને ડામવા સક્ષમ ગૃહ વિભાગ પાયાની જરૂરિયાત છે. રાજયના ગૃહ વિભાગે આર્થિક ગુનાઓની સમસ્યા સામે ઝઝૂમવાનું હોય છે. તેની સાથોસાથ સરહદ પારથી આવતો આતંકવાદ પણ ગુજરાત અને દેશ માટે મોટો પડકાર બની રહે છે. આવા વિપરીત વાતાવરણમાં પણ છેલ્લા એક દશકામાં ગુનાખોરીના પ્રમાણને સતત ઘટાડતા રહીને રાજયના ગૃહ વિભાગે પ્રસંશનીય કામગીરી કરી છે.

- ગૃહ વિભાગ અને પોલીસ, જેલ, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરીઓને જોડતું સોફટવેર તૈયાર કરવામાં આવીરહેલ છે, જેથી રાજયના નાગરિકો ઓન લાઈન ફરિયાદો નોંધાવી શકશે અને તેની છેલ્લામાં છેલ્લી માહિતી જાણી શકાશે. જોગવાઈ રૂ.૪૦ કરોડ.
- રાજયમાં નવા પોલીસ સ્ટેશનો, નવી પોલીસ ચોકીઓ અને આઉટ પોસ્ટ ખોલવા માટે જોગવાઈ રૂા.૫.૭૪ કરોડ
- દરિયાઈ તેમજ સરહદી જિલ્લાઓમાં આધુનિક હથિયાર અને ટેકનોલોજીથી સુસજજ અને બોમ્બ ડીટેકશન અને ડીસ્પોઝલ સ્કવોડ ઉભી કરવા માટે જોગવાઈ રૂ.૪૪.૫૧ કરોડ.
-
- ચૈતક કમાન્ડોને એનએસજી ધોરણે અદ્યતન તાલીમ આપવા અને નવું કમાન્ડો તાલીમ કેન્દ્ર શરૂ કરવા જોગવાઈ રૂ.૭.૯૦ કરોડ.
- ગુજરાતે રક્ષાશકિત યુનિવર્સિટી અને ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીનું નિર્માણ કરીને સુરક્ષાકર્માઓને ઉડ્ઢમ પ્રકારનું પ્રશિક્ષણ મળે તે દિશામાં આગવી પહેલ કરી છે. માત્ર ગુજરાત જ નહિ પરંતુ દેશના અન્ય રાજયોના પોલીસતંત્રમાં નાગરિક સુરક્ષા ટેકનોલોજીનો અભ્યાસ થાય, દેશની આંતરીક સુરક્ષા માટે ઉભી થતાં સંકટોનો સામનો કરવા માટે યોગ્ય સાર્મથ્ય પેદા થાય તે અર્થે તાલીમ- આ બધા માટેની કુલ જોગવાઈ રૂ.૪૩ કરોડ.
- રાજયમાં મહિલાઓને સુરક્ષા પુરી પાડવા **૧૨ નવા મહિલા પોલીસ સ્ટેશન શરૂ** કરવામાં આવશે.
- ૪૨ નવી વિભાગીય પોલીસ કચેરીઓ શરૂ કરવા અને ૪૩ પોલીસ સ્ટેશનને અપગ્રેડ કરવાનું આયોજન.
- સરદાર સરોવર બંધ, નહેરો, સાધન-સામગ્રી સહિતની મિલકતોની સુરક્ષા માટે નવી નર્મદા બટાલીયન ઉભી કરવામાં આવશે.
- ત્રણ નવી ઈન્ડીયા બટાલીયન (આઈ.આર.બી.) ઉભી કરવા તથા મૂળભૂત સુવિધાઓ માટે **જોગવાઈ રૂ.૧૪૯.૨૩ કરોડ.**
- રાજયના પોલીસ તંત્રના આધુનિકરણ તેમજ તેને આધુનિક શસ્ત્રો, સરંજામ અને દારૂગોળાથી સુસજજ કરવા માટે **જોગવાઈ રૂ.૧૭૨.૬૦ કરોડ.**
- સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ માટે **જોગવાઈ રૂ.૩૨ કરોડ.**

જેલોના આધુનિકરણ તેમજ નવા બાંધકામ માટે **જોગવાઈ રૂ.૨૨૯૩ કરોડ.**

**ન્યાયતંત્ર**

**ન્યાયતંત્ર વિભાગ હેઠળ ૧૭૩.૭૫ ટકાના વિક્રમી વધારા સાથે જોગવાઈ રૂ.૪૨૫ કરોડ.**

લોકજીભે એક બાબત પ્રસ્થાપિત થયેલ છે કે ન્યાયનો વિલંબ એ ન્યાયને નકારવા બરાબર છે. લોકતંત્ર અને માનવ અધિકારને વરેલા ભારત જેવા દેશમાં ગરીબમાં ગરીબ, શોષિત, પીડિત, વંચિતને ઓછામાં ઓછા ખર્ચે ઝડપી ન્યાય મળે તે જરૂરી છે. ભારત આઝાદ થયું ત્યારથી અટવાઈ પડેલા આ સ્વપ્નને સાકાર કરવાનું કપરૂ કામ ગુજરાતે હાથ ધરેલ છે. ગુજરાતનું સ્વર્ણિક જયંતી વર્ષ ઈતિહાસમાં એ બાબતે યાદ કરાય કે રાજયે તેના બધા જ

પડતર કેસોનો ઝડપી નિકાલ કર્યો અને નવા ઉમેરાતા કેસો જે તે વર્ષમાં જ બોર્ડ ઉપર આવે. આ ભગીરથ કાર્યને પૂર્ણ કરવા માટે **હંગામી તેમજ કાયમી ૭૦૦ નવી કોર્ટોનું આયોજન કરેલ છે.**

આ ઉપરાંત, **લાંચરૂશ્વત ધારા હેઠળના કેસો માટે ૭, એટ્રોસીટી માટે ૬, ગુજરાત ઈલેકટ્રીસિટિ બોર્ડની વસૂલાત માટેના કેસોની ૨૫, ચેક રીટર્ન કેસોની ૧૨, ફેસ્મલી કોર્ટ માટેની ૧૫ અદાલતો શરૂ કરવાનું આયોજન છે.**

- જે તાલુકાઓમાં જયુડીશીયલ ફૈસ્ટ કલાસ મેજિસ્ટ્રેટની અદાલત નથી તેવા **૪૫ તાલુકાઓમાં નવી તાલુકા કક્ષાની અદાલતો** શરૂ કરવાનું આયોજન છે. મને એ વાત જણાવતાં આનંદ થાય છે કે **આ કોર્ટોની સ્થાપના પછી કોઈ તાલુકો અદાલત વિનાનો રહેશે નહિ.**
- તમામ કોર્ટોના કામને પહોંચી વળવા **આસીસ્ટન્ટ પબલીક પ્રોસીકયુટરની નવી ૩૭૫ જગ્યાઓ** મંજૂર કરવાનું આયોજન.

**વન અને પર્યાવરણ**

**વન અને પર્યાવરણ વિભાગ હેઠળ જોગવાઈ રૂ.૪૧૨ કરોડ.**

ગુજરાતને બન્ની વિસ્તાર વણવણરાયેલી જણસ જેવો છે. આ વિસ્તારને ધાસ ઉગાડવા માટે અસરકારક રીતે ઉપયોગમાં લેવામાં આવે તો ગુજરાત પોતાના પશુપાલનના વિકાસને નવું બળ પૂરૂ પાડવા ઉપરાંત અન્ય રાજયોની જરૂરિયાતને પણ સંતોષી શકે તેમ છે. આ બાબત ધયાને લઈને બન્ની વિસ્તારમાં ૩૦૦૦ કરોડ હેકટરમાં ધાસ ઉછેરવા માટેના વિશેષ પ્રયત્નો માટે **જોગવાઈ રૂ.૮ કરોડ.**

વનબંધુ યોજના હેઠળ આદિવાસીઓની આવકમાં વધારો થાય તે માટે **ઈકો વિકાસ સમિતિ** તથા એફ.ડી.એ. સંસ્થાઓને મજબૂત કરવાનું અને રક્ષિત જંગલોમાંથી તેમને રોજીરોટી મળી રહે તે માટેનું આયોજન.

ગુજરાતના સિંહ ગુજરાતના ગૌરવનું પ્રતીક છે. સિંહના સંરક્ષણને પ્રથમ અગ્રિમતા આપતાં અભયારણ્ય તથા બહારના પેરીફેરી વિસ્તારોમાં સંચાર તથા મોનીટરીંગ વ્યવહારમાં આધુનિકરણ કરવામાં આવશે. **જોગવાઈ રૂ.૮.૯૩ કરોડ.**

પર્યાવરણની જિષ્ટએ અત્યંત મહત્વપૂર્ણ ચેરના વૃક્ષોનું વધુ બાર હજાર હેકટરમાં વાવેતર કરવામાં આવશે, જે વૈશ્વિક કક્ષાએ નોંધપાત્ર સિધ્ધિ ગણાશે.

વિકાસના પ્રોજેકટને સમયસર કાર્યરત કરવા માટે **ગુજરાત એનવાયરોમેન્ટલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ (ગેમી)ને** સંપૂર્ણ કાર્યરત કરવાનું આયોજન.

**કલાઈમેટ ચેઈન્જ**

**કલાઈમેટ ચેઈન્જ વિભાગ હેઠળ જોગવાઈ રૂ.૧૦૦ કરોડ.**

વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા માટે સરકારે **કલાઈમેટ ચેઈન્જ** નામાના નવા વિભાગની રચના કરવાનું ઐતિહાસિક પગલું લીધું છે.

- સંશોધન, વિકાસ તથા ગ્રીન ટેકનોલોજીના વ્યવસાયીકરણ માટે કલાઈમેન્ટ ચેઈન્જ ટ્રસ્ટ ફંડની રચના કરવાનું સૂચવવામાં આવેલ છે, જે સમગ્ર દેશમાં પ્રથમ હશે. આ માટે જોગવાઈ રૂ.૧૦ કરોડ.
- કૃષિ, આરોગ્ય, દરિયાઈ વિસ્તારો વગેરેમાં કલાઈમેન્ટ ચેઈન્જની અસરોનો અભ્યાસ કરવાનું સૂચવાયેલ છે તથા ખ્યાતનામ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સંકલનમાં કાર્બન ફૂટ પ્રિન્ટ તૈયાર કરવાનું આયોજન છે.
- ચોકકસ વિસ્તારોને કાર્બન ન્યુટ્રલ બનાવવા માટે, ગાંધીનગરને સોલર સીટીને અનુરૂપ સુવિધા માટે, ગ્રીન પ્રોજેકટ અને કલાઈમેટ ચેઈન્જ બાબતે જનજાગૃતિ કેળવવાના કાર્યક્રમો અને પ્રચાર-પ્રસાર માટે જોગવાઈ રૂ.૧૯.૨૫ કરોડ.

**શ્રમ અને રોજગાર**

**શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ ૬૮ ટકાના માતબર વધારા સાથે જોગવાઈ રૂ.૨૦૦ કરોડ.**

વધુમાં વધુ લોકોને રોજગારી આપવામાં ગુજરાત વર્ષોથી પ્રથમ ક્રમે રહયું છે. સાથેસાથે ઔદ્યોગિક ક્ષેત્રે માનવદિનનો વ્યવ ઓછામાં ઓછો રાખવામાં પણ ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ છે.

- ગુજરાતના યુવાનોને રોજગારી પ્રાપ્ત થાય તે વિચારને કેન્જસ્થાને રાખીને દસ હજાર કે તેથી વધુ વસ્તી ધરાવતા ૯૦૦ જેટલા ગામો સુધી **સ્વર્ણિમ ગુજરાત ગ્રામ્ય કૌશલ્યવર્ધન કેન્જૂ યોજના** અંતર્ગત ૧૫૦ જેટલા વીલેજ કલસ્ટર તાલીમ કેન્જૂ ારા **એક લાખ યુવાનોને** કૌશલ્ય તાલીમ આપવા માટે **જોગવાઈ રૂ.૨૪ કરોડ.**
- અસંગઠિત ક્ષો્ત્ર અને કુટિર ઉદ્યોગને અનુરૂપ વ્યવસાયોમાં તાલીમ આપવા આઈ.ટી.આઈ.ના કેમ્પસમાં **કુટિર મંદિર** માટે **જોગવાઈ રૂ.૧૦.૫૯ કરોડ.**
- **૧૦ નવી આઈ.ટી.આઈ.નું આયોજન.**

**અધ્યક્ષશ્રી** : કેટલીકવાર હું વિરોધ પક્ષને ખૂબ જ આદર આપું છું. આજે માનનીય નાણામંત્રીશ્રીનું પ્રવચન તે આ સભાગૃહ માટે બે પ્રવચનો ખૂબજ અગત્યના હોય છે સંસદીય પ્રણાલિકાની અંદર. એક રાજયપાલશ્રીનું પ્રવચન અને બીજું નાણામંત્રીશ્રીનું પ્રવચન. આપણે બધા જ જાણીએ છીએ કે નાણામંત્રીશ્રી અને રાજયપાલશ્રીના પ્રવચનો ખૂબ જ લાંબા હોવાના કારણે બન્ને વ્યકિતઓને તે જ્યારે વિનંતી કરે ત્યારે, તે વિનંતી હું સ્વીકારું છું અથવા તો રાજયપાલશ્રી આવે ભૂતકાળમાં પણ આવ્યા હતા ત્યારે તેમણે પણ આ સભાગૃહની અંદર બેસીને પ્રવચન આપ્યું હતું, આપતા હતાં. ગયા વર્ષે પણ આદરણીય નાણામંત્રીશ્રી તરફથી તત્કાલીન મુખ્ય દંડકશ્રીની વિનંતી આવી હતી અને મેં સ્વીકારી હતી. આજે પણ મુખ્ય દંડકશ્રીની વિનંતી આવી હતી અને મેં સ્વીકારી હતી. વિધાનસભાના નિયમોના નિયમ ૨૯ પ્રમાણે સભાગૃહની અંદર સભ્યે પોતાની જગ્યા ઉપરથી બોલવું અને બોલતી વખતે ઉભાં રહેવું અને અધ્યક્ષને સંબોધીને બોલવું પરંતુ કોઈ પણ કારણોસર સભાગૃહની બેસીને બોલવાની પરવાનગી માગવામાં આવે તો એ આપવાનો મારો અધિકાર છે અને મેં તે પ્રમાણે આપી છે અને તે સાથે જ્યારે મારા આપેલા નિર્ણય ઉપર જે પ્રકારના ટીકાત્મક શબ્દો વપરાયા તેને હું ખૂબ જ ગંભીરતાપૂર્વક લઉં છું કે કોઈના ફોટા પડાવવા માટે કે ફોટા દેખાવા માટે વિરોધ પક્ષના નેતાશ્રીએ સૌજન્ય ધરાવતું વ્યકિતત્વ હોવા છતાં પણ આ પ્રકારના શબ્દો

તે વાપરે છે તે અધ્યક્ષે આપેલા નિર્ણય ઉપરના એ શબ્દો છે અને તે માટે પણ હું તેની ખૂબ ગંભીરતાપૂર્વક નોંધ લઉં છું.

# સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (મુખ્ય દંડકશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત કરું છું કે, વિરામનો સમય મોકૂફ રાખી માનનીય નાણા મંત્રીશ્રીનું અંદાજપત્ર પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય મોકૂફ રાખીને માનનીય નાણાં મંત્રીશ્રીનું અંદાજપત્ર પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળ જોગવાઈ રૂ.૧૭૩.૮૧ કરોડ.**

પૂજય મહાત્મા ગાંધી કહેતા કે છેવાડાના માનવીની સારસંભાળ લેવી. પીડત દીનદયાળ ઉપાધ્યાય કહેતા કે સેવા કરવી તો દરિદ્રનારાયણની. આપણા શાસ્ત્રો **અન્નમ** બજા કહે છે. ગરીબની આંતરડી ઠરે તેનાથી મોટું કોઈ સત્કર્મ ન હોઈ શકે. **એકેય દરિદ્રનારાયણ ભૂખ્યા ન રહે અને સૌને પોષક આહાર મળી રહે તે માટે ગુજરાત સરકાર પ્રતિબ** છે.ભયંકર મોંઘવારીના મારથી ગરીબોને બચાવવા સરકારે ખૂબ મોટો ભાર ઝીલ્યો છે. ગમે તેવા કપરા સમયમાં પણ ગરીબના ઘરમાં ચૂલો સળગે તે માટે વચનબ રાજય સરકારે ઘઉં અને ચોખા માટે રૂ.૧૩૩ કરોડ જેટલો મોટો બોજ વહન કર્યો છે. સાથે જ સરકારે ગરીબોને આપવામાં આવતા ખાદ્યપદાર્થોની ગુણવડ્ઢામાં કોઈ બાંધછોડ ન કરવામાં આવે તેનું પણ ધ્યાન રાખેલ છે. ગુજરાતે દેશમાં પ્રથમવાર ફોર્ટીફાઈડ આટો, ખા? તેલ અને આયોડિનયુકત મીઠા સુધીની ચીજો પુરી પાડીને આ વચન નિભાવ્યું છે.

- આજના હેલ્થ કોન્શીયસ સોસમાયટીના વાતાવરણમાં ધનિક પરિવારોમાં પોષણ માટે સોયાબીનનો વપરાશ સુખી જીવનની નિશાની બની ગયો છે. ત્યારે ગુજરાતે દરેક બી.પી.એલ. અને અંતયોદય કાર્ડ ધારકને પુષ્ટિકારક સોયા ફોર્ટીફાઈડ આટો મળી રહે તે માટે કરેલ **જોગવાઈ રૂ.૧૦૦ કરોડ.**
- જાહેર વિતરણ વ્યવસ્થા ારા સબસીડીથી ખાદ્યતેલ વિતરણ માટેની જોગવાઈ **રૂ.૩૩ કરોડ.**

**રાજવિત્તીય વ્યવસ્થાપન**

**આર્થિક** ક્ષેત્રે વૈશ્વિક મંદીએ દુનિયાની આર્થિક મહાસડ્ઢાઓને હલાવી નાંખી. ભારત પણ તેનાથી બચી શકયું નહિં. ગુજરાત જેવા ઔદ્યોગિક રાજયને પણ તેનો ધસરકો પડે તે સ્વાભાવિક છે. બીજી બાજુ વરસાદની અનિયમિતતા અને વરસાદના પ્રમાણમાં થયેલા ધટાડાએ પણ કૃષિખેત્રે ચિંતાનું વાતાવરણ ઉભું કર્યું. આટલું ઓછું હોય તેમ છઠ્ઠા પગાર પંચનો અમલ કરવાને કારણે રાજયના અર્તતંત્ર પર ખૂબ મોટું ભારણ આવયું, જેનાથી ભલભલા આર્થિક આયોજનો પણ ખોરંભે પડી જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું, પરંતુ, ગુજરાતની આર્થિક ક્ષમતા, આર્થિક શિસ્ત અને વ્યવહારૂ આયોજનોના કારણે આ બધા માર ઝીલીને પણ ગુજરાતે વિકાસની યાત્રાને વણથંભી જાળવી રાખી છે.

**૨૦૦૮-૦૯ નો હિસાબ**

હવે હું ૨૦૦૯-૦૯ ના વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશે. વર્ષ દરમ્યાન ચોખ્ખી લેવડ-દેવડ ના કારણે રૂપિયા ૨૫૮૩.૮૬ કરોડની ખાદ્ય રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી, પંરતુ ૨૦૦૮-૦૯ના વર્ષ માટેના હિસાબ ચોખ્ખી લેવડ દેવડના કારણે રૂપિયા ૧૪૨.૯૩ કરોડની પૂરાંત દર્શાવે છે.

*(રૂપિયા કરોડમાં)*

| | | **૨૦૦૮-૦૯ના સુધારેલા અંદાજ** | **૨૦૦૮-૦૯ના હિસાબ** |
|---|---|---|---|
| (૧) | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૩૯૬૮૩.૫૩ | ૩૮૬૭૫.૭૧ |
| | મહેસૂલી ખર્ચ | ૩૯૪૧૪.૯૭ | ૩૮૭૪૧.૪૬ |
| | મહેસૂલી હિસાબ પર ખાદ્ય / પુરાંત | (+) ૨૬૮.૫૬ | (-) ૬૫.૭૫ |
| | મૂડીની આવક | ૧૦૫૫૫.૭૮ | ૧૦૫૦૭.૮૧ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧૩૪૦૮.૨૦ | ૧૩૧૭૮.૪૨ |
| | મૂડી હિસાબ પર ખાદ્ય | (-) ૨૮૫૨.૪૨ | (-) ૨૬૭૦.૬૧ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | **(-) ૨૫૮૩.૮૬** | **(-) ૨૭૩૬.૩૬** |
| (૨) | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | -- | **(-) ૨૪.૦૩** |
| (૩) | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | -- | **(+)૨૯૦૩.૩૨** |
| | **સરવાળો: ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩)** | **(-) ૨૫૮૩.૮૬** | **(+) ૧૪૨.૯૩** |

**૨૦૦૯-૧૦ ના સુધારેલા અંદાજ**

૨૦૦૯-૧૦ના ફેરફાર કરેલ અંદાજમાં ચોખ્ખી લેવડ-દેવડના કારણે રૂપિયા ૪૭.૭૬ કરોડની પુરાંત રહેવાની ધારણા હતી, પરંતુ વર્ષના અંતે ચોખ્ખી લેવડ દેવડના કારણે સુધારેલા અંદાજમાં રૂપિયા ૧૩૬.૬૯ કરોડની પૂરાંત રહેવાની ધારણા છે.

(રૂપિયા કરોડમાં)

| | | **૨૦૦૯-૧૦ ના ફેરફાર કરેલ અંદાજ** | **૨૦૦૯-૧૦ના સુધારેલા અંદાજ** |
|---|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | | |
| | મહેસૂલી આવક | ૪૧૮૧૫.૧૮ | ૪૩૪૪૮.૯૧ |
| | મહેસૂલી ખર્ચ | ૪૫૭૨૮.૩૭ | ૪૭૮૦૫.૪૧ |
| | મહેસૂલી હિસાબ પર ખાદ્ય | (-) ૩૯૧૩.૧૯ | (-) ૪૩૫૬.૫૦ |
| | મૂડીની આવક | ૧૪૪૨૨.૭૩ | ૧૪૯૯૦.૮૧ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧૧૭૧૧.૭૮ | ૧૧૭૪૭.૬૨ |
| | મૂડી હિસાબ પર પુરાંત | (+) ૨૭૧૦.૯૫ | (+) ૩૨૪૩.૧૯ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | **(-) ૧૨૦૨.૨૪** | **(-) ૧૧૧૩.૩૧** |

| | | | |
|---|---|---|---|
| (૨) | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | -- | -- |
| (૩) | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | (+) **૧૨૫૦.૦૦** | (+)**૧૨૫૦.૦૦** |
| | **સરવાળો: ચોખ્ખી લેવડ-દેવડ** (૧+૨+૩) | (+) **૪૭.૭૬** | (+) **૧૩૬.૭૯** |
| | | | |

**૨૦૧૦-૧૧ નો અંદાજ**

વર્ષ ૨૦૧૦-૧૧ ના અંદાજ નીચે પ્રમાણે રૂપિયા ૫૫૮.૪૪ કરોડની એકંદર ખાદ્ય દર્શાવે છે.

*(રૂપિયા કરોડમાં)*

| | | ૨૦૧૦-૧૧ **ના અંદાજ** |
|---|---|---|
| (૧) | **એકત્રિત ફંડ** | |
| | મહેસૂલી આવક | ૪૯૪૬૬.૫૩ |
| | મહેસૂલી ખર્ચ | ૫૩૯૭૮.૫૫ |
| | મહેસૂલી હિસાબ પર ખાદ્ય | (-) ૪૫૦૨.૦૨ |
| | મૂડીની આવક | ૧૮૦૨૦.૯૪ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧૪૭૨૭.૩૬ |
| | મૂડી હિસાબ પર પુરાંત | (+) ૩૨૯૩.૫૮ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | (-) **૧૨૦૮.૪૪** |
| (૨) | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | -- |
| (૩) | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | (+) **૬૫૦.૦૦** |
| | **સરવાળો: ચોખ્ખી લેવડ-દેવડ** (૧+૨+૩) | (-) **૫૫૮.૪૪** |

હવે હું મારા પ્રવચનનો ભાગ-ખ રજુ કરીશ.

**આદરણીય અધ્યક્ષશ્રી,**

સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અંદાજો અનુસાર એકંદર ખાદ્ય રૂપિયા ૫૫૮.૪૪ કરોડની રહેશે.

હવે હું સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષ માટેની કરવેરા અંગેની દરખાસ્ત રજૂ કરું છું.

**તમાકુ ઉપરનો વેરો**

રાજયમાં, તમાકુ અને તેની બનાવટો જેવી કે બીડી, સિગારેટ, ગુટખા વગેરે ઉપર વેટનો દર, વધારાના વેરા સહિત, કુલ પંદર (૧૫) ટકા છે. જયારે કાચી તમાકુ (Unmanufactured tobacco)ને વેરામુકિત આપવામાં આવેલી છે.

તમાકુ અને તેની બનાવટો આરોગ્ય માટે હાનિકારક છે. તમાકુ અને તેની બનાવટોનું સેવન અટકે તથા વપરાશ શકય તેટલો ઓછો થાય તે સમાજના હિતમાં જરૂરી છે. આ ચીજવસ્તુઓના વેરાના દરમાં વધારો, તેના વપરાશ ઉપર અંકુશ રાખવામાં કંઈક અંશે સહાયરૂપ થાય છે. આ હેતુ સિધ્ધ થાય તે બાબત ધ્યાનમાં રાખીને,

તમાકુ અને તેની બનાવટો પરનો હાલનો વેરાનો દર જે વધારાના વેરા સહિત ૧૫ ટકા છે, તે વધારીને વધારાના વેરા સહિત ૨૦ ટક કરવાની હું દરખાસ્ત કરું છું. કાચી તમાકુ (Unmanufactured tobacco) ઉપરની વેરામુકિત ચાલુ રહેશે.

**વેલ્યુ એડેડ ટેકસ**

કેન્દ્રીય વેચાણવેરો નાખવાની સત્તા કેન્દ્ર સરકાર પાસે છે, પરંતુ આ વેરો ઉઘરાવવાની અને રાખવાની સત્તા રાજય સરકારને પ્રાપ્ત થાય છે. કેન્દ્ર સરકાર ધ્વારા કેન્દ્રીય વેચાણવેરાનો દર તા.૧-૪-૨૦૦૭થી ૪ ટકાથી ઘટાડી ૩ ટકા અને તા.૧-૬-૨૦૦૮ થી ૩ ટકાથી ઘટાડી ૨ ટકા કરવામાં આવેલ છે. આ ઘટાડાને કારણે રાજયને વેરાકીય આવકમાં હજારો કરોડનું નુકસાન થયેલ છે.

કેન્દ્રીય વેચાણવેરામાં થયેલ ઘટાડાને કારણે રાજયોને અમલ નુકસાન પેટે વળતર ચૂકવવા માટે કેન્દ્ર સરકાર રાજયો સાથે સંમત થયેલ હતી. આ સંમતિ મુજબ કેન્દ્ર સરકારે એક ફોર્મ્યુલા નકકી કરી જાહેર કરી હતી. પરંતુ આ ફોર્મ્યુલામાં કેન્દ્ર સરકાર ધ્વારા એકતરફી વારંવાર રજૂઆત કરવા છતાં વળતર અંગેની મૂળ ફોર્મ્યુલામાં રહેલ ક્ષતિઓ હજી સુધારવામાં આવેલ નથી. વધુમાં ફોર્મ્યુલા પ્રમાણે મળવાપાત્ર પૂરેપૂરું વળતર પણ કેન્દ્ર સરકાર ધ્વારા ચૂકવવામાં આવેલ નથી. રાજય સરકારને હજી પણ કેન્દ્ર સરકાર પાસેથી વળતર પેટે અંદાજીત રૂ.૨૨૦૦ કરોડ લેવાના બાકી છે.

વધુમાં કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૦-૧૧માં કેન્દ્રીય વેચાણવેરાના નુકસાન પેટે વળતર ચૂકવવા અંગે કોઈ નિર્ણય લીધેલ નથી. કેન્દ્ર સરકારના આ વલણના કારણે રાજયની મહેસૂલી આવક ઉપર ગંભીર અસર થયેલ છે અને વેરાકીય આવકમાં થયેલા આ ઘટાડા અને ઉભી થયેલ અનિશ્ચિતતાને કારણે રાજયની વિકાસ યોજનાઓ ઉપર અવળી અસર ન પડે તે માટે આગોતરું આયોજન કરવું જરૂરી બને છે. આ પરિપ્રક્ષ્યમાં, રાજયની વિકાસની યોજનાઓ માટે પૂરતા પ્રમાણમાં નાણાં મળી રહે તે માટે હું નીચે મુજબની દરખાસ્ત કરું છું.

વેટના કાયદાની જોગવાઈઓ અનુસાર નોંધાયેલા વેપારીને તેના વેચાણો ઉપર, કરેલ ખરીદી વખતે ચૂકવાયેલ ટેકસની ક્રેડિટ મળવાપાત્ર થાય છે. આંતરરાજય માલના વેચાણો ઉપર હાલની જોગવાઈઓ મુજબ સ્થાનિક ખરીદી ઉપર ભરેલ વેરાની પૂરેપૂરી ટેકસ ક્રેડિટ આપવામાં આવે છે. તે જ પ્રમાણે, ઉત્પાદિત થયેલ વેરાપાત્ર માલ આંતરરાજય વેચવામાં આવે તો પણ કાચામાલની ટેકસ ક્રેડિટ આપવામાં આવે છે. આમ, આંતરરાજય વેચાણોમાં વપરાતા રાજયમાંથી ખરીદેલ માલ પર ટેકસ ક્રેડિટ લાગુ પડતા દરે મજરે મળે છે.

રાજયની વેરાકીય આવકોને સુદ્રઢ કરવાના હેતુથી, આંતરરાજય વેચાણોમાં વપરાયેલ માલની રાજયમાંથી કરવામાં આવેલ ખરીદી પરની ટેકસ ક્રેડિટ બે(૨) ટકા ઘટાડવા માટે હું દરખાસ્ત કરું છું.

આ દરખાસ્તનો અમલ તા.૧-૭-૨૦૧૦થી કરવામાં આવશે. જો કેન્દ્ર સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ માટે કેન્દ્રિય વેચાણવેરાની આવકના નુકસાન પેટે વળતર આપવાનો નિર્ણય કરવામાં આવશે તો આ બાબત અંગે રાજય સરકાર પુનઃ વિચારણા કરશે. સૂચિત વ્યવસ્થાથી રાજયની પ્રજા ઉપર વેરાનું વધારાનું ભારણ પડશે નહીં.

**મોટર વાહન વેરો**

મુંબઈ મોટર વાહન વેરાના માળખામાં અગાઉ સરળીકરણ કરી વેરાના દર તર્કસંગત કરવામાં આવેલ હતા. આ પ્રક્રિયાને આગળ વધારતાં નીચે મુજબના ફેરફાર કરવાન દરખાસ્ત કરું છું.

**માલવાહક વાહનો પર ઉચ્ચક વેરો**

૩ ટનથી ૭.૫ ટન સુધીના માલવાહક વાહનો પર ઉચ્ચક અથવા વાર્ષિક / છ માસિક ધોરણે વેરો ભરી શકાય છે. હાલમાં મોટાભાગના લોકો વાર્ષિક / છ માસિક ધોરણે વેરો ભરે છે. જેના કારણે વેરો વારંવાર ભરવાના તેમજ ડીફોલ્ટના પ્રશ્નો ઉદ્દભવે છે. આ પ્રશ્નોના નિરાકરણ માટે, આવાં વાહનોમાં હવે પછી ફરજિયાત ઉચ્ચક વેરો ૬ ટકાના ધોરણે વસૂલવાની દરખાસ્ત કરું છું. જૂનાં વાહનોને તેમની ઉંમર પ્રમાણે વેરામાંથી બાદ આપવામાં આવશે.

**મેકસીકેબ ઉપર વાર્ષિક વેરો**

૬ થી ૧૨ સીટના કોન્ટ્રેકટ કેરેજ ઉતારુ વાહન એટલે કે, મેકસીકેબ ઉપર હાલ માસિક ધોરણે વેરો ભરવામાં આવે છે. આ જોગવાઈને કારણે વાહન માલિકોને વારંવાર વેરો ભરવા કચેરીએ આવવું પડે છે અને ડીફોલ્ટના પ્રશ્નો ઉદ્દભવે છે. આથી, આ મુશ્કેલીઓના નિરાકરણ માટે આવાં વાહનોમાં માસિકના સ્થાને વાર્ષિક ધોરણે વાહન વેરો લેવાની દરખાસ્ત કરું છું.

**બેંકો ધ્વારા વાહનોની નોનયુઝ કસ્ટડી**

રાજયમાં બેંકો થકી ખેડૂતો / નાના વર્ગના લોકોને ધિરાણ આપી વાહનો ખરીદવા માટે સહાય આપવામાં આવે છે. આવાં વાહનોને જયારે બેંકો ધ્વારા પરત લેવાના પ્રસંગો ઉભા થાય ત્યારે તેમના પર મોટું વેરાકીય ભારણ આવે છે તેવી રજૂઆતો મળેલ હતી. આવી સંસ્થાઓ  આવું વાહન જેટલો સમય ઉપયોગ વગર પોતાની કસ્ટડીમાં રાખે તે સમય માટે નોન યુઝ મેળવી નાણાકીય ભારણથી બચી શકે તે માટે આ સંપૂર્ણ પ્રક્રિયાને સરળ કરી બેંકો જેટલા સમય સુધી વાહન પોતાની કસ્ટડીમાં ઉપયોગ વગર રાખે એટલો સમય ડીમ્ડ નોનયુઝ ગણી વેરા મુકિત આપવા દરખાસ્ત કરું છું.

**વાહનોના પુનઃ  વેચાણ ઉપર વેરો**

રાજયના વિકાસ સાથે રાજયમાં વાહનોની સંખ્યા ઝડપથી વધવા પામેલ છે. નવાં વાહનો સાથે સાથે જૂનાં વાહનોના ખરીદ વેચાણ પણ મોટા પાયે વધેલ છે. જે વાહનો પર ઉચ્ચક વેરો લેવાય છે તેવાં વાહનોના પુનઃ વેચાણ વખતે મૂળ વેરાના ૧૫ ટકાના ધોરણે વેરો લેવા દરખાસ્ત કરું છું. આ વેરામાંથી ખેતી કાર્ય માટે વાપરવામાં આવતા ટ્રેકટર, ત્રણ મુસાફરોને વહન કરવાની ક્ષમતા ધરાવતી ઓટોરિક્ષા અને વિકલાંગો માટેનાં ઈન્વેલિડ કેરેજ વાહનોને મુકિત આપવામાં આવશે.

**સમાપન**

સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

(રકમ રૂપિયા કરોડમાં)

| | | | |
|---|---|---|---|
| (૧) અંદાજ અનુસારની ખાદ્ય | | | (-) **૫૫૮.૪૪** |
| (૨) કરવેરામાં સૂચિત વધારા | | | |
| વેલ્યુ એડેડ ટેક્સ | | ૭૦૦.૦૦ | |
| મોટર વાહન વેરો | | ૩૦.૦૦ | |
| | **કુલ** | **૭૩૦.૦૦** | |
| (૩) એકંદર અંદાજીત પુરાંત | | | (+) **૧૭૧.૫૬** |

માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

**સન ૨૦૧૦ - ૨૦૧૧ નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

**સન ૨૦૧૦-૧૧ ના વર્ષનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## સભ્યશ્રીની ધરપકડ અંગે

**અધ્યક્ષશ્રી :** મારે એક જાહેરાત કરવાની કે, અધિક પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર તરફથી મને તેમના તારીખ: ૨૫-૨-૨૦૧૦ના ફેકસ મેસેજથી જાણ કરવામાં આવેલ છે કે, ગુજરાત વિધાનસભાના ૫૪ મહુવા વિધાનસભા મત વિસ્તારના સભ્ય ડો.કનુભાઈ કળસરીયાની તેમના ખેડૂત ટેકેદારો સાથે સાબરમતી પોલીસ સ્ટેશન દ્વારા મુંબઈ પોલીસ અધિનિયમન કલમ-૬૮ મુજબ આજ રોજ ૨૫-૨-૨૦૧૦ના રોજ સવારે ૯-૪૫ વાગ્યે નિરમા ગ્રુપને મહુવા તાલુકામાં ઉદ્યોગ માટે સરકારશ્રી તરફથી જમીન ફાળવવાના વિરોધના મુદ્દે ગાંધી આશ્રમ ખાતેથી તેમની અટકાયત કરવામાં આવેલ છે અને તેમને પોલીસ કૉમ્યૂનિટિ હોલ, શાહીબાગમાં રાખવામાં આવેલ છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૨-૪૫ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ શુક્રવાર તા. ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૦**
**ફાલ્ગુન ૭, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : આજે બે અભિનંદન આપવાનાં છે. એક તો અમદાવાદની છઠ્ઠી જન્મ શતાબ્દી નીમિતે અમદાવાદને કહીએ સતમ્ શરદ જીવો અમદાવાદ, અને બીજા અભિનંદન આપણે સચિન તેંડુલકરને પાઠવીએ કે જેમણે ભારતને ગૌરવ અપાવ્યું છે અને અનેક વિશ્વ વિક્રમો સર્જ્યા છે તે બદલ સચિન તેંડુલકરને આ સભાગૃહ વતી અભિનંદન પાઠવું છું.

# તારાંકિત પ્રશ્નો

## રાજકોટ જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા

***૧૧૯૬૫ શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા (વાંકાનેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેચાણવેરાના કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) આ દરોડા દરમ્યાન કેટલા રૂપિયાની ગેરરીતિ પકડવામાં આવી, અને

(૩) કેટલા ઈસમો સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવી?

**નાણા મંત્રીશ્રી :**

(૧) ૮૪.

(૨) રૂા. ૭૦.૩૦ લાખ.

(૩) કુલ ૮૪ દરોડાઓ પાડવામાં આવેલ છે તે પૈકી ૬૪ એકમો સામે ગુજરાત વેટ અધિનિયમ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે મોબાઈલ અને સ્થાઈ ચેક પોષ્ટ દ્વારા માલ વાહનો પર બિલોની કેટલા અંશે ચકાસણી કરવામાં આવી અને બીજો પ્રશ્ન એ છે કે કેટલા વેપારીઓ નોંધાયેલા હોય અને કેટલી આવક હોય તો વેચાણવેરાની ઓફિસની સુવિધા આપવામાં આવે છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ બહુ મર્યાદિત છે, અને એમાં રાજકોટ જિલ્લામાં ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેચાણવેરાના કેટલા દરોડા પાડવામાં આવ્યા એ પ્રશ્ન છે, મેં કહયું છે કે કુલ ૮૪ દરોડા પાડવામાં આવેલ છે અને ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ સુધીમાં ૫૦ દરોડા પાડયા છે અને એમાં ૬૭.૦૬ લાખની રકમ મળેલ છે. ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ સુધીમાં ૩૪ દરોડા પાડવામાં આવ્યા એમાં ૩.૨૪ લાખની રકમ મળી, કુલ ૭૦.૩૦ લાખની આવક થઈ છે. ૮૪ દરોડામાંથી ૬૪ ની સામે કાર્યવાહી થઈ છે અને ૨૦ જે હતા તેમાંથી ૧૪ માં કોઈ ક્ષતિ જણાયેલ નથી. અને ૬ વેપારીઓના વોરંટ પાછા આવ્યા હતા. એટલે આ વીસ સિવાયના ૬૪ની સામે કાર્યવાહી થઈ છે. એમાંથી ૪૧ પાસેથી સ્થળ ઉપર જ દંડ, વ્યાજ, વેરો આ બધું મળી અને વસૂલાત કરી છે અને એમાં ૪૭.૪૨ લાખ તેનાથી આવક થઈ છે. બીજા જે ૨૩ કેસો રહયા એમાં સાહિત્ય, ચોપડા વગેરે જપ્ત કરેલ છે. અને ૩ કેસની કાર્યવાહી પૂર્ણ કરી અને ૧૪૦.૭૫ લાખની આકારણી ૩ કેસોમાં કરવામાં આવી છે. એમાંથી ૧૧૯.૮૦ લાખની આવક થઈ છે, અને ૨૦.૯૬ લાખની વસૂલાત બાકી છે. તે વસૂલાત થશે. ૨૦ કેસોની ચકાસણી છે તેનું એસેસમેન્ટ થશે અને જેટલી રકમ એમાં નીકળશે તે પણ વસૂલાત થશે. એટલે આમ ૮૪ કેસો છે તે તમામ સામે કાર્યવાહી થઈ છે અને બાકી રહેતા કેસો છે તેની સામે કાર્યવાહી ચાલુ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ૮૪ એકમોમાં વેચાણ વેરાના દરોડા પાડવામાં આવ્યા એમાંથી ૧૦ લાખ થી વધુ કરચોરી પકડાઈ હોય તેવા એકમો કેટલા છે અને કયા કયા છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૧૦ લાખથી વધુ રકમ હોય તેના બદલે હવે જેટલા એસેસમેન્ટ થશે ત્યારે એમાંથી ખ્યાલ આવશે, પણ એ એસેસમેન્ટ સાચું છે કે ખોટું તેની સામે અપીલમાં જવાનો ટાઈમ હોય છે એટલે પૂર્ણ એસેસમેન્ટ ન થાય ત્યાં સુધી આ કહી શકાય નહીં. પણ ૩ કેસો છે તેમાં ૧૪૦ લાખ કરતાં વધુ રકમ પ્રાપ્ત થઈ છે એમાં જે વેપારી છે તેમાં દસ લાખથી વધુ હોય તેવા એક સંજય એકઝીમ છે. ૧૧૭.૧૭ ની તેની પાસેથી વસૂલાત કરવાની હતી. અને એમાંથી ૨૦.૫૭ લાખ બાકી છે.

**સુરત જિલ્લામાં રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ**

<**#M*૧૨૧૬૫ /શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં સહાયની કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે અને કેટલી નામંજૂર કરવામાં આવેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) ૮૦૨

(૨) ૪૩૧ મંજૂર

૭૯ નામંજૂર

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કુલ ૮૦૨ અરજીઓ મળી એમાંથી ૪૩૧ અરજીઓ મંજૂર થઈ, ૭૯ અરજીઓ નામંજૂર થયેલ છે. તો બાકીની અરજીઓ હાલમાં કઈ પરિસ્થિતિએ છે અને કુલ અરજીઓ નામંજૂર થઈ એના કારણો શું છે? અને મળેલ અરજીઓમાં માંગરોળ અને ઉંમરપાડા તાલુકાની કેટલી અરજીઓ મળેલ છે અને એમાંથી કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો કે જે બાકી અરજીઓ છે એની શું સ્થિતિ છે. જે તે સમયે ૨૯૨ અરજીઓ પડતર હતી પરંતુ આજની પરિસ્થિતિએ છેલ્લે લેટેસ્ટ માહિતી મંગાવી એમાં એક પણ અરજી પડતર નથી. કુલ ૮૦૨ અરજીઓ મળી હતી એમાંથી ૬૯૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૧૧૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. બીજો એમનો પ્રશ્ન હતો કે નામંજૂર થઈ એના કારણો શું છે તો એમાં જે ૩૬ અરજીઓ છે એ બી.પી.એલ. ન હોવાથી, ૧૭ અરજીઓ ઉંમરની મર્યાદામાં ન આવતી હોવાના લીધે નામંજૂર થઈ છે. ૫૮ અરજીઓમાં અન્ય કારણો છે જેમાં અરજદાર ન મળ્યા હોય અથવા જ્યારે અધિકારી તપાસ કરવા ગયા હોય ત્યારે પૂરતા પુરાવા ન આપી શક્યા હોય તેવી અરજીઓ છે. એમણે બે તાલુકાની માહિતી માગી છે. એમાં માંગરોળ તાલુકાની અંદરથી ૧૦૪ અરજીઓ મળી હતી એમાંથી ૮૮ મંજૂર થઈ અને ૧૬ અરજીઓ નામંજૂર થઈ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે ૩૬ અરજીઓ છે એ બી.પી.એલ. ન હોવાથી નામંજૂર કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગું છું કે આ બી.પી.એલ.નું ધોરણ છે એ ક્યારથી દાખલ કરવામાં આવ્યું અને આ બી.પી.એલ.નું ધોરણ દાખલ થયા પછી જે કોઈ વિધવા હોય, ત્યક્તા હોય કે ફિઝિકલ હેન્ડીકેપ હોય અને બી.પી.એલ.માં ઝીરોથી ૨૦ ના ક્રાઈટ એરિયામાં ન આવતા હોય છતાં એમની પાસે કોઈ આવકનું સ્ત્રોત ન હોય રહેવા માટે મકાન ન હોય, રહેવા માટે કશું જ ન હોય એના માટેની કોઈ જોગવાઈ રાજય સરકાર કરવા માગે છે કે કેમ?

બીજો પ્રશ્ન એ છે, માનનીય મંત્રીશ્રીએ જે એસ.સી, એસ.ટી. અને ઓ.બી.સી. ના ધારાસભ્યોની મિટિંગ બોલાવેલી એમાં બી.પી.એલ. પરિવાર માટે ઈન્દિરા આવાસ યોજના છે તો સરદાર આવાસ યોજના અને દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના..

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આ ફક્ત પેન્શન અંગેનો જ સવાલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બી.પી.એલ પરિવારો જે નથી એ પરિવારોને રાજય સરકાર પોતાના ફંડમાંથી કોઈ સહાય કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ફક્ત સુરત જિલ્લા પૂરતો જ સવાલ છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : પેન્શન યોજના છે એ બે પ્રકારની છે. એક રાજય સરકારની યોજના જે ૬૦ વર્ષની ઉંમરનાને ૨૦૦ રૂપિયા પેન્શન આપવામાં આવે છે. અને ૬૫ વર્ષ પછી જે વૃદ્ધો હોય એમને ૨૦૦ રૂપિયા બીજા એમ કુલ ૪૦૦ રૂપિયા પેન્શન મળે છે. તેમનો પ્રશ્ન છે કે બી.પી.એલ. ક્યારથી દાખલ થયું, તો અગાઉ સ્કીમ હતી ત્યારે આ ધોરણ નહોતું પણ કેન્દ્ર સરકારે ૨૦૦૮માં પહેલાં કેન્દ્ર સરકાર જે ૭૫ રૂપિયા આપતી હતી અને રાજયના ૨૦૦ રૂપિયા હતા એટલે ૨૭૫ રૂપિયા, રાજયના ૨૦૦ રૂપિયા અને કેન્દ્રના ફક્ત ૭૫ રૂપિયા આપતા હતા, ૨૦૦૮માં એ રકમમાં વધારો થયો. ૭૫ રૂપિયાના ૨૦૦ રૂપિયા કર્યા. ૨૦૦ કર્યા અને એ વખતે એમણે આ બી.પી.એલ.નું ધોરણ દાખલ કર્યું. એટલે કેન્દ્ર સરકારની યોજનામાં બી.પી.એલ.ની યોજના છે. રાજય સરકારની યોજના છે. તેમાં બી.પી.એલ.નું ધોરણ નથી. તેમાં શહેર અને ગ્રામ્ય માટે અલગ અલગ આવક મર્યાદા છે.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત જિલ્લામાં રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ કેટલા લાભાર્થી છે અને તેમને પેન્શન કયાં સુધી ચૂકવવામાં આવ્યું અને તેમને કેટલી રકમનું પેન્શન ચૂકવાયું?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧મી જાન્યુઆરીએ સુરત જિલ્લામાં કુલ ૯,૨૮૭ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનાના લાભાર્થી છે. આ પ્રાંત ઑફિસ દ્વારા ચૂકવણી થાય છે. કુલ ત્રણ પ્રાંત છે. ચોર્યાસી, બારડોલી અને ઓલપાડ. આ ત્રણે પ્રાંતમાં ડિસેમ્બર-૨૦૦૯ સુધીની ચૂકવણી થઈ ગઈ છે. તેમણે રકમ માટે જે પ્રશ્ન કર્યો છે તો કુલ ૨,૫૫,૬૦,૦૦૦/-પેન્શન રાજય સરકાર તરફથી ચૂકવાયું છે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વૃદ્ધ પેન્શન યોજનામાં લાભ લેવા માટે ઉંમરનો પુરાવો ખૂબ મહત્ત્વનો હોય છે અને ૬૦ વર્ષથી ઉપરની ઉંમરની વ્યકિતઓને જન્મ તારીખનો જે દાખલો છે એ મેળવવો પણ ખૂબ મુશ્કેલ હોય છે. તો માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે ઉંમર માટે કોનો દાખલો માન્ય ગણવામાં આવે છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ડૉકટરની પૅનલને માન્ય ગણવામાં આવતી હતી. પણ જે તકલીફો માનનીય ધારાસભ્યશ્રી કહી રહ્યા છે એ સરકારમાં રજૂઆત થતાં હવે રાજય સરકારે જે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના છે એ ગ્રામ્ય કક્ષાએ પી.એચ.સી. છે તેના જે મૅડિકલ ઑફિસર હોય છે તેનો દાખલો માન્ય રાખીએ છીએ અને શહેરી વિસ્તારમાં મ્યુનિસિપલ હૉસ્પિટલના હેલ્થ સૅન્ટરના તબીબી અધિકારીનો દાખલો માન્ય રાખીએ છીએ. સિવિલ સર્જનનો દાખલો હોય તો એ પણ માન્ય રાખવામાં આવે છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત વ્યકિતગત માસિક પેન્શન કેટલું આપવામાં આવે છે? અને તેમાં કેન્દ્ર સરકારનો માસિક પેન્શનમાં કેટલો હિસ્સો છે? પ્રશ્ન નં.૨,..

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ, તમારે જવાબ આપવાની જરૂર નથી. (અંતરાય) નહીં, નહીં, બરાબર છે પણ.

**શ્રી ઈકબાલ પટેલ** : પ્રશ્ન નં. ૨ સાહેબ, આ યોજનામાં સામાન્ય રીતે ૬૫ વર્ષની ઉપરની ઉંમરના જે લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે અને બી.પી.એલ. લાભાર્થીને લાભ આપવામાં આવે છે. અમારું સૂચન એમ છે કે જે લાભાર્થી ખરેખર લાભ મેળવવા માગતો હોય અથવા તો લાભ મેળવવા પાત્ર હોય તો તેવા લાભાર્થીઓને અરજી વગર આ સોશીયલ સિક્યોરિટીમાં સમાવેશ કરવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું તેમના પહેલાં પ્રશ્નનો જવાબ અગાઉ આપી ચૂક્યો છું. પહેલાં ૭૫ રૂપિયા કેન્દ્ર સરકાર આપતી હતી, અત્યારે નવા સુધારા પ્રમાણે ૨૦૦ રૂપિયા અને ૨૦૦ રૂપિયા રાજય સરકાર તેમ કરીને કુલ ૪૦૦ રૂપિયા આપવામાં આવે છે. બીજો જન્મના દાખલા માટેનો પ્રશ્ન હતો તો તેના માટે પણ હું કહી ચૂક્યો છું કે દાખલો લેવા માટેની તકલીફ પડતી હતી એ હવે પડતી નથી. બીજું, સરકારે સુધારો કર્યો છે. કારણ કે કેન્દ્ર સરકારે કહ્યું કે બી.પી.એલ. લાભાર્થીને જ તમે આ લાભ આપો. તો અમારે ત્યાં જે બી.પી.એલ. માટેની જે યાદી છે, બી.પી.એલ.નો પહેલાં દાખલો માગવામાં આવતો હતો, હવે બી.પી.એલ.નો દાખલો માગવામાં આવતો નથી. ફક્ત અધિકારી પોતે કૉમ્પ્યુટર ઉપર, નેટ ઉપર જે તે ગામમાં તેની યાદીમાં તેનું નામ છે કે નહીં,એ જોઈ લેવાની અધિકારીઓની ફરજમાં આવે છે. એણે કોઈ દાખલો આપવાની જરૂર નથી આ વ્યવસ્થા રાજય સરકારે કરી છે અને ગરીબ કલ્યાણ મેળામાં આવા અનેક લાભાર્થીઓને ગરીબ લોકોને રાજય સરકાર તરફથી માનનીય મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં લાભ આપવામાં આવ્યો છે.

## ખેડા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના લાભાર્થીઓ

***૧૧૮૫૮ શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, કેટલા આવાસો લાભાર્થીઓને આપવામાં આવ્યા, અને

(૨) બાકી રહેતા લાભાર્થીઓને કેટલા સમયમાં આવાસો આપવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :-**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર કરવામાં આવેલ આવાસોની સંખ્યા | સહાય આપવામાં આવેલ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૧૭૫ | ૧૩૫ |
| ૨ | મહુધા | ૨૧૩ | ૧૯૬ |
| ૩ | મહેમદાવાદ | ૨૨૧ | ૨૧૨ |
| ૪ | ખેડા | ૧૭૦ | ૧૫૧ |
| ૫ | માતર | ૧૪૬ | ૧૨૯ |
| ૬ | કપડવંજ | ૩૨૮ | ૩૨૩ |
| ૭ | કઠલાલ | ૨૨૦ | ૨૦૩ |
| ૮ | ઠાસરા | ૧૪૮ | ૧૩૦ |
| ૯ | બાલાસિનોર | ૩૩૪ | ૩૨૭ |
| ૧૦ | વિરપુર | ૧૬૮ | ૧૬૩ |
| | કુલ : | ૨૧૨૩ | ૧૯૬૯ |

(૨) શકય તેટલા વહેલા.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હાલના ધોરણ પ્રમાણે બી.પી.એલ.ના આઠથી દસના સ્કોરવાળા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને ઇન્દિરા આવાસ યોજનામાં પ્રાયોરીટી આપવામાં આવે છે ત્યારે બક્ષીપંચના લાભાર્થીઓને વધુ આવાસ ફાળવાય તે માટે દીનદયાળ આવાસ યોજનામાં વધુ આવાસ ફાળવવા માગો છો કે કેમ? અને મારો બીજો પ્રશ્ન ત્રણ વર્ષ પહેલાં ફાળવાયેલ આવાસો કપડવંજમાં ૫૦ ટકા કરતાં વધુ બંધ અવસ્થામાં અને બંધ હાલતમાં છે એનું કારણ શું છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મણીભાઈ સાહેબનો પ્રશ્ન બી.પી.એલ.ના લાભાર્થી બાબતનો છે. તો બી.પી.એલ.ના લાભાર્થીઓને મકાન સહાય આપવાનું નક્કી કરવામાં આવ્યું છે અને બીજું એમણે કહ્યું કે, કપડવંજમાં જે બાકી છે, બંધ પડ્યા છે. એમાં અત્યારે સરકારે નિયમ કર્યો છે કે, લાભાર્થીઓની અરજી મંજૂર થાય ત્યારે પહેલા હપ્તા પેટે એને રૂ.૨૦,૦૦૦/- આપી દેવામાં આવે છે અને બીજો હપ્તો એના મકાનનું કામ લિંટલ લેવલે આવે ત્યારે ચૂકવવામાં આવે છે અને લાભાર્થી એના શ્રમ ફાળાની રકમ દાખલ કરે ત્યારે મકાન પૂર્ણ થાય છે. એકાંતરે પંદર દિવસે- મહિને તંત્ર મોનીટરીંગ કરી દેખરેખ રાખી મકાન ઝડપથી પૂર્ણ થાય તેવું આયોજન કરવામાં આવે છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સત્રમાં આવતો હતો ત્યારે મને મારા ગામડાની બે - ત્રણ ગરીબ મહિલાઓ મળી..

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે મને માનનીય મુખ્યમંત્રીશ્રીને સંદેશો આપવાનું કહ્યું.

**અધ્યક્ષશ્રી** : પૂર્વ ભૂમિકા આપ્યા વગર સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગરીબ કલ્યાણ મેળા કરીને ગરીબોને આવાસો આપ્યા છે એ મુખ્યમંત્રીશ્રી ઘણું જીવો અને ગુજરાતની સેવા લાંબા સમય સુધી કરતા રહે એવા આશીર્વાદ આપ્યા. હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ પંડિત દીનદયાળ આવાસ યોજનામાં પહેલાં કેટલી રકમ આપવામાં આવતી હતી અને નવી નીતિ પ્રમાણે કેટલી આપવામાં આવે છે અને આ યોજનાનો લાભ લેવા માટે શું પાત્રતા છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સારો પ્રશ્ન પૂછ્યો છે. સામાન્ય રીતે હંમેશાં આપણે એવું માનીએ છીએ કે, " તુમ ગરીબોકી સૂનો, વો તુમ્હારી સુનેગા." આ યોજનાની જૂની નીતિ પ્રમાણે રૂ.૪૦,૦૦૦/- સહાય આપવામાં આવતી હતી. આ ગરીબોની દુવા લેવા માટે, ગરીબોને કોઈ તકલીફ ન પડે તે માટે ૨૦૦૯-૨૦૧૦થી રૂ.૪૩,૫૦૦/-ની સહાય આપવામાં આવે છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, બાકી રહેલા લાભાર્થીઓને કેટલા સમયમાં આવાસો આપવામાં આવશે? તો શકય તેટલા વહેલા. તો એમાં આ કામગીરી વર્ષ- બે વર્ષમાં પતી જાય તે માટે સરકાર કોઈ સમય મર્યાદા નક્કી કરવા માગે છે કે કેમ?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો. સભ્યશ્રી કચ્છી માંડુ છે. પ્રશ્ન ૩૧-૧૨ની સ્થિતિએ કર્યો હતો. પરંતુ હું એનાથી આગળ વધીને જણાવું તો આજની તારીખે એકપણ અરજી પડતર નથી, તમામ મંજૂર કરી દેવામાં આવી છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ આ યોજનામાં ૦થી ૧૭થી ૨૦ના લાભાર્થીઓને લાભ આપવામાં આવતો હતો.પણ ચાલુ વર્ષે એમાં સુધારો કરીને ૦ થી ૧૬માં જે બી.પી.એલ.ના લાભાર્થી હોય એનો જ આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ અને એમ કરવા પાછળના કારણો શું છે. અન્ય આવાસ યોજનાઓ ઈન્દિરા આવાસ સરદાર આવાસા બધામાં ૦ થી ૧૬ના લાભાર્થીને લાભ મળે છે, તો આ યોજનામાં ૧૭ થી ૨૦ના લાભાર્થીઓને લાભ આપવા માગો છો કે કેમ?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ફકીરભાઈ સાહેબે જેમ વાત કરી તેમ આ કેન્દ્ર સરકારનો આ જી.આર. હોવાને કારણે આ બી.પી.એલ.નો પ્રશ્ન આવ્યો છે બાકી આપણા તરફથી તો આર્થિક પછાત રીતે જે કોઈ નબળા લોકો છે એને પણ આ દિનદયાળ આવાસ યોજનામાં લાભ આપવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : (અંતરાય).આ યોજના છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી જવાબ આપે પછી. ત્યાં (અંતરાય)મંત્રીશ્રી જવાબ આપે છે જવાબ તો સાંભળો પણ

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે પ્રશ્ન હતો કે ૦ થી ૧૬, આપણે ત્યાં જે આવાસ યોજનાઓ જે શરૂ થઈ અને એમાં પંડિત દિનદયાળ આવાસ યોજના એ રાજય સરકારની યોજના છે એની અંદર જે ગરીબો છે તો આપણે પ્રાયોરીટી કોને આપવાની, ગરીબોની અંદર પણ ૦ થી ૧૬ ને અને અને ૧૭ થી ૨૦, ૦ થી ૧૬ પતી ગયા પછી ૧૭થી ૨૦ના બધા લાભાર્થીને આપવાની છે અને મને ગૃહમાં કહેતાં અનંદ થાય છે કે અનેક જિલ્લા હોય અનેક તાલુકાઓએ પ્રમાણપત્ર આપ્યા છે કે ૦ થી ૧૬માં એક પણ લાભાર્થી મકાન

વિનાનો રહયો નથી. એ રીતે એના પછી ૧૭ થી ૨૦ને આપવાના છે એટલે કોઈપણ લાભાર્થી બાકી રહી જશે નહીં.

**દાહોદ જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછૂ કરેલ ખર્ચ**

***૧૧૮૧૮ શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય રમત ગમત, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

તા:૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**રમત ગમત, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી :**

તા:૨૦૦૮ના વર્ષમાં રૂા. ૫,૯૦,૦૦૦/- અને ૨૦૦૯ના વર્ષમાં રૂા. ૫,૪૪,૦૮૧/- કુલ રૂા. ૧૧,૩૪,૦૮૧/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં દાહોદ જિલ્લાને ૨૦૦૮માં ૫,૯૦,૦૦૦ અને ૨૦૦૯માં ૫,૪૪,૦૮૧ રૂપિયા આમ સરેરાશ દર વર્ષે ગણીએ તો ૫,૬૭,૦૦૦ આખા જિલ્લાને ગ્રાન્ટ મળે છે. હવે તાલુકાની દ્રષ્ટિએ ગણીએ તો એક તાલુકાને સરેરાશ ૮૧હજાર રૂપિયા દર વર્ષે મળે તો આટલી નાની રકમમાં આ જે પ્રવૃત્તિઓ રમતગમત કે યુવા સાંસ્કૃતિક કઈ રીતે કરવામાં આવે છે અને આટલી રકમ કયા કયા હેતુ માટે વાપરવામાં આવે છે અને આ રકમ ખૂબ જ ઓછી હોવાથી આમાં વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રમતગમત વિભાગ દ્વારા યુવાનોને પ્રોત્સાહન આપવા માટેની આ એક યોજના છે જેમાં યુવા મહોત્સવ, યોગ, નેતૃત્વ તાલીમ, ગરબા રાસ સ્પર્ધા, બાલ નૃત્ય નાટિકા, આદિજાતી મહોત્સવ, સાબરકાંઠા પરિભ્રમણ, અને સમુદ્ર તરણ સ્પર્ધા ગીરનાર આરોહણ અને અવરોહણ સ્પર્ધા આ વિવિધ સ્પર્ધાઓ અને રમતો માટે આ રકમ ફાળવવામાં આવે છે. તાલુકા અને જિલ્લા કક્ષાએ જયારે પણ સ્પર્ધાઓ થતી હોય છે ત્યારે સ્વાભાવિક જ જિલ્લા કક્ષાના કેન્દ્ર ઉપર દરેક તાલુકાના ખેલાડીઓને બોલાવવામાં આવે છે એટલે ત્યાં રકમ આપણને સ્વાભાવિક જ વધારે રકમ વપરાવાની, બાકી સમગ્ર જિલ્લાની અંદર જે કહયું એ પ્રમાણે જુદી જુદી રમતોમાં આ રકમ ફાળવવામાં આવે છે.

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે દાહોદ તાલુકામાં છેલ્લા ૨ વર્ષમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કયા કયા હેતુ માટે, અને બીજું કે આ સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે વધારાના નાણા ફાળવવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ તાલુકામાં તાલુકા ઉત્સવ, પ્રાદેશિક ઉત્સવ બાળપ્રતિભા અને જિલ્લા કક્ષાનો લોકડાયરો સાથેસાથે આંબેડકર જયંતિ અને આંબેડકર નિર્વાણ દિને ડાયરો એ રીતે કુલ મળીને ૬ કાર્યક્રમોમાં ૫,૦૮,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, જે યુવક મહોત્સવ પાછળ તાલુકામાં જે રકમ વાપરવામાં આવે છે ૮૦હજાર એના લીધે કોઈ સંસ્થાઓ આ ઉત્સવ કરવા તૈયાર નથી. આ રકમ ઉઘરાવતા ફરે છે તો રકમ વધારવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સૂચન છે.

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા લીમખેડા તાલુકામાં યુવા મહોત્સવમાં કેટલો ખર્ચ થયો અને ખર્ચની રકમ વધારવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : લીમખેડા તાલુકામાં કુલ ૪૨ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે અને બીજો પ્રશ્ન છે એ સૂચન છે.

**પંચમહાલ જિલ્લામાં છાત્રાલયો તેમજ આશ્રમશાળાઓમાં જણાયેલ ક્ષતિઓ**

***૧૨૦૯૬ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકા વાર અનુસૂચિત જાતિની કેટલી છાત્રાલયો અને આશ્રમશાળાઓ કયા ટ્રસ્ટો દ્વારા કઈ કઈ જગ્યાએ ચાલે છે,

(૨) તે પૈકી કેટલી છાત્રાલયો અને આશ્રમશાળાઓ સામે કેટલી વાર તપાસ કરવામાં આવી, અને

(૩) તપાસ દરમ્યાન કેટલી ક્ષતિઓ જણાઈ અને સંચાલકો સામે શાં શાં પગલાં લીધાં?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) પત્રક ૧ મુજબ.

| છાત્રાલયો | | | | | આશ્રમશાળાઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકો** | **છાત્રાલયની સંખ્યા** | **સંસ્થા ટ્રસ્ટનું નામ** | **છાત્રાલયનું સ્થળ** | **આશ્રમ શાળાની સંખ્યા** | **સંસ્થા ટ્રસ્ટનું નામ** | **આશ્રમ શાળાનું સ્થળ** |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ગોધરા | ૪ | ગુજરાત હરીજન સેવક સંઘ, સાબરમતી આશ્રમ, અમદાવાદ | ગોધરા | ૨ | પંચમહાલ પછાતવર્ગ સેવાશ્રમ પરિષદ મુ.લાડપુર, તા.ગોધરા | ગઢ |
| | | | પંચમહાલ પછાતવર્ગ સેવાશ્રમ પરિષદ ગોધરા મુ.લાડપુર તા.ગોધરા | સાંક્લી કુમાર | | ગુજરાત હરીજન સેવક સંઘ, સાબરમતી આશ્રમ, અમદાવાદ | ગોધરા |
| | | | પંચમહાલ પછાતવર્ગ સેવાશ્રમ પરિષદ ગોધરા મુ.લાડપુર તા.ગોધરા | સાંક્લી ક્ન્યા | | | |
| | | | પ્રમુખશ્રી, કૃષ્ણ કલ્યાણ મંડળ, ચંચેલાવ તા.ગોધરા | મહેલોલ | | | |
| ૨ | લુણાવાડા | ૭ | ગુજરાત હરીજન સેવક સંઘ, સાબરમતી આશ્રમ,અમદાવાદ | લુણાવાડા | ૧ | લોક્નાદ સેવા ટ્રસ્ટ મુ. રખિયાલ તા. દહેગામ, જિ. ગાંધીનગર | કડાછલા |
| | | | જ્ઞાનદીપ પ્રગતિ મંડળ વિભાગ, વિરણીયા મુ.પો. મોતીધોડા, તા. લુણાવાડા | વિરણીયા | | | |
| | | | ખારોલ વણકર પ્રગતિ મંડળ, ખારોલ મુ. થાણાસાવલી તા. લુણાવાડા | ખારોલ | | | |
| | | | જય સંતોષીમા પ્રગતિ ટ્રસ્ટ, થાણાસાવલી તા. લુણાવાડા | કોઠંબા | | | |
| | | | શ્રી સ્વામીનારાયણ એજ્યુ. ટ્રસ્ટ, વરધરી, તા. લુણાવાડા | વરધરી | | | |
| | | | ગણેશ ચેરીટેબલ ટ્રસ્ટ, થાણાસાવલી તા.લુણાવાડા | થાણા સાવલી | | | |
| | | | ગુજરાત નાગરીક કેળવણી મંડળ, ખારોલ, તા. લુણાવાડા | ભલાડા | | | |
| ૩ | હાલોલ | ૧ | પછાતવર્ગ કલ્યાણ પરિષદ રોહિતવાસ, ક્સ્બા, હાલોલ જિ. પંચમહાલ | હાલોલ | શૂન્ય | | |
| ૪ | મોરવા(હ) | ૧ | શ્રી જન કલ્યાણ કેળવણી મંડળ, ગોધરા મુ. લાડપુર તા. ગોધરા. | સંતરોડ | શૂન્ય | | |
| ૫ | કાલોલ | ૪ | પાછતવર્ગ કલ્યાણ પરિષદ પંચમહાલ, હાલોલ | કાનોડ | શૂન્ય | | |
| | | | પંચમહાલ અ.જા. એજ્યુકેશન ટ્રસ્ટ, તા. અડાદરા તા. કાલોલ | અડાદરા કુમાર | | | |
| | | | પંચમહાલ અ.જા. એજ્યુકેશન ટ્રસ્ટ, તા. અડાદરા તા. કાલોલ | અડાદરા ક્ન્યા | | | |
| | | | પુજન અનુ.જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ, શેરપુર તા. ઘોઘંબા | વેજલપુર | | | |
| ૬ | ખાનપુર | ૩ | સ્વપ્ના એજ્યુકેશન ટ્રસ્ટ, નરોડા તા.ખાનપુર | લીમડીયા કુમાર | ૧ | દિવ્ય જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ, ડેભારી બાલાસિનોર, જિ.ખેડા. | બાબલીયા |
| | | | સ્વપ્ના એજ્યુકેશન ટ્રસ્ટ, નરોડા તા.ખાનપુર | લીમડીયા ક્ન્યા | | | |
| | | | નિર્માણ મહિલા ટ્રસ્ટ મું. તા.ખાનપુર | ખાનપુર | | | |
| ૭ | સંતરામપુર | ૧ | ગ્રામ સેવા વાવડી(બુ) ગોધરા મુ. ઢુંઢેલ, તા. લીમખેડા જિ.દાહોદ | કાળીબેલ | ૧ | ગુર્જર ભારતી ટ્રસ્ટ, દાહોદ, પંક્જ સોસાયટી દાહોદ, જિ. દાહોદ | ગોઠીબ |
| ૮ | શહેરા | ૨ | પછાતવર્ગ કલ્યાણ મંડળ, મુ. સુરેલી, તા.શહેરા | સુરેલી | ૧ | જયશ્રી ચામુંડા સેવા પ્રગતિ મંડળ, સુરેલી તા. શહેરા, જિ.પંચમહાલ. | સુરેલી |
| | | | ડૉ.આંબેડકર યુવક પ્રગતિ મંડળ, ઉજડા, તા. શહેરા | મોરવા (રેણા) | | | |
| ૯ | કડાણા | ૨ | અનુ.જાતિ વિકાસ મંડળ, માલવણ મુ.પો. માલવણ તા. કડાણા | માલવણ | શૂન્ય | | |
| | | | આદર્શ એજ્યુકેશન ટ્રસ્ટ, માલવણ મુ.પો. માલવણ તા.કડાણા | દિવડા કોલોની | | | |

(૨) ૨૫ છાત્રાલયો અને ૬ આશ્રમશાળાઓ સામે ૪૩ વાર તપાસ કરવામાં આવી.
(૩) એક છાત્રાલયમાં ૨ (બે) ક્ષતિઓ જણાતાં છાત્રાલય સ્થગિત કરવામાં આવ્યું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે એક છાત્રાલયમાં બે ક્ષતિઓ જણાયેલ છે તો એ કયા છાત્રાલય છે અને કઈ સંસ્થા છે? આ છાત્રાલય, આશ્રમશાળામાં કોના દ્વારા તપાસ કરવામાં આવે છે અને કઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે? ૨૫ છાત્રાલયોમાં કુમાર છાત્રાલયો અને કન્યા છાત્રાલયો કેટલા છે અને કેટલા વિદ્યાર્થીઓ નિવાસ કરે છે? કયા ધોરણના બાળકો નિવાસ કરે છે અને તેના માટે શું શું વ્યવસ્થા કરી છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એક છાત્રાલયમાં બે ક્ષતિઓ જણાઈ હતી એમાં એક મુલાકાત વખતે બંધ હાલતમાં હતું અને ઑડિટ સ્ટેટમેન્ટ જે રજૂ કરવું જોઈએ તે રજૂ કર્યું ન હતું એટલા માટે એ છાત્રાલયને સ્થગિત કરવામાં આવ્યું છે. એમણે કહ્યું કે કઈ સંસ્થા હતી તો ડૉ. બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલય કાળીયાડ તા. સંતરામપુર નામની સંસ્થા દ્વારા સંચાલિત છે. બીજો પ્રશ્ન હતો કે આની તપાસણી કોણ કરે છે તો એ માટે જિલ્લાના જે અધિકારીઓ છે એ વર્ષમાં બે વાર આ અંગેની તપાસ કરે છે. વર્ષમાં એક વખત એનું સંપૂર્ણ નિરીક્ષણ થાય છે અને વડી કચેરીએથી સ્ક્વોર્ડ દ્વારા પણ એની તપાસ કરવામાં આવે છે. ત્રીજો પ્રશ્ન હતો કે ૨૫ છાત્રાલયોમાં કન્યા અને કુમારો કેટલા? હું જણાવીશ કે ૨૧ કુમાર છાત્રાલય છે જેમાં ૪૯૯ વિદ્યાર્થીઓ છે અને ૪ કન્યા છાત્રાલયો છે એમાં ૯૪ કન્યાઓ છે અને કુલ મળીને ૫૯૩ વિદ્યાર્થીઓ આ છાત્રાલયોનો લાભ લે છે.

**કાંકરેજ તાલુકામાં સરકારી ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર શરૂ કરવા કરેલ આયોજન**

*૧૨૪૦૩ **શ્રી બાબુભાઈ જે. દેસાઈ (કાંકરેજ)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-
(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કાંકરેજ તાલુકામાં સરકારી ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર શરૂ કરવાનું આયોજન કયા તબક્કે છે,
(૨) આ તાલીમ કેન્દ્રમાં કયા કયા ટ્રેડ શરૂ કરવાનું આયોજન છે, અને
(૩) આ તાલીમ કેન્દ્ર ઑગસ્ટ-૨૦૧૦થી શરૂ કરવામાં આવશે કે કેમ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**
(૧) કાંકરેજ તાલુકામાં ૨ સ્વ-નિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો હોઈ સરકારી ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર શરૂ કરવાનું હાલ કોઈ આયોજન નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં સરકારી ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો કેટલા આવેલા છે. બીજું કે, કાંકરેજ તાલુકામાં આવું સરકારી ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર શરૂ કરવાનું આયોજન છે કે કેમ? અને આયોજન હોય તો ૨૦૧૦ પહેલા કરવાનું આયોજન છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે અને ચાલુ વર્ષમાં સરકારની નીતિ હતી કે કોઈપણ તાલુકો ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર વગરનો બાકી ન રહે એ દ્રષ્ટિએ કાંકરેજ તાલુકામાં આપણી સરકારી આઈ.ટી.આઈ. નથી તેમજ ત્યાં કોઈ ગ્રાન્ટ ઈન એઈડ પણ નથી. પણ ત્યાં સ્વ-નિર્ભર રીતે બે સંસ્થાઓને કાંકરેજ તાલુકામાં થરા મુકામે મંજૂરી આપી છે. એ સંસ્થાઓમાં એક વિનય આઈ.ટી.આઈ. કોલેજ, થરા અને બીજી પૂનમ એજ્યુકેશન ટ્રસ્ટ છે. આ બન્નેમાં સંખ્યા ઓછી રહેવાથી આપણે કહ્યું છે કે અમે તમને મંજૂરી આપી છે એમાં આંજણા કેળવણી મંડળ વિનય વિદ્યામંદિર છે એને આપણે લગભગ ૭ કોર્સ માટે મંજૂરી આપી હતી. કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ, સર્ટિફિકેટ કોર્સ ઈન સોફટવેર પ્રોગ્રામીંગ, ડેસ્ક ટોપ પબ્લીસીંગ, ઈલેક્ટ્રિશિયન, લાયબ્રેરી ઈન્ફોર્મેશન એન્ડ સાયન્સ, સેક્રેટરીયલ પ્રેકટિસ અને સ્ટેનોગ્રાફી આટલા કોર્સ માટેની આપણે એને ૧૪૫ સીટની મંજૂરી આપી હતી. પરંતુ ત્યાં સંખ્યા ઓછી રહી છે એટલે આપણે કહ્યું કે ઓછી સંખ્યા રહેશે તો અમારે પગલાં લેવાં પડશે. એમણે આ વર્ષે આપણને ખાતરી આપી છે કે અમને તાજી પરમિશન મળવાના કારણે અમે વધુ સંખ્યા કરી શક્યા નથી. પરંતુ આવતા વર્ષે અમે પૂરેપૂરી સંખ્યા કરી દઈશું. અને બીજું જે પુનમ એજ્યુકેશન ટ્રસ્ટ છે એને પણ ૬૫ સીટોની મંજૂરી આપી હતી. જેની અંદર પણ સંખ્યા ઓછી છે એમને પણ આપણે ખાતરી આપી છે કે આપણે એ રીતે કરી દઈશું. પરંતુ મારે હાઉસના સમસ્ત લોકોને કહેવું છે કે ગઈકાલે જ મેં બજેટની અંદર એક નવી યોજના દાખલ કરી છે કે જે મોટા મોટા સેન્ટરોની અંદર ૮૦૦૦, ૯૦૦૦, ૧૦,૦૦૦ ની વસ્તી ધરાવતા હોય એવા ગામડાની અંદર ટૂંકા કોર્સિસ માટે થઈને રાજ્ય સરકારે અંદાજે ૧૫૦ સેન્ટરો આપણે કરવા માગીએ છીએ કે જેના કારણે આ બધા તાલુકા સિવાય નવા લોકો થાશે અને એની અંદર એક લાખ લોકોને તાલીમ મળે એવા પ્રકારનું આયોજન કરેલ છે. માનનીય બાબુભાઈએ વાત કરી છે એની અંદર

મને ખબર છે કે આ તાલુકો પછાત છે અને આ તાલુકાની અંદર, આ જિલ્લામાં દિયોદર, ધાનેરા અને કકરેજ આ ત્રણ જગ્યાએ કોઈ સરકારી આઈ.ટી.આઈ. નથી કે ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.આઈ. નથી. આ બે આઈ.ટી.આઈ.ને મંજૂરી આપી છે એની અંદર જો ના થાય તો આપણે બીજી રીતે પણ ચોક્કસ એના માટે થઈને આપનું સૂચન છે. અહીંયા કરવા માટેનું એ સૂચન ધ્યાનમાં રાખીશું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કાંકરેજ તાલુકો થરાદ સેન્ટર છે એ ૧૦,૦૦૦ થી વધુ સંખ્યા ધરાવતું સેન્ટર છે અને જે ઉદારતા રાખીને અને આખા રાજ્યની જે વાત કરી એની અંદર કાંકરેજ તાલુકાને લાભ મળશે એના માટે માનનીય મંત્રીશ્રીનો આભાર. પરંતુ મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે ત્યાં આગળ મોટાભાગે એગ્રીકલ્ચર આધારીત તાલુકો છે. માઈક્રો ઈરીગેશન એ પ્રમાણેની એવી પરિસ્થિતિ ડેવલપ થઈ છે. અહીંયા આગળ સ્વનિર્ભર આપણે બે ઈન્સ્ટીટ્યુટ ચાલે છે એની અંદર ડીપ ઈરીગેશન, સ્પ્રિંકલર ઈરીગેશન અને એના જો સીલેબસ બનાવવામાં આવે તો અનેક લોકોને ત્યાંથી તાલીમ મેળવીને રોજગારી પણ મળી શકે તો એ દિશામાં કાંઈ વિચારવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કૃષિના વિકાસ માટેની વાત કરી, ખેડૂતોની સધ્ધરતાની વાત કરી તો હું ચોક્કસ કહીશ કે જે પ્રકારનો કોર્સ આ જે સંસ્થા છે જેને અમે પરવાનગી આપી છે એ લોકો એમ કહે કે અમે આ પ્રકારના કોર્સ કરવા માગીએ છીએ તો એના માટે થઈને રાજ્ય સરકાર આ પ્રકારના કોર્સને ચોક્કસ મંજૂરી આપશે. એ ઉપરાંત જે વિસ્તારની અંદર ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલો છે એ ઈન્ડસ્ટ્રીયલ એરીયાને કુશળ કારીગરો મળે એના માટે થઈને પણ જો કોઈ કોર્સ કરવા માટેની માગણી કરશે તો અમે એને મંજૂરી આપીશું. કોર્સ માટેની જે જગ્યાએ કામદારોને રોજગારી મળે એના માટે થઈને જે કોઈ માગણી કરશે એ માગણીને સંતોષવા માટે થઈને રાજ્ય સરકાર પૂરેપૂરો પ્રયત્ન કરશે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એટલું જાણવા માગું છું કે બે સ્વનિર્ભર તાલીમ કેન્દ્રો છે એમાં અત્યારે કેટલા લાભાર્થીઓ એની અંદર તાલીમ લે છે અને આ તાલીમ લેનારાઓને આ સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જેની અંદર સરકારનું પોતાનું આઈ.ટી.આઈ. હોય અથવા તો ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થા ચાલતી હોય એ સંસ્થાને આપણે આપીએ છીએ. પરંતુ જે સ્વનિર્ભર આઈ.ટી.આઈ. હોય એની અંદર સરકાર તરફથી કાંઈ આપવામાં આવતું નથી. પરંતુ માનનીય સભ્યશ્રી લીધાધરભાઈને એટલું કહું છું કે સરકારની જે નવી યોજના ૧૫૦ કેન્દ્રો કરવાની છે એની અંદર રાજ્ય સરકાર પણ દરેક તાલીમાર્થીદીઠ કાંઈક કોન્ટ્રીબ્યુશન આપવા માટેનો વિચાર કરે છે, જેના કારણે જે સંસ્થા આ પ્રકારના કોર્સ ચલાવે છે એના ભારણની અંદર એને રાહત થાય એના માટે થઈને રાજ્ય સરકાર એને આર્થિક સહાય પણ આપી નાના કેન્દ્રો માટે કરવાનું છે.

## જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા બેરોજગારોને આપેલ રોજગારી

***૧૨૨૨૦ શ્રી કનુભાઈ મે. ભાલાળા (વિસાવદર)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) જિલ્લા રોજગાર વિનિમય કચેરી જૂનાગઢ ખાતે તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

(૨) આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૫૩૮૪૫.

(૨) ૨૪૬૯.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે મારા જૂનાગઢ જિલ્લામાં જે ૨૪૬૯ બેરોજગારોને તા.૩૧-૧૨ ની સ્થિતિએ રોજગારી આપવામાં આવે છે એમાં હું જાણવા માગું છું કે શિડ્યુલ કાસ્ટ, એસ.સી., એસ.ટી. માટેનો હતો. પ્રશ્ન મારો બીજો કે એમાં શિક્ષકો અને અર્ધશિક્ષિતો કેટલા હતા?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર પાસે જે લિસ્ટ હોય છે એમાંથી જ્યારે માગણી આવે અને જરૂરિયાત હોય ત્યારે રાજય સરકાર એમાં પ્રાયોરિટી મુજબ જે કોઈ રોજગાર વાંચ્છુઓ હોય એને ત્યાં મોકલે છે એટલે કુલ ૫૩,૮૪૫ અહીંયા નોંધાયેલા રોજગાર વાંચ્છુઓ હતા, એમાંથી જે નોકરી માટેની ડિમાન્ડ આવી એમાં ૧૫,૩૨૨ લોકો છે, એમને ઈન્ટરવ્યુ માટે મોકલ્યા, એમાંથી ૨,૪૬૯ છે એને નોકરી મળી. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, નોકરી મળી એમાં એસ.સી. અને એસ.ટી.ના કેટલા છે ? તો એમાં કહેવાનું કે, શિક્ષિતો હતા એમાં પુરુષો-૧,૨૩૫ને અને સ્ત્રીઓ-૫૧૫ એમ કુલ ૧૭૫૦ને રોજગારી મળી અને અર્ધ શિક્ષિત તો એમાં ૧૬૪ પુરુષો અને બહેનોમાં ૫૫૫ લોકોને રોજગારી મળી એટલે ૭૧૯ બહેનોને અર્ધ શિક્ષિતોને રોજગારી મળી, આવી રીતે ૨,૪૬૯ને રોજગારી મળી એમાં આપે જે કહ્યું કે, એમાં અનુસૂચિત જાતિના કેટલા ? તો અનુસૂચિત જાતિના ૧૪૩ પુરુષો છે અને ૭૭ સ્ત્રીઓ છે એટલે કુલ ૨૨૦ લોકોને મળી, એજ પ્રમાણે અનુસૂચિત જનજાતિના ૨૪

પુરુષો અને ૩ સ્ત્રીઓ છે એટલે કુલ ૨૭ને રોજગારી મળી અને આપે જે બક્ષીપંચના માટેની વાત કરી એમાં ૬૦૨ પુરુષો અને ૩૭૯ સ્ત્રીઓને રોજગારી મળી એટલે ૯૮૧ અને ઈતર જ્ઞાતિના બાકીના જે લોકો હતા એવા લોકોને ૧૨૪૧ લોકોને રોજગારી મળી એ પ્રમાણે કુલ ૨૪૬૯ લોકોને જિલ્લામાં રોજગારી મળેલ છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, સરકારશ્રીના પ્રયત્નોથી જુનાગઢ જિલ્લામાં ઉદ્યોગો ઘણા આવ્યા છે એના હિસાબે બેરોજગારોની સંખ્યામાં ઘટાડો થયેલ છે કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ, કારણ કે, જ્યાં ઉદ્યોગો આવેલા હોય છે ત્યાં આપણે ઉદ્યોગ મેળાઓ કરીએ છીએ અને ઉદ્યોગ મેળાઓ કરી અને ત્યાં માલિકોને બોલાવીએ છીએ કે, તમારે કેવા પ્રકારના ઉમેદવારોની જરૂર છે, એ ઉમેદવારોને બોલાવી અને પછી એ ઉદ્યોગ મેળામાં આ લોકોને ત્યાં ઉદ્યોગકારો લઈ જાય છે અને એ દ્રષ્ટિએ પણ રોજગારી એને મળે છે અને આપણા બેરોજગારોની સંખ્યામાં ઘટાડો થાય છે અને કોઈ ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ એમ કહે કે, અમારે સ્પેશિયલી આવા પ્રકારના ઉમેદવારોની જરૂર છે, આવા કર્મચારીઓની કે કારીગરોની જરૂર છે તો એના માટે જો એ ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ કોઈ પોતાની આઈ.ટી.આઈ. પ્રમાણેના પોતાના કોર્સ કરવા માગતા હોય તો પણ રાજય સરકાર એને સહાય કરી અને વધુમાં વધુ લોકોને રોજગારી મળે એના માટે પૂરેપૂરા પ્રયત્નો કરવામાં આવે છે.

**સાબરકાંઠા જિલ્લાના નિવૃત્ત પેન્શનરોને રિવાઈઝ પેન્શન ચૂકવવા અંગે**

***૧૨૫૧૪ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તા. ૧૦૧૦૨૦૦૬ પછી નિવૃત્ત થયેલા પેન્શનરોને છઠ્ઠા પગારપંચ અન્વયે રિવાઈઝ પેન્શન ચૂકવવાના કેટલા કેસો તાલુકાવાર પડતર છે,

(૨) પડતર રહેવાના શાં કારણો છે, અને

(૩) તમામ પેન્શનરોને કયાં સુધી રિવાઈઝ પેન્શન ચૂકવી આપવામાં આવશે ?

**નાણા મંત્રીશ્રી :**

(૧)

| **તાલુકાનું નામ** | **પડતર રિવિઝનકેસો.** |
|---|---|
| હિંમતનગર | ૧૩૬ |
| પ્રાંતિજ | ૨૩ |
| તલોદ | ૧૩ |
| બાયડ | ૩૮ |
| મોડાસા | ૧૮ |
| માલપુર | ૫ |
| મેઘરજ | ૬ |
| ધનસુરા | ૨ |
| ભિલોડા | ૨૦ |
| વિજયનગર | ૫ |
| ઈડર | ૧૩ |
| વડાલી | ૫ |
| ખેડબ્રહ્મા | ૪ |
| **કુલ** | **૨૮૮** |

(૨) ચકાસણીની પ્રક્રિયામાં હતા.

(૪) તમામ પેન્શનરોને ચૂકવી આપવામાં આવેલ છે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે પ્રશ્ન છે એ અતિ મહત્ત્વનો પ્રશ્ન છે. જ્યારે કર્મચારી ૫૮ વર્ષની ઉંમરે નિવૃત્ત થાય છે અને એને જ્યારે પેન્શન માટે ધક્કા ખાવા પડતા હોય છે એના માટેનો આ મારો પ્રશ્ન છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, મને જે જવાબ આપવામાં આવ્યો છે, કે પ્રશ્ન નંબર-૧ના જવાબમાં ૨૮૮ કેસો જિલ્લાના વિવિધ તાલુકામાં રિવાઈઝ પેન્શનના કેસો ચકાસણી માટે પડતર છે, તો પ્રશ્ન-૩માં જવાબમાં તમામને પેન્શન ચૂકવી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે તો મારો મંત્રીશ્રીને પ્રશ્ન એ છે કે, આ જે ૨૮૮ કેસો બાકી હતા તે ખંડ-૩ના જવાબમાં પેન્શન ચૂકવી આપવાનું જણાવ્યું છે પણ મારે એ જાણવું છે કે, એના હુકમો ક્યારે કર્યા અને પેન્શન કઈ તારીખે ચૂકવ્યું ? અને એરિયર્સ ચૂકવ્યું કે બાકી છે અને જો બાકી હોય તો કયાં સુધીમાં ચૂકવી આપવામાં આવશે ?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો એક પ્રશ્ન એ છે કે, આપે જિલ્લાના પ્રશ્નો પૂછવા માટેની મંજૂરી અમને આપી છે પણ મારી પાસે કેસ એવો આવ્યો છે કે, એક આદિવાસી કર્મચારી, પોલીસ કૉન્સ્ટેબલમાં નોકરી કરતો હતો,

**અધ્યક્ષશ્રી** : શ્રી અશ્વિનભાઈ.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત સાંભળજો, હું સાબરકાંઠા જિલ્લાનો છું પણ એક આદિવાસી કર્મચારી પેન્શન વગર ૨૦૦૪ થી રખડે છે એનો મારો પ્રશ્ન છે. હું સાબરકાંઠાનો ધારાસભ્ય છું એટલે સાબરકાંઠાના પ્રશ્નો પૂછી શકું છું પણ મારો પ્રશ્ન બનાસકાંઠાનો છે એટલે એનો પણ જવાબ મને મળવો જોઈએ એવો મારો આગ્રહ છે.(આ તબકકે માનનીય સભ્યશ્રીએ હાથમાંની અરજી ઉંચી કરીને બતાવી)

**અધ્યક્ષશ્રી** : નહીં, આજે જે પ્રશ્ન છે એ ફકત સાબરકાંઠા પૂરતો તમે જ પૂછેલો પ્રશ્ન છે એ વિશે આપ પૂછી શકો છો. આપની પાસે અરજીઓ આખા રાજયમાંથી આવે એ હું સમજી શકું છું. એ અરજી આપ મંત્રીશ્રીને મોકલી શકો છો. નહીં, નહીં, અશ્વિનભાઈ, બીજી વાત એ છે કે કોઈપણ અરજીનું પ્રદર્શન આ રીતે ન થાય. તમે આજે જે પ્રશ્ન પૂછયો એના પૂરક પ્રશ્નનો જવાબ તમને આપશે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આજે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમને આગ્રહ હોય એની ના નથી પણ આમાંથી જે ઉપસ્થિત ન થતો હોય એવો પ્રશ્ન (અંતરાય) તમે સાંભળીને સમજો કે જે પ્રશ્ન એમણે પૂછયો છે એનો જ પૂરક પ્રશ્ન પૂછે તો સારું. એમની પાસે આવેલી અરજીઓ ન પૂછે.(અંતરાય) એ બનાસકાંઠાની અરજી છે એ ગામનો હોય તો બનાસકાંઠામાં નોકરી કરતો હતો? (અંતરાય) તો એ અરજી મોકલી આપે હું કયાં ના પાડું છું? અરજી મને મોકલી આપશો તો પણ હું મોકલી આપીશ. વિવાદ કર્યા વિના જે પ્રશ્ન છે એનો જવાબ મળશે.(અંતરાય)

**શ્રી અશ્વિન કોટવાલ** : પ્રશ્ન પૂછી શકીએ એટલી અમને છૂટ આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : તમે પ્રશ્ન ગુજરાતનો પૂછી શકો છો. તમે બનાસકાંઠાનો પણ જુદો પ્રશ્ન પૂછી શકયા હોત. આજે તમારો પ્રશ્ન જે છે એ સાબરકાંઠા પૂરતો મર્યાદિત છે એટલે એનો જવાબ તમે માગી શકો છો. તમારી પાસે જે અરજી આવી છે એ બનાસકાંઠાની હોય તો તમે મોકલી આપશો. મંત્રીશ્રી તમને જવાબ લેખિત આપશે. (અંતરાય) અરે, એ પ્રશ્ન અત્યારે ન ચર્ચો તમે. સાબરકાંઠાનો જે પ્રશ્ન છે એ તમે પૂછયો અને એનો જવાબ તમે આપો મંત્રીશ્રી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન છે એ પ્રશ્નની અંદર રીવાઈઝ પેન્શન ચૂકવવા માટેના કેટલાક કેસો પડતર હતા. વાત એ છે કે જેના રીવાઈઝ પેન્શન માટેની વાત હતી અને ૩૦ મી સપ્ટેમ્બર સુધીમાં પોતાની જે પસંદગી હતી એ પસંદગી આપવાની હતી કે પોતે આગળના પગારની અંદર એને ઈન્ક્રીમેન્ટ મળ્યું છે એ સ્કીમમાં પોતે જવા માગે છે કે નહીં? એને જે આપવાની વાત હતી એ આપી દીધા પછી જે કેસો છે એ કેસોના નિરકારણ માટેની વાત હતી. આપે જયારે પ્રશ્ન પૂછયો છે ત્યારે ૨૮૮ લોકો છે એના માટે થઈને એને જે આપણે પેન્શન માટે અધિકૃતિ પત્ર આપીએ કે તમને આટલું પેન્શન મળશે. એ અધિકૃતિ પત્ર એ ૨૮૮માંથી એ તમામ લોકોને અધિકૃતિ પત્ર મળી ગયો છે. એ તમામને એમનું પેન્શન છે એનું ફીકસેશન થઈ ગયું છે અને જેને ફીકસેશન થઈ ગયું એને જે આપણા નિયમો છે કે સામાન્ય કર્મચારીને જે ચડત પેન્શન છે એ પાંચ હપ્તામાં ચુકવવું. એના અધિકૃતિ પત્ર પણ આપી દીધા છે અને એ લોકોને એનો પહેલો હપ્તો પણ પૂરેપૂરો ચૂકવી દીધેલ છે. આમાં તમારા કોઈ બાકી હોય તો કહેજો ૨૮૮માંથી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અરે, પણ એ જે બેઠા બેઠા જે કરે છે..

**શ્રી વજુભાઈ વાળા** : એટલે મને એમ ખબર નથી કે ના પાડે છે કે મજા આવી ગઈ એટલે આમ કહે છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જણાવ્યું કે ૨૮૮ કેસોમાં ચકાસણી પ્રમાણે છઠ્ઠા પગારપંચ પ્રમાણે રીવાઈઝ પેન્શન ચૂકવવામાં આવ્યું છે. ત્રીજા પ્રશ્નમાં એમણે જવાબ આપ્યો છે પણ મારી જાણ પ્રમાણે ત્યાં પરિસ્થિતિ એવી છે કે રીવાઈઝ પેન્શન કેસ તૈયાર કરવામાં આવે છે પરંતુ રીવાઈઝ પેન્શન કેસ પ્રમાણે પેન્શન ચૂકવવામાં આવતું નથી અને પછી જુના પ્રમાણે પેન્શન કેસ તૈયાર કરવાનું કહેવામાં આવે છે અને એ પ્રમાણે પેન્શન ચૂકવવામાં આવે છે. આ મારી માહિતી છે એટલા માટે હું તમને કહું છું. તો જુના પ્રમાણે પેન્શન ચૂકવો છો કે નવા રીવાઈઝ પ્રમાણે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા જ વાત કરી કે એમને પસંદગી આપવા માટેની તારીખ ૩૦મી સપ્ટેમ્બર નકકી કરી હતી. જ આપે તો એમને જુના પ્રમાણે પેન્શન થાય પણ કોઈપણ વ્યકિત એમ કહે કે મારે આટલું આટલું મારા પગારના પ્રમાણે રીવાઈઝ કરવાની જરૂર છે તો એ જે ખાતામાં નોકરી કરતો હોય ત્યાં જાય. એની અરજી જો સાચી હોય પેન્શન ઑફિસને એ કાગળ મોકલે એટલે એનું રીવાઈઝ પેન્શન કરવાને પાત્ર છે કે નહીં એના માટે અધિકૃતિ પત્ર આપે અને પત્ર જેટલાને મળી ગયો છે એવા તમામ લોકોને આ વિસ્તારની અંદર ૨૮૮ લોકોને તમામને પેન્શન મળી ગયા છે.આપ કહો છો જૂના પ્રમાણે પેન્શન ચુકવે છે. એણે પોતાની પસંદગી ન આપી હોય તો જૂના પ્રમાણે એમાં ૩૦-૯ સુધીનો સમય આપ્યો હતો. રિવાઈઝ માટે થઈને

રજૂઆત કરવી હોય તો કરે અને જેણે રજૂઆત કરી તેને રિવાઈઝ પ્રમાણે આપ્યું છે અને જેણે રજૂઆત નથી કરી એ લોકોને જૂના પ્રમાણે આપ્યું છે. કોઈનું પેન્શન આજે બાકી નથી.

**શ્રી અશ્વિન કોટવાલ** : મેં પ્રશ્ન પૂછેલ કે આ હુકમો ક્યારે કર્યા અને પેન્શન કઈ તારીખે ચૂકવવામાં આવ્યું છે?

**શ્રી વજુભાઈ વાળા** : છેલ્લામાં છેલ્લે હુકમ તા. ૨૦-૨-૨૦૧૦ની સ્થિતિએ તમામ લોકો માટે થઈને હુકમ કરી હુકમ થાય એના માટે પેન્શન તરત ચુકવાઈ જાય છે. આ મહિનાની અંદર જ આ અઠવાડિયાની અંદર તમામ લોકોને બાકી રહ્યા હતા તે ૧૫ લોકો બાકી રહ્યા હતા એમને આજની તારીખે ચુકવાઈ ગયું છે. આજની તારીખે ૨૮૮ માંથી કોઈને અધિકૃત પત્ર આપવાના બાકી નથી. પેન્શન ચૂકવવાના બાકી નથી. તમામને પેન્શન ચુકવાઈ ગયું છે.

**ડૉ. અનિલ જોષીયારા** : મારે જાણવું છે કે ત્યાં એવું કહેવામાં આવ્યું કે નવા પ્રમાણે અત્યારે રહેવા દો અને જૂના પ્રમાણે પેન્શન કેસ તૈયાર કરીને મોકલી આપો. પછી નવા પ્રમાણે મળશે. અત્યારે તમારું પેન્શન ચાલુ કરવું હોય તો જૂના પ્રમાણે ચાલુ કરાવી દો, એવો વિકલ્પ પત્ર આપવાનું કહેવામાં આવે છે. મારે જાણવું છે કે ખરેખર એમને કર્મચારીઓને મીસગાઈડ કરવામાં આવે છે. આ ન થાય એમને ખ્યાલ નથી હોતો ખરેખર વિકલ્પ શાના માટે છે?

**શ્રી વજુભાઈ વાળા** : કર્મચારીઓ પોતે અને એમાં પેન્શનર હોય એ રાત-દિવસ ગણતરી કરતા હોય. ગુણાકાર ભાગાકાર એ રીતે કરતા હોય અને એને અન્યાય થાય તેવું કર્યુ નથી. આપના ધ્યાનમાં કોઈ કેસ આવે તો આપ ઈન્ડિવિઝ્યુઅલ કહેશો. ન્યાય આપવાની જવાબદારી રાજ્ય સરકારની છે. આપણે જે કર્મચારીઓને ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૯ સુધીમાં ઓપ્શન આપવાનું હતું. કર્મચારીના ઓપ્શન મળી ગયા બાદ રિવાઈઝ પેન્શન નક્કી કરવાનું હોય તો રિવાઈઝ પેન્શન નક્કી કરવા માટે જે તે ડિપાર્ટમેન્ટમાં જાય અને ડિપાર્ટમેન્ટ મંજૂરી આપે ત્યારપછી એ પેન્શન અને પ્રૉવિડન્ટ ફંડની ઑફિસમાં આવે ત્યાંથી બધાને અધિકૃતિ આપવામાં આવે છે. ૨૮૮ લોકોને બધાને અધિકૃતિ પત્ર આપી દીધો છે. બધાને પેન્શનનો પહેલો ઈન્સ્ટોલમેન્ટ મળી ગયો છે.

**રાજય સરકારનું જાહેર દેવું તેમજ ચૂકવેલ વ્યાજ**

***૧૧૫૯૨ શ્રી માનસિંહ કો. ચૌહાણ (બાલાસિનોર)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

(૧) સન ૨૦૦૮-૦૯નું રાજ્યનું જાહેર દેવું કેટલું હતું, તે અન્વયે ડિસેમ્બર ૨૦૦૯ના અંતે આ દેવામાં કેટલો વધારો થયો,
(૨) રાજ્ય સરકારે આ દેવા પેટે કેટલું વ્યાજ ચૂકવ્યું, અને
(૩) કેટલી મુદ્દલ રકમ ચૂકવી ?

**નાણામંત્રીશ્રી :**

(૧) સને ૨૦૦૮-૦૯નું જાહેર દેવું રૂપિયા ૮૭૦૧૦ કરોડ હતું અને ડિસેમ્બર ૨૦૦૯ના અંતે આ દેવામાં ૭૫૪૪ કરોડનો વધારો થયો.
(૨) અને (૩)

| નાણાકીય વર્ષ | ચૂકવેલ વ્યાજ | ચૂકવેલ મુદલ |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૭૦૬૫ | ૨૬૦૫ |
| ૨૦૦૯-૧૦ (તા. ૩૧ ડિસેમ્બર ૨૦૦૯ની સ્થિતિએ અંદાજિત) | ૫૫૨૭ | ૨૧૮૦ |

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : રાજ્ય સરકારનું જાહેર દેવું ઉત્તરોત્તર ગુજરાતમાં વધતું જાય છે. આ એક ચિંતાનો વિષય છે. વિકાસનાં કામો દેખાતાં નથી. અહીયા કર્મચારીઓનો પગાર બાદ કરતાં સરકારે ચુકવેલ વ્યાજ બાદ કરતાં વિકાસ માટે કેટલાં નાણાં બચશે. આ બચેલાં નાણામાંથી ગુજરાતમાં શું શું વિકાસ કરી શકાશે?

**શ્રી વજુભાઈ વાળા** : સવાલ છે કરજ માટેનો અને એ કેટલું છે એનો જવાબ પૂરેપૂરી રીતે આપી દીધો છે અને એમાં કહ્યું છે કે ૨૦૦૮-૦૯ માં ૭૦૬૫ અને ૨૦૦૯-૧૦ માં અંદાજિત ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ ૫૫૨૭ કરોડ છે. આપે કહ્યું કે દિવસે દિવસે સરકાર ઉપર કરજ વધતું જાય છે, તો કરજના પૈસા લેવાના એ આપણી રાજય સરકારની સ્વેચ્છાથી ન કરી શકીએ કે અમારે ૨૦૦૦ કરોડની જરૂર છે કોઈ આપવા તૈયાર છે કે કેમ? આપણે જો કરજ લેવું હોય તો કેન્દ્ર સરકાર પાસે મંજૂરી લેવામાં આવે છે. કેન્દ્ર સરકાર આયોજન પંચને મોકલે અને રાજ્યની આર્થિક સ્થિતિ કેવી છે એ ચકાસણી કર્યા પછી આયોજન પંચ કેન્દ્ર સરકારને કહે અને કેન્દ્ર સરકાર આપણને મંજૂરી આપે. કોઈપણ રાજયનું કરજ એનો GDP હોય એના ટોટલના ૩૦ ટકા કરતા વધવું જોઈએ નહિ અને આ ટોટલ અને એનું વાર્ષિક કરજ લેવાની ક્ષમતા એનો જે આંક હોય. માનનીય અધ્યક્ષશ્રી, તેનો જે ફીસ્કલ ડેફીશીટ હોય તેનાથી ૩ ટકા થી વધવો જોઈએ નહીં એ છે. આમાં કોઈપણ કરજ આપણી ઈચ્છા હોય તો પણ આપણો કાન કેન્દ્ર સરકાર અને આયોજન પંચ પકડી શકે છે. એટલે આપણને આમાં કઈ મળ્યું નથી. આપણે ખરેખર જોઈએ તો ૨૦૧૦-૧૧માં

આપણે જે ખર્ચ કરીએ છીએ તે ટોટલી વિકાસના કામ માટે ખૂબ જ મોટો ખર્ચ કરીએ છીએ. આની સાથે કર્મચારીના કોઈ પગારનો સવાલ આવતો નથી. તમામ કર્મચારીને ટાઈમસર પગાર મળે છે. તે ઉપરાંત પણ એટલું કહીશ કે રાજય સરકાર પાસે આજે કોઈપણ સંસ્થાનું કે કેન્દ્ર સરકારનું એકપણ રૂપિયાનું ઓવરડયુ બાકી નથી અને તેનું વ્યાજ પણ ઓવરડયુ કોઈ બાકી નથી. તમામના હપ્તા રેગ્યુલર મળે છે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના જાહેર દેવા અંતર્ગત મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, સમગ્ર ભારતનું એકમાત્ર વિકસિત રાજય ગુજરાત કુલ દેવાના મુદ્દલ અને વ્યાજના કેટલા હપ્તા ચડત છે અને આ ભીષણ મોંઘવારીને કારણે સરકારે કેટલા હપ્તા નથી ભર્યા અને તેની કોઈ ચડત છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આટલી મોંઘવારી અને અછત હોવા છતાં પણ રાજય સરકારે એકપણ હપ્તો કોઈનો લેઈટ નથી ભર્યો. કોઈનું વ્યાજ પણ લેઈટ નથી ભર્યુ. તમામ લોકોના મુદ્દલના હપ્તા રેગ્યુલર ભરેલ છે, વ્યાજ પણ રેગ્યુલર ભરેલ છે અને ઉપરાંત એમ કહીશ કે કેન્દ્ર સરકાર આપણને જે કરજ કરવાની મંજૂરી આપે છે તેને બદલે આપણે તેની અંદર તે મંજૂરી કરતાં પણ આપણે ઓછું કરજ કરીએ છીએ. ૧૨મા નાણાંપંચે કેટલું કરજ લેવું તે માટે ફોર્મ્યુલા બનાવેલ છે. દરેક રાજય પોતાના જી.ડી.પી.ના ત્રણ ટકા સુધી વાર્ષિક કરજ લઈ શકે છે. આપણો જીડીપી ૩ લાખ ૮૧ હજાર અને ૨૮ કરોડ છે અને તેના ૪ ટકા મુજબ આપણને પરમીશન છે. તે મુજબ આપણે ૧૫૨૪૧ કરોડ થાય તેની સામે આપણે તેના કરતાં ઓછી રકમ લઈએ છીએ એટલે કેન્દ્ર સરકારે નકકી કરેલા ધોરણ છે તેના કરતાં આપણે ઓછું કરજ લઈએ છીએ. આના માટે કેન્દ્ર સરકારે આપણને સર્ટિફિકેટ આપ્યું છે. હુ એટલું કહીશ કે તમારું જે કઈ મહેસૂલી દેણું હોય અને તેના આધારે અને તમારું ડેબ્ડ વ્યવહાર માટે થઈને ફીસ્કલ ડેફીશીટ અને રેવન્યુ ડૅફિસિટ આ બંને માટે કેંદ્ર સરકારની યોજના છે કે આ બંને જેના સારા હોય તેને કેન્દ્ર સરકાર પ્રોત્સાહન રૂપે કરજ નાબૂદ કરવા માટે આપણને પૈસા આપે છે. તેની અંદર ૨૦૦૬-૦૭માં ૪૭૧ કરોડ મેળવી શક્યા, ૨૦૦૭-૦૮માં ૪૭૧ કરોડ મેળવ્યા, ૨૦૦૮-૦૯માં ૪૭૧ કરોડ અને ૨૦૦૯-૧૦ની અંદર ૪૭૧.૮૧ કરોડ મેળવી શક્યા છીએ. આનો અર્થ એ બતાવે છે કે ગુજરાત રાજયની ફાઈનાન્સિયલ પરિસ્થિતિ સારી છે અને તેના આધારે કેન્દ્ર સરકાર આપણને આટલું ડેબ્ડ વેવ કરે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, નાણાંમંત્રીશ્રી કરજ લેવામાં તો મોટી છાતીવાળા, હિંમતવાળા છે એટલે તેમને અભિનંદન આપું છું. કારણકે મારી ગાડી આડે પાટે ચડાવો નહીં.

**અધ્યક્ષશ્રી** : ના, પણ તમે ગાડી પાટા ઉપર જ રાખો. જયનારાયણભાઈ મને સમજાતું નથી કે...

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પ્રશ્નોત્તરી છે. મારે બોલવું છે પછી બોલીશ.

**અધ્યક્ષશ્રી** : શ્રી જયનારાયણભાઈ

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, તમે બેઠા હતા એટલે તમારી ગાડી ઉતરી ગઈ હતી. તમે ઉભા રહયા હોત તો તમારી ગાડી દોડત. તમે બેસી ગયા. કોઈના કહેવામાં આવી ગયા. કોઈના કહેવામાં ન આવ્યા હોત તો વાંધો ન હતો.

**શ્રી વજુભાઈ વાળા** : કોઈને નવા પાળિયા કરવાની જરૂર નથી. જેના માટે તમારે ભાતૃભાવ જેની સાથે છે તેને સાચવીને રાખો. અમને પાળિયા કરાવો નહીં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ છ મિનિટ છે. છ મિનિટમાં બીજા મિત્રોને ચાન્સ આપીએ એટલે વધારે નથી કહેતો. માનનીય મંત્રીશ્રીએ કહયું કે આપણે આયોજન પંચ મંજૂર રાખે એટલા માટે આપણે કરજ લઈએ છીએ. માનનીય મંત્રીશ્રીને એમ કહેવું છે કે રેવન્યુ ડૅફિસિટ ૪૩૫૬ કરોડ જ્યારે રખાતી હોય આ વખતે અને જ્યારે કરજ અને વ્યાજ તેનો ખર્ચ ૫૦ હજાર કરોડ રૂપિયામાંથી ૧૪ હજાર કરોડ રૂપિયા એમાં જતા હોય તો આ બજેટને આપણે તંદુરસ્ત કહી શકીશું. અને જયારે કરજ અને વ્યાજ એનો ખર્ચો પચાસ હજાર કરોડમાંથી ચૌદ હજાર કરોડ રૂપિયા એમાં જતા હોય તો આ બજેટને આપણે તંદુરસ્ત કહી શકીશું? બીજી મારી વાત એ છે કે માનનીય મંત્રીશ્રી આ કરજ દરવર્ષે વધારવાને બદલે દર વર્ષે થોડુંક કરજ ઘટે, થોડુંક, વધારે નહીં, અથવા તો અત્યારનું જે લેવલ છે ત્યાં સ્થિર થાય એના માટે કોઈ પ્રયાસ કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કરજ માટે થઈને કેન્દ્ર સરકાર જ આપણને એમ કહે છે કે, તમામ રાજયોને ગયા વર્ષે એમણે એમ કહયું, કે તમે તમારા જીડીપીના ત્રણ ટકા સુધી દર વર્ષે કરજ વધારી શકો છો, એને બદલે મોંઘવારીના કારણે ત્રણ ટકાને બદલે તમે ચાર ટકા કરો એટલે કેન્દ્ર સરકારે આપણને મંજૂરી આપી, મને નહીં, ગુજરાતને નહીં પણ તમામ રાજયોને મંજૂરી આપી છે, માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે મંદીના કારણે તમામ રાજયોને ત્રણ ટકાને બદલે ચાર ટકા સુધી કરજ લેવા માટેની મંજૂરી આ વર્ષે આપી છે. અને એ જે મંજૂરી આપી છે એ પ્રમાણે જ આપણે લઈએ છીએ અને વિકાસના કામ માટે થઈને કરજ કરવું એમ આયોજન મંડળ અને કેન્દ્ર સરકાર પણ આપણને કહે છે, એના નોમ્સ મુજબ જ આપણે કરજ લઈએ છીએ, તમામ રાજયોએ એના નોમ્સની બહાર જવાનું હોતું નથી. આપણે કોઈ લક્ષ્મણ રેખા ઓળંગી નથી લક્ષ્મણ રેખાની અંદર જ ગુજરાત રાજય આર્થિક રીતે ખૂબ સધ્ધર છે ફરીથી કહું છું કે એક પણ હપ્તો ચડત નથી, એક પણ રૂપિયાનું વ્યાજ પણ ચડત નથી. અને છેલ્લા પાંચ વર્ષ થયા એક પણ વખત ઓવરડ્રાફટ પણ લીધો નથી. આટલી નાણાકીય સધ્ધરતા ગુજરાત રાજયની છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારનો એક હકારાત્મક અભિગમ છે એની એક વાત બધાને કામમાં આવશે. માનનીય પ્રધાન મંત્રીશ્રી સ્વયંમ્ અર્થશાસ્ત્રી છે અને પ્લાનિંગ કમિશન સામે ગુજરાતે એક વિષય મૂકયો, આપણે એમ કહયું કે રાજયોને જે દેવું થાય છે એ દેવાને ત્રણ હિસ્સામાં વહેંચવું જોઈએ. એક કુદરતી આફત્તિને કારણે  કરવું પડતું દેવું, જે કોઈપણ રાજયના બસનો રોગ નથી. બીજું, વિકાસ માટે કરવું પડતું દેવું, અને ત્રીજું વહીવટ ચલાવતાં આવડતું નથી માટે પગાર આપવા માટે કરવું પડતું દેવું. એવી ત્રણ કેટેગરી બનાવવી જોઈએ અને ત્રણેયના વ્યાજદર પણ જુદા કરવા જોઈએ. નેચરલ કેલેમિટીનું વ્યાજ હોઈ શકે જ નહીં, પ્લાનિંગ કમિશનની અંદર આવો જયારે વિષય મૂકયો તત્વતઃ હકારાત્મક ભૂમિકા એમણે લીધી, હજી સુધી નિર્ણય થયો નથી પરંતુ એમને પણ લાગે છે કે જો લાંબાગાળાની વિકાસની યોજનાને પાર પાડવી હશે તો દેવાને ત્રણ હિસ્સામાં વહેંચવું જોઈએ. કદાચ આ દિશામાં જો નિર્ણય થશે કારણ કે વાતચીતમાં બધા પોઝીટીવ છે તો હું માનું છું કે દેશમાં વિકાસને વધારે બળ મળશે અને કુદરતી આફત્તિ વખતે જે રાજયોને મુશ્કેલી પડે છે એમને પણ કદાચ સુવિધા વધશે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને  હું ત્રણ પ્રશ્ન પૂછવા માગું છું, એક પ્રશ્ન એ છે કે ૨૦૦૮- ૦૯માં રાજય સરકારે કઈ કઈ સંસ્થાઓ પાસે કેટલી કેટલી રકમની કરજ લીધી છે, લોન લીધી છે, બીજો પ્રશ્ન એ છે કે, ૨૦૦૮-૦૯માં રાજય સરકારે કઈ કઈ સંસ્થાઓને કેટલા કેટલા રૂપિયાનું કરજ પરત કર્યુ છે, અને ત્રીજો પ્રશ્ન એ છે કે, નાની બચત યોજનામાંથી રાજય સરકારે કેટલા રૂપિયાનું કરજ લીધું છે?

**શ્રી વજુભાઈ વાળા** :  માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી, ૨૦૦૮-૦૯ની અંદર કઈ કઈ સંસ્થાઓ પાસેથી કેટલું કેટલું કરજ છે એ લેવામાં આવ્યું, તો એ અંગે કહીશ કે ઈન્સ્ટીટ્યુશનલ લોન છે એ ૩૭૨૨ કરોડ રૂપિયાની લીધી, માર્કેટ લોન છે એ ૨૮૦૨૨ની લીધી અને નાની બચતની જે લોન છે એ..

**ડૉ. કનુભાઈ કળસરિયા:** માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) ..

**અધ્યક્ષશ્રી:** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. માનનીય કનુભાઈ, મારી રજા લેવા માટે તમારે ચેમ્બરમાં આવવાનું ત્યાર પછી હું રજા આપીશ. (અંતરાય) નહીં નહીં, જીરોઅવર્સની મંજૂરી મંત્રીશ્રી આપે તો જ હોય છે. નહીં આપને જીરોઅવર્સની મંજૂરી હોય તો જ રજૂ કરી શકો છો. મારી અને મંત્રીશ્રીની જીરોઅવર્સની મંજૂરી હોય તો જ આપ જીરોઅવર્સમાં કહી શકો. બાકી આપ નિયમો પ્રમાણે આવી શકો છો. (અંતરાય) નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

### આણંદ જિલ્લામાં માનવ ગરીમા યોજનાની મળેલ અરજીઓ

૧૨૪૩૧**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ ગરીમા યોજનામાં સ્વરોજગારી ધંધા માટે અનુસૂચિત જાતિ અને બક્ષીપંચ જાતિની કેટલી અરજીઓ મળી, અને | (૧) અનુસૂચિત જાતિની ૨૨૮ તથા બક્ષીપંચ જાતિની ૨૦૦ અરજીઓ મળીને કુલ ૪૨૮ અરજીઓ મળેલ છે. |
| (૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી નામંજૂર કરી અને કેટલી પડતર છે ? | (૨) તે અન્વયે ૩૫૭ અરજીઓ મંજૂર અને ૭૧ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે. એક પણ અરજી પડતર નથી. |

-------------

### રાજ્ય સરકારનું દેવું તેમજ ચૂક્વેલ વ્યાજ

૧૧૯૧૦**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યનું કુલ દેવું કેટલું છે, અને | (૧) રૂા.૯૪૫૫૩ કરોડ (અંદાજીત) |

(૨) આ દેવા ઉપર કેટલું વ્યાજ ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચૂકવવામાં આવ્યું ?

(૨) (રૂા. કરોડમાં)

| નાણાકીય વર્ષ | ચૂકવેલ વ્યાજ |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૭૦૬૫ |
| ૨૦૦૯-૧૦ (અંદાજીત)<br>(તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ) | ૫૫૨૭ |

-------------

## નવસારી જિલ્લામાં વિકલાંગોને આપેલ ઓળખપત્ર

૧૨૧૮૯**શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા વિકલાંગોને ઓળખપત્ર કાઢી આપવામાં આવ્યાં ?

**જવાબ**

૪૩૨.

## સંવર્ગવાર ભરતી કરાયેલ સહાયકોને છઠ્ઠા પગારપંચ અનુલક્ષી વધારો કરી આપવા અંગે

૧૨૨૭૪ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જુદા જુદા સંવર્ગવાર ભરતી કરાયેલા સહાયકોના પગારમાં સન ૨૦૧૦-૧૧માં રાજ્ય સરકાર દ્વારા કોઇ વધારો કરવા આયોજન છે કે કેમ,

(૨) સહાયકોના પગાર ધોરણ અનુસાર દિવસો મુજબ ગણતરી કરતાં નવો પગાર ""મીનીમમ વેઇજીસ"" જેટલો છે કે ઓછો છે, અને

(૩) સહાયકોના પગાર ધોરણમાં છઠ્ઠા પગાર પંચને અનુલક્ષીને શું વધારો કરવા માગે છે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) છઠ્ઠા પગારપંચની ભલામણો માટે અમલી બનાવેલ ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો ૨૦૦૯ના નિયમ ૨ (૨) (જ) અનુસાર તે નિયમો ફીક્સ પગારથી ફરજ બજાવતાં કર્મચારીઓને લાગુ પડતાં નથી. તેથી તે અનુસાર કોઇ વધારો કરવાનો થતો નથી.

## સુરેન્દ્રનગર જિલ્લામાં મંજૂર કરેલ વસાહતો

૧૨૫૧૭**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા. (હળવદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના ક્લસ્ટર સહિત કેટલી વસાહતો તાલુકાવાર મંજૂર કરવામાં આવી,

(૨) આ વસાહત પાછળ કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી અને કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧), (૨) અને (૩)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર કરવામાં આવેલ ક્લસ્ટર સહિત વસાહતની સંખ્યા | મંજૂર કરવામાં આવેલ રકમ રૂા.લાખમાં | ખર્ચ કરવામાં આવેલ રકમ રૂ.લાખમાં | લાભાર્થીઓ ની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૪ | ૧૧.૬૦ | ૭.૯૦ | ૨૯ |

(૩) આ યોજનાનો લાભ તાલુકાવાર કેટલા લાભાર્થીઓને મળ્યો છે ?

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | લીંબડી | ૬ | ૩૨.૪૨ | ૧૮.૮૦ | ૭૮ |
| ૩ | ધ્રાંગધ્રા | ૫ | ૨૬.૧૬ | ૧૭.૧૦ | ૬૪ |
| ૪ | હળવદ | ૫ | ૨૮.૭૦ | ૧૬.૯૦ | ૭૦ |
| ૫ | પાટડી | ૭ | ૬૯.૦૨ | ૪૪.૮૦ | ૧૬૮ |
| ૬ | લખતર | ૪ | ૩૭.૧૪ | ૨૦.૨૦ | ૮૯ |
| ૭ | મુળી | ૨ | ૧૪.૮૦ | ૧૦.૨૦ | ૩૭ |
| ૮ | ચોટીલા | ૪ | ૨૩.૪૦ | ૧૪.૮૦ | ૫૭ |
| ૯ | સાયલા | ૫ | ૩૪.૬૫ | ૨૦.૦૦ | ૮૨ |
| | **કુલ :** | ૪૨ | **૨૭૭.૮૯** | **૧૭૦.૭૦** | **૬૭૪** |

-------------

**ભાવનગર જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનાની મળેલ અરજીઓ**

૧૨૧૪૮**શ્રી અત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ સન ૨૦૦૯ના વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી અરજીઓ આવી, અને

(૧) ૯૮૩.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી ?

(૨) ૫૧૭.

-------------

**અમદાવાદ જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ**

૧૨૧૬૪ **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, અને

(૧) ૯૧૬૫.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે અને કેટલી નામંજૂર કરવામાં આવેલ છે ?

(૨) ૬૧૦૭ મંજૂર.
૧૯૬૦ નામંજૂર.

-------------

**મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અન્વયે સહાયનું ચૂકવણું**

૧૨૧૬૯**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત છેલ્લે ક્યા માસ સુધી સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે ?

મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત મહેસાણા પ્રાંતમાં છેલ્લે ડીસેમ્બર-૨૦૦૯ માસ સુધી તથા વિસનગર પ્રાંતમાં છેલ્લે ઓકટોબર-૨૦૦૯ સુધી સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે

-------------

**કેન્દ્ર સરકાર તરફથી મળેલ લોન તેમજ ચૂકવેલ વ્યાજ**

૧૧૭૯૬**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી લોન પેટે કેટલી રકમ વર્ષવાર રાજ્ય સરકારને મળેલ છે, અને

(૧) અને (૨) ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ

(૨) રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર તરફથી મળેલ લોન ઉપર આ બે વર્ષમાં કેટલું વ્યાજ ચૂકવેલ છે ?

(રૂા. કરોડમાં)

| નાણાકીય વર્ષ | લોન પેટે મળેલ રકમ | ચૂકવેલ વ્યાજ |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૦૯ | ૮૭૪ |
| ૨૦૦૮-૦૯ | ૨૨૭ | ૮૪૯ |
| ૨૦૦૯-૧૦ (તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અંદાજીત) | ૪૮ | ૫૭૦ |

-------------

**પંચમહાલ જિલ્લામાં પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે વધારાના છાત્રાલયો ખોલવા કરેલ કાર્યવાહી**

૧૨૪૮૯ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કુમાર છાત્રાલય અને કન્યા છાત્રાલય કેટલા છે, અને

(૨) પછાત વર્ગના વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહી અભ્યાસ કરી શકે તે માટે વધારાના છાત્રાલયો ખોલવા સન ૨૦૦૯-૧૦માં સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| | બક્ષીપંચના છાત્રાલયો | અનુ.જાતિના છાત્રાલયો |
|---|---|---|
| કુમાર | ૬૭ | ૨૧ |
| કન્યા | ૧૧ | ૪ |

(૨)પંચમહાલ જિલ્લામાં બક્ષીપંચનું એક (૧) કન્યા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. પંચમહાલ જિલ્લામાં અનુ.જાતિનું એક (૧) સરકારી કન્યા છાત્રાલય મંજૂર કરવામાં આવેલ છે.

-------------

**વડોદરા જિલ્લામાં ટ્રીબ્યુનલ સમક્ષ મળેલ અરજીઓનાં નિકાલ અંગે**

૧૨૧૯૧**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધી મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એકટ હેઠળ ટ્રીબ્યુનલ સમક્ષ વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને

(૨) મળેલ અરજીઓ પેકી કેટલાનો નિકાલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) એક.

(૨) શૂન્ય.

-------------

**આણંદ અને ખેડા જિલ્લામાં અનુસૂચિત જાતિના ગરીબોના કલ્યાણ માટે બનાવેલ યોજના**

૧૨૩૬૮**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ-૨૦૧૦માં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી હેઠળ આણંદ અને ખેડા જિલ્લાના અનુસૂચિત જાતિના ગરીબ ભાઇ-બહેનોના કલ્યાણ માટે સરકારે કોઇ યોજના બનાવી છે,

(૨) જો હા, તો બન્ને જિલ્લા માટે શું શું યોજના છે, અને

(૩) સરકાર દ્વારા આવી યોજના માટે કેટલું ખર્ચ કરવાની યોજના છે ?

**જવાબ**

(૧) ના,જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## રાજ્યમાં જુવેનાઇલ જસ્ટીસ એક્ટ હેઠળ કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ

**૧૨૧૭૩શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુવેનાઇલ જસ્ટીસ એક્ટ ૨૦૦૦ હેઠળ તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે, અને | (૧) ૪૪-સરકારી અને ૬૧-સ્વૈચ્છિક સંસ્થાઓ. |
| (૨) આ કાયદાની જોગવાઇ મુજબ ક્યા પ્રકારના બાળકોને પ્રવેશ મળી શકે ? | (૨) બે પ્રકારના બાળકોને પ્રવેશ મળી શકે છે.<br>૧. કાયદા સાથે સંઘર્ષમાં આવનાર.<br>૨. સંભાળ અને રક્ષણની જરૂરીયાત વાળા. |

-------------

## સિમેન્ટ કંપનીઓ પાસેથી વસૂલ લેવાની વેચાણવેરાની બાકી રકમ

**૧૧૬૪૩શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) :** તા ૦૭-૦૭-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૮૬૭૭ (અગ્રતાક્રમ-૨૦) ના અનુસંધાને **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યની ૨૧ સિમેન્ટ કંપનીઓ પાસેથી રૂા. ૨૩૧.૧૬ કરોડ વેચાણવેરો વસુલ લેવાનો બાકી હતો તે કંપનીઓ પાસેથી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલો વસુલ કરાયેલ છે, | (૧) રૂપિયા ૯.૨૨ કરોડ. |
| (૨) ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી વેચાણવેરો વસુલવો બાકી હોઇ તેવી કઇ કઇ કંપનીઓ સામે સરકારે જમીન મહેસૂલ કાયદા અન્વયે શાં પગલાં લીધલ છે, અને | (૨) પત્રક મુજબ. |
| (૩) ઉચ્ચકક્ષાએ આ જવાબદારી કોને સોંપવામાં આવેલ છે ? | (૩) વિભાગીય વડાને વસૂલાત અંગે જવાબદારી સોંપવામાં આવેલ છે. |

### પત્રક

| પત્રક | સિમેન્ટ કંપનીનું નામ | જમીન મહેસૂલ કાયદા અન્વયે લીધલ પગલાની વિગત |
|---|---|---|
| ૧ | રાધા કિશન સિમેન્ટ | કલમ-૧૫૨/૨૦૦ તા. ૧૨-૩-૦૪થી નોટિસ પાઠવેલ છે. બી.આઈ.એફ.આર. નં. ૮૩-૧૯૮૯થી માંદા એકમ તરીકે નોંધાયેલ છે તેમજ લીક્વીડેટર સમક્ષ તા. ૩-૭-૦૬થી દાવો નોંધાયેલ છે. |
| ૨ | મે. સેવાલિયા સિમેન્ટ વર્કસ | (૧) મિલક્ત ટાંચ જા.૨૧૬૪૯/૫૦ તા.૧૨-૧૨-૯૫<br>(૨) મિલક્ત ટાંચ જા. ૫૩૫૦/૫૧ તા. ૧૪-૧૦-૯૮<br>કંપની હાલમાં લીક્વીડેશનમાં છે. લીક્વીડેટરની નિમણૂક થયેલ છે. |
| ૩ | પંચમહાલ સિમેન્ટ કંપની પ્રા. લી. | કલમ-૧૫૨/૨૦૦ની નોટીસ તા. ૧૮-૭-૦૫, કલમ-૧૫૪/૧૫૫ હેઠળ મિલકત ટાંચ/૧૨/૧૨-૦૫, ડેબ્ટ રીકવરી ટ્રીબ્યુનલ, અમદાવાદ સમક્ષ દાવો નોંધાવ્યા તા. ૩૦-૦૭-૦૮, જમીન હરાજીની કાર્યવાહી માટે જમીન અપસેટ વેલ્યુ મૂલ્યાંકન ફી મુક્તિ માટે કલેકટરશ્રી દાહોદને પત્ર તા. ૧૭-૦૯-૦૮, ઋણ વસુલી પંચ, મુંબઈને દાવો નોંધાવતો પત્ર તા. ૧૩-૧-૧૦ |
| ૪ | સોમાની સિમેન્ટ પ્રા.લી. | કલમ ૧૫૨ની નોટિસ તા. ૨૮-૬-૯૫, કલમ-૨૦૦ની નોટિસ તા.૧૨-૧-૯૭, કલમ-૧૫૪/૧૫૫ તા. ૧૧-૪-૯૭ અને ઋણ વસુલી પંચ સમક્ષ દાવો નોંધાવ્યા તા. ૧૯-૭-૦૮ |
| ૫ | ગુજરાત હિમાલયા સિમેન્ટ | કલમ-૧૫૨-/૨૦૦ ની નોટિસ તા. ૨૮-૮-૯૦; લીક્વીડેટર, અમદાવાદને જા. ૩૪૩ તા. ૧૨-૪-૦૪ થી એફિડેવીટ કરી દાવો નોંધાવેલ છે. |
| ૬ | એચ.એમ.પી. સિમેન્ટ | કલમ-૪૮ની નોટીસ તા. ૫-૧-૯૭, કલમ-૧૫૨/૨૦૦ની નોટીસ તા. ૨૦-૭-૯૪; કંપનીની મશીનરી રૂા. ૩.૬૮ કરોડમાં વેચાણ થયેલ છે જે રકમ કલકત્તા હાઈકોર્ટના આદેશ મુજબ કોર્ટમાં જમા છે. તા ૧૦-૧૦-૦૩ના રોજ કલકત્તા હાઈકોર્ટની કામગીરી માટે સરકારી વકીલની નિમણૂક માટે પત્ર જા. ૪૯૮૯ તા. ૨-૨-૦૭થી લખેલ છે જેના અનુસંધાને કાયદા શાખા, ગાંધીનગરે જા.એન.આ.એચ.-૦૧-૨૦૦૩-૧૬૧ તા. ૧-૪-૦૮થી સચિવશ્રી આર.એલ. એ.લો. એંડ જ્યુડી ડીપારમેન્ટ વેસ્ટ બેંગાલ કલકત્તાને પત્ર લખી સદર કેસમાં મદદ કરવા જણાવેલ છે. કોર્ટે રીસીવરશ્રી કલકત્તાને તા.૧૬-૧૨-૦૯થી પત્ર વસુલાત કરવા જણાવેલ છે. |
| ૭ | કામદાર સિમેન્ટ લી. | રેવન્યુ રીકવરી સર્ટીફીકેટ તા. ૧૬-૮-૯૫થી મોકલેલ છે. કંપની ફડચામાં ગયેલ છે. ધંધો બંધ થઈ ગયેલ છે. ડાયરેકટરો ગુજરાત બહારના હોઈ મુંબઈ જા.૭૮૩૩/૩૫ તા. ૨૪-૮-૯૪ થી રેવન્યુ રીકવરી સર્ટીફીકેટ મોકલેલ છે. ડેબ્ટ રીકવરી ટ્રીબ્યુનલ, મુંબઈ સમક્ષ દાવો નોંધાવેલ છે. |
| ૮ | ગુજરાત હાઈટેક ઈન્ડ. કોડીનાર | કલમ-૪૮ની નોટિસ તા. ૨૪-૪-૯૫, કલમ-૧૫૨/૨૦૦ની નોટિસ તા. ૩૧-૦૩-૯૬ કંપની ફડચામાં ગયેલ છે. ફડચા અધિકારી, અમદાવાદ સમક્ષ તા.૬-૧૦-૨૦૦૦ના રોજ દાવો નોંધાવેલ છે. |
| ૯ | ગાયત્રી સિમેન્ટ એન્ડ કેમીકલ | કલમ-૧૫૨ની નોટિસ તા. ૨૫-૧૯૪ના રોજ પાઠવેલ છે. |

| પત્રક | સિમેન્ટ કંપનીનું નામ | જમીન મહેસૂલ કાયદા અન્વયે લીધેલ પગલાની વિગત |
|---|---|---|
| ૧૦ | સરદાર સિમેન્ટ પ્રા. લી. | ક્લમ-૧૫૨/૨૦૦ની નોટિસ તા. ૧૨-૧૦-૯૮ના રોજ પાઠવેલ છે. |
| ૧૧ | જ્યુપીટર સિમેન્ટ ઈન્ડ. | ક્લમ-૧૫૨/૨૦૦ની નોટીસ તા. ૨૦-૯-૨૦૦૦, રેવન્યુ રીકવરી સર્ટીફીકેટ, પોરબંદરને મોકલેલ છે. બી.આઈ.એફ.આર. માં કેસ નંબર ૧૨૫/૯૪ નોંધાયેલ છે. |
| ૧૨ | જે.કે.સિમેન્ટ પ્રા.લી. | વર્ષ ૧૯૯૩માં ક્લમ-૪૮ અન્વયે મિલક્ત ટાંચમાં લીધેલ છે ડેબ્ટ રીક્વરી ટ્રીબ્યુનલ સમક્ષ દાવો નોંધાવેલ છે. |

-------------

**જુવેનાઇલ જસ્ટીસ એકટ હેઠળ કાર્યરત બોર્ડ**

૧૨૧૭૬ **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જુવેનાઇલ જસ્ટીસ એકટ-૨૦૦૦ હેઠળ તારીખ ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી ચાઇલ્ડ વેલ્ફેર કમિટી અને જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ કાર્યરત છે ?

**જવાબ**

૨૫ ચાઈલ્ડ વેલ્ફેર કમિટી તથા
૨૬ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ કાર્યરત છે.

-------------

**રાજ્યના ૧૨ જિલ્લાઓમાં માથે મેલું ઉપાડવાની પ્રથા અંગે કરેલ કાર્યવાહી**

૧૧૮૭૯**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસર્જન એન.જી.ઓ. દ્વારા રાજ્યના ૧૨ જિલ્લાઓમાં માથે મેલું ઉપાડવાની પ્રથા અંગે તાજેતરમાં કરેલ સર્વે અંગેનો અહેવાલ સરકારને મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો સરકારે તે બાબતે શી કાર્યવાહી કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વિચારણા હેઠળ છે.

-------------

**રાજકોટ જિલ્લામાં અપંગ સાધન સહાયની મળેલ અરજીઓ**

૧૨૧૫૪**ડો. ભરતભાઈ બોઘરા(જસદણ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અપંગ સાધન સહાય યોજના અન્વયે રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧) ૨૩૪.

(૨) ૨૩૪ મંજૂર કરવામાં આવી
૦-નામંજૂર કરવામાં આવી.

(૩) શૂન્ય.

-------------

**છઠ્ઠા પગારપંચને લગતાં કર્મચારી સંગઠનોના પડતર મુદ્દાઓ**

૧૧૬૧૬**શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છઠ્ઠા પગાર પંચને ધ્યાને લઇ રાજ્ય સરકારના કર્મચારી સંગઠનો દ્વારા રજૂ કરેલા પગાર પંચને લગતા ક્યા ક્યા મુદ્દાઓ તા. ૧૫-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારમાં પડતર છે,

(૨) આ અંગે ક્યારે ક્યારે કર્મચારી સંગઠનો સાથે કેટ કેટલી વખત બેઠકો યોજાઇ, અને

**જવાબ**

(૧) કર્મચારી મહામંડળો સાથે તા. ૧૬-૧૨-૨૦૦૮ના રોજ મળેલ બેઠકમાં થયેલ ચર્ચા વિચારણા તેમજ વાટાઘાટો મુજબ નિર્ણય લઈ છઠ્ઠા પગાર પંચની ભલામણોના અનુસંધાનમાં રાજ્ય સરકારે અમલ કરેલ છે અને તે અંગેના હુકમો કરેલ છે.

(૨) તા. ૧૬-૧-૦૯ થી ૧૫-૧-૧૦ના એક વર્ષના સમયગાળામાં કર્મચારી સંગઠનો સાથે તા. ૯-૧૧-૨૦૦૯, તા. ૨૧-૧૧-૨૦૦૯, તા.૨-૧૨-૨૦૦૯ અને ૩-૧૨-

| | |
|---|---|
| | ૨૦૦૯ના રોજ મળી કુલ ૪ (ચાર) બેઠકો યોજાઈ. |
| (૩) આ બેઠક પછી કેટલા પ્રશ્નો હલ કરવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનાની મળેલ અરજીઓ**

૧૨૧૫૮**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૪૯૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમ ચૂકવવામાં આવી, | (૨) તે પૈકી ૧૩૪૪ અરજીઓ મંજૂર કરી રૂા. ૧૫,૮૯,૮૦૦/- (પંદર લાખ નેવ્યાસી હજાર આઠસો રૂપિયા પૂરા)ની રકમ ચૂકવવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૧૪૮. |
| (૪) કેટલી અરજીઓ પડતર છે ? | (૪) કોઈ અરજી પડતર નથી. |

-------------

**રાજ્યમાં માથાદીઠ આવક અને દેવું**

૧૧૫૭૪**શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૦-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવક કેટલી છે, | (૧) રાજ્યની માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તૈયાર કરવામાં આવતી નથી. આથી તા. ૨૦-૦૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યની માથાદીઠ આવકનો અંદાજ બાંધી શકાય નહીં. આમ છતાં વર્ષ ૨૦૦૭-૦૮માં રાજ્યમાં માથાદીઠ આવક રૂા. ૪૫૭૭૩/- અંદાજવામાં આવી છે. |
| (૨) માથાદીઠ સરકારી દેવું આ સ્થિતિએ કેટલું છે, અને | (૨) રૂા. ૧૬૬૨૮ (અંદાજીત). |
| (૩) માથાદીઠ આવક વધારવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) માથાદીઠ આવકમાં વધારો એ રાજ્યના એકંદર ઘરગથ્થું ઉત્પાદનમાં થતી વૃધ્ધિ ઉપર આધારીત છે. રાજ્યના એકંદર ઘરગથ્થું ઉત્પાદનમાં વધારો થાય તે માટે સરકાર દ્વારા જુદા જુદા આર્થિક, સામાજિક ક્ષેત્રોમાં પ્રગતિ હાંસલ કરવા તથા આંતર માળખાકીય સુવિધા પૂરી પાડવા સહિત ઉત્પાદન ક્ષેત્રમાં વિકાસ થાય તે હેતુથી વિવિધ યોજનાઓ અમલમાં મૂકેલ છે. |

**રાજ્યમાં જુવેનાઇલ જસ્ટીસ એકટ હેઠળ કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ**

૧૨૧૭૨**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુવેનાઇલ જસ્ટીસ એકટ-૨૦૦૦ હેઠળ તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે, અને | (૧) ૪૪ સરકારી અને<br>૬૧ સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે. |
| (૨) આ કાયદાની જોગવાઇ મુજબ ક્યા પ્રકારના બાળકોને પ્રવેશ મળી શકે ? | (૨) બે પ્રકારના બાળકોને પ્રવેશ મળી શકે છે.<br>૧. કાયદા સાથે સંઘર્ષમાં આવનાર.<br>૨.સંભાળ અને રક્ષણની જરૂરીયાત વાળા. |

**સાબરકાંઠા જિલ્લામાં ખેતમજૂરોના અકસ્માતથી થયેલ મૃત્યુ અન્વયે ચૂકવેલ સહાય**

૧૨૩૭૧ **શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેતમજૂરો નોંધાયેલ છે,

(૨) આ ખેતમજૂરો પેકી મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકાઓમાં કુલ કેટલા ખેતમજૂરો છેલ્લા બે વર્ષમાં અક્સ્માતથી મૃત્યુ પામેલ છે,

(૩) આ પેકી કેટલા લાભાર્થીઓને સરકાર દ્વારા સહાયતા ચૂકવવામાં આવી અને કેટલા લાભાર્થીઓની અરજીઓ પડતર છે, અને

(૪) આ પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ ૧,૫૫,૩૯૨ ખેત મજુરો નોંધાયેલ છે. તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧. | હિંમતનગર | ૧૨,૨૪૮ |
| ૨. | ઈડર | ૧૯,૮૦૦ |
| ૩. | મોડાસા | ૧૩,૪૭૬ |
| ૪ | પ્રાંતિજ | ૧૨,૭૪૪ |
| ૫. | બાયડ | ૦૮,૬૬૧ |
| ૬. | ભિલોડા | ૧૫,૭૬૨ |
| ૭. | ખેડબ્રહ્મા | ૧૨,૦૨૦ |
| ૮. | માલપુર | ૦૮,૧૦૦ |
| ૯. | મેઘરજ | ૧૨,૬૯૬ |
| ૧૦. | વિજયનગર | ૧૦,૨૩૧ |
| ૧૧. | વડાલી | ૦૮.૪૭૮ |
| ૧૨. | તલોદ | ૧૩,૨૬૩ |
| ૧૩. | ધનસુરા | ૦૭,૯૧૩ |

(૨) શ્રમયોગીઓના મૃત્યુ બાબતે સ્થાનિક સ્વરાજની સંસ્થા જન્મ-મરણ નોંધણી વિભાગ દ્વારા રેકર્ડ નિભાવવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં ધનસુરા તાલુકામાં-૦૧ અને બાયડ તાલુકામાં-૦૫ મળી કુલ ૦૬-ખેતમજુરો અક્સ્માતથી મૃત્યુ પામેલ છે.

(૩) તમામ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે. પડતર અરજીઓ શૂન્ય છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થથો નથી.

-------------

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફ્ટ તેમજ ચૂકવેલ વ્યાજ**

૧૨૨૧૬**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલીવાર ઓવરડ્રાફટ લેવામાં આવ્યો, અને

(૨) તે પેટે કેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યું ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પંચમહાલ જિલ્લામાં વિક્લાંગોને આપેલ ઓળખપત્ર**

૧૨૧૮૮**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા વિક્લાંગોને ઓળખપત્ર કાઢી આપવામાં આવ્યા ?

**જવાબ**

૧૦૬૩.

-------------

**વિક્લાંગો માટે વિમા સુરક્ષા કવચમાં આવરી લેવા કરેલ આયોજન**

૧૨૧૬૨**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વિક્લાંગ માટે વિમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવા માટે હાલમાં કોઇ યોજના સરકારની

**જવાબ**

(૧) હાલમાં રાજ્યના વિક્લાંગ ઓળખકાર્ડ ધરાવતા વિક્લાંગો માટે વિમા કવચ યોજના અમલમાં છે. જે

વિચારણા હેઠળ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા વિકલાંગોને આવરી લઇ કેટલું પ્રિમીયમ ભરવાનું થાય, અને

(૩) વ્યક્તિગત વિકલાંગોને કેટલી રકમનો વિમો આપી શકાય ?

ગુજરાત સામુહીક જુથ (જનતા) અકસ્માત વિમા યોજના તરીકે ઓળખાય છે.

(૨) કુલ ૨.૩૦ લાખ વિકલાંગોને આવરી લઈ રૂા. ૪૦.૦૦ લાખનું પ્રિમીયમ ચાલુ વર્ષમાં વિમા નિયામકશ્રીને ચુકવવામાં આવેલ છે.

(૩) વિકલાંગ લાભાર્થીઓને રૂા. ૧.૦૦ લાખની મહત્તમ રાશીની મર્યાદામાં વિમો આપવામાં આવે છે.

-------------

**બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિના અને વિકસતી જાતિના છાત્રાલયોની સંખ્યા**

૧૧૭૧૬**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અનુસૂચિત જાતિનાં અને વિકસતી જાતિના કેટલાં છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) ઉક્ત છાત્રાલયોમાં કન્યાઓ માટેના કેટલા છાત્રાલયો જિલ્લાવાર છે ?

**જવાબ**

(૧) કુલ છાત્રાલયો

| અ.નં | જિલ્લાનું નામ | વિકસતી જાતિ | અનુસૂચિત જાતિ |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૪૯ | ૫૩ |
| ૨ | સાબરકાંઠા | ૮૨ | ૫૬ |
| ૩ | પાટણ | ૪૫ | ૨૪ |
| ૪ | મહેસાણા | ૨૧ | ૨૫ |
| | **કુલ :** | **૧૯૭** | **૧૫૮** |

(૨) કુલ કન્યા છાત્રાલયો

| અ.નં | જિલ્લાનું નામ | વિકસતી જાતિ | અનુસૂચિત જાતિ |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૩ | ૧૦ |
| ૨ | સાબરકાંઠા | ૮ | ૮ |
| ૩ | પાટણ | ૩ | ૫ |
| ૪ | મહેસાણા | ૩ | ૭ |
| | **કુલ :** | **૧૭** | **૩૦** |

-------------

**આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અન્વયે સહાયનું ચૂકવણું**

૧૨૧૭૦**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત છેલ્લે ક્યા માસ સુધી સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે ?

**જવાબ**

આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત છેલ્લે માહે સપ્ટેમ્બર-૨૦૦૯ સુધી સહાયનું ચુકવણું કરવામાં આવેલ છે.

**જૂનાગઢ જિલ્લામાં અપંગ સાધન સહાય યોજનાની મળેલ અરજીઓ**

૧૨૧૫૫**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અપંગ સાધન સહાય યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧) ૧૬૧.

(૨) ૧૪૨-મંજૂર.
૧૯-નામંજૂર.

(૩) શુન્ય.

------------

**ભરૂચ જિલ્લામાં ટ્રીબ્યુનલ સમક્ષ મળેલ અરજીઓના નિકાલ અંગે**

૧૨૧૯૨**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધી મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ

**જવાબ**

(૧) શુન્ય.

સીનીયર સીટીઝન એક્ટ હેઠળ ટ્રીબ્યુનલ સમક્ષ ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને

(૨) મળેલ અરજીઓ પેકી કેટલાનો નિકાલ કરવામાં આવ્યો ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## અમદાવાદ જિલ્લામાં ખાનગી ટયૂશન પાછળ ચૂકવેલ રકમ

૧૨૪૦૭**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જાતિ અને સામાજિક અને શેક્ષણિક રીતે પછાત જાતિઓના ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના ખાનગી ટયૂશન માટે સહાય આપવાની કોઇ યોજના અમલમાં છે,

(૨) જો હા, તો અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી. અનુસૂચિત જાતિ માટે યોજના અમલમાં છે. સામાજીક અને શેક્ષણિક રીતે પછાત જાતિ માટે યોજના અમલમાં નથી.

(૨)

| તાલુકાનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| સીટી | ૧૧૧ |
| વિરમગામ | ૦૧ |
| માંડલ | - |
| સાણંદ | ૦૧ |
| દેત્રોજ | - |
| ધોળકા | ૦૧ |
| બરવાળા | - |
| બાવળા | ૦૧ |
| દસક્રોઈ | ૦૧ |
| ધંધુકા | -- |
| રાણપુર | -- |
| **કુલ** | **૧૧૬** |

(૩) રૂા. ૧૨,૦૭,૪૫૨/-

-------------

## જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ હેઠળ બાળ ગુનેગારોના પડતર કેસો

૧૧૫૯૧**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં જુવેનાઇલ જસ્ટીસ બોર્ડમાં કેટલા બાળ ગુનેગારોના કેટલા કેસો પડતરમાં છે,

(૨) આવા કેસોના નિકાલ સત્વરે નહીં થવાના કારણો શાં છે, અને

(૩) કેટલા સમયમાં કેસોનો નિકાલ કરવાની જોગવાઇ છે ?

**જવાબ**

(૧) ૧૧૫૨૩

(૨) (૧) આવા કેસોમાં પાઠવવામાં આવેલ સમન્સ સરનામા બદલાવાના કારણે પરત થાય છે. તેજ પ્રમાણે જામીનોને પાઠવવામાં આવેલ સમન્સ પણ પરત આવે છે.

(૨) ન્યાયમુર્તિની જ્યાઓના અભાવે તથા વિવિધ કામગીરીનું ભારણ વધુ હોવાથી.

(૩) બીજા રાજ્યોના બાળ ગુનેગારો જામીન પર છુટ્યા બાદ તેના સરનામામાં ફેરફાર થતાં સમન્સ/વોરંટ બજી શક્તા નથી.

(૩) કાયદાની જોગવાઈ મુજબ ચાર માસમાં.

## વડોદરા જિલ્લામાં માનવ ગરિમા યોજનાની મળેલ અરજીઓ

૧૧૯૭૨ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારીના ધંધા માટે જાતિવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, કેટલી પડતર છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારીના ધંધા માટે જાતિવાર મળેલ અરજીઓની વિગત.

| ક્રમ | જાતિ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | અનુસૂચિત જાતિ | ૩૭૭ | ૨૭૨ | ૧૦૫ | શૂન્ય |
| ૨ | બક્ષીપંચ (સા.શે.પ.વ.) | ૧૦૮ | ૮૭ | ૨૧ | શૂન્ય |
| ૩ | આર્થિક પછાત વર્ગ | ૦૭ | ૦૪ | ૦૩ | શૂન્ય |
| ૪ | લઘુમતિ | ૩૫ | ૨૭ | ૦૮ | શૂન્ય |
| | **કુલ** | **૫૨૭** | **૩૯૦** | **૧૩૭** | **શૂન્ય** |

## બનાસકાંઠા જિલ્લામાં સંકટ મોચન યોજનાની મળેલ અરજીઓ

૧૨૧૬૮**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સંકટ મોચન યોજના અંતર્ગત તારીખ ૩-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૫૫૭.

(૨) મંજૂર કરેલ અરજીઓ-૩૨૨
ચૂકવેલ સહાય-રૂા. ૧૬.૭૦ લાખ.

## પાંચમાં અને છઠ્ઠા પગાર પંચના અમલ અંગે

૧૧૬૩૪**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પાંચમાં પગાર પંચના અમલ કરતાં છઠ્ઠા પગાર પંચનો અમલ કરવામાં એક વર્ષ કરતાં વધુ વિલંબ થયો છે તે હકીક્ત સાચી છે, અને

(૨) છઠ્ઠા પગાર પંચના અમલ સમયે તારીખ ૧-૧-૦૬ થી પગાર વધારાનાં ફરક્ની રકમ તારીખ ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ કેટલી અંદાજવામાં/ગણવામાં આવી છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) છઠ્ઠા પગાર પંચના અમલને કારણે તારીખ ૧-૧-૨૦૦૬ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ના સમયગાળાની પગાર વધારાના ફરક (તફાવત)ની અંદાજીત કુલ ખર્ચની રકમ રૂા. ૯૦૫૬.૨૨ કરોડ છે.

## જૂનાગઢ જિલ્લામાંની શાળાઓમાં અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના વિદ્યાર્થીઓને ચૂકવેલ શિષ્યવૃત્તિ

૧૧૬૦૧**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના વિધાર્થીઓને કેટલી શિષ્યવૃત્તિ ચૂકવેલ છે, અને,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | શિષ્યવૃત્તિની રકમ રૂપીયા (બક્ષીપંચ) | શિષ્યવૃત્તિની રકમ રૂપીયા (અનુ.જાતિ) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | કોડીનાર | ૭૮,૩૯,૬૦૪/- | ૪૨,૭૯,૮૫૦/- |
| ૨ | ઉના | ૫૦,૨૮,૩૦૬/- | ૧૮,૮૪,૬૧૯/- |
| ૩ | વેરાવળ | ૮૫,૮૦,૧૮૩/- | ૩૮,૪૮,૫૮૩/- |

| | | | |
|---|---|---|---|
| ૪ | સુત્રાપાડા | ૬૧,૦૫,૭૫૩/- | ૧૫,૯૦,૨૨૧/- |
| ૫ | માળીયા (હા) | ૪૧,૮૯,૫૩૩/- | ૨૨,૭૭,૬૨૯/- |
| ૬ | માંગરોળ | ૫૫,૮૭,૭૭૮/- | ૪૨,૬૪,૪૨૩/- |
| ૭ | જૂનાગઢ | ૧,૧૯,૭૨,૨૯૨/- | ૬૧,૩૩,૨૭૩/- |
| ક્રમ | તાલુકો | શિષ્યવૃત્તિની રકમ રૂપીયા (બક્ષીપંચ) | શિષ્યવૃત્તિની રકમ રૂપીયા (અનુ.જાતિ) |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૮ | ભેંસાણ | ૫,૯૦,૯૩૫/- | ૮,૧૭,૭૬૩/- |
| ૯ | વિસાવદર | ૧૪,૮૬,૮૪૩/- | ૨૦,૬૧,૨૮૦/- |
| ૧૦ | માણાવદર | ૩૨,૫૭,૩૬૨/- | ૩૮,૫૩,૨૭૫/- |
| ૧૧ | મેદરડા | ૨૩,૧૭,૯૬૮/- | ૧૯,૫૭,૭૬૭/- |
| ૧૨ | વંથલી | ૧૭,૯૭,૬૭૯/- | ૧૯,૬૫,૫૦૨/- |
| ૧૩ | તાલાલા | ૪૩,૧૫,૨૭૭/- | ૧૧,૨૩,૦૦૮/- |
| ૧૪ | કેશોદ | ૪૧,૦૯,૦૮૯/- | ૩૭,૧૬,૦૪૮/- |
| | કુલ રૂા. | ૬,૭૧,૭૮,૬૦૨/- | ૩,૯૭,૭૩,૨૪૧/- |

(૨) આ જિલ્લામાં શિષ્યવૃત્તિ ચૂકવેલ ન હોય તો તેના કારણો શાં છે ?

(૨) શિષ્યવૃત્તિ પેટે ચુકવણું બાકી નથી.

-------------

## કચ્છ જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ

૧૨૧૫૧**શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સંત સુરદાસ યોજના અન્વયે કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તેઓને કેટલી સહાય ચૂકવેલ છે ?

**જવાબ**

(૧) ૯૩૩.

(૨) રૂા. ૩૨,૬૩,૬૯૦/- .

-------------

## જુવેનાઇલ જસ્ટીસ એકટ હેઠળ કાર્યરત બોર્ડ

૧૨૧૭૫ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જુવેનાઇલ જસ્ટીસ એકટ-૨૦૦૦ હેઠળ તારીખ ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી ચાઇલ્ડ વેલ્ફેર કમિટી અને જુવેનાઇલ જસ્ટીસ બૉર્ડ કાર્યરત છે ?

**જવાબ**

૨૫-ચાઈલ્ડ વેલ્ફેર કમિટિ તથા ૨૬-જુવેનાઈલ જસ્ટીસ બૉર્ડ કાર્યરત છે.

-------------

## ગાંધીનગર જિલ્લામાં સંકટ મોચન યોજનાની મળેલ અરજીઓ

૧૨૧૬૬**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સંકટ મોચન યોજના અંતર્ગત તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૮૯.

(૨) ૯૫-અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂા. ૯.૫૦ લાખની સહાય ચૂકવવામાં આવી.

-------------

## જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા બેરોજગારોને આપેલ રોજગારી

૧૨૨૧૯**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જિલ્લા રોજગાર વિનિમય કચેરી જામનગર ખાતે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

**જવાબ**

(૧) ૨૭૫૯૭.

| | |
|---|---|
| (૨) આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૨૭૪૫. |

-------------

**અમદાવાદ જિલ્લામાં ટ્રીબ્યુનલ સમક્ષ મળેલ અરજીઓના નિકાલ અંગે**

૧૨૧૯૦**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધી મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એકટ હેઠળ ટ્રીબ્યુનલ સમક્ષ અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧૩ અરજીઓ. |
| (૨) મળેલ અરજીઓ પૈકી કેટલાનો નિકાલ કરવામાં આવ્યો ? | (૨) ૦૬. |

-------------

**આઈ.ટી.આઈ. કોલેજ સાવરકુંડલા ખાતે અન્ય કોર્ષ શરૂ કરવા મળેલ માંગણીઓ**

૧૧૭૩૪**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવરકુંડલા મુકામે આઈ.ટી.આઈ. કોલેજમાં ક્યા પ્રકારના કોર્ષ ચલાવવામાં આવે છે, તે કોર્ષ સિવાય અન્ય કોર્ષ માટેની માંગણીઓ તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા-કેવા પ્રકારની મળેલ છે, અને | (૧) સાવરકુંડલા મુકામે આઈ.ટી.આઈ. માં<br>(૧) ઈલેક્ટ્રીશીયન<br>(૨) હેર એન્ડ સ્કીન કેર<br>(૩) વાયરમેન<br>(૪) મીકેનીક મોટર (વ્હીકલ)<br>(૫) કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ પ્રકારના કોર્ષ ચલાવવામાં આવે છે. તે કોર્ષ સિવાય અન્ય કોર્ષ માટેની માંગણીઓ તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ નથી. |
| (૨) આવેલ માંગણીઓના કોર્ષ ક્યારે અને કેટલા સમયમાં શરૂ કરવા આયોજન છે ? | (૨) અન્ય કોર્ષ માટેની માંગણીઓ મળેલ ન હોઈ લાગુ પડતું નથી. |

-------------

**જામનગર જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ**

૧૨૧૫૩ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સંત સુરદાસ યોજના અન્વયે જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૧,૫૨૭. |
| (૨) તેઓને કેટલી સહાય ચૂકવેલ છે ? | (૨) રૂા.૪૭,૦૬,૧૦૦/-. |

**જિલ્લા રોજગાર વિનિયમ કચેરી નડિયાદ ખાતે બેરોજગારોને આપેલ રોજગારી**

૧૨૨૧૮**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર વિનિમય કચેરી નડિયાદ જિલ્લો, ખેડા ખાતે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને | (૧) ૩૭૨૯૦. |
| (૨) આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૩૪૮૩. |

**પાટણ જિલ્લામાં સંકટ મોચન યોજનાની મળેલ અરજીઓ**

૧૨૧૬૭**શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંકટ મોચન યોજના અંતર્ગત તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, અને | (૧) ૪૩૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) મંજૂર કરેલ અરજીઓ-૨૮૦ ચૂકવવામાં આવેલ સહાય રૂા.૨૮.૦૦/- લાખ. |

-------------

**જુવેનાઈલ જસ્ટીસ બોર્ડની મળેલ બેઠકો**

૧૨૩૭૩**શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડની બેઠકો કેટલી વખત મળી, ક્યારે ક્યારે, | (૧) જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના ચેરમેન સીનીયર મોસ્ટ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ છે. અને બોર્ડની બેઠકો મોટાભાગના જિલ્લાઓમાં દર પંદર દિવસે એક વખત અને કેસોના ભારણ પ્રમાણે અઠવાડિયામાં એકવાર અથવા એકથી વધુવાર પણ મળે છે. |
| (૨) આ બોર્ડની રચના ક્યારે થયેલ છે, અને | (૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના જાહેરનામા ક્રમાંક : જી/ એલ/ ૧/ જેજેએ/ ૧૦૨૦૦૪/ ૧૭૧૨/છ, ના તા.૧૭-૯-૨૦૦૭ થી ૧૫ જસ્ટીસ બોર્ડ તા.૨૫-૯-૨૦૦૭ થી ૬, તા.૨-૩-૨૦૦૯ થી ૧, તા.૮-૭-૨૦૦૯ થી ૧, તા.૯-૧-૨૦૦૯ થી ૧, અને તા.૨૭-૭-૨૦૦૯ થી ૨ મળી કુલ ૨૬ જે.જે.બી. ની રચના કરવામાં આવી. |
| (૩) તે અન્વયે કેટલા બાળ ગુનેગારોના કેસોનો નિકાલ કરવામાં આવ્યો ? | (૩) વર્ષ ૨૦૦૮ માં ૩૪૭૫ અને વર્ષ ૨૦૦૯ માં ૨૪૨૧. |

-------------

**નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો**

૧૨૨૧૪**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શન મંજૂરીના કેટલા કેસો પડતર છે, | (૧) ૭૧૫ કેસ. |
| (૨) આ કેસો પડતર રહેવાના કારણો શાં છે, અને | (૨) ચકાસણીની પ્રક્રિયામાં હતા. |
| (૩) પડતર કેસોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૩) એકપણ કેસ પડતર નથી. |

-------------

**રાજ્યના કુલ બજેટરી જોગવાઈ અન્વયે વિભાગને ફાળવેલ બજેટરી જોગવાઈ**

૧૧૮૦૬**શ્રી આર.સી. પટેલ (જલાલપોર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બક્ષીપંચના લોકો માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું સન ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ તથા ૨૦૦૮-૦૯ના વર્ષની કુલ કેટલી બજેટરી જોગવાઈ હતી, | (૧) વર્ષ ૨૦૦૬-૦૭ રૂા.૧૯૦.૨૫ કરોડ<br>વર્ષ ૨૦૦૭-૦૮ રૂા.૨૪૫.૦૦ કરોડ<br>વર્ષ ૨૦૦૮-૦૯ રૂા.૨૬૫.૦૦ કરોડ |
| (૨) આ ત્રણેય વર્ષની બજેટરી જોગવાઈ રાજ્યના | (૨) વર્ષ ૨૦૦૬-૦૭ ૧.૫૨ ટકા |

કુલ બજેટના કેટલા ટકા વર્ષ વાર થાય છે, અને

વર્ષ ૨૦૦૭-૦૮ ૧.૫૩ ટકા
વર્ષ ૨૦૦૮-૦૯ ૧.૩૯ ટકા

(૩) રાજ્યની બંક્ષીપંચની કુલ વસ્તીના સંદર્ભમાં વિવિધ યોજનાઓ માટે બક્ષીપંચની તમામ જ્ઞાતિઓની કુલ વસ્તીની ટકાવારી મુજબ બજેટની ટકાવારીમાં વધારો કરવા સરકારનું શું આયોજન છે ?

(૩) બક્ષીપંચની જાતિઓ માટેની વિવિધ યોજનાઓ માટેની બજેટરી જોગવાઈમાં ઉત્તરોતર વધારો કરવામાં આવે છે.

-------------

**રાજ્ય સરકાર દ્વારા દેવામાંથી મુક્તિ મેળવવા કરેલ પ્રયત્નો**

૧૧૭૪૨**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના દેવામાં તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે નાણાકીય વર્ષમાં વધારો થવા માટે ક્યા કારણો જવાબદાર છે, અને

(૨) દેવા-મુક્તિ માટે રાજ્ય સરકાર દ્વારા શું પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ?

**જવાબ**

(૧) રાજ્યના વિકાસ આયોજનને અનુલક્ષીને થતા મૂડી ખર્ચને પહોંચી વળવા માટે.

(૨) રાજવિત્તિય શિસ્તના પાલન દ્વારા દેવું, રાજ્યના વિકાસ માટે મૂડી ખર્ચની જરૂરીયાત પ્રમાણે અને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મર્યાદાની અંદર રહેશે.

-------------

**વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અન્વયે સહાયનું ચૂકવણું**

૧૨૧૭૧**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત છેલ્લે ક્યા માસ સુધી સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે ?

**જવાબ**

વડોદરા પ્રાંતમાં છેલ્લે નવેમ્બર-૦૯ સુધી તથા ડભોઈ અને છોટા ઉદેપુર પ્રાંતમાં ડિસેમ્બર-૦૯ સુધી.

-------------

**રંગનાથ મિશ્રા સમિતિના અહેવાલ અંગે મળેલ પ્રતિભાવ**

૧૨૪૦૨**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ""રંગનાથ મિશ્રા"" કમીટીનો અહેવાલ જે કેન્દ્ર સરકારને સુપરત કરેલો છે તેના અંગે વિભાગ દ્વારા કોઈ સરકારી સંકલ્પ-વિધાનસભામાં પસાર કરી કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલો છે કે કેમ, અને

(૨) જો મોકલવામાં આવ્યો હોય તો તે અંગે કેન્દ્ર સરકારે કોઈ પ્રતિભાવ આપેલો છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ના, જી.

-------------

**વેટ અધિનિયમ હેઠળ ખાંડ પરના વેરા અંગે**

૧૨૪૨૬ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વેટ અધિનિયમ હેઠળ હાલમાં ખાંડ પર વેરાનો દર કેટલો છે,

(૨) આયાતી ખાંડ પર વેટ લાગે છે કે કેમ, અને

(૩) ખાંડનો ભાવવધારો અટકાવવા અને રાજ્યની સામાન્ય જનતાને રાહત આપવા, તેના પર વેરાનો દર ઘટાડવા કોઈ પગલાં લીધેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હાલમાં દરેક પ્રકારની ખાંડ વેરા મુક્ત છે.

(૨) તા.૧૫-૯-૦૯ થી આયાતી ખાંડને વેરા મુક્તિ આપવામાં આવેલ છે.

(૩) હા, જી. તા.૧૫-૯-૨૦૦૯ થી વેટના કાયદાની અનુસૂચિ-૨ ની એન્ટ્રી-૭૩ માં સમાવિષ્ટ આયાતી ખાંડ સહિત દરેક પ્રકારની ખાંડ પરનો વેરો પુરેપુરો માફ કરવામાં આવેલ છે.

**રાજકોટ જિલ્લામાં વિકલાંગોને આપેલ ઓળખપત્ર**

૧૨૧૮૭ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા વિકલાંગોને ઓળખપત્ર કાઢી આપવામાં આવ્યા ? | ૧૫૨૫. |

-------------

**રાજ્યમાં જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ**

૧૨૧૭૪ **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુવેનાઈલ જસ્ટીસ એકટ-૨૦૦૦ હેઠળ તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારની અને સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે, અને | (૧) ૪૪ સરકારી અને<br>૬૧ સ્વૈચ્છિક સંસ્થાઓ. |
| (૨) આ કાયદાની જોગવાઈ મુજબ ક્યા પ્રકારના બાળકોને પ્રવેશ મળી શકે ? | (૨) બે પ્રકારના બાળકોને પ્રવેશ મળી શકે છે.<br>(૧) કાયદા સાથે સંઘર્ષમાં આવનાર.<br>(૨) સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા. |

-------------

**ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ**

૧૨૧૬૩**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, અને | (૧) ૩૮૬૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને કેટલી નામંજૂર કરવામાં આવેલ છે ? | (૨) મંજૂર ૨૫૬૪<br>નામંજૂર ૧૨૩૬ |

-------------

**રાજ્ય સરકાર દ્વારા સીક્યુરીટી લોન મેળવવા કરેલ કાર્યવાહી**

૧૨૦૧૬ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોતાની બજેટ ખાદ્ય પૂરી કરવા તથા ૨૦૦૯-૧૦ ના વર્ષમાં બજેટમાં સમાવેશ કરેલી યોજનાઓ માટેની નાણાકીય ખાદ્ય પૂરી કરવા સીક્યુરીટી લોન મેળવવા કાર્યવાહી કરેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની સીક્યુરીટી લોન તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ મેળવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**બનાસકાંઠા જિલ્લાના તાલુકાઓમાં આઈ.ટી.આઈ. શરૂ કરવા કરેલ આયોજન**

૧૨૫૨૬**શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેટલી આઈ.ટી.આઈ.કાર્યરત છે, | (૧) ૦૭. |
| (૨) જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. નથી ત્યાં શરૂ કરવાનું વર્ષ ૨૦૦૯-૧૦ માં સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૨) જે ૦૫ તાલુકાઓમાં સરકારી આઈ.ટી.આઈ. નથી તે તાલુકાઓ પૈકી ભાભર અને દાંતીવાડા તાલુકામાં ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.સી. અને દિયોદર, ધાનેરા |

અને કાંકરેજ તાલુકામાં સ્વ-નિર્ભર આઈ.ટી.સી. કાર્યરત હોઈ વર્ષ ૨૦૦૯-૧૦માં સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરવાની જરૂર ન હોઈ સરકારનું કોઈ આયોજન નથી.

(૩) જો હા, તો ક્યાં અને કેટલા સમયમાં આઈ.ટી.આઈ. શરૂ કરવા આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યમાં જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ કાર્યરત બોર્ડ**

૧૨૧૭૭**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૨૦૦૦ હેઠળ રાજ્યમાં કુલ કેટલી ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અને જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ કાર્યરત છે ?

**જવાબ**

૨૫ ચાઈલ્ડ વેલ્ફેર કમિટી
૨૬ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ.

-------------

**ખેડા જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા**

૧૨૧૯૯ **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વેચાણવેરાના કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) આ દરોડા દરમિયાન કેટલા રૂપિયાની ગેરરીતિઓ પકડવામાં આવી, અને

(૩) કેટલા ઈસમો સામે કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૩.

(૨) રૂપિયા ૬૧.૪૭ લાખ.

(૩) કુલ ૨૩ દરોડાઓ પાડવામાં આવેલ છે તે પૈકી ૨૦ એકમો સામે ગુજરાત વેટ અધિનિયમ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

-------------

**આણંદ જિલ્લામાં માનવ ગરિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૧૭૬૧ **શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારીના ધંધા માટે અનુસૂચિત જાતિ અને બક્ષીપંચ જાતિની કેટલી અરજીઓ આવી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) અને (૨)

આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારીના ધંધા માટે અનુસૂચિત જાતિ અને બક્ષી પંચ જાતિની મળેલ અરજીઓ અને મંજૂર કરેલ અરજીઓની વિગત.

| ક્રમ | જાતિ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | અનુસૂચિત જાતિ | ૨૨૮ | ૧૭૫ |
| ૨ | બક્ષીપંચ જાતિ | ૨૦૦ | ૧૮૨ |
| | કુલ : | ૪૨૮ | ૩૫૭ |

(૩) કેટલી પડતરમાં છે ?

(૩) એક પણ નહીં.

-------------

**જામનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજનાની મળેલ અરજીઓ**

૧૨૧૫૭ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા

**જવાબ**

(૧) ૬૮૫.

એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૨) તે પેકી ૬૧૧ અરજીઓ મંજૂર કરી અને કુલ રૂા. ૭,૮૯,૫૦૦/- (સાત લાખ નેવ્યાસી હજાર પાંચસો રૂપિયા પૂરા) ની રકમ ચુકવવામાં આવી.

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૩) ૫૨.

(૪) કેટલી અરજીઓ પડતર છે ?

(૪) ૨૨ અરજીઓ પડતર છે.
આ ૨૨ પડતર અરજીઓ માહે જાન્યુઆરી-૨૦૧૦માં મંજૂર કરી રૂા. ૪૭,૫૦૦/-(સુડતાલીસ હજાર પાંચસો)ની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી.

-------------

**પંચમહાલ જિલ્લામાં વધારાની આઈ.ટી.આઈ. આપવા કરેલ આયોજન**

૧૨૪૩૫**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી આઈ.ટી.આઈ. કાર્યરત છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | આઈ.ટી.આઈ.ની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૦૨ |
| ૨ | કડાણા | ૦૧ |
| ૩ | લુણાવાડા | ૦૧ |
| ૪ | હાલોલ | ૦૧ |
| ૫ | શહેરા | ૦૧ |
| ૬ | સંતરામપુર | ૦૧ |
| ૭ | ઘોઘંબા | ૦૧ |
| ૮ | ખાનપુર | ૦૧ |
| | **કુલ :** | **૦૯** |

(૨) આ આઈ.ટી.આઈ. માં કેટલા વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે, અને

(૨) ૨૮૮૦ વિદ્યાર્થીઓ.

(૩) પંચમહાલ જિલ્લો પછાત અને આદિવાસી વિસ્તાર હોવાથી સન ૨૦૧૦-૧૧ના વર્ષમાં વધારાની આઈ.ટી.આઈ. આપવા સરકારનું શું આયોજન છે ?

(૩) પંચમહાલ જિલ્લાના કુલ ૧૧ તાલુકા પેકી ૮ તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. છે જ્યારે જાંબુઘોડા અને કાલોલ તાલુકામાં ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.સી. અને મોરવા (હડફ) તાલુકામાં સ્વ-નિર્ભર આઈ.ટી.સી. કાર્યરત હોઈ પંચમહાલ જિલ્લામાં વર્ષ-૨૦૧૦-૧૧ના વર્ષમાં વધારાની આઈ.ટી.આઈ. શરૂ કરવાનું કોઈ આયોજન નથી.

-------------

**આણંદ જિલ્લા ખાતેની સમાજ કલ્યાણ કચેરીમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૨૨૮૧ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૨૯-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સમાજ કલ્યાણ (વિકસતિ જાતિ) કચેરી અને તેના હસ્તકની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૧) તા. ૨૯-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લાની કચેરી અને તેના હસ્તકની કચેરીમાં

વર્ગ-૧ની - શૂન્ય.
વર્ગ-૨ની - ૨.
વર્ગ-૩ની - ૨૦.
વર્ગ-૪ની - શૂન્ય જગ્યાનું મહેકમ મંજૂર થયેલ છે.

(૨) તે પેકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) મંજૂર થયેલ ૨૨ જગ્યાઓ પેકી ૬ જગ્યાઓ અનુક્રમે

૧ ૧ જગ્યા તા. ૨૯-૯-૨૦૦૬.
૨ ૨ જગ્યા તા. ૩-૪-૨૦૦૭.
૩ ૧ જગ્યા તા. ૫-૫-૨૦૦૮.
૪ ૧ જગ્યા તા. ૨૧-૯-૨૦૦૯.

| | |
|---|---|
| | ૪ ૧ જ્ગ્યા તા. ૨૧-૯-૨૦૦૯. |
| | ૫ ૧ જ્ગ્યા તા. ૧૫-૧૦-૨૦૦૯થી ખાલી છે. |
| (૩) શા કારણોસર, અને | (૩) કર્મચારીની બદલી/બઢતી તથા ભરતીની પ્રક્રિયા ચાલુ હોવાના કારણોસર. |
| (૪) કેટલા સમયમાં ભરવા આયોજન છે ? | (૩) જેમ બને તેમ જલદી. |

-------------

**અમદાવાદ જિલ્લામાં અપંગ સાધન સહાય યોજનાની મળેલ અરજીઓ**

૧૨૧૫૯**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અપંગ સાધન સહાય યોજના અન્વયે અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૦૧૩. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૫૭૭-મંજૂર.<br>૪૩૬-નામંજૂર. |
| (૩) કેટલી અરજીઓ પડતર છે ? | (૩) શુન્ય. |

-------------

**વિક્લાંગો માટે વિમા સુરક્ષા ક્વચમાં આવરી લેવા કરેલ આયોજન**

૧૨૧૬૧**શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના વિક્લાંગ માટે વિમા સુરક્ષા ક્વચ હેઠળ આવરી લેવા માટે હાલમાં કોઈ યોજના સરકારની વિચારણા હેઠળ છે કે કેમ, | (૧) હાલમાં રાજ્યના વિક્લાંગ ઓળખ કાર્ડ ધરાવતા વિક્લાંગો માટે વિમા ક્વચ યોજના અમલમાં છે. જે ગુજરાત સામુહીક જુથ (જનતા) અક્સ્માત વિમા યોજના તરીકે ઓળખાય છે. |
| (૨) જો હા, તો કેટલા વિક્લાંગોને આવરી લઈ કેટલુ પ્રિમીયમ ભરવાનું થાય, અને | (૨) કુલ ૨.૩૦ લાખ વિક્લાંગોને આવરી લઈ રૂા. ૪૦.૦૦ લાખનું પ્રિમીયમ ચાલુ વર્ષમાં વિમા નિયામકશ્રીને ચુક્વવામાં આવેલ છે. |
| (૩) વ્યક્તિગત વિક્લાંગોને કેટલી રક્મનો વિમો આપી શકાય ? | (૩) વિક્લાંગ લાભાર્થીઓને રૂા. ૧.૦૦ લાખની મહત્તમ રાશીની મર્યાદામાં વિમો આપવામાં આવે છે. |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક યુવાનોને રોજગારી**

૧૧૬૫૮**શ્રી મફતલાલ મો.પૂરોહિત (ધાનેરા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં આવેલ ઓદ્યોગિક એક્મોમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થાનિક યુવાનોને રોજગારી આપવાના પરિપત્ર અન્વયે કેટલાને રોજગારી આપવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ૭૩૬૬.<br>તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૭૫૨૪. |
| (૨) ક્યા ક્યા ઓદ્યોગિક એક્મોએ સ્થાનિક યુવાનોને રોજગારી આપવાના સરકારના પરિપત્રનો ભંગ કરેલ છે, અને | (૨) કોઈ ઓદ્યોગિક એક્મોએ સ્થાનિક યુવાનોને રોજગારી આપવાનાં સરકારના ઠરાવનો ભંગ કરેલ નથી. |
| (૩) આવા એક્મો સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**કામદારો માટેની ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કસ એકટમાં જમા રકમ**

૧૨૦૧૨**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કામદારોના વેલફેર માટેના ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ-૧૯૯૬ પ્રમાણે તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલી રકમ જમા થઈ, | (૧) રૂા. ૧૪૪,૮૧,૨૦,૦૦૦/-જમા થયેલ છે. |
| (૨) તેમાંથી કામદારોના વેલફેર માટે છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) તેમાંથી કામદારોના વેલફેર માટે છેલ્લા ૩ વર્ષમાં તા. ૩૧-૦૧-૨૦૧૦ની સ્થિતિએ વર્ષવાઈઝ કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે. |

| અ. નં. | વર્ષ | કરેલ ખર્ચ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૨૦૦૮ | ૦ |
| ૨ | ૨૦૦૮-૨૦૦૯ | ૦ |
| ૩ | ૨૦૦૯-૨૦૧૦ (તા.૩૧-૦૧-૨૦૧૦ સુધી) | ૫૭,૭૩,૮૩૭/- |
| | કુલ : | ૫૭,૭૩,૮૩૭/- |

| | |
|---|---|
| (૩) ઓછો ખર્ચ થવાના કારણો શા છે ? | (૩) લાભાર્થી તરીકે નોંધાયેલ બાંધકામ શ્રમયોગીને જ સહાય મળવાપાત્ર હોવાથી. |

-------------

**સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનાની મળેલ અરજીઓ**

૧૨૧૫૯**શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૧૭૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી રકમ ચૂકવવામાં આવી, | (૨) તે પૈકી ૧૧૫૯ અરજીઓ મંજૂર કરી. કુલ રૂા. ૧૫,૨૬,૦૦૦/-. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૧૧ અરજીઓ. |
| (૪) કેટલી અરજીઓ પડતર છે ? | (૪) શૂન્ય. |

**વાણિજ્યિક વેરા ખાતામાં વર્ગ-૧,૨,૩ અને ૪ ની ખાલી જ્ગ્યાઓ**

૧૨૪૨૭**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) હાલમાં વાણિજ્યિક વેરા ખાતામાં વર્ગ-૧,૨,૩ અને ૪ ની કુલ કેટલી જ્ગ્યાઓ ખાલી છે, | (૧) |

| વર્ગ | ખાલી જ્ગ્યાઓ |
|---|---|
| વર્ગ-૧ | ૯૩ |
| વર્ગ-૨ | ૯૭ |
| વર્ગ-૩ | ૮૪૯ |
| વર્ગ-૪ | ૧૨૬ |
| કુલ : | ૧૧૬૫ |

| | |
|---|---|
| (૨) આ ખાલી જ્ગ્યાના કારણે હાલમાં વેચાણવેરાની આવક પર અસર થાય છે તે હકીક્ત સાચી છે, અને | (૨) વેચાણવેરાની કામગીરી પર પરોક્ષ રીતે અસર થાય છે. |
| (૩) જો હા, તો આ જ્ગ્યાઓ ભરવા માટે સરકાર શું પગલા ભરવા માંગે છે ? | (૩) બઢતી અને સીધી ભરતીથી જ્ગ્યાઓ ભરવાની કાર્યવાહી થઇ રહી છે. |

**રાજકોટ જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને રોજગારી**

૧૧૯૬૬**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં આવેલ ઓદ્યોગિક એકમોમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવી, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ૧૩૪૫૬ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૧૪૨૧૩. |
| (૨) ક્યા ક્યા ઓદ્યોગિક એકમોએ સ્થાનિક લોકોને રોજગારી આપવામાં સરકારના પરિપત્રનો ભંગ કરેલ છે ? | (૨) કોઇ ઓદ્યોગિક એકમોએ સ્થાનિક યુવાનોને રોજગારી આપવાનાં સરકારના ઠરાવનો ભંગ કરેલ નથી. |

-------------

**૭૯**

**ખેડા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના ના લાભાર્થીઓ**

૧૧૮૬૦**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં બક્ષીપંચની કેટલી બહેનોને કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત લાભ આપવામાં આવ્યા, અને | (૧) ૨૦૪ બહેનો. |
| (૨) તે અન્વયે કેટલી સહાય વર્ષવાર આપવામાં આવી ? | (૨) વર્ષ ૨૦૦૮ રૂા. ૪.૬૫ લાખ<br>વર્ષ ૨૦૦૯ રૂા. ૫.૫૫ લાખ |

-------------

**આણંદ જિલ્લામાં કુંવરબાઈના મામેરા યોજનાની મળેલ અરજીઓ**

૧૨૪૩૨**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ આવી, અને | (૧) અને (૨) આણંદ જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ અને થયેલ ખર્ચની વિગત. |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી, તે અન્વયે કેટલી રકમનો ખર્ચ થયો ? | |

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮ | | | વર્ષ ૨૦૦૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | થયેલ ખર્ચ રૂા. લાખમાં | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | થયેલ ખર્ચ રૂા. લાખમાં |
| ૧ | આણંદ | ૩૦ | ૨૭ | ૧.૩૫ | ૭૬ | ૭૦ | ૪.૧૦ |
| ૨ | પેટલાદ | ૩૯ | ૩૩ | ૧.૬૫ | ૮૯ | ૮૫ | ૫.૫૦ |
| ૩ | બોરસદ | ૨૨ | ૧૯ | ૦.૯૫ | ૭૯ | ૭૪ | ૪.૨૫ |
| ૪ | ખંભાત | ૪૪ | ૪૩ | ૨.૧૫ | ૭૯ | ૭૬ | ૫.૦૫ |
| ૫ | ઉમરેઠ | ૧૮ | ૧૮ | ૦.૯૦ | ૫૩ | ૫૦ | ૨.૭૦ |
| ૬ | સોજીત્રા | ૨૨ | ૧૪ | ૦.૭૦ | ૨૨ | ૧૮ | ૧.૨૫ |
| ૭ | આંક્લાવ | ૨૩ | ૨૧ | ૧.૦૫ | ૨૫ | ૨૩ | ૧.૬૦ |
| ૮. | તારાપુર | ૧૩ | ૧૧ | ૦.૫૫ | ૨૧ | ૧૮ | ૧.૪૦ |
| | કુલ : | ૨૧૧ | ૧૮૬ | ૯.૩૦ | ૪૪૪ | ૪૧૪ | ૨૫.૮૫ |

-----------------

**દાહોદ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ખેલાડીઓની પસંદગી અંગે**

૧૧૮૧૯**શ્રી બાચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રમતગમત ક્ષેત્રે ખેલાડીઓને પ્રોત્સાહન પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂા. ૨૨,૬૪,૩૭૦/-. |
| (૨) આ જિલ્લામાંથી રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ | (૨) દાહોદ જિલ્લામાંથી ૧૯૬૯ ખેલાડીઓએ |

કેટલા રમતવીરો પસંદ થયા ? રાજ્ય કક્ષાએ ભાગ લીધો. જે પૈકી પસંદગી પામેલ ૫૫ રમતવીરોએ રાષ્ટ્ર કક્ષાએ વિવિધ રમતોની સ્પર્ધામાં ભાગ લીધેલ છે.

-------------

**પંચમહાલ જિલ્લામાં શારીરિક વિક્લાંગ તેમજ માનસિક ક્ષતિવાળી વ્યક્તિઓની મળેલ અરજીઓ**

૧૨૧૩૪**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન અંધ, શારીરિક વિક્લાંગ અને બહેરા મૂંગા માનસિક ક્ષતિવાળી વ્યક્તિની સહાય માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, કેટલી ચૂકવવાની બાકી છે, અને

(૩) બાકી હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) *પત્રક-(૧), *પત્રક-(૨), તથા *પત્રક-(૩) સામેલ છે.

(૨) *પત્રક-(૧), *પત્રક-(૨), તથા *પત્રક-(૩) સામેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

* (પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

**બનાસકાંઠા જિલ્લામાં બાળમજૂરી રોકવા કરેલ પ્રયત્નો**

૧૨૪૦૪ **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળ મજૂરો શોધવામાં આવ્યા, અને

(૨) બાળમજૂરી રોકવા માટે સરકારે શાં પ્રયત્નો કર્યા ?

**જવાબ**

(૧) તા ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નીચેની વિગતે તાલુકાવાર બાળ મજુરો શોધવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | શોધવામાં આવેલ બાળ શ્રમિકો | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ |
| ૧ | પાલનપુર | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૨ | કાંકરેજ | ૦૦ | ૦૩ | ૦૩ |
| | કુલ... | ૦૨ | ૦૪ | ૦૬ |

(૨) રાજ્યમાં બાળશ્રમયોગી પ્રથા નાબૂદ કરવા કામની જગ્યાએથી બાળ શ્રમયોગીઓને મુક્ત કરાવવા માટે બાળ કામદાર (પ્રતિબંધ અને નિયમન) ધારો, ૧૯૮૬ના ચુસ્તપણે અમલ અંગે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી.

**સાબરકાંઠા જિલ્લામાં માનવ ગરીમા યોજનાની પડતર અરજીઓ**

૧૨૫૧૫**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ ગરીમા યોજના હેઠળ સ્વરોજગારીના ધંધા માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧), (૨) અને (૩) સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ ગરીમા યોજના હેઠળ સ્વરોજગારીના ધંધા માટે તાલુકાવાર મળેલ અરજીઓની વિગત.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૭૯ | ૧૪૫ | ૩૪ | શૂન્ય |
| ૨ | ઇડર | ૧૧૬ | ૯૨ | ૨૪ | શૂન્ય |
| ૩ | વડાલી | ૪૩ | ૨૧ | ૧૨ | શૂન્ય |
| ૪ | પ્રાંતિજ | ૬૭ | ૬૧ | ૦૬ | શૂન્ય |
| ૫ | તલોદ | ૫૪ | ૩૭ | ૧૭ | શૂન્ય |
| ૬ | મોડાસા | ૬૯ | ૬૦ | ૦૯ | શૂન્ય |
| ૭ | ધનસુરા | ૩૮ | ૨૮ | ૧૦ | શૂન્ય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | ધનસુરા | ૩૮ | ૨૮ | ૧૦ | શૂન્ય |
| ૮ | વિજયનગર | ૩૧ | ૨૮ | ૦૩ | શૂન્ય |
| ૯ | ખેડબ્રહમા | ૨૭ | ૧૨ | ૧૫ | શૂન્ય |
| ૧૦ | ભિલોડા | ૧૫૦ | ૯૨ | ૫૮ | શૂન્ય |
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **મંજૂર અરજીઓ** | **નામંજૂર અરજીઓ** | **પડતર અરજીઓ** |
| ૧૧ | બાયડ | ૮૧ | ૭૦ | ૧૧ | શૂન્ય |
| ૧૨ | મેઘરજ | ૨૩ | ૨૨ | ૦૧ | શૂન્ય |
| ૧૩ | માલપુર | ૬૪ | ૬૦ | ૦૪ | શૂન્ય |
| | કુલ | ૯૪૨ | ૭૩૮ | ૨૦૪ | શૂન્ય |

(૨) તે પૈકી કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, અને કેટલી પડતર છે, અને

(૪) અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યમાં માથાદીઠ આવક તેમજ દેવું**

૧૧૫૯૩**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવક કેટલી, અને

(૨) માથાદીઠ દેવું કેટલું થાય છે ?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ની માહિતી હાલ ઉપલબ્ધ નથી તેમજ રાજ્યની માથાદીઠ આવક કોઇ ચોક્કસ તારીખની સ્થિતિએ તૈયાર કરવામાં આવતી નથી. આમ છતાં વર્ષ ૨૦૦૭-૦૮માં રાજ્યમાં માથાદીઠ આવક રૂા. ૪૫૭૭૩/- અંદાજવામાં આવી છે.

(૨) સન ૨૦૦૮-૦૯માં માથાદીઠ દેવું - રૂા. ૧૫૨૩૬/-. સન ૨૦૦૯-૧૦માં માથાદીઠ દેવું - રૂા. ૧૬૩૨૮/- (અંદાજીત).

**રૂા. એક કરોડથી વધુ વેરા વસૂલ લેવાના બાકી હોય તેવી કંપનીઓ**

૧૧૯૧૨**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ કંપનીઓના એક કરોડની રકમ કરતા વધુ રકમના વેરા વસૂલ કરવાના બાકી છે, અને

(૨) આવી રકમ વસૂલ કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) *સામેલ પત્રક મુજબ.

(૨) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવે છે.

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને અપાતી ખાનગી ટ્યુશનની રકમમાં વધારો કરવા અંગે**

૧૨૫૧૮**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સન ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ અનુસૂચિત

**જવાબ**

(૧) શૂન્ય.

જાતિના ધોરણ-૧૧ અને ૧૨ ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન માટે કેટલી રકમ કેટલા વિદ્યાર્થીઓને આપવામાં આવી,

(૨) આ યોજનામાં વિદ્યાર્થીદીઠ વધારેમાં વધારે કેટલી રકમ અને ઓછામાં ઓછી કેટલી રકમ આપવામાં આવે છે, અને

(૩) આ યોજનાનો લાભ આ જાતિના વિદ્યાર્થીઓને વધારે પ્રમાણમાં મળે તે માટે સરકારે કેવા પ્રકારનું આયોજન અને કેવું વહીવટી માળખું બનાવ્યું છે?

(૨) ધો. ૧૧માં વાર્ષિક રૂા. ૮,૦૦૦/- અથવા થયેલ ખરેખર ખર્ચ તથા ધો. ૧૨માં વાર્ષિક રૂા. ૪,૦૦૦/- અથવા થયેલ ખરેખર ખર્ચ પેકી બેમાંથી જે ઓછું હોય તે.

(૩) આ માટે સરકારશ્રી દ્વારા પુરતા પ્રયત્નો કરવામાં આવે છે.

-------------

**સુરત અને ભાવનગર જિલ્લાના ઉદ્યોગગૃહો દ્વારા લઘુત્તમ વેતનના ભંગ અંગે**

૧૨૧૫૦**શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૦૯ના વર્ષમાં સુરત અને ભાવનગર જિલ્લામાં કેટલા ઉદ્યોગગૃહોએ લઘુત્તમ વેતન ધારાનો ભંગ કરેલ છે, અને | (૧) સુરત જિલ્લામાં ૧૯૨ ઉદ્યોગગૃહોએ અને ભાવનગર જિલ્લામાં ૨૬ ઉદ્યોગગૃહોએ લઘુતમ વેતન ધારાનો ભંગ કરેલ છે. |
| (૨) લઘુત્તમ વેતન ધારાના ભંગ બદલ કેટલા ગુનાઓમાં ક્યા પ્રકારની કાર્યવાહી થયેલ છે ? | (૨) સુરત જિલ્લામાં લઘુતમ વેતન ધારાના ભંગ બદલ ૧૫૨૬ ગુનાઓમાં ૫૧૬ ફોજદારી કેસો સક્ષમ અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે, અને ભાવનગર જિલ્લામાં ૧૯૧ ગુનાઓમાં ૭૩ ફોજદારી કેસો સક્ષમ અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે. |

-------------

**પંચમહાલ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં વિદ્યાર્થીઓને સાયકલ ખરીદીના આપેલ ચેકો**

૧૨૪૯૧ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૯-૧૦ માં તા.૨૫-૧-૨૦૧૦ સુધીમાં પંચમહાલ જિલ્લામાં યોજવામાં આવેલ ગરીબ કલ્યાણ મેળામાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને સાયકલ ખરીદીના ચેકો કેટલી કિંમતના આપવામાં આવ્યા, અને | (૧) એકપણ નહીં. |
| (૨) એક સાયકલની કિંમત કેટલી થાય છે ? | (૨) સાયકલ સહાય પેટે રૂા. ૨,૦૦૦/- રોકડમાં ચૂકવવામાં આવે છે. |

-------------

**સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ અન્વયે ખેડા અને આણંદ જિલ્લામાં યુવાનો માટે રમતગમત ક્ષેત્રે ખર્ચના કરેલ આયોજન અંગે**

૧૨૩૬૯**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦ની ઉજવણી સ્વર્ણિમ ગુજરાત હેઠળ રમતગમતને પ્રોત્સાહિત કરવા આણંદ અને ખેડા જિલ્લાના યુવાન ભાઈ બહેનો માટે સરકાર દ્વારા કોઈ યોજના બનાવી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો યોજના હેઠળ કઈ કઈ રમતો અને તેમાં નવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને

(૨) આ યોજના હેઠળ નીચે મુજબની રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
(૧) કબડ્ડી
(૨) ખો-ખો
(૩) એથ્લેટિક્સ
(૪) વોલીબોલ
(૫) બાસ્કેટ બોલ
(૬) ફૂટબોલ
(૭) બેડ મિન્ટન
(૮) ટેબલ ટેનીસ
(૯) આર્ચરી
(૧૦) કુસ્તી
(૧૧) જુડો
(૧૨) સ્કેટીંગ અને
(૧૩) સ્વીમીંગ

આ પૈકીની નીચે મુજબની નવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
(૧) એથ્લેટિક્સ
(૨) બાસ્કેટ બોલ
(૩) બેડ મિન્ટન
(૪) ટેબલ ટેનીસ
(૫) સ્કેટીંગ વિગેરે.

(૩) સરકાર દ્વારા આણંદ અને ખેડા જિલ્લા માટે આ અંગે કેટલો ખર્ચ કરવાની યોજના છે ?

(૩) આણંદ જિલ્લા માટે રૂા. ૫૩.૭૨ લાખ અને ખેડા જિલ્લા માટે રૂા. ૫૪.૭૨ લાખનો ખર્ચ કરવાની યોજના છે.

------------

**જામનગર જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં શ્રમયોગીઓના શોષણની મળેલ ફરિયાદો**

૧૧૬૪૪**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સને ૨૦૦૯માં જામનગર જિલ્લામાં ઓદ્યોગિક એકમોમાં શ્રમયોગીઓના શોષણ અંગે કેટલી ફરિયાદો સરકારને મળેલ છે,

(૧) ૫૨ (બાવન) ફરીયાદો મળેલ છે.

(૨) આ અંગે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે, અને

(૨) આ ફરિયાદોનાં નિરાકરણ માટે ક્ષેત્રિય અધિકારીઓ ધ્વારા તપાસ કરી ૫૦ ફરીયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. ૨ ફરિયાદો નિકાલ માટે ક્ષેત્રિય કચેરી ખાતે પડતર છે.

(૩) કેટલા કસુરવારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ૨ કસુરવારો સામે ૨ ફોજદારી કોર્ટ કેસો કરવામાં આવેલ છે.

------------

**વડોદરા શહેર અને તાલુકામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૧૧૬૧૮ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં વડોદરા શહેર અને તાલુકામાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી નોંધાયેલ છે, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા બેરોજગાર યુવાનોને રોજગાર વિનીમય ક્ચેરી દ્વારા રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) શિક્ષિત બેરોજગારોની નામ નોંધણીની સંખ્યા.

| તાલુકાનું નામ | વર્ષ : ૨૦૦૮-૦૯ | વર્ષ : ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં) | કુલ |
|---|---|---|---|
| વડોદરા શહેર | ૬૦૦૩ | ૧૧૧૪૪ | ૧૭૧૪૭ |
| વડોદરા તાલુકો | ૫૩૬૯ | ૨૫૪૪ | ૭૯૧૩ |
| કુલ | ૧૧૩૭૨ | ૧૩૬૮૮ | ૨૫૦૬૦ |

(૨)

| તાલુકાનું નામ | વર્ષ : ૨૦૦૮-૦૯ | વર્ષ : ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં) | કુલ |
|---|---|---|---|
| વડોદરા શહેર | ૩૪૮૩ | ૧૮૬૫ | ૫૩૪૮ |
| વડોદરા તાલુકો | ૧૩૪૯ | ૮૦૧ | ૨૧૫૦ |
| કુલ | ૪૮૩૨ | ૨૬૬૬ | ૭૪૯૮ |

-------------

**સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને નોકરી અંગે કરેલ આયોજન**

૧૨૪૯૨**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગાર નોંધાયેલ છે,

(૨) તે પૈકી આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બેરોજગારોને સરકારી, અર્ધ સરકારી અને ખાનગી નોકરી મળી, અને

**જવાબ**

| તાલુકો | નોંધાયેલ બેરોજગારો |
|---|---|
| હિંમતનગર | ૬૩૩૩ |
| ઈડર | ૬૬૫૩ |
| વડાલી | ૨૭૨૯ |
| ખેડબ્રહ્મા | ૩૭૫૯ |
| વિજ્યનગર | ૪૩૯૬ |
| ભિલોડા | ૯૪૧૯ |
| મોડાસા | ૫૬૪૮ |
| ધનસુરા | ૨૯૫૫ |
| માલપુર | ૩૫૯૨ |
| બાયડ | ૪૪૯૩ |
| મેઘરજ | ૪૦૨૯ |
| તલોદ | ૩૨૮૦ |
| પ્રાંતિજ | ૪૮૦૮ |
| કુલ | ૬૨૦૯૪ |

(૨) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ બેરોજગારોને નોકરી મળેલ છે.

તા. ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ સુધી મળેલ નોકરી

| તાલુકો | સરકારી | અર્ધ સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|---|
| હિંમતનગર | ૧૭૭ | ૨૨૬ | ૨૨૯ | ૬૩૨ |
| ઈડર | ૨૪૫ | ૯૦ | ૨૩૫ | ૫૭૦ |
| વડાલી | ૧૯ | ૨ | ૬૧ | ૮૨ |
| ખેડબ્રહ્મા | ૯ | ૧૦૯ | ૧૭૧ | ૨૮૯ |
| વિજ્યનગર | ૧૦ | ૧૨ | ૧૧૩ | ૧૩૫ |
| ભિલોડા | ૧૦ | ૨૫૮ | ૨૦૬ | ૪૭૪ |
| **તાલુકો** | **સરકારી** | **અર્ધ સરકારી** | **ખાનગી** | **કુલ** |
| મોડાસા | ૨૨૪ | ૪૬ | ૨૪૮ | ૫૧૮ |
| ધનસુરા | ૨૮૦ | ૦ | ૭૯ | ૩૫૯ |
| માલપુર | ૧૨૦ | ૨ | ૦ | ૧૨૨ |

| | | | | |
|---|---|---|---|---|
| બાયડ | ૪૮ | ૦ | ૫ | ૫૩ |
| મેઘરજ | ૪ | ૧૩ | ૧૧૬ | ૧૩૩ |
| તલોદ | ૩૬ | ૦ | ૪ | ૪૦ |
| પ્રાંતિજ | ૦ | ૨ | ૧૩૨ | ૧૩૪ |
| કુલ | ૧૧૮૨ | ૭૬૦ | ૧૫૯૯ | ૩૫૪૧ |

તા. ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ સુધી મળેલ નોકરી

| **તાલુકો** | **સરકારી** | **અર્ધ સરકારી** | **ખાનગી** | **કુલ** |
|---|---|---|---|---|
| હિંમતનગર | ૨૯ | ૩૮૭ | ૩૮૬ | ૮૦૨ |
| ઈડર | ૧૪ | ૬૧ | ૫૯૪ | ૬૬૯ |
| વડાલી | ૨ | ૮ | ૩૩ | ૪૩ |
| ખેડબ્રહ્મા | ૩ | ૨૧૫ | ૧૮ | ૨૩૬ |
| વિજયનગર | ૧૨ | ૧૬ | ૨૧ | ૪૯ |
| ભિલોડા | ૭ | ૨૨૫ | ૧૩૬ | ૩૬૮ |
| મોડાસા | ૧૫ | ૪૧ | ૯૮ | ૧૫૪ |
| ધનસુરા | ૪ | ૨૩ | ૧૯ | ૪૬ |
| માલપુર | ૭ | ૧૮ | ૩૧ | ૫૬ |
| બાયડ | ૫ | ૩૩ | ૩૦ | ૬૮ |
| મેઘરજ | ૪ | ૧૯૬ | ૪૧ | ૨૪૧ |
| તલોદ | ૪ | ૨૧ | ૩૪ | ૫૯ |
| પ્રાંતિજ | ૪ | ૬૪ | ૪૨૧ | ૪૮૯ |
| કુલ | ૧૧૦ | ૧૩૦૮ | ૧૮૬૨ | ૩૨૮૦ |

(૩) બેરોજગારોને રોજગારી મળે તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સરકારે શાં શાં આયોજન ગોઠવ્યા હતા ?

(૩) આ શિક્ષિત બેરોજગારોને રોજગારી અપાવવા નોકરીદાતાઓની માંગણી મુજબ બેરોજગાર ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે. ઉપરાંત ઓદ્યોગિક ભરતી મેળાઓ અને લશ્કરી ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે. સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો વિગેરે ધ્વારા પરોક્ષ રીતે રોજગારી અપાવવા સરકારશ્રી મદદરૂપ થાય છે.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી માટે કરેલ આયોજન**

**૨૧૪/page>૧૧૭૧૭શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે, અને

(૨) આ શિક્ષિત બેરોજગારોને રોજગારી મળે તે માટે સરકારે કોઈ વ્યવસ્થા કે આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૩૮૧૨૧

(૨) આ શિક્ષિત બેરોજગારોને રોજગારી અપાવવા નોકરીદાતાઓની માંગણી મુજબ બેરોજગાર ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે. ઉપરાંત ઓદ્યોગિક ભરતી મેળાઓ અને લશ્કરી ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે. સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો વિગેરે ધ્વારા પરોક્ષ રીતે રોજગારી અપાવવા સરકારશ્રી મદદરૂપ થાય છે.

-------------

## અમદાવાદ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ થયેલ ખર્ચ

૧૨૪૦૮**શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્લસ્ટર સહિત ક્યાં ક્યાં અને કેટલી વસાહત મંજૂર કરવામાં આવી,

(૨) આ માટે કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો?

**જવાબ**

(૧), (૨) અને (૩) : આ સાથે સામેલ પત્રક મુજબ

**પત્રક**

**અમદાવાદ જિલ્લાના ક્લસ્ટર સહિત વસાહતના સ્થળની વિગત દર્શાવતું પત્રક**

| અનુ. નં. | તાલુકાનું નામ | ક્લસ્ટર સહિત વસાહતનું સ્થળ | મંજૂર કરેલ ક્લસ્ટર સહિત વસાહતની સંખ્યા | ખર્ચની રકમ (રૂા. લાખમાં) | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વિરમગામ | ઓગણ | ૧ | ૨૦.૪૦ | ૫૧ |
| | | હાંસલપુર | ૧ | ૮.૪૦ | ૨૧ |
| | | વેકરીયા | ૩ | ૮.૪૦ | ૨૧ |
| | | ચણોઠીયા | ૧ | ૨.૦૦ | ૫ |
| અનુ. નં. | તાલુકાનું નામ | ક્લસ્ટર સહિત વસાહતનું સ્થળ | મંજૂર કરેલ ક્લસ્ટર સહિત વસાહતની સંખ્યા | ખર્ચની રકમ (રૂા. લાખમાં) | લાભાર્થીઓની સંખ્યા |
| ૨ | માંડલ | બજાણીયાપુરા/માંડલ | ૧ | ૧૧.૨૦ | ૬૧ |
| | | સીતાપુર | ૨ | ૨.૩૫ | ૧૪૮ |
| ૩ | ધંધુકા | બાવલીયારી | ૧ | ૪.૦૦ | ૧૦ |
| | | કામાતળાવ | ૪ | ૧૬.૦૦ | ૮૦ |
| | | ફેદરા | ૧ | ૪.૪૦ | ૧૧ |
| ૪ | સાણંદ | માણકોલ | ૩ | ૬.૮૦ | ૨૩ |
| | | પોપટપુરા | ૧ | ૨.૪૦ | ૬ |
| | | વિરોચન નગર | ૩ | ૯.૬૦ | ૨૪ |
| | | બોળ | ૧ | ૧.૪૦ | ૭ |
| ૫ | બાવળા | ગોરજ<br>કોચરીયા | ૧<br>૩ | ૦.૨૫<br>૪.૮૦ | ૫<br>૧૨ |
| | | કોચરીયા | ૧ | ૧.૦૦ | ૧૦ |
| | | નાનોદરા | ૧ | ૩.૨૦ | ૮ |
| | | ચિયાડા | ૧ | ૦.૪૦ | ૫ |
| ૬ | દેત્રોજ | અશોકનગર | ૧ | ૬.૮૦ | ૧૭ |
| | | શોભાષણ | ૧ | ૧૨.૪૦ | ૩૧ |
| ૭ | રાણપુર | ખસ | ૧ | ૨૫.૨૦ | ૬૩ |
| ૮ | સીટી | સીટી | ૧ | ૧૭૬.૦૦ | ૪૪૦ |
| | **કુલ** | | **૩૪** | **૩૨૭.૪૦** | **૧૦૫૯** |

-------------

## ખેડા જિલ્લામાં વૃધ્ધ પેન્શનની મળેલ અરજીઓ

૧૨૨૨૯**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર વૃધ્ધ પેન્શન યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પેકી વર્ષવાર કેટલી મંજૂર કરી વૃધ્ધ પેન્શનના લાભો આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં

**જવાબ**

(૧) પત્રક-૧ સામેલ છે.

(૨) પત્રક-૨ સામેલ છે.

(૩) જેમ બને તેમ જલ્દી.

નિકાલ લાવી આ સહાય ચૂકવવામાં આવશે ?

**પત્રક-૧**

**ખેડા જિલ્લામાં તાલુકાવાર મળેલ અરજીઓ નીચે મુજબ છે.**

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૨૬-૧-૨૦૦૮ થી તા. ૨૫-૧-૨૦૦૯ દરમ્યાન મળેલ અરજીઓ | તા. ૨૬-૧-૨૦૦૯ થી તા. ૨૫-૧-૨૦૧૦ દરમ્યાન મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૧૦૦૭ | ૧૯૧૫ |
| ૨ | કપડવંજ | ૧૨૪૪ | ૧૪૫૯ |
| ૩ | કઠલાલ | ૩૪૯ | ૧૦૭૨ |
| ૪ | બાલાસિનોર | ૭૦૮ | ૧૦૯૦ |
| ૫ | ઠાસરા | ૨૪૮ | ૩૮૭ |
| ૬ | વીરપુર | ૧૮૦ | ૧૨૮ |
| ૭ | ખેડા | ૩૦૬ | ૨૭૫ |
| ૮ | માતર | ૨૬૦ | ૨૭૧ |
| ૯ | મહેમદાવાદ | ૫૨૩ | ૩૪૮ |
| ૧૦ | મહુધા | ૫૪૦ | ૧૭૪ |
| | **કુલ** | **૫૩૬૫** | **૭૧૧૯** |

**પત્રક-૨**

**મળેલ અરજીઓ પેકી વર્ષવાર મંજૂર થયેલ અરજીઓની વિગત**

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૨૬-૧-૨૦૦૮ થી તા. ૨૫-૧-૨૦૦૯ દરમ્યાન નિકાલ થયેલ અરજીઓ | તા. ૨૬-૧-૨૦૦૯ થી તા. ૨૫-૧-૨૦૧૦ દરમ્યાન નિકાલ થયેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૬૬૩ | ૧૨૩૯ |
| ૨ | કપડવંજ | ૧૦૨૩ | ૧૦૭૨ |
| ૩ | કઠલાલ | ૨૬૬ | ૩૬૬ |
| ૪ | બાલાસિનોર | ૫૮૮ | ૭૨૯ |
| ૫ | ઠાસરા | ૧૧૬ | ૨૭૪ |
| ૬ | વીરપુર | ૧૪૯ | ૮૭ |
| ૭ | ખેડા | ૧૨૭ | ૧૭૦ |
| ૮ | માતર | ૧૦૪ | ૧૦૪ |
| ૯ | મહેમદાવાદ | ૨૯૩ | ૧૬૯ |
| ૧૦ | મહુધા | ૩૦૪ | ૩૩ |
| | **કુલ** | **૩૬૩૩** | **૪૨૪૩** |

-------------

**વડોદરા જિલ્લામાં વેચાણવેરાની થયેલ આવક**

૧૧૯૭૩**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર વેચાણવેરાની કેટલી આવક થઈ, અને | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) તે પેકી વેટ હેઠળ કેટલી આવક આવી ? | (૨) પત્રક-૨ મુજબ |

**પત્રક-૧**

(રૂપિયા લાખમાં)

| **તાલુકાનું નામ** | **વર્ષ-૨૦૦૭** | **વર્ષ-૨૦૦૮** | **વર્ષ-૨૦૦૯** |
|---|---|---|---|
| વડોદરા શહેર અને તાલુકો | ૧૦૧૩૫૫.૯૦ | ૭૬૮૧૫.૪૮ | ૧૦૩૯૫૬.૬૦ |
| સાવલી | ૪૪૦૩.૫૨ | ૩૭૭૭.૮૫ | ૩૪૫૬.૦૦ |
| વાઘોડીયા | ૩૭૨૬.૦૫ | ૩૧૯૬.૬૪ | ૨૯૨૪.૩૧ |
| સંખેડા | ૧૫૨૪.૨૯ | ૧૩૦૭.૭૨ | ૧૧૯૬.૩૧ |
| પાદરા | ૨૫૪૦.૪૯ | ૨૧૭૯.૫૩ | ૧૯૯૩.૮૫ |
| કરજણ | ૧૦૧૬.૨૧ | ૮૭૧.૮૧ | ૭૯૭.૫૪ |
| ડભોઈ | ૧૧૮૫.૫૬ | ૧૦૧૭.૧૧ | ૯૩૦.૪૫ |
| શિનોર | ૮૪૬.૮૩ | ૭૨૬.૫૧ | ૬૬૪.૬૨ |
| ક્વાંટ | ૬૭૭.૪૬ | ૫૮૧.૨૦ | ૫૩૧.૬૯ |
| છોટાઉદેપુર | ૫૦૮.૧૦ | ૪૩૫.૯૧ | ૩૯૮.૭૭ |
| પાવી-જેતપુર | ૧૬૯.૩૭ | ૧૪૫.૩૦ | ૧૩૨.૯૨ |
| નસવાડી | ૩૩૮.૭૩ | ૨૯૦.૬૦ | ૨૬૫.૮૫ |
| સમગ્ર જિલ્લાની કુલ | ૧૧૮૨૯૨.૫૧ | ૯૧૩૪૫.૬૬ | ૧૧૭૨૪૮.૯૧ |

**પત્રક-૨**

(રૂપિયા લાખમાં)

| તાલુકાનું નામ | વર્ષ-૨૦૦૭ | વર્ષ-૨૦૦૮ | વર્ષ-૨૦૦૯ |
|---|---|---|---|
| વડોદરા શહેર અને તાલુકો | ૮૧૯૫૨.૩૧ | ૬૪૩૭૩.૩૪ | ૯૩૪૧૩.૮૭ |
| સાવલી | ૨૮૧૫.૫૫ | ૨૬૯૦.૩૬ | ૨૫૮૩.૧૦ |
| વાઘોડીયા | ૨૩૮૨.૩૯ | ૨૨૭૬.૪૬ | ૨૧૮૫.૭૦ |
| સંખેડા | ૯૭૪.૬૨ | ૯૩૧.૨૮ | ૮૯૪.૧૫ |
| પાદરા | ૧૬૨૪.૩૫ | ૧૫૫૨.૧૩ | ૧૪૯૦.૨૫ |
| કરજણ | ૬૪૯.૭૪ | ૬૨૦.૮૪ | ૫૯૬.૧૦ |
| ડભોઈ | ૭૫૮.૦૪ | ૭૨૪.૩૩ | ૬૯૫.૪૫ |
| શિનોર | ૫૪૧.૪૫ | ૫૧૭.૩૮ | ૪૯૬.૭૫ |
| ક્વાંટ | ૪૩૩.૧૬ | ૪૧૩.૯૦ | ૩૯૭.૪૦ |
| છોટાઉદેપુર | ૩૨૪.૮૭ | ૩૧૦.૪૩ | ૨૯૮.૦૫ |
| પાવી-જેતપુર | ૧૦૮.૨૯ | ૧૦૩.૪૮ | ૯૯.૩૫ |
| નસવાડી | ૨૧૬.૫૮ | ૨૦૬.૯૫ | ૧૯૮.૭૦ |
| સમગ્ર જિલ્લાની કુલ | ૯૨૭૮૧.૩૫ | ૭૪૭૨૦.૮૮ | ૧૦૩૩૪૮.૮૭ |

-------------

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ કર્જ અને વ્યાજની ચૂકવણી અંગે**

૧૧૬૩૬**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં નાણાકીય દેવાની જવાબદારી વધતી રહી છે તે હકીકત સાચી છે,

(૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર દેવા અને વ્યાજની ચૂકવણીમાં વધારો થયો હોય તો વિગત/આંકડા શાં છે, અને

(૩) આ સ્થિતિએ દેવા કે વ્યાજની રકમ ઓછી થઈ હોય તો તેની વિગત શી છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨)

(રૂા. કરોડમાં)

| નાણાકીય વર્ષ | દેવું | વ્યાજ ચુકવણી |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૭૯૩૦૯ | ૬૬૭૭ |
| ૨૦૦૮-૦૯ | ૮૭૦૧૦ | ૭૦૬૫ |
| ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અંદાજીત) | ૯૪૫૫૩ | ૫૫૨૭ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર છાત્રાલયોને ફાળવેલ ગ્રાન્ટ**

૧૧૬૦૨**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અનુસૂચિત જાતિ અને બક્ષીપંચની કેટલી કુમાર અને કન્યા છાત્રાલયો તાલુકાવાર ચાલે છે,

**જવાબ**

(૧) ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો

| ક્રમ | તાલુકો | કુમાર છાત્રાલયો | | કન્યા છાત્રાલયો | |
|---|---|---|---|---|---|
| | | અ. જા. | વિ. જા. | અ. જા. | વિ. જા. |
| ૧ | જૂનાગઢ | ૮ | ૧૧ | ૩ | ૧૨ |
| ૨ | વંથલી | ૩ | ૧ | ૧ | ૦ |
| ૩ | માણાવદર | ૨ | ૩ | ૧ | ૧ |
| ૪ | કેશોદ | ૭ | ૨ | ૭ | ૩ |
| ૫ | માંગરોળ | ૫ | ૬ | ૩ | ૦ |
| ૬ | માળીયા (હા) | ૭ | ૫ | ૨ | ૦ |
| ૭ | વેરાવળ | ૭ | ૪ | ૪ | ૧ |
| ૮ | સુત્રાપાડા | ૧ | ૩ | ૧ | ૦ |
| ૯ | કોડીનાર | ૧ | ૧ | ૨ | ૨ |
| ૧૦ | ઉના | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૧ | વિસાવદર | ૨ | ૧ | ૧ | ૦ |
| ૧૨ | મેંદરડા | ૨ | ૧ | ૧ | ૧ |
| ૧૩ | તાલાલા | ૨ | ૪ | ૨ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪ | ભેંસાણ | ૧ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૪૮ | ૪૩ | ૨૮ | ૨૧ |
| | (બ) સરકારી છાત્રાલયો | | | | |
| ૧ | જુનાગઢ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨ | વેરાવળ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૩ | ઉના | ૦ | ૧ | ૦ | ૧ |
| ૪ | કેશોદ | ૧ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨ | ૩ | ૧ | ૩ |

(૨) સદર છાત્રાલયોને તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દરેક છાત્રાલયોને કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે,

(૨) અનુસૂચિત જાતિ-*પત્રક-૧ મુજબ.
વિકસતી જાતિ માટે *પત્રક-૨ મુજબ.

(૩) તેમાંથી કેટલી ગ્રાન્ટ વપરાયેલ છે, કેટલી ગ્રાન્ટ વપરાયેલ નથી, અને

(૩) ફાળવેલ ગ્રાન્ટ પૂરેપૂરી વપરાયેલ છે.

(૪) ગ્રાન્ટ ન વાપરવાના કારણો શાં છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

*(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

## બક્ષીપંચની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા તાલુકાઓમાં યોજનાઓના અમલીકરણ અર્થે સ્વતંત્ર કચેરી શરૂ કરવા કરેલ આયોજન

૧૧૮૦૭**શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં બક્ષીપંચની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા તાલુકાઓમાં, આ વર્ગો માટેની યોજનાઓના અમલીકરણ માટે તાલુકા કક્ષાએ અલગ કચેરી નથી, તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો સરકાર બક્ષીપંચની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા તાલુકાઓમાં તાલુકા કક્ષાએ વિકસતી જાતિની અલાયદી અને સ્વતંત્ર કચેરી શરૂ કરવા માટેનું સન ૨૦૦૯-૧૦ના વર્ષમાં કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો તેની વિગત શી છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## સુરત અને તાપી જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૧૧૭૪૩**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરત અને તાપી જિલ્લાઓમાં આવેલ રોજગાર વિનિમય કચેરી ખાતે શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોની કેટલી સંખ્યા તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નોંધાયેલ છે, અને

(૧)

| જિલ્લો | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|
| સુરત | ૪૫૮૭૦ | ૩૧૯૩ |
| તાપી | ૧૪૮૯૩ | ૧૧૫૭ |

(૨) સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા બેરોજગારોને નોકરી માટેની તકો પૂરી પાડી ?

(૨)

| જિલ્લો | વર્ષ-૨૦૦૮ | વર્ષ-૨૦૦૯ |
|---|---|---|
| સુરત | ૩૫૯૨૪ | ૧૬૯૫૧ |
| તાપી | ૨૩૦૬ | ૨૪૯૬ |

**વાણિજ્યિક વેરા ખાતામાં કોમ્પ્યુટરાઈઝેશન પાછળ કરેલ ખર્ચ**

૧૨૪૨૮**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા વેટનાં અમલ બાદ વાણિજ્યિક વેરા ખાતામાં કોમ્પ્યુટરાઈઝેશન માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે, | (૧) ગુજરાત રાજ્યમાં મુલ્ય વર્ધિત વેરા કાયદાના અમલ બાદ વાણિજ્યિકવેરા ખાતાની તમામ **ઘટક કચેરીઓ, વહીવટી વર્તુળ કચેરીઓ, વિભાગીય કમિશનરશ્રીની કચેરીઓ,** તથા અન્વેષણ કચેરીઓને વાણિજ્યિકવેરા કમિશનરશ્રીની કચેરીમાં કોમ્પ્યુટર તથા લેન સેટ અપ કરવામાં આવેલ છે. વાણિજ્યિકવેરા કમિશનર કચેરી, મુખ્ય મથક અમદાવાદ ખાતે મુખ્ય સર્વર મુકવામાં આવેલ છે તથા ભોગોલિક વિસ્તાર અનુસાર ૨૯ કચેરીઓમાં સર્વરો મુકવામાં આવેલ છે. આ તમામ કચેરીઓને GSWAN **કનેકટીવીટીથી** જોડાણ કરવામાં આવેલ છે. |
| (૨) કઈ કઈ સેવાઓ અને કામગીરીનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે, | (૨) (અ) વેટ અમલીકરણ અન્વયે ખાતાની આનુષાંગિક પ્રક્રિયાઓનું ખાસ એપ્લીકેશન સોફ્ટવેર VAT Information System ડેવલપ કરાવવામાં આવેલ છે. જેમાં ખાતાની મોટાભાગની નીચે મુજબની કામગીરીઓનો મોડ્યુલ્સમાં સમાવેશ કરવામાં આવેલ છે.<br>(૧) નોંધણી<br>(૨) રીટર્ન તથા વેરાનું ભરણું<br>(૩) ધારાકીય ફોર્મ્સ<br>(૪) રીફંડ<br>(૫) પ્રોવીઝનલ/ઓડીટ આકારણી<br>(૬) અન્વેષણ<br>(૭) ચેક પોસ્ટની કામગીરી<br>(બ) ખાતા દ્વારા વેપારીશ્રીને નીચે મુજબની ઓનલાઈન-e-Services પુરી પાડવામાં આવે છે.<br>(૧) ઈ-રટર્ન<br>(૨) ઈ-પેમેન્ટ<br>(૩) ઓન લાઈન ધારાકીય ફોર્મ્સ.<br>(૪) ઓન લાઈન ચેકપોસ્ટ ફોર્મ્સ<br>(૫) સુધારા-વધારા અંગેની અરજીઓ<br>(૬) રીફંડની અરજીઓ |
| (૩) આ અંગે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૩) વેટ કોમ્પ્યુટરાઈઝેશન અન્વયે છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.<br>વર્ષ — થયેલ ખર્ચ<br>૨૦૦૮-૦૯ — રૂા. ૫,૯૩,૬૮,૦૦૦<br>૨૦૦૯-૧૦ — રૂા. ૨,૭૬,૦૪,૦૦૦ (ડિસે-૦૯ સુધી) |
| (૪) આ વ્યવસ્થા માટે રાજ્ય સરકારને કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ ? | (૪) રાજ્ય સરકારના વેટ ખાતાને નીચે મુજબના એવોર્ડ મળેલ છે.<br>• કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયા તરફથી ""બેસ્ટ ઈ-ગવર્નન્સ પ્રોજેકટ (જી.ટુ.બી.)<br>• ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મ્સ એન્ડ પબ્લીક ગ્રીવંસીઝ તરફથી ""બીઝનેસ પ્રોસેસ રી-એન્જીનીયરીંગ""<br>• ""નેસકોમ"" તરફથી ""બેસ્ટ આઈટી. એડોપ્શન થ્રુ ઈ-ગવર્નન્સ"" |

**રાજ્ય સરકારનું કેન્દ્ર તેમજ બહારનું દેવું**

૧૨૦૧૭ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારનું કેન્દ્રનું અને બહારનું દેવું કેટલું છે, અને

(૨) આ દેવા ઉપર સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા.૩૧મી ડિસેમ્બર-૦૯ સુધીમાં વ્યાજ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ મુદ્દલ પેટે ચૂક્વવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેન્દ્રનું દેવું રૂા. ૧૦૩૧૨ ક્રરોડ છે. જ્યારે બહારનું દેવું શૂન્ય છે.

(૨)

(રૂા. કરોડમાં)

| નાણાકીય વર્ષ | ચૂકવેલ વ્યાજ | ચૂક્વેલ મુદ્દલ |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૮૪૯ | ૫૫૯ |
| ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧૨-૦૯ સુધી અંદાજીત | ૫૭૦ | ૬૧ |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં દિયોદર ખાતે ડૉ. આંબેડકર ભવન બનાવવા અંગે**

૧૨૫૨૭**શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દિયોદર ખાતે ડૉ. આંબેડકર ભવન બનાવવાનું સરકારનું વર્ષ ૨૦૦૯-૧૦ માં કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો દિયોદર ખાતે ડૉ. આંબેડકર ભવનનું નિર્માણ ક્યારે થશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**૧૦૫**

**ખેડા જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને રોજગારી**

૧૨૨૦૦ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં આવેલ ઓદ્યોગિક એકમોમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવી, અને

(૨) ક્યા ક્યા ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને રોજગારી આપવાના સરકારના પરિપત્રનો ભંગ કરેલ છે ?

**જવાબ**

(૧) ૧૦૩૬૫

(૨) કોઈ ઓદ્યોગિક એકમોએ સ્થાનિક યુવાનોને રોજગારી આપવાનાં સરકારના ઠરાવનો ભંગ કરેલ નથી.

-------------

**આણંદ જિલ્લામાં ખેતમજૂરોને વિમા રક્ષણ યોજનાના લાભાર્થીઓ**

૧૧૭૬૩**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ખેતમજૂરોને વિમા રક્ષણ આપવા માટેની યોજના હેઠળ તાલુકાવાર કેટલા ખેતમજૂરોને લાભ આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) તા. ૧/૧/૦૮ થી તા. ૩૧-૧૨-૦૯ ના સમયગાળા દરમ્યાન તાલુકાવાર નીચે મુજબ લાભ આપવામાં આવેલ છે.

| તાલુકો | | સંખ્યા |
|---|---|---|
| ૧. | આણંદ | ૦૯ |
| ૨. | ઉમરેઠ | ૦૭ |
| ૩. | આંક્લાવ | ૦૨ |
| ૪. | બોરસદ | ૦૨ |
| ૫. | પેટલાદ | ૦૨ |

| | | |
|---|---|---|
| ૬. | ખંભાત | ૦૨ |
| ૭. | તારાપુર | ૦૧ |
| | કુલ... | ૨૫ |

(૨) આ સ્થિતિએ કેટલા ખેતમજૂરોને આ યોજનાનો લાભ આપવાનો બાકી છે ?

(૨) ૧૦ (દશ)

-------------

## પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૧૨૪૩૬**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત-અર્ધ શિક્ષિત બેરોજગારોની સંખ્યા જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૬૩૦૨ | ૩૯૩ | ૬૬૯૫ |
| ૨ | કાલોલ | ૨૪૫૮ | ૨૦૩ | ૨૬૬૧ |
| ૩ | હાલોલ | ૨૫૪૦ | ૧૬૫ | ૨૭૦૫ |
| ૪ | જાંબુઘોડા | ૨૨૩ | ૬ | ૨૨૯ |
| ૫ | ઘોઘંબા | ૬૭૬ | ૧૨ | ૬૮૮ |
| ૬ | શહેરા | ૨૩૪૦ | ૮૭ | ૨૪૨૭ |
| ૭ | લુણાવાડા | ૫૫૦૮ | ૧૮૬ | ૫૬૯૪ |
| ૮ | સંતરામપુર | ૪૪૯૨ | ૨૦૫ | ૪૬૯૭ |
| ૯ | કડાણા | ૩૭૦૩ | ૧૮૭ | ૩૮૯૦ |
| ૧૦ | મોરવા | ૩૦૬૫ | ૧૨૯ | ૩૧૯૪ |
| ૧૧ | ખાનપુર | ૨૭૪૦ | ૯૬ | ૨૮૩૬ |
| **કુલ** | | **૩૪૦૪૭** | **૧૬૬૯** | **૩૫૭૧૬** |

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બેરોજગારોને રોજગારીની તકો આપવામાં આવી ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ-૨૦૦૮ | | | વર્ષ-૨૦૦૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધ-શિક્ષિત | કુલ | શિક્ષિત | અર્ધ-શિક્ષિત | કુલ |
| ૧ | ગોધરા | ૨૧૨૯ | ૭૦૭ | ૨૮૩૬ | ૧૩૦૦ | ૧૪૦ | ૧૪૪૦ |
| ૨ | કાલોલ | ૧૧૨૪ | ૩૯૯ | ૧૫૨૩ | ૫૬૫ | ૬૩ | ૬૨૮ |
| ૩ | હાલોલ | ૮૩૭ | ૪૯૬ | ૧૩૩૩ | ૭૫૬ | ૭૩ | ૮૨૯ |
| ૪ | જાંબુઘોડા | ૧૩૫ | ૨૩૫ | ૩૭૦ | ૨૩૧ | ૪૧ | ૨૭૨ |
| ૫ | ઘોઘંબા | ૨૭૨ | ૧૬૭ | ૪૩૯ | ૨૯૦ | ૫૬ | ૩૪૬ |
| ૬ | શહેરા | ૬૬૪ | ૧૯૧ | ૮૫૫ | ૫૪૧ | ૭૫ | ૬૧૬ |
| ૭ | લુણાવાડા | ૧૭૫૨ | ૩૯૦ | ૨૧૪૨ | ૭૩૪ | ૧૩૮ | ૮૭૨ |
| ૮ | સંતરામપુર | ૧૭૭૧ | ૫૦૨ | ૨૨૭૩ | ૭૩૭ | ૧૬૦ | ૮૯૭ |
| ૯ | કડાણા | ૧૪૬ | ૩૫૧ | ૪૯૭ | ૨૫૩ | ૧૧૧ | ૩૬૪ |
| ૧૦ | મોરવા | ૨૫૫ | ૮૧ | ૩૩૬ | ૧૭૫ | ૬૦ | ૨૩૫ |
| ૧૧ | ખાનપુર | ૪૮૯ | ૬૮ | ૫૫૭ | ૨૦૧ | ૫૪ | ૨૫૫ |
| **કુલ** | | **૯૫૭૪** | **૩૫૮૭** | **૧૩૧૬૧** | **૫૭૮૩** | **૯૭૧** | **૬૭૫૪** |

-------------

## બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૧૧૬૫૯**શ્રી મફતલાલ મો.પૂરોહિત (ધાનેરા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલા બેરોજગારોની નોંધણી જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં થયેલ છે,

(૧)

| તાલુકાનું નામ | નોંધણી |
|---|---|
| પાલનપુર | ૯૮૯૪ |
| અમીરગઢ | ૮૬૬ |
| વડગામ | ૬૮૩૩ |
| ડીસા | ૫૭૬૦ |
| કાંકરેજ | ૨૪૬૩ |
| દિયોદર | ૧૭૭૯ |
| ભાભર | ૯૬૩ |

| | |
|---|---|
| ભાભર | ૯૬૩ |
| વાવ | ૨૭૭૮ |
| થરાદ | ૨૯૩૦ |
| ધાનેરા | ૧૪૫૭ |
| દાંતીવાડા | ૯૩૬ |
| દાંતા | ૩૩૯૮ |
| **કુલ** | **૪૦૦૫૭** |

(૨) તે પૈકી કેટલા બેરોજગારોના નામ રોજગારી માટે મોકલવામાં આવેલ છે, અને

(૨) ૩૫૫૯૫

(૩) તે બેરોજગારો ક્યા ક્યા તાલુકાના છે ?

(૩)

| **તાલુકાનું નામ** | **બેરોજગાર** |
|---|---|
| પાલનપુર | ૯૨૯૪ |
| અમીરગઢ | ૧૧૯૨ |
| વડગામ | ૫૩૧૮ |
| ડીસા | ૪૫૮૮ |
| કાંકરેજ | ૩૦૧૬ |
| દિયોદર | ૨૧૦૦ |
| ભાભર | ૧૨૨૮ |
| વાવ | ૧૮૫૪ |
| થરાદ | ૨૧૬૮ |
| ધાનેરા | ૧૩૯૯ |
| દાંતીવાડા | ૧૦૯૯ |
| દાંતા | ૨૩૪૯ |
| **કુલ** | **૩૫૫૯૫** |

-------------

## સાબરકાંઠા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી

૧૨૦૧૩૩**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી રોજગાર વિનિમય કચેરી દ્વારા કરવામાં આવેલ છે,

(૧) ૩૧/૧/૨૦૧૦ ની સ્થિતિએ શિક્ષિત બેરોજગારોની નોંધણીની સંખ્યા

| **તાલુકો** | **નોંધણી** |
|---|---|
| હિમતનગર | ૫૩૨૨ |
| ઈડર | ૫૯૬૪ |
| વડાલી | ૨૪૭૯ |
| ખેડબ્રહ્મા | ૩૩૪૨ |
| વિજયનગર | ૩૯૭૬ |
| ભિલોડા | ૮૮૭૦ |
| મોડાસા | ૪૯૬૧ |
| ધનસુરા | ૨૭૩૪ |
| માલપુર | ૩૩૧૨ |
| બાયડ | ૪૧૧૫ |
| મેઘરજ | ૩૬૪૭ |
| તલોદ | ૨૮૯૦ |
| પ્રાંતિજ | ૪૩૬૪ |
| કુલ | ૫૫૯૭૬ |

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા શિક્ષિત બેરોજગારોના નામ રોજગારી માટે મોકલવામાં આવ્યા, અને

(૨) તા. ૧/૨/૨૦૦૮ થી તા. ૩૧/૧/૨૦૧૦ સુધી તાલુકાવાર શિક્ષિત બેરોજગારોના રોજગારી માટે મોકલેલ નામ

| તાલુકો | તા.૧/૨/૨૦૦૮ થી તા. ૩૧/૧/૨૦૦૯ સુધી શિક્ષિત બેરોજગારોના રોજગારી માટે મોકલેલ નામ | તા.૧/૨/૨૦૦૯ થી તા. ૩૧/૧/૨૦૧૦ સુધી શિક્ષિત બેરોજગારોના રોજગારી માટે મોકલેલ નામ |
|---|---|---|
| હિમતનગર | ૨૫૩૮ | ૩૧૬૧ |
| ઈડર | ૧૫૩૯ | ૨૧૪૯ |
| વડાલી | ૫૬૪ | ૫૭૭ |
| ખેડબ્રહ્મા | ૭૩૭ | ૧૦૭૬ |
| વિજયનગર | ૯૫૧ | ૧૪૮૮ |
| ભિલોડા | ૨૦૬૭ | ૨૯૨૨ |
| મોડાસા | ૧૭૮૦ | ૨૩૪૯ |
| ધનસુરા | ૧૦૦૪ | ૧૦૭૭ |
| માલપુર | ૫૧૪ | ૪૧૦ |
| બાયડ | ૯૨૯ | ૧૩૭૩ |
| મેઘરજ | ૯૦૦ | ૧૫૮૫ |
| તલોદ | ૮૦૬ | ૮૩૪ |
| પ્રાંતિજ | ૧૩૪૧ | ૧૫૬૫ |
| કુલ | ૧૫૬૭૦ | ૨૦૫૬૬ |

,

(૩) તે પૈકી તાલુકાવાર અને વર્ષવાર કેટલા બેરોજગારોને નોકરી મળી ?

(૩) તા. ૧-૨-૨૦૦૮ થી તા. ૩૧/૧/૨૦૦૯ સુધી મળેલ નોકરી

| તાલુકો | તા.૧/૨/૨૦૦૮ થી તા. ૩૧/૧/૨૦૦૯ સુધી મળેલ નોકરી | તા.૧/૨/૨૦૦૯ થી તા. ૩૧/૧/૨૦૧૦ સુધી મળેલ નોકરી |
|---|---|---|
| હિમતનગર | ૪૫૨ | ૧૦૦ |
| ઈડર | ૧૫૩ | ૬૫ |
| વડાલી | ૨૩ | ૧૨ |
| ખેડબ્રહ્મા | ૨૨૨ | ૧૨ |
| વિજયનગર | ૯ | ૩૬ |
| ભિલોડા | ૩૬૩ | ૧૭૭ |
| મોડાસા | ૩૯૬ | ૩૫ |
| ધનસુરા | ૧૬૨ | ૭ |
| માલપુર | ૧૨૧ | ૧૫ |
| બાયડ | ૫૧ | ૧૫ |
| મેઘરજ | ૧૬ | ૧૫૮ |
| તલોદ | ૪૨ | ૧૧ |
| પ્રાંતિજ | ૨૮૫ | ૫૦ |
| **કુલ** | **૨૨૯૫** | **૬૯૧** |

-------------

**આણંદ જિલ્લામાં બક્ષીપંચના છાત્રાલયો**

૧૨૪૩૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં બક્ષીપંચના કુમાર છાત્રાલય અને કન્યા છાત્રાલયોની સંખ્યા કેટલી છે, અને | (૧) કુમાર છાત્રાલયો ૨૧<br>કન્યા છાત્રાલયો ૧૦ |
| (૨) આ છાત્રાલયોમાં કેટ કેટલા વિદ્યાર્થીઓ તેમજ કન્યાઓ અભ્યાસ કરે છે ? | (૨) કુમાર છાત્રાલયોમાં ૧૨૨૯ વિદ્યાર્થીઓ<br>કન્યા છાત્રાલયોમાં ૬૦૩ વિદ્યાર્થીનીઓ |

------------

## દાહોદ જિલ્લામાં મંજૂર કરેલ આઈ.ટી.આઈ. સંસ્થાઓ

૧૧૮૨૦ **શ્રી બાચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી આઈ.ટી.આઈ. મંજૂર કરવામાં આવેલ છે, | (૧) ૧૪ આઈ.ટી.આઈ/આઈ.ટી.સી. |
| (૨) તે પૈકી કેટલી સરકારી અને કેટલી બિન સરકારી સંસ્થાઓ છે, અને | (૨) ૦૪ સરકારી તથા ૧૦ બીન સરકારી સંસ્થાઓ |
| (૩) મંજૂર થયેલ પૈકી કેટલી આઈ.ટી.આઈ. સંસ્થાઓ ક્યારે ચાલુ કરવામાં આવી ? | (૩) (૧) વર્ષ ૨૦૦૮ના શૈક્ષણિક્સત્ર માં ૦૩ સરકારી તથા ૦૬ સ્વનિર્ભર સંસ્થાઓ.<br>(૨) વર્ષ ૨૦૦૯ ના શૈક્ષણિક્સત્રમાં ૦૧ સરકારી તથા ૦૪ સ્વનિર્ભર સંસ્થાઓ. |

## બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૧૨૪૦૫**શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારોની નોંધણી રોજગાર વિનિમય ક્ચેરીમાં થયેલ છે,

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **નોંધણી** |
|---|---|
| પાલનપુર | ૯૮૯૪ |
| અમીરગઢ | ૮૬૬ |
| વડગામ | ૬૮૩૩ |
| ડીસા | ૫૭૬૦ |
| કાંકરેજ | ૨૪૬૩ |
| દિયોદર | ૧૭૭૯ |
| ભાભર | ૯૬૩ |
| વાવ | ૨૭૭૮ |
| થરાદ | ૨૯૩૦ |
| ધાનેરા | ૧૪૫૭ |
| દાંતીવાડા | ૯૩૬ |
| દાંતા | ૩૩૯૮ |
| **કુલ** | **૪૦૦૫૭** |

(૨) સન ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ક્યા ક્યા તાલુકાના કેટલા બેરોજગારોના નામો રોજગારી માટે મોકલી આપવામાં આવ્યા, અને

(૨) વર્ષમાં ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં નીચેના તાલુકાના બેરોજગારોનાં નામો રોજગારી માટે મોકલી આપવામાં આવ્યાં.

| **તાલુકો** | **વર્ષ ૨૦૦૭-૦૮** | **વર્ષ ૨૦૦૮-૦૯** |
|---|---|---|
| પાલનપુર | ૫૭૦૮ | ૯૪૩૬ |
| અમીરગઢ | ૪૩૬ | ૨૦૧૦ |
| વડગામ | ૨૯૬૧ | ૩૭૭ |
| ડીસા | ૧૬૭૭ | ૩૮૯૫ |
| કાંકરેજ | ૯૧૨ | ૧૪૪૬ |
| દિયોદર | ૬૧૪ | ૭૪૯ |
| ભાભર | ૧૮૪ | ૧૮૦ |
| વાવ | ૭૪૦ | ૨૯૭ |
| થરાદ | ૬૬૩ | ૪૬૯ |
| ધાનેરા | ૪૫૮ | ૨૯૧ |
| દાંતીવાડા | ૪૩૩ | ૩૯૮ |
| દાંતા | ૮૩૭ | ૩૮૨ |
| **કુલ** | **૧૫૬૨૩** | **૧૯૯૩૦** |

(૩) તેમાંથી તાલુકાવાર કેટલા બેરોજગારોને રોજગારી મળી ?

(૩) વર્ષમાં ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં નીચેના તાલુકાના બેરોજગારોને રોજગારી મળી.

| **તાલુકો** | **વર્ષ ૨૦૦૭-૦૮** | **વર્ષ ૨૦૦૮-૦૯** |
|---|---|---|
| પાલનપુર | ૨૩૦૦ | ૯૮૫ |

| | | |
|---|---|---|
| અમીરગઢ | ૧૨૦ | ૫૧૬ |
| વડગામ | ૨૮૨ | ૫૨ |
| ડીસા | ૨૮૯ | ૫૩૪ |
| કાંકરેજ | ૪૦૦ | ૩૯૧ |
| દિયોદર | ૪૦૮ | ૧૩૭ |
| ભાભર | ૨૯ | ૩૪ |
| વાવ | ૪૮૩ | ૫૫ |
| થરાદ | ૫૦૧ | ૭૮ |
| ધાનેરા | ૨૮ | ૬૯ |
| દાંતીવાડા | ૩૬ | ૭૨ |
| દાંતા | ૪૦૪ | ૮૩ |
| **કુલ** | **૫૨૮૦** | **૩૦૦૬** |

-------------

**સાબરકાંઠા જિલ્લામાં ખેતમજૂરોના આકસ્મિક મૃત્યુ અન્વયે સહાયની મળેલ અરજીઓ**

૧૨૫૧૬**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેત મજૂરોના આકસ્મિક મૃત્યુના વિમા સહાયની કેટલી અરજીઓ તાલુકાવાર મળેલ છે,

(૨) મળેલ અરજીઓમાંથી કેટલા અરજદારોની અરજી મંજૂર કરી વિમા સહાયની રકમ ચૂકવવામાં આવેલ છે,

(૩) મળેલ અરજીઓમાં કેટલાને વિમા સહાય ચૂકવવાની બાકી છે, અને

(૪) બાકી ચૂકવવાપાત્ર સહાય ક્યાં સુધી ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જીલ્લામાં તા. ૩૧/૧/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેત મજૂરોના આકસ્મિક મૃત્યુના કિસ્સામાં વીમા સહાયની મળેલી અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | હિંમતનગર | ૪૧ |
| ૨. | ધનસુરા | ૦૩ |
| ૩. | ઈડર | ૩૦ |
| ૪. | બાયડ | ૧૪ |
| ૫. | ભિલોડા | ૨૫ |
| ૬. | પ્રાંતિજ | ૨૮ |
| ૭. | મોડાસા | ૨૨ |
| ૮. | વિજયનગર | ૦૮ |
| ૯. | ખેડબ્રહ્મા | ૧૪ |
| ૧૦. | માલપુર | ૦૫ |
| ૧૧. | તલોદ | ૧૦ |
| ૧૨. | મેઘરજ | ૦૩ |
| ૧૩. | વડાલી | ૦૩ |

(૨) ૭૪ અરજદારોની અરજી મંજૂર કરી છે.

(૩) ૩૨ અરજીઓમાં વીમા સહાય ચુકવવાની બાકી છે. અને

(૪) ૫૬તર અરજીઓની વિગતવાર ચકાસણી કરીને નિયમોનુસાર નિકાલ કરવામાં આવશે.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ચૂકવેલ શિષ્યવૃત્તિ**

૧૨૫૧૯**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકાવાર બક્ષીપંચના વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ દરમિયાન તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | વિદ્યાર્થીની | શિષ્યવૃત્તિની રકમ |
|---|---|---|---|
| ૧ | ચુડા | ૨૧૫૪૧ | ૧૯,૦૫,૭૮૫ |
| ૨ | લખતર | ૧૨૭૫૯ | ૧૧,૫૯,૮૭૫ |
| ૩ | મુળી | ૨૧૬૫૯ | ૨૦,૦૭,૪૪૫ |

| | | | |
|---|---|---|---|
| ૩ | મુળી | ૨૧૬૫૯ | ૨૦,૦૭,૪૪૫ |
| ૪ | લીંબડી | ૨૬૮૬૨ | ૨૬,૬૪,૭૯૫ |
| ૫ | પાટડી | ૩૧૦૯૫ | ૩૦,૬૨,૯૪૦ |
| ૬ | ચોટીલા | ૫૩૯૭૬ | ૫૧,૦૯,૮૫૫ |
| ૭ | સાયલા | ૩૫૭૩૯ | ૩૧,૦૦,૦૬૦ |
| ૮ | ધ્રાંગધ્રા | ૩૩૬૨૦ | ૩૩,૬૪,૫૮૦ |
| ૯ | હળવદ | ૩૨૫૫૦ | ૩૩,૨૮,૮૯૫ |
| ૧૦ | વઢવાણ | ૪૩૬૩૬ | ૪૬,૭૧,૬૮૦ |
| | **કુલ** | **૩૧૩૪૪૦** | **૩,૦૩,૭૫,૯૧૦** |

(૨) આ શિષ્યવૃત્તિ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી હતી, અને

(૨) રૂા. ૩,૦૩,૭૫,૯૧૦/-

(૩) વિદ્યાર્થીદીઠ કેટલી શિષ્યવૃત્તિની રકમ કેટલા વિદ્યાર્થીને ચૂકવવામાં આવી છે, અને

(૩) ૩,૧૩,૪૪૦ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ રૂા. ૭૫/-થી રૂા. ૯૦૦/-લેખે

(૪) આ યોજનાનો લાભ બક્ષીપંચના વિદ્યાર્થીઓ બહોળા પ્રમાણમાં મળે અને ગામે ગામ જાણકારી થાય તે માટે સરકારે શું અને કેવા પ્રકારની વ્યવસ્થા ગોઠવી છે ?

(૪) જિલ્લા અધિકારીઓને શાળા પ્રવેશોત્સવ દરમ્યાન શિષ્યવૃત્તિ ચૂકવવા આયોજન કરવા જણાવવામાં આવે છે. અને જિલ્લા અધિકારીઓ દ્વારા પે સેન્ટર શાળા મારફત વિદ્યાર્થીઓની અગાઉથી (એપ્રિલ-મે માસ) માહિતી મેળવવામાં આવે છે.

**સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં કાર્યક્રમો પાછળ ખર્ચનું કરેલ આયોજન**

૧૨૪૩૦**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦ માં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી હેઠળ આણંદ અને ખેડા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના નાગરીકો માટે ""સ્વર્ણિમ ગુજરાત"" હેઠળ વિકાસની કઈ કઈ નવી યોજના બનાવવામાં આવી છે, અને

(૧) નવી એક પણ નહીં.

(૨) જો યોજના બનાવવામાં આવી હોય તો આ જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા નાણા સરકાર આ યોજના પાછળ ખર્ચ કરવાનું આયોજન છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં જામનગર જિલ્લાના પેન્શનના પડતર કેસો**

૧૧૬૪૫**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લાના કેટલા પેન્શન કેસો તા.૩૧ ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ નિર્ણય થવા માટે નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પડતર છે,

(૧) ૨૦ કેસ.

(૨) આ કેસો કેટલા સમયથી પડતર છે,

(૨) ૧ થી ૩ માસ

(૩) કેસો પડતર રહેવાના શાં કારણો છે, અને

(૩) ચકાસણીની પ્રક્રિયામાં હતા.

(૪) તમામ કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) તમામ કેસોનો નિકાલ થઈ ગયેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળના લાભાર્થીઓ**

૧૧૭૧૮**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં બક્ષીપંચની કેટલી બહેનોને તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો છે, અને

(૧) ૭૧

(૨) આ અપાયેલ લાભમાં તાલુકાવાર કેટલી રકમ આપવામાં આવી છે ?

(૨) તાલુકાવાર નીચે મુજબની રકમ આપવામાં આવી છે.

| ક્રમ | તાલુકાનું નામ | ચૂકવેલ સહાય રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | પાલનપુર | ૧.૪૫ |
| ૨ | વડગામ | ૧.૦૫ |
| ૩ | દાંતા | ૦.૨૫ |
| ૪ | ડીસા | ૦.૧૫ |
| ૫ | દાંતીવાડા | ૦.૧૦ |
| ૬ | દિયોદર | ૦.૧૫ |
| ૭ | ભાભર | ૦.૧૦ |
| ૮ | અમીરગઢ | ૦.૨૫ |
| ૯ | થરાદ | ૦.૦૫ |
| | **કુલ** | **૩.૫૫** |

-------------

**વડોદરા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૧૧૯૭૪ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાની રોજગાર વિનિમય ક્ચેરી ખાતે શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોની કેટલી સંખ્યા નોંધાયેલ છે,

(૧) તા. ૩૧/૧૨/૦૯ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારોની સંખ્યા

| | |
|---|---|
| શિક્ષિત | ૫૮૮૫૬ |
| અર્ધશિક્ષિત | ૬૦૮૯ |
| કુલ | ૬૪૯૪૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને નોકરી માટેની તકો પૂરી પાડવામાં આવી, અને

(૨)

| | વર્ષ : ૨૦૦૮ | વર્ષ : ૨૦૦૯ |
|---|---|---|
| શિક્ષિત | ૨૬૧૯૮ | ૨૬૬૦૪ |
| અર્ધશિક્ષિત | ૪૩૧૩ | ૩૩૭૨ |
| **કુલ** | **૩૦૫૧૧** | **૨૯૯૭૬** |

(૩) તે પેકી કેટલાને નોકરીઓ મળી ?

(૩)

| | વર્ષ : ૨૦૦૮ | વર્ષ : ૨૦૦૯ |
|---|---|---|
| શિક્ષિત | ૭૮૪૩ | ૮૧૩૬ |
| અર્ધશિક્ષિત | ૨૩૩૨ | ૨૨૩૪ |
| **કુલ** | **૧૦૧૭૫** | **૧૦૩૭૦** |

**જૂનાગઢ જિલ્લામાં ખેત મજૂરોને વિમા સહાયની મળેલ અરજીઓ**

૧૧૬૦૩**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેત મજૂરોના આકસ્મિક મૃત્યુના કિસ્સાની વિમા સહાયની કેટલી અરજીઓ મળેલ છે,

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૮ (અઢાર) અરજીઓ મળેલ છે.

(૨) મળેલ અરજીઓમાંથી કેટલા અરજદારોની અરજી મંજૂર કરી વિમા સહાયની રકમ ચૂકવવામાં આવેલ છે,

(૨) ૭ (સાત) અરજીઓ મંજૂર કરી વીમા સહાય ચુકવવામાં આવેલ છે.

(૩) મળેલ અરજીમાં કેટલાને વિમા સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) ૩ (ત્રણ) અરજીઓમાં

(૪) બાકી ચૂકવવાપાત્ર સહાય ક્યારે ચૂકવવામાં આવશે ?

(૪) અરજીઓની વિગતવાર ચકાસણી કરીને નિયમોનુસાર નિકાલ કરવામાં આવશે.

-------------

**સુરત જિલ્લા તેમજ શહેરમાં વેચાણવેરાની ચોરીના નોંધાયેલ કેસો**

૧૧૭૪૪ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સુરત જિલ્લા અને શહેરમાં તા.૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વેચાણવેરાની કેટલી આવક થઈ,

(૧) સુરત શહેર રૂા. ૧૬૪૬.૮૭ કરોડ
સુરત જિલ્લો રૂા. ૨૦૩૬.૧૧ કરોડ

(૨) આ સમયગાળામાં વેચાણવેરાની ચોરીના કેટલા કેસો કરવામાં આવ્યા, અને

(૨) ૩૦૦ કેસો

(૩) તેમની સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ પગલા લેવામાં આવ્યા.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં બક્ષીપંચના નવા છાત્રાલયો બનાવવા કરેલ આયોજન**

૧૨૫૨૮**શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બક્ષીપંચના કુમાર છાત્રાલયો કેટલા આવેલા છે,

(૧)

| ક્રમ | તાલુકો | કુમાર છાત્રાલયો | |
|---|---|---|---|
| | | ગ્રા.ઈ.એ. | સરકારી |
| ૧ | પાલનપુર | ૬ | ૧ |
| ૨ | વડગામ | ૩ | ૦ |
| ૩ | દાંતા | ૩ | ૦ |
| ૪ | ડીસા | ૩ | ૦ |
| ૫ | ધાનેરા | ૨ | ૦ |
| ૬ | દાંતીવાડા | ૧ | ૦ |
| ૭ | દિયોદર | ૩ | ૦ |
| ૮ | ભાભર | ૩ | ૦ |
| ૯ | કાંકરેજ | ૭ | ૦ |
| ૧૦ | થરાદ | ૫ | ૦ |
| ૧૧ | વાવ | ૯ | ૦ |
| ૧૨ | અમીરગઢ | ૧ | ૦ |
| | કુલ | ૪૬ | ૧ |

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ માં નવા છાત્રાલય બનાવવા કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) હા જી.

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

(૩) બનાસકાંઠા જિલ્લામાં ૫ નવા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ફાળવવામાં આવેલ છે.

**પંચમહાલ જિલ્લામાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના વધુ છાત્રાલયો અંગે કરેલ આયોજન**

૧૨૪૩૭**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના કેટલા સરકારી કુમાર છાત્રાલય અને કન્યા છાત્રાલય કાર્યરત છે,

(૧) એકપણ નહીં.

(૨) આ છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થીઓ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) વધુ છાત્રાલયો ખોલવા સરકારે સને ૨૦૧૦-૨૦૧૧ માં શું આયોજન કરેલ છે ?

(૩) લુણાવાડા તાલુકામાં એક અનુ.જાતિનું સરકારી કન્યા છાત્રાલય મંજૂર કરવામાં આવેલ છે જે જુન-૧૦ના શૈક્ષણિક સત્રથી શરૂ કરવાનું આયોજન છે.

**સાબરકાંઠા જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા**

૧૨૨૪૭**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૨૯-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વેચાણવેરાના કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) દરોડા દરમ્યાન કેટલા રૂપિયાની ગેરરીતિઓ પકડવામાં આવી, અને

(૩) કેટલા ઈસમો સામે કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હિંમતનગર-૧૦, તલોદ--૩, ઈડર--૨, મોડાસા--૨, પ્રાંતિજ--૧, બાયડ--૧

(૨) રૂા. ૮૯.૧૩ લાખ

(૩) કુલ ૧૯ દરોડાઓ પાડવામાં આવેલ છે તે પૈકી ૧૬ એકમો સામે ગુજરાત વેટ અધિનિયમ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

-------------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ગુજરાત હાઉસીંગ બોર્ડનું અંદાજ પત્ર**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડનું સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષનું સુધારેલું અંદાજપત્રક તથા સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષનું અંદાજપત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલું અંદાજપત્રક અને અંદાજપત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**( આ તબક્કે માનનીય સભ્યશ્રી ડો. કનુભાઈ કળસરિયા વેલમાં ધસી આવ્યા)**

**અધ્યક્ષશ્રી :** શ્રી કનુભાઈને બહાર લઈ જાવ. કનુભાઈ આપ મહેરબાની કરીને બહાર જાવ. મેં કહ્યું કે આપને જે કાંઈ કહેવું હોય એ મારી ચેમ્બરમાં આવીને કહેશો. મારી પરવાનગી લઈને કહેવા ઈચ્છશો તો હું આપને રજા આપીશ. આપ અત્યારે વેલમાં આવ્યા છો આપ બહાર નીકળી જાવ. શ્રી કનુભાઈને ગૃહની બહાર લઈ જવામાં આવે. (અંતરાય) આપ વેલમાં આવ્યા છો તેઓશ્રીને બહાર લઈ જવામાં આવે. પ્લીઝ કનુભાઈ, હું તમને રીક્વેસ્ટ કરું છું આપ બહાર નીકળી જાવ. વેલમાં આવેલ સભ્યશ્રીને બહાર લઈ જવામાં આવે. (અંતરાય) નહીં, મેં કોઈ પરવાનગી આપી નથી આપ બહાર નીકળી જાવ. શ્રી કનુભાઈને બહાર લઈ જવામાં આવે. મેં આપને પરવાનગી નથી આપી. આપને આદરપૂર્વક હું બહાર નીકળી જવા વિનંતી કરુ છું. આદરપૂર્વક આપ બહાર નીકળી જાવ. નેક્સ્ટ.

**( આ તબક્કે સભ્યશ્રી ડો. કનુભાઈ કળસરિયાને સલામતી દળના સભ્યો દ્વારા ગૃહની બહાર લઈ જવામાં આવ્યા)**

**ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોરપોરેશનનો વાર્ષિક અહેવાલ**

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વેરહાઉસીંગ કોરપોરેશનનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

**ગુજરાત કૃષિ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ**

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૩-૨૦૦૪ના વર્ષનો ઓડિટ અહેવાલ, વાર્ષિક હિસાબો અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ, વાર્ષિક હિસાબો, અને પગલાંનું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી, મેં ગયા વર્ષે પણ આ કૃષિ યુનિવર્સિટીનો અહેવાલ જે છે એમાં વિશેષ કરીને એમાં જે વિલંબ છે એમાં એના કારણો બધા જ આવવા જોઈએ આજે ૨૦૦૯-૨૦૧૦નું વર્ષ ચાલે છે ત્યારે ૨૦૦૨-૨૦૦૩ના અહેવાલો આવે છે એ અંગે આપ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને બોલાવીને પગલાં ભરવાના હતા એ નથી ભરાયા તો એની વિગતો આપ મને ચેમ્બરમાં મોકલાવજો.

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મેં આ અહેવાલ અને પત્રક મોકલી દીધો છે અગાઉ જે ખાતરી આપી હતી એનો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતે અગાઉ બેથી ત્રણ વખત સૂચનાઓ આપી છે તો આ સૂચનાઓનું પાલન ન થવાનું કારણ શું હતું? એની તપાસ અધિકારીઓ મારફત મેળવીને આપને આપે એવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી :** મેં એજ વિનંતી કરી છે અને ત્યાર પછી મેજ ઉપર મૂકવાની સમિતિ છે એને પણ મેં આદેશ આપ્યો છે એનો અહેવાલ આવશે. એના અહેવાલમાં પણ વાઈસ ચાન્સેલરોને બોલાવવામાં આવ્યા છે એ હું જાણું છું પરંતુ આજે જ્યારે મેજ ઉપર મૂકવામાં  આવે છે ત્યારે હું ધ્યાન દોરું છું. આપે ધ્યાન દોર્યું એ પહેલા મેં ધ્યાન દોર્યું છે કે, કૃષિ યુનિવર્સિટીના અહેવાલમાં જે વિલંબ થયો છે એ વિલંબના કારણોને દૂર કરવામાં આવે અને આપણે નજીકના વર્ષો સુધી પહોંચીએ કે જેથી કરીને આપણો જે નાણાકીય અંકૂશ છે યુનિવર્સિટીઓ, બોર્ડો અને કોરપોરેશનો ઉપર એ જળવાઈ રહે એ હેતુથી જ મેં આ ધ્યાન દોરેલું છે અને માનનીય મંત્રીશ્રીએ, મને પણ ખબર છે કે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને બોલાવીને મિટિંગ પણ કરી છે, એના ઓડિટ અહેવાલો માટે પણ કહ્યું છે પરંતુ આજે વિલંબીત આવ્યો છે ત્યારે મને એમ લાગે  છે કે આ સત્ર દરમ્યાન પણ બાકીના ઓડિટ રિપોર્ટો જો આવી શકે અથવા તો આવતા સત્ર દરમ્યાન આવે એ જાતની વ્યવસ્થા કરે કે જેથી કરીને જે વિલંબ હવે માત્ર કૃષિ યુનિવર્સિટીમાં વધારે દેખાય છે એ ન દેખાય એટલા પૂરતું જ. નેક્સ્ટ.

**ગુજરાત કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ**

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૪-૨૦૦૫ના વર્ષનો ઓડિટ અહેવાલ, વાર્ષિક હિસાબો અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ, વાર્ષિક હિસાબો અને વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી) :** મેં અગાઉ કહ્યું તેમ ૨૦૦૪ પહેલાં એકજ યુનિવર્સિટી હતી અને ૨૦૦૪માં ચાર યુનિવર્સિટી થઈ એટલે એ અનુસંધાને ઓડિટ અહેવાલમાં વિલંબ થયેલો છે. એ અંગેનો અહેવાલ મેં આપેલો છે.

**ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૦૭-૦૮ના વાર્ષિક હિસાબો**

**શ્રી જયનારાયણ વ્યાસ (બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૦૭-૦૮ના વાર્ષિક હિસાબો તથા આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ હિસાબો જે મૂકવામાં આવેલા છે તે ઓડિટ થયેલા છે કે કેમ એનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી, સામાન્ય રીતે માત્ર હિસાબો મૂકવામાં આવે છે આ હિસાબો ઓડિટ થયેલા છે કે કેમ એનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી એટલા માટે હું આપનું માર્ગદર્શન માગું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ:** વાર્ષિક અહેવાલમાં જે હિસાબો મૂકવામાં આવે એ ઓડિટ થયેલા જ હોય છે અને ઓડિટ થયા વગરના હિસાબો એ હિસાબો ગણાય જ નહિ.

**અધ્યક્ષશ્રી** : ઓડિટ થયેલા છે.

**હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**૨૩૦/page>નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની અધિસૂચના**

**શ્રી વજુભાઈ વાળા (નાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની તારીખ ૨૪-૧૨-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૩૬)વીએઆર-૨૦૦૯-(૨૪)-ઠ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપને અને બાબુભાઈને કોઈ ગહન ચર્ચા કરવી હોય તો  બહાર લોન્જ છે. નેક્સ્ટ,

# સરકારી વિધેયકો (ક્રમશ) :

## સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨

# સેન્ટર ફોર એન્વાયર્મેન્ટ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૦ (ક્રમશ:)

**સેન્ટર ફોર એન્વાયર્મેન્ટ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૫ વધુ સુધારવા બાબત વિધેયક.**

**અધ્યક્ષશ્રી** : હવે સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક:૨ ની તારીખ ૨૫-૨-૨૦૧૦ના રોજ પહેલા વાચન ઉપરની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલશે, માનનીય અર્જુનભાઈ, (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : દિલીપભાઈ આપ બધા મુકતમને ચર્ચા કરો કોઈનો ડર રાખ્યા વગર.

**અધ્યક્ષશ્રી** : દિલીપભાઈ, માનનીય શકિતસિંહજી વિરોધપક્ષના નેતાશ્રીએ આજે સવારે મારી રજા લીધેલી છે એટલે એ અંગેની ચર્ચા ના થાય અને અર્જુનભાઈનું પ્રવચન ચાલુ હતું તો હવે પ્રવચન ચાલુ કરો અર્જુનભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા**: એ એમ કહે છે કે મુકતમને ચર્ચા થઈ શકશે. આપ મુકતમને ચર્ચા કરો, મુકતમને ઉભા રહો, બાજુમાં બેઠાં હોય તો ઉભા રહો વાંધો નહિ, ઉભા રહીને ચર્ચા કરો

**અધ્યક્ષશ્રી** : પણ ક્રોસટોક છે એ બન્ને માટે જોખમકારક હોય છે, એટલે ક્રોસટોકથી બહાર રહીએ તો વધારે સારું છે. (અંતરાય) * (xxxx) (xxxx)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા**: આપની વાત સાચી છે. માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચાના દોરને હું આગળ વધારું છું. મેં અગાઉ પણ કહ્યું કે સેપ્ટ સંસ્થા છે, એ ગુજરાતનું ગૌરવ છે અને સમગ્ર એશિયામાં એનું નામ છે. અને આવી સંસ્થાઓ છે તેને યુનિવર્સિટીનો દરજજો અપાય તેને હંમેશા આપણે આવકાર આપ્યો છે. અને જ્યારે આવકાર આપ્યો હોય ત્યારે આપણાં સૌની એ ફરજ છે કે આ સંસ્થાઓ છે આવા પ્રકારની તે શ્રેષ્ઠ રીતે ચાલે, સારી રીતે ચાલે અને સૈકાઓ સુધી ચાલે. માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ વિદેશમાં ગયા છો, અહીંયા કેટલાય લોકો એવા છે કે વિદેશમાં ગયા છે, વિદેશની યુનિવર્સિટીઓ પણ આપણે જોઈ છે. આપણી પાસે એવી અનેક યુનિવર્સિટીઓ છે કે વિશ્વની અંદર એ યુનિવર્સિટીઓ કોઈ ૫૦૦ વર્ષથી છે, કોઈ ૭૦૦ વર્ષથી છે.

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

આપણી પાસે ઓસ્કફર્ડ જેવું નામ હશે કે જે ૪૦૦-૫૦૦ વર્ષથી ચાલતી હશે પણ તેના કરતાં જૂની અનેક યુનિવર્સિટીઓ કે જેણે ૭૦૦ વર્ષ પૂરાં કર્યા હોય, ૮૦૦ વર્ષ પૂરાં કર્યા હોય એવી યુનિવર્સિટીઓ છે અને એ યુનિવર્સિટીઓ એટલે ટકી રહી છે કે એમાં ડેમોક્રેસીનું પ્રમાણ સૌથી વધારે છે. કબજે રાખવાની વાત એમાં આવતી નથી કોઈ જગ્યાએ પણ આપણે સુધારાઓ એવા કરીએ કે જે સુધારાઓ અંકુશ એ પ્રકારનો થાય એ અંકુશને કારણે સ્થાપિત હિતો છે આ સંસ્થાઓનો કબજો છોડે નહીં અને એમાં એવા લોકો આવી જાય છેલ્લે કે સંસ્થાને જ મારી નાંખે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીએ અત્યાર સુધી જે ચળવળ ચલાવી અને તે ચળવળની અંદર બધાને એમ કહ્યું કે ગામડાંમાં જાવ, સંસ્થાઓ સ્થાપો લોકોને મદદ કરો. એમાંથી હજારો, સેંકડો સંસ્થાઓ છે, અસ્તિત્વમાં છે. પણ એ સંસ્થાઓએ માત્ર રાજયકક્ષાએ નહીં, રાષ્ટ્રીય કક્ષાએ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ નામ કાઢ્યાં. એ પણ આ સેપ્ટ યુનિવર્સિટી જેવી જ સંસ્થાઓ હતી. જે ચિંતા કરી માનનીય અધ્યક્ષશ્રી, એ વાજબી અંકુશની. આ યુનિવર્સિટીઓ ઉપર, આવી સંસ્થાઓ ઉપર જ્યારે આપણે તેને માન્યતા બક્ષતા હોઈએ ત્યારે તેના ઉપર વાજબી અંકુશ હોવો જરૂરી છે એની વાત પણ થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માત્ર બે સંસ્થાઓનો અત્યારે દાખલો આપવા માંગુ છું. ગુજરાતની અંદર ગૌરવ લઈ શકાય એવી એક મૅડિકલની સંસ્થા અને એવી એક એજ્યુકેશનની સંસ્થા. ૧૯૨૦માં કરાંચીની અંદર શારદા ગ્રામની સ્થાપના થઈ. મહાત્મા ગાંધી એ તેમણે ફાઉન્ડેશન લઈ અને સેરીમની એમના હાથે થઈ. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૭માં દેશનું ડિવિઝન થયું. અને આ ડિવિઝનના કારણે એના સ્થાપકો જે કરાંચીથી દેશમાં આવ્યા અને એ વખતે સૌરાષ્ટ્ર રાજયના શાસકોએ સરદાર વલ્લભભાઈ પટેલની સૂચનાથી માંગરોળની અંદર, માંગરોળના શેખની ખાલસા થયેલી જમીન ૭૦૦ વીઘા જમીન એમને આપી છે. સ્વર્ગસ્થ મનસુખરામ જોબનપુત્રા જેવા ઋષિ પુરુષ એણે સંસ્થા ઉભી કરી, ચલાવી. એના વિદ્યાર્થીઓ છે એ મને એમ કહેતા હતા કે જે ૭૦૦ એકર જમીન હતી આંબાના બગીચાઓની, આજે થોડાં ઘણાં રહ્યાં છે. આંબાના બગીચાઓથી લથપથ થતું ખેતર હતું તેમનું તે વખતે અને તેમાં તે વખતે કોઈ વનેચંદ તેમાંથી કેરી તોડી આવે રાત્રેના કોઈ વિદ્યાર્થી અને બીજા દિવસે મનસુખરામ જોબનપુત્રાને ખબર પડે કે મારો વિદ્યાર્થી કેરી તોડી આવ્યો છે, ચોરી આવ્યો છે એટલે મનસુખભાઈ

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

તેમને બોલાવીને એમ કહે કે હવે હું આજનો દિવસ ઉપવાસ કરીશ એટલા માટે કે મારા વિદ્યાર્થીએ ચોરી કરી છે. આજે આ વાત કરતા કરતા એ વિદ્યાર્થીઓ રડી પડે છે. એક સંસ્કારી પેઢી તૈયાર કરી. આ સંસ્કારી પેઢી અત્યાર સુધી ચાલી, છેલ્લા ૫ વર્ષ સુધી. પણ મેં કહ્યું તેમ અંકુશ નહોતો. નવી તરાહો અનુસાર ફેરફારો કરવા જોઈએ એ થઈ શકયા નહીં. કારણ કે લોકશાહી વ્યવસ્થા થોડી રીસ્ટ્રીકટેડ હતી. તપસ્વી લોકો ટ્રસ્ટમાં હતા. એમાં કરજ થઈ ગયું, થોડુંક જ કરજ થઈ ગયું. એટલે મારા જેવો એક શેઠ આવ્યો. એણે એમ કહ્યું કે કરજ હું ભરી દઉં. કેટલું કરજ માનનીય અધ્યક્ષશ્રી? ૭૫ લાખ રૂપિયાનું. આખી સંસ્થા હડપ થઈ ગઈ. જે સંસ્થા મનસુખરામ જોબનપુત્રાએ ગરીબ, પછાત વર્ગના બાળકો માટે બનાવી હતી એ રેસિડેન્સીયલ સ્કુલ, એ સ્કુલ બંધ કરી દેવામાં આવી. બી.એડ અને પી.ટી.સી.ના કોર્સીસ શરૂ કરવામાં આવ્યા. અને જેના નામથી આખા ગુજરાતની અંદર સ્કુલો અને કોલેજોના પાટિયા છે, સૌથી વધારેમાં વધારે. એ સંસ્થાની અંદર, એના ચેરમેન પદની સંસ્થાએ માનનીય અધ્યક્ષશ્રી, ૫ લાખથી શરૂ કરીને ૭ લાખ સુધીના ડોનેશનો ઉઘરાવ્યા. જુનાગઢ જિલ્લાના ધારાસભ્યો, મારા મિત્રો હશે એ આ બાબતમાં સાક્ષી પુરાવશે. માંગરોળની અંદર આ સંસ્થા છે. શારદાગ્રામની અંદર. હું એના ચેરમેનનું નામ લઈને એમને એમની પાછલી જીંદગીમાં શરમ આપવા માગતો નથી. પરંતુ બધાએ કહ્યું કે તમે આ ધંધો કર્યો શિક્ષણની અંદર આવીને? દાન આપનારા માણસે વિદ્યાર્થીને એડમિશન આપવા માટે દાન લીધું? જે મનસુખરામ જોબનપુત્રાએ આખી જીંદગી ખર્ચી નાંખી, એ સંસ્થા, અંકુશ નહોતો. સરકારે આપેલી જમીન, એના માલિક થઈ બેઠા. અને હવે? ફરી પાછી પી.ટી.સી. અને બી.એડ તો શરૂ કર્યુ, મૂળ જે સંસ્થા હતી એ બંધ થઈ ગઈ. હોસ્ટેલવાળી. અને એની જગ્યાએ સેલ્ફ ફાયનાન્સ ઈંગ્લીશ મિડિયમ સ્કુલ અસ્તિત્વમાં આવી. માંગરોળ જેવા પછાત વિસ્તારની અંદર એની ફી કેટલી? તો કહે કે વરસની ૮૦,૦૦૦/- જે મહિનાના ૮૦/- રૂપિયાની અંદર વિદ્યાર્થીઓને ભણાવતા હતા, એ સંસ્થા આવા લોકોના હાથમાં આવી. જે ત્યાંના બાળકો માટે બનાવવામાં આવી હતી, એને બદલે ઈલાઈડ કલાસના બાળકો ત્યાં ભણવા લાગ્યા. એ બાળકો તો કદાચ રાજકોટ પણ ભણત કે અમદાવાદ પણ ભણત. ખેતરમાં ખેતમજૂરી કરનારો માણસ હોય, એનો બાળક જો ત્યાં ભણ્યો હોત, તો આજે જે શારદાવગ્રામના વિદ્યાર્થીઓ વિશ્વના ખૂણે ખૂણે બેઠા છે. અને જયારે માંગરોળ આવે છે ત્યારે એ ઝાડ નીચે બેસીને રડે છે. એ આજે એને રડવું ન પડયું હોત. જો થોડાઘ ણા અંકુશ હોત. અતિ અંકુશ પણ નુકસાન કરે છે, અને નિરંકુશ પણ કેટલુ નુકસાન કરે છે એનું આ ઉત્તમ ઉદાહરણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો દાખલો હું એ આપવા માગું છું. આપણે સૌ ગામડામાંથી આવીએ છીએ. એક જમાનો એવો હતો કે ટી.બી.ના રોગથી અનેક મરણ થતા હતા. હવે તો ઈન્ડોર હોસ્પિટલમાં જવાની પ્રથા જ બંધ થઈ ગઈ. ઘરે બેસીને દવા લઈએ તો પણ સારું થઈ જાય. એવી સીસ્ટમ નવી આવી છે. પરંતુ એ વખતે ભાવનગરના શ્રેષ્ઠીઓએ જે મુંબઈમાં રહેતા હતા, એમણે મહાત્મા ગાંધીની પ્રેરણાથી ભાવનગરની બાજુમાં અમરગઢ, અમે તો એને જીંથરી હોસ્પિટલ તરીકે ઓળખતા હતા. કોઈ પરિવાર એવું નહીં હોય કે જેના સગા સંબંધીઓએ જીંથરીની અંદર સારવાર ના લીધી હોય. અને એટલા માટે એનું નામ અમરગઢ પડયું છે. અક્ષયગઢ અમારું કેશોદનું, એ તો એના પછી બન્યું. અને કેટલી જમીન આપી એ વખતે? પોણાબસ્સો એકર જમીન આપી. ૫૦૦ બેડની હોસ્પિટલ બનાવી. સિવિલ હોસ્પિટલો પણ એવી નથી, નાના મોટા ગામોની. ૫૦૦ બેડની હોસ્પિટલ. ડોકટરોને રહેવા માટેની સુવિધા. અને એક આખું સેલ્ફ સફિસિયન્ટ ગામડું. એ હોસ્પિટલની અંદર વસતિ છે, એ માનનીય અધ્યક્ષશ્રી, ઓછામાં ઓછી ૨૦૦૦ લોકોની વસતિ છે. ખાલી હોસ્પિટલની વાત છે. એની અંદર કર્મચારીઓના પગારના પૈસા ચડી ગયા. કેટલા? તો કહે કે ૧ કરોડ અને ૭૫ લાખ. ૧ કરોડ અને ૭૫ લાખ ચડી ગયા. શ્રેષ્ઠીઓ વૃદ્ધ થયા. અને ત્યારે આ હોસ્પિટલમાં એની કિંમત આજે કરવા જઈએ, ઈન્ફ્રાસ્ટચર ઉભું કરવા જઈએ એટલી જમીનમાં તો કેટલું થાય, તો એ ૨૦૦ કરોડ રૂપિયા થાય. કોઈકે એમ કહ્યું કે તમે ટ્રસ્ટીઓ તરીકે નીકળી જાઓ તો હું એના પૈસાની જવાબદારી છે એ ભરી આપીશ. તો એના ૧ કરોડ ૭૫ લાખ રૂપિયા ભરાઈ ગયા, આ ૫૦૦ એકરની હોસ્પિટલ, આટલું બધું ઈન્ફ્રાસ્ટકચર એ શિક્ષણનો વેપાર કરનાર સંસ્થાએ ખરીદી લીધું. એનો જે કર્મચારીઓએ વિરોધ કર્યો એમને અક્ષરસઃ લાકડીઓ મારીને ભગાડી દેવામાં આવ્યા અને ત્યાં ૧૦૦ સીટની ડેન્ટલ કોલેજ, ૧૦૦ વિદ્યાર્થીની મેડીકલ કોલેજ શરૂ થઈ અને એક એક બેઠકના કેટલા રૂપિયા લેવાયા, તો ૩૦ થી ૩૫ લાખ રૂપિયા લેવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આવી સંસ્થાઓ છે, ભૂતકાળમાં કેન્દ્ર સરકારે પણ ડીમ્ડ યુસ્નિવર્સિટીના નામે મંજૂરી આપી અને આવી જ ડીમ્ડ યુનિવર્સિટીઓ જે લૂંટ કરતી હતી એટલે આ વખતે નકકી કર્યુ, કેન્દ્રના મંત્રીશ્રી કપિલ સિમ્બલે નકકી કર્યુ કે આવી યુનિવર્સિટીઓને મંજૂરી આપવાની નથી, એટલું જ નહીં, પરંતુ આવી સંસ્થાઓ ખરીદવાવાળી જે યુનિવર્સિટીઓ છે એને પણ બંધ કરવાની નોટિસ આ વખતે આપી દેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એ હતી કે આવી નિરંકુશ સંસ્થાઓ ના થવી જોઈએ કે જે કમોતે મરી જાય, આ બે સંસ્થાઓ કમોતે મરી છે. મેં તો આ બે દાખલા આપ્યા છે. પહેલાં આપણે માનતા હતા કે આ શાળાનું બિલ્ડિંગ એ વેપાર કરનારા છે એ લોકો વેચે છે. એક સમૃધ્ધ વિસ્તાર હોય એમાં સારી શાળા મોટા મેદાનવાળી હોય, એક સારો બગીચો એમાં હોય, એ ત્યાંના વિસ્તારી શોભા હોય, પરંતુ હવે એની કિંમત વધી એટલે એ શાળાને વેચી નાખે. અરે, મુંબઈમાં તો થિયેટર વેચાતાં હતાં અને એની ઉપર પ્રતિબંધ મૂકયો, પેટ્રાલપંપો

વેચાઈ જતા હતા. તો એમ કહેવામાં આવ્યું કે આ સુવિધા પ્રજા માટેની છે અને એ રહેવા દેવી જોઈએ એને વેચી શકાય નહીં, ધંધો ટ્રાન્સ્ફર ના થઈ શકે, પરંતુ અત્યારે અમદાવાદમાં આવી શાળાઓ વેચાવા માંડી છે. અમદાવાદમાં જ અઠવાડિયા પહેલાં એક શાળા વેચવામાં આવી અને અત્યારે તો રોકવામાં આવ્યું છે તો હું આશા રાખું છું કે એને કાયમી ધોરણે રોકવામાં આવે. આ શાળા કેટલા કરોડ રૂપિયામાં વેચાઈ તો એ ૭૦ કરોડ રૂપિયામાં, તો આ શું કરવા વેચે છે? પેલો વગદાર આ માણસ વેચે એટલે એને છૂટ આપવામાં આવે, પરંતુ નાનકડી સ્કૂલની હેરાફેરી કરે તો એને પકડી લે છે. આ તો મોટો માણસ છે એને ના પકડાય અને આને પકડવામાં આવે, આવી પરંપરા ચાલે છે. સારા વિસ્તારમાં શાળા હોય એને વેચવાની અને એનો એક ભાગ કોર્મશિયલ કરીને એને વેચીને એમાંથી આવક ઉભી કરવાની છે. સરકાર પણ કયારેક કયારેક આવું કરે છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

પોરબંદરના મહારાણાએ ૪૦ એકર જમીન અને આખો રાજમહેલ ૧૫૦ વર્ષ જૂનો એ ખરેખર આખેઆખો માત્ર શિક્ષણના હેતુ માટે આપ્યો હતો. એમાં શરત એટલી હતી કે આ ફકત શિક્ષણના હેતુ માટે ઉપયોગ કરવાનો. તો આજે એમાંથી કેટલું બાકી છે તો ફકત ૧૦ એકર જમીન રહી છે અને બાકીની બધી એક યા બીજા કારણસર અપાઈ ગઈ છે. તો ફકત શિક્ષણના હેતુ માટે આપવામાં આવેલ જમીનનો બીજો કોઈ ઉપયોગ ના થવો જોઈએ એ નિર્ધાર હવે આપણે કરવો પડશે. મેડીકલ માટે આપેલ કોઈપણ જમીન હોય એનો એના માટે જ ઉપયોગ થાય એવો નિર્ધાર કરવો પડશે. આ સેપ્ટ યુનિવર્સિટીમાં જે સુધારો થઈ રહ્યો છે એ એમને નિરંકુશ કરી દેવાવાળો છે. સરકાર પોતાની પાસે સત્તા ના રાખે એ હું સમજી શકું છું, હું ઈચ્છું કે તેમની પાસે ના રહે, પરંતુ મીનીમમ એક રેગ્યુલેટર તો બનાવે કે આ સંસ્થાની પ્રવૃત્તિ રેગ્યુલેટ કરે. તો એ પણ ઈચ્છતા નથી. આજે તો જે યુનિવર્સિટીને સ્ટેટસ આપ્યું છે એ એપરેન્ટલી મને લાગે છે કે અત્યારસુધી માં અપાયેલ યુનિવર્સિટીઓ છે અત્યારસુધી સ્થપાયેલી યુનિવર્સિટીઓ છે તેમાં બહુ કહેવા જેવું નથી હું સ્વીકારું છું. પણ આ યુનિવર્સિટીઓ બનાવવાની દોડમાં કોઈ કોઈ આવી જશે ત્યારે પરિસ્થિતિ શું થશે? તેનો પણ આપણે સૌએ વિચાર કરવો જોઈએ. અને એટલા માટે આ નિરંકૂશ બનાવનારું બિલ છે. એમાં એટલો સુધારો કર્યો હોત તો સૌ આવકાર આપત કે આ યુનિવર્સિટીની જમીન, આ યુનિવર્સિટીની સંપત્તિ છે તે કયારેય વેંચી શકશે નહીં. બિન શૈક્ષણિક હેતુઓ માટે ટ્રાન્સફર થઈ શકશે નહીં. યુનિવર્સિટી ચલાવવી હશે તો આટલી બાંહેધરી સરકારને આપવી જ પડશે. એમાં કોઈ બાંધછોડ કરવા માગતા નથી. આજે સ્થિતિ છે તે આવતી કાલે ન રહે. અને આ જ કરીશું તો અમદાવાદની શ્રેષ્ઠ સંસ્થા છે સી. એન. વિદ્યાલય, મને કહેવામાં આવ્યું કે ૮૦ એકર જમીનમાં પડેલી છે. તો એને પણ કાલે સવારે આટલી છૂટછાટ આપીશું તો આ શકય છે. એટલા માટે કે નિરંકૂશ બનાવનારી જોગવાઈ છે તેમાં અંકૂશ ચાલુ રાખવો જોઈએ. સેપ્ટ યુનિવર્સિટી નામ બદલો તેની સામે વાંધો નથી. બીજી જોગવાઈઓ કરી છે એમાં પણ ડેમોક્રેટીક એન્વાયરમેન્ટ નહીં રાખીએ તો આ યુનિવર્સિટી ૭૦૦ કે ૫૦૦ વર્ષ ચાલુ રહેવાની તો વાત ઠીક રહી પણ સતક પૂરું કરશે કે કેમ તે બાબતમાં પણ શંકા ઉભી કરે છે. મેં કહયું એમ બે સંસ્થાઓના નામ આપ્યા તે બે સંસ્થાઓ માત્ર રાજયની જ નહીં પણ દેશને પણ ગૌરવ અપાવે તેવી સંસ્થાઓ હતી. તે આજે પડીને પાદર થઈ ગઈ. આ સંસ્થાઓ માટે પણ આવું ન થાય તેના માટે આપણે સૌએ ચોકકસ ચિંતા કરવી જોઈએ. હું માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરવા માગું છું કે તમામ યુનિવર્સિટીઓના એકટ છે તેમાં પણ આ પરીપેક્ષમાં થોડો રીવ્યુ કરવામાં આવે, ચેક એન્ડ બેલેન્સ બધી જગ્યાએ જળવાય, કોઈ એમ કહે કે હું યુનિવર્સિટી શરૂ કરું છું એટલે મારા તમામ વારસદારો છે તે તેના માલિક બનતા રહે તે મનોવૃત્તિમાંથી બહાર નીકળી જવાની જરૂર છે. સંચાલક કરનારની ક્ષમતા હોય ત્યાં સુધી સંચાલન કરે, જયારે ક્ષમતા ઘટી જાય ત્યારે બીજાને આપી દેવાની અને પોતે ખસી જવાની તૈયારી હંમેશા હોવી જોઈએ. મેં કહયું તેમ વિદેશમાં ૫૦૦ કે ૭૦૦ વર્ષ કે ૧૦૦૦ વર્ષ જુની યુનિવર્સિટીઓ ચાલે છે. શું કામ? મેં કહયું તેમ વારસામાં તો વનેચંદ આવે, પણ ડેમોક્રેટીક વ્યવસ્થા હોય, રેગ્યુલેટર હોય તો ચેક એન્ડ બેલેન્સ હોય અને શ્રેષ્ઠ ટેલેન્ટ આવી શકે. અત્યારે શું થાય છે કે બાપ ચેરમેન હોય અને દીકરો વાઈસ ચાન્સેલર હોય, બધું એમની પાસે, ડીગ્રી તો કયાંકથી લઈ આવે, ઘણી જગ્યાએ મળે છે. આપણા રાજયમાં પ્રમાણ ઓછું હશે, પણ ઘણી જગ્યાએ મળી જાય છે. આપણે ત્યાં પણ કારખાના શરૂ થયા છે, મને ગઈ કાલે એક આગેવાનનો દીકરો મળ્યો, મેં પૂછયું કે શું કરે છે તો કહે કે બી. એડ કરું છું. મેં કહયું કે કયાં તો કહે રાજકોટમાં, મેં કીધું તું તો અહીં આંટા મારે છે, તો કયારે કોલેજ જાય છે. તો કહે કે ફી ભરી આવવાની, પછી પરીક્ષામાં વ્યવસ્થા થઈ જાય, આવી ડીગ્રીઓનું આપણે કામ નથી. બહુ ચિંતા ન કરતા આત્મારામભાઈ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : સાહેબ, હું તો આવીને બેઠો, કશું બોલ્યો પણ નથી.

**અધ્યક્ષશ્રી** : કયાં કશું કહયું છે? તમારી જોડે પ્રેમ હોય અને તમારું નામ લે તો આનંદ થવો જોઈએ.આમાં આત્માવાળા બધા માણસો છે એટલે તમારું નામ તો લે ને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આત્મારામભાઈનું નામ ન લઉં તો કોનું લઉં?

**અધ્યક્ષશ્રી** : બરાબર છે. એટલે જ તમે વનેચંદનું નામ પણ લો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું તો આત્મારામભાઈનું પણ લઉં છું અને વનેચંદનું પણ લઉં છું. માનનીય મંગુભાઈએ ના પાડી નહિતર પોપટનું નામ પણ લેત.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, પોપટ અહીંયા આવે નહિ  પોપટ તો રક્ષિત પક્ષી છે એના માટે કાયદામાં જોગવાઈ છે એ  અહીંયા આવે નહિ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વનેચંદ મને  માત્ર ગમે છે તેવું નથી.  માનનીય નીતિનભાઈને પણ ગમે છે.

**અધ્યક્ષશ્રી** : બધાને ગમે છે, આપે આપેલી વાત બધાને ગમે જ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વનેચંદ શિક્ષણમાં ન હોય મારી વાત એટલી જ છે.

**અધ્યક્ષશ્રી** : વનેચંદને જાણીતા કર્યા શિક્ષણ શાસ્ત્રીઓએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ જ એની મહત્તા છે.  વનેચંદને ઓળખનાર જ શિક્ષણ શાસ્ત્રીઓ છે. માનનીય પ્રદિપસિંહજીભાઈ,  આપને ત્યાં વનેચંદો વધારે  છે.  હું વાત એ કરતો હતો, અહીંયા બે સિસ્ટમ ઊભી કરી છે. એક ગ્રાન્ટ અને બીજી બિન  ગ્રાન્ટ,  બિન ગ્રાન્ટ માટે જુદી વ્યવસ્થા અને ગ્રાન્ટ માટે જુદી વ્યવસ્થા, આપણા નિયમો  પ્રમાણે બધું બરાબર છે  પણ જ્યારે એ સંસ્થાઓને ગ્રાન્ટ આપીએ છીએ  ત્યારે એના ઉપર અંકુશ  રાખવો જોઈએ ને. બીજી યુનિવર્સિટીને ગ્રાન્ટ નથી આપતા, આ યુનિવર્સિટીના થોડા ભાગમાં ગ્રાન્ટ આપીએ છીએ, એ ગ્રાન્ટ દ્વારા ચલાવાતી સંસ્થાઓ કન્સલ્ટન્સી કરીને પછી પણ સારું કમાય છે.  આપણે આવકારીએ કે એ પ્રકારનું મોડેલ  બીજી એન્જિનિયરીંગ કૉલેજો પણ કરે અને એમાંથી આપણને વધારે આવક મળે. મારે ફરી આપને વિનંતી છે કે રાજય સરકાર કરતાં  રેગ્યુલેટરનું ઈન્ડિપેન્ડેન્ટ ઓથોરિટીનું આ બધા ઉપર  સુપરવિઝન હોય. શરતોનું પાલન કરવા સહિતનું તો  જે  અગાઉ કહ્યું તેમ કોઈ સંસ્થાની જમીન વેચાય નહિ નહિતર તો એવું થશે કે ઇન્સ્ટિટ્યૂટ નામ આપ્યું આગળ, આપણે ખાલી નામ હોય  ઇન્સ્ટિટ્યૂટ અથવા  યુનિવર્સિટી અથવા કૉલેજ, આપણી કલ્પના એવી હોય  દરવાજામાં દાખલ થઈએ ત્યાં મોટું કમ્પાઉન્ડ હોય, બગીચો હોય, રમતગમતનું મેદાન અને  બિલ્ડિંગમાં જઈએ ત્યારે એક પ્રકારની કલ્પના, એનાથી જુદું જ  કૉલેજ કે ઇન્સ્ટિટ્યૂટ  કયાં છે તો કહે કે આ  બિલ્ડિંગના દસમાં માળે ચડો એટલે પાંચ રૂમ એ તમારી ઇન્સ્ટિટ્યૂટ એ જ તમારી સંસ્થા ફરીને પાછી આ મોટી સંસ્થાઓ છે એ નાની સંસ્થામાં આવી જશે અથવા એવા લોકોના હાથમાં આવી જશે.   એટલે મારી આપની મારફતે વિનંતી એટલી જ છે કે આની અંદર સંપૂર્ણપણે નિરંકૂશ સંસ્થાઓ છે  એનું  અકાળે અવસાન થતું હોય છે એ ન થાય એટલા માટે...

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપણે કંઈ વાચી શકતા નથી. સભાગૃહમાં કોઈ સાહિત્ય  ન વંચાય, બહાર જઈને વંચાય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી,  આ બધાને લાગુ પડે છે.

**અધ્યક્ષશ્રી** : બધાને આ લાગુ પડે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીઓ પણ ફાઇલો અહીંયા કલીયર કરે છે  એમનું પણ ધ્યાન દોરો. .

**અધ્યક્ષશ્રી** : એ વાચતા હોય તો એમને પણ લાગુ પડે છે.  બંને બાજુ કહું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમે કયારેય વાંધો નથી લીધો, આપે ધ્યાન દોર્યુ એટલા માટે કહું છું. કોઈ ઓથોરિટી કે રેગ્યુલેટરની વ્યવસ્થા  થાય અને  સભ્યશ્રીઓએ અહીંયા ભયસ્થાનો દર્શાવ્યા કે આવી સંસ્થાઓ એવા લોકોના હાથમાં ન જાય  તેના માટે પૂરતા પ્રયત્નો થાય તેવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા (ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી,  સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૧૦નું સેન્ટર ફોર એન્વાયર્ન્મેટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઈને માનનીય મંત્રીશ્રી આ સભાગૃહમાં આવ્યા છે  ત્યારે હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

જ્યાં સુધી આ યુનિવર્સિટીનું નામ સેપ્ટ યુનિવર્સિટી અમદાવાદ રાખવામાં આવે એ આવકારદાયક છે.પરંતુ આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જ્યારે એ વક્તવ્ય આપે ત્યારે એ વાત જાણવાનો આગ્રહ રાખું છું કે ઉદેશોને પાર પાડવા માટે નાણાકીય સ્ત્રોતો ઉભા કરવા માટે, લોન મેળવવા માટે જે બીજાં સંગઠનોનો પણ સમાવેશ કરવામાં આવશે એવું જે સુધારા વિધેયકમાં ઉદ્દેશો અને કારણોમાં જણાવ્યું છે. તો એ બીજાં સંગઠનો કયા કયા પ્રકારના હશે એ પણ માનનીય મંત્રીશ્રી જણાવશે એવી મારી વિનંતી છે. આ બીજાં સંગઠનો લોન મેળવવા માટે બીજાં સંગઠનોનો સમાવેશ કરવામાં આવશે એવો તેની અંદર જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તો એ બીજાં સંગઠનો કેવા કેવા પ્રકારના સંગઠનનો સમાવેશ થશે એ માનનીય મંત્રીશ્રી જણાવશે એવી મારી વિનંતી છે.

બીજું, કે આ યુનિવર્સિટીમાં જે અસ્ક્યામતો છે તેને લૉનો આપવા માટે જે મૂકવાની વાત હતી અને સરકારની પરવાનગી લેવાની વાત હતી કે વિકાસ માટે નાણાં ઉભા કરવાની વાતમાં સરકારની પરવાનગીની વાત હતી એ ઉઠાવી લેવાની વાત છે. પણ અમારા સિનિયર નેતાએ જેવી રીતે ચિંતા દર્શાવી, માનનીય અર્જુનભાઈએ, એ રીતે ક્યારેક આવી સંસ્થાઓ દ્વારા વેચાણ કરી  અને કદાચ ઉઠમણું ન થઈ જાય એ જોવા માટે પણ માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી મારી વિનંતી છે કે જો તેના ઉપર નિયંત્રણ લાદવામાં આવે એવો કંઈક સુધારો લાવવામાં આવે તો એ પણ વધારે યોગ્ય ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણનું ઉદારીકરણ થાય એ આવકારદાયક છે પણ ઉદારીકરણની સાથે સાથે જે હાલના સમયમાં વેપારીકરણ થઈ રહ્યું છે એ વેપારીકરણમાં સામાન્ય અને ગરીબ વર્ગના જે બાળકો છે તેને ભણવાનું કદાચ કલ્પનામાત્રની અંદર રહી ગયું છે. ઘણી જગ્યાએ બાળક હોંશિયાર હોય પણ ગરીબીના કારણે, ફી ભરવાની ક્ષમતા ન હોવાને કારણે જો એ ન ભણી શકતું હોય તો આવી સંસ્થાઓમાં આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષી પંચના બાળકોને જેમ બીજી ખાનગી યુનિવર્સિટીઓમાં સ્કૉલરશિપ આપીને વિદ્યાર્થીઓને ભણાવવાની વ્યવસ્થા કરવાની જોગવાઈ છે એવી જોગવાઈ આ યુનિવર્સિટીને જે પરવાનગીમાંથી મુકિત આપવામાં આવે છે તેમાં આ સરકાર કરવા માગે છે કે કેમ અને જે કર્મચારીઓની નિમણૂંક કરવા માટે, કે કર્મચારીઓના પગારધોરણો બનાવવા માટે પણ આપણે જે મુકિત આપવાનું સુધારણા વિધેયક લાવ્યા છીએ તો આ કર્મચારીઓના પગારધોરણમાં શોષણ ન થાય, આ કર્મચારીઓને ગમે ત્યારે નોકરીમાંથી કાઢી ન મૂકાય તે માટે તેમને જે રક્ષણ મળવું જોઈએ તે માટેની પણ જોગવાઈ આ સરકાર કરવા માગે છે કે કેમ? આ મારા વિચારો છે અને માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી હું વિનંતી કરું છું કે તેમના વક્તવ્યમાં આવરી લે એ જ મારું કહેવાનું છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી સન-૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨ લઈને આવ્યા છે તેના ઉપર મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં સૅન્ટર ફૉર એન્વાયર્ન્મેન્ટલ પ્લાનીંગ એન્ડ ટૅક્નૉલૉજી યુનિવર્સિટી જે અધિનિયમન ૨૦૦૫માં જે તેનું નામ આપવામાં આવ્યું અને તેને હવે સેપ્ટ યુનિવર્સિટી અમદાવાદ તરીકે ઓળખવામાં આવશે  એ વાત કરી કે, આપણે સેપ્ટ તરીકે જ આ સંસ્થાને ઓળખીએ છીએ. સેપ્ટ સંસ્થાની કામગીરી છે એ ખૂબ નામના મેળવેલી કામગીરી છે. સેપ્ટનો અનુભવ, ઉપયોગ કયા હેતુ માટે થઈને એ દર્શાવવામાં આવેલ છે. દરેક ક્ષેત્રમાં થતું હતું. કચ્છના કારમા ભૂકંપ વખતે પણ સેપ્ટની માર્ગદર્શિકા પુનઃવસન માટે ખૂબ જ ઉપયોગી થઈ હતી. અને એ વખતે આ બોર્ડની અંદર ડો. અલઘ જેવા વ્યકિત કે જઓ પ્લાનીંગ કમિશનના વાઇસ ચેરમેન પણ રહી ચૂક્યા છે. ગુજરાતમાંથી રાજય સભામાં ગયેલા છે. આ બધાનું માર્ગદર્શન એ વખતે મળતું હતું અને આ સંસ્થાને નાણાં એકત્ર કરવા માટે થઈને કયાં જવું પડે એના બદલે રાજય સરકાર એના માટેના નાણાં એકત્ર કરીને આપી શકે. હમણાં જ માનનીય અર્જુનભાઈએ મનનીય પ્રવચન કર્યું એ કેટલાયને માટે માર્ગદર્શક બને એ જૂના સંભારણાં તાજા કર્યા. સૌરાષ્ટ્રની જે જે મહેતા હૉસ્પિટલ, અમરગઢ, એ એટલા માટે કે,..

**અધ્યક્ષશ્રી** : આપ ખૂબ જ સિનિયર છો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એક વાત કહેવા માટે એનું થોડુંક તો બાંધવું પડેને પછી એના ઉપર ચણતર થાય. એ વાતનો બેઝ તો બનાવવો પડે. એના ઉપર મુદ્દાઓ રજૂ કરવાના છે. એટલા માટે આ કહું છું. હું એમણે જે વાત કરી એનું કોઈ વાતનું પુનરાવર્તન નહીં કરું.

**અધ્યક્ષશ્રી** : પુનરાવર્તન કરો તો પણ આપે જે જે હૉસ્પિટલની વાત કરી એ શૈક્ષણિક સંસ્થા હોત તો અને શિક્ષણ ઉપરની કોઈ વાત હોય તો કોઈ વાંધો નથી. આપ બિલ ઉપરની મારી મર્યાદા જાણો છો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ચેરીટેબલ ટ્રસ્ટ નીચે જે સંસ્થા રજીસ્ટર્ડ થયેલી હોય એને રાજય સરકારે એની પ્રવૃત્તિથી માંડીને એને જમીનો આપતી હોય એને અનુદાન આપતી હોય તો એને આ બધા ધોરણો લાગુ પડતા હોય તો આ સંસ્થાની પ્રવૃત્તિ ખૂબ સારી અને પ્રશંસનીય કામગીરી છે અને એની અંદર જે વ્યવસ્થા કરવાની હોય એની અંદરથી આપણે એમને કેટલીક સ્વાયત્તાઓ આપવા માગીએ છીએ કે જેથી એને રાજય સરકાર તરફથી કોઈ પ્રકારની રૂકાવટ ન રહે, એવું આ બિલ મારફતે કહેવા માગીએ છીએ. એના ઉપર કોઈ કંટ્રોલ મૂકવાની સાથે એને સ્વાયત્તા આપવાની વાતો બે મોંઢાની વાત કેવી રીતે થઈ શકે?

**અધ્યક્ષશ્રી** : આપે જે કંઈ કહેવું હોય એ કહો. જે જે વાળી વાત કરતા હતા એટલે ધ્યાન દોર્યું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : હું બોલતો હોઉં છું ત્યારે એ તમારા બરાબર ધ્યાનમાં રહેતું હોય છે. એટલા માટે શારદા ગ્રામની વાત કરી,  અમદાવાદની વાત કરી એ નથી કહેતો. આ ગઈકાલે બજૅટની અંદર હું એ વાંચતો હતો.

**અધ્યક્ષશ્રી** : મારી મુશ્કેલી એ છે કે, આપણે જેમ ગૃહમાં ગેરહાજર વ્યકિતઓના નામ દઈને વાત નથી કરી શકતા. કેમ કે એ વ્યકિત અહીંયા આવીને પોતાનો ખુલાસો નથી કરી શકતી. એ મર્યાદા આપણે સ્વીકારી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : જે જે એ હૉસ્પિટલનું નામ છે. કોઈ વ્યકિતનું નામ નથી.

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ પ્લીઝ મને સાંભળો. સંસ્થાઓએ સારું કામ કર્યું હોય અને એના જે પ્રશ્નો છે અને એની જે જમીનો વેચાતી હોય અને એની જે ઘટનાઓ છે એ સંસ્થાઓ અહીંયાં આવીને ખુલાસો નથી કરી શકતી અને આપે આપેલા ઉદાહરણો એ સંસ્થાઓને નુકસાનકર્તા હોય છે. એટલા માટે તમારું ધ્યાન દોરવું હતું. માનનીય અર્જુનભાઈએ સી.એન.ની વાત કરી, એ સી.એન.ના સંચાલકો અહીંયાં આવીને વાત નથી કરી શકતા. પ્લીઝ..(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સી.એન.શ્રેષ્ઠ સંસ્થા છે. આવતી કાલે આ સંસ્થાની હાલત આવી ન થાય એટલા માટે  એના ઉપર વાજબી અંકુશો હોવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : એટલા માટે મેં એને અટકાવ્યા જ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** સી.એન.ની વાત મેં ખૂબ સારા રેફરન્સમાં વાત કરી છે. બીજી બે સંસ્થાઓ છે એની સારા રેફરન્સમાં વાત કરી છે.

**અધ્યક્ષશ્રી** : પેલી સંસ્થાઓ શિક્ષણની સંસ્થાઓ હતી. એની વાત કરી એ મને ગમ્યું. એટલે મેં તમને રોક્યા નથી. આરોગ્યની સંસ્થા છે અને એના જુદા પ્રશ્નો છે. સંસ્થાઓના પ્રશ્નો માટે ચેરીટી કમિશનર છે એ ત્યાં જશે. એના માટેનું સંસ્થાન પણ છે. એને બાજુએ મૂકીને કાંઈ કહેવાનું હોય તો કહો. શ્રી બાબુભાઈ..

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સેપ્ટ યુનિવર્સિટીના ઉદ્દેશોની અંદર જે બતાવવામાં આવ્યું છે ડીપ્લોમા અને પદવીસ્તરના અને ડોકટરેટલ સ્તર સહિત અનુસ્નાતક સ્તરના શૈક્ષણિક તાલીમી દુરંતર અને નિરંતર શિક્ષણ કાર્યક્રમો ચલાવવાના અને માનવ સમાજ અને વિનયન વિજ્ઞાન અને સંસ્કૃતિ સહિત સંબંધીત શાખાઓ માટે વિકસિત અને કુદરતી પર્યાવરણ ક્ષેત્રોના સંશોધન અને પરામર્શ ચલાવવાના રહેશે. કુદરતી પર્યાવરણ ક્ષેત્રની અંદરની જાળવણી એની માર્ગદર્શિકા એને માટેના અનુસ્નાતકો સુધીની પદવીઓ, તાલીમબધ્ધ લોકોને આપનારી આ સંસ્થા જે છે એ આ રાજયની એક આગવી નોખી ભાત પાડતી સંસ્થા છે. આની જયારે રચના આ સંસ્થાની કરેલી હશે ત્યારે એને માટેની જે વિચારણા કરવામાં આવેલી હશે અને ત્યારે એને જે અનુદાન માટે થઈને બહાર જવું પડે એવી કોઈ વાત ત્યારે નહીં વિચારવામાં આવી હોય અને આજે શા માટે વિચારવામાં આવે છે? આજે એવું એમણે pros and cons બિલ રજૂ કરતી વખતે જો આ વાત કરી હોત તો અમે સમજી શકાત કે આ કામ માટે અમારે આ સુધારો લાવવો પડે છે. આ કામ માટે, આ સંસ્થાના વિકાસ માટે થઈ અને જે કોઈ આંતરરાષ્ટ્રીય સંગઠનો હોય, નાણાકીય સંસ્થા હોય એની પાસેથી અનુદાન મેળવવા માટે અને એમાં રાજય સરકારની કોઈ ગેરંટી વગર તો કોઈ આપશે નહીં. કેન્દ્ર સરકાર કે રાજય સરકારની ગેરંટી વગર આ સંસ્થાઓને કોઈ આપશે નહીં, રાજય સરકાર એમાંથી પોતાની જવાબદારીમાંથી મુકત થવા માગે છે કે કેમ એમ હું પૂછવા માગુ છું કારણ કે એની અંદર ઉદ્દેશો જે છે કે આ સંસ્થાએ પોતાની રીતે નાણાકીય ભંડોળ એકઠું કરવું પડશે અને ત્યારે રાજય સરકારની અનુમતિની જરૂર પડવાની છે તો પછી આ સુધારાની શું જરૂર છે. આપણે માત્ર સુધારા માટેની વાત કરી, એટલા માટે હું આ બિલ ઉપર મારે બોલવું હતું એટલા માટે હમણાં ગુજરાત મેરીટાઈમ બોર્ડનો અહેવાલ જે રજૂ થયો એની કોપી મંગાવીને વાચતો હતો એટલા માટે કે આ ઓડીટ અહેવાલની અંદરની કેટલીય બાબતો દરેક સંસ્થાઓ ઓડીટેબલ હોય અને એની અંદર આપણે જયારે જબ્બર ફેરફારો કરી નાખતા હોઈએ એટલા માટે થઈ અને આ સંસ્થાઓ જે છે ચેરીટેબલ ટ્રસ્ટ નીચે રજીસ્ટર થયેલી હોય કે રાજય સરકાર નિયંત્રિત સંસ્થાઓ હોય એ તમામ જે સંસ્થાઓ હોય, આપણે સી.એ.જી.ની અંદર કેટલીય સંસ્થાઓને મૂકવા માટે થઈને આપને યાદ અપાવું કે આપણે ગુજરાતની માતબર સંસ્થાને પણ સીએજીને લેવા માટેની વાત કરેલી હતી.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી બાબુભાઈ, આપ બિલ ઉપર બોલી શકો એટલા સુંદર નિષ્ણાત છો. આ વિષયાંતર થઈ રહયું છે. (અંતરાય) આપ વિષયાંતર થઈ રહયા છો. એટલે મને ખબર છે આ વિષયની અંદર આ વાત આવતી નથી બિલની અંદર આવતી વાતને જ આપ કરો બાકી આપણે ઘણું બધું કહી શકીએ એક બીજાને.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની અંદર એમણે રજૂઆત જે કરેલી છે કે ૨૦૦૫ના જે ઉતારાઓ જે લેવામાં આવેલા છે એની અંદર બહુ સ્પષ્ટ પ્રમાણે એમણે કહેલું છે કે યુનિવિર્સિટીનું ફંડ નીચેના ભાગનું બનશે અને ફંડ માટે નીચેની રકમો ગણી શકાશે, રાજય સરકારની પરવાનગીથી બેંકો પાસેથી ઉછીની લીધેલી કોઈ રકમ, હવે આ વખતના જે સુધારાની અંદર આપણે જે કહીએ છીએ કે એને આ માટે કોઈ રાજય સરકારની અનુમતિ નહીં લેવી પડે એવી આપણે છૂટ આપવા માગીએ છીએ આ બિલના મારફત અને એનું અર્થઘટન હું એવું કરું છું અને એટલા માટે થઈ અને મારે આ વિષય ઉપર બોલવું હતું એટલા માટે આ રિપોર્ટ ઉપર નજર નાખતો હતો અને આપે મને કહયું એટલા માટે શિસ્તબધ્ધ રીતે રીપોર્ટ બાજુમાં મૂકી દીધું કંઈ વાંચી ન શકાય એટલા માટે. અખબારો ન વાંચી શકાય આ ગૃહની અંદર એ તો સમજીએ છીએ પરંતુ કોઈ કાગળ ન વાંચી શકાય .. ..

**અધ્યક્ષશ્રી** : પણ એ પ્રશ્નમાં તમે મને કહી શકો છો.અત્યારે બિલ ઉપર આપ બોલી લો અને પછી હું આપને ચોકકસ જવાબ આપીશ. પોઈન્ટ ઓફ ઓર્ડરથી આપ જે કહેશો...

**શ્રી બાબુભાઈ મે. શાહ** : નહીં, નહીં આપની સામે કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાનો અવિવેક હું કયારેય ના કરું કારણ કે આપ એના માટે સક્ષમ છો.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, હવે મારે કહેવું નથી હું સમજી ગયો કે આજે બિલ આપે અહીંયા જ વાંચ્યું છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : કારણ કે અહીં તો કેટલાક નવા સભ્યો છે એને તો વાંચન સાથેની અનુમતિ આપીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : શરૂઆતમાં હું જે કરતો હતો એ તમે અહીં અત્યારે ના કરો. બિલ અહીંયા આવ્યા પછી વાંચ્યું હોય તો એ જાહેર ના થઈ જવું જોઈએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આદેશો આપવાની રાજય સરકારની જે સત્તા છે એમાં ફી અને ચાર્જ ફંડ ઉભા કરવા માટેના નાણા ઉછીના લેવા, જગાઓ ઉભી કરવી એની નિમણૂકો બાબત

પગાર ધોરણની સુધારણા અને પગાર ધોરણને ઉંચે લાવવા આ બધું આ બિલની અંદર આપણે અગાઉથી સમાવેશ કરેલો હતો એટલે એમાં ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી રાજય વિધાન મંડળમાં મૂકવા જોઈએ એનો સમાવેશ કરેલો છે ત્યારે એની અંદર થી જે નિર્ણય જે રાજય સરકારે જે લેવાના હોય એ નિર્ણયો રાજય સરકારે લઈ અને એને માર્ગદર્શીકા આપવી જોઈએ. એવી મારી સમજ છે અને અગાઉ પણ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શક્તિસિંહભાઈએ કહ્યું હતું કે આ બિલની પુખ્ત વિચારણા કરવા માટે પ્રવર સમિતિને સોંપવું જોઈએ અને કાંઈ ખાટું-મોળું થવાનું નથી તો આ બિલ કદાચ પછીના સત્રમાં આવે તો એની અંદર આ યુનિવર્સિટીની જે પ્રવૃત્તિ છે એને જફા પહોંચે એમ નથી કે રૂકાવટ થાય એમ નથી. એટલા માટે આ બિલ ઉપર મારા વિચારો રજૂ કરું છું અને આમાં ઘણી વખત કોઈ નિર્દોષ બિલ હોય એના ઉપર કંઈ કહેવું પડે ત્યારે એમાં કાંઈક શોધવું પણ પડે. એટલા માટે રાજ્ય સરકારના જે ઉદ્દેશો છે એની નિર્દોષતામાં ક્યાંક કોથળામાં પાંચશેરી તો નથી મરાતી એની પણ તપાસ કરવી જોઈએ. જન્મજાતે વાણીયો છું એટલે એ તપાસવા માટેની તૈયારી હોય છે. આથી મંત્રીશ્રી સ્પષ્ટતા કરે એના પછી પૂરક સવાલો પૂછી શકીએ. પરંતુ બિલ જ્યારે રજૂ કરવામાં આવ્યું ત્યારે એના ઈન્ટ્રો વખતે સ્પષ્ટતા કરી હોત તો ચર્ચાને મર્યાદિત સ્કોપ રહેતો. આ બિલ શાના માટે લાવવામાં આવ્યું છે એના ઉદ્દેશો આની અંદર આપેલા છે એ ઉદ્દેશો અમારા ગળે ઊતરતા નથી. એટલે ચર્ચામાં વાત કરવાનો અમે મોકો લીધો છે. આ યુનિવર્સિટીના વ્યવસ્થાપક મંડળો છે એની અંદર કોઈ પ્રજાકીય પ્રતિનિધિ મૂકવા માટેની વાત અગાઉ પણ આવી નથી અને આ વખતે પણ સુધારો આવ્યો નથી. યુનિવર્સિટીમાં હંમેશા વિધાન મંડળમાંથી પ્રતિનિધિઓ મૂકવામાં આવતા હોય છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રીને આ બિલ આવ્યું છે એના અંદર જે તે ક્ષેત્રના નિષ્ણાંતો ઉપરાંત આપણા આ વિધાન મંડળમાંથી એક-બે પ્રતિનિધિઓ એની વ્યવસ્થાના ભાગરૂપે જાય તો એ અનુરૂપ રહેશે. બીજી યુનિવર્સિટીઓમાં મુકાય છે. આને યુનિવર્સિટીનું નામ આપેલ છે. આ યુનિવર્સિટીના ભાગરૂપ સંસ્થા નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય સભ્યશ્રીએ જે કોથળામાં પાંચશેરી મારવાનો ઉલ્લેખ કર્યો એ સંદર્ભમાં ટાંકીને કર્યો છે એટલે એ શબ્દો કાઢી નાખવા જોઈએ.

**અધ્યક્ષશ્રી :** પહેલા પણ વપરાયો છે અને કહેવતના રૂપમાં છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આપે નિર્દોષતા શબ્દનો ઉલ્લેખ કર્યો એમ સાવચેતી શબ્દનો ઉલ્લેખ કર્યો હોત તો એ સારું થાત.

**અધ્યક્ષશ્રી** : હું એમ કહું છું કે જ્ઞાતિઓના ઉદાહરણ પોતાની જ્ઞાતિ હોય તો પણ એનું મૂલ્ય વધે એવા જ આપવા. બાબુભાઈ, આપને હું બેસાડવા માગતો નથી પણ આપનું પૂરું થઈ ગયું હોય તો આપ બેસી જાઓ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ મિનિટ લઈશ.

**અધ્યક્ષશ્રી :** બાબુભાઈ, બહુ જ પુનરોક્તિ થાય છે. મને વાંધો નથી બીજી પાંચ નહીં દસ મિનિટ આપું પણ એમાં તકલીફ એ થાય છે કે તમે આજે આ બિલ વાંચ્યું નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટીના જે ઉદ્દેશો છે એના અંદર કુદરતી પર્યાવરણીય ક્ષેત્રે સંશોધન અને પરામર્શ ચલાવવાનો રહેશે. આ કુદરતી પર્યાવરણીય જાળવણી માટે આપણે બધા લોકો જાગૃત થયા છીએ ત્યારે આ કુદરતી પર્યાવરણ માટે સંશોધનો માટેના ક્ષેત્રે આ યુનિવર્સિટીમાંથી જે નીકળેલા, નીવડેલા અને નીકળનાર લોકો છે એના માટેની આપણે બધા ખૂબ કાળજી રાખીએ. કારણ કે સૌથી અસરગ્રસ્ત વિસ્તારમાંથી હું આવું છું. પર્યાવરણીય ક્ષેત્રે અમને નુકસાન થઈ રહ્યું છે એમાંથી બચાવવા માટે આ યુનિવર્સિટીના સ્નાતકો, અનુસ્નાતક, ડિપ્લોમાની સૌથી વધારે જરૂર પડશે તો અમારા જેવા વિસ્તારના લોકોને પડશે.અને એટલા માટે થઈને આ યુનિવર્સિટી સમર્થન આપવા માટેની અમારી બધી તૈયારી છે અને એને કાંઈ બહારથી પૈસા શા માટે જવા પડે? પોતે પણ એની ફીઝ ઉઘરાવી શકે છે એની કન્સલ્ટન્સી..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ આ બધી પુનરોકિત થાય છે, બાબુભાઈ વકતવ્ય આપનું પૂરું થાય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કન્સલ્ટન્સી ફી જે છે એના માટે પૈસા ભેગા કરી શકે છે અને અર્થકવેક વખતે પણ સેપ્ટ જ્યારે આવ્યું ત્યારે એને નિયમ અનુસારની કન્સલ્ટન્સી ફી આપવામાં આવેલી છે.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ હું ચર્ચાને સમાપ્ત કરતો નથી પણ મારી એ જવાબદારી રહે છે કે જો વકતવ્યની અંદર પુનરોકિત થતી હોય તો હું રોકું છું. માનનીય મંત્રીશ્રી એના બધા જ પ્રશ્નોના જવાબ આપી શકો એ આપજો. પતી ગયું, માનનીય મંત્રીશ્રી. આમાં પુનરોકિત જ થાય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એક બાજુથી તમે એમ કહો છો કે હું ચર્ચા રોકી શકતો નથી અને બીજી બાજુથી તમે આદેશ આપો છો. આ થોડી વિસંગતતા થાય છે.

**અધ્યક્ષશ્રી** : સહેજ પણ વિસંગતતા નથી. આપ પુનરોકિત કરી રહ્યા છો. એટલે એકવાર જે વાત કહેવાય ગઈ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે..

**અધ્યક્ષશ્રી** : આપ આપનું..

**શ્રી બાબુભાઈ મે. શાહ** : કન્સલ્ટન્સી ફી મારફતે આવકો ઊભી કરી શકે છે.

**અધ્યક્ષશ્રી** : આ સમયની ચર્ચા આપણે પછી કરીશું. આજે મારે ત્રણ બિલો લેવા છે. હજુ આપ બીજા બે બિલો ઉપર પણ બોલી શકશો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કન્સલ્ટન્સી ફી મારફતે..

**અધ્યક્ષશ્રી** : પછી અર્જુનભાઈ જરૂર લાગશે તો હું સમય લંબાવીને પણ બાકીના બે બિલો લઈશું

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (બેઠા બેઠા)** : આ એકજ લેવાનું છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અને ત્રીજું ચાલુ કરવાનું છે. ત્રણેય થતાં હોય તો આપની કોઈની ના નથી. એક આ પૂરું કરવાનું, બીજું પૂરું કરવાનું, ત્રીજું ચાલુ કરવાનું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (બેઠા બેઠા)** : ના, આ એક જ લેવાનું...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કામકાજ સલાહકાર સમિતિનો નિર્ણય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (બેઠા બેઠા)** : આપે જે આદેશ આપ્યો છે એ પ્રમાણે કરીશું.

**અધ્યક્ષશ્રી** : અને એ ચાલુ કરવામાં સમયની જરૂર પડશે તો હું કરીશ. એટલા માટે જ હું રોકું છું કે પુનરોકિતથી કોઈ લાભ થતો નથી. આપ પોતે પણ બાબુભાઈ આપના પ્રવચનને વાંચી જજો. જો હું ખોટું કહેતો હોઉં તો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સેપ્ટ યુનિવર્સિટી જે છે, આ સેપ્ટ સંસ્થા જે છે એના અને

કન્સલ્ટન્સીના મારફતે પણ આ જે ભૂકંપ વખતે પણ એમની સલાહ લેવામાં આવેલી, એના નિયમ અનુસારના એના ચાર્જીસ ચૂકવેલા હતા અને વિશ્વભરની અંદરથી સેપ્ટ સંસ્થાની નામના એવી છે કે એમની માર્ગદર્શિકા, એમની ટેકનીકલ રિપોર્ટ, એમના એડવાઈઝરી રિપોર્ટ જે છે એના કારણે એ સંસ્થાને ફાયદો થતો હોય છે અને આવી સંસ્થા જે છે એના માટે આ સુધારાઓ કરવા માટે બહુ વિચારણા કરવામાં આવે એટલા માટે થઈને માનનીય શકિતસિંહભાઈએ કહ્યું કે પ્રવર સમિતિને સોંપવામાં આવે. આ શબ્દોને હું ટેકો આપું છું અને માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરું છું કે એની અંદરની સ્પષ્ટતા કરે અને સ્પષ્ટતા કરીને પછી પણ ગૃહને એવું લાગે તો પ્રવર સમિતિ સમક્ષ મૂકવાની તૈયારી રાખે એટલું જ મારે કહેવાનું છે.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે વિધેયક ક્રમાંક:૨ નું બીજું વાંચન કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : ના, માનનીય બાબુભાઈ, પહેલા તો તમારું પ્રવચન પૂરું થઈ જાય છે? માનનીય મંત્રીશ્રી તમારે ચર્ચાનો જવાબ આપવાના છે. તમારા જવાબ પછી હું મત માટે મૂકીશ. જે પ્રશ્નો ચર્ચાઓમાં ઊભા થયા છે એનો જવાબ આપે આપવાનો છે.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) બધા પ્રશ્નોના જવાબ તમને મારે આપવા જ પડે. માનનીય અધ્યક્ષશ્રી, પાંચ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ આ બિલમાં ચર્ચા કરી છે. સારાં સજેશનો પણ કર્યા છે અને એ સજેશનમાં સૌથી પહેલા માનનીય વિરોધપક્ષના નેતાએ જે વાત કરી છે. એમની વાતમાં ત્રણ વાતોને આખા પ્રવચન દરમ્યાન કહી શક્યા હતા. એક તો એમનું કહેવાનું એવું હતું કે, નાણાકીય અંકુશ હોવો જોઈએ, સરકારની પૂર્વ મંજૂરી હોવી જોઈએ અને ઑડિટ કરાવવું જોઈએ અને લગભગ બાકીના જે સભ્યો બોલ્યા છે એમનો આશય પણ આ ત્રણ બાબતો ઉપર કેન્દ્રીત થયેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં જે બિલ રજૂ કર્યુ છે એમાં સ્પષ્ટતાપૂર્વકની બધી જોગવાઈઓ છે. મેં જ્યારે બિલ મૂકયું એ વખતે પણ આ બધી પૂર્તતાઓ એમાં થયેલી છે પણ જાણે-અજાણે ક્યાંક રહી ગઈ હશે એવું મારું માનવું છે અને એટલા માટે માનનીય આદરણીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું હતું કે સરકારની પૂર્વ મંજૂરી મેળવ્યા પછી જ આ થવું જોઈએ. સરકારનો અંકુશ હોવો જોઈએ. સાહેબ, એમણે એક વાત કહી છે કે,

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થાય છે. ગૃહ ફરી ૧૧-૦૦ વાગે મળશે. આપનું વકતવ્યું ચાલુ રહેશે.

**વિરામ : સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી.

**શ્રી રમણલાલ વોરા (ક્રમશ:)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અગાઉ જ વાત કરતો હતો એ પ્રમાણે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ત્રણ બાબતો ઉપર ધ્યાન દોર્યુ હતું, નાણાકીય અંકુશ માટે રાજય સરકારની પૂર્વ મંજૂરી માટે અને ઑડિટ માટે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજી બે - ત્રણ વાતો પણ જે કરી છે એનો પણ મારે ઉલ્લેખ કરવો જરૂરી લાગે છે. એમણે એવું કહ્યું હતું કે, મને એ સમજાતું નથી કે યુનિવર્સિટીએ આ દરખાસ્ત શું કામ નહીં કરી અને આ સરકાર આ કામ શું કરવાને લઈને આવી ? માનનીય અધ્યક્ષશ્રી, ૪૦ વર્ષથી ચાલતી સંસ્થાને જ્યારે યુનિવર્સિટી બની તે વખતે એમને યુનિવર્સિટી તરીકેનું નામાભિધાન તો થઈ ગયું પરંતુ યુનિવર્સિટી બન્યા પછી યુનિવર્સિટીને લાગ્યું કે નહીં, વહિવટી કામગીરીની સરળતા થાય અને વહિવટીના સંચાલનમાં જે મુશ્કેલી છે એ

મુશ્કેલીઓ દૂર થાય અને એ માટે એમણે રાજય સરકારને ભલામણ કરી અને રાજય સરકારે એ વાત સ્વીકારી છે. એટલા માટે યુનિવર્સિટીએ કેમ કરી ને સરકારે કેમ કર્યુ એ વિષય રહેતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર પોતે ઑડિટર નિયુકિત કરી થોડા ભાગનું અથવા યુનિવર્સિટીનું ઑડિટ કરાવી શકે એવું એમણે કહ્યું છે, સાથે સાથે એવું પણ કહ્યું છે કે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તમે નક્કી કરી શકો, રાજય સરકાર નક્કી નહીં કરે. જે યુનિવર્સિટી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને નક્કી કરી અને ફી આપશે એજ યુનિવર્સિટી કહેશે એ ઑડિટ કરશે, આપણે ઑડિટર મૂકવાના નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારું સ્પષ્ટ માનવું છે કે, સમગ્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જગતમાં જે લોકો નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવી રહ્યા છે એને આ સભાગૃહના આપણે એક સભ્ય તરીકે એમની કામગીરી માટે કોઈ પ્રશ્નાર્થ મૂકી શકીએ એ મને વાજબી લાગતું નથી, એ સાથે સાથે એમણે એવું પણ કહ્યું છે કે, તમે એની મંજૂરી માટેની જવાબદારી તમારી પાસે રાખો, આ યુનિવર્સિટીએ અમદાવાદ થી ગાંધીનગર આવવું પડે તો એમાં કોઈ આસમાન તૂટી પડવાનું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર પારદર્શકતામાં માને છે અને જે પણ કરવા માગે છે એ આ ગૃહમાં ચર્ચા કર્યા પછી કરવા માગે છે. અમે એવું નથી ઇચ્છતા કે કોઈ પણ યુનિવર્સિટી આ કામગીરી પૂરી કર્યા પછી અમારી પાછળ ફર્યા કરે અને પછી અમે એનું કામ કરીએ, એવી રાજય સરકારની જરાય નીતિ નથી અને એટલા માટે એ વાતને અમે સ્વીકારીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ ખૂબ સારી વાત કરી છે, સકારણ વાત કરી છે, એ યુનિવર્સિટી ગૌરવ શાળી છે, સારી ચાલે છે એની પણ વાત કરી છે. એમની જે વાત છે એમાં વાજબી અંકુશ હોવો જોઈએ, અતિ અંકુશ પણ નુકસાન કરે છે એ વાત પણ એમણે કરી છે, શિક્ષણનો વેપાર ન થાય એની પણ વાત કરી છે, અને મને લાગે છે ત્યાં સુધી માત્ર આ બીલ માટે નહીં પણ શિક્ષણ જગતના કોઈ પણ માટે એ જરૂરી છે. એક એમણે વાત કરી એ માનનીય કેન્દ્રીય મંત્રીશ્રીને ધ્યાનમાં રાખીને કે ડિમ્ડ યુનિવર્સિટી માટે એમણે નિર્ણય કરવાનું કહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ તબક્કે એ કહેવું છે કે, ગુજરાતની એક ડિમ્ડ યુનિવર્સિટીને, યુનિવર્સિટીનો દરજજો નહીં આપવો જોઈએ એવું રાજય સરકારે ના કહ્યા પછી પણ કેન્દ્ર સરકારે એને મંજૂરી આપી અને આજે નામંજૂર કરવાની યાદીમાં ગુજરાતની આ સંસ્થાનું નામ છે. અઠવાડિયા પછી એવું કહેવામાં આવે કે ના, ના ત્રણ વર્ષ પછી જોઈશું. માનનીય અધ્યક્ષશ્રી, જો રાજય સરકાર એમણે વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને કર્યુ હતું. જો રાજય સરકારનો પરામર્શ કર્યો હોત તો એ કૉલેજના, એ યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓને રાજય સરકાર સમાવી કરી શકે એવી સ્થિતિમાં છે પરંતુ આવી સંસ્થાઓ નહીં જ ચાલવી જોઈએ એવું રાજય સરકારનું સ્પષ્ટ માનવું છે. માનનીય અધ્યક્ષશ્રી, અનેક સારી સંસ્થાઓની એમણે વાત પણ કરી છે અને સાથે કહ્યું છે કે, તમામ યુનિવર્સિટીનું ચેક એન્ડ બેલેન્સીટ રાખવું જોઈએ હવે જ્યારે તમામ યુનિવર્સિટીની એમણે વાત કરી છે ત્યારે આગામી દિવસોમાં આ દિશામાં અમે જઈ રહ્યા છીએ. મને લાગે છે કે, એમાં એમનો સહયોગ અમને જરૂરથી મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી લાલસિંહભાઈએ બે વાત કરી છે, એમણે લોન મેળવવા માટે અન્ય સંગઠનો તો આ સંગઠનો કયા કયા છે. હાલની જોગવાઈ મુજબ કલમ-૬ (૧)માં યુનિવર્સિટીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઓર્ગેનાઈઝેશન પાસેથી ફંડ મેળવવાની સત્તા મળેલી છે અને તે મુજબની જોગવાઈ આ સંસ્થા પાસે છે એટલે અન્ય સંગઠનો પાસે ધીરાણ આપનાર સંગઠનનો અર્થ અહીંયા રહેતો નથી એમણે એ પણ વાત કરી છે કે ગરીબ વિદ્યાર્થીઓ અને બધા જ વિદ્યાર્થીઓ આવી સ્વનિર્ભર સંસ્થાઓમાં ફી ન ભરી શકે એમની વાત સાથે હું સંમત છું અને એટલા માટે રાજય સરકારે ટેકનીકલ શિક્ષણમાં આ વખતે સ્વૈચ્છિક હોવાછતાંપણ સારી યુનિવર્સિટીઓ કે જેની ફી પચાસ કે પંચાવનહજાર છે એવી યુનિવર્સિટીઓમાં રાજય સરકારે પ્રયત્ન કર્યો છે. રાજય સરકારના પ્રયાસોને કારણે આજે ૭૧૩૯ જેટલા વિદ્યાર્થીઓ ફી માફી સાથે ભણી રહયા છે. માનનીય બાબુભાઈએ કહયું કે પ્રતિનિધિ હોવા જોઈએ તો ઓલ ઈન્ડીયાની અંદર પ્રતિનિધિ મુકેલા છે એનો સમાવેશ કરેલો છે. રાજય સરકારના એક પ્રતિનિધિ આની અંદર છે. મારે એટલું કહેવું છે કે આ સંસ્થા રાષ્ટ્રીય ખ્યાતિવાળી સંસ્થા છે. આપણે આઈ.આઈ.એમ.ની જયારે વાત કરીએ છીએ ત્યારે કેન્દ્ર સરકારના ભંડોળ દ્વારા કેન્દ્ર સરકાર સ્થાપિત, કેન્દ્ર સરકારનું બધું જ હોવા છતાં આજે આઈ.આઈ.એમ.માં કેન્દ્ર સરકારનો કોઈપણ પ્રકારનો અંકુશ નથી. આ યુનિવર્સિટીને યુનિવર્સિટીનું સ્ટેટસ આપ્યા પછી એમની ફેકલ્ટીમાં ૪૧ટકા ફેકલ્ટીનો પગાર એ સંસ્થા પોતે પગારમાંથી ૫૯ટકાનો પગાર એ સંસ્થા પોતે ચુકવે છે. ૪૪ટકા વિદ્યાર્થીઓ ગ્રાન્ટેડ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરે છે. મુળ જમીન સરકારે આપી નથી. અમદાવાદ એજયુકેશન સોસાયટીએ ખરીદેલી તેમની પોતાની જમીન છે અને તેના પર બનેલ બિલ્ડીંગ પણ પોતાના ભંડોળમાંથી બનાવવામાં આવેલું છે. આ જે અંકુશ માટેની અને ઓડિટ માટેની વાત થાય છે એમાં બીલની અંદર પણ સ્પષ્ટતા કરવામાં આવેલી છે. બીલની કલમ-૨૪ના (૭)માં એમ કહ્યું છે કે "રાજય સરકાર એને એમ કરવું જરૂરી જણાય તો પોતે નિયુકત કરેલા ઓડિટ દ્વારા યુનિવર્સિટીના હિસાબોના ચકાસણી ઓડિટ તથા ઓડિટ પૂર્ણ કરાવી શકશે. આ ઓપ્શનલ કેસ છે. આવી જરૂર જણાય તો. પાંચ વર્ષ દરમિયાન રાજય સરકારને આવી કોઈ જરૂર જણાઈ નથી છતાંપણ જયાં સરકારી ખર્ચ થાય છે ત્યાં રાજય સરકારનો પૂરો કન્ટ્રોલ છે. આની અંદર હાલ ગ્રાન્ટ આપતા પહેલા તાંત્રિક શિક્ષણ નિયામક દ્વારા ઓડિટ કરવામાં આવે છે. એ સાથે સાથે એકાઉન્ટ જનરલ એ.જી. દ્વારા પણ ઓડિટ થાય છે. આગામી દિવસોમાં પણ થવાનું છે

એટલે રાજય સરકાર બધું જ નિયંત્રણ રાખવા માગતી નથી એને જરૂરી છે એટલી સ્વાયત્તતા પણ આપવા માગે છે અને એ સ્વચ્છંદી બને અને એને કારણે બીજા વિપરિત પરિણામ ન આવે એની પણ ચિંતા આપણી રાજય સરકારે કરી છે આટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૨નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૧૧ વિધેયકનો ભાગ બની.**

**અધ્યક્ષશ્રી** : કલમ-૧૨ સભાગૃહ સમક્ષ છે. હવે માનનીય મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહજી જાડેજા પોતાનો સુધારો રજૂ કરશે.

**શ્રી પ્રદીપસિંહ જાડેજા (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે કલમ-૧૨ ઉપરનો મારો સુધારો ક્રમાંક-૧ રજૂ કરું છું:

In clause 12, for sub clauses (i) to (iv), substitute the following sub clauses:-

"(i) fees and charges;

(ii) creation of posts and appointments and revision of any pay scales of those employees for whom the salary is paid out of the Government grants,"

**અધ્યક્ષશ્રી** : સુધારો રજૂ થાય છે.

**શ્રી પ્રદીપસિંહ જાડેજા :** આ સુધારાને કારણે મૂળ રજૂ કરેલ સુધારામાં કોઈ major deviation થતું નથી. માત્ર ભાષા જ સ્પષ્ટ કરેલી છે. આખો સુધારો નિર્દોષ સુધારો છે, આથી વિશેષ કઈ કહેવાની જરૂરત રહેતી નથી.

**અધ્યક્ષશ્રી** : સુધારો આપ સ્વીકારો છો?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું દંડકશ્રીના સુધારાનો સ્વીકાર કરું છું.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૧૨ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૩, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા, ઈનેક્ટિંગ ફોર્મ્યુલા મત માટે મૂકવામાં આવી.**

**કલમ-૧૩, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા, ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૧૦નું સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૧૦નું સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આ એક એવી ટેકનિકલ બાબત છે. એમાં અમારું ધ્યાન ડાયવર્ટ થાય. આપ આપનું કામ પછી કરો અથવા ડિસ્ટર્બ ન થાય તે રીતે કરો. આપના સેવકને બહાર જઈને સૂચના આપી શકો છો. મતદાનમાં ડિસ્ટર્બન્સ થાય છે.

### સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩

## ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૦

**મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા અને બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઈઓના અમલને સરળ બનાવવા માટે ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧ રદ કરવા બાબત વિધેયક**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૧૦નું ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** :વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૧૦નું ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આજે ધોરણ- ૧ થી ૭ પ્રાથમિકમાં ચાલે છે અને ધોરણ-૮ થી ૧૦ માધ્યમિક શાળાઓમાં ચાલે છે. કેન્દ્ર સરકારે સંસદમાં ધી રાઈટ ટુ ચિલ્ડ્રન એજયુકેશન કમ્પલસરી એકટ ૨૦૦૯ પસાર કરેલ છે અને ૧લી એપ્રિલ ૨૦૧૦થી અમલમાં આવનાર છે. આ જોગવાઈ પ્રમાણે ૬ થી ૧૪ વર્ષની વય જુથના તમામ બાળકોને ફરજિયાત શિક્ષણ માટે કેન્દ્ર સરકાર, રાજય સરકાર, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ઉપર સંયુક્ત જવાબદારી સોંપવામાં આવેલ છે. આ જોગવાઈ મુજબ પ્રાથમિક શિક્ષણ એટલે ધોરણ-૧ થી ૮ સુધીનું કાયદા હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ કાયદો અમલમાં આવતાં ધોરણ ૧ થી ૭ ને બદલે ધોરણ-૧ થી ૮ સુધીનું શિક્ષણ આપવાનું થાય અને આમ થતાં ધોરણ-૧ થી ૫ ને લોઅર પ્રાથમિક (નિમ્ન પ્રાથમિક શિક્ષણ) અને ધોરણ -૬ થી ૮ અપર પ્રાથમિક શિક્ષણ એટલે (અપર પ્રાઈમરી ) એમ બે ભાગ પાડવામાં આવેલ છે. આજે માધ્યમિક શિક્ષણ માટે અંદાજે ૮૯૮૧ માધ્યમિક શાળાઓ છે. રાજયના કેટલાક અંતરિયાળ વિસ્તારો એવા છે કે જેમાં ધોરણ-૭ પૂર્ણ કર્યા પછી પાંચ કિલોમીટરના અંતરે વિદ્યાર્થીઓ ભણવા જઈ શકતા નથી. આમાં વિશેષ કરીને કન્યાઓને ધોરણ-૮માં પ્રવેશ મળતો નથી. આમ ધોરણ-૮માં પ્રવેશ નહીં મળવાને કારણે મોટા પ્રમાણમાં ડ્રોપ આઉટની સંખ્યામાં વધારો થતો જાય છે. આવા ઉંડાણવાળા વિસ્તારો કે જે ગામમાં માધ્યમિક શાળાની સુવિદ્યા નથી ત્યાં પ્રથમ તબક્કામાં અંદાજે પાંચ હજાર જેટલી પ્રાથમિક શાળાઓને ધોરણ-૮ સુધી અપગ્રેડ કરવાની યોજના છે. આમ કરવાથી જે તે વિસ્તારોના વિદ્યાર્થીઓને ધોરણ-૮ સુધીનું શિક્ષણ ફરજિયાત ઉપલબ્ધ થશે અને કાયદાની જોગવાઈઓ મુજબ ૬ થી ૧૪ વર્ષની વય જુથના બાળકોને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની સુવિદ્યા પ્રાપ્ત થશે. પ્રાથમિક શાળાઓમાં હાલમાં એસ.એસ.સી, પી.ટી.સી.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા ૮૮ ટકા શિક્ષકો અને ૧૨ ટકા સી.પી.એડ, એ.ટી.ડી. અને સંગીત વિશારદના શિક્ષકોની નિમણૂક કરવામાં આવે છે. પ્રાથમિક શાળાઓના બાળકોને ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના વિષયોમાં પૂરતો ન્યાય મળતો નથી. રાજય સરકારે ગુણોત્સવ ૨૦૦૯ના જે કાર્યક્રમ કરેલો છે તેમાં આ વિષયો ધ્યાન ઉપર આવેલા છે. આ પ્રથમ તબક્કામાં જે ગામમાં શાળા નથી તે ગામની અંદાજે પાંચ હજાર શાળાઓમાં ધોરણ-૮ સુધી લઈ જવાનું આયોજન છે. ત્યારબાદ ત્રણ વર્ષના સમયગાળા દરમ્યાન તબક્કાવાર ધોરણ-૮ને પ્રાથમિક શિક્ષણમાં લઈ જવાની જોગવાઈ છે. નેશનલ કાઉન્સિલ ફૉર ટીચર એજ્યુકેશન (એન.સી.ટી.ઈ)ના નિયમો પ્રમાણે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના શિક્ષકો માટે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના વિષયોને ધ્યાનમાં લઈ સ્નાતક કક્ષાની લાયકાત ધરાવતા બી.એડ તાલીમી શિક્ષકોને નીમવામાં આવશે. જેને કારણે ધોરણ-૬-૭માં અભ્યાસ કરતા બાળકોને ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીનો સારો લાભ મળે તે રાજય સરકારનો શુભ આશય છે. હાલમાં પ્રાથમિક શિક્ષકોની જે ભરતી કરવામાં આવે છે તે જિલ્લા શિક્ષણ સમિતિ અથવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા કરવામાં આવે છે. આ ભરતી દરમ્યાન જે ઉમેદવારો પ્રમાણપત્ર આપે છે તે કોઈપણ એક જિલ્લામાં એમણે અરજી કરવાની હોય છે. આના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓની અંદર

* વિધેયક તા.૨૦મી ફેબ્રુઆરી ૨૦૧૦ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

દ્વિધાભરી સ્થિતિ થાય છે. કેટલાક જિલ્લાઓમાં એવું થાય છે કે ઓછી ટકાવાળી વાળા ઉમેદવારોની પસંદગી થાય છે અને તેના કરતાં વધારે ટકા ધરાવતા ઉમેદવારો બીજા જિલ્લાઓમાં અરજી ન કરવાના કારણે પસંદગી પામતા નથી. આમ એક સરખી શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા છતાં પણ એક જ રાજય પરીક્ષા બોર્ડની શાળામાં ઉત્તીર્ણ થયેલ હોવા છતાં ઊંચી ટકાવાળી વાળા ઉમેદવારોને નોકરી ન મળવાના કિસ્સા બને છે અને તેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં રોષ પ્રગટે છે. ઝેરોક્ષ નકલ સાથે ઉમેદવારોને ૨૦૦૮માં આપણે છૂટ આપેલી અરજી કરવા માટેની અને આ છૂટ આપવાના કારણે આખા વર્ષ દરમ્યાન ભરતીની પ્રક્રિયા ચાલુ રહેવા પામી. પસંદગી યાદી અને પ્રતીક્ષા યાદીમાં ઘણો વિલંબ થવા પામ્યો. એક કરતાં વધારે જિલ્લામાં અરજી કરવાની છૂટ આપતાં દરેક જિલ્લામાં મોટી સંખ્યામાં અરજીઓ આવતાં ભરતીની પ્રક્રિયા અત્યંત વિલંબમાં પડી. અને એટલે એક કરતાં વધારે જિલ્લામાં અરજી કરવાની છૂટ આપતાં દરેક જિલ્લામાં મોટી સંખ્યામાં અરજીઓ આવતાં ભરતીની પ્રક્રિયા અત્યંત વિલંબમાં પડવા પામી. તેમજ જિલ્લા શિક્ષણ સમિતિમાં વહીવટી ગુંચવણ અને મુશ્કેલીઓ ઉભી થવા પામી, આ સંજોગોને ધ્યાનમાં લઈને રાજય કક્ષાએથી કેન્દ્રિયકૃત ધોરણે ઉમેદવારીની પસંદગી કરીને જરૂરિયાત પ્રમાણે જે તે જિલ્લાને શિક્ષકોની પસંદગી યાદી મોકલી આપવામાં આવે તો ઓછા સમયમાં ભરતીની પ્રક્રિયા પૂર્ણ થઈ શકે અને ઉમેદવારોને જે હાલાકી પડે છે એ હાલાકી બંધ થાય. આ માટે રાજય સરકારે આ કાયદામાં સુધારો કરીને કેન્દ્રિયકૃત શિક્ષકોની ભરતી કરવાનું આયોજન કરવાનું નકકી કર્યુ છે. પ્રાથમિક શિક્ષણમાં ધોરણ આઠમાં આવી શાળાઓ અંગ્રેજી, વિજ્ઞાન અને ગણિતના વિદ્યાર્થીઓની ભરતી કરવાની જોગવાઈ છે. આશરે ૪૫૦૦૦ જેટલા શિક્ષકોને આવતા ત્રણ વર્ષમાં ભરતી કરવી પડશે. તેની સામે અંદાજે લગભગ વીસ હજાર જેટલા માધ્યમિક શાળામાંથી શિક્ષકો ફાજલ પડશે જેઓને પ્રાથમિક શાળામાં સમાવવાની વ્યવસ્થા કરવી પડશે. આ શિક્ષકોને આ યોજના અંતર્ગત માધ્યમિક શાળામાં જેમ જેમ જગ્યા ખાલી પડે તેમ તેમ તેમને પાછા સમાવી લેવામાં આવશે. આમ ફાજલને બાદ કરતાં લગભગ ૨૫૦૦૦ શિક્ષકોની ત્રણ વર્ષમાં ભરતી કરવાની જરૂરિયાત ઉભી થાય, શિક્ષકોને આ ભરતી થવાને કારણે કુલ વાર્ષિક ૭૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. પ્રથમ વર્ષે ૨૫ કરોડ, બીજા વર્ષે ૫૦ કરોડ અને ત્રીજા વર્ષે ૭૫ કરોડ, આ શિક્ષકો જયારે પૂરા પગારમાં આવશે તે વખતે તબકકાવાર ૪૫૦ કરોડ રૂપિયાનો વાર્ષિક બોજ રાજય સરકાર પર પડશે. ધોરણ આઠ માટે ૨૨૦૦૦ જેટલા ઓરડાઓ બનાવવાની જરૂરિયાત ઉભી થશે જેની સામે અંદાજિત ૮૦૦-૮૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ થવા જઈ રહયો છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર જયારે શિક્ષણમાં હરણફાળ ભરી રહયું છે ત્યારે શાળામાં ઉત્તમ શિક્ષકો મળી રહે તે માટે શિક્ષકોની ભરતીની પ્રક્રિયામાં પણ આમૂલ પરિવર્તનની જરૂરીયાત ઉભી થવા પામી છે. રાજયમાં નોંધાયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં આચાર્ય અને શૈક્ષણિક સ્ટાફની ભરતી માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અધિનિયમ ૧૯૭૨ની કલમ ૩૫ માં પસંદગી સમિતિઓની રચના કરવામાં આવેલી છે. રજીસ્ટર ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અલગ પસંદગી સમિતિ બનાવવાનું થાય છે દરેક પસંદગીમાં બોર્ડ દ્વારા પોતાનો પ્રતિનિધિ નીમવાનો થાય છે. શિક્ષણનો વ્યાપ વધવા સાથે શાળાની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થઈ રહયો છે. ૧૨૦૦૦ જેટલી શાળાઓ આજે હયાત છે. અને એમાં પણ જયારે વધારે શાળાઓ આવી રહી છે ત્યારે દરેક શાળામાં આચાર્ય અને શૈક્ષણિક સ્ટાફની ભરતી વખતે પસંદગી બનાવવાની હોય છે આ અધિનિયમ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી આ અધિનિયમની કલમ ૩૫માં ફેરફાર થયેલ નથી પરંતુ હાલના સમયની માગને ધ્યાનમાં લઈને ફેરફાર અનિવાર્ય બન્યો છે. રાજયમાં નોંધાયેલી ખાનગી અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સંચાલન ખાનગી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. જેમાં સ્ટાફની નિમણૂક કરવાની સત્તા તેમજ તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની તેમજ નોકરીમાંથી દૂર કરવાની સત્તા એ ટ્રસ્ટ પાસે છે. તેથી દરેક સ્ટાફ ભરતીમાં અને દરેક પસંદગી બોર્ડમાં તેમનો પ્રતિનિધિ મૂકવો જરૂરી છે. બોર્ડમાં પ્રતિનિધિ પસંદગીના હોવા છતાં બોર્ડ પાસે પારદર્શિક માર્ગદર્શિકા આપેલ હોવા છતાં અનેક ફરિયાદો મળે છે, અનેક કોર્ટ કેસો પણ થયા છે. શાળામાં શૈક્ષણિક સ્ટાફ અને આચાર્યની ભરતીમાં અલગ અલગ યુનિવર્સિટીઓમાંથી પદવી પામેલા તાલિમિસ્ટ સ્પર્ધા કરતા સ્નાતકો આવતા હોય છે. જુદી જુદી યુનિવર્સિટીઓમાં અભ્યાસક્રમો, પરીક્ષાની પધ્ધતિ, શિક્ષણની ગુણવત્તા, ગુણાંકની પધ્ધતિ વગેરે બાબતમાં વિવિધતા હોવાના કારણે જુદી જુદી યુનિવર્સિટીઓમાં પદવી મેળવીને આવેલા ઉમેદવારો ને મૂલ્યાંકનમાં ફકત તેમની માર્કસીટના આધારે લાયક ઉમેદવારોની યોગ્ય પસંદગી થઈ શકતી નથી અને આ સંજોગોમાં ઉમેદવારોને શૈક્ષણિક અભિયોગ્યતાને અને જ્ઞાનની ચકાસણી થઈ શકે તેવી રાજયકક્ષાની કોઈ કોમન પ્રવેશ પરીક્ષા જેવી એક સર્વ સામાન્ય ટેસ્ટ લેવાવી જોઈએ જેથી લાયક ઉમેદવારોને ન્યાય મળે અને એનો સીધો લાભ શાળામાં અભ્યાસ કરતા બાળકોને વધે. આ બાબત શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે પાયાની બાબત હોય અધિનિયમ ૩૫ની જોગવાઈમાં ધરમૂળથી સુધારો કરી આ સંજોગો અનુસાર ઉત્કૃષ્ટ પ્રણાલી પ્રસ્થાપિત થાય એની જરૂરિયાત છે. આ માટે અધિનિયમ ૩૫ની જોગવાઈમાં સુધારો કરીને સંજોગો અનુસાર રાજ્ય સરકાર પરિવર્તન લાવી શકે એવી વ્યવસ્થા ઉભી કરવાની સત્તા મળે તેવી જોગવાઈ અમલમાં લાવવી જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આ વિધેયક લઈને આ વિધાનસભા ગૃહમાં આવ્યો છું તો સૌ માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે મારા આ વિધેયકને મંજૂરી આપે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા વિધેયક ૨૦૧૦ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ છે એ હંમેશા માણસના જીવવના પરિવર્તનનું સૌથી મોટામાં મોટું જો માધ્યમ હોય તો એ શિક્ષણ છે અને એટલા માટે ભારતીય પરંપરાની અંદર અને સ્વતંત્ર ભારતમાં પણ આપણે શિક્ષણને મહત્વ આપ્યું છે. વચ્ચેનો પિરિયડ એક હજાર વર્ષ જેવો આપણો એવો ગયો કે જેમાં આપણો સમાજનો મહત્તમ ભાગ છે એ સાચા શિક્ષણથી વંચિત રહ્યો, અશિક્ષિત રહ્યો અને અંગ્રેજોએ પોતાની જરૂરિયાત માટે, આપણા માટે નહીં એમની પોતાની જરૂરિયાત માટે ગુજરાત અને દેશની અંદર ચોક્કસ લોકોને તૈયાર કરવાનું નક્કી કર્યુ. એમનો ઈરાદો તો એવો હતો કે એવો વર્ગ તૈયાર થાય કે જે બ્રિટિશ પરંપરાને સપોટ આપે પણ એમના કમનસીબે કે એજ જે શિક્ષિત થયેલો વર્ગ છે એ લોકો જ આઝાદીના સંગ્રામમાં આગળ આવ્યા અને આવ્યા પછી શિક્ષિત થયેલા લોકોએ જ, સંપન્ન થયેલા લોકોએ આ ગુલામી નાબૂદ કરવા માટેનો સંઘર્ષ લેવાનું નક્કી કર્યુ તો એજ લોકોએ કર્યું હતું. મહાત્મા ગાંધીજીથી લઈ જવાહરલાલ નહેરુ હોય, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, મૈલાના આઝાદ સહિતના તમામ લોકો એવા હતા કે સંપન્ન લોકો હતા, સોનાની ચમચી સાથે જન્મેલા લોકો હતા અને એવા લોકો હતા કે ભાગ્યેજ એક દેશમાં એકાદ વ્યકિત થાય એવા યુગપુરુષો શિક્ષણિક વ્યવસ્થાને કારણે અંગેજોએ એમના લાભ માટે બનાવેલી શૈક્ષણિક વ્યવસ્થામાંથી આડકતરી રીતે આ શ્રેષ્ઠ નાગરિકો આવ્યા અને દેશને આઝાદી અપાવી એટલું જ નહીં, પરંતુ આપણા દેશનો જે ક્રાન્તિનો પાયો છે, સામાજિક ક્રાન્તિનો પાયો છે એ આજ લોકોએ નાંખ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાળા માટે થોડીક પંક્તિઓ છે એ વાંચુ છું. " શાળા કંઈ માત્ર ઈંટો નથી, ચૂનો નથી, પથ્થર નથી, લોખંડ નથી, ઈમારતી લાંકડું નથી, કાચ નથી કે રંગો નથી. શાળા મેજ-ખૂરશી કે ફક્ત પાટલીઓ નથી. માત્ર વિદ્યાર્થીઓ નોંધાય, શિક્ષકો નિયુક્ત થાય એટલે જ શાળા કંઈ શાળા બની જતી નથી. શાળા નિર્જીવ વખાર નથી. પરંતું આત્મનિરિક્ષણ પ્રેરતું ચૈતન્ય પ્રગટાવતું પુરુષાર્થ કરવા પ્રેરિત કરતું દિવ્ય અનુભૂતિ તરફ દોરી જતું ઉર્ધ્વલક્ષી અસ્તિત્વનું સંગિત રેલાવતું જીવન મંદિર છે. માનવીના જીવનમાં દિવ્યતા પ્રગટાવવાનું દિવ્ય મંદિર છે. શાળા તો માનવીએ તેની બૂરાઈઓ ઉપર મેળવેલા વિજયનું મહાન સ્મૃતિ મંદિર છે.જગતના અજ્ઞાનરૂપી દૂષણો દૂર કરવાનું સર્વોચ્ચ જ્ઞાનમંદિર છે આ જ્ઞાનમંદિરનું હૃદય શિક્ષક છે, શિક્ષક સર્જકોનો સર્જક છે, તેનું પ્રધાન કર્તવ્ય બાળકને અજ્ઞાનતાના બંધનોમાંથી મુકત કરવાનું, તેની બુદ્ધિને ઘેરતા વહેમો અને ભ્રમો દૂર કરવાનું અને બાળકની પ્રગતિમાં નડતરરૂપ થતી જડતાને દૂર કરવાનું છે. તેનું કાર્ય સત્ય, શિવ અને સુંદરતાને સર્જવાનું છે, શિક્ષકે તો પોતાની શકિત દ્વારા લોકસહકાર મેળવીને શાળાને તીર્થભૂમિ બનાવવાનું છે,

માનનીય અધ્યક્ષશ્રી, આ આપણી શાળાની કલ્પના છે અને આવી શાળાઓ છે, હતી અને રહેવાની છે, એટલા માટે જેણે જિંદગીમાં આ ગૃહની અંદર બેસવાની કલ્પના નહોતી કરી એવા અનેક લોકો શિક્ષણ મેળવી અને આમાં કહેવાયું એ પ્રમાણે લોકસહકાર મેળવી અને આ ગૃહમાં આવ્યા છે. મારી વાત એ હતી કે જિંદગીમાં જેણે આ ગૃહની અંદર બેસવાની કલ્પના નહોતી કરી કે આ ગૃહ બહાર એવા લોકો છે કે ફેરિયા બનીને છાપુ વેચનારા લોકો હતા એ દેશના શ્રેષ્ઠ સાયન્ટીસ્ટ થયાં અને દેશના પ્રેસીડેન્ટ ઓફ ઈન્ડિયા, રાષ્ટ્રપતિ થયાં, આ એટલા માટે થઈ શકયા કે આ દેશની વ્યવસ્થાએ આવા લોકોને શિક્ષણ આપવાનું કહ્યું ગુજરાત પણ એમાં સદભાગી છે આજે ભલે આપણે બીજાની સાથે સરખામણી કરી શકીએ એ પ્રકારે નથી થઈ શકયા. પરંતુ આ બિલમાં જ કહેવાયું છે કે મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ ૨૦૦૯. આપણે પણ આ અધિનિયમો બનાવેલા છે ફરજિયાત શિક્ષણ માટેના. ૧૯૬૧થી ચાલુ છે. આપણને વારસો નબળો નથી મળ્યો. આપણી પાસે વારસો પણ મજબૂત છે પ્રાથમિક શિક્ષણ માટેનો. સમગ્ર દેશને ધ્યાન દોરે એવા બે રાજયો એ પણ ગુજરાતમાં અને એમાંનું એક એટલે વડોદરાનું ગાયકવાડી સ્ટેટ અને બીજું અમારા ગોંડલનું ભગવદ્દસિંહ મહારાજાનું રાજય, જ્યાં આઝાદી પહેલાં પણ દીકરીઓ માટે ફરજિયાત શિક્ષણ હતું, ગોંડલના ગામડાની અંદર જઈએ આજે પણ તો એમ કહેવાય કે ગોંડલનું જે જુનું રાજય છે એ વિસ્તારની અંદર સાસુ અભણ ના નીકળે, દીકરી કદાચ અભણ નીકળે, કેવી ગૌરવશાળી પરંપરા ગુજરાતે દેશને આપી છે, અનેક ક્રાંતિકારી સુધારા આ લોકો લઈને આવ્યા, આ બિલ છે એ પણ હું આવકારું છું, એ ક્રાંતિકારી દિશા તરફનું એક પગલું છે, થોડું મોડું થયું છે, વહેલું કરવાની જરૂરિયાત હતી, એટલા માટે લઈ આવ્યા કે રાઈટ ઓફ ચિલ્ડ્રન એન્ડ (અંતરાય) વહેલું એટલા માટે લઈ આવવું જોઈતું હતું કે આખા દેશની અંદર ૫ થી ૧૪ વર્ષના બાળકો માટેનું ફરજિયાત શિક્ષણ માટેનું જે મોડેલ છે એ મોડેલ તો બીજા રાજયોમાં અસ્તિત્વમાં હતું જ કે ૫ થી ૧૪ વર્ષ એટલે ૧ થી ૮ ધોરણ સુધીના બાળકોને ફરજિયાત શિક્ષણ આપવું અને સર્વશિક્ષા અભિયાન હેઠળ એમને આવરી લેવાં, આ બિલ છે એ કમ્પલસરી એજયુકેશન ૫ થી ૧૪ વર્ષ માટેના બાળકો માટેનું બિલ લઈ આવ્યાં. તેની પૂર્તિ કરવા માટે બિલ લઈ આવ્યાં છે. પહેલાં આપણે લઈ આવી શક્યાં હોત હું એટલા માટે કહું છું. બીજા રાજયોમાં અસ્તિત્વમાં હતું જ કે આઠમું ધોરણ પ્રાથમિક શાળામાં છે. અને તેનાથી ફાયદો શું થવાનો છે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ બજેટ રજૂ કર્યુ અને તેમાં કહ્યું કે પાંચ હજાર પ્રાથમિક શાળાઓમાં આઠમા ધોરણના વર્ગ શરૂ થશે અને તેના માટે ૧૧૭ કરોડ રૂપિયાની જોગવાઈ છે. હું આવકારું છું પણ આ પાંચ હજાર શાળાઓ છે તેમાં સર્વ શિક્ષા અભિયાન જે દિવસથી શરૂ થયું તે દિવસથી

આપણે આઠમા ધોરણના વર્ગ કેન્દ્ર સરકારના ૭૫ ટકા સહાયથી તેના વર્ગ ખંડો, બીજી સગવડતાઓ સાથે શરૂ કરી શક્યા હોત પણ તે નથી કરી શક્યા તે હકીકત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ માનનીય નાણા મંત્રીશ્રી કહી શક્યા હોત કે અમે આભાર માનીએ કેન્દ્ર સરકારનો કે તેણે આ બિલ બનાવ્યું, બિલ લઈ આવ્યાં તેના કારણે પાંચ હજાર નવા જે ગામો છે તેના દીકરા-દીકરીઓને આઠમું ધોરણ તે જ પ્રાથમિક શાળામાં ડ્રોપ આઉટ વગર ત્યાં ભણાવી શકીશું. (અંતરાય).. માનનીય અધ્યક્ષશ્રી, ખબર ના હોય તો ના બોલે. સર્વ શિક્ષા અભિયાન છે તે કેન્દ્ર સરકારનો પોગ્રામ છે. (અંતરાય) આપને ખબર ના હોય તો ના બોલો. (અંતરાય) જેણે ચાલુ કર્યુ હોય તે. આ કેન્દ્ર સરકારનો કાર્યક્રમ છે અને સર્વ શિક્ષા અભિયાન હેઠળ જે મારા મિત્રોને ખબર ના હોય તેને કહી દઉં કે આજે જે નાણાંકીય સહાય મળે છે તે પૂરી વાપરવાની ક્ષમતા પણ આપણી નથી. એટલા માટે પાંચ હજાર ગામના દીકરા-દીકરીઓના આશીર્વાદ આપણને અને જે પાર્લામેન્ટની અંદર બિલ પસાર થયું તે યુ.પી.એ સરકારને, તેના વડાપ્રધાનને, યુ.પી.એના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીને અને તેમના શિક્ષણ મંત્રી કપિલ સિબ્બલને અને તેનાથી આગળ જઈ અને આપણાં શિક્ષણ મંત્રીશ્રીને આપણને સૌને તેના આશીર્વાદ મળવાના છે. એટલા માટે કે મને ખબર છે મારા ગામમાં હાઈસ્કૂલ છે. આજુબાજુના સાત ગામના બાળકો આવે છે તેમાં ભણવા માટે. મારા ગામમાં હાઈસ્કૂલ છે એટલે ૮-૯ અને ૧૦ મારા ગામની તમામ દીકરીઓ મારી શાળામાં જાય છે. પણ આજુબાજુના ગામો છે તેના દીકરાઓ છે તે આવે છે પણ આઠમા ધોરણ પછી દીકરીઓને મા-બાપ મોકલવાનું ઓછું પસંદ કરે છે. બહારગામથી આવવા માટે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જેમને બોલવું હોય તે ઉભાં થઈને દંડકશ્રી પાસે સમય માગીને આવે અને ત્યાં સુધી કોઈને ડિસ્ટબન્સ ના કરે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આ બિલ આવશે એટલે મારી આજુબાજુના બીજા જે ગામો છે તેની દીકરીઓને તો આઠમા ધોરણ સુધી તેના ઘર આંગણે શિક્ષણ મળવાનું છે. અને તેમાં પણ આપણાં રાજયને બોજો ઓછો પડવાનો છે. અત્યારે તો આઠમા ધોરણનો ખર્ચ છે તેમાં કેન્દ્ર સરકાર કોઈ સહયોગ આપતી નથી. આ આઠમું ધોરણ આપણે શરૂ કરીશું તેમાં કેન્દ્ર સરકારનો સહયોગ મળવાનો છે. નાણાંકીય બોજો જે આપણાં ઉપર કલાસરૂમ બાંધવા સહિતનો જે છે તે ખૂબ ઓછો આવવાનો છે. સગવડતાઓ વધવાની છે, શિક્ષણને સાર્વત્રિકરણ કરવાનું છે અને તે સાર્વત્રિકરણ કરવાની અંદર આપણને મદદ મળવાની છે. એટલા માટે બિલના મોટાભાગના હાર્દને હું સ્વીકારું છું. મારે જે બીજું કહેવાનું છે તે હું પછી કહીશ. પણ આ પરિસ્થિતિ ના થાય માનનીય શિક્ષણ મંત્રીશ્રી છે એ પણ એવા વર્ગમાંથી આવે છે તેના મા-બાપની કલ્પના નહીં હોય કે મારો દીકરો કોઈક દિવસ શિક્ષણ મંત્રી થશે. એ પણ આવી ધૂળિયા શાળાની અંદર ભણ્યાં, ભણી અને લોક સહયોગ મેળવીને આજે અહીંયા આવ્યાં છે. એટલા માટે એમની પણ ચિંતા હશે. નીતિનભાઈ..આપ પણ આવું કંઈક કરો.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ તમારાથી રહેવાતું નથી. તેઓ કશું જ બોલ્યાં નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, નહીં તેમાં મારી વાત એટલી જ છે સાહેબ કે જેમ હું માનનીય શિક્ષણ મંત્રીશ્રીના વખાણ કરું, માનનીય વજુભાઈ સાહેબના વખાણ કરું તેમ કોઈક દિવસ તમારા કરું એવું કાંઈક કરો તમે. કાંઈક અહીંયા લઈ આવો. અને કોઈક દિવસ એમ કહો. આની અંદર તો પ્રીએમ્બલમાં લખ્યું છે. કે આ બિલ એટલા માટે લઈ આવ્યા. લઈ આવવું પડયું. કે રાઈટ ટુ એજયુકેશન બિલ આવ્યું, એટલા માટે. સુઓમોટો બીજા ઘણા રાજયો લઈ આવ્યા, એમ આપણે પણ લઈ આવ્યા હોત તો એ આવકાર્ય હતું. આ બિલ લઈ આવવાની જરૂર જ ના પડી હોત. આપણે તો માત્ર એને સુસંગત સુધારો કરવાનો હતો. આ તો આખે આખું આઠમું ધોરણ લઈ આવ્યા. એ ૫ હજાર ગામોને દસ વર્ષ પહેલા સર્વ શિક્ષા અભિયાન આવ્યું, ત્યારે આપણે આપી શકયા હોત. એટલા માટે હું કહું છું, કે આજે લઈ આવ્યા. અને એ પણ પાછી પ્રોડકટ છે. આ જ સીસ્ટમની. કે જેમાંથી જે લોકો ભણીને આગળ આવ્યા. એને કારણે હું એમ કહું છું. આપ લઈ આવજો. હું આપના પણ વખાણ કરીશ કોઈક દિવસ. માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એ કરવી હતી. ઓબ્જેકટની અંદર ઘણીબધી આપણા રાજયની સ્થિતિ અને બીજી વાતો કરી. પણ માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) ડિસિપ્લીનમાં છું. મારી પાસે એક અહેવાલ પડેલો છે. એ છે ભારત સરકારના જે હ્યુમન રીસોર્સીસ ડેવલપમેન્ટ વિભાગ છે. એણે તૈયાર કરાવ્યો છે. અને કોણે તૈયાર કરાવ્યો છે? નેશનલ યુનિવર્સિટી ઓફ એજયુકેશનલ પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન, ન્યુ દિલ્હી. અને સબ્જેકટ શું છે? એલીમેન્ટરી એજયુકેશન ઈન ઈન્ડીયા. વ્હેર ડુ વી સ્ટેન્ડ? સર્વ શિક્ષા અભિયાન.

માનનીય અધ્યક્ષશ્રી, એમાં ડીસ્ટ્રીકટ રીપોર્ટ કાર્ડ, ૨૦૦૭. વોલ્યુમ વન. એમાં આપણા રાજયના આંકડાઓ છે. એ હું માત્ર માનનીય શિક્ષણ મંત્રીશ્રીની જાણકારી માટે આપના મારફત મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણમાં એજયુકેશનલ ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ નકકી કરવામાં આવ્યો છે. એમાં ધોરણ ૧ થી ૭ના બાળકો માટે અને એની શાળાઓ માટે. અને એ ઈન્ડેક્ષની અંદર જે સરવે કરવામાં આવ્યો એમાં કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવાઈ? તો કહે કે ૧ હજાર બાળકની વસતિએ પ્રાથમિક શાળાની ઉપલબ્ધ માળખાકીય સુવિધા. શાળામાં પીવાનું પાણી, શાળામાં કોમન ટોઈલેટની વ્યવસ્થા, દીકરીઓ માટે અલગ ટોયલેટની વ્યવસ્થા.

એક કલાસની અંદર ૪૦ બાળકો રાખી શકાય. એ દ્રષ્ટિએ શિક્ષક અને વિદ્યાર્થીઓનો ગુણોત્તર. શિક્ષકો. નાપાસ થતા તથા વિદ્યાર્થીઓના ડ્રોપ આઉટનું પ્રમાણ. આ બધાને ધ્યાને લઈ અને વૈજ્ઞાનિક ધોરણે એક ઈ.ડી.આઈ. એટલે કે એજયુકેશનલ ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ નકકી કરવામાં આવ્યો. એ ઈન્ડેક્ષ પ્રમાણે આજે આપણા રાજયનું સ્થાન કયાં છે? અને ગઈકાલે કયાં હતું? એની કમ્પેરેટીવ ફીગર દરેક રાજયોની સાથે સરખાવીને આપવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રમાણે જે ઈન્ડેક્ષ છે, એ ઈન્ડેક્ષમાં જે મેજર સ્ટેટ છે, એનું રેન્કીંગ કરવામાં આવ્યું. એ રેંકીંગમાં કેરાલા છે એ ૦.૬૯૭ એ એના ઈન્ડેક્ષ હતા. ઈ.ડી.આઈ. આસામના ૦.૬૦૭. ઉત્તરાખંડના ૦.૬૦૭, હિમાચલ પ્રદેશના ૦.૫૯૮, મહારાષ્ટ્રના ૦.૫૯૬, તામિલનાડુના ૦.૫૬૬ અને પંજાબના ૦.૫૬૧ અને ગુજરાત આ બધામાં છેલ્લું રાજય છે ૦.૫૪૫.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો પણ એક સરવે એમણે કર્યો અને એમાં એમ કહ્યું કે જે શાળાએ જતા બાળકોનું પ્રમાણ છે એ ઓવરઓલ કેટલું છે? તો ૫ થી ૧૪ વર્ષના જે બાળકો કુલ છે, એ કુલ ૮૫.૬ ટકા બાળકો શાળાએ જાય છે અને એમાં દીકરાઓ ૮૮.૭ ટકા જાય છે અને દીકરીઓ ૮૧.૯ ટકા શાળાએ જાય છે. ૧૫ થી ૧૯ છે. એટલે આ ૫ થી ૧૪ વર્ષમાં ૨૦ મેજર રાજયો માં ૧૨ મા નબરે છે, આપણે નંબર વનની વાતો કરીએ છીએ તો આમાં તો આપણે ૧૨ મા નંબરે છીએ. ૧૫ થી ૧૯ વર્ષનાં બાળકો છે એમાં એમાં આ કુલ બાળકો ૩૬.૫ ટકા બાળકો શાળાએ જાય છે. એટલે ઓલમોસ્ટ ૬૪ ટકા બાળકો ૧૫ થી ૧૯ વર્ષનાં્ બાળકો શાળાએ જતાં નથી. દીકરાઓ છે એ ૪૦.૬ ટકા ૧૫ થી ૧૯ વર્ષના બાળકોમાંથી શાળાએ જાય છે અને દીકરીઓ છે એ ૩૦.૯ ટકા આ ૧૫ થી ૧૯ વર્ષનાં બાળકોમાંથી શાળાએ જાય છે અને મોટાં રાજયોમાં આપણો નંબર ૧૮ મો છે. ૨૦ રાજયોમાં આપણે ૧૮ મા નંબરે છીએ. ૧૫ થી ૧૯ વર્ષનાં્ બાળકો શાળાએ જાય છે તેમાં આપણો ૧૮ મો નંબર છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો એક સરવે થયો છે કે ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં જે ફરક પડયો એમાં પણ સરવે કર્યો છે એ પ્રમાણે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે રાજયોના ક્રમ એફ.ડી.આઈ. પ્રમાણે આપવામાં આવ્યા એમાં પાંડેચેરી ૨૦૦૭-૦૮ માં પહેલા નંબરે અને ૨૦૦૮-૦૯ માં પણ પહેલા નંબર હતું, લક્ષદ્રીપ છે એ ત્રીજા નંબરે હતું એ આગળ વધીને બીજા નંબરે આવ્યું છે, કેરાલા બીજા નંબરે હતું એ ત્રીજા નંબરે ગયું છે, હરિયાણા ૭ મા નંબરે હતું એ ૪ થા નંબરે આવ્યું છે, તામિલનાડુ ૫ મા નંબરે હતું ૨૦૦૭-૦૮ માં એ ૨૦૦૮-૦૯ માં પણ ૫ મા નંબરે જ રહ્યું છે, પંજાબ છે એ ૧૨ મા નંબરે હતું એ ૬ ઠ્ઠા નંબરે આવ્યું છે, આંદોમાન નિકોબાર એ ૧૫ મા નંબરેથી ૭ મા નંબરે આવ્યું છે, ચંદીગઢ છે એ ૬ ઠ્ઠા અંબરેથી ૧૯ મા નંબરે, મિઝોરમ ૧૬ માથી ૧૧ મા નંબરે અને ગુજરાત છે એ ૯ મા નંબરેથી ૧૩ મા નંબરે ગયું છે. ગુજરાત ૨૦૦૭-૦૮ માં ૯ મા નંબરે હતું એ ૨૦૦૮-૦૯ માં ૧૩ મા નંબરે ગયું છે. આપણે ઈન્ફ્રાસ્ટકચરમાં પ્રગતિ કરીએ છીએ, આપણે પ્રવેશોત્સવ અને ગુણોત્સવ શામાટે ઉજવીએ છીએ ? એટલા માટે કે આપણો નંબર ઈ.ડી.આઈ.માંપાછળ જાય? કોઈ વળી એમ કહેશે કે આ પ્રવેશોત્સવ પછી અમારા એનરોલમેન્ટમાં વધારો થયો છે એવો દાવો થાય છે, પરંતુ આમાં જ આ આંકડા આપ્યા છે એ પ્રમાણે કે ૨૦૦૫ અને ૨૦૦૮ વચ્ચે શું તફાવત થયો. ખાસ કરીને દીકરીના શિક્ષણમાં એમાં બે ભાગ પાડયા છે એમાં ૧ થી ૫ પ્રાથમિક શિક્ષણ અને ૬ થી ૮ અપર પ્રાથમિક શિક્ષણ. તો ૨૦૦૫ માં દીકરીઓનું એનરોલમેન્ટ હતું એ ૨૦૦૮ માં ૮ ટકા એમાં ઘટાડો થયો છે. તો આપણે શેનો પ્રચાર કરીએ છીએ કે એનરોલમેન્ટ વધ્યું છે? ગુણોત્સવ, વાંચે ગુજરાત, પ્રવેશોત્સ્વ. તો આ પ્રવેશોત્સવને ખરેખર સફળતા મળી હોત તો આ ૮ ટકાનો ઘટાડો શામાટે થાત? દીકરીઓનું પ્રમાણ છે રાષ્ટ્રીય કક્ષાએ એ ૪૮.૬૮ ટકા દીકરીઓ ભણે છે અને ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં અર્બન વિસ્તારમાં દીકરીઓનું પ્રમાણ ૪૭.૧૩ ટકા છે. એટલે રાષ્ટ્રીય એવરેજ કરતાં પણ આપણે પાછળ છીએ. તો ગુજરાતે તો દરેક ક્ષેત્રમાં અને શિક્ષણમાં તો આગળ રહેવું જોઈએ. પ્રચારમાં આગળ છીએ અને વાસ્તવિક આંકડામાં પાછળ શું કામ છીએ? પ્રાથમિક અને માધ્યમિક એ બન્નેનો કમ્બાઈન્ડ કક્ષાએ પણ સર્વે થયેલ છે. એમાં કહયું છે કે રાષ્ટ્રીય કક્ષાએ શાળામાં પ્રાથમિક અને માધ્યમિકમાં બન્નેમાં ૪૭.૪૫ ટકા દીકરીઓ શાળામાં જાય છે. જયારે ગુજરાતમાં ૪૦.૯૯ ટકા. રાષ્ટ્રીય એવરેજ ૪૭.૭૫ ટકા અને ગુજરાતની એવરેજ ૪૦.૯૯ ટકા. આપણે બિહારની વાત કરીએ તો બિહાર જેને આપણે સૌથી પાછળ ગણીએ છીએ, તેની ટકાવારી ૪૩.૪૪. ગુજરાતની ૪૦.૯૯ ની સામે બિહારની ૪૩.૪, ટકા. હું વાત એ કરતો હતો કે પ્રવેશોત્સવ કેવા કર્યા છે કે જેમાં શાળામાં જતી દીકરીઓનું પ્રમાણ આટલા વર્ષોમાં ઘટયું છે. ટકાવારીની દ્રષ્ટિએ. બીજો પણ એક સર્વે થયો, કોણે કર્યો, તો ગુગલ, ઓસ્ટેમ અને યુનિસેફે કર્યો, દિલ્હીની એન.જી.ઓ. પ્રથમા મારફત. વાંચે ગુજરાત, હવે આપણે પણ ઈચ્છીએ કે વાંચ. પણ પ્રાથમિક શાળાના દીકરા-દીકરીઓ વાંચતા થાય. તેના માટે કંઈક કરવું પડશે કે નહીં? એમાં એવું કહયું છે Overall reading level shows a steady decline in Gujarat, even worse than Bihar. બિહાર કરતા પ્રાથમિક શાળાઓમાં રીડીંગ લેવલમાં આપણે પાછળ છીએ. આ સ્થિતિ આપણી પ્રાથમિક શાળાઓની છે. હવે રાજય સરકારના પોતાના આંકડાઓ જોઈએ. એ શું છે Elementary Education in India ...

**અધ્યક્ષશ્રી** : આપે બે ત્રણ સંદર્ભ ગ્રંથની વાત કરી છે, મારી વિનંતી છે એક આપે એની કરી બીજી યુનિસેફની કરી, મને વાંધો નથી. પણ સારું એ રહેશે કે એ સંદર્ભગ્રંથના પ્રમાણો આપ આપો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય શિક્ષણ મંત્રીશ્રી માગશે તો હું એમને મોકલી આપીશ.

**અધ્યક્ષશ્રી** : એ સંદર્ભ ગ્રંથો અહીં મુકાય તો વધારે સારું રહેશે. એટલે આપ પાછળથી મોકલી આપો તેવી વિનંતી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : જી. હવે હવે ૭માં ધોરણ પછી, ૮ થી ૧૦ કલાસમાં અને ૧૧ થી ૧૨ના કલાસમાં એમાં વિદ્યાર્થીનીઓ ભણે છે તેના આંકડાઓ રાજય સરકારે બહાર પાડયા છે. હવે હું એ આંકડાઓ બધા નહીં આપું પણ ૨૦૦૩-૦૪ ના ખાસ કરીને મુખ્ય મંત્રીશ્રી એના પછી બહુ ઝૂંબેશ ચલાવે છે, એટલા માટે કહું છું, ૨૦૦૩-૦૪ થી ૨૦૦૮-૦૯ સુધીના આંકડાઓ આપીશ. હવે એમાં વિદ્યાર્થીઓની ટકાવારી છે કલાસમાં ૪૦.૬૭ ટકા હતી ધોરણ ૮ થી ૧૦ માં, તે ઘટીને ૨૦૦૮-૦૯માં ૪૦.૦૩ ટકા થઈ છે. એ જ રીતે ધોરણ ૧૧ થી ૧૨ માં જે વિદ્યાર્થીઓ છે એમાં દીકરીઓની ટકાવારી ૨૦૦૩-૦૪ માં ૪૧.૫૭ ટકા હતી તે ઘટીને લગભગ ૪૧.૯૮ થઈ છે એટલે લગભગ સમાન રહી છે. કયાં વધારો થયો ? શેના માટે પ્રવેશોત્સવ તમે ઉજવો છો? આનો મતલબ એવો થયો કે આપણે પ્રવેશોત્સવ માત્ર પ્રચાર માટે કરીએ છીએ. બાળકોના ભવિષ્યની ચિંતા આપણે કરતા નથી. જો કરી હોત તો પ્રવેશોત્સવના પરિણામો રાજય સરકારના આંકડાઓમાં રીફલેકટ થયા હોત. પણ એ નથી થયા. ગુણોત્સવની વાત આવે ત્યારે ગુણોત્સવ છે એમાં એમ કહે છે કે અમે ગુણોત્સવમાં દરેક જગ્યાએ જઈ અને તપાસ કરી અને ચકાસણી કરી છે. શું શું ચકાસણી કરી? બધી જ ચકાસણી ગુણોત્સવમાં તો કરવી જોઈએ. આ જે એલીમેન્ટરી એજ્યુકેશન ઈન ઈન્ડિયા છે એ જ બુકલૅટમાં ગુજરાતની સ્થિતિ બતાવી છે. ૧૨ જિલ્લામાં ૫૦ ટકા કરતાં વધુ શાળાઓમાં ગર્લ્સ ટોઈલેટ નથી. હું જિલ્લાઓના આંકડા આપવા માગું છું. કચ્છમાં ૪૯ ટકા શાળાઓમાં ગર્લ્સ ટોઈલેટ છે. ખેડામાં ૩૩.૦૧ ટકા છે, બનાસકાંઠામાં ૨૩.૪ ટકા છે, દાહોદમાં ૩૮.૯ ટકા છે, જામનગરમાં ૪૨.૮ ટકા છે, નર્મદામાં ૪૨.૬ ટકા છે, પંચમહાલમાં ૪૭.૩ ટકા છે, સાબરકાંઠામાં ૪૪.૪ ટકા, સુરતમાં ૪૯.૯ ટકા, ડાંગમાં ૪૫.૭ ટકા, વલસાડમાં ૪૯.૭ ટકા શાળાઓમાં જ ગર્લ્સ ટોઈલેટ આપણે કરી શક્યા છીએ. ભારત સરકારે એમ કહ્યું છે, સર્વ શિક્ષા અભિયાનમાં દરેક શાળામાં છોકરા છોકરીઓ માટે અલાયદા ટોઈલેટની વ્યવસ્થા કરવી જોઈએ. ગુણોત્સમાં જઈને આપણા લોકોએ શું તપાસ્યું ? ટોઈલેટ બનાવવાનો ખર્ચ લાખો કરોડોમાં થતો નથી. (અંતરાય) ૪૦ વર્ષમાં જે થયું એના કારણે આજે હું અને આપણે અહીંયા બેઠા છીએ. એટલા માટે આપણે ભાષણ કરી શકીએ છીએ. ત્યારના મુખ્યમંત્રીઓ વિમાનમાં ઊડીને નહોતા જતા, રોડ ઉપર જતા હતા એટલા માટે થતું હતું. આપ કહો ત્યાં જઈને આ જૂએ. આપણે કદાચ પ્લેનમાં નહિ જઈએ તો ચાલશે, પરંતુ દીકરા-દીકરીઓને નહિ ભણાવીએ તો એ નહિ ચાલે. ૨૦૦૧ની વસતિ ગણતરી થઈ ત્યારે ૪૦ ટકા દીકરીઓએ નિશાળના પગથિયા પણ જોયા નથી એનું મને અને આપણને સૌને દુઃખ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપણે ચર્ચાને આગળ લઈ જવી છે અને ચર્ચા જે રીતે આગળ ધપી રહી છે એ જ રીતે આપણે આગળ લઈ જવી છે. જેમને એમ લાગે કે માનનીય અર્જુનભાઈ કહે છે એનો જવાબ મારે આપવો છે એનો પ્રતિભાવ આપવો છે એ એમના દંડક દ્વારા નામ મારી પાસે મોકલે હું ચોક્કસ એને તક આપીશ. પરંતુ મહેરબાની કરીને બેઠા બેઠા ઈન્ટરવીન ન થાવ તેવી મારી વિનંતી છે. ચર્ચા જે રીતે ચાલે છે એમાં ઈન્ટરવીન થવાથી ડિસ્ટર્બ થાય છે એ યોગ્ય નથી લાગતું. જેને ઈન્ટરવીન થવું હોય પછી એ મંત્રીશ્રી હોય કે દંડકશ્રી હોય એ દંડકશ્રી દ્વારા મારી પાસે નામ મોકલશે તો હું એને ના નહિ પાડું. આપના દંડક દ્વારા નામ મોકલો ચર્ચા જ્યાં સુધી ચલાવવી હોય ત્યાં સુધી મારી તૈયારી છે. પરંતુ ચર્ચામાં વિષયાંતર થાય એ માટે આપ એમને પ્રોત્સાહિત ન કરો તેવી મારી આપને વિનંતી છે. માનનીય અર્જુનભાઈ તમે મારી સામે જોઈને વાત કરો, તમારી અને મારી વચ્ચે કોઈ વાયરસ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પ્રશ્ન નથી. શિક્ષણ પાછળ ખર્ચ થાય છે એની માહિતી હું આ તબક્કે આપવા માગું છું. અત્યારે ગુજરાત છે એ દેશનું સૌથી વધારે માથાદીઠ કરાવાતું રાજયોમાનું એક છે અને છતાં એકસપેન્ડિચર શિક્ષણ પાછળ કેટલો થાય છે એ હું કહેવા માગું છું. ગુજરાતમાં શિક્ષણ પાછળ ખર્ચો થાય છે એમાં ગુજરાત જે સૌથી મોટા આઠ રાજયોમાં છે એમાંથી સૌથી છેવાડાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમાં સૌથી વધારે ખર્ચ કોનું છે? ૧૭.૧૦ ટકા? હાઈએસ્ટ એકસપેન્ડીચર ઈન એજ્યુકેશન ૧૭.૧૦ ટકા સાથે મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે, ૧૬.૪૦ ટકા સાથે કેરાલા બીજા સ્થાને, ૧૩.૫૦ ટકા સાથે વેસ્ટ બેંગાલ ત્રીજા સ્થાને, રાજસ્થાન ૧૪.૫૦ ટકા સાથે તેના પછીના સ્થાને, તામિલનાડુ ૧૩ ટકા સાથે તેના પછીના સ્થાને અને ગુજરાત ૧૨.૭૦ ટકા સાથે આંધ્ર પછી છેવાડાનો નંબર આવે. આપણે કયાં નંબર વન છીએ?

માનનીય અધ્યક્ષશ્રી, થોડોક ખર્ચ, આટલો બધો ટેક્સ વધારીએ તો થોડોક ખર્ચ બીજા કોઈની અંદર નહીં તો પ્રાથમિક શાળામાં બાળકો ૧૦૦ ટકા ભણવા આવે તેના માટે તો પ્રયાસ કરીએ આપણે અને તેની અંદર વ્યવસ્થા પણ એવી ગોઠવીએ કે જે નમૂનેદાર અને શ્રેષ્ઠ હોય. માનનીય શિક્ષણ મંત્રીએ કહ્યું કે આની અંદર અમે સુધારો લઈ આવ્યા છીએ કે હવે રાજય કક્ષાએ શિક્ષકોની ભરતીની પ્રક્રિયા જિલ્લા કક્ષાના બદલે કરવાના છીએ અને તેના માટેનું વ્યવસ્થાતંત્ર ગોઠવવાની વાત છે. સૌથી પહેલાં શરૂઆત જ્યારે થઈ ત્યારે ભરતી પ્રક્રિયા તાલુકા કક્ષાએ થતી હતી અને એટલા માટે અને એમાંય મોટા ભાગે જે ગામમાં શિક્ષક રહેતો હોય એ ગામની અંદર રહેતો હતો. એટલે તેનું કમિટમૅન્ટ શાળા પ્રત્યે રહેતું હતું. સવારે ૮-૦૦થી બીજા દિવસની સવાર સુધી શિક્ષક શિક્ષક જ

રહેતો હતો અને તેને કારણે શિક્ષણની અંદર જે તેનો વ્યાપ હતો એ ઓછો હતો પણ જે શિક્ષકો હતા, આપણે તો એવી સ્કૂલોમાં ભણેલા છીએ. જેમાં મારો પણ સમાવેશ થાય છે કે જે શિક્ષક શાળાંત પાસ કરેલો હોય, પાંચમું ધોરણ, સાતમું ધોરણ પાસ હોય અને છતાં એ બીજાથી ઉતરતો છે એમ આપણે કોઈ દિવસ ન કહી શકીએ. શ્રેષ્ઠ પ્રયત્નો કરીને સારામાં સારા વિદ્યાર્થીઓ એમણે આપ્યા. કોઈ વિદ્યાર્થી ભણવા ન જતો હોય તો તેના વાલી પાસે જઈને એ વિદ્યાર્થીનો કાન પકડીને લઈ આવે. હું જેની વાત કરું છું વનેચંદને આ જ પ્રોબ્લેમ હતા. એ લોકપ્રિય એટલા માટે થયો.

**અધ્યક્ષશ્રી** : મને એમ થયું કે હજુ સુધી આટલું બધું બોલ્યા અને વનેચંદ કેમ ન આવ્યો?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : શાહબુદ્દીનભાઈ કહેતા કે અમે બધા ભણવા જતા પણ પેલો વનેચંદ છે એ ભણવા ન આવે એટલે તેને પકડીને દરરોજ ટીંગાટોળી કરીને લઈ આવે. આમાં આપણાંમાં પણ કોઈક એવું હશે. (અંતરાય) અમિતભાઈ, અમે પણ તેમાંના હતા અને હું એવા ગુરૂઓને સલામ કરું છું કે તેના કારણે ભણી શક્યા નહીં તો ભણત જ નહીં. અમે બે ભાઈઓ હતા તેમાંથી એક ન આવ્યો. મારા જેવાને પકડીને લઈ આવતા હતા. આવી ગયા. આપણાંમાંથી કેટલાય હશે. વજુભાઈ તો તેનો ઉત્તમ નમૂનો છે. આ વનેચંદને માર ખાવો પડતો, શું કરવા કે બેઠાં બેઠાં પાછળ બેઠેલો કોઈ તોફાન કરે અને નામ વનેચંદનું જ આવે. એટલે ક્યારેક તો વનેચંદને ખબર ન પડે કે મને માર્યો શા માટે? તો કહે કે પાંચ દિવસ પહેલાં તોફાન કર્યું હતું એટલા માટે. કે તો વાંધો નહીં, મને વગર મફતનો નથી માર્યો ને? એટલે આવા લોકોને ભણાવવાનું કામ કર્યું અને તેના કારણે આપણી પેઢીના મજબૂત હાથ બન્યા. હવે અત્યારે આપણે શિક્ષકો કેવા લઈએ છીએ, વચ્ચે સારું કર્યું છતાં પણ જે પી.ટી.સી.ના ઉમેદવારો હતા તેને છૂટ મળતી હતી કે અમદાવાદનો વિદ્યાર્થી હોય, પી.ટી.સી. થયેલો શિક્ષક હોય તે કચ્છમાં પણ અરજી કરી શકે. મને વાંધો નથી. કરે તો, પણ મેરીટમાં ત્યાં જાય, કચ્છ છેવાડાનો પ્રદેશ છે. ડાંગ છેવાડાનો પ્રદેશ છે. એટલા માટે ત્યાં જાય, હાજરી રિપૉર્ટ આપી અને પહેલું કામ એ શું કરે, મને જિલ્લા બદલી આપો.ખાસકરીને નર્સિંગ અને ટીચર્સના પ્રશ્નો થાય છે. પહેલાં કહે છે કે, મને ત્યાં નોકરી આપો, નોકરી આપ્યા પછી એ એમ કહે કે મને પહેલાં બદલી આપો અને જ્યાં સુધી બદલી ન થાય ત્યાં સુધી એના હેડ માસ્તરને એમ કહે કે, મારે અમદાવાદમાં, મારે બરોડામાં, મારે રાજકોટમાં આ પ્રશ્નો છે એટલે મારે ત્યાં જવું પડશે. જો માથાભારે હોય તો કહે કે મારી હાજરી પૂરી લેજો. નહીંતર કહે કે મને રજા આપો. ગામડામાં રહે નહીં અને શહેરમાં જ રહે. હું આદિવાસી ઉમેદવારોને ધન્યવાદ આપું છું. અમારા વિસ્તારમાં આવે છે એ તમામ લોકોને જે ગામમાં નોકરી મળી હોય ત્યાં જ એ રહે છે. અમારા વખતમાં સીમ શાળાઓ હતી અને અત્યારે છે એ વાડી વિસ્તારમાં છે ત્યાં સીમ શાળામાં હું ભણીને આગળ આવ્યો છું. બાકીના લોકો રહેતા નથી. શહેરમાં રહે છે, અપડાઉન કરે છે. બસ આવે તો જ આવે. બસ દસ વાગ્યાની હોય તો દસ વાગ્યે જ આવે. એના પહેલાં ન આવે. જૂના વખતમાં જે વ્યવસ્થા હતી એ ઉત્તમ વ્યવસ્થા હતી. જે તાલુકાનો વતની ઉમેદવાર હોય અને પીટીસી અવેઈલેબલ હોય તો એ ઉમેદવારને નોકરી આપવી જોઈએ. રાજય કક્ષાએ વ્યવસ્થા કરશો તો શું થવાનું છે? સર્વ શિક્ષા અભિયાનમાં જોગવાઈ છે. દરેક ગામમાં પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ક્વાર્ટર બનાવવા. આ માટે મોટા ભાગની જગ્યાએથી ના આવી છે. કોઈને ગામડામાં રહેવું નથી. ક્વાર્ટર એમને એમ પડી રહે છે. એ સ્થિતિ નિવારવાની જવાબદારી આપણી છે. કોઈ વ્યવસ્થા એવી કરવી જોઈએ કે, જેથી પ્રાથમિક શાળાના શિક્ષકો છે એ ગામડામાં ન રહે તો વાંધો નથી પણ ગામડાની નજીકમાં રહે. ૨૪ કલાકના શિક્ષકો રહ્યા નથી. શિક્ષકોનું પ્રમાણ અને બીજી વાત પછી કરીશ. કેમ કે એનું બિલ પછી આવવાનું છે. આ સુધારો કરવો જોઈતો હતો એ કર્યો નથી. મેરિટ પ્રમાણે શિક્ષકો હોવા જોઈએ. એમની ભરતી પ્રક્રિયા પારદર્શક હોવી જોઈએ. હમણાં શિક્ષકોની ભરતી થઈ. એમાં એમ કહ્યું કે, રાજય કક્ષાનું રમત-ગમતનું બોર્ડ છે. એ સર્ટિફિકેટ આપે કે તમે રાષ્ટ્રિય રમતમાં ભાગ લીધો છે તો તમને આટલા માર્ક્સ મળશે. આ જે સર્ટિફિકેટ અપાય છે એની ચકાસણી કરવી જરૂરી છે. એક એક સ્કૂલની અંદર જેટલા લોકો આવ્યા એમાં એમની પાસે રાષ્ટ્રીય કક્ષાની રમતના સર્ટિફિકેટ હતા. આ કયાંથી આવી જાય છે? સાચા રમતવાળાને પ્રોત્સાહન આપો, એના માટે કોઈ વાંધો નથી. પણ માત્રને માત્ર પૈસા આપી, સર્ટિફિકેટ મેળવી, માર્ક્સ મેળવી લે. એની કોઈ તપાસ નહીં કરવાની? એને વાઈન્ડ અપ કરી દેવાનું? આ પ્રક્રિયા અટકાવવી જોઈએ. આ બધું આપણને ખબર નથી એવું નથી. ખબર છે. આપણે એમાં ઊંડા ઊતરતા નથી. તમામ ખાનગી માધ્યમિક શાળાઓ છે એના માટે પણ એક ભરતી બોર્ડ બનાવવાની કે બોર્ડનું નિયંત્રણ કરવાની, પસંદગી સમિતિમાં નક્કી કરવાનો એક સુધારો છે. એ આવકાર્ય છે. પરંતુ આ બિલમાં મોટે ભાગે આ પ્રાથમિક શાળાઓને લગતા સુધારાઓ છે. રાજયની અંદર જે ખાનગી પ્રાથમિક શાળાઓ છે એને સુધારવા માટે અથવા તો એમાં ભરતી માટે સ્ટાફ સિલેક્શન કમિટિની જોગવાઈ શા માટે ન કરી? તમે અને હું બધાય જાણીએ છીએ કે, જે શિક્ષકો છે એ કેટલા કવોલિફાય છે? આજે પ્રાથમિક શાળાના આંકડાઓ ઉપર નથી જતો. આના પછીના બિલમાં વાત કરીશ. જ્યારે પસંદગીની પ્રક્રિયા આપણે કરીએ છીએ, આટલું બિલ સુધારીને લઈ આવ્યા છીએ ત્યારે પ્રાથમિક શાળા માટેનો એકટ હોવો જોઈએ, કાનૂન હોવો જોઈએ કે કોઈપણ પ્રાથમિક શાળા શરૂ થાય, કોઈપણ માધ્યમિક શાળા શરૂ થાય, કોઈપણ કૉલેજ શરૂ થાય ત્યારે એની મીનીમમ જરૂરિયાતો આટલી હોવી જોઈશે, કાગળ ઉપર તો બધી જગ્યાએ લખી છે. કે એક એકર જમીન હોવી જોઈએ, લૅબૉરેટરી હોવી જોઈએ, લાયબ્રેરી હોવી જોઈએ, હવે ક્યાંક આપણે લખીએ છીએ કે

કૉમ્પ્યુટરની લૅબૉરેટરી હોવી જોઈએ, લાયકાત ધરાવતા પ્રિન્સિપાલ હોવા જોઈએ, ભંડોળ પૂરતું હોવું જોઈએ લાયકાત ધરાવતા શિક્ષકો હોવા જોઈએ, આ બધું જ લખ્યું હોય અને છતાં આમાંની એક પણ જે શરતો છે એ પરીપૂર્ણ ન થતી હોય અને એવી એક નહીં હજારો સ્કૂલો આ રાજયની અંદર અત્યારે ઉપલબ્ધ છે, કોના લાભાર્થે આવી સ્કૂલો ચાલવા દઈએ છીએ આપણે , પહેલા તો એવું હતું કે આપણે ફીનું નિયંત્રણ રાખતા હતા કે આપણે ફી પર્ટીકયુલર સ્કુલમાં આટલાથી વધારે ફી લેવાય જ નહીં, હવે તો જે સરકારની જે પ્રમાણે જે પધ્ધતિમાં ચાલે છે એ પ્રમાણે નિરંકુશપણે આવી શાળાઓ ચલાવવાની છૂટ આપવામાં આવે છે. હમણા એક અખબાર છે દરરોજ લખે છે, કે આ શાળાની અંદર અમે ગયા ત્યારે આટલી આટલી વ્યવસ્થા અને આટલી આટલી ફી હતી, ખુલ્લેઆમ ડોનેશનની માગણી કરાય છે. ખુલ્લેઆમ સામાન્ય નાગરિક નહીં આપણા જેવા લોકોને ના પરવડે એટલા ડોનેશનો અને એટલી ફી, સગવડતાઓ શું, તો કહે કે સગવડતાઓ ઝીરો, કોઈપણ પ્રકારની સગવડતાઓ અને છતાં ચાલે છે, વેપારી તત્વો છે એ કેવા ઘુસી ગયા છે એનો આ ઉત્તમ દાખલો છે. એટલે જ કહુ છું કે વનેચંદો આપણા મિત્રો હોય, પણ વનેચંદો કોલેજના સંચાલકો નહીં હોવા જોઈએ, આજે સ્થિતિ એવી થઈ છે, પાછા એવું કે સંચાલક પણ હું, શાળાનો પ્રિન્સિપાલ પણ હું, એનો સ્ટાફ હોય એ પણ હું જ, મારા જ પરિવારના સભ્યો, બીજા કોઈ નહીં, કોઈ વાત બહાર જાય નહીં, કોઈને પૂરો પગાર નહીં આપવાનો, કોઈના પ્રૉવિડન્ટ ફંડ નહીં કાપવાના, કોઈને ગ્રેજયુઈટી નહીં આપવાની, કોઈને કશી વ્યવસ્થા નહીં આપવાની, શોષણ કરવાનું અને અમદાવાદની અંદર તો આપણે જોયું કે કેટલી શાળાના સંચાલકો ઉપર આપણે કેસ કરવા પડ્યા કે એ પ્રિન્સિપાલ જે શિક્ષિકા બહેનો છે એનું પણ શોષણ કરવાનું. અને પછી આ પ્રકારના શિક્ષકો પોતે પણ માનસિક દબાણ પર હોય અને એને કારણે આ જે પરીક્ષાઓ નજીક આવી રહી છે ત્યારે આપણે સાબરમતીનો કિનારો હોય કે નર્મદાની કેનાલ હોય ત્યાં ચોકીદારો રાખવા પડે કે આપણો દીકરો કે દીકરી ત્યાં આપઘાત ના કરે આ પ્રકારની પરિસ્થિતિ ઉભી થઈ છે, આ પ્રકારનું માનસિક દબાણ છે. આ ચિંતા આપણે નહીં કરીએ તો કોણ કરશે, એ ચિંતા મને લાગે છે કે આ બિલમાં સમાવી હોત તો એક દૂરંદેશીભર્યુ પગલું જરૂર ગણાત. શું કરવા ચાલવા દેવાના આ જે સંચાલકોને .. ..

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, મારે કોઈ તમને રોકવા નથી, બંને દંડકોને પણ મારી વિનંતી છે કે આજે જે નકકી કર્યુ છે એટલું કામ તો હું પૂરું કરાવીશ જ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ આ બિલ પૂરું કરવાનું છે.

**અધ્યક્ષશ્રી** : નહીં આ બિલ પૂરું કરવાનું અને બીજું શરૂ કરવાનું આ બે વાત આપણે નક્કી થઈ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નહીં બીજું છે એ બાકી રહે તો ત્યારે કરવાનું છે એટલે શરૂ કરવાનું બિલ છે.

**અધ્યક્ષશ્રી** : બિલ શરૂ કરીને પૂરું નથી કરવાનું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નહીં સાહેબ એવો નથી ઉલ્લેખ હું આપની સામે આર્ગ્યુમેન્ટ કરું એ વ્યાજબી નહીં આપ જોઈ લો બીઝનૅસ એડવાઈઝરી કમિટી.. ..

**અધ્યક્ષશ્રી** : બિલ શરૂ થાય બીજું અને આ બિલ આપણે પૂરું કરીએ આપણી પાસે હવે ૪૫ મિનિટ રહે છે. સમય લંબાવવાની મારી તૈયારી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ હું પાંચ જ મિનિટમાં પૂરું કરું છું. આપની ચિંતા સાથે હું સંમત છું.

**અધ્યક્ષશ્રી** : હું આપને રોકતો નથી, કારણ કે આપના દંડકે આપના પછી બીજા બે અને આ બાજુના સાત નામો આવેલા છે એટલે મારે ટાઇમ મેનેજમેન્ટનો જ પ્રશ્ન છે. મારે કોઈને રોકવા નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું પાંચ જ મિનિટમાં પૂરું કરીશ.

**અધ્યક્ષશ્રી** : કાંતો બંને દંડકો બીજી યાદીઓ ન આપે, અને આપેલી હોય તો બધી યાદીને પૂરી કરવા તૈયાર છું, ટાઇમ મેનેજમેન્ટ કરીને ગૃહને એનો સમય એ પ્રમાણે ચર્ચા પૂરી થાય ત્યાં સુધી લંબાવતા રહીએ, આપણે નકકી આટલું કર્યુ છે કે આ બિલ પૂરું કરવું અને બીજું બિલ શરૂ કરવું, બીજું બિલ પૂરું કરવું એનો આગ્રહ નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રમાણેનો સમય જો લંબાવી દઈશું તો જ એ શકય બનશે.

**અધ્યક્ષશ્રી** : સમય લંબાવવાનો વખત આવશે એટલે સમય લંબાવીશુ તમને હું રોકતો નથી. બિલની ચર્ચામાં હું કોઈને રોકવા માગતો નથી. પરંતુ આપના પછી મને એમ કે આપ એક જ વ્યક્તિ છો એટલે સળંગ ચાલવા દીધું. ત્યાર પછી આપના દંડકશ્રીએ બીજા બે નામો મોકલ્યા એટલે આપના પછી બીજા બે જણા બોલનાર છે. એટલા માટે એમને પણ મારે તક આપવાની છે અને એમને પણ મારે રોકવાના નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપની લાગણી સાથે સંમત છું. ટૂંકમાં પૂરું કરી દઈશ. મારી લાગણી એવી હતી કે આ પ્રકારના સંચાલક મંડળો વાળી પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલો અસ્તિત્વમાં આવી છે અને સંપૂર્ણપણે નિરંકુશ થઈને શોષણ કરે છે એને અટકાવશો નહીં અને પાછા એડમિશન એલાઈડ ક્લાસના બાળકોને આપે. તમે અને હું ભલામણ કરીએ કે આ ગરીબ છે અને ફી ભરી દેશે તો પણ એની પાસેથી ડોનેશન લઈ શકાય નહીં એટલે કહે કે અમારી પાસે જગ્યા નથી. એટલા માટે આપને મારે વિનંતી કરવી છે કે આ બિલ ભલે લાવ્યા એની અંદર અપૂરતી જોગવાઈઓ છે પણ જેટલી જોગવાઈઓ છે એને આવકારીએ છીએ પણ એક સુધારો જરૂર સૂચવીશ અથવા માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં સ્પષ્ટતા કરે કે તાલુકામાં વતની હોય એને જ શિક્ષક તરીકે જે

તે તાલુકામાં નીમે તો શિક્ષણનું સ્તર આપોઆપ ઊંચું આવશે. આવી વ્યવસ્થા અથવા એવા નિયમો બનાવો એવી વાત કરી આ બિલના હાર્દ સાથે સંમત થઈ મારી વાત પૂરી કરું છું.

**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંકઃ૩ ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા વિધેયક લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું અનુમોદન આપવા માટે ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજનીતિમાં સેવા, સંવેદના, સૌહાર્દ, સહકાર અને સ્મિતના સ્વર્ણિમ યુગની શરૂઆત ગુજરાતે કરી છે ત્યારે શૈક્ષણિક ક્ષેત્રે અનેક પ્રકારના આયામો, યુનિવર્સિટી અને સ્કૂલ લેવલે લાવ્યા છે. તે માટે રાજ્ય સરકાર, મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીને હું હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. રાજ્ય સરકાર જ્યારે પણ આવા વિધેયક લાવી છે ત્યારે એની પૂર્વ તૈયારી રૂપે એના ઈન્ફ્રાસ્ટ્રકચર અને શિક્ષકોની તાલીમ વિગેરે બાબતોને લઈને પૂર્વ તૈયારી કર્યા પછી આવા બિલ દર વખતે લાવી છે. મારે કહેવું છે કે ભારત સરકારે Right of Children to Free and Compulsory Education Act, ૨૦૦૯ પાસ કર્યો છે એ વાત સાચી. પહેલી એપ્રિલ ૨૦૧૦થી આ અમલમાં આવવાનો છે. પરંતુ અમલમાં આવતા પહેલાં આપણી રાજ્ય સરકારે ૧૦૦ ટકા સાક્ષરતા અને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવાના અનેક પ્રયત્નો કરીને નવો અભિગમ અપનાવ્યો છે. ગુણોત્સવના જે કાર્યક્રમ થયા એમાં જ્યારે ગામડે ગામડે થવાનું થયું ત્યારે ધ્યાનમાં આવ્યું કે ગામડાની અંદર ૧ થી ૭ ધોરણની સ્કૂલો હોય અને ૮મું ધોરણ ભણવા માટે વિદ્યાર્થીને શહેરમાં જવું પડતું હોય ત્યારે એ ૮મું ધોરણ કરતો નથી. એટલા માટે આ બિલ લાવ્યા પહેલા ગુણોત્સવના કાર્યક્રમમાં રાજ્ય સરકારે આ વ્યવસ્થા ઊભી કરી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગામડે ગામડે જઈને શિક્ષણ માટે ભીખ માગી છે. કન્યાઓ ભણે એના માટેની ભીખ માગી છે. તેમને ભેટમાં મળેલ ભેટ-સોગાદોની હરાજી કરી એ પૈસા કન્યા કેળવણીમાં જમા કરાવ્યા છે. આના થકી નવી જનજાગૃતિનું કામ રાજ્ય સરકારે કર્યું છે. એક નવો વિષય રાજ્યનો બાળક નિર્વ્યસની બને એને કોઈ વ્યસન ન હોય એના માટેની અપીલ માતાઓ અને બહેનોને કરી છે. રાજય સરકાર ખૂબ સારી રીતે સમજી છે કે આ રાજ્યનો વિકાસ કરવો હોય તો એવા માનવધનનું નિર્માણ કરવું પડે અને એ માનવધન ઉપર રાજ્યના વિકાસનો આધાર રહેલ છે. એટલે જ આ પ્રકારના બિલો રાજ્ય સરકાર લાવી છે અને અભિગમને અપનાવે છે. શિક્ષણનો જે વિકાસ ગુજરાતમાં થઈ રહ્યો છે, શિક્ષણ ક્ષેત્રે જે આપણે વિશ્વને દિશા આપવાનું કામ કરી રહ્યા છીએ ત્યારે સુંદરમની એક ઉક્તિ યાદ આવે છે. આ રાજ્યના વિદ્યાર્થીઓની દશા શું થાય છે એ જોઈને સુંદરમની ઉક્તિ યાદ આવે છે.

**"મટોરે હવે તમે બાપડા બેટા બહાદુર બનજો**
**ઘોડે ચઢીને ઘુમો ગગનમાં રણની વાટે થનગનજો."**

આવનારા ભવિષ્યની દરેક સમસ્યાઓને પહોંચીવળવા માટે એ પડકારને પહોંચીવળવા માટે વિદ્યાર્થીઓના વ્યકિતત્વનું નિમાર્ણ થાય એ માટેની યોજના આ રાજ્ય સરકારે કરી છે. આ બિલ જ્યારે આવવાનું હતું ત્યારે કેટલાક શિક્ષણવિદ્વોમાં એક પ્રશ્ન હતો કે પાંચથી સાત ધોરણના બાળકોને જે શિક્ષકો ટીચિંગ કરે છે. એજ ટીચિંગ જો આઠમાં ધોરણના બાળકોને થશે તો સારા જ્ઞાનથી ઈંગ્લીશ, ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોના શિક્ષણથી આ વિદ્યાર્થીઓ વંચિત રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે આઠમું ધોરણ અહીંયા લઈ જવામાં આવે ત્યારે નેશનલ કાઉન્સિલ ઓફ ટીચિંગ એજ્યુકેશનના નિયમ પ્રમાણે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના શિક્ષકો માટે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના વિષયોને લઈને સ્નાતક કક્ષાના અને બી.એડના તાલીમ પામેલા શિક્ષકોની આવશ્યકતા હશે. જો આઠમું ધોરણ પ્રાયમરીમાં જશે તો આ શિક્ષકોનો લાભ પાંચમા, છઠ્ઠા અને સાતમા ધોરણને પણ મળવાનો છે. એટલે એમના વ્યકિતત્વનું નિર્માણ કરવા માટે ઉચ્ચ કેળવણી પામેલા શિક્ષકોનો પણ એમને લાભ મળવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાલે હું નાણામંત્રીશ્રી બજેટ રજૂ કરતા હતા ત્યારે સાંભળતી હતી. મારે આ વિધેયક ઉપર વિચારો રજૂ કરવાના હતા ત્યારે મનમાં એક વિસામણ હતી કે આઠમું ધોરણ પ્રાયમરીમાં લઈ જશો તો એ ઓરડાનું શું થશે? ત્યારે કાલના બજેટની અંદર ૫૦૦૦ ઓરડા બનાવવા માટેની સુવિધા આ બજેટની અંદર કરી છે. આ આગોતરું આયોજન નહિ તો શું છે? માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો વિદ્યાર્થી વિશ્વની હરોળમાં ઊભા રહેવાની ક્ષમતા પ્રાપ્ત કરે એ રીતે આપણે શૈક્ષણિક આયામો શરૂ કર્યા છે. જામનગર શહેરમાં એક ગરીબ કલ્યાણ મેળો થયો. આ મેળાની અંદર આ વાત એટલા માટે કરું છું કે, શિક્ષણ વિષેનું આગોતરું આયોજન, એની નાણાકીય વ્યવસ્થાથી કોઈ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ના રહે એનું આયોજન આ સરકારે કર્યુ હતું. આ ગરીબ કલ્યાણ મેળો પૂરો થયો અને હું બહાર જતી હતી ત્યારે એક ગરીબ મા-બાપ મારા વિસ્તારના રાહ જોઈને ઊભા હતા. એ માતા મારા પગ પાસે બેઠી, ઘડીભર તો હું સમજી નહિ કે શું કહેવા માગે છે. થોડીકવાર પછી એણે કહ્યું કે બેન રાજ્યના મુખ્યમંત્રીશ્રીને મારા આશીર્વાદ આપજો. આ એક લાખ રૂપિયાની રકમ મારા બાળકના ભવિષ્યને માટે એમણે અહીંયા મારા હાથમાં ચેક આપીને ફાળવી છે. મેં તો હજાર રૂપિયાય ક્યારે જોયા નથી. ૧૦ લાખ જેવી રકમની ફાળવણી રાજ્ય સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બીજી વાત કરવી છે કે હું અર્જુનભાઈને સાંભળતી હતી. મને દુઃખ થયું જ્યારે એમ કહ્યું કે મેકોલોએ આપેલી શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરીને આપણે આઝાદી મેળવી. આ દેશનો કોઈપણ

નાગરિક આવું સાંભળે તો એને વ્યથા થાય. શું આ દેશ મેકોલોએ આપેલા શિક્ષણ ઉપર ઊભો રહ્યો છે? મેકોલોએ તો આજના ભારતનું નિર્માણ કર્યુ છે. ગુજરાત રાજ્યની સરકાર ભવિષ્યના ભારતના નિર્માણ માટેની તૈયારી આજના યુગથી એનો આરંભ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિ પર કુઠારાધાત થતા જોઈ હ્રદયની અગનજાળાથી ભારતમાતાની આઝાદી માટે અનેક શહીદોએ શહાદત વહોરી હતી શું એ આ સાંભળવા માટે? આ જ વિચારધારાથી વિરોધપક્ષની પાર્ટી ચાલતી હોય તો ભવિષ્યની ચિંતા કરવાનો સમય અમારે કરવો જ પડે. ભવિષ્યની ચિંતા કરવાનો સમય આવ્યો છે એવું કહીશ તો જરાય ખોટું નથી. મેકમુલર કે ધર્મપાલજીને વાંચ્યા હોત તો અર્જુનભાઈ આવું ના બોલ્યા હોત. આ પીડા મારા મનમાં થતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ આઠ પ્રાથમિક શાળા સાથે જોડાય તો અંતરિયાળ વિસ્તારોની અંદર માનનીય શિક્ષણમંત્રીએ વાત કરી કે અંતરિયાળ વિસ્તારોમાં જે ગામમાં હાઈસ્કુલની સગવડ નથી. એવા વિસ્તારોમાં રહેતા આર્થિક રીતે નબળા જે ઘરો છે એમને ઘર આંગણે અભ્યાસ કરવાનું મળશે એ ખૂબ આવકારદાયક બાબત છે. એનાથી ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પણ એ અનુભવ છે કે ગામડામાં રહેતી બહેનો એ સ્કુલે ના આવે એવી માતા-પિતાની માનસિકતા. સરકારે તો એમને સાઈકલ આપી છે અને બસની પણ વ્યવસ્થા કરી છે. છતાં પણ માતા-પિતાની માનસિકતા એ બની નથી કે પોતાની દીકરીઓને નજીકના શહેરમાં પણ ભણવા માટે મોકલે. આનો અનુભવ બધા ધારાસભ્યોને હશે ત્યારે એવી બાળાઓને પણ ઘર આંગણે ધોરણ આઠ મળે એ ખૂબજ આવકારદાયક છે. કન્યાકેળવણીનું પ્રમાણ પણ વધશે. મારે એ કહેવું જોઈએ કે હમણાં કન્યાઓની ટકાવારીની વાત થતી હતી કે માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા ત્યાં પણ તપાસ કરાય તો આ આંકડાઓની પણ તપાસ કરવી જોઈએ. કેટલાક આંકડાઓથી હું જાણતી હતી કે કેટલીક ખોટી માહિતી પણ ગૃહને આપવામાં આવી છે. મારી આપને વિનંતી છે કે આંકડાની પણ તપાસ કરવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ-૮

**અધ્યક્ષશ્રી** : માનનીય વસુબેન આપનામાંથી કોઈએ મુદ્દો નહતો ઉપસ્થિત કર્યો તેમ છતાં પણ મેં કહ્યું છે કે, એમણે જે જે સંદર્ભો - ગ્રંથોનું એમ સંદર્ભગ્રંથનું એમણે નામ પણ કહ્યું છે, પાના પણ આપ્યા છે એટલે એમણે આપેલી માહિતી ખોટી છે, મેં એમના સંદર્ભો પણ માગ્યા છે, એટલે જો તમારી પાસે એ સંદર્ભ, એમની કહેલી વાતના સંદર્ભ ખોટા છે એવું કરવાનું હોય તો જ તમે, આ બીજા આંકડા આપીને કહો અને એના સંદર્ભો આપો એમાં મને વાંધો નથી.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : નારાયણભાઈ આપ આપની જગ્યા લેશો, આપ દ્રષ્ટિભેદ કરો છો.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓની અંદર ટોયલેટની સુવિધા ન હોવાના કારણે આજસુધી વિદ્યાર્થિનીઓનો જે ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે એનું એક કારણ આ પણ છે. રાજયની સંવેદનશીલ સરકારે આનો પણ વિચાર કરીને શાળાઓની અંદર ટોયલેટનો વિચાર પણ કર્યો છે અને કન્યા કેળવણીના અભિગમની અંદર આ એક અગત્યનું પાસું પણ ઉમેરાયું છે. મને એમ લાગે છે કે, આઠમા ધોરણના વિદ્યાર્થીઓ પ્રાથમિકમાં લેવામાં આવે તો એક માનસિક વિકાસ પણ એમનો થઈ શકશે. સાયકોલોજીસ્ટના કહેવા પ્રમાણે આ બાળકોને માધ્યમિકનો નહીં હું પ્રાયમરીનો વિદ્યાર્થી છું આ વાત મનમાં રહેશે ત્યારે એ વાત મનમાં રહેવાના કારણે એની સાહસિક વૃત્તિ વધશે , આત્મશ્રદ્ધા કેળવશે, નાના-મોટા કામ કરવાની ક્ષમતા એમાં ચોકકસકપણે એનો વધારો થઈ શકશે. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રીએ બે વાત કરી, બે કલમોની વાત કરી, હું એ કલમ ઉપર જરાક મારા વિચારો વ્યક્ત કરું છું કે, ૧૯૪૭ના મુંબઇના એકસઠના અધિનિયમની કલમ ૨૩ બદલીને પ્રાથમિક શિક્ષણ માટે રાજય સ્ટાફની પસંદગી સમિતિની રચના કરી આ ખૂબ આવકારદાયક છે. જિલ્લાની અંદર જ્યારે શિક્ષકોની ભરતી થતી ત્યારે આ વિદ્યાર્થીઓના ઓરીજીનલ પ્રમાણપત્રો એ ત્યાં જ એને જમા કરાવવાના હોવાથી બીજી જગ્યાએ જો ભરતી થતી હોય તો આ શિક્ષકને એનો લાભ મળતો નહતો. ક્યાંક શહેરી વિસ્તાર હોય કે શહેરની નજીકનો વિસ્તાર હોય, વિકસિત વિસ્તાર હોય કે, અલ્પવિકસિત હોય ત્યાં ઊંભી ટકાવારીના શિક્ષકો એપ્લિકેશન કરતા અને ઊંચી ટકાવારી હોવાના કારણે ક્યારેક એમને જોબ મળતી નહતી અને જ્યાં ઓછી ટકાવારી હોય , અંતરિયાળ ગામડું હોય ત્યાં ઓછી ટકાવારીએ પણ શિક્ષકોની ભરતી થઈ જતી હતી એટલે ગુણવત્તાના ધોરણે, માર્કશીટના આધારે ગુણ પ્રાપ્ત કરેલા હોય એવા શિક્ષકો નોકરીથી વંચિત રહેતા હતા. સેન્ટ્રલાઈઝેશન, કેન્દ્રિયકૃત ધોરણે જો આ ભરતી કરવામાં આવે તો જે માનસિક વિટંબણા શિક્ષકોના મનમાં હતી, એમની જે મહેનત હતી એનું પરિણામ એમને મળી શકશે અને કેન્દ્રીયકૃત ધોરણે ભરતી થઈ હશે તો સારા શિક્ષકો પણ સ્કૂલોને મળી શકશે. કલમ-૩૫ની વાત પણ મંત્રીશ્રીએ કરી ત્યારે મારે એ કહેવાનું હતું કે, ૧૯૭૨માં જ્યારે આ કાયદો અમલમાં મુકાયો ત્યારે તો પરિસ્થિતિ એ હતી કે, શિક્ષકનું વ્યકિતત્વ, એમની સામાન્ય છાપ, તેમજ એની શૈક્ષણિક લાયકાત, શિક્ષણ આપવાની ક્ષમતા આ બધું ધ્યાને રાખીને જ શિક્ષકોની ભરતી કરી શકાશે. સારા આચાર્યો કે શિક્ષકો સ્કૂલોને મળી શકશે. પરંતુ સમયાંતરે જેમ જેમ સમય ગયો તેમ તેમ આ આશા અને અપેક્ષા એ ઠગારી નીવડી. આ પસંદગીના ધોરણો ઉત્તરોત્તર નબળા થતા ગયા. ભલામણ હોય, લાગવગ હોય, કાંઈક સગાવાદ હોય અને છાપાની અંદર જાહેરાત આપીને જો ભરતી કરવાની હોય તો એવા પ્રકારના છાપામાં એ જાહેરાત કરવામાં આવે કે લોકો સુધી આ જાહેરાત

પહોચે જ નહીં અને નક્કી કરેલા લોકો, પહેલેથી જ મંડળે નક્કી કરેલા લોકોની ભરતી થઈ જાય અને આ દૂષણ સામે આવતું જતું હતું. ઉત્તરોત્તર આ પસંદગીની ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારો દૂર કરવાની ફરિયાદો થઈ ત્યારે નામદાર કોર્ટોની અંદર પણ આવી રજૂઆતો થઈ છે, એની ફરિયાદો થઈ છે અને રાજય સરકારની શાસન પદ્ધતિ ઉપર પણ ટિકા-ટિપ્પણી થવાની શરૂઆત થઈ ગઈ હતી. રાજય સરકારે કરેલી જુદી જુદી બે સમિતિઓ, જે પસંદગી કરવાની પદ્ધતિ અમલમાં હતી તેમાં ફેરફાર કરવાનું ઉચિત ગણ્યું અને જે સુધારો લાવવામાં આવ્યો છે એને ખરેખર આવકારવો જોઈએ, ગૃહના સૌ સભ્યો આને આવકારે અને રાજય સરકારને એવી અપીલ કરીએ કે હવે ચોક્કસ પારદર્શી પદ્ધતિ અમલમાં મૂકવામાં આવે સારી ગુણવત્તાવાળા ઉમેદવારોની પસંદગી થાય અને શિક્ષણનું સ્તર દિવસે દિવસે સુધરે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધા પરિવર્તનો કરવા માટે સામાન્ય વહિવટી મુશ્કેલીઓ તો ઊભી થશે જ પરંતુ સમાજના અનેક વર્ગના લોકોનું કલ્યાણ થશે, એમનું ભવિષ્ય ઉજ્જવળ બનશે અને આ સાથે તેમના પરિવારોનો પણ વિકાસ થશે, સમગ્ર સમાજનો વિકાસ થશે. આ ગૃહને આ વિધેયક સાથે સહમત થવા માટે હું મારો ભાવ વ્યક્ત કરું છું,

**અધ્યક્ષશ્રી** : મેં આજે સવારે બાબુભાઈનું ધ્યાન દોર્યું હતું ત્યારપછી મંત્રીશ્રીઓની બાબતમાં પણ મારી અગાઉના પૂર્વ અધ્યક્ષોએ આપેલા નિર્ણયનું પુનઃ:વાચન કરવું પડે છે. તા. ૨૧મી ફેબ્રુઆરી ૧૯૬૯ના દિવસના રોજ માનનીય સભ્યશ્રી નરેન્દ્રસિંહ ઝાલાએ એવો મુદ્દો ઉઠાવ્યો હતો કે હાથ ઉપર જે કામકાજ ન હોય તે અંગેની ફાઈલો મંત્રીઓ ગૃહમાં વાંચતા હોય અને એકંદરે સ્થિતિનો વિચાર કરતા મને લાગે છે કે પ્રસંગોપાત કોઈપણ પુસ્તક, કોઈપણ સભ્ય પુસ્તક, છાપ કે અન્ય સાહિત્ય ગૃહમાં વાંચતા હોય તો તેનો ખાસ વાંધો ન લઈ શકાય અને સામાન્ય રીતે લેવામાં આવતો નથી પરંતુ ચોકકસ વ્યકિતઓ આવું કાર્ય સતત કર્યા કરે તો સૌ કોઈનું ધ્યાન ખેંચે છે અને એ સમજીને કરી શકાય તેથી હું માનનીય મંત્રીશ્રીઓને એટલી વિનંતી કરીશ કે ગૃહના હાથ ઉપરના કામકાજને સ્પર્શતી હોય એવી ફાઈલો અન્ય સાહિત્યને બાદ કરતા ઘણી જરૂરી અને ત્વરાથી નિકાલ માગતી બાબતો સિવાયની બાબતો અંગેની ફાઈલો ગૃહમાં બેસીને જોવાનું શકય એટલું મર્યાદિત કરે. આમ થશે તો ગૃહમાં સભ્યો સિવાયની વ્યકિતઓની બિનજરૂરી અવરજવર ઉપર અંકુશ આવશે મને લાગે છે કે આ જે રૂલિંગ છે એ જીવંત છે અને આપણે સૌ આ ગૃહની ચર્ચાની અંદર બે રીતે છે કે ફાઈલો જોવાથી આપણું ધ્યાન ભંગ થાય છે. મારે સૌથી વધારે ચિંતાનો વિષય એ છે કે આપનું ધ્યાન એ સભ્યશ્રીઓ જયારે પોતે તૈયારી કરીને ખૂબ મનન કરીને વાત કરતા હોય એના તરફ રહેતું નથી અને તે એટલે ફાઈલો અને એની સાથે સાથે બીજું એક એવું થાય છે કે આપના સેવકોએ વારંવાર આપની પાસે આવવું પડે છે. હું હમણાં જ એક બીલને મત ઉપર મુકતો હતો ત્યારે શ્રી વાસણભાઈના સેવક વચ્ચે આવ્યા અને અહિંયા બહુ જ મુશ્કેલી મને પડી હતી એટલે ફરીથી હું વિનંતી કરું છું કે ખૂબ જ જે ચર્ચાને લગતી હોય અથવા તો અગત્યની હોય એની મર્યાદાઓ સ્વીકારીને આપ આપના કાર્યમાં મર્યાદિત રહેશો તો આપનું ધ્યાન ચર્ચાની અંદર રહેશે. સભ્યશ્રીઓ આપના વિશે અથવા તો ગૃહની અંદર જે વાત કરે છે એ ચર્ચા પ્રત્યે રહેશે અને ચર્ચાને પણ યોગ્ય ન્યાય મળશે આપના મનને કારણે એટલે આપના મનને બહુ રોકો નહીં અને સભાગૃહના કાર્યમાં આપનું મન પરોવાય અને દિશા ભંગ ન થાય.

**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એજયુકેશન લો અંગેનું બીલ...

**અધ્યક્ષશ્રી** : આપના ત્રણ નામ આવ્યા છે કારણકે સમય ઘણો થતો જાય છે. મને સમય લંબાવવામાં પણ વાંધો નથી પણ લંબાવવો જ પડશે એ જરૂરી છે. યોગ્ય સમયે આપણે લંબાવીશું પણ આપના ત્રણ સભ્યને હું પહેલા તક આપી દઉં છું પછી આ બાજુથી હશે તો આપીશ.

**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : એગ્રી. ધી ગુજરાત શૈક્ષણિક કાયદા વિધેયક ઉપર મારા વિચારો અને મારા પક્ષના વિચારો રજૂ કરવા હું ઉપસ્થિત થયો છું. પ્રથમ રાઈટ ટુ ઈન્ફર્મેશન પછી રોજગાર ગેરંટી એકટ અને ત્રીજુ ક્રાંતિકારી પગલું રાઈટ ટુ કમ્પલસરી એજયુકેશન આ ત્રણ કાનૂન દેશમાં યુ.પી.એ. સરકારના નેતૃત્વમાં, સોનિયા ગાંધીના નેતૃત્વમાં, મનમોહનસિંહના વડાપ્રધાનપદે અને માનવ સંશોધન વિભાગ જે છે એણે આખા દેશમાં એજયુકેશનની ક્રાંતિ માટે, એનું સ્તર સુધારવા માટે, એને અપગ્રેડ કરવા માટે, પાયામાંથી એને બેઝીક મજબૂત બનાવવા માટે આ કાનૂન બનાવેલો છે. સમગ્ર દેશમાં મહારાષ્ટ્ર અને ગુજરાત બે માં પ્રાથમિક વિભાગ જે છે એ વિભાગને યુનિવર્સલ જેને કહી શકાય, યુનિફોર્મ જેને કહી શકાય એવી એક વ્યવસ્થાના ભાગરૂપે આજે માનનીય મંત્રીશ્રી શિક્ષણ આ વિધેયક લઈને ઉપસ્થિત થયા છે.આજે જે માનનીય મંત્રીશ્રી શિક્ષણ આ વિધેયક લઈને ઉપસ્થિત થયા છે. એના હાર્દ સાથે અમે સંમત છીએ. અન્ય પ્રશ્ન છે. એ રિક્રુટમેન્ટ ઑફ ધી સ્ટાફ એના ઉપરનો જે ઉમેરો કરેલ છે. એમાં કેટલાક મુદાઓ છે અને એનાથી જે વિપરીત અસરો પડશે, એનાથી જે રિવર્સ અસર પડશે. એ આમાં મુકેલ છે, તે થોડી ચિંતાજનક છે. ખાસ કરીને અત્યારે જે પ્રાથમિક શિક્ષણની પરિસ્થિતિ છે, એ પરિસ્થિતિમાં ધોરણ ૧ થી ૮ સુધીમાં પ્રાથમિક વિભાગ ગણાશે અને ૧ થી ૫ સુધીમાં લોઅર એજ્યુએકશન પ્રાયમરીનું ગણાશે. ધોરણ ૬ થી ૮ માં અપર પ્રાઈમરી સ્તર ગણાશે અને કેટલીક બાબતો આપણા માટે છે, એ બાબતોમાં મધ્યાહન ભોજન છે એનાથી આ વિભાગથી મધ્યાહન ભોજન હેઠળ પ્રાયમરી બાળકોને આવરી લેવાશે. શાળાનું સ્તર સુધારવા માટે અહીયા અવકાશ ઊભો થશે. એજ્યુકેશનના સ્તર એની ગુણવત્તા માટે પાયાના ચાન્સ ઊભા થશે. ડ્રોપ આઉટ રેશિયો ખાસ કરીને પ્રાથમિક શાળા સિવાય માધ્યમિક શાળાઓ જ્યાં નથી અને દૂરના

વિસ્તારોમાં જવું પડે છે એ લોકો કમ્પલસરી ધોરણ ૮ માં આવશે, એના કારણે ડ્રોપ આઉટ રેશિયામાં સુધારો થશે. અને સાથે સાથે ધોરણ ૬, ૭ અને ૮ અંગ્રેજીનું શિક્ષણ કહેવાય એ આ પ્રાથમિક વિભાગમાં આવશે અને અત્યારસુધીની આપણી પરિસ્થિતિ છે, એમાં આ વિધેયકથી નોંધપાત્ર પરિવર્તન આવશે. માનનીય મંત્રીશ્રી શિક્ષણ જ્યારે આ વાત લઈને આવેલ છે, ત્યારે અત્યારે કેટલીક સમસ્યાઓ છે અને આ સમસ્યાઓમાં પ્રાથમિક એજ્યુકેશન, પ્રાથમિક શિક્ષણ એ આપણા ગુણોત્સવ પછી પણ પ્રવેશના ઉત્સવ યોજાયા પછી પણ એમાં નોંધપાત્ર જેટલું પરિણામ મળવું જોઈએ. એ પિરણામ આપણે મેળવી શક્યા નથી. ઘણાં બધાં કારણો છે. શિક્ષણમાં એકમાત્ર પ્રતીક જેને કહી શકાય એકમાત્ર સિમ્બોલ કહી શકાય. વર્ષમાં એક કાર્યક્રમ કરીએ, એનાથી સ્તર ઊંચું નથી આવતું. એનાથી એજ્યુકેશનનું પ્રમાણ વધતું નથી. એની પદ્ધતિ છે, એની સિસ્ટમમાં જ્યાં સુધી આપણે ઊંડા, ડીપમાં ન જઈએ ત્યાં સુધી એના ઉપર રેમીડી, ઉપાય નહિ શોધીએ ત્યાં સુધી આનું સ્તર ઊંચું આવવાનું નથી. અમે આવકારીએ છીએ. પ્રતીકાત્મક કાર્યક્રમોને પણ આવકારીએ છીએ. એની સાથે સાથે ફોલોઅપ થવું જોઈએ. વર્ષમાં શાળામાં જાવ છો. જ્યાં પ્રસંગ ઉજવો છો. જ્યાં પ્રતીક તરીકે કામ કરો છો. એનું ફોલોઅપ શું થયું? એકશન ટેકન રિપૉર્ટ એક વર્ષ પછીનું પરિણામ એના પરિણામની કોઈ ચર્ચા કરવામાં આવતી નથી. એનો કોઈ રિવ્યુ કરવામાં આવતો નથી. (અંતરાય) આઈ એમ અ ફર્સ્ટ પર્સન કે તમે મને પૂરું કરાવો છો, બાકી બધાને બોલવા દો છો.(અંતરાય) ઈશ્વરભાઈને ભરૂચ જવા માટેની.. રેડ સિગ્નલ છે, એટલે ફટાફટ રસ્તો મળી જશે. અમારે ટ્રાફિકમાં જવાનું છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે પોતે સમય મર્યાદા બાંધી છે મેં નથી બાંધી.

**શ્રી ઈકબાલ પટેલ** : શિક્ષણ મંત્રીશ્રીને હું વાત કરીશ કે પ્રાથમિક (અંતરાય) આત્મારામભાઈ મદરેસા ઈઝ ઓલ્સો સૅન્ટર ઑફ એજ્યુકેશન. યુ હેવ નો નૉલેજ. (અંતર) એમને ખ્યાલ જ નથી.

**અધ્યક્ષશ્રી** : તમે શું કરવા પણ, સામાવાળા માણસને, તમને મારવાની તક આપો છો?

**શ્રી ઈકબાલ પટેલ** :આત્મારામભાઈને જે વાતનો ખ્યાલ નથી એ વાત અહીયા મૂકે છે. ખાનગી શાળા દિનપ્રતિદિન મજબૂત બનતી જાય છે.કેટલીક શાળાઓ એવી છે કે જેમાં વાલીઓ પોતાના બાળકોને મોકલવા માટે નિરૂત્સાહી બનતા જાય છે. આજે ખાનગી શાળાઓ એન્કરેજ થતી જાય છે, તેને કેમ મહત્વ મળે છે? તેમાં બાળકોની સંખ્યા વધારે થાય છે પરિણામે આજે આ સ્થિતિનું નિર્માણ થયેલ છે કે ગ્રામીણ વિસ્તારના બાળકોને એજયુકેશનમાં ખૂબ સહન કરવું પડે છે. તેનું કારણ એ છે કે આજે જગ્યાઓ ખાલી છે. પ્રાથમિક સુવિદ્યા માટે સર્વ શિક્ષા અભિયાન હેઠળ જંગી ગ્રાન્ટ કેન્દ્ર સરકારની આવે છે છતાં તેનો અમલ થતો નથી. આજે ટોઈલેટ બ્લૉક નથી, ઈલૅક્ટ્રીસીટી નથી, પીવાના પાણીની સુવિદ્યા નથી. ૫૦ ટકા શાળાઓની અંદર આજે આ સ્થિતિ છે. તે સિવાય સાહેબ બસ સર્વિસીસ, ગામડાઓમાં જે રીતે વધારે બસની ટ્રીપો વિદ્યાર્થીઓને મળવી જોઈએ તે મળતી નથી. કલેકટરોએ આવી ટ્રીપો માટે રિપૉર્ટ કરવા પડે છે છતાં તે રિપૉર્ટો ઉપર ધ્યાન આપવામાં આવતું નથી. પ્રાથમિક શાળાઓમાં ટેલેન્ટેડ વિદ્યાર્થીઓ તૈયાર કરવા માટે જે રીતે પ્રયાસ થવો જોઈએ તે થતો નથી. કલા, સંસ્કૃત્તિ, વકતૃત્વ, રમત ગમત માટે પ્રાથમિક વિભાગમાં ધ્યાન આપવામાં આવતું નથી. દિન પ્રતિદિન ગુજરાતમાં આ બધાની વચ્ચે પ્રાથમિક શિક્ષણ ચિંતાજનક રીતે આગળ વધી રહી છે. તેના માટે જ્યારે આ બિલ આવી રહ્યું છે ત્યારે આ બિલમાં નિમણૂકના અધિકારો જે છે તે જે તે ટ્રસ્ટ, શાળાઓને અધિકાર આપેલા છે પ્રતિનિધિઓ મૂકવાના, તેમાં ડી.ઈ.ઓ.ના પ્રતિનિધિ હોય છે. તે માટે આ બિલની અંદર સમાંતર જોગવાઈ કરેલ છે તે જોગવાઈની અંદર તેમાંથી ઘણું બધુ તેના અધિકારો ઉપર તરાપ મારવામાં આવેલ છે. ઉમેદવારના મૂલ્યાંકનના આધારે સર્વ સામાન્ય ટેસ્ટ લેવાની વાત થઈ છે તે મને એમ લાગે છે કે જે અત્યાર સુધી વર્ષો સુધી જે ટ્રસ્ટોએ સંચાલન કરેલ છ, માધ્યમિક વિભાગોનું તેના હક્કોના ઉપર પરિવર્તન લાવી તે તરાપ સમાન છે તેવું મને દેખાઈ રહ્યું છે. ઘણા બધા ઓરડાઓની જરૂરિયાત અને વાત કરવામાં આવેલ છે આ બિલમાં પરંતુ અલ્ટીમેટલી મહદઅંશે આ બિલના હાર્દ સાથે અમે સંમત છીએ અને આ બિલને અમે ટેકો આપીએ છીએ.

**શ્રી હીરાભાઈ હ. પટેલ (લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૩ સન ૨૦૧૦નું ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા વિધેયક લઈને આવ્યા છે તે અંગે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. આ વિધેયકથી શિક્ષણમાં પ્રાથમિક શિક્ષણ, ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ એમ ચાર વિભાગ પડશે. આનાથી ડ્રોપ આઉટ રેશીયો ઓછો થશે તેવું વ્યકિતગત રીતે હું માનતો નથી. ડ્રોપ આઉટ રેશીયા માટે જો કોઈ મહત્વનું પરિબળ હોય તો તે ગરીબાઈ છે. જ્યાં સુધી આ રાજય સરકાર તેની સંપૂર્ણ ઈચ્છાશકિતથી ગરીબાઈના પ્રમાણને મ્હાત કરી શકશે નહીં ત્યાં સુધી ડ્રોપ આઉટ રેશીયો શૂન્ય થાય તેવી શકયતા નહીંવત છે. બાકીની વાત કરું તો માંડે માંડે આ બિલ જે આવ્યું તેમાં બે બાબતો મહત્વની છે. પ્રાથમિક શિક્ષકોની ભરતી બાબતમાં જે સુધારો લાવ્યા છે તે અત્યંત આવશ્યક છે. તેનાથી દરેકને ન્યાય મળશે. દરેક જિલ્લાની અંદર શિક્ષકો ફોર્મ ભરતા અને તેનાથી ઘણી બધી આપત્તિઓ અને ગેરરીતિઓ ઉભી થતી હતી તે ટળી જશે. આ જ પ્રમાણે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં આવો ફેરફાર કરવામાં આવે તો તે એટલા જ ઉચિત છે. તેમાં પણ આજે ભ્રષ્ટાચારનું પ્રમાણ વ્યાપક છે. તેને દૂર કરવું હોય તો સારી લાયકાતવાળા, ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષકો મળી રહે તે માટે આવી જ પ્રથા તેમાં પણ અત્યંત આવશ્યક છે. તે ઉપરાંત ગામડાની અંદર

